માધવ માધુર્ય

લેખક : **હિંમતલાલ ઉમિયાશંકર દવે**

શબ્દે શબ્દે બ્રહ્મજ્યોતિ, વાણી–અર્થ મહાત્મનામ્
'માધવ માધુર્ય' ગ્રંથે, પરબ્રહ્મ પરમાત્મનમ્

रसो वै सः । रसो ह्ये वायं लब्ध्वानन्दी भवति । श्रुति

માધવ માધુર્ય

લેખક

હિંમતલાલ ઉમિયાશંકર દવે

'નેશનલ એવોર્ડ' અને 'આદિ શંકરાચાર્ય એવોર્ડ' વિભૂષિત, 'સાહિત્યરત્ન', 'સાહિત્ય માર્તંડ', 'ધર્માલંકાર', 'ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'શ્રેષ્ઠ ગ્રંથ પુરસ્કૃત પારિતોષિક', 'સાહિત્યનો ગૌરવ પુરસ્કાર' ગુજરાત વિદ્યાસભા પ્રેરિત 'હિંમતલાલ ગણેશજી અંજારિયા સુવર્ણ ચંદ્રક', 'રા.બ. મહિપતરામ રૂપરામ રૌપ્ય ચંદ્રક', પત્રકારત્વ 'શ્રીબોધ–સુવર્ણચંદ્રક', 'રાષ્ટ્રપતિચંદ્રક' તથા સ્વાતંત્ર્ય સૈનિક્યચંદ્રક, કવિ સંમેલન 'પ્રથમ પારિતોષિક', 'રેફરન્સ ઑફ એશિયા' અને 'રિફાઈન્સમેન્ટો ઈન્ટરનેશનલ' ગ્રંથમાં સ્થાન, જગદ્ગુરુ શંકરાચાર્ય શારદાપીઠના મુખપત્ર 'શ્રી નવભારતી' માસિકના પ્રધાન સંપાદક :

૧૯૯૨

SURENDRA JAMNADAS SHAH
E/503/504, PUSHP HERITAGE,
Dahanukarwadi, Near Mahavir Ngr., Kandivli (W),
Mumbai - 400 067. Tel. : 2863 2396, 98332 72383

☐

માધવ માધુર્ય Madhav Madhurya

☐

© શર્વિલ સતીશચંદ્ર દવે

☐

પ્રથમ આવૃત્તિ સન ૧૯૯૨

☐

મૂલ્ય : સો રૂપિયા

☐

પ્રકાશક :

હિંમતલાલ ઊમિયાશંકર દવે
૧૦/A, કુસુમગર પ્લોટ્સ,
ગુજરાત સોસાયટી પાછળ,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ–૩૮૦ ૦૦૭.

પુસ્તક પ્રાપ્તિસ્થાન
હિંમતલાલ યુ. દવે
૧૦/A, કુસુમગર પ્લોટ્સ,
ગુજરાત સોસાયટી પાછળ,
સુવિધા શોપિંગની પાછળ,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ–૩૮૦ ૦૦૭

☐

મુદ્રક :
સાહિત્ય મુદ્રણાલય,
સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ–૩૮૦ ૦૨૨.
ફોન : ૫૪૭૨૬–૨૭–૨૮

લેખકશ્રીનાં પુસ્તકો

(૧) લોકપાવની ગંગા (ઊર્ધ્વપથયાત્રા)
(૨) માધવ માધુર્ય
(૩) શિવસાક્ષાત્કાર
(૪) ધર્મદર્શન
(૫) ઋતાયન સંપાદન
(૬) આદિ શંકરાચાર્ય સમયનિર્ણય (ગુજરાતી)
(૭) આદિ શંકરાચાર્ય સમયનિર્ણય (અંગ્રેજી)
(૮) જ્યોતિષ્પીઠ—આદિ શંકરાચાર્ય પીઠ
(૯) રાજરાજેશ્વરી ત્રિપુરસુંદરી
(૧૦) ગીત ગોવિંદ–ગુજરાતી અનુવાદ
(૧૧) ગીત ગોવિંદ પ્રભાવતી ટીકા
(૧૨) કૃષ્ણ કર્ણામૃત–ગુજરાતી અનુવાદ
(૧૩) સાહિત્ય સમુચ્ચય
(૧૪) નિબંધ પ્રવેશિકા
(૧૫) ભારતવર્ષનો ઇતિહાસ (સરકારમાન્ય)
ભાગ–૧ પ્રાચીન યુગ, ભાગ–૨ મધ્યકાલીન યુગ
ભાગ–૩ વર્તમાન યુગ
(૧૬) અભિનવ વ્યાકરણ
(૧૭) ભારતની મહાન વિભૂતિ
(૧૮) ભગવાન મહાવીરના પાવન પ્રસંગો
(૧૯) શ્રી અવન્તિકા ભારતીબાપુ–જીવનચરિત્ર
(૨૦) શાળાંત માર્ગદર્શક પૃષ્ઠ (૧૫૦૦)
(૨૧) કપિલગીતા—સંપાદક
(૨૨) રણટંકાર (કાવ્ય)
(૨૩) રાષ્ટ્રભાષા કોવિદ–માગદર્શિકા
(૨૪) કાવ્ય વિવરણ–
(૨૫) સામૂહિક જીવન–ભાગ ૧ થી ૭
(૨૬) શ્રીકૃષ્ણ રહસ્ય
(૨૭) આદિ શંકરાચાર્ય સ્તોત્રસંગ્રહ
(૨૮) જગદ્‌ગુરુ શંકરાચાર્ય
સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતી
દ્વારકા શારદાપીઠ—જીવનચરિત્ર
(૨૯) ગુજરાતની પ્રાથમિક કેળવણીનો ઇતિહાસ–
(ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ ગ્રંથ
પારિતોષિક પ્રાપ્ત)
(૩૦) ગુજરાતનો સ્વાતંત્ર્યસંગ્રામ (તમામ જિલ્લાઓ)
(૩૧) સરદારશ્રી વલ્લભભાઈ સ્મૃતિકાવ્ય અને
જીવનચરિત્ર

માધવ માધુર્ય



માધવ માધુર્ય

ગ્રંથ અર્પણ

આંતરરાષ્ટ્રિય પ્રાજ્ઞ પુરુષ શ્રીમાન મહેન્દ્રભાઈ એમ. વ્યાસ
મેનેજિંગ ડિરેક્ટર
ગુજરાત સ્ટેટ કો. ઓપરેટિવ બેંક-અમદાવાદ



શ્રીમાન મહેન્દ્રભાઈ એમ. વ્યાસનો જીવનપરિમલ

લેખક : **હિંમતલાલ ઉમિયાશંકર દવે**, 'સાહિત્ય માર્તંડ', 'ધર્માલંકાર'

ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રે શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રબોધેલ કર્મયોગ

"नियतं कुरु कर्मत्वं"ને ચરિતાર્થ કરનાર, કર્મયોગને આત્મસાત્ કરી વિશ્વંભરની વિશ્વરચનામાં સ્વકર્મ દ્વારા પૂર્તિરૂપ બની દૈવી સંપત્તિના સાધકરૂપે આજીવન સાધના કરનાર અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ સર્વોચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરવા યશસ્વી બનવા જે સદ્ભાગી બન્યા છે તેવા શ્રી મહેન્દ્રભાઈ મોહનલાલ વ્યાસ (એમ. એમ. વ્યાસ) સાહેબના હુલામણા નામથી પ્રસિદ્ધિ પામી ભારતની તેમજ ગુજરાતની સહકારી પ્રવૃત્તિના મૂર્ધન્ય પુરુષે આ ક્ષેત્રે આંતરરાષ્ટ્રિય સ્થાન પ્રાપ્ત કરવાનું બહુમાન તો મેળવ્યું છે પરંતુ તે સાથે ગુજરાતના આ રત્ને મા ભારતીને પણ આ કર્મયોગી સપૂતે વિશ્વના તખ્તા પર ગૌરવવંતું સ્થાન અપાવીને

"जननी जन्म भूमिश्च स्वर्गादपिगरीयसी"

નું વિશ્વગીતા સમું મહાકવિ ભવભૂતિના સંવેદનશીલ રાષ્ટ્રભક્તિનું સૂત્ર નિજ કર્તવ્ય દ્વારા મૂર્તિમંત કરનાર શ્રી એમ. એમ. વ્યાસે સ્વનિષ્ઠાનું પ્રતિબિંબ પ્રત્યક્ષ રૂપે પ્રગટ કર્યું છે.

ધર્મનિષ્ઠા અને નિર્મળ ચિત્તપ્રદેશે માનવસેવાનું પાવનકારી જીવનઝરણું વહેતું હતું એવા ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ આરોગ્યમંત્રી સ્વ. મોહનલાલભાઈ વ્યાસ સાહેબના સુપુત્ર શ્રી મહેન્દ્રભાઈ વ્યાસનો જન્મ ૧૧ ડિસેમ્બર ૧૯૩૭માં થયો હતો.

વિદ્યાર્થીજીવનમાં જ પ્રગટેલી તેજસ્વિતાના દર્શન. તેમણે પ્રાપ્ત કરેલ ઉપાધિઓ. **બી. એ.** (ઈકોનોમિક્સ) **બી. કોમ.** (એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટિંગ) **એલએલ. બી.** ની પરીક્ષા ઉચ્ચ કક્ષાઓ પ્રાપ્ત કરી ભાવિજીવનની નક્કર ભૂમિકા ઊભી કરી.

ગુજરાત સ્ટેટ કો-ઓ. બેંકના જનરલ મેનેજર

એઓશ્રીનો કર્મયોગ અને ઊંડી તલસ્પર્શી સિદ્ધિના મૂળમાં આ ક્ષેત્ર પરત્વેની નિષ્ઠા, સાધના અને એકાગ્રભક્તિ છે. આ સંસ્થામાં ત્રણ દાયકાથી વધુ વર્ષો પર્યંત આમૂલાગ્ર સેવા કરી સંસ્થારૂપી આરાધ્યદેવીના સેવાવ્રતધારી બનીને સંસ્થાની સમૃદ્ધિમાં, વિકાસમાં, પ્રસાર અને પ્રચારમાં જીવનને સમર્પણ કર્યું છે. નિજ કાર્યમાં આવી એકનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા અને ભાવનિષ્ઠા બતાવનાર વ્યક્તિ ઉપર ઈશ્વરના આશીર્વાદ કેમ ન ઊતરે? કાર્યોમાં કેટકેટલાય અવરોધો આવે પરંતુ પ્રચંડ પુરુષાર્થી વ્યક્તિએ તેનો સામનો કરી સવિશેષ શક્તિસંપન્ન બનીને પોતાની કર્તવ્યનિષ્ઠાના કંચનને પરિશુદ્ધ કર્યું છે.

જીવનની સિદ્ધિવંતાં સોપાન સર કરવા, નિજ કર્તવ્યને સુદૃઢ કરવા આ ક્ષેત્રે એઓશ્રીએ જે ભગીરથ પુરુષાર્થ કર્યો છે તેનું તો માત્ર આચમન જ કરી શકાય.

દેશવિદેશના દેશોના માર્ગદૃષ્ટા

સન ૧૯૬૬થી શરૂ કરીને સન ૧૯૯૨ સુધીનાં ૨૫ વર્ષ પર્યંત ગુજરાત, ભારત અને વિદેશમાં વિવિધ પદ ગ્રહણ કર્યાં ૧૯૭૬માં જાપાન, થાયલેન્ડ, સન ૧૯૭૮, ફ્રાન્સ ને મલેશિયા સન ૧૯૭૯, થાઈલેન્ડ સન ૧૯૮૧, ફિલિપાઈન્સ–૧૯૮૨, તથા સાઉથ ઈસ્ટ એશિયાના દેશોમાં સન ૧૯૮૩, બેંગકોંગમાં સન ૧૯૮૪ તથા નેધરલેંન્ડ અને પશ્ચિમ જર્મનીમાં

સન ૧૯૮૫માં તથા સન ૧૯૮૬માં, ચીનમાં સન ૧૯૮૬માં (મનીલા), ફિલીપાઈન્સમાં સન ૧૯૮૭ તથા બેંગકોક–થાઈલેન્ડમાં સન ૧૯૮૮ તથા સન ૧૯૮૯માં સહકારી પ્રવૃત્તિઓમાં નિપુણાત, બાહોશ અને કાર્યદક્ષ તરીકે વિશિષ્ટ વ્યક્તિત્વે આદરણીય માર્ગદષ્ટા વ્યક્તિ તરીકે જઈને સહકારી ક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિઓના રાહબર બનીને પચ્ચીસ વર્ષ પર્યંત દેશ-વિદેશમાં પ્રતિભાવંત વ્યક્તિત્વે પ્રકાશવંતા બન્યા છે.

વિશ્વના દેશોની વિવિધ સમિતિના પદાધિકારી પદે

ઇન્ટરનેશનલ કો-ઓ. એલાયન્સની બેન્કિંગ કમિટીના સભ્ય ૧૯૮૯ થી ૧૯૯૨ સુધી **અધ્યક્ષ,** તેમજ ૧૯૮૨ થી ૧૯૮૪ સુધી ઉપ-પ્રમુખ, તથા આ સંસ્થાના એશિયાના દેશોની કો-ઓ. ક્રેડીટના બેન્કિંગના સન ૧૯૮૪ થી ૧૯૮૮ સુધી અધ્યક્ષ ૨૭ રાષ્ટ્રિય કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંકના સભ્ય, તથા આ ક્ષેત્રની સહકારી પ્રવૃત્તિઓ જેવીકે બેન્ક, કૃષિવિકાસ, ખેતધિરાણ કો-ઓ. રાજ્ય સરકારી, ટ્રેનિંગ કોલેજ, એશિયા, યુરોપ, ઓસ્ટ્રેલિયાની તમામ સહકારી ક્ષેત્રે પાંગરેલી સમિતિઓમાં માનવંતા સભ્ય તરીકે, ઉપાધ્યક્ષ તરીકે, અને અધ્યક્ષ તરીકે રહીને સ્વબુદ્ધિ કૌશલ્ય દ્વારા જનકલ્યાણક પ્રવૃત્તિની સાધના કરીને લોકસંગ્રહનું કાર્ય બજાવી રહ્યા છે.

આંતરરાષ્ટ્રિય કક્ષાએ વિજયી વ્યાસ સાહેબ

યુરોપ અને અમેરિકાના દેશોના બહુમતિ પ્રતિનિધિઓની બનેલ "ઇન્ટરનેશનલ કો. ઓપરેટિવ એલાયન્સ" (આઈ. સી. એ.) જે ૧૮–૮–૧૮૯૫માં સ્થપાઈ છે તેવી શતાયુસંસ્થામાં જેમાં વિશ્વના ૭૨ દેશના સભાસદો હતા. તેમાં એશિયાના ૧૭ દેશોના સભાસદો છે, તેની ચૂંટણીમાં 'બેન્કિંગ એક્ઝીક્યુટીવ કમિટીના સભ્ય પદે વરણી થઈ. જેમાં નિપુણાતોનો જ સમાવેશ થાય છે. તેવી સંસ્થામાં ગુજરાત રાજ્ય સહકારી બેંકને પ્રથમ વાર પ્રતિનિધિત્વ અપાવીને ગૌરવ પ્રદાન કરનાર છે. એશિયાના દેશોની કો. ઓપરેટિવ ફાઈનાન્સ કમિટીના પણ ચેરમેન છે. ગુજરાત રાજ્ય સહકારી બેંકનાં વર્ષો સુધી જનરલ મેનેજર તરીકે યશસ્વી કારકિર્દી મેળવનાર શ્રી એમ. એમ. વ્યાસ આજે એ જ સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર પદે બિરાજે છે. આ પણ એક ગૌરવવંતું સ્મરણ છે.

શ્રી મહેન્દ્રભાઈ એમ. વ્યાસનું જીવનદર્શન

વસંતના નિર્મળ વ્યોમમાં સોળે કળાએ અમીવર્ષણ ચંદ્રિકાએ પોતાની નિર્મળ, સ્વચ્છ અને શ્વેતરંગી ચાંદનીથી જાણે અભિષેક ન કર્યો હોય ! એવી ગૌરવર્ણી દેહયષ્ટિ, પૂર્ણ ચંદ્ર શી મુખાકૃતિ, ચકોર અને તેજસ્વી નેત્રો, હાસ્યવેરતી મુખમુદ્રામાં સૌજન્યપૂર્ણ વ્યક્તિત્વથી શોભતા શ્રી એમ. એમ. વ્યાસના બ્રહ્મતેજે તપતા લલાટમાં ભગવતી મા ગાયત્રીની ઉપાસનાનું ઓજસ તપે છે. તેમની અનન્ય ઉપાસનાએ તેમના ગૌરવપૂર્ણ જીવનમાં ઔદાર્ય, ધર્મનિષ્ઠા. સહજ ભાવુકતા, કર્મનિષ્ઠા. આજીવન સેવાવૃત્તિ છે. તથા માનવીને માપવાની મેધાવી બુદ્ધિ-પ્રભાનું દર્શન થાય છે. પાંગરેલું કુટુંબવૃક્ષ આર્યસન્નારીની સાક્ષાત્ મૂર્તિસમા એમના પત્ની શ્રીમતી સુશીલાબહેન, પુત્ર શ્રી અમીશ અને અ.સૌ. રૂપા તથા બીજા પુત્ર શ્રી શમીક બે પૌત્ર ચિ. રેવંત અને ચિ. ધનવંત સૌ આપ્તજનોથી મઘમઘતું પુણ્યશાળી પરિવારનું વડીલપદ શોભાવતા શ્રી વ્યાસ સાહેબનું સમગ્ર જીવન સમાજ, રાષ્ટ્ર, અને ધાર્મિક ક્ષેત્રે સમર્પિત છે. તેમનું જીવન માત્ર 'સ્વાન્તઃ સુખાય' અર્થે નહિ પરંતુ વૈશ્વિક ભાવનાની વિશાળ ક્ષિતિજોમાં રમમાણમાં પરિણમ્યું છે.

ભગવાન શ્રી કૃષ્ણચન્દ્ર અને મહારાણી શ્રી રાધિકાજીની ગુણગાથા ગાતાં નવસો એક શ્લોક સમુચ્ચય જે બારસો વર્ષથી ગિર્વાણગીરામાં ગવાય છે તેને ગુજરાતી ભાષામાં સુલભ કરીને બ્રહ્મત્વે બ્રહ્મવર્ચસ્વંત બ્રાહ્મણ કુળને શોભાવતા શ્રી મહેન્દ્રભાઈ એમ. વ્યાસને આ 'માધવમાધુર્ય' ગ્રંથ અર્પણ કરતાં અત્યંત આનંદ અનુભવું છું.

—**અસ્તુ**

પૂર્વકથન

જીવનની કોઈ ધન્ય પળે અને અગમ્ય પ્રેરણા દ્વારા વૃંદાવનવિહારી શ્રી બાલકૃષ્ણ અને આહ્લાદિની શક્તિરૂપા શ્રી રાધિકાજીની મધુરી ભક્તિનાં ગાન માનસપટ પર પ્રવાહિત થયાં અને કવિહૃદયે તેનાં સ્ફૂરણો ઝીલ્યાં. પરંતુ તેનું મૂર્ત સ્વરૂપ તો 'માધવ માધુર્ય' ગ્રંથરૂપે પ્રગટયું. **ભગવાન વેદવ્યાસે** શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં **પાંચ ગોપીગીતો** દ્વારા શ્રીકૃષ્ણની માધુરી ભક્તિનાં ગીતો ગાયાં છે ત્યારે દક્ષિણ ભારતના કેરલના સંસ્કૃતના અગિયારમી સદીના શ્રેષ્ઠ કવિ **'લીલા શુકે' 'કૃષ્ણ કર્ણામૃત'** કાવ્યગ્રંથ અને 'ગોવિંદ દામોદર' સ્તોત્રમાં બાલકૃષ્ણનાં અને રાધિકાજીના ભાવોત્પાદક શ્લોકો દ્વારા મધુરા ભક્તિનો સહજ ભાવે આવિષ્કાર કર્યો છે.

મગધ દેશના વીરભૂમિના સંસ્કૃત સાહિત્યના બારમી સદીના **મહાકવિ જયદેવે 'ગીત ગોવિંદ'** કાવ્યગ્રંથમાં બાર સર્ગોમાં શૃંગારરસ સભર શ્લોકોમાં શ્રી બાલકૃષ્ણજી અને મહાયોગમાયા શ્રી રાધિકાજીની અષ્ટપદીઓ રચીને છેલ્લાં આઠસો વર્ષથી અજરઅમર પદ પ્રાપ્ત કર્યું છે. આ ત્રણે ગ્રંથોના નવસો એક શ્લોકોનો સમુચ્ચય કરીને આ 'માધવ માધુર્ય' ગ્રંથ ગુજરાતી ભાષામાં ગદ્યાત્મક રૂપ આપીને સરળ તથા સુલભ બનાવ્યો છે.

'માધવ માધુર્ય' એટલે જેમાં શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્માનું માધુર્ય–અમૃત છે તેવા રહસ્યપૂર્ણ ગ્રંથમાં રહેલા નિગૂઢ ભાવોને શક્ય તેટલા સમજાવવા અને ગીત ગોવિંદની **"પ્રભાવતી ટીકા"** દ્વારા રહસ્યોદ્ઘાટિત બનાવી ગુજરાતીભાષી ધર્મપ્રેમી અને ધર્માનુરાગી જનતાને સહજ ભાવે સમજાવવા સાહસપૂર્ણ કર્તવ્ય બજાવ્યું છે.

'ગીતગોવિંદ'નાં પુસ્તક તથા 'કૃષ્ણકર્ણામૃત' પુસ્તક મેળવી આપનાર ડૉ. ભ્રમરલાલ જોશી તથા વિદ્યા વાચસ્પતિ મ–મ. કેશવરામ કા. શાસ્ત્રીજી તથા શ્રી નીતિનભાઈ દેસાઈનો ઉપકાર કેમ ભૂલું ? આ ગ્રંથને કલાત્મક સ્વરૂપ આપનાર સાહિત્ય મુદ્રણાલયના અધિપતિશ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો સહર્ષ આભાર માનું છું.

જેમ 'ગીત ગોવિંદ' અષ્ટપદી સાંભળ્યા પછી જ જગન્નાથપુરીમાં ભગવાન બળદેવજી નિદ્રાધીન થાય છે તેમ આપશ્રી આ 'માધવ માધુર્ય' ગ્રંથના શ્લોકોનું આકંઠ પાન કરી, ધ્યાનસ્થ બની નિદિધ્યાસન દ્વારા ભાવ સમાધિ પર્યંતની મંગલયાત્રા કરીને પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણનાં મહારાણી રાધિકાજી સમેત દર્શન પ્રાપ્ત કરવાસદ્ભાગી બનો, એવી અંતરની અભીપ્સા વ્યક્ત કરીને આનંદ અનુભવું છું.

બ્રહ્મ દર્શી, બ્રહ્મવેત્તા અને બ્રહ્મ વર્ચસ્વી 'દ્વારકા શારદાપીઠ' એવં 'જ્યોતિષ્પીઠાધીશ્વર' જગદ્ગુરુ શંકરાચાર્ય **સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજ**ના વરદ હસ્તે 'માધવ–માધુર્ય' ગ્રંથનો વિમોચન વિધિ થાય છે તે મારા જીવનનો ધન્ય પ્રસંગ છે. એઓશ્રીના નિજ શિષ્યત્વે શતશઃ વંદન.

શ્રી બાલકૃષ્ણ તથા ભગવતી રાધિકાજીનાં ચરણકમળમાં સમર્પણ ભાવે કોટિશઃ વંદન.

હિંમતલાલ ઉમિયાશંકર દવે

અનુક્રમણિકા

ખંડ પહેલો : માધવ માધુર્ય

(પૃષ્ઠ સંખ્યા ૩૬)

(૧) માધવ માધુર્યનું રહસ્ય પૃષ્ઠ ૧ થી ૩
(૨) શ્રીકૃષ્ણ વ્રજવિહારી ,, ૩ થી ૯
(૩) શ્રીકૃષ્ણ પ્રિયા રાધા ,, ૯ થી ૧૫
(૪) માધુર્યનું રસાસ્વાદન ,, ૧૫ થી ૨૦
(૫) માધુર્યના રસભોક્તા કવિઓ ,, ૨૧ થી ૩૦
(૬) શ્રીકૃષ્ણ–રાધાની લીલાભૂતિ વ્રજ ,, ૩૦ થી ૩૬

ખંડ બીજો : ગીતગોવિંદ કાવ્ય

(કવિ જયદેવ)

સર્ગ ૧ થી ૧૨ – અષ્ટપદી–૨૪
શ્લોકસંખ્યા–૩૭૬ પૃષ્ઠ ૧ થી ૪૮

તથા

'ગીત ગોવિંદ–પ્રભાવતી ટીકા'

શ્રી હિંમતલાલ યુ. દવે

પૃષ્ઠ ૧ થી ૨૦

ખંડ ત્રીજો : ગોપીઓનાં પાંચ પ્રેમગીત (વેદવ્યાસ)

પૃષ્ઠ સંખ્યા ૨૦

(૧) વેણુગીત પૃષ્ઠ ૨
(૨) પ્રણયગીત પૃષ્ઠ ૬
(૩) ગોપીગીત પૃષ્ઠ ૯
(૪) યુગલગીત પૃષ્ઠ ૧૨
(૫) ભ્રમરગીત પૃષ્ઠ ૧૭

ખંડ ચોથો : શ્રીકૃષ્ણ કર્ણામૃત–કાવ્યસ્તોત્ર

(ત્રણ આશ્લેષ કવિ – લીલા શુક)

પ્રથમ આશ્વાસ પૃષ્ઠ ૧ થી ૧૮
(શ્લોકસંખ્યા – ૧૦૮)

ખંડ પાંચમો : શ્રીકૃષ્ણ કર્ણામૃત

બીજો આશ્વાસ પૃષ્ઠ ૧ થી ૨૦
(શ્લોકસંખ્યા – ૧૧૦)

ખંડ છઠ્ઠો : શ્રીકૃષ્ણ કર્ણામૃત

ત્રીજો આશ્વાસ પૃષ્ઠ ૧ થી ૧૮
(શ્લોકસંખ્યા – ૧૦૮)

ખંડ સાતમો : ગોવિંદ દામોદર સ્તોત્ર

પૃષ્ઠ ૧ થી ૮ (શ્લોકસંખ્યા – ૭૧)

ખંડ–પહેલો

૧. માધવ માધુર્ય

લેખક: **શ્રી હિંમતલાલ ઉમિયાશંકર દવે**

'સાહિત્યમાર્તંડ', ' ધર્માલંકાર' પ્રધાન સંપાદક : શ્રી નવભારતી

[વૃંદાવન વિહારી શ્રી બાળકૃષ્ણ અને શ્રી રાધિકાજી પ્રત્યેની અનન્ય ભક્તિના પરિપાકરૂપે છેલ્લાં પાંચ હજાર વર્ષથી સંસ્કૃત ભાષાના કવિઓ, ગુજરાતી ભાષાના કવિઓએ તેમનાં સ્તુતિગાન ગાયાં છે. **"માધવ-માધુર્ય."** ગ્રંથના નામાભિધાન સાથે પ્રથમ ખંડ પણ "માધવ–માધુર્ય" દ્વારા મહાભાવનું સ્મરણ કરીએ છીએ.]

(૧) માધવ માધુર્ય રહસ્ય

માધવ માધુર્ય એટલે માધવનું માધુર્ય, માધવ તો 'શ્રીકૃષ્ણ' અને તેમનું માધુર્ય તો 'રાધા', શ્યામ અને શ્યામા, શ્યામના હૃદયમાં શ્યામા તે રાધા અને શ્યામાના હૃદયમાં વસેલા શ્રીકૃષ્ણ. કૃષ્ણપ્રિયા તો રાધિકા, રાધા–પ્રિય કૃષ્ણ. રસેશ્વર શ્રીકૃષ્ણનાં રાસેશ્વરી તો રાધા છે. શ્યામની આરાધિકા રાધા તો શ્યામની આહ્‌લાદિની શક્તિ, ગાન્ધર્વી નામથી ખ્યાત તો રાધા, શ્રીકૃષ્ણની માધુર્યવંતી રાધા એક સો વર્ષ પર્યંતની વૃંદાવન વિહારિણી બની. સર્વેશ્વર શ્રીકૃષ્ણની સર્વેશ્વરી રાધા. રાધા અને કૃષ્ણનાં શરીર અલગ પણ બંનેના પ્રાણ એક. દ્વૈતમાંથી પ્રગટેલું અદ્વૈત એટલે જ રાધાકૃષ્ણ. રાધા વગરના કૃષ્ણ તો શક્તિ રહિત; કૃષ્ણમાં રહેલી શક્તિ તે રાધા છે. વસુદેવનંદન શ્રીકૃષ્ણ છે અને વૃષભાનુ નંદિની રાધા છે. રાધાવલ્લભ શ્રીકૃષ્ણ ને શ્રીકૃષ્ણ વલ્લભા તો ભવવ્યાધિ વિનાશિની મુક્તિપ્રદા શ્રી રાધિકાજી. રાધા તો શ્રીકૃષ્ણનું માધુર્ય. મધુમતીનું માધુર્ય તો શ્રીકૃષ્ણ. કૃષ્ણનું માધુર્ય રાધા તો રાધાનું માધુર્ય છે કૃષ્ણ. રાધા અને કૃષ્ણ એટલે માધુર્યનું સાક્ષાત્ નિજ સ્વરૂપ.

માધવમાધુર્ય તો કૃષ્ણ અને રાધાનો પર્યાયવાચી શબ્દ છે. રાધાનું માધુર્ય એટલે કૃષ્ણ અથવા માધવનું માધુર્ય એટલે રાધા. આ થયો ષષ્ઠી વિભક્તિનો પર્યાય, પરંતુ માધવનું માધુર્ય છે એવા રાધા તો તે થયો બહુવ્રીહિ સમાસ. માધવમાં રહેલું માધુર્ય એટલે મધ્યમપદ લોપી સમાસ. આ રીતે માધવ–માધુર્યના વિવિધ અર્થઘટન થાય પણ તે બધી જ અર્થ-છટાઓ તો માધવ–માધુર્યમાં પ્લાવિત થાય છે.

આ માધવ માધુર્યનું કેન્દ્ર સ્થાન છે વૃંદાવન. યમુનાતટ, કુંજ–નિકુંજ, પ્રેમકુંજ, જ્યાં રાધા અને કૃષ્ણનાં માધુર્ય રેલાયાં હતાં. પાર્થિવ સ્વરૂપોમાં રમતા રાધા અને કૃષ્ણનાં માધુર્ય તો વૃંદાવનની ગોપીઓએ માણ્યાં. રાધાની ચૂંદડીને કૃષ્ણના પીતાંબર સાથે છેડાછેડી બાંધીને ગોપીઓએ ઊજવેલો

લગ્નોત્સવ કેવો મધુર હતો! એ વખતે શરમાતી અને સંકોચાતી રાધાનાં ધીમાં ધીમાં પગલાંની ગતિ કેવી નયનરમ્ય હશે? ત્યારે મોહક મદીલાં નયનો નચાવતો બંસીધર બાલકૃષ્ણ માત્ર રાધાના જ નહિ પરંતુ સૌ ગોપીઓનાં હૃદયને કેવો નચાવતો હશે! ચૂંદડી અને પીતાંબરમાં પણ કેવી કેવી ભાવવ્યંજનાઓની અનુભૂતિ રમમાણ થતી હશે? પ્રેમકુંજનાં વૃક્ષો સાથે વીંટાયેલી નવપલ્લવિત વનવેલીઓનું પ્રણયમિલન કેવું સ્પંદનયુક્ત આનંદ અનુભવતું હશે! વૃક્ષોના પ્રેમપરાગની ઝીલતી વેલીઓ પર ઝૂમતાં ને ઝૂલતાં પુષ્પોનાં ગુચ્છ અને કળીઓમાં કેવાં ભાવસ્પંદનો સ્ફૂરતાં હશે! સમગ્ર વૃંદાવન રાધા અને કૃષ્ણનાં માધુર્યનાં મધુ પીતાં હશે ત્યારે પેલા ભ્રમરો પણ પુષ્પોના મધુરસનો ત્યાગ કરીને રાધા અને કૃષ્ણનો માધુર્ય રસ માણવા ગુનગુન ગીત ગાતા કેવા કલ્લોલ કરતા હશે! આ છે માધવનું માધુર્ય!

માધવનું માધુર્ય માધવની બંસરી. ભગવાન શંકરે પણ કલાનું તેમાં માધુર્ય વેર્યું હતું શ્રીકૃષ્ણની બંસીમાં. શ્રીકૃષ્ણે સાધના કરી હતી. તંત્રશાસ્ત્રના "કલીં" બીજમંત્રની. 'કલીં" તો મોહક કામ–બીજ મંત્ર છે. તેમાં 'क' તે જલવાચક બીજ છે. 'ल', 'ईं' તે ભૂમિનું બીજ છે તથા ચન્દ્રમા સમાન આકાર ધારણ કરવાવાળો અનુસ્વાર છે. એ બધાનો સમુદાય 'क्लीं" છે, તે શ્રીકૃષ્ણના શબ્દનું આદિ બીજ છે. જે વેણુનાદમાં સૌને મોહક મંત્ર સમાન આ કામ-બીજ કાર્યરત બનતું હતું.

શ્રીકૃષ્ણે આ બીજમંત્રને સિદ્ધ કર્યું. તેમના વેણુનાદનું માધુર્ય ત્રિભુવનને ડોલાવતું. શંકર તો વેણુનાદ થતાં જ નટરાજરૂપે નર્તન કરતા. વાંસળી એ માત્ર વાંસનો ટુકડો ન હતો. પરંતુ તેમાં 'કલીં'ની મહાશક્તિ સ્વયંરૂપે વસી હતી. તથા સાક્ષાત્ સરસ્વતીએ વાંસળીરૂપ ધારણ કર્યું હતું. માધવના માધુર્યનું તેમના અધર–અમૃતનું પાન કરવાનું સદ્ભાગ્ય તો બંસીને પ્રાપ્ત થયું હતું.

માધવના માધુર્યમાં સોળેકળામાં શોભતો મયુરપિચ્છ મુગટ હતો. શ્રીકૃષ્ણના મયુરપિચ્છના અવનવા રંગમાં સકળ માયા છુપાઈ હતી. માયાની ક્રિયાશક્તિ મયુરપિચ્છમાં શોભતી હતી. કૃષ્ણનો મયુરપિચ્છ તો રાધાનો મનમોહન હતો. રાધાએ મયુરપિચ્છ અંગે વીંટાળીને મોરરૂપે શ્રીકૃષ્ણને નચાવ્યા હતા. રાધાનું મયુરનૃત્ય અને કૃષ્ણના વેણુનાદ સાથેનાં ઉભય મયુરનૃત્ય નીરખવા તો ગાંધર્વો, કિન્નરો, યક્ષો અને અપ્સરાઓ વૃંદાવનની કુંજોમાં છુપાઈને માધવ–રાધાનાં કલામાધુર્યનું રસાસ્વાદન કરતા હતા. ત્યારે યમુનાનાં જળ આકાશગામી ઊછળીને કલાસ્વામીની કલાનું દર્શન કરી રહ્યા હતા.

વૃંદાવન વિહારીએ મહારાસ રચ્યો. રાસ એટલે "रसो वैसः" સાક્ષાત્ શ્રીકૃષ્ણનું રસરૂપ દર્શન. લાસ્ય નૃત્યનો અભિનિવેશ. રાસ એટલે દેહ-દેહી, રૂપ–રૂપી, નામ–નામીનું વિલોપન. શ્યામ અને શ્યામાની રસ લીલા, જેમાં ધૂમે છે વ્રજની ગોપીઓ. ભગવદ્-શક્તિરૂપા ગોપીઓ છે વેદ અને ઉપનિષદની ઋચાઓ. પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણનાં અલૌકિક દિવ્ય અખંડ રાસનાં દર્શન કરનારી ગોપીઓએ રાસની રસાનુભૂતિ પ્રાપ્ત કરી. બ્રહ્માંડનાં આવરણોને ભેદીને જીવાત્માએ દિવ્યાત્મા રૂપ ધારણ કર્યું. આ મહારાસના અધિષ્ઠાતા છે રસેશ્વર શ્રીકૃષ્ણ અને અધિષ્ઠાત્રી છે રાસેશ્વરી રાધા. પ્રકૃતિ અને પુરુષનો આ મહારાસ તે ભૌતિક સ્વરૂપે પૃથ્વી પર અવતરણ થઈને વૃંદાવનમાં ગોપીઓ સાથે કૃષ્ણ રાધાએ રાસધૂમણ કર્યાં. આવો રસસભર મહારાસ તો છે માધવનું સૌંદર્યલક્ષી માધુર્ય.

ગોપીઓએ શ્રીકૃષ્ણમય હતી. તેમના આરાધ્ય તો શ્રીકૃષ્ણ. તેમના પ્રત્યેનો પ્રેમ અનન્ય હતો. પ્રેમમય જીવનમાં વિરહ, અશ્રુ, પ્રણિપાત, શરણાગતિ, મિલન અને હર્ષોલ્લાસની અભિષિક્ત હતી પ્રેમલક્ષણા ભક્તિ, સમર્પણ અને સ્વાર્પણ એટલે શ્રીકૃષ્ણની સંનિધિ, સામીપ્યનું દર્શન. પ્રેમલક્ષણા ભક્તિ એટલે જ માધવનું ભક્તિસ્વરૂપા માધુર્ય. માધવની મધુરા

ભક્તિ એટલે જ દિવ્યરસરૂપા માધુર્ય. જેમાં ખોવાઈ જવાનું પ્રબળ તત્ત્વ છે. ખોવાઈ જાય તે પામે છે માધવના માધુર્યને.

નંદ–યશોદાનું વાત્સલ્ય માધુર્ય

શ્રાવણ વદ અષ્ટમીની મધ્યરાત્રિએ બાલકૃષ્ણે નંદગ્રામમાં નિવાસ કર્યો. તેમના બાલ્યકાળનાં ૧૧ વર્ષ ૫૨ દિવસનો સમય પિતા નંદ અને માતા યશોદાનો ધન્ય સમય હતો. બાળક કૃષ્ણની બાળલીલાએ યશોદાને અનેક અવનવા અનુભવો કરાવ્યા. પ્રથમ તો ઘરની મસ્તી, પછી ગોપીઓની ફરિયાદો કૃષ્ણ અને બાળરામની યુગલ જોડી જંગલમાં જાય અને ગાયોને ચારે. ત્યાંની પણ અલૌકિક લીલા, 'મેં માખણ નથી ખાધું, છીંકા ઉપરનું દહીં મેં નથી લીધું, હું તોફાની નથી. હવે ગાયો ચારવા નહિ જાઉં'થી માંડીને છેલ્લે રાધા સાથેની મૈત્રી, ફરિયાદો અને યશોદાની બચાવ પક્ષની દલીલોથી વાત્સલ્યભાવમાં નીતરતું માતૃત્વ તો શ્રીકૃષ્ણ પ્રત્યેનું મહામોંઘું માધુર્ય હતું.

(૨) શ્રી કૃષ્ણ–રાધાવલ્લભ વ્રજવિહારી

(ઈ. સ. ૫૦૦૦ વર્ષનો સમય બાલ્યજીવન–૧૧ વર્ષ – ૫૨ દિવસ)

આજથી પાંચ હજાર વર્ષ પહેલાં જ્યારે દ્વાપરયુગ સમાપ્ત થતો હતો અને કલિયુગનો પ્રારંભ થવાનો હતો ત્યારે ચંદ્રવંશના યદુવંશી રાજશ્રી વસુદેવ અને દેવકીની કૂખે તેમના આઠમા સંતાનરૂપે સાક્ષાત્ વિષ્ણુના આઠમા અવતાર સ્વરૂપે મથુરાની જેલમાં જન્માષ્ટમીની મધ્ય રાત્રિએ યુગાવતાર એવા શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો.

દુષ્ટતાને વરેલા મામા કંસથી બચાવવા વસુદેવજી બાળ શ્રીકૃષ્ણને છાબડીમાં લઈને મથુરાથી મધરાતે નીકળ્યા. સૂર્યપુત્રી યમુનાજી જે યમદેવના બહેન એવા મહારાણી યમુનાદેવીએ વસુદેવને માર્ગ કરી આપ્યો અને વસુદેવજી પોતાના મિત્ર નંદરાયને ત્યાં નંદગ્રામ(ગોકુળ)માં તેમનાં પત્ની યશોદા જે ભરનિદ્રામાં હતાં તેમના પડખામાં મૂકી આવ્યા અને તેમની પુત્રીને લઈ પાછા મથુરાના કારાવાસમાં આવ્યા.

કંસને ખબર પડી કે દેવકીએ બાળકને જન્મ આપ્યો છે. તેથી તેણે ત્યાં આવીને શિલા સાથે તે બાળકી(મહામાયા)ને પછાડીને મારી નાખી. આ બધી પૌરાણિક વાત અત્યંત પરિચિત છે. (કંસને કોઈએ કહેલ કે દેવકીનું આઠમું સંતાન તને મારી નાખશે.)

શ્રી કૃષ્ણનું બાલસ્વરૂપ અલૌકિક હતું. મેઘવરણો શરીરનો રંગ અત્યંત આકર્ષક અને મોહક હતો. તેમનાં શ્યામ અને વાંકડિયા આકર્ષક કેશ, કાન સુધી લંબાયેલ કમળ જેવાં સૌંદર્યપુંજ શા નમણાં નેત્રો, શુક સમી નાસિકા, કામદેવના અલૌકિક અંગ જેવા પ્રત્યેક અંગોનું દર્શન મનોહર હતું. ચતુર્ભુજ વિષ્ણુએ દ્વિભુજ બાલ કનૈયા રૂપે પાર્થિવ ભાવ સમો ઉ...ઉં...નો પ્રથમ મધુર રણકાર પૃથ્વીપટે કર્યો. નંદરાજા યશોદાને ત્યાં મોટી ઉંમરે પુત્ર જન્મ થયો. સૌ ગોકુળવાસી ગોપવૃંદ અને ગોપીઓએ આનંદોત્સવ કર્યો.

"નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી"

બાળકનું અલૌકિક સ્વરૂપ વ્રજનાં ગોપગોપીઓ અને આબાલવૃદ્ધોએ નિહાળ્યું અને અત્યંત આનંદ અનુભવ્યો. આવા દિવ્ય રૂપનાં દર્શન તો કદાપિ થયાં ન હતાં. કલ્પનામાં પણ ન આવે તેવા શ્યામસુંદરને જોઈને સૌનાં મન હર્ષઘેલાં થયાં. નંદરાજાએ ગર્ગાચાર્યને બોલાવી બાળ કનૈયાનું જ્યોતિષ જોવડાવ્યું. ગર્ગાચાર્યે ભવિષ્ય ભાખ્યું: "આ બાળક ભારતવર્ષનો યુગાવતારી મહારાજા થશે. તે ૧૬૧૦૮ રાણીઓ સાથે લગ્ન કરશે. ભારતના મહાન અધર્મી રાજાઓનો નાશ કરશે અને મહાન જ્ઞાની તથા પૂર્ણ યોગી બનશે." આ જ્યોતિષવાણી સાંભળી માતા–પિતાના મનમાં આનંદ તો થયો પણ શું હવે આ બાળક આપણા વૃદ્ધત્વ સમયે નંદગ્રામમાં

રહેશે? આપણને તે વખતે સુખ આપશે? આપણા વૃદ્ધત્વની રક્ષા કરશે? શું ખરેખર આપણાથી ભવિષ્યમાં તે જુદો થશે? નંદ-યશોદાજીના માનવી દેહમાં આવા માનવીય વિચારો પણ ચિત્રપટમાં સરકી ગયાં.

કૃષ્ણનાં દર્શને ભોળાનાથ શંકર કૈલાસથી જોગી-વેશ સાથે જ્યોતિષી બની આવ્યા. યશોદા પાસેથી યુક્તિથી કૃષ્ણને લઈ તેમનાં ચરણ પોતાનાં માથે ચડાવીને ધન્યતા અનુભવી અને પછી તો દેવર્ષિ નારદ પણ આવ્યા હતા.

બાલકૃષ્ણ તો હવે મા યશોદાના ઘરનો ઉંમરો ઓળંગતો હતો. દહીંનાં ગોરસ ઢોળી નાખે અને માતા સામે જુદા જુદા સ્વરૂપે બાળચેષ્ટાઓ કરીને પજવણી કરે. બાળકૃષ્ણને જોવા ગોપીઓ ઘેર આવે, તેમને ખોળામાં લઈને રમાડે, વહાલ કરે. કૃષ્ણ સૌના હૃદયમાં વસી ગયા. કૃષ્ણ ને મોટા ભાઈ બલરામની જોડીએ તો ગોકુળ ગાંડું કર્યું. કૃષ્ણના બાળસખા શ્રીદામા અને અન્ય ગોપબાળકોની બાળલીલા શરૂ થઈ. તેમાં કેન્દ્ર સ્થાને નટખટ નંદદુલારા કૃષ્ણ હતા.

ઘર છોડીને હવે તો કનૈયો ગોપીઓના ઘેર ઘૂસી જાય. તેમનાં ઘરમાં વળી સાથે બાંધેલા શીંકામાં મૂકેલું માખણ લેવા ભાઈબંધોના ખભા પર ચડી પીરામીડના જેવી રમત કરીને માખણ ખાય–ખવરાવે અને વેરણછેરણ કરે. દહીંનાં ગોરસડાં ઢોળી નાખે. પકડવા દોડતી ગોપીઓને હંફાવે, સંતાઈ જાય અને ગોપીઓ મા યશોદા પાસે આવીને કાનુડાની ફરિયાદ કરે: "મા, આ તમારો કાનુડો તો હવે હદ કરે છે. અમારું માખણ ચોરી જાય છે..."

ગોપીઓની ફરિયાદ સાંભળી મા યશોદા કાનુડાને ધમકાવે અને ગોપીઓ સાથે પણ લડે. "શું મારો એક કનૈયો જ તમને પજવે છે? મારે ત્યાં ક્યાં માખણ–દહીં નથી કે તમારે ત્યાં ચોરીને ખાવા આવે?"

કૃષ્ણની આ બધી બાળલીલાઓ તો ચાલતી હતી. પરંતુ એ સૌ ગોપીઓમાં બરસાણાની ગોપી જે કનૈયા કરતાં છ-સાત વર્ષે મોટી હતી, તેનો પ્રથમ પરિચય લલિતા નામની ગોપી સાથે કેવી રીતે થયેલો? તે પ્રસંગ અહીં રજૂ થાય છે. યશોદામાએ કનૈયાનાં બહુ તોફાન જોઈ એક દિવસ દોરડીથી ઉખળ સાથે બાંધ્યા અને કામે વળગ્યા પણ કાનુડો ખસતો ખસતો બહાર નીકળી ગયો ને 'યમલાર્જુન' નામના વૃક્ષને મૂળથી કાઢીને જમીન ભેગા કર્યા. ને શ્રમથી ધૂળમાં પડી રહેલો ત્યારે ત્યાં લલિતાએ કાનુડાનો બરસાનાની વૃષભાનુરાયની પુત્રી રાધાનો પરિચય આપ્યો હતો. તે વાત રાધાના જીવનપ્રસંગમાં પણ આલેખી છે.

શ્રી કૃષ્ણે તો નાની વયમાં પોતાના ઐશ્વર્યથી પૂતનાવધ, તૃણાવર્ત ઉદ્ધાર, યમલાર્જુન, કાલિયદમન, ગોવર્ધનધારણ અન્ય રાક્ષસોને માર્યા હતા. ગોપ બાળકો સાથે રમતાં દાવાનળ લીલા, અઘાસુર વધ વગેરે અદ્ભુત કાર્યો અને બ્રહ્મામોહધારણ વગેરે જે અલૌકિક કાર્યો કરેલાં છે તે તેમની ઐશ્વર્યશકિત અને ઈચ્છાશકિત મહા યોગમાયાની માયાવી શકિત વડે કર્યાં કરેલાં તે તેમની યોગશકિત દ્વારા કર્યાં હતાં. જેની સાથે સાથે બાલકૃષ્ણે ગોપીઓ સાથે વિવિધ પ્રકારની લીલાઓ કરી હતી.

કૃષ્ણ અને બળરામ જંગલમાં ગાયો ચારવા જાય ત્યારે કૃષ્ણના કોમળ ચરણ ઉઘાડાં જ હોય. હાથમાં લાકડી પકડી માથે ધાબળી મૂકી, પીતાંબર પહેરી, માથે મોરપિચ્છ મુગટ ધારણ કરીને જતા ત્યારે વ્રજવનિતાઓ તેમને નીરખવા ઘરની બહાર નીકળતી. ગોપીઓ તો કૃષ્ણમય બની ગઈ હતી. સાંજે ગાયો ચારી ઘેર આવે ત્યારે ગાયોની પાછળ ધીમી ગતિએ જ ચાલતા હોય. વાળમાં ને ગાલ પર ગોરજ ચોંટી હોય ત્યારે ગોપીઓ તેમનાં દર્શન કરવા ઘરનાં કામ છોડીને ઊભી રહે. જાણે કોઈ મહારાજા ન પધારતા હોય! કૃષ્ણના કોમળ અને ઉઘાડા પગ જોઈ ગોપીઓ કહે, "કાનુડા પગમાં જોડા તો પહેર. તારા ખુલ્લા પગમાં કાંકરા વાગે, જંગલમાં કાંટા વાગે. આ અમારાથી જોવાતું નથી." ત્યારે કાનુડો કહે, "ગાયોએ ક્યાં જોડાં પહેર્યાં છે?" આદર્શ ગોભક્ત કૃષ્ણ તો સૌનો પ્યારો હતો.

જંગલમાં ગાયો ચારવા જાય ત્યારે કેડમાં વાંસળી હોય, જંગલમાં વૃક્ષ નીચે ઊભો રહે, સૌ ગોપબાળો ભેગા થઈને રાસ રમે, સાથે બેસીને ભોજન કરે, વાંસળીના નાદથી ગાયોને શેર શેર લોહી ચડે. જંગલમાં મંગલ કરનાર કનૈયા પાછળ ગોપબાળકો તો તલ્લીન હતા.

કૃષ્ણ તો ગોપીઓ ગોપબાળકો, વૃદ્ધો, વેલીઓ, પંખીઓ, ગાયો સૌનો પ્યારો હતો પણ જેના હૃદયમાં કાનો ચિત્રિત થયો હતો તેવી એક મુખ્ય ગોપી હતી. વૃષભાણપુત્રી રાધા. કનૈયો ક્ષણે ક્ષણે રાધાનું ચિંતન કરે, ગોપીઓ સાથે યમુનાતટે મધુવનમાં મોહક વાંસળી વગાડે અને તીડનાં ટોળાંની જેમ ગોપીઓ આવે અને રાસલીલા શરૂ કરે. ન રહે રાતની ખબર કે ન કરે ઘરની, પતિની કે બાળકની પરવા. બસ રાસ-લીલામાં ખોવાઈ જતી ગોપીઓના કેન્દ્રમાં રહેલી 'રાધા'ની પાસે બાલકૃષ્ણ ફરતા જાય અને કાનમાં કહે, "રાધા, ચાલ આપણે 'પ્રેમકુંજ'માં જઈએ." કૃષ્ણ ચાલ્યા જાય. ગોપીઓ તો રાસમાં ભાવાવેશમાં હોય. તેમને ક્યાં ખબર છે કે કૃષ્ણ તો રાધા સાથે નિકુંજમાં અભિસાર કરવા ગયા છે. ગોપીઓ ભાનમાં આવે છે. મોં પર વિષાદ દુ:ખ, અને ઉન્માદથી ઘેરાયેલી ગોપીઓ કૃષ્ણને શોધવા આકુળ–વ્યાકુળ થઈ છે...કુંજ–નિકુંજમાં ફરી વળે છે. જઈને કૃષ્ણને પ્રાર્થના કરે છે તે છે "ગોપીગીત."

કૃષ્ણ અને રાધાનો પ્રેમ જગ બત્રીસીએ ચડયો. ચૌટે, ચોરે, શેરીએ, ગલીએ અને ઘેર ઘેર બસ રાધા અને કૃષ્ણના પ્રેમસંબંધની જ વાતો. રાધા તો કૃષ્ણના શ્વાસોચ્છવાસમાં રમતાં હતાં, સર્વસ્વનો ત્યાગ કરીને તેણીએ તો માત્ર કૃષ્ણને હૃદયસિંહાસને સ્થાપ્યા હતા. કૃષ્ણ પણ રાધાનાં સ્નેહસ્મરણને એક પળ પણ ભૂલતા નથી. કૃષ્ણની અદ્ભુત લીલા શરૂ થઈ. બેહોશ કૃષ્ણને સભાન બનાવવા વાત રજૂ થાય છે કે જે આજીવન સતી હોય તે જ યમુનાનું જળ કૃષ્ણના વાળ પરોવેલી આ કાણાવાળી મટુકીમાં પાણી ભરીને લાવીને કાનાના શરીર પર છાંટે તો જ બચી શકે. આ તો મહર્ષિ નારદની લીલા હતી. કૃષ્ણ ને રાધાને વગોવનારી સ્ત્રીઓ અને કહેવાતી બે સતીઓ આવીને વીલે મોંએ પાછી વળી. છેવટે લોકોએ રાધાને વાત કરી, 'કાનુડો બેહોશ છે.' રાધા તરત દોડી આવ્યાં અને યમુનારાણીને કહે છે, "હે યમુના મહારાણી, જો મારામાં કૃષ્ણ પ્રત્યેની અનન્ય પ્રેમલક્ષણા ભકિત હોય અને મારું સતીત્વ ગોપી મહાભાવે કુંદન જેવું હોય તો આ કાણાવાળી મટુકીમાં જળ સ્થિર થાવ." રાધા છલોછલ મટુકીમાં પાણી ભરીને આવે છે. આ દશ્ય જોઈ સૌને રાધા પ્રત્યે દિવ્ય ભાવ પેદા થયો. નારદજી જળસિંચન કરે છે ત્યારે જળના સિંચનથી ધીમે ધીમે બાલકૃષ્ણના હાથપગમાં સંચાર થાય છે, આંખ ઉઘાડે છે. સૌના આશ્ચર્ય વચ્ચે કૃષ્ણ બોલે છે, "રાધા–રાધા.'

લોકનિંદામાંથી રાધા બચી જાય છે અને રાધાના દિવ્ય પાવનકારી પ્રેમમય પવિત્ર જીવનને વંદન કરી લોકો અહોભાગ્ય પામે છે. રાધાના વક્ષ:સ્થળમાં ચોપડેલ કેસરવાળી ચૂંદડી કે જેને ગોપીઓએ કૃષ્ણના પીતાંબર સાથે છેડાછેડી બાંધીને રાધા–કાનનો લગ્નોત્સવ ઊજવ્યો હતો તેમાં વ્રજની રજ રાધાએ પોતાના હાથે ભરીને કૃષ્ણના માથે મૂકી તો શિરોવેદનાથી પીડાતા કૃષ્ણનું શૂળ (પ્રેમશૂળ) મટી ગયું હતું. કૃષ્ણ શકિતમાન હતા તો રાધા આહ્લાદિની શકિત હતાં. કૃષ્ણ અને રાધાસૂનું વૃંદાવન કેવું સૂમસાન બને!

ઈન્દ્ર ગર્વીલો બન્યો હતો. વૃંદાવનના લોકો ઈન્દ્રની પૂજા કરતા. કૃષ્ણે ઈન્દ્રને બદલે ગોવર્ધન પૂજા શરૂ કરાવી. ઈન્દ્રે અનરાધાર વૃષ્ટિની રેલી કરી. કૃષ્ણે ટચલી આંગળીથી ગોવર્ધનગિરિ અદ્ધર રાખીને ગોપ–ગોપી સૌનું રક્ષણ કરી ઈન્દ્રના ગર્વનું ખંડન કર્યું હતું.

કૃષ્ણ તો ચર–અચર સૌના હતા. માત્ર ગોપ–ગોપીઓના જ ન હતા. વૃંદાવનના પ્રત્યેક વૃક્ષની

ડાળીઓ ને પાન પાને, ભાંભરતી ગાયોના વાજમાં, મધુવનની વેલીઓમાં, કળીઓમાં ને પુષ્પોમાં ને પરિમલમાં શ્યામ સરોવરના વચ્ચે ઝૂમતા કોમળ કમળપત્રમાં, યમુનાનાં જળમાં, તેમની મોહક મોરલીના મધુર ગુંજનમાં, જળ પર તરતા જળતરંગોમાં, શુક અને મેનાના મધુરા શબ્દોમાં, મયૂર અને ઢેલના થનગનતા નૃત્યમાં, ભ્રમરના ગુંજનમાં, વાછરડાઓના ગેલમાં, વિરહિણી ગોપીઓના વિરહી દિલમાં, રાધા સાથેના મિલન વિરહ–પુનઃમિલન, વડછડ, મનામણાં, કુંજકેલિ, ગોપીઓ સાથેના રાસઘૂમણમાં સદા વિવિધ સ્વરૂપે બાળકૃષ્ણ વૃંદાવનમાં લીલા કે રાસલીલા તથા મહામંત્રે ગોકુળને ઘેલું કર્યું. મોટા ભ્રાતા બલરામ પ્રત્યે અત્યંત પ્રેમ દર્શાવનાર કૃષ્ણ તો બલરામનો આત્મા હતો. માતા યશોદા અને નંદના આંખના તેજસમો બાળકૃષ્ણ તેમનું જીવન હતું. યમુનાતટની કુંજ–નિકુંજ, પ્રેમકુંજમાં બંસીવટના મનોરમ વાતાવરણમાં બંસીના મોહક સૂરથી સૌને દિવ્યાતિદિવ્ય આનંદ કરાવીને જડ–ચેતનમાં નવો પ્રાણ પૂરી પોતાના બાલ્યકાળને વિશ્વની પોથીમાં અંકિત કરાવ્યો. અંતરિક્ષમાંથી દેવો, ગાંધર્વો, યક્ષ, કિન્નરો પ્રભુની આ લીલાને અત્યંત આતુરતાથી જોતા હતા.

શ્રીકૃષ્ણે ગોકુળમાં અનેક લીલાઓ કરી છે તેનાં અત્યંત સરલ અને વિશેષરૂપે શ્રીમદ્ ભાગવત, દશમ સ્કંધ તથા અન્ય સ્કંધોમાં, પાંચ ગોપી પ્રેમગીતોમાં, અને બ્રહ્મપુરાણ તથા અન્ય ઉપપુરાણોમાં છે. પરંતુ કૃષ્ણભક્ત સુરદાસે તો લક્ષ પદોનો ‘સુરસાગર’ રચીને બાલકૃષ્ણનો પ્રેમ ભરપેટે જ નહિ પણ આત્માના અંતઃસ્તળેથી ગાયો છે. તુલસીના બાળ રામચંદ્રનું ગાન કરતાં તો સૂરદાસનાં બાળકૃષ્ણનાં ગાન ઉચ્ચતમ બન્યાં છે. ચૈતન્ય, નરસિંહ, મીરાં ગીતો તથા આદિ શંકરાચાર્યે કૃષ્ણનાં સ્તોત્રો રચીને આ અદ્વૈત ઉપાસકે પ્રેમભક્તિનો આધ્યાત્મિક જ્ઞાનમાં વિનિયોગ કર્યો છે, વૈષ્ણવ આચાર્ય વલ્લભાચાર્ય, નિંબકાચાર્ય જેવા આચાર્યોએ કૃષ્ણની મહાશક્તિને સ્તુતિ–સ્તોત્ર તથા ભાષ્યમાં મૂર્તિમંત કરી વંદના કરી છે.

ભગવાન કૃષ્ણે ગોકુળ છોડયું પછીનો તેમનો વિશાળ પરિવાર કેવો મહાન હતો ! કૃષ્ણ–બળરામ, બહેન સુભદ્રા, માતા દેવકી, માતા રોહિણી, પિતા વસુદેવ, અષ્ટ પટરાણીઓ–રુક્ષ્મણી, સત્યભામા, જાંબવતી, કાલિન્દી, મિત્રવિન્દા, ભદ્રા, સત્યા, લક્ષ્મણા છે અને જેલમાંથી ૧૬૧૦૦ કુમારી રાજકન્યાઓને મુક્ત કરી તેમને રાણીપદ આપી શ્રીકૃષ્ણની મહાનતાનો જોટો ક્યાં જડશે ? સદા રાધા–રાધા–નાં સ્પંદનોમાં ધબકતું, માર્દવભર્યું હૃદય પાછું કુરુક્ષેત્રમાં કેવું રૌદ્ર રૂપ લે છે ? પાલક માતા યશોદા અને નંદરાજાનો વહાલસોયો–લાલો–કનૈયો, શ્યામકુંવર, રાધાપ્રેમી, ગોપીપ્રિય શ્રીકૃષ્ણ અગિયાર વર્ષ અને બાવન દિવસ વૃંદાવન વિહારી બન્યા ત્યાં સુધીનું બાલકૃષ્ણનું જીવન કેવું અલૌકિક હતું ! પછી તો વિરાટ સ્વરૂપે તે પ્રગટે છે. શ્રીકૃષ્ણનું મથુરાગમન, સાંદીપનિ ગુરુ પાસે વિદ્યાધ્યયન, કંસ, જરાસંધ, શિશુપાળ જેવા અભિમાની–દુર્જન રાજાઓનું નિકંદન. પાંડવોના સહાયક, દ્રૌપદીનો બંધુ, અર્જુન સખા–પાંચ પાંડવોના પરમ હિતસ્વી, ભિષ્મના કૃષ્ણચંદ્ર, દ્રોણના પ્રીતિપાત્ર, માતા કુંતીના ભત્રીજારૂપે કૃપાનિધાન કુરુક્ષેત્રના, યુદ્ધમાં અઢાર અક્ષહિણી સેનાના તથા કૌરવોના નાશ પછી, રાજમાતા ગાંધારીના શાપથી શાપિત કૃષ્ણ, ગીતાજ્ઞાન વડે અર્જુનને ઉપદેશ આપનાર મહાજ્ઞાની કૃષ્ણ, સુવર્ણ દ્વારિકાના દ્વારકાધીશ શ્રીકૃષ્ણ. પછી તો યાદવ પરિવાર–પુત્ર પ્રદ્યુમ્ન અને સકળ પુત્રો, પૌત્રોથી ભરપુર વિશાળ કુટુંબ, પ્રતાપી નારાયણી સૈન્ય (યાદવ સેના), સુવર્ણ દ્વારકા–રાજસૂય યજ્ઞ વખતે પ્રથમ પૂજનના અધિષ્ઠાતા, આખરની અવસ્થામાં કરુણતાના ઘેરાં વાદળાનાં આગામી ભણકારા, યોગી જીવન, મહાભારતના અઢાર અક્ષૌણી સૈન્યના આક્રંદ કરતા મૃતાત્માઓના અવાજ, છેલ્લે યાદવાસ્થળી અને પ્રલયનાં પૂર ફરી વળતાં સુવર્ણ દ્વારિકાનું સમુદ્રગમન, શૂન્યાવકાશ—શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ અને પાછું યાદ આવે છે પૂર્વ સ્મરણ એકસો પચ્ચીસ વર્ષના દીર્ઘ જીવનમાં પ્રાણપ્રિયા ગોલોકેશ્વરીનો સો વર્ષનો વસમો વિયોગ ! ગાંધારીનો મૂર્તિમંત શાપ—સર્વનાશ—પ્રલય—ગીતાની

અમૃત ગંગા વહાવી ભારતની ધરતીમાં આધ્યાત્મિક જીવનનાં અને સકળ શાસ્ત્રોનાં પૂર વહાવ્યાં...શ્રીકૃષ્ણ, ...બાલકૃષ્ણ, ગોપીજન વલ્લભશ્રીકૃષ્ણ, મદનમોહન, નંદકિશોર, શ્યામસુંદર બાલકૃષ્ણ પણ પછી તો દ્વારકાધીશ મહાન મુત્સદ્દીવીર પૂર્ણ યોગી પૂર્ણ પુરુષોત્તમ...ગોલોકાધિપતિ ! અનેક નામ–સ્વરૂપા હે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ ! તમારા ચરણકમળમાં ‘શરણં મમ’

શ્રી કૃષ્ણ તો સદા બ્રહ્મચારી છે.

વ્રજની ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણ સાથે રાત્રિ વ્યતીત કર્યા બાદ પ્રાતઃકાળે સર્વેશ્વર શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો કે, “મહારાજ, અમારા કલ્યાણને માટે કયા બ્રાહ્મણને ભોજન આપવું ઉત્તમ છે ?” શ્રીકૃષ્ણે કહ્યું, “મહર્ષિ દુર્વાસાને ભોજન આપવું ઉચિત છે.’, ત્યારે ગોપીઓએ ફરી પૂછયું, ‘‘મહર્ષિ દુર્વાસાનો આશ્રમ તો યમુનાને પેલે પાર છે. યમુનાના અગાધ જળ પાર કર્યા વિના કેવી રીતે જઈશું ?” તો શ્યામસુંદર કહે, “તમે યમુનાના તટ પર જઈને કહેજો; શ્રીકૃષ્ણ નામના પ્રસિદ્ધ અમારા શ્યામસુંદર પૂર્ણ બ્રહ્મચારી છે.” એટલું બોલશો એટલે યમુનાજી તમને જવા માટે માર્ગ કરી દેશે.”

ગોપીઓ તો ઘણા જ આશ્ચર્યમાં પડી ગઈ. આ કેવું ? શું શ્યામસુંદર પૂર્ણ બ્રહ્મચારી ? શ્રીકૃષ્ણ તેમના મનોભાવ સમજી ગયા. અને ગોપીઓને કહેવા લાગ્યા, “તમે સંશય ન કરો. હું તે છું કે મારાથી બધાની ઉન્નતિ થાય છે, હું તે છું કે, મારું સ્મરણ કરવાથી અપવિત્ર પણ પવિત્ર થઈ જાય છે, વ્રતહીન તો વ્રતધારી બની જાય છે, નિષ્કામ આત્મા સકામ (પરમ પ્રેમી) બની જાય છે. અને હું તે છું કે મારું સ્મરણ કરીને વેદજ્ઞાન વિનાનો પુરુષ પણ વેદજ્ઞ થઈ જાય છે. આ સાંભળીને વ્રજસુંદરીઓ મહાદેવના અંશભૂત દુર્વાસાનું સ્મરણ કરીને ત્યાંથી ચાલી. સૂર્યકન્યા યમુના મહારાણીએ માર્ગ આપ્યો અને મહર્ષિ દુર્વાસાના આશ્રમમાં જઈને વંદના કરી.

ગોપીઓએ મહર્ષિને દૂધ અને ઘીના બનાવેલા મીઠા અને પ્રિય પદાર્થ આપીને ગોપીઓએ સંતુષ્ટ કર્યા. પછી ગોપીઓને જવાની આજ્ઞા આપી. “પ્રભુ ! અમે યમુનાજીને કેવી રીતે પાર કરીને જઈશું ?” દુર્વાસાએ કહ્યું, ‘યમુનાજી પાસે જઈને બોલજો કે દુર્વાસા તો સદા નિરાહારી છે. યમુના તમને તરત માર્ગ કરી દેશે.”

મહર્ષિનાં આવાં વચન સાંભળીને શ્રેષ્ઠ ગાંધર્વી શ્રી રાધાએ દુર્વાસા મુનિને પૂછયું, “મુનિવર્ય, અમારી સાથે નિત્ય વિહાર કરવાવાળા શ્યામસુંદર શ્રીકૃષ્ણ કેવી રીતે બ્રહ્મચારી ? અને આપે તો અત્યારે અમારા હાથે મીઠાં પકવાન ખાધાં છે છતાંયે આપ કહો છો કે હું નિરાહારી છું. માત્ર દુર્વા જ ખાઉં છું.”

દુર્વાસાએ કહ્યું, “સાંભળો, જળ છે તે રસયુક્ત ગુણવાળું છે, પરંતુ પરમાત્મા તો રસ અને ગુણ એ બંનેથી ભિન્ન છે. છતાં તે જળમાં પરમાત્મા તો આત્મારૂપથી નિવાસ કરે છે. તે વિશુદ્ધ આત્મા હું છું, તેથી હું ભોક્તા કેવી રીતે હોઈ શકું ?”

એટલે હું તો આત્મારૂપે હોવાથી તદ્દન ભિન્ન છું. શ્રીકૃષ્ણ જે તમારા પ્રિયતમ છે, તે વ્યક્તિ અને સમષ્ટિના સ્થૂળ અને સૂક્ષ્મ બંને શરીરનાં કારણ છે, સદા સાથે રહેવાવાળા બે પક્ષીઓ એક જીવ છે અને બીજું આત્મા છે, તે બંને નિત્યના સાથી છે. જીવ તો પરમાત્માના અંશભૂત છે. તે ભોક્તા રહે છે. અને તેનાથી ભિન્ન આત્મા—સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ તો માત્ર સાક્ષીરૂપ છે, તે વિષયી કેવી રીતે હોઈ શકે ?” શ્રીકૃષ્ણનો જન્મ અને જરા આદિ શરીરના ધર્મોથી રહિત છે જે સૂર્યમંડળમાં રહે છે, ગાયોમાં રહે છે, ગાયોની રક્ષા કરે છે, જે ગોપબાળકોમાં છે. શ્રીકૃષ્ણ તમારા હૃદયમાં છે. સર્વત્ર શ્રીકૃષ્ણ વિરાજમાન છે. મહર્ષિ દુર્વાસાની વાણી સાંભળી રાધિકાજી અને ગોપીઓ વંદના કરીને યમુના પાર કરી શ્રીકૃષ્ણના ચરણમાં હર્ષાશ્રુ સાથે નમી પડી.

બાલકૃષ્ણનું મનોહર દર્શન

લક્ષ્મીસ્વરૂપા ગોપાંગનાઓ તથા રાધિકાજીના પ્રાણેશ્વર, રાધિકાના માનસમાં વિહાર કરવાવાળા

'રાજહંસ', અધરઉપર બંસરી રાખનાર, ગાયોના પાલક, કાલિન્દીના રમણીય તટ પર કાલિય નાગની ફણા પર ચંચલ ગતિથી અવિરામ **'લાસ્ય નૃત્ય'** કરનારા કાનમાં પહેરેલાં કુંડળો હાલતા અને ઝલમલ ઝલમલ પ્રકાશવંતા થનારા ગોપીઓના નિર્મેષ નેત્ર જેમના શ્રી અંગોમાં પ્રતિબિંબિત થઈને વિકસિત કમલપુષ્પોની માલા સદશ શોભા આપનાર, નૃત્યમાં સંગ્લન થઈને અતિશય શોભિત વ્રજવાસીઓની રક્ષા માટે હાથ પર ગોવર્ધન ધારણ કરનાર, પૂતનાના પ્રાણઘાતક, તૃણાવર્ત અસુરના પ્રાણના સંહારાક તથા જેમનું મનોહર શ્રી વિગ્રહ નેત્રો કમળની શોભા ધારણ કરે છે. કંઠમાં કમલપુષ્પોની માળા પહેરી છે, માથા પર મયૂરપિચ્છનો મુકુટ ધારણ કર્યો છે, એવાં ભગવાન બાલકૃષ્ણ તો શ્રી ભગવાન શંકરને પણ પ્રિય છે.

શ્રીકૃષ્ણનું પરબ્રહ્મત્વ

કૃષ્ણ શબ્દ તો પરબ્રહ્મવાચક છે. તેમાં 'कृष्' શબ્દ સત્તાવાચક છે, અને 'न' શબ્દ તો આનંદનો છે. તે બંનેની જ્યાં એકતા છે તે સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ **'કૃષ્ણ'** એ નામથી પ્રતિપાદિત થાય છે. અનાયાસ જે બધું કરી શકવાવાળા સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણને, વેદાંત દ્વારા જાણવાયોગ્ય, તથા બધાની બુદ્ધિના સાક્ષી તથા સંપૂર્ણ જગતના ગુરુ છે. "કૃષ્ણો વન્દે જગદ્‌ગુરુ:"

શ્રીકૃષ્ણ તો શ્રેષ્ઠ દેવતા છે. તેમના કૃષ્ણતત્ત્વને પૂર્ણ રીતે જાણી લેવાથી તે પૂર્ણત: જ્ઞાની બને છે, તે આવાગમનના ચક્રમાં ક્યાં કારણથી વિશ્વ ઉપર જન્મ-મરણ કરતું રહે ? શ્રીકૃષ્ણના જ્ઞાનથી તે આવાગમન ટળી જાય છે. પાપોનું અપહરણ કરવાવાળા 'શ્રીકૃષ્ણ' છે. ગૌ, ભૂમિ તથા વેદવાણીના જ્ઞાતા રૂપથી પ્રસિદ્ધ સર્વજ્ઞ 'ગોવિંદ', ગોપીજન – જીવસમુદાયની અવિદ્યા નિવારક, સ્વની જ અંતરંગ શકિતરૂપ વ્રજ-સુંદરીઓમાં સંપૂર્ણ વિદ્યાઓ અને ચોસઠ કલાઓનું જ્ઞાન ભરી દે. "ગોપીજન વલ્લભ તથા તેમની માયાશકિત 'સ્વાહા' તે બધાં જ પરબ્રહ્મરૂપ જ છે. આ રીતે શ્રીકૃષ્ણ નામથી પ્રસિદ્ધ પરબ્રહ્મનું જે ધ્યાન કરે છે. જપ આદિ દ્વારા, તેમના નામ–અમૃતનું રસાસ્વાદન કરે છે તથા તેમના ભજનમાં એકરૂપ રહે છે તે અમૃતસ્વરૂપ થાય છે. અર્થાત્ ભગવદ્‌ભાવને જ પ્રાપ્ત થઈ જાય છે.

શ્રીકૃષ્ણના પરિવારરૂપ દેવી–દેવતાઓનું અવતરણ

શ્રીકૃષ્ણે પૃથ્વી પર અવતાર ધારણ કરવાની ઈચ્છા થઈ ત્યારે દેવોએ વિનંતી કરી, "પ્રભુ, આપની સાથે અમને પૃથ્વીલોકમાં અવતાર ધારણ કરાવો જેથી આપના અંગસ્પર્શનો અવસર પ્રાપ્ત થાય.

ભગવાનનો પરમાનંદ અંશ નંદરાય, સાક્ષાત્ મૂર્તિદેવી યશોદા, માયાશકિત સત્ત્વ, રજ અને તમ સ્વરૂપે પ્રગટ થઈ, શ્રી રુદ્રદેવમાં સાત્ત્વિકી, બ્રહ્માજીમાં રાજસી અને દૈત્ય વર્ગમાં તામસી માયારૂપે પ્રગટી. બ્રહ્મવિદ્યામયી વૈષ્ણવી માયાદેવકી થયા, વેદ વસુદેવ થયા, વેદોના તાત્પર્યભૂત બ્રહ્મ જ બલરામ અને શ્રીકૃષ્ણરૂપે પૃથ્વી પર અવતીર્ણ થયા. વેદની ઋચાઓ વૃંદાવનની ગાયો તથા ગોપીઓના રૂપે પ્રગટ્યાં. બ્રહ્મા તો કૃષ્ણની લાકડીરૂપે અને રુદ્રવંશ શંકર બંસી બન્યા. દેવરાજ ઈંદ્ર શિંગડારૂપે અને ગોકુલ નામના વનના રૂપમાં સાક્ષાત્ વૈકુંઠ, વૃક્ષોના રૂપે તપસ્વી મહાત્માઓ, લોભ, ક્રોધ વગેરે દૈત્યરૂપે પ્રગટ્યાં.

શ્રીકૃષ્ણની માયાશકિત અનંતરૂપા છે. તેમની લીલા સમજવી કઠિન છે. શેષનાગ બળરામ બન્યા અને સનાતન બ્રહ્મ તે શ્રીકૃષ્ણ, સોળ હજાર એક સો આઠ રાણીઓ પણ વેદોની ઋચાઓ છે તથા ઉપ-નિષદ, વેદોની બ્રહ્મરૂપા ઋચાઓ તે ગોપીઓ. દ્વેષ ચાણુર મલ્લ, મત્સર તો દુર્જય મુષ્ટિક, દર્પ તો કુવલયાપીડ હાથી, ગર્વ તો આકાશમાં ફરનારો બકાસુર, મહાવ્યાધિ તે અઘાસુર, સાક્ષાત્ કલિ એ કંસ રાજાના રૂપે અવતાર લીધો હતો.

શ્રીકૃષ્ણનો મિત્ર સુદામો તે શમ, અક્રૂર તે સત્ય, ઉદ્ધવ તે દમ, શંખ તે સ્વયં વિષ્ણુ, સત્યભામા તે પૃથ્વીમાતા, ધર્મ તે ચામર, વાસુદેવ તે વૈજન્તીમાળા, મહેશ્વર તે અગ્નિસમાન અંગ, કશ્યપ. ભગવાન નંદજીના ઘરના ઉખલ, માતા આદિત્ય દોરડું, આકાશ તે છત્ર, વ્યાસ, વાલ્મીકિ વગેરે મહાત્માઓ શ્રીકૃષ્ણના હૃદય રૂપે. ગદા તે સાક્ષાત્ કાલિકા, શાર્ંગ ધનુષ્ય તે વૈષ્ણવી માયા, બાણ તે પ્રાણસંહારક કાલ, કમલ તે જગતનું બીજ, ભાંડીરવટ તે ગરુડ, નારદ મુનિ તે સુદામા, ભકિત તે વૃંદાવન, બુદ્ધિ તે ભગવાનની ક્રિયાશકિત, ગોપગોપી તે સૌ ભગવાનથી ભિન્ન નથી. અને શ્રીકૃષ્ણ તેમનાથી ભિન્ન નથી. શ્રીકૃષ્ણે વૈકુંઠ ધામને ભૂતલ પર વૃંદાવનરૂપે અવતીર્ણ કર્યું.

સંત, સાધુ, મહાત્માઓ, મુનિઓની રક્ષા માટે શ્રીકૃષ્ણ સમ્યક્‌રૂપે સ્થિત છે. સમસ્ત પ્રાણીઓ પર અહૈતુકી કૃપા કરવાને માટે તથા પોતાના આત્મજ-રૂપ ધર્મની રક્ષા કરવાને માટે શ્રીકૃષ્ણ પ્રગટ થયા. ભગવાન શિવજીએ તો શ્રીકૃષ્ણને અર્પિત કરવા માટે જે ચક્ર પ્રગટ કર્યું તે ચક્ર ભગવાન કૃષ્ણના હાથમાં સુશોભિત છે. તે સુદર્શન ચક્ર બ્રહ્મસ્વરૂપ છે.

"યમુના તીર વિહારી, વૃંદાવન સંસારી;
ગોવર્ધન–ગિરિધારી, ગોપાલકૃષ્ણ મુરારી."

(૩) કૃષ્ણપ્રિયા રાધા – આહ્‌લાદિની શક્તિરૂપા

ભગવાન વિષ્ણુના દશ અવતારમાં ભગવાન શ્રીકૃષ્ણનો આઠમો અવતાર ભારતીય સંસ્કૃતિમાં પરમોજ્જવળ અને ક્રાન્તદર્શી છે. શ્રીકૃષ્ણનું સ્મરણ થતાં જ 'રાધા'નું નામ માનસપટ પર કોતરાઈ જાય છે.

બાલકૃષ્ણ અને રાધાનાં નામ સાથે જ ભગવતી યમુના, યમુનાતટ, કુંજનિકુંજ, કદંબવૃક્ષ, ગોવર્ધન-ગિરિ જેવાં પ્રકૃતિતત્ત્વો સાથે વ્રજના વાછરડાં, ગાય, મોર, પોપટ–મેના, ઢેલ જેવાં પક્ષીઓ મા યશોદા, નંદબાબા, ગોપ, ગોપબાલકો, ગોપીઓ અને મુખ્ય ગોપી રાધાની કેલિ, અને શ્રીકૃષ્ણની વાંસળીના નાદ અને રાસલીલા સાથે બાલકૃષ્ણની બાલસહજ અનેક લીલાઓ પણ તાદૃશ્ય બને છે, પરંતુ આ સઘળી લીલાનું કેન્દ્ર તો કૃષ્ણપ્રિયા રાધા છે. રાધા સાથેનો બાલકૃષ્ણના પ્રેમ, સંવેદના, પ્રેરણા, સંચિત, કંપન, મૂર્છા, ભાવ, અને લાગણીઓની પરંપરામાં મૂર્તિમંત બને છે.

શ્રીકૃષ્ણનો જન્મ કારાવાસમાં, ત્યાંથી વસુદેવજી યમુના પસાર કરી મથુરાથી ગોકુળમાં પ્રિય મિત્ર નંદબાબાને ત્યાં આવીને યશોદામૈયાની કૂખમાં શ્રી કૃષ્ણની સોંપણી કરી વિદાય લે છે, ત્યાંથી શરૂ કરીને શ્રીકૃષ્ણનું બાળપણ, અને તેમના ૧૧ વર્ષ અને ૫૨ દિવસના વ્રજનિવાસ પર્યંતના વિવિધ બાલસહજ અલૌકિક પ્રસંગો પ્રત્યેક કવિઓએ કાવ્યો દ્વારા અને લેખકોએ લેખો દ્વારા નિરૂપણ કર્યાં છે. ભગવાન વેદ વ્યાસે શ્રીકૃષ્ણના જીવનને મહાપુરાણ 'શ્રીમદ્ ભાગવત'માં શ્રીકૃષ્ણના ભવ્ય જીવનને કંડારીને પ્રેમ, ભકિત, ઉપાસના, જ્ઞાન, યોગ વિવિધ પાસાંઓને ઉપસાવી મૂર્તિમંત કર્યાં છે. પરંતુ તે સર્વમાં રાધાનું સ્થાન અનેરું છે.

રાધા અવતારનું પ્રાગટ્ય

ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય પહેલાં જ રાધાનો પ્રાદુર્ભાવ આ પૃથ્વી પર થયો હતો. તે માટે વિવિધ વિચારો પ્રગટે છે. પરંતુ ગોકુળ – વૃંદાવન પાસે બરસાના ગામમાં વૃષભાણનાં પત્ની કીર્તિદાની કૂખે (કલાવતી) રાધાનો જન્મ થયો હતો. ગોલોકમાં શ્રીદામાંના શાપથી રાધાને પૃથ્વીલોકમાં અવતાર લેવો પડેલો તે પણ એક કથા છે. ત્યારબાદ છ-સાત વર્ષે શ્રીકૃષ્ણનો જન્મ થયેલો. આ બંને અવતારી દિવ્યાત્માઓ હતા. શ્રીકૃષ્ણ એટલે પૂર્ણ પુરુષોત્તમ અને રાધા એટલે તેમની આહ્‌લાદિની શકિત.

પુરાણ કથા : ભગવાન કૃષ્ણ અને મહાદેવી રાધા પરસ્પર વાતો કરતાં હતાં. "રામાવતારમાં સીતાનો ત્યાગ–વિરહ અનુપમ હતાં. સીતા સતી-શિરોમણિ બન્યાં." આ વાત રાધિકાએ સાંભળી

તે મૌન બન્યા. ચર્ચા ન કરી. આ પ્રસંગ ચર્ચાનો ન હતો. તેમણે માત્ર એટલું જ કહ્યું, "પ્રભુ ! ધરતી ઉપર આપ માનવ અવતાર લેશો અને મારો ત્યાગ કરશો ત્યારે આપ જાણી શકશો કે ત્યાગ કોનું નામ છે ?" આ પ્રસંગ નારદજીએ કથેલો છે. શ્રીકૃષ્ણનું પૃથ્વી પર અવતરણ થતાં પહેલાં જ રાધાનું અવતારકાર્ય શરૂ થયું. શ્રીકૃષ્ણનાં ૧૨૫ વર્ષના જીવનમાં રાધા સાથેના ૧૧ વર્ષ ૫૨ દિવસ સુધીના સાન્નિધ્ય પછીનાં સો વર્ષ ઉપરાંતનો સમય રાધા શ્રીકૃષ્ણના ચિરવિહરિણી રહીને પોતાનાં ત્યાગ, વિરહ, ને પ્રેમની ત્રિવેણી ગંગામાં શ્રીકૃષ્ણને પાવન કર્યા. આ છે રાધાનાં ત્યાગ, સમર્પણ અને પ્રેમલક્ષણા ભકિતના વૈશ્વિક જીવનનું આદર્શભૂત દષ્ટાંત.

શ્રીકૃષ્ણની વ્રજમાંથી વિદાય અને મથુરામાં પ્રવેશ. પછી રાધા કદાપિ શ્રીકૃષ્ણને મળ્યાં નથી. માત્ર યમુનાને પાર કરે તો શ્રીકૃષ્ણનું મિલન જરૂર કરી શકત. પણ ગોલોકની વાત તેમણે જીવન દ્વારા પ્રસ્થાપિત કરી બતાવી. રામસીતા તો જીવનમાં ચૌદ વર્ષ સુધી વિરહાવસ્થામાં રહ્યા હતા. તો શ્રીકૃષ્ણ અને રાધાની વિપ્રલંભ અવસ્થા સો વર્ષના સમય જેટલી દીર્ઘ હતી. આદર્શ સતીશિરોમણીપદ પ્રાપ્ત કરનાર ગોલોકેશ્વરી રાધાની પ્રબળ ઈચ્છાશકિતનું દર્શન કેવું ભવ્ય !

દેવર્ષિ નારદ દ્વારા કહેવાયેલી શ્રીકૃષ્ણ–રાધા અવતારની આ કથા કેટલી રહસ્યપૂર્ણ ને અર્થગંભીર છે. રાધા અને કૃષ્ણના પ્રથમ મિલનની વ્રજ-નિવાસની ઘટના પણ અજબ છે.

રાધાનું કૃષ્ણ સાથે પ્રથમ મિલન

પ્રસંગ એવો છે કે, ગોકુળની ગોપીઓએ શ્રીકૃષ્ણ વિરુદ્ધ તોફાનથી ફરિયાદ કરેલી તેથી મા યશોદાએ કૃષ્ણને દોરડીથી બાંધ્યા. પછી તે પોતાના ઘરકામમાં વ્યસ્ત બન્યાં. દરમિયાન શ્રીકૃષ્ણ ખસતા ખસતા બહાર નીકળી ગયા, તેમની ઈચ્છાવર્તી માયાથી કમલ–અર્જુનવૃક્ષને ઉખેડી નાખ્યાં અને શ્રમથી લોથપોથ થઈ ધૂળમાં ઢળી પડયા. તે વખતે ત્યાંથી પસાર થતી બે ગોપકન્યા એક લલિતા અને બીજી રાધાએ આ દશ્ય જોયું. પાસે ગઈ. રાધા ને લલિતાએ આ કૃષ્ણના શરીર પરની ધૂળ દૂર કરી, તેમના વાંકડિયા વાળને સાફ કર્યા. અને પોતાના કોમળ હાથથી સ્પર્શ કરીને તેમને ભાનમાં લાવ્યા. કૃષ્ણે આંખ ઉઘાડી. "મળી દષ્ટોદષ્ટ" બસ આ અદ્ભુત એવું પ્રથમ મિલન ! રાધા અને કૃષ્ણની દિવ્ય પ્રેમભાવનાએ વ્રજમાં અનેક સ્વરૂપ લીધાં.

રાધા અને કૃષ્ણનાં દિવ્ય લગ્ન

શ્રીકૃષ્ણનો અવતાર ધર્મની ગ્લાનિને દૂર કરવા 'ધર્મ સંસ્થાપનાર્થાય' માટેનો હતો. શ્રીકૃષ્ણ અને રાધાનું સાહચર્ય અખંડ રહે, પ્રેરણાત્મક બને તથા વિશ્વમાં પ્રેમલક્ષણા ભકિત પ્રગટે તે માટે બ્રહ્માજીએ વ્રજભૂમિના ભાંડેર વનમાં રાધાના પિતા બની અગ્નિની સાક્ષીએ રાધા અને કૃષ્ણનાં લગ્ન કરાવ્યાં. તે વખતે દેવોએ પુષ્પવૃષ્ટિ કરી અવતાર કાર્યને સફળ બનાવવા માટે આનંદોત્સવ કર્યો.

રાધા–કૃષ્ણના દૈહિક લગ્ન

શ્રીકૃષ્ણનાં લગ્નની માગણી વૃષભાણનાં પત્ની કીર્તિદા પાસે મા યશોદાએ મૂકી.

પરંતુ લગ્નની શરત કીર્તિદાએ એ મૂકી કે "મારી પાસે જે પાંચ મોતી છે તેવાં જ મોતીની માળા મારી પુત્રી રાધા માટે લાવો તો લગ્ન કરું !" આ પાંચ મોતી ખૂબ જ મોંઘાં અને અલૌકિક હતાં. જ્યાં એક મોતી પણ ન મળે ત્યાં માળાની તો વાત જ ક્યાં ? વાત અટકી. યશોદાના મુખ પરની નિરાશા જોઈને શ્રીકૃષ્ણે કહ્યું, "મા ! એ પાંચ મોતી લાવો. તેની ખેતી કરું અને અસંખ્ય મોતી પકવું." બાળસહજ વાત સાંભળી મા હસ્યાં. પણ રાધા અને કૃષ્ણનાં લગ્ન થયેલાં. એ સઘળી કથાઓ અત્રતત્ર છે. પરંતુ રાધાની ચૂંદડી અને કૃષ્ણના પીતાંબરને ગાંઠ મારીને ગોપીઓએ રાધા સાથે ઘણી વખત લગ્ન કરાવીને લગ્નોત્સવ ઊજવ્યા હતા.

હે ગોપીઓ તમને શ્યામસુંદર શ્રીકૃષ્ણે તો મહાન ભાગ્યશાળી બનાવી છે. શ્રી રાધાજી, તમે તો શ્રીકૃષ્ણ જે છ ઐશ્વર્યથી યુક્ત છે. ગોપ અને ગોપીઓથી સેવ્ય છે, વૃન્દાથી આરાધિત છે, અને વૃંદાવનનાં અધીશ્વર તેવા એ એક જ સર્વેશ્વર છે.

આ વૃંદાવન શું છે ?

આ પૃથ્વી પર જંબુદ્વીપ છે. તેમાં ભારતદેશ છે. તેમાં સાત પુરીઓ છે. (૧) અયોધ્યા, (૨) મથુરા, (૩) માયા (હરિદ્વાર), (૪) કાશી, (૫) કાંચી, (૬) અવન્તી (ઉજજૈન), (૭) દ્વારકાપુરી. તેમાં આ ગોપાલપુરી (મથુરા) તો ભગવાન શ્રીકૃષ્ણના ચક્ર દ્વારા સુરક્ષિત છે. તેમાં આ મહાવન છે. મધુદૈત્યના નામથી પ્રસિદ્ધ મધુવન છે. તાડના વૃક્ષોથી સુશોભિત તાલવન, કૃષ્ણનું કમનીય વિહારસ્થળ કામ્યવન (કામવન) બહુલાવન, કુમુદવન, ખદિરવન, બળભદ્રજી વિચરે છે તે ભદ્રવન, ભાંડીર નામના વટથી શોભતું ભાંડીરવન (જ્યાં બ્રહ્માજીએ કૃષ્ણ અને રાધાનાં લગ્ન કર્યાં હતાં.) શ્રીવન, લોહવન, વૃંદાદેવીથી સનાથ એવાં વૃંદાવનમાં બાર વનો છે તે બાર વનોથી ઘેરાયેલું ગોપાલમંડલ છે. ત્યાં શ્રીકૃષ્ણના પ્રેમથી ઉન્મત્ત થઈને દેવ, મનુષ્ય, ગંધર્વ, નાગ અને કિન્નર ગાય છે અને નૃત્ય કરે છે. તે બાર વનમાં બાર અદિત્ય (સૂર્ય), અગિયાર રુદ્ર, આઠ વસુ, સપ્તર્ષિઓ, બ્રહ્મા, નારદ, પાંચ ગણેશ, ચોવીશ શિવલિગો નિવાસ કરે છે એવા બે મુખ્ય વન કૃષ્ણવન અને ભદ્રવન છે, તેની વચ્ચે આ બાર વન રહેલાં છે. આવા દિવ્ય વનમાં હે ગોપીઓ તમે શ્યામસુંદર કૃષ્ણ સાથે રાસરમણા કરી રહ્યાં છો. કેવું મહાન ભાગ્ય !

રાધાનું પ્રાકૃતિક સૌંદર્યદર્શન

વૃષભાની પુત્રી રાધાનું અનુપમ સૌંદર્ય સૌને માટે આહ્લાદક હતું. તેમની મુખકાન્તિ સો સો શશિયર (ચંદ્ર) સમી સૌમ્ય અને તેજસ્વી હતી. શરીરના પ્રત્યેક અંગમાં સપ્રમાણતા અને સુકુમારતા હતી. પ્રત્યેકના હૃદયને સ્પર્શ કરે તેવી ભરી ભરી સુંદરતા હતી. પરંતુ જન્મ થયાં છ-સાત વર્ષ પર્યંત તેમણે એક દિવસ પણ આંખ ઉઘાડી ન હતી, તેથી માતા, પિતા દુ:ખી હતાં. તેમનો પુત્ર શ્રીદામા તો બાળકો સાથે રમતો હતો. એક દિવસ દેવર્ષિ નારદ દિવ્યાત્મા રાધાનો જન્મ થયો છે તેથી વ્રજમાં દર્શન કરવા આવ્યા અને શોધતાં શોધતાં વૃષભાનુને ત્યાં ગયા. ઋષિનું સન્માન કર્યું, અને વૃષભાનુએ પોતાની પુત્રીની કરુણ સ્થિતિની વાત કરી. નારદજીએ પુત્રી રાધાને પોતાના ખોળામાં લઈને શ્યામસુંદર અને ગોલોકેશ્વરીનું સ્મરણ કરીને વીણા પર સ્તુતિગાન કર્યાં. થોડી વારમાં જ રાધાનાં બંને નેત્ર કમળની જેમ ધીમે ધીમે ઊઘડયાં. જગદીશ્વરીનાં નિર્મળ કમળ સમા નેત્રોમાં પોતાનાં નેત્રો પરોવી વંદના કરીને અવતારકાર્યનું દર્શન કર્યું.

વ્રજમાં રાધા અને કૃષ્ણની લીલા

વ્રજમાં બાલક કૃષ્ણે અનેક લીલાઓ કરી. કેટલીક ઐશ્વર્યયુક્ત લીલાઓ પણ હતી. પૂતનાવધ, તૃણાવર્ત ઉદ્ધાર, યમલાર્જુન ઉદ્ધાર, કાલીયદમન, ગોવર્ધનધારણ, બ્રહ્મામોહખંડન, વગેરે પ્રસંગોમાં શ્યામસુંદર, ગોલોકેશ્વરનું રૂપ હતું. તેમાં મહાયોગમાયાની ઈચ્છાશકિત હતી. પરંતુ બાલકસહજ પ્રેમપ્રસંગો તો પાર્થિવ હતા તેમાં અવતાર કાર્યનું ગોપનીય તત્ત્વ હતું.

કૃષ્ણની મોહક અને અવર્ણનીય મેઘવરણી શ્યામલ મુખપ્રભા, માથે મુગટ અને મયુરપિચ્છની કલાત્મક કામણગારી કલગી, ઊભા રહેવાની ત્રિભંગ છટા સાહજિક કલારૂપે હતી પ્રવાલ સમાં હોઠ ઉપર બે હાથે પકડેલી વાંસળી અને અદ્ભુત વેણુવાદન રાધાના હૃદયમાં અવિરત ગુંજતાં હતાં. ઘેલી ગોપીઓ તો શ્રીકૃષ્ણની પાછળ પાગલ બની ઘૂમતી હતી. ઘરનાં કામકાજ, ગાયો દોહવી, દધિમંથન કરવું વગેરે ક્રિયાઓ તો યંત્રવત્ થતી હતી. ચિત્તમાં તો કાનુડાની છબી કોતરાઈ ગઈ હતી, પરંતુ એ સૌ ગોપીઓમાં કેન્દ્ર સ્થાને તો રાધા હતાં. રાધાનું રટણ એ કૃષ્ણનો શ્વાસ હતો; અને એ શ્વાસોચ્છ્વાસમાં પ્રાણવાયુ સમા હતાં **રાસલીલાનો વસતોત્સવ અને રાધા.**

એક વખત ગોવર્ધન પર કનૈયાએ મહારાસ યોજ્યો. વસંતઋતુની કૃષ્ણ પક્ષની અષ્ટમીનો દિવસ હતો. કૃષ્ણે વાંસળી વગાડી અને ઘેલી ગોપીઓ તો ટોળે વળી જઈને કૃષ્ણની વાંસળીના તાલે તાલે ઝૂમવા લાગી. મધ્યમાં રાધા ચંદ્રિકા સમાન શોભતાં હતાં. સૌ ગોપીઓ રાસ ઘૂમવા લાગી ત્યારે કૃષ્ણે રાધાના કાનમાં ગુપસુપ કહ્યું, "ચાલો પ્રેમકુંજમાં જઈએ." ગોપીઓ તો રાસઘૂમણમાં એકાકાર હતી. દેહનું ભાન ન હતું. ત્યાં કૃષ્ણ પ્રેમકુંજમાં ચાલ્યા ગયા. રાધા સાથે ઐકાંતિક રાસરમણ કર્યું. રાધા અને કૃષ્ણના પ્રેમની વાતો તો વ્રજમાં ઘેર ઘેર થવા લાગી. મા યશોદા પાસે પણ આ ફરિયાદો આવી, પરંતુ કૃષ્ણની વ્રજભૂમિની લીલા તો રાધાને કૃષ્ણની મહા દશા હતી.

કૃષ્ણ અને રાધાનો દિવ્ય પ્રેમ

કૃષ્ણ અને રાધા ભલે સો વર્ષ પર્યંત વિયોગી દશામાં રહ્યાં પરંતુ કૃષ્ણનો ભાવ તો હૃદયમાં પળપળ પ્રગટેલો રહેતો હતો. ત્યારે તેમનું નામ **'રાધિકા'** રહેતું હતું. રાધાનો ભાવ અનિમેષ કૃષ્ણમય રહેતો હતો ત્યારે તેમને **'રાધા'** નામથી સંબોધવામાં આવતું. ભકતજન 'રા' શબ્દોચ્ચાર કરે તો શ્રીકૃષ્ણમાં તેમની ભકિત પ્રગટે છે. પરંતુ 'ધા' શબ્દ બોલે છે ત્યાં તો શ્રીકૃષ્ણ સાક્ષાત્ ઉપસ્થિત થાય છે. 'રાધા' શબ્દમાં તેમની પ્રેમધારા અસ્ખલિત વહે છે. કૃષ્ણના નામ સાથે જ રાધાના રોમરોમમાં કૃષ્ણ મહાભાવ પ્રગટે છે. પરસ્પરના એકાત્મભાવમાં દેવો પણ ધ્યાનમગ્ન દશામાં સદાકાળ રહે છે. આ કલિયુગમાં રાધાભાવનો મહિમા અનેકગણો છે. રાસલીલાનાં રહસ્યો સમજો અને રાસલીલામાં તન, મન અને સર્વ શકિતઓ સમર્પણ કરો; તેમાં છે રાધા અને કૃષ્ણ પ્રત્યેની માધુર્ય ભકિત, પ્રેમલક્ષણા ભકિત. રાધા-કૃષ્ણને પામવા રાધા જેવો ગોપીભાવ પ્રગટાવો. આ ગોપીભાવ પામવો એ અગ્નિપરીક્ષા જેવો આકરો છે. તમારા મનમાં સોયની અણી જેટલો પણ વિકાર હોય, તૃષ્ણા હોય, ષડ્‌રિપુ હોય, ત્યાં સુધી ગોપીભાવ ઉત્પન્ન ન થાય. ચિત્તપ્રદેશમાં નિર્મળતા હોય, દૃષ્ટિ નિર્વિકાર હોય, મનમાં કૃષ્ણરાધાનું રટણ હોય, અને સર્વાત્મભાવ સાથે અનન્ય પ્રેમલક્ષણાભકિત પ્રગટે ત્યારે ગોપીમહાભાવ પ્રગટે અને ગોલોકેશ્વરી, શ્યામસુંદરપ્રિયા, શ્રી રાધાનું દિવ્ય દર્શન પ્રાપ્ત થાય. કવિ કહે છે,

"રાધા શકિત બિના ન કોઈ, શ્યામલ દર્શન પાવે" ગોલોકેશ્વરને પામવા પ્રથમ તો ગોલોકેશ્વરી મહાભાગા રાધાની પ્રીતિ પ્રાપ્ત કરવી જોઈએ. સાંભળો કૃષ્ણની વાણી. "ભૌતિક સ્વરૂપે આ કૃષ્ણાવતારમાં રાધા મારી સાથે જ રહી છે પણ રાધિકા તો અનંત કાળથી મારી સાથે રહેતી આવી છો."

કૃષ્ણ-રાધા અને મહારાણી યમુના

શ્રીકૃષ્ણ અને રાધાના બાલ્યજીવનની પ્રત્યેક ક્રિયાના સાક્ષીભૂતા છે સૂર્યપુત્રી અને યમુનાબહેન મહારાણી યમુના તો શ્રીકૃષ્ણનાં અંતરંગભૂતા છે. યમુનાના કિનારા પર શ્રીકૃષ્ણે પોતાની દિવ્યાતિદિવ્ય અને પાર્થિવ પ્રેમભૂત અનેક લીલાઓ કરી છે. યમુનાના તટ પર શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે રાસલીલાઓ કરી. યમુનાતટ પર પ્રેમકુંજ—નિકુંજમાં ગુપ્ત સ્થળે રાધા અને કૃષ્ણનાં મોંઘાં મિલન થયાં, પ્રેમ અને કલહ, ઉત્કટ પ્રેમને વિરહવેદના, દિવ્ય પ્રેમ અને મિલન, આ સૌ દ્વંદ્વ મનોભાવો તથા દશ્ય ચિત્રો કૃષ્ણ ને રાધાનાં છે તેનાં યમુના પ્રત્યક્ષરૂપે સાક્ષી છે. કૃષ્ણપ્રિયા યમુના મહારાણીએ તો શ્રીકૃષ્ણનો શ્યામવરણો રંગ પીધો અને સ્વયં શ્યામવરણા જળથી વિભૂષિત બન્યાં. શ્રી કૃષ્ણપ્રિયા યમુનાને તો કૃષ્ણે વ્રજથી વિદાય થતી વખતે પ્રિય રાધાની રક્ષાની જવાબદારી સોંપી હતી તે કેમ ભુલાય ? રાધાએ કૃષ્ણના વિરહાગ્નિથી બચવા યમુનાના જળમાં જ્યારે કૂદી પડે છે ત્યારે યમુના દેવીએ પોતાના બે હાથથી રાધાને ઝીલી ગોલોકમાં ચતુર્ભુજ વિષ્ણુ પાસે લઈ ગયા પણ દ્વિભુજ કૃષ્ણ વગર રાધા તે સ્વરૂપથી અલગ પડે છે. યમુના પુન: રાધાને વ્રજમાં લાવે છે. અરે કૃષ્ણજન્મ વખતે યમુનાએ વસુદેવને મદદ કરીને ગોકુળમાં મોકલી આપવા મદદ ક્યાં કરી ન હતી ? શ્રીકૃષ્ણ જેવાં શ્યામવરણાં જળને વહાવતી મોક્ષદાયિની મહારાણી યમુના તો શ્રીકૃષ્ણની અંગભૂતા મહાશકિત સ્વરૂપે ભારતભૂમિમાં અખંડ વહી રહ્યાં છે. કૃષ્ણ બંસીના નાદને તાનમાં તેણે શું જળ થંભાવ્યાં ન હતાં ?

ઉદ્ધવ – રાધા મિલનનું માહાત્મ્ય

શ્રીકૃષ્ણે જ્ઞાનમાર્ગી સખા ઉદ્ધવને રાધાના વિરહને શાંત કરવા માટે વ્રજમાં મોકલ્યા હતા. તે પ્રસંગ અત્યંત મહત્ત્વનો છે. જ્ઞાનીભકત ઉદ્ધવમાં ભર્યું ભર્યું આધ્યાત્મિક જ્ઞાન છે. જ્ઞાનના અહંકારે તે એકમાર્ગી બન્યા હતા. તે વૃંદાવનમાં આવ્યા: ગોપીઓને મળ્યા અને પોતાનું જ્ઞાન ગોપીઓને આપવા માંડ્યું. ત્યારે ગોપીઓ અકળાઈ ગઈ ને કહ્યું, 'તમે શું અમારી વેદના કૃષ્ણ દર્શન વગર દૂર કરાવી શકશો ?' પ્રત્યક્ષ તો શ્રીકૃષ્ણ છે. તેમની આવી પ્રેમલક્ષણા ભકિતની વાતોથી ઉદ્ધવ અકળાઈ ગયા અને ગોપીઓના પ્રેમભાવમાં તે છ માસ પર્યંત વ્રજમાં—નંદગ્રામમાં રહ્યા. રાધાને મળવા ઉદ્ધવ જાય છે ત્યારે ગોપીઓએ કહ્યું, "તમે રાધા પાસે જ્ઞાનની એક પણ વાર્તા ન કહો તો એ શરતે તમને રાધાનું મિલન કરાવીએ." શરત મંજૂર કરી અને ઉદ્ધવ રાધા પાસે જાય છે. રાધા પાસે જઈને કૃષ્ણના વિરહની વાત કરે છે ત્યારે રાધા કહે છે, "અરે ! તમે મને આ કોનો સંદેશો આપો છો ? મારા પ્રિયતમ શ્યામસુંદર તો મારી સામે જ ઊભા છે. તે મને છોડીને શી રીતે જઈ શકે ? તેમણે મને છોડી હોત તો આ પ્રાણ કેવી રીતે ટકી શકયા હોત ? અમારા દેહ ભિન્ન છે પણ બંનેના પ્રાણ તો એકમાં જ સમાઈ ગયા છે." ઉદ્ધવજીનું જ્ઞાન શ્યામસુંદરની લીલામાં ક્યાંય છુપાઈ ગયું. પ્રેમલક્ષણા ભકિતમાં જ્ઞાન ઓગળી ગયું.

વ્રજરજનો મહિમા તો જુઓ !

શ્રીકૃષ્ણની શિરોવેદના અસહ્ય હતી. તેથી વૈદ્યો આવ્યા ને ગયા. કોઈ દવા કામ ન આવી. કૃષ્ણનું માથું ત્યારે જ દુ:ખતું મટે કે જે સ્ત્રી અથવા પુરુષની ચરણરજ પવિત્ર હોય. તેની રજથી આ દુ:ખ મટે. છેલ્લે રાધાજીએ પોતાની ચૂંદડી ફાડી તે કટકામાં પોતાનાં ચરણની રજ ભરી દીધી અને એ રજ જ્યારે શ્રીકૃષ્ણના માથા પર મૂકી કે તરત જ ભયંકર શિરોવેદના દૂર થઈ. જે ચૂંદડી સાથે શ્યામસુંદરની છેડાછેડી ગોપીઓએ બાંધી હતી, જે ચૂંદડીએ શ્યામારાધાનાં વક્ષ:સ્થળને ચોટેલું જે કેસર પાવનકારી હતું અને જે ચૂંદડીમાં શ્રીકૃષ્ણના પ્રેમવિરહ વખતે વહેતાં આંસુનાં કાજળ પ્રવાહી બનીને ભીંજયેલી આંખોને ચૂંદડીથી લૂછતાં, જેમાં કાજળનાં ડાઘ પણ છે તે ચૂંદડીના કટકામાં શ્રી રાધાના જ હાથથી વ્રજભૂમિની રજ તે ચૂંદડીના કટકામાં ભરીને તે રજ જ્યારે કૃષ્ણે માથે ચડાવી કે તરત જ દર્દ મટી ગયું. આ છે વ્રજરજમાં રહેલી દિવ્ય મહત્તા. જ્યાં કૃષ્ણનાં અને રાધાનાં ચરણ ફર્યાં છે, તે વ્રજની ભૂમિની રજેરજમાં ગોપીભાવ છે, તેમાં પ્રેમસંજીવની છે. બંનેનાં પ્રેમભૂતા દિવ્ય તેજ છે. વ્રજની રજરજમાં શ્રીકૃષ્ણરાધાનાં મંગલ દર્શન છે. રાધાના જીવનની દીર્ઘ સમયની આ વ્રજભૂમિમાં "રાધે...રાધે"નો અગમ્ય અને અકલિત નાદ સંભળાય છે. ધન્ય વ્રજભૂમિની પાવનકારી વ્રજરજ !

રાધા તો ઈચ્છાશક્તિરૂપે રહેલાં મહાયોગ માયા છે. માનવદેહરૂપે તે વ્રજમાં રાધા નામથી કૃષ્ણની લીલામાં અંગભૂતા બન્યાં, કૃષ્ણનો સો વર્ષ પર્યંતનો વિરહ સેવ્યો એક પળ પણ એવી નથી ગઈ કે તે શ્રીકૃષ્ણનાં સ્મરણ સિવાય રહ્યાં હોય. અંતરમાં શ્યામસુંદર, નંદનંદન, યશોદાનંદ, બાંકેબિહારી, ગોલોકેશ્વર શ્રીકૃષ્ણનાં રટણ ને દર્શનથી હૃદયેશ્વરી સદોદિત વિદ્યમાન છે. વૈશ્વિક સંદર્ભે આવી મહાન ઓજસ્વિની શકિતનું દર્શન અલૌકિક અને દિવ્ય છે.

રાધા અને કૃષ્ણ, માધવ માધુર્યનાં સારગર્ભિત રહસ્યમય નામરૂપી શબ્દબ્રહ્મમાં વ્રજવિહારી શ્રીકૃષ્ણની પ્રેમાંગના રાધા વ્રજરાણી આપણા સૌનાં જીવનામાં દિવ્ય પ્રેમાનુભૂતિ પ્રગટાવો.

રાધિકા તો શ્રીકૃષ્ણની દિવ્ય શક્તિ છે

રાધિકા તો સઘળા દેવતાઓમાં તથા સમસ્ત પ્રાણીઓમાં તે શકિતસ્વરૂપે છે, જેને શ્રુતિઓ પણ વંદન કરે છે. પંચભૂત ઈન્દ્રિયો વગેરેમાં શ્રી રાધિકાજી ની પ્રેરણાથી કંપન (ચેષ્ટા) થાય છે. તેથી તે હસે છે,

બોલે છે, નાચે છે. બધાનાં અધિષ્ઠાતા તો રાધિકાજી છે. જેમના દિવ્ય શરીરની કાંતિથી (જેનાં યોગમાયા રૂપના આશ્રયથી) ઈન્દ્ર નીલમણિ સમાન વર્ણવાળા દેવાધિદેવ કૃષ્ણચંદ્રનું શરીર પણ ગૌરવર્ણું જોવામાં આવે છે. જેમના તેજથી તો ભમરાઓ, કાગડા અને કોયલો પણ રાસમંડલમાં ગૌરવર્ણ (સત્ત્વગુણી) અને ભકિતયુક્ત થઈ જાય છે. આવાં વિશ્વપાલિકા શ્રી રાધિકાજી શ્રીકૃષ્ણનાં અંગભૂતા છે.

રાધિકા તો પરબ્રહ્મની અભિન્ન શકિત છે. તેનું પ્રતિપાદન તો શ્રુતિઓ, સાંખ્ય, યોગશાસ્ત્ર તથા ઉપનિષદો કરે છે. ત્રિભુવનમોહન શ્રી કૃષ્ણચંદ્ર તો જેમને પ્રાણથી પણ અધિક પ્રિય માને છે. વૃંદાવનમાં સ્થિત, શ્રુતિઓ-ઈષ્ટ આરાધ્યદેવી તો વૃંદાવનની દેવી રાધિકા છે.

વિશ્વકર્તા શ્રી કૃષ્ણચન્દ્ર એકાન્તમાં અત્યંત પ્રેમાર્દ્ર થઈને જેમનાં પગની રજ (ધૂળ) પોતાના મસ્તક પર ધારણ કરે છે અને જેમના પ્રેમમાં નિમગ્ન થઈને હાથમાંથી સરકી પડેલી બંસરી અને વિખરાયેલી લટોનું પણ જેમને સ્મરણ રહેતું નથી તેવા શ્રીકૃષ્ણ તો રાધિકાજીના સંપૂર્ણ વશમાં રહે છે.

રાસમંડળમાં જેમની રાસક્રીડા જોઈને ચંદ્રમા, વિવસ્ત્રા–દેવપત્નીઓને પોતાનાં શરીરનું ભાન પણ રહેતું નથી. શ્રી વૃંદાવનના સમસ્ત જડ અને ચેતન, સ્થાવર અને જંગમ પણ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. એવા રાસમંડળમાં ભાવાવેશયુક્ત રાધિકાજી તો મહાશકિત છે.

શ્રીકૃષ્ણ તો રાધિકાના ખોળામાં માથું મૂકીને સૂએ છે ત્યારે તેમના શાશ્વત વિહારસ્થાન ગોલોકનું સ્મરણ પણ કરતા નથી. કમલા અને પાર્વતીજી તો તેમના અંશરૂપા છે. આવી સમસ્ત શકિતઓના અધિષ્ઠાત્રી રાધાજી છે. તે લલિતા વગેરે સખીઓની સાથે ઋષભ, ગાંધાર આદિ સ્વરોમાં તાર, મધ્ય અને મન્દ્રમાં તથા સ્વરના આરોહ–અવરોહમાં ગાય છે અને પ્રેમવશ બનીને રાસક્રીડાના સમયમાં વૃંદાવનમાં એક માત્ર પોતાની જ શકિતથી બ્રાહ્મીનિશા એટલે કે એક માસ પર્યંત લાંબી રાતનો વિસ્તાર કર્યો, પ્રાદુર્ભાવ કર્યો છે. એવાં મહાભાવરૂપા રાધિકામાં મહાયોગ શકિત છે.

તે કેટલીક વખત બે હાથવાળા શ્રીકૃષ્ણની જેમ વેશપરિધાનવાળી મૂર્તિ બનીને સ્વયં બે ભુજાવાળા શ્રીકૃષ્ણનો વેશ ધારણ કરીને બંસરીનાં છિદ્રોને શ્રી રાધાજીએ સ્વરથી ભરી દીધા અને વેણુવાદનનો પ્રયોગ કર્યો અને ગાયન વગરનો ધ્વનિ પ્રસારિત કરવાનો પ્રયત્ન કર્યો. તેથી ઘણા જ ઉલ્લાસમાં આવીને દેવાધિદેવ શ્રીકૃષ્ણચંદ્રે કલ્પવૃક્ષનાં પુષ્પોની માળા બનાવીને તેમને પહેરાવી વિશિષ્ટ શૃંગાર કર્યો.

જેમનું ઉપનિષદો અને શ્રુતિઓએ વર્ણન કર્યું છે તેવાં શ્રી રાધિકાજી અને શ્રીકૃષ્ણચન્દ્ર વસ્તુતઃ એક જ શરીર છે. પરસ્પર અભિન્ન છે. કેવળ લીલા કરવા માટે તે બે સ્વરૂપોમાં વ્યકત થયાં છે. તેથી જે લીલાને માટે પરમ રસસિંધુના શ્રી વિગ્રહ બે રૂપમાં શોભિત થયાં. આવાં રાધિકાજીના ગૌરવને વસિષ્ઠજી અને મધુરભાષી બૃહસ્પતિજીએ ગાયાં છે. પ્રણવ સ્વરૂપ શ્રી કૃષ્ણચંદ્રને અને આદ્યા પરમપાલિકા શકિતરૂપા શ્રી રાધિકાજીને નમસ્કાર!

રાધાનું સ્વરૂપ–નામ દર્શન

ભગવાન કૃષ્ણ જ પરમ દેવ છે. તે છ ઐશ્વર્યથી પૂર્ણ, ગોપ અને ગોપીઓથી સેવ્ય, વૃન્દા (તુલસી) દેવીથી આરાધિત અને વૃંદાવનના અધીશ્વર છે, તે જ એકમાત્ર સર્વેશ્વર છે. તે કૃષ્ણ તો પ્રકૃતિથી પણ પુરાતન છે, નિત્ય છે.

આહ્‌લાદિની મુખ્ય શકિત છે.

સન્ધિની, જ્ઞાન, ઈચ્છા અને ક્રિયા વગેરે ઘણી અન્ય શકિત છે. તેમાં આહ્‌લાદિની મુખ્ય શકિત છે. તે જ પરમ શકિતઓ અંતરંગભૂતા શ્રી રાધા છે. કૃષ્ણ એમની આરાધના કરે છે. તેથી તે **'રાધા'** છે. અથવા તે રાધા સદા કૃષ્ણની આરાધના કરે છે. તેથી તે **'રાધિકા'** કહેવાય છે. શ્રી રાધાને 'ગાંધર્વી' પણ કહે છે. વ્રજની ગોપાંગનાઓ, દ્વારકાની સમસ્ત શ્રીકૃષ્ણની મહારાણીઓ અને શ્રી લક્ષ્મીજી તે રાધિકાજીનાં અંશરૂપા છે. શ્રીકૃષ્ણ અને રાધા રસસાગર રૂપ એક હોવા છતાં શરીરની ક્રીડાને માટે બે થઈ ગયાં છે. એ રાધિકા ભગવાન શ્રીકૃષ્ણની સર્વેશ્વરી અને સંપૂર્ણ સનાતની વિદ્યા છે તથા શ્રીકૃષ્ણના પ્રાણોની અધિષ્ઠાત્રી દેવી છે. વેદ પણ એકાન્તનાં તેમની જ સ્તુતિ કર્યા કરે છે. તેમના મહિમાનું સંપૂર્ણ આયુષ્યમાં પણ હું વર્ણન કરી શકતો નથી. જેના પર એમની કૃપા થાય છે તેના હાથમાં પરમધામ આવી જાય છે. તે રાધિકાજીને નહિ જાણનાર માત્ર શ્રીકૃષ્ણની આરાધના કરનાર મૂઢતમ અને અજ્ઞાની છે.

શ્રુતિઓએ ગાયેલાં રાધાનાં નામ

વેદ નિત્ય રાધાનાં અન્ય નામોનાં ગાન કરે છે.

૧–રાધા, ૨–રાસેશ્વરી, ૩–રમ્યા, ૪–કૃષ્ણ–મંત્રાદિદેવતા, ૫–સર્વાદ્યા, ૬–સર્વવન્દ્યા, ૭–વૃંદાવન વિહારિણી, ૮–વૃન્દારાધ્યા, ૯–રમા, ૧૦-અંશેષ ગોપીમંડલપૂજિતા, ૧૧–સત્યા, ૧૨–સત્યપરા, ૧૩–સત્યભામા, ૧૪–શ્રીકૃષ્ણવલ્લભા, ૧૫–વૃષભાનુસુતા, ૧૬–ગોપી, ૧૭–મૂલપ્રકૃતિ, ૧૮–ઈશ્વરી, ૧૯–ગાન્ધર્વા, ૨૦–રાધિકા, ૨૧–આરમ્યા, ૨૨–રુકિમણી, થ૩–પરમેશ્વરી, ૨૪–પરાત્પરતરા, ૨૫–પૂર્ણા, ૨૬–પૂર્ણચન્દ્રનિભાનના, ૨૭–મુકિતપ્રદા તથા ૨૮–ભવવ્યાધિવિનાશિની. આ પ્રમાણે અઠ્ઠાવીસ નામનો જે પાઠ કરે છે તે સર્વે જીવનમુક્ત થઈ જાય છે. આ ગાન બ્રહ્માજીએ ગાયાં છે.

રાધા રાસેશ્વરી રમ્યા, કૃષ્ણયંત્રાધિદેવતા ।
સર્વથા સર્વવન્દ્યા ચ વૃન્દાવનવિહારણી ॥
વૃન્દારાધ્યા રમાશેષ ગોપીમંડલપૂજિતા ।
સત્યા સત્યપરા સત્યભામા શ્રી કૃષ્ણવલ્લભા ॥

રાધાજીની બીજી શકિત 'સંધિની' છે. તે સંધિની શકિત ધામ, ભૂષણ, શય્યા અને આસન વગેરે તથા મિત્ર અને ભૃત્યાદિક રૂપમાં પરિણીત થાય છે. અને તે મૃત્યુલોકમાં અવતાર લેવાના સમયે માતા–પિતાના રૂપમાં પ્રગટ થાય છે. તે અનેક અવતારોનાં કારણરૂપ છે. તેવી રીતે 'જ્ઞાનશકિત'ને પણ ક્ષેત્રજ્ઞશકિત કહે છે અને ઈચ્છાશકિતની અંદર માયાશકિત છે. એ સત્ત્વ, રજ અને તમોગુણરૂપા છે તથા તે બહિરંગ અને જડ છે. તે જડ હોવાના કારણે ભગવાન કૃષ્ણની દષ્ટિ પડવાથી એ અનંતકોટિ બ્રહ્માંડોની રચના કરે છે, તથા એ માયા અને અવિદ્યારૂપથી જીવનું બંધન કરે છે. ક્રિયાશકિતને જ 'લીલાશકિત' કહે છે.

વૃષભાનુસુતા ગોપી, મૂલપ્રકૃતિરીશ્વરી ।
ગાન્ધર્વા રાધિકાઽરમ્યા, રુકિમણી પરમેશ્વરી ॥
પરાત્પરતરા પૂર્ણા પૂર્ણચન્દ્રનિભાનના,,
ભુકિતમુકિતપ્રદા નિત્યં, ભવવ્યાધિ વિનાશિની ॥

શ્રી રાધા અને કૃષ્ણના જે જે પ્રિય પાત્ર થાય છે અને જ્યાં સુધી દષ્ટિપાત કરે છે ત્યાં સુધી તે બધાંને પવિત્ર કરી દે છે અને શ્રીકૃષ્ણ તો નિત્યના નિત્ય છે. ચેતનમાં પર પરમ ચેતન છે. સર્વ કામના પૂર્ણ કરે છે. તેમના ધીરભકતો જો પ્રેમથી ભજે છે તો તેમને સનાતન સુખ મળે છે, એવા શ્રીકૃષ્ણ અને રાધાનું જે સર્વથા સ્તવન કરે છે. તેમને સનાતન સિદ્ધિ મળે છે.

(૪) માધુર્યનું રસાસ્વાદન

[મહાભારતની મહાન વિભૂતિઓમાં શ્રીકૃષ્ણચંદ્રનાં દિવ્ય દર્શન]

વર્ષાના વાદળ જેવા શ્યામવર્ણા, પીળાં રેશમી પીતાંબર તેમણે ધારણ કરેલાં છે, શ્રીવત્સનું લાંચ્છન જેમના વક્ષ–સ્થલમાં શોભી રહ્યું છે, કૌસ્તુભમણિથી જેમની ગ્રીવા શોભી રહી છે, પુણ્યશાળી જે ભગવાનનાં નેત્રકમલના જેવાં સુંદર અને દીર્ઘ છે એવા સર્વ લોકમાત્રના એક જ નાથ ભગવાન નારાયણને અમે નમસ્કાર કરીએ છીએ.

— શ્રી યુધિષ્ઠિર

જે વખતે ચલાચલ સમાન સમત્વ પૃથ્વી મહાસાગરમાં ડૂબી ગયેલી હતી, તે વખતે અખિલ વિશ્વમૂર્તિ સ્વરૂપ ભગવાન વરાહસ્વરૂપ ધારણ કરીને પોતાના દાંતના અગ્રભાગ ઉપર પૃથ્વીમાતાને ધારણ કરીને ઉપર લાવ્યા, તે સ્વયંભૂ ભગવાન આપણા ઉપર પ્રસન્ન થાઓ.

— ભીમસેન

જે પરમાત્મા અચિન્ત્ય છે, અનન્ત છે, અવ્યય છે, વિભુ છે, જેમણે પોતાની ભાવનાથી અખિલ વિશ્વ ઉત્પન્ન કર્યું છે, જેઓ ત્રૈલોક્ય વિસ્તારના વિચારક છે, જે મહાત્માઓની ગતિરૂપ છે તે ભગવાન નારાયણ હરિને શરણે જાઉં છું.

— અર્જુન

કાલના પાસ વડે બંધાઈને મારું ગમન ભલે અધ:પાતાલાદિ લોકમાં થાઓ, કુલહીન એવા પક્ષી શરીરમાં મારો જન્મ થાઓ, મારા અન્તરાત્માને જીવનો જન્મ ગમે તેવા કીડાઓમાં થાઓ, પણ હે નારાયણ! હે નાથ! મારા હૃદયમાં ભગવાન કેશવ પ્રત્યે અખંડિત ભક્તિ રહો, એમ હું સદૈવ ઈચ્છા રાખું છું.

— શ્રી નકુલ

યજ્ઞનારાયણ વરાહ ભગવાન કે જેમના તેજ તથા પ્રભાવ અતુલનીય છે તેમને નારાયણને જે લોકો પ્રણામ કરે છે તે નમસ્કાર કરવાવાળાને હું નમસ્કાર કરતા રહું છું.

— સહદેવ

ભગવાન કૃષ્ણમાં જે લોકો સદા રત રહે છે, ભગવાન કૃષ્ણને હંમેશાં યાદ કરે છે, રાત્રીમાં પણ કૃષ્ણ પ્રભાતકાળે ઊઠીને પણ કૃષ્ણને યાદ કરતાં હોય છે, તે લોકો જેમ મંત્રો વડે ભગવાન યજ્ઞનારાયણમાં હોમાયેલું દ્રવ્ય ભગવાન યજ્ઞનારાયણને પ્રાપ્ત થાય છે, તેમ શરીર છૂટ્યા પછી ભગવાન કૃષ્ણમાં સાયુજ્ય મુક્તિને પ્રાપ્ત થાય છે.

— માદ્રિ

મારા કર્મના પરિપાકરૂપે પરિણામરૂપે જે યોનિમાં–શરીરમાં હું જન્મું ત્યાં ત્યાં હે હૃષીકેશ ભગવાન! તમામ વિષે મારી ભક્તિ દૃઢ રહો.

— કુંતી

મારો જન્મ કીડામાં, પક્ષીમાં, જનાવરોમાં, કાનખજૂરાદિ, સર્પાદિ પેટે ચાલનારાં પ્રાણીઓમાં, રાક્ષસશરીરમાં, માનવશરીરમાં ઈત્યાદિ શરીરોમાં ગમે ત્યાં થાઓ, પણ હે કેશવ! તે તે શરીરોમાં તમારી કૃપા વડે તમારામાં જ મારી ભક્તિ અચલ અને અવ્યભિચારિણી રહો.

— દ્રુપદ

દશ અશ્વમેધ યજ્ઞના અવભૃથ સ્નાનના ફળ કરતાં પણ એક વાર શ્રીકૃષ્ણને કરેલા પ્રણામનું ફળ વધારે છે, કારણ કે દશ અશ્વમેધ યજ્ઞનું અવભૃથ સ્નાન કરનારને ફરીથી જન્મ લેવો પડે છે, જ્યારે કૃષ્ણને પ્રણામ કરનારનો ફરીથી જન્મ નથી.

— સુભદ્રા

હે ગોવિંદ! હે ગોવિંદ! હરે મુરારિ! હે ગોવિંદ! હે ગોવિંદ! હે ચક્રપાણે! હે ગોવિંદ! હે મુકુન્દ! હે કૃષ્ણ! હે ગોવિંદ! હે ગોવિંદ, તમને નમસ્કાર કરું છું.

— અભિમન્યુ

હે શ્રીરામ! હે નારાયણ! હે વાસુદેવ! હે ગોવિંદ! હે વૈકુંઠનાથ! હે મુકુન્દ! હે કૃષ્ણ! હે કેશવ! હે અનન્ત! હે નૃસિંહ! હે વિષ્ણો! હું સંસારરૂપી સર્પથી દંશાયેલો છું, આપ મારું રક્ષણ કરો.

— ધૃષ્ટદ્યુમ્ન

જે પ્રભુ અપ્રમેય છે, તેવા હે હરે! હે વિષ્ણો! હે કૃષ્ણ! હે દામોદર! હે અસ્યુત! હે ગોવિંદ! હે અનંત! હે સર્વના ઈશ! હે વાસુદેવ! આપને અમારા નમસ્કાર.

— સાત્યકિ

હે ભગવાન! વસુદેવ ભગવાનના જે જે ભક્તો શાંત છે તથા વાસુદેવમાં જ જેમનાં મન અહર્નિશ લાગ્યાં છે એવા ભક્તોના દાસનો પણ દાસ, હું જન્મોજન્મ થાઉં એવી મારી નમ્ર પ્રાર્થના છે.

— વિદુર

હે ભગવાન! હે કૃષ્ણ! આ મહાભારતના યુદ્ધ પછીનો સમય ઘણો વિપરીત થઈ ગયો છે. કુટુંબીજનો, સ્વજનો, ગુરુજનો બધાય કરાલકાલના ગાલમાં સમાઈ ગયાં છે. આવા ભયંકર સમયમાં હે કૃપાનાથ! હે શરણાગતવત્સલ! આપ મારું રક્ષણ કરો! રક્ષણ કરો! એવી મારી પ્રાર્થના છે.

— ભિષ્મ

હે રાજા! સુદર્શન ચક્રધારી ત્રિલોકનાથ જનાર્દન ભગવાનને હાથે જે જે માર્યા ગયા છે તે બધાયે વિષ્ણુપુરી પામ્યા છે. દેવનો ક્રોધ પણ વરદાનના જેવો જ હોય છે.

— દ્રોણાચાર્ય

હે મધુકૈટભ દૈત્યના શત્રુ! હે ત્રિલોકીપતે, મારા! જન્મની સફળતા, મારે પ્રાર્થના કરવા યોગ્ય મારા ઉપરનો અનુગ્રહ એ જ છે કે–'આપ મને આપશ્રીના દાસના દાસના દાસના દાસના દાસના દાસના દાસરૂપે યાદ કરો.

— કૃપાચાર્ય

હે ગોવિંદ! હે કેશવ! હે જનાર્દન! હે વાસુદેવ! હે અખિલ વિશ્વનો ઈશ! હે વિશ્વરૂપ! હે મધુસૂદન! હે વિશ્વનાથ! હે પદ્મનાભ! હે પુરુષોત્તમ! હે પુષ્ક રાક્ષ! હે નારાયણ! હે અચ્યુત! હે નૃસિંહ ભગવાન! આપને વારંવાર નમસ્કાર છે.

— અશ્વત્થામા

હે ભગવાન! ભક્તિભ:ાવપૂર્વક આપશ્રીના ચરણકમળ સિવાય હું બીજું કંઈ બોલતો નથી, સાંભળતો કે નથી વિચારતો, નથી કોઈ સ્મરણ કરતો, નથી ભજતો, નથી આશ્રય કરતો માટે હે લક્ષ્મીપતે! હે શ્રીનિવાસ! હે પુરુષોત્તમ! આપનો દાસ્યભાવ અર્પો.

— કર્ણ

પોતાના મોટાભાઈ ઈન્દ્રને સ્વર્ગનું રાજ્ય પાછું આપવાના કારણને લીધે 'વામન અવતાર' ધારણ કરનાર! અનંત પરાક્રમી હે નારાયણ! આપને અનેકાનેક વંદન, ધનુષ્ય, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરનાર હે પુરુષોત્તમ! આપને નમસ્કાર હો.

— ધૃતરાષ્ટ્ર

હે દેવોના દેવ! માતા, પિતા, બંધુ, મિત્ર, વિદ્યા, દ્રવ્ય એ બધું તમે જ છો. હે ભગવાન! મારું સર્વસ્વ આપ જ છો.

— ગાંધારી

હે યજ્ઞેશ! હે અસ્યુત! હે ગોવિંદ! હે માધવ! હે અનન્ત! હે કેશવ! હે વિષ્ણો! હે કૃષ્ણ! હે વાસુદેવ! આપને મારા નમસ્કાર હો.

— દ્રૌપદી

દેવસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ ધારણ કરનાર અનંત મૂર્તિરૂપ, યોગેશ્વર, યોગસ્વરૂપ હે ભગવાન! હું આપને વંદન કરું છું, હુ આપને શરણે આવ્યો છું.

— જયદ્રથ

આ દેવકીનંદન દેવને, વસુદેવના પુત્રને, ભગવાન કૃષ્ણને, નંદરાયજીના લાડીલા કુમારને, ભગવાનશ્રી ગોવિંદના મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ હો.

— વિકર્ણ

પરમ કલ્યાણ સ્વરૂપ પરમાત્માને નમસ્કાર, અખિલ વિશ્વના પાલક ભગવાનને નમસ્કાર, વાસુદેવ શાંતસ્વરૂપ યાદવોના પતિ ભગવાનને હજારો નમસ્કાર.

— સોમદત્ત

બ્રહ્મદેવ, ગાય અને બ્રાહ્મણોનું સદાસર્વદા હિત કરનારા, જગતનું હિત કરનારા, આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને મારા કોટિ નમસ્કાર હજો.

— વિરાટ

અળસી સાતસીના પુષ્પ સમાન દેહની કાન્તિવાળા પીતામ્બર પીતવસ્ત્રધારી, અચ્યુત ગોવિંદ ભગવાનને જે લોકો સદા સર્વદા નમે છે, તેઓને સંસારનો ભય રહેતો નથી.

— શલ્ય

મહર્ષિઓને ભગવાન કૃષ્ણનું સ્વરૂપદર્શન

(૧) હજારો (અનન્ત) જન્મજન્માંતરનાં પુણ્ય, તપ, ધ્યાન, સમાધિ આદિ સાધનોથી જેનાં પાપો ક્ષીણ થયાં હોય તેવા પુરુષોને શ્રી ભગવાન આનંદવૃન્દ નંદનન્દન શ્રીકૃષ્ણમાં ભક્તિરસ ઊપજે છે.

—મહર્ષિ નારદ

(૨) જે હૃદયમાં બિરાજેલા સર્વેશ્વર પરમાત્માનું ધ્યાન ધરે છે, તેને અનેક દાન કરવાથી શું? તીર્થોમાં જવાથી શું? તપ તેમજ યજ્ઞ–યાગ કરવાથી પણ શું? [કારણ કે ફક્ત ધ્યાનથી જ બધાં ફળ મળી જતાં હોઈ તેને કશું જ કરવાનું રહેતું નથી.]

—બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર

(૩) જે મનુષ્યોનાં હૃદયમાં મંગલમૂર્તિ ભગવાનનો સદા નિવાસ છે તે મનુષ્યોને ત્યાં સદાસર્વદા ઉત્સવો છે, ત્યાં જ શ્રી લક્ષ્મીજી નિવાસ કરે છે, ત્યાં નિત્ય મંગલ વર્તે છે.

—મહર્ષિ જમદગ્નિ

(૪) જેમના હૃદયમાં ભગવાન કમલાપતિ જનાર્દન બિરાજે છે એમને જ લાભ છે, એમનો જ જય છે, તો પછી પરાજય તો ક્યાંથી જ હોય?

—મહર્ષિ ભારદ્વાજ

(૫) ગ્રહણ સમયે કોટિ ગાયોનું દાન કરો, કાશી ને પ્રયાગરાજના ગંગાજીના તટે રહી દશ હજાર કલ્પ વાસ કરો, દશ હજાર યજ્ઞયાગાદિ કથાઓ કરો અને મેરુતુલ્ય સુવર્ણનાં દાન કરો તો પણ તે શ્રી ગોવિંદના નામની બરાબરીમાં કદાપિ આવે નહિ.

—મહર્ષિ ગૌતમ

(૬) ગોવિંદના નામનો જપ એ જ હંમેશાંનું સ્નાન છે. ગોવિંદના નામનું સદા ધ્યાન કરવું, ગોવિંદના નામનું સદા કીર્તન કરવું અને ગોવિંદના નામનો સદા જપ કરવો.

—મહર્ષિ અત્રિ

(૭) અચ્યુત ભગવાન કલ્પવૃક્ષ સમાન છે, અનન્ત ભગવાન કામધેનુ સમાન છે. અને આ ગોવિંદ ભગવાન ચિન્તામણિ સમાન છે. માટે હરિના નામનું ચિન્તવન કરતાં રહેવું જોઈએ.

—મહાયોગી શુકદેવજી

(૮) ત્રણ તાપ–આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક એવાં દુઃખોને દૂર કરવા માટે સંસારના ઔષધરૂપ, વીંછી, જલ અગ્નિ, સર્પ, રોગ, કલેશ, ભય ઇત્યાદિ નાશ કરવા માટે શ્રીમન્નૃસિંહ ભગવાનને–ગરુડ જેમની ધજામાં છે, તેમને હરિ, એવા ભગવાનને ગુરુ એવા પ્રભુને, આનંદકન્દ શ્રીકૃષ્ણચંદ્રને નમસ્કાર છે.

—ઋષિ પિપ્પલાયન

(૯) હે ભગવાન શ્રીકૃષ્ણ! મારો ચિત્તરૂપી માનસ હંસ આજે જ આપના શ્રીચરણકમળરૂપી પાંજરામાં પૂરાઈ જાઓ, પ્રાણ જવાને સમયે જ્યારે આ શરીર કફ, વાત અને પિત્તથી ઘેરાઈને કંઠ રુંધાઈ જશે ત્યારે આપનું સ્મરણ ક્યાંથી થઈ શકશે?

—ઋષિ આવિર્ણેત્ર

(૧૦) શ્રી હરિનું નામ એ જ નામ, એ નામ જ મારું પરમ જીવન છે. આ ઘોર કલિયુગમાં બીજી ગતિ નથી, નથી ને નથી જ, એ સિદ્ધાંત છે.

—નીતિજ્ઞ વિદુર

(૧૧) શ્રીકૃષ્ણ એ મંગલ નામ સદાસર્વદા જેની વાણીમાં પ્રવર્તતું હોય, રટાતું હોય, તેના કરોડો ગણપાતકો પણ તત્કાળ બનીને ભસ્મીભૂત થઈ જાય છે.

—બ્રહ્મર્ષિ વસિષ્ઠ

(૧૨) ભક્તનાં દુરિત ટાળનારા વાસુદેવ, સર્વના હૃદયમાં વસીને પ્રકાશ કરનારા શ્રીહરિ, ભક્તના દુઃખ હરનારા, પ્રણત–શરણાગત કલેશોનો – દુઃખોનો નાશ કરનારા ગોવિંદ, સકલ–ઇન્દ્રિયગ્રામના અંતર્યામીરૂપે રહેનારા નિયામક શ્રીકૃષ્ણ ભગવાનને નમન કરું છું.

—સતી અરુન્ધતીદેવી

(૧૩) જેમ વજ્રથી પર્વતસમૂહ ચૂર્ણ થાય છે તેમજ શ્રીકૃષ્ણના સ્મરણ પછી પાપોનો સમૂહ નાશ પામે છે. **—મહર્ષિ કશ્યપ**

(૧૪) હે ગોવિંદ! આ ઘોર કલિયુગમાં આપના કરતાં આપના નામનો મહિમા અજબ છે. જે નામના ઉચ્ચારણથી અષ્ટાંગયોગ વિના પણ મુક્તિ આપો છો.

—મહર્ષિ ભૃગુ

(૧૫) હું નારાયણના શ્રીપાદપંકજને–ચરણકમલને નમન કરું છું. સદાય શ્રી નારાયણનું પૂજન કરું છું. શ્રી નારાયણનું નિર્મળ નામ બોલતો રહું છું. જપુ છું અને જેનો કોઈ કાળે વ્યય–નાશ નથી એવા શ્રી નારાયણતત્ત્વનું સ્મરણ સદા કર્યા કરું છું.

—મહર્ષિ લોમહર્ષણ

(૧૬) જે પ્રભુનું સ્મરણ કરવાથી દુનિયામાં તમામ કલ્યાણ કાર્યો થાય છે, તે અજન્મા, અવિનાશી, પરમ પુરુષને હું સદા શરણાગત થાઉં છું.

—ઋષિવર શૌનક

(૧૭) શ્રી નારાયણ નામનો અજબ મંત્ર છે. પ્રભુકૃપાથી વાણી પણ વશમાં છે. તો પણ લોકો ઘોર નરકમાં કેમ પડે છે આશ્ચર્યજનક છે.

—ઋષિ ગર્ગાચાર્ય

(૧૮) જેને ભગવાન શ્રી જનાર્દનમાં અવિચલ ભક્તિ છે, તેને બહુવિધ મંત્રયોગની શી જરૂર છે? એક માત્ર 'નમો નારાયણ' એ મંત્ર સ્વાર્થ સાધન કરનાર છે.

—ઋષિ દાલભ્ય

(૧૯) જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે, ત્યાં લક્ષ્મી, વિજય. ઐશ્વર્ય અને અચલ નીતિ રહે છે, એવી મારી માન્યતા છે.

—ઋષિ વૈશમ્પાયન

(૨૦) દુષ્ટ ચિત્તવાળા મનુષ્યો કદી ભગવાનનું સ્મરણ કરે તો તેનાં પણ પાપોનું શ્રીહરિ રટણ કરે છે. કદાચ અનિચ્છાએ અગ્નિએ અડી જવાય તો પણ સ્પર્શ કરનારને અગ્નિ જેમ બાળે છે, તેમ નામ લેનારનાં પાપોને હરિ બાળી નાખે છે.

—મહર્ષિ અંગીરા

(૨૨) એક વાર પણ જેણે હરિ એવા બે અક્ષરનો ઉચ્ચાર કરેલ છે તે મોક્ષને માટે કેડ બાંધીને તૈયારી કરે છે.

—મહર્ષિ પરાશર

(૨૨) છ પ્રકારના રસાસ્વાદને જાણનારી હે જીભ! તને મધુર રસ સદા પ્રિય છે, નારાયણના નામરૂપી અમૃતનું તું સદા પાન કરતી રહે.

—ઋષિ પૌલસ્ત્ય

(૨૩) હું હાથ ઊંચો કરી વારંવાર લોકોને કહું છું કે વેદથી વધીને કોઈ શાસ્ત્ર નથી અને ભગવાન

શ્રી કેશવથી વધીને કોઈ પણ દેવ નાથી. એ હું સત્ય, સત્ય અને સત્ય એમ ત્રણ વખત ભાર દઈને કહું છું.

—મહર્ષિ વ્યાસ

(૨૪) હે અચ્યુત! હે અનન્ત! હે ગોવિંદ! એવાં નામોચ્ચારણૌ, નામરૂપી ઔષધથી સમસ્ત રોગોનો નિશ્ચયપૂર્વક નાશ થઈ જાય છે, એમ હું સત્ય કહું છું.

—મહર્ષિ ધન્વંતરી

(૨૫) એક નિમિષ નિમિષનો અર્ધો સમય ભગવાન શ્રી વિષ્ણુનું ચિત્વન કરોડો યજ્ઞની બરાબરીમાં છે.

—મહર્ષિ અગસ્ત્ય

(૨૬) મુહૂર્ત કે ક્ષણમાં શ્રી ભગવાન વાસુદેવનું ચિંતન કરવામાં ન આવ્યું તે મહાન નુકસાન થયું જાણો. તે એક મોટું છિદ્ર પડયું જાણો. તેને જ અંધતા અને મોટી મૂઢતા મળી.

—મહર્ષિ માર્કંડેય

(૨૭) તમામ શાસ્ત્રોનું મંથન કરી અને વારંવાર વિચાર કરી આ એક જ પ્રકારનો નિશ્ચયાત્મક સિદ્ધાંત જણાયો છે કે શ્રી નારાયણનું સદા ધ્યાન કરતાં રહેવું.

—મુનિવર્ય શુકદેવ

(૨૮) આ શરીર નવ દરવાજાવાળું છે. શરીર રોગોની ખાણ છે, ઔષધિ ગંગાજીનું પાણી છે તથા વૈદ્ય શ્રી ભગવાન નારાયણ છે.

—મહાદેવ ઉવાચ

(૨૯) ભગવદીય વૈષ્ણવો અન્ન-વસ્ત્રની ચિંતા વ્યર્થ કરે છે. અખિલ વિશ્વના પાલક શ્રી ભગવાન વિઠ્ઠલ પોતાના ભગવદીયોને વિશે શું બેપરવાહી રાખે છે?

—ઋષિવર્ય શૌનક

(૩૦) જેમના હસ્તમાં પદ્મ છે, ગદા છે તથા સુદર્શન ચક્ર છે, બીજા કરતલમાં શ્રી પાંચજન્ય શંખ છે, ગરુડ જેમનું વાહન છે, તે શ્રી ભગવાન મારા પર પ્રસન્ન થાઓ.

—અનન્તકુમાર

(૩૧) હે નાથ! અનંત કોટિ યોનિઓ—શરીરમાંથી જ્યાં જ્યાં જે જે શરીરમાં હું જન્મું, ત્યાં ત્યાં હે અચ્યુત! તમારામાં મારી સર્વદા અવિચલ ભક્તિ રહો.

—ભક્ત પ્રહ્લાદજી

(૩૨) નારકમાં ઘોર પીડા ભોગવતા જીવોને શ્રી યમરાજ કહે છે કે તમોએ ક્લેશોનો નાશ કરનાર ભગવાન શ્રી કેશવનું અર્ચના—પૂજન કેમ ન કર્યું?

—યમદેવ

(૩૩) હે કૃષ્ણ! ખરેખર આપ મહાન દયાળુ છો. નિરાધારોના આધાર હે પુરુષોત્તમ! સંસાર-સાગરમાં ડૂબેલાઓ ઉપર પ્રસન્ન થાઓ.

—બલરામજી

(૩૪) ગમે તે પ્રકારથી પીડિત થયેલા, દુ:ખી મનવાળા, શિથિલ થઈ ગયેલા, ભયયુક્ત થયેલા, સિંહ, વ્યાઘ્રાદિ હિંસક પ્રાણીઓથી ઘોર દુ:ખમાં પડેલા, ભગવાન નારાયણના નામ માત્રના ઉચ્ચારણથી તમામ વિપત્તિઓના વાદળથી મુક્ત થઈને સુખી થઈ જાય છે. નામોચ્ચારનો અચિંત્ય પ્રભાવ છે.

—સંજય

(૩૫) હું ભગવાન નારાયણના દાસના દાસના દાસના દાસનો પણ દાસ છું. પરંતુ બીજા બધાનો તો શેઠ છું. માટે દુનિયાના મનુષ્યોમાં હું આ લોકમાં વધુ ધન્યવાદને પાત્ર છું.

—અક્રૂરજી

(૩૬) નારાયણ એવા નામવાળા ભગવાન જે દુનિયામાં પ્રસિદ્ધ ચોર તરીકે ઓળખાય છે, તે ભગવાન શ્રી ચોરી કરે છે? ભગવાનના નામસ્મરણ કરવાવાળા મનુષ્યોના અનેક જન્મજન્માંતરોનાં પાપોનું ભગવાન સદૈવ હરણ કરતા રહે છે. એટલે કે મનુષ્યોના અંત:કરણમાંથી પાપવૃત્તિઓનું સદૈવ હરણ કરતા રહે છે—ચોરી કરી લે છે.

—મહારાજા ઇન્દ્ર

(૩૭) અજાતશત્રુ નીતિનિપુણ શ્રી યુધિષ્ઠિરના કીર્તનથી ધર્મ વધે છે, વૃકોદર ભીમના કીર્તનથી પાપવૃત્તિનો નાશ થાય છે, અર્જુનના કીર્તનથી શત્રુ નાશ પામે છે, માદ્રિના પુત્રો નકુલ, સહદેવનું કીર્તન કરવાથી રોગો નાશ પામે છે.

—ઋષિ લોમહર્ષણ

(૩૮) મનુષ્યો રાગદ્વેષથી રહિત થઈ, પર અને અપર જ્ઞાન-વિજ્ઞાનવાળા થઈ, દેવતાઓના ગુરુ ભગવાન શ્રી નારાયણનું હંમેશાં સ્મરણ કરે છે, અને તે ધ્યાનને લઈ તેવા શુદ્ધ અંત:કરણવાળા મનુષ્યો માતાનું સ્તનપાન કરવા વારંવાર જન્મ–મરણને પામતા નથી એટલે કે ભગવાન શ્રી નારાયણના સતત સ્મરણથી સાયુજ્ય મુક્તિને પ્રાપ્ત થાય છે. **—બ્રહ્માજી**

૫. માધવ માધુર્યના રસભેક્તા કવિઓ

માધવ માધુર્યનો મહારસ ચાખ્યો ભગવાન દ્વૈપાયન **વેદ વ્યાસે** જેમણે. અઢાર પુરાણનો સંસ્કૃતિવારસો આપ્યો છે. પરંતુ તેમની અંતિમ ઇચ્છા તો હતી શ્રી હરિના ગુણનું માધુર્ય માણવાનો. તેમને "શ્રીમદ્ ભાગવત" ગ્રંથ દ્વારા શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મારૂપે દર્શન કરીને વિશ્વ સમક્ષ 'ભાગવત' ગ્રંથ મૂકયો.

નિરસ્ત સામ્યાતિશયેન **રાધસા** ।
સ્વધામનિ બ્રહ્મણિ રંસ્યતે નમ: ॥
(શ્રીમદ્ ભાગવત સ્કંધ ૨–૪–૧૪)

શ્રીકૃષ્ણ વૃંદાવનમાં શ્રી રાધાની સાથે ક્રીડા કરે છે. અને રાધિકા કેવાં છે? જેમણે સમાનતા અને આધિક્યને દૂર કરેલ છે.

એટલે શ્રીકૃષ્ણની બાળક્રીડા અને બાળલીલાનું રસપાન કરીને પૂર્ણ સંતોષ પ્રાપ્ત કર્યો છે.

બાળકૃષ્ણ અને રાધાના ગુણોનું ગાન ગાનાર દશમી સદીના સંસ્કૃત ભાષાના કવિશ્રી મૂળ નામ **લીલા શુક** અને દીક્ષાન્તે બનેલા **બિલ્વમંગલાચાર્યે** "ગોવિંદ દામોદર માધવેતિ ।" અંતિમ ચરણ દ્વારા ૭૩ શ્લોકોમાં કૃષ્ણની બાલક્રીડા અને રાધાના ગુણો ગાઈને કૃષ્ણભક્ત તરીકેની ભાવના વ્યક્ત કરી છે. તથા કૃષ્ણકર્ણામૃત રચ્યું છે.

વૃંદાવને ગોપગણાશ્ચ ગોપ્યો ।
વિલોકય ગોવિંદ વિયોગ ખિન્નામ્ ॥
રાધાં જગુ: સાશ્રુ વિલોચનાભ્યાં ।
ગોવિંદ દામોદર માધવેતિ ॥ ૨૪ ॥

અર્થાત્ વૃંદાવનમાંથી વૃષભાનુકુમારીને વનમાળીના વિયોગથી વિહ્વળ જોઈ ગોપગણ અને ગોપીઓ પોતાનાં કમળનયનોથી આંસું વહાવતી "હે ગોવિંદ, હે દામોદર, હે માધવ" વગેરે બોલીને પુકાર કરવા લાગી.

બારમી સદીના કૃષ્ણભક્ત **કવિરાજ જયદેવ** જેમણે "ગીત ગોવિંદ" કાવ્ય દ્વારા રાધા અને કૃષ્ણનાં બાર સર્ગો તથા ચોવીશ અષ્ટપદી દ્વારા ઉત્કૃષ્ટ શૃંગાર ચકચૂર કાવ્યો રચીને રાધા અને કૃષ્ણના બાલ્ય સમયને ચરિતાર્થ કરી સંસારમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

"અલિકુલ ગુંજન સંજનકં,
રતિનાયક સાયક મોચને ।
ત્વદધર ચુમ્બન, લમ્બિત,
કજ્જલ સુજ્જવલય પ્રિય લોચને ॥ ૨ ॥

હે પીતામ્બરધારી, કામબાણોને ફેંકતાં અને ભમરાઓના સમૂહની શોભાનો પણ તિરસ્કાર કરતાં મારાં નેત્રોમાં તમારા અધર દ્વારા થયેલા ચુંબનથી લુછાયેલ કાજળવાળી મારી આંખોને સ્વચ્છ કરીને ફરીથી કાજળ આંજો.

શ્રીકૃષ્ણના બાલસ્વરૂપનું દર્શન પ્રજ્ઞાચક્ષુ છતાં એક લાખ પદોના 'સૂરસાગર'માં પોતાના જીવનને રસતરબોળ કરીને ધન્યતા અનુભવનાર વ્રજભાષી કવિ 'સુરદાસ' કથે છે કે—

"અડસઠ તીરથ ગંગા–જમના
ચંદ્ર–સૂરજ મુખમાંહી,
સૂરદાસ ભજ પ્રભુ કી લીલા
દેખકર જશોદા અપને મન પસ્તાઈ
—કનૈયા માટી ખાઈ."

શ્રીકૃષ્ણના પ્રેમરસમાં તરબોળ **નાગર નરસૈંયો**

"વનરાવનને મારગ જાતાં,
બોલે મધુરા મોર,
રાધાજીની નથડીનો શામળિયો છે ચોર...
નાગરનંદજીના લાલ..."

કાનાને ચોર કહીને રાધાજીનો પક્ષપાત કરનાર નાગર નરસૈંયો મધુરાભક્તિનો ગુજરાતી કવિ હતો.

ત્યારે "પગમાં ઘૂઘરું બાંધીને મીરાં નાચી" એવી **મીરાં** કથે છે કે ભલે નરસિંહ મારા શ્યામને ચોર કહે પણ સાંભળો કોણ ચોર છે?

"તું છે બેટી ભ્રખુભાણની
ગોકુળ ગામમાં રે'તી રે;
ત્રણ ટકાની નથડી માટે,
મુજને ચોર કહેતી રે

મીરાંનું માધુર્ય હતું માત્ર
"મેરે તો ગિરિધર ગોપાલ,
દૂસરા ન કોઈ..."

માણ પર તાલ મારીને ગુજરાતનો મહાકવિ **પ્રેમાનંદ** તો કહે છે કે—

"મારું માણકડું રિસાયું રે—શામળિયા

અને તે વખતે શૃંગારરસનો ગુજરાતનો બંસીબોલનો કવિ દયારામ મસ્તીમાં આવીને કહે છે—

"હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું ?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું

આવું છે મુખ–માધુર્યનું દર્શન.

ગુજરાતના મહાકવિ **ન્હાનાલાલે**'હરિસંહિતા'માં મહાકાવ્ય રચીને કૃષ્ણદર્શન પ્રાપ્ત કર્યાં હતા. તેમણે કહ્યું કે–

"જોયાં વન, જોયાં દિલને ઉઘાડી રે,
જોયાં જમનાજી વ્હેતાં દૂહાડી દૂહાડી
હવે ઢુંઢું છું જગને જગાડી,
મ્હારો જનમોજન્મનો સંગાથી રે
ક્યહારે આવશે વનમાળી ?

મધ્યકાલીન ગુજરાતના કવિઓએ રાધા અને કૃષ્ણનાં પ્રેમભક્તિનાં કાવ્યોની પરંપરા સર્જી છે. તેમાં ભકતકવિ **'મૂળદાસ'**

'હરિવેણ વાય છે રે હો વનમાં.'

"પ્રીતે પરવશ રે હો કીધાં,
લજ્જા લોપી મન હરી લીધાં
કંઈ કંઈ વાર્યાં રે હો કંથે,
પિયુજીને મળવા ચાલ્યા પંથે..."

ત્યારે **દાસીજીવણ** સખી ભાવે કથે છે.

તન ચોખા, મન લાપશી, નેણાં કહું ઘીની ધાર,
જુગતે જમજો જાદવા, તમે જમજો કૃષ્ણ મોરાર.

ગુજરાતના મૂર્ધન્ય કવિ **ઉમાશંકર જોશી**

"માધવની નીચે આંગળી,
વીંધ રાધાનાં હૈયાનાં ત્યાંય,
ઓચિંતી અટકી મોરલી,
જીવ રાધાનો ત્યાં તો ટુંપાય.

અલખના ભજનિક તલસ્પર્શી જ્ઞાની શ્રી **મકરંદ દવે** કથે છે.

" ગામને ગોંદરે ગંગાજળિયો,
ઝાડવે હબુરેલ,

મોરલી તાને જાય મલપતી,
પનિહારિની હેલ"

ત્યારે **ભાનુપ્રસાદ પંડયા**ની બંસરી બજે છે.

"બંસરી ગ્વાલોના શ્વાસમાં સમાણી,
કે બંસરી યમુનાનું શ્યામ શ્યામ પાણી,
બંસરી મેવાડી રાણીની વાણી,
કે બંસરી મંજીરામાંય પરખાણી.

અને **હેમંત દસાઈ** તો રિસામણાં કરે છે.

"સૂની મોરલીના મઘમઘતા બોલ,
હો બિહારીલાલ !
જમુનાને તીરે હવે નહીં રે આવું

પરંતુ અંગ અંગમાં માત્ર રાધાનું રૂપ જોતાં **ચંદ્રાબહેન જાડેજા** કહે છે, હે ઘનશ્યામ !

"અંગે અંગે દેખાતું ગોપીનું સ્વરૂપ તને,
આંખમાં દેખાય પેલી રાધાનુ રૂપ તને,
મારે નથી કહેવું તને મારું નામ,
તેં તો મને ઘેલી કરી ઘનશ્યામ !

ભગો ચારણ તો લોકભાષામાં કહે છે—

માને તો મનાવી લેજો રે,
ઓધાજી આજ મારા
વ્હાલાને વઢીને કહેજો રે"

જીવણદાસ તો ધારી ધારીને જોવાનું સૂચન કરે છે.

જોઈ જોઈને વોરીએ જાત્યું,
બીબાં વિનાની ન પડે ભાત્યું,
ભાર ઝીલે ભીંત્યું રે
ઓધા મંદિરે આવજો.

દાસીજીવણનો દાસ્ય ભાવ એ છે કે,

"મંતર પઢીને એણે અમ પેર મેલ્યાંને,
ઘડીએ રેવાનું નથી દૂર,
એ બાયું મુને વાલીડે કરી છે ચકચૂર."

ભકતકવિ **રત્નો** ઋતુ ઋતુમાં કનૈયાને યાદ કરે છે.

"સઘળો શિયાળો વહી ગયો,
આવ્યો ફાગણ માસ,
અંતરમાં અતિ ઊપજે,
હોળી રમવાની આશ.
(કૃષ્ણ) વહાલા તણો રે વિજોગ"

'ત્યાં તો ગિરિધર ગોકુળ આવો' કહેતા **મનસુખલાલ ઝવેરી**એ તો કાન–રાધાને આંમત્ર્યા.

"ને તમ રાધાં રસિયાજી,
આ બનઠનકર અલબેલી,
ક્હાન ક્હાન ! કરી કુંજનિકુંજે,
અરે ! કથા શી એની ?"

કવિ **હરીન્દ્ર દવેનું** હૃદય કેવું ગુંજે છે!

"માધવ ક્યાંય નથી મધુવનમાં.

ફૂલ કહે ભમરાને,
ભમરી વાત કહે ગુંજનમાં,
લહર વમળને કહે,
વમળ એ વાત સ્મરે સ્પંદનમાં,
નંદ કહે જશુમતીને,
માતા વ્હાલ ઝરે લોચનમાં"

ત્યાં તો રાધાને ઉદ્દેશીને **જેઠાલાલ ત્રિવેદી**

"લાખ લાખ રાધા શી રમણી,
મોહન માટે તલપે,
રાધાને તો એક કનૈયો,
વિરહે હૈડું સળગે,
પળ પળ ઝંખે રાધા પ્યારી
ગોકુળ આવો ગિરિધારી"
આવી છે રાધાની તીવ્ર ઝંખના !

શ્યામને તો ભુલાય? **વેણીભાઈ પુરોહિત**

"હો શ્યામ, તને આંખો મીંચીને મેં જોયો !
અભાગણીએ આંખો ઉઘાડી ને ખોયો !
અમે હરખપદૂડાં, તોય હૃદિયાનાં રૂડાં,

તારાં વેણ ગરજૂડાં, તારાં નેણ પટકૂડાં,
હો નંદલાલ! આવાં તો–
દુ:ખડાં ના દઈએ.''

કવિ શ્રી **સુરેશ દલાલ** તો શ્યામ સામે શરતમાં ઊતરે છે.

''મારી ગાગર ઉતારો તો જાણું,
કે રાજ, તમે ઊંચો કર્યો તો પ્હાડને,
આખો દી વાંસળીને હાથમાં રમાડો ક્હાન,
એમાં શા હોય ઝાઝા વેત્તા?
કાંટાળી કેડી પર ગાગર લઈને અમે,
આવતાં–જતાંને સ્મિત દેતાં''

ત્યારે **પ્રિયકાંત મણિયાર**નું વહાલું ગીત

''આ નભ ઝૂકયું તે કાનજી,
ને ચાંદની તે રાધા રે.
આ પરવત શિખર કાનજી
ને કેડી ચડે તે રાધા રે
આ લોચન મારાં કાનજી
ને નજરું જુએ તે રાધા રે''

ગુજરાતના શ્યામ ભકતકવિ **રાજેન્દ્ર શાહ** કહે છે,

હો સાંવર થોરી અંખિયન મેં,

જોબનિયું ઝૂકે લાલ,
નાગર સાંવરિયો,
મોરી ભીંજે ચોરી ચુંદરિયાં
તું ઐસો રંગ ન ડાલ
નાગર સાંવરિયા

ત્યારે અજ્ઞાત કવિ કથે છે.
''હરિવર મારો પતંગ પાંખે.
મોજ કરે સાગરની,
રાસલીલા કણકણમાં ખેલે
લીલા નટ નાગરની''

યમુનાનાં શ્યામ જળ જોઈને **મહેન્દ્ર સમીર** વદે છે.

'યમુનાનાં જળ શ્યામ,
શ્યામમાં શ્યામ ભર્યો સાંવરિયો,
છલક છલક ગાગરમાં સખીઅર,
મેં તો નટખટ ભરિયો,

આપણા **માધવ રામાનુજ** ગોકુળમાં નિમંત્રે છે.

''ગોકુળમાં કોક વાર આવો તો કાન,
હવે રાધાને મુખ ન બતાવશો,
જમનાનાં જળ તમે દેજો હાથોહાથ,
માધવને દ્વારકાના દરિયે,
લખિતંગ રાધાનાં ઝાઝા જુવાર,
શ્યામ અંતરમાં ઓછું ના લાવશો!

ભલે ક્હાન તમે ગોકુળ છોડીને ગયા પણ **જયંત પાઠક** તો એવું કહે છે,

''પૂનમની ચાંદનીમાં પહેલાંની
જેમ હજી મધરાત્રે ગોપિયું જાગે,
ખીલતાં'તા એમ ખીલે ફૂલડાં વધારામાં,
વિરહાની વેલ એક ફાલશે,
ક્હાન હવે ગોકુળમાં ના આવો તો ચાલશે.''

અરે ગોકુળમાં કોણ હતી રાધા? નો પ્રશ્ન લઈને **ઈસુભાઈ ગઢવી** તો તદ્દન અજાણ્યા થાય છે.

''દ્વારકામાં કોઈ તને પૂછશે કે કાન!
ગોકુળમાં કોણ હતી રાધા!
તો શું જવાબ દેશ માધા?
રાધા વિણ વાંસળીનાં વેણ નહીં વાગે,
આવા તે સોગન કેમ ખાધા?''
ત્યારે કૃષ્ણ મૌને તોડે છે ને જવાબ દે છે:
''સઘળો સંસાર મારો સોળે શણગાર,
મારા અંતરની આતમ છે રાધા,
કોઈ મને પૂછશો મા, કોણ હતી રાધા?

શ્રી **મણિલાલ દેસાઈ** તો કૃષ્ણ અને રાધાનો પરસ્પર પરિચય આપે છે.

''મળે જો રાધા કોઈને તો કહેજો
કે નીર મને યમુનાના વ્હાલાં છે એટલાં જ
મળે માધવ જો કોઈને તો કહેજો,
કે તીર મને સૂરનાં વ્હાલાં છે હજુ એટલાં જ''

આપણા તરવરિયા કવિ **રમેશ પારેખ**

''વનરા તે વનની વાટે હો,
શ્યામ હવે ફૂંકાતી ઝાંઝવાની લીલા.
પાન પછી પાન લઈ સુક્કી વિદાય,
પડે વૃક્ષોની ડાળીઓથી છુટ્ટા,
ઊતરડી જાય કોઈ આણુ દેખ્યા હાથ,
મારી નીંદરું મહીંથી વેલબુટ્ટા.''

આપણા પારસી **કવિ ખબરદાર** ગોપિકાને ઉદ્દેશી કહે છે.

''મારી મટુકીમાં હો મહારાજ!
મહીડાં છલકે રે!
તારી વાંસલડી સૂણી આજ
હૈડાં ઢળકે રે;
હું ગુણહીણી ગોપિકા,
તું ગુણસાગર શૂર.
મહીડાં મારાં ઝીલી લે,
પછી આ ખીલે મારું ઉર!''

માધવની મધુમતી મૂરતી નીરખી કવિ **'સરોદ'** મનુભાઈ ત્રિવેદીનાં નયનોમાં દેખાય છે કોણ?

''અધ–છાની–અધ–છતી,
મૂરતી માધવની મધુમતી,
તન કોશ ઉતરભાણ એને,
અસુવનથી નવરાવું.
વહાલભરી વૃત્તિઓ કેરું
નિત નિવેદ ધરાવું,
આરતીદીપ જલાવી લઉં હું
અખિયન આરતી,
મૂરતી માધવની મધુમતી.

કવિ **બળવંત મહેતા** તો ગોપીજ્ઞાનની વાત કરે છે,

''એમ તો વાલમ!
આજ લગી મુને ગમતું ગોપીજ્ઞાન,
રોજ ઊઠીને ઠાવકી થાતી
હસતું ગોકુળ ગામ,
તોય રુંવાડે ચડતું મારું
ચિત્તના રે તું ઠામ.''

ત્યારે મોરપીંછધર શ્યામને સંબોધીને **યશવંત ત્રિવેદી**

''પગલે પગલે રાધા-શ્યામ કે
પગલાં એણે પાડયાં રે લોલ
ઊતરી પાંપણને મોરપીંછે,
તે પગલાં કોણે પાડયાં રે લોલ''

કવિ સુંદરમ તો 'બાંધ ગઠરિયાં મેં તો ચલી, કહીને

''છોટે જનકે પ્યાર તનિકી,
ગઠરી પટકી મેં ઠહરી,
સુન્દર પ્રભુ કે અમર પ્રેમ કી
બાંધ ગઠરિયાં મેં તો ચલી.''

શ્રી **જયંત પાઠક** તો કુંજ–નિકુંજમાં દર્શન કરે છે.

''ગહન કુંજ મેં લે ચલ મુજકો,
અધર સુધારસ પાયો,
સાંવરિયા કી સૂરત કો,
સમરન જગ બિસરાયો.''

કવિ ઉશનસ્‌ને તો રાણાજીનો શબ્દ યાદ આવ્યો અને સાંવરિયાનો શણગાર જોયો.

''કટાક્ષથી આંખડિયે આંજ્યો,
ભેટી પહેર્યો અંગોઅંગ,
ચુંબનથી રંગ્યો અધર લાલ,
વરમાળા શી જોઈ મુને,
રોમ રોમ ફૂલી પ્રીતે,
રાણાજી–પહેરી લીધી ગિરિધરલાલ.''

કવિ દયારામ તો રસિયો ભક્ત કવિ.

'શ્યામ રંગ સમીપે ન જાવું', કહેતાં જ
"દૂરથી દેખીને મને, દોડ્યો આવે દોટે,
પોતાની માળા કૂહાડી પે'રાવે મને કોટે,
એકલડી દેખે ત્યાં મુને પાવલે રે લાગે,
રંક થઈને કાંઈ–કાંઈ મારી પાસે માગે."
કેવી અજબની વાત છે!

ગરબી ગાતાં ગાતાં બ્રહ્માનંદ કથે છે,

"રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછું તે પગલું નવ ભરીએ.
રે રંગ સહિત હરિને રટીએ,
રે હાક વાગ્યે પાછા નવ હઠીએ".

ત્યાં તો **ઈન્દુલાલ ગાંધી**ની વાણી ગુંજે છે.

"એક વાર હું ને મીરાં મથુરામાં ગ્યા'તાં,
ભજનોની ધૂન હતી,
હું મોહ્યો'તો ગીતમાં,
મીરાં તો જોતી હતી
માધવને ભીંતમાં
પથરા પણ મીરાંને સાદ પાડી રૂયા'તાં."

પાછા આવે છે વિરહવ્યાકુળ–**કવિ જયંત પલ્લાણ**

"મોહન તારી મુરલી વિણ એક,
બની બાવરી ગોપી,
ભાન ભૂલીને ભમતી ઘર–ઘર
લોકલાજ છે લોપી,
કંઈ છલકે ઉરનાં ગોરસ એનાં
કોણ ચૂકવશે મૂલ
રાધા બની વિરહાકુલ."

વાહ! **પીયૂષ પંડયા** વધામણાં આપે છે.

"યશોદાને ઓચિંતા નૂર આંખે આવ્યાં,
રાધાનાં નેન દોડયાં,
કે વાયરામાં વાત કીધી.
"શ્યામ આજ આવ્યા."

શ્રીકૃષ્ણની વાંસળીના સૂરના નૂરમાં આત્મસાત્ થઈને ભાગવતકાર શ્રી **યોગેશ શાસ્ત્રી** કથે છે.

ઢળ્યો સૂરજ, દિશાઓમાં–
તિમિર વ્યાપી ગયું જ્યારે,"

જગત પોઢી ગયું ત્યારે,
જગાડી વાંસળી કૃષ્ણે,
વ્હાલી લાગે ક્યારેક, વેરણ લાગતી કો' દિ,
થઈ નારાજ શું આવી,
રમાડી વાસળી કૃષ્ણે."

રાધા રાસેશ્વરીનાં ગીત ગાતાં **ડૉ. સુરક્ષા મહારાજા** તો વિયોગિની મહારાણી રાધાને કથે છે.

"ગોકુળમાં તો છે આજ યમુના મહારાણી,
શ્યામના શરીરની શીતલતા પૂજારિણી,
મારી પ્રેમવેદના ન પિછાની
કે તું છે શ્યામની જગમહારાણી!
હું તો છું વિજોગની મહારાણી."

ત્યારે પ્રેમયોગિની મીરાંની વેદના પણ તેમને સંભળાય છે.

"હું છું મેવાડી ભોળી નારી,
ગિરિધર શ્યામ મુરારિ"

જતુબાઈ તો ભક્તકવયિત્રી તે કૃષ્ણપ્રેમની આરઝૂમાં ઝૂરે છે.

"મન મારું થયું છે રે રંગી રે,
ચાલ્યું શામળિયાની સંગ રે;
સુરતા મારી શૂન્યમાં ચાલી રે,
સાહેબજી ચરણમાં આવી રે."

ભક્તકવિ **નારણદાસ** તો મોરના રૂપમાં કૃષ્ણને જુએ છે.

"મોર તું આવડાં રૂપ ક્યાંથી લાવ્યો?
મોરલા મરત લોકમાં આવ્યો.
સૂતી રે સુહાગણ સુંદરીને

સૂનો સૂનો શોર જગાયો–
મોરલા મરત લોકમાં આવ્યો.

ભક્તકવિ **મીઠાને** વીણાનો નાદ સંભળાય છે.

"વેણુ રે વાગી હો વનમાં,
ચટપટી લાગી મારા તનમાં,
રસિયા આવજો રે હો રાતે,
કોઈ ન જાણે આપને જાતે"
દાસ મીઠાના રે હો સ્વામી,
તન મન સોંપ્યાં મેં અંતરજામી."

ભક્તકવિ **રાજે** તો શ્યામને ઉદ્દેશીને કહે છે,

"સામા ઊભા શ્યામજી,
સરોવરિયે રે,
નયણે સાધે બાણ,
ભવનો ફેરો ભાંગશે.
રાજેના રે રસિયા નાથ."
મોહનજી તમે મોરલા રે હું વારી રે,
કંઈ અમો ઢળકતી ઢેલ."

કવિ **ભાલણ** તો મધ્ય યુગનો કવિ. કથે છે,
"મીઠડા માવજી! મારે મંદિરિયે આવો રે,
નેત્ર સરોજ અંજાવતાં,
દોડી દૂર પ્રભુ જાય.
કહે મુને કામિની
તું કહાં સાંસ ભરાણીજી."

કવિ **મીર મુરાદ** કહે છે,
"કૃષ્ણ અબ દરસ દિયા દે,
ક્યું જીવડા તરસાવે?
કબહુક કામ પડેગો,
મોહન એ સબ આડી આવે."
કહેત મુરાદ મોંસે લાલચન કિજે લાલ,
બિના દિયે દીજેનામે, આપકી બડાઈ રે."

ભજનિક **કાશીબાઈ** વાંસળીનો સૂર સાંભળે છે.
વાગે છે વાગે છે, વનમાળી વાંસળી વાગે છે,
"સૂણીને સોહં જાગે છે,

વાંસળીના શબ્દે નિજ બાળક છોડયાં,
ગોપી પોઢયા પતિને ત્યાગે રે,
પ્રીત લગાડી પ્રભુ પાછાં કાં મોકલો?
જરા બાનાની લાજ લાગે છે."

સુરતીબાઈને મોહનની લગની લાગી હતી

"મધુસૂદન મોહન મળિયો,
મારગડે જાતાં,
વાલાજીનો મોહ લાગ્યો,
વાણીમાં ગાતાં.
માધવ મળવા આવો."

ભક્ત પ્રેમાનંદ કહે છે શ્યામને હું નહિ વિસારું.

"હું તો નહિ રે વિસારું ઘનશ્યામને,
અલબેલો વહાલો, રંગમાં રસીલો
હૈયાનો હાર હરિવર મારો
મનમોહન મધુસૂદન ઉપર
વારિ વારિ નાખું કોટિ કામને રે"

અહીં આપણને **મારકુંડ** ઋષિ કૃષ્ણને પૂછે છે,

"લક્ષ્મીજી પૂછે રે તમે,
સાંભળોને કૃષ્ણ મોરારિ!
કૈલાસે જઈને તમે ભક્તિ કરો છો,
અને અમ સાથે અંતર કેમ કરો?
આ મારગ છે મરજીવા તણો."

ભક્ત કવિ **મીઠાને** કાનુડે રંગ લગાવ્યો.
"કીધી મને ઘેલી ઓધા,
કાનુડે કામણગારે.
આંખલડીમાં એવી કીધી,
અષાઢીની હેલી ઓધા,
મળ્યો રે મીઠાનો સ્વામી,
રંગ ગયો રેલી રે હો"

સ્વામીનારાયણ સંપ્રદાયના **મુક્તાનંદ** સ્વામી કહે છે.

"તારા અધર અમૃતથી,
નાથ હું નવ ધરપું રે,
વાલા નિત્ય નૌતમ શણગાર,
સજી સુખ આપું રે."

પ્રેમસખી **પ્રેમાનંદ** સ્વામી કથે છે,
અંગો તે અંગ, આલિંગન લેતાં,
મોહન મનડું તે ભિજે રે,
પહેલી પ્રીતે નૌતમ રીતે,
નાવલિયાને પામી રે...

રાધા અને કૃષ્ણ તો અભિન્ન છે. **બિંદુ** કવિ કથે છે.

"ઉધર મોહન બને રાધા,
વિયોગન કી જુદાઈ મેં;
ઈધર રાધા બની હૈ શ્યામ
મોહન કી જુદાઈ મેં"

"યઃ કૃષ્ણ સ અપિ રાધા, ચ,
યઃ રાધા કૃષ્ણેવ સઃ ।
એકં જ્યોતિર્દ્વિધા ભિન્નં,
રાધા માધવ રૂપકમ્ ॥"

(શ્રીકૃષ્ણ છે તે પોતે જ રાધા છે અને જે રાધા છે તે જ શ્રીકૃષ્ણ છે. શ્રી રાધા–માધવમાં એક જ જ્યોતિ બે સ્વરૂપે પ્રગટ થઈ ને.)

'કૃષ્ણગાન'નાં કૃષ્ણભક્ત **શ્રી લાભુભાઈ ત્રિવેદી** કથે છે,

"હજુયે, જમુનાની જલધારામાં
ગુંજે છે બંસરીના સૂર.
ગોકુળની ગલી ગલીમાં,
ઊભરાય છે ગોપીઓનાં ગીતપૂર
વૃંદાવનની રજેરજમાં
રાધા રમે છે રાસ.
પણ કોણ સૂણે નીરવ થઈ એ આજ?

ભાગવતરૂપી આંબો અવની પર ઉતારે છે **માધવદાસ**

"આંબો અખંડ ભુવનથી ઊતર્યો,
વ્રજભૂમિમાં આંબાનો વાસ.
વસુદેવે તે બીજક વાવિયું
દેવકીજી ક્ષેત્ર પ્રકાશ.
આંબે જશોદાજીએ જળ સિંચ્યા,
નંદ ગોપ આંબાના રખવાળ."

આ આંબામાં શ્રીકૃષ્ણ અને રાધાએ માધુર્ય રેડયું હતું,

આદિ **શંકરાચાર્યે** શ્રીકૃષ્ણેના સ્વરૂપમાં સકળ બ્રહ્માંડ ફેલાયેલું દિવ્ય રૂપમાં માધુર્ય નિહાળ્યું.

"નવીન ગોપ નાગર, નવીન કેલિ લંપટં;
નમામિ મેઘ સુંદરં તડિત્પ્રભાલ સત્પરં

સમસ્ત ગોપનંદનં, હૃદં બુજેક મોહનં ॥૧૧॥

શ્રીમદ્ વલ્લભાચાર્યે તો શ્રીકૃષ્ણની અખીલાઈમાં સર્વત્ર માધુર્યનું જ રસપાન કરીને મધુરાષ્ટકમાં કહ્યું.

'વેણુર્મધુરો, રેણુર્મધુરઃ પાણિર્મધુરઃ પાદૌમધુરૌ ।
નૃત્યં મધુરં, સખ્યં મધુરં,
ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં ભુક્તં મધુરં ।
ગીતં મધુરં પીતં મધુરં ભુક્તં મધુરં સુપ્તં મધુરં
રૂપં મધુરં તિલકં મધુરં......"
મધુરાધિપતેરખિલં મધુરમ્

'લોકગીત'માં તો કૃષ્ણ, રાધા, ગોપી, વાંસળી અને વ્રજ વિશે લોકહૃદયમાં જે જે અવનવા ભાવો જાગ્યા તે તો મધુર અને ભાવવાહી છે. થોડો માધુર્ય ભાવ માણીએ.

કૃષ્ણની ફરિયાદ કરતી ગોપી યશોદામાને કહે છે,

"માડી હું તો જળ રે જમનાનાં પાણી ગઈ'તી,
માડી મારાં રેઢાં તે બાર ઉઘાડિયાં,
માડી મારાં ખીલેથી વાછરું છોડિયાં,
માડી મારા અણદોયાં અઢાવ્યાં
જશોદાજી, હવે કનૈયાને વારજો."

અહીં કૃષ્ણને કેડે બેસારતી મુખ્ય ગોપી કહે છે,

"આવો આવો ને કાન, કેડે બેસારું,
માખણને રોટલો આલું રે લોલ,
બોરું આલીને મેં તો ઢોરાં ચરાવ્યાં,
એવાં અમે રાધિકા ગોરાં રે લોલ."

રાધા તો કૃષ્ણથી મોટાં છે એટલે કેડે તેડે અને કૃષ્ણ પાસે ઢોર પણ ચરાવે. કેવા છે લોકહૃદયના ભાવ !

અહીં વળી કૃષ્ણના વિરહમાં ભૂતકાળની લીલાને સ્મરી શામળિયાને બોલાવે છે.

"તમે વનમાં વાંસળી વગાડતા,
તમે ગોપીઓનાં ચિતડાનાં ચોર;
તમે જમનાનો આરો રોકતા,
તમે ખોબલે ઉડાડતા નીર.
મળવા આવો સુંદરવર શામળિયા."
કાનો તો કાળજાની કોર છે,
નટખટ નાનકડો, નંદજીનો લાલો,
ગોપી સંગાથે સીધો–દોર છે રે–
શીર પર પાઘ અને કેસરિયા વ્રાઘા,
માથે કળાયલ મોર છે રે–

દાસ **સતારને** તો મોરલી વેરણ થઈ અને કથે છે,

"રમતાં–રમતાં આજ અમારાં,
કાળજડાં કોરાયાં રે,
રમતાં રમતાં આજ અમે તો
દિલડાંને દઈ દીધાં રે
હસતાં હસતાં રાજ અમોને
વેચાતાં લઈ લીધાં રે
ઓરે વીતે તે કેમ રાત?
અમે તો દાભડેયે ખોવાયાં રે."

પરમાનંદદાસ કહે, વૃંદાવનની ગોપીઓ એવો મનોરથ સેવે છે કે,

"વૃંદાવન કયોં ન ભયે હમ મોર?
કરત વિહાર ગોવર્ધન ઉપર,
નિરખત નંદ કિશોર.
કયોં ન ભયે બંસીકુલ સજની,
અધર પિબત ઘનઘોર.
'પરમાનંદ' દાસ કો ઠાકુર
ગોપિન કે ચિતચોર."

ગોપીઓનો મનોરથ જોયો? જો મોર બની શકાતું હોત તો મારું પીંછું કૃષ્ણ સદા તેમના મુગટમાં રાખત, અને ગોવર્ધન પર્વત પર ચડીને કૃષ્ણના દર્શન કરી શકત. અથવા કૃષ્ણના અધરામૃતનું પાન કરવા માટે મોરલી બની હોત તો? ગોપીઓનાં ચિત્તને ચોરનાર કૃષ્ણની સમીપ રહેવાનું મળત.

'રસલીન' નામના વ્રજ કવિ તો વાંસળીને ઉદ્બોધન કરે છે.

"બંસી! બંસી નામ તવ
રાખ્યૌ કોઉ પ્રબીંન।
તાન તાન કી ડોરતેં,
ખેંચી લેલિ મન–મીન"

કવિ વાંસળીને કહે છે તારું નામ બંસી રાખનાર કોઈક ચતુર વ્યકિત હશે કેમ કે તાન–આલાપ આપી તું મનરૂપી માછલાંને સંસાર–જલની બહાર ખેંચી કાઢે છે.

કવિ **રસખાન** તો મોહદશાનું વર્ણન કરે છે.

"કહે 'રસખાનિ' સો સબૈ બ્રજ બનિતા વધિ,
બધિક કહાય હાથ ભઈ કુલ હાંસુરિ,
કરિયે ઉપાય બાંસ ડારિયે કઢાય,
નાહિં ઉપજૈગૌ બાંસ નાહિં બજૈ કેરી બાંસુરી"

વાંસળી વાગતાં જ જળ ભરી જતી ગોપીઓ રસ્તામાં જ થંભી ગઈ. અર્ધમૂર્છિત થઈ ગઈ. કૃષ્ણે તો જાણે મારી જ નાખી. આપણે હાંસીને પાત્ર બની. એમ થાય છે કે, જગતના સઘળા વાંસને વઢાવી નાખીએ. વાંસ જ નહીં રહે તો વાંસળી વાગશે નહિ અને આપણી આવી સ્થિતિ થશે નહિ.

"**સૂરજ**, ઉપનામધારી કવિ કથે છે,

"રચ્યો રાસરંગ શ્યામ સબહીં સુખ દીન હોં।
મુરલી સુર હરિ પ્રકાશ, ખગ, મૃગ સુનિ રસ ઉદાસ,
ઉલટિ યમુન બહતિ ધાર, વિપરિત સબ હી વિચાર.

શ્યામ સુંદરે જ્યારે રાસ મહોત્સવ ઊજવ્યો. મોરલીના સૂર પ્રગટ કરવાનું કામ પ્રથમ કર્યું. રાસલીલા મુરલીના ગાન વિના થાય નહિ. મોરલીનો નાદ સાંભળીને પક્ષી, મૃગ સૌ મોહિત થઈ ગયાં. યમુનાનો પ્રવાહ ઊલટી દિશામાં વહેવા લાગ્યો. એવો છે મોરલીનો ભાન ભુલાવે તેવો નાદ.

ભાવનગરના પ્રસિદ્ધ ગઝલકાર **સ્વ. મરીઝ** તો કથે છે કે,

"હે કૃષ્ણ! દે ખબર જઈ છાંયમાં બેસુ.
જે ઝાડની શાખામાંથી તે વાંસળી લીધી."

મરીઝ કહે છે મને કૃષ્ણની છાયા ન મળે તો કાંઈ નહિ પરંતુ એ વાંસળીના પિતાની (વૃવાંસની) છાયા ઠારશે. એવી મને શ્રદ્ધા છે નંદકિશોરની વાંસળી પ્રત્યે !

ગુજરાતના વીસનગરના જ્ઞાની **કાજી અનવર મિયાં** તો શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. મોરલીને કહે છે.

"મોહન મોરલી વગાડી રે,
મારું મન વશ કરવા,
તેના શબ્દે હું જાગી રે,
સ્વામી સાથે ચિત્ત ધરવા.
અનહદ નાદનાં વાજાં રે
વગાડી વશ કીધી,
એવી રચના રચાવી રે
મોહન મારું મન હરવા"

આ પંક્તિ તો અત્યંત ગહન છે, જેમાં યોગનાં સ્ફુલ્લિંગો જોવા મળે છે.

બ્રહ્મનિષ્ઠ **શંકર મહારાજ ઉનાવાવાળા** શ્રીકૃષ્ણનો મહિમા ગાતાં ભાવોદ્રેક બને છે.

"કરુણાસાગર કૃષ્ણની,
કળા નહિ જ કળાય,
નટવર નંદ કુંવર પ્રભુ,
ભક્તિથી જ વશ થાય."
કલ્પવૃક્ષ રૂપ કૃષ્ણ છે."

'માધવ માધુર્ય'ના લેખક કવિ શ્રી **હિંમતલાલ દવે**એ શ્યામસરોવરમાં કમળપત્ર પર અલૌકિક દર્શન કર્યું. સરોવરસ્નાનથી શીતળતા સાથે પાવનત્વ પ્રાપ્ત થયું. મનશુદ્ધિ અને ચિત્તશુદ્ધિએ દર્શન અપાવ્યું.

"કમળપત્ર પર કૂહાન રાધાનાં,
મનહર દર્શન ન્યાળ્યાં,
જળ લહરોમાં મૂર્તિમંત એ–
લખ લખ રૂપ નિહાળ્યાં,
જળમાં તરતી છબી પકડતાં
સ્વયં શૂન્ય બની જાઉં.
મારે શ્યામસરોવર જવું."

આ તો શ્યામનું આત્મસરોવર, પ્રેમસરોવર, ભાવસરોવર, દિવ્ય સરોવર છે.

૬. શ્રીકૃષ્ણ અને રાધાની લીલાભૂમિ વ્રજ

લોકવાણી છે કે, મહારાજ કેદારની પુત્રી વૃંદા કૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કરવા ઇચ્છતી હતી. એને માટે વૃંદાએ જે ભૂમિ પર કઠોર તપસ્યા કરી હતી તે ભૂમિને **'વૃંદાવન'** નામથી ઓળખવામાં આવે છે. પાવન અને તપોભૂમિ હોવાના કારણે વૃંદાવન ધામ તપસ્યા, સાધના, ધ્યાન અને સંકીર્તનની અદ્ભુત ભૂમિ બની છે. વૃંદાવનની અધિષ્ઠાત્રી દેવીના રૂપમાં વૃંદા પૂજનીય છે.

વ્રજભૂમિ તો તીર્થધામ

વૃંદાવન મથુરાથી છ માઈલ ઉત્તર દિશામાં છે. તે રાજમાર્ગ પર બંને બાજુના સઘન જંગલ નયનાભિરામ દૃશ્યથી આકર્ષિત છે. તે માર્ગ પર ભક્તજનોના અત્યંત શોભિત આશ્રમો અને વિશાળ મંદિરો કલાત્મક અને સુંદર છે. ત્યાં પગલાબાબાનું પ્રસિદ્ધ મંદિર છે. વૃંદાવનમાં સાધુ, સંતો અને મહાત્માઓના મઠ, મંદિર તથા ધર્મશાળાઓ છે. સાધુબેલા કદંબ છાયા અને રમણ નિર્મિત રેતીનું સ્થાન છે ત્યાં ભગવાન સાક્ષી ગોપાલનું આરસનું મંદિર છે. અને વ્રજભાષાનું અનોખું માધુર્ય છે. ભગવાન શ્રીકૃષ્ણ અને રાધારાણીના પ્રસંગોનાં લીલાત્મક સ્વરૂપોની અભિવ્યક્તિ ભારતીય વાઙ્મયની અક્ષયનિધિ છે. અહીંના લોકોનું સંબોધન 'શ્રી રાધે' છે. બાંકે બિહારીની પ્રગટભૂમિ છે.

રાધાજીની જન્મભૂમિ બરસાના

વૃંદાવન, યમુનાતટ, કુંજ–નિકુંજ, રાધારાણીની જન્મભૂમિ 'બરસાના' ગામ. ગોવર્ધનગિરિ, રમણરેલી, વ્રજભૂમિ આ સૌ શ્રીકૃષ્ણ અને રાધિકાજીની લીલાસ્થળી છે. વૃંદાવનથી ૩૫માઈલ દૂર બરસાના ગામ છે. તેનું પ્રાચીન નામ 'બૃહત્સાતુ' છે. તેને 'બ્રહ્મસાતુ' અથવા 'વૃષભાનુપુર' કહે છે. શ્રીકૃષ્ણની નિત્ય નિકુંજેશ્વરી, પ્રાણવલ્લભા, આહ્લાદિની શક્તિની પિતૃભૂમિ છે. તે પહાડી ભાગને બ્રહ્માનું સ્વરૂપ માને છે. તે પહાડના શિખરને 'મોરમુખી' કહે છે. એનો અર્થ એ છે કે, ભગવાન શ્યામસુંદર મોર બનીને શ્રી રાધાકિશોરીને રીઝવતા હતા. ત્યાં કિશોરીજીનું વિલાસગૃહ, દાણ–લીલા સ્થાન છે. કૃષ્ણે રાધા અને સખીઓ સાથે દહીં–માખણની લૂંટાલૂંટ કરી હતી તેની સ્મૃતિરૂપે હોળી ઉત્સવ થાય છે.

ગોવર્ધનગિરિ

વૃંદાવનથી ૨૫ માઈલ દૂર ગોવર્ધન પર્વત છે, જે સાક્ષાત્ વિષ્ણુસ્વરૂપ છે. ઇન્દ્રનું અભિમાન ઉતારવા ઇન્દ્રની પૂજા બંધ કરાવીને ગોવર્ધનની પૂજા કરાવી તેથી ઇન્દ્રે અતિવૃષ્ટિ કરી પરંતુ શ્રીકૃષ્ણે પોતાની આંગળી ઉપર ગોવર્ધન તોળ્યો ને તમામ ગોપ–ગોપીઓનું રક્ષણ કર્યું હતું. આ કથા પ્રચલિત છે. તેની ૧૪ માઈલની પરિક્રમા કરનારને અક્ષયફળ પ્રાપ્ત થાય છે. વૈષ્ણવો, સંતો, સાધુઓ અને ભક્તજનો આ ગિરિરાજની પરિક્રમા કરીને પુણ્ય પ્રાપ્ત કરે છે. માર્ગમાં ગોવિંદકુંડ, રાધાકુંડ, કૃષ્ણકુંડ અને કુસુમ સરોવર વગેરે સુંદર છે. વૃંદાવનની મહત્તા પદ્મપુરાણમાં જણાવી છે.

"ગુહ્યાદ્ ગુહ્યતમં રમ્યં વૃંદાવનં ભુવિ ।
અક્ષરં પરમાનંદં ગોવિન્દસ્થાન મવ્યયમ્ ॥

અર્થાત્–આ વ્રજભૂમિની પ્રાપ્તિથી મુક્તિ પણ મુક્ત થઈ જાય છે. તે વ્રજભૂમિની યાત્રા ખરેખર માનવમાત્રને મુક્તિ પ્રદાન કરવામાં પૂર્ણ તથા સમર્થ છે. સિદ્ધો, સંતો, મુનિઓ અને સાહિત્યકારોએ આ વ્રજભૂમિની અત્યંત પ્રશંસા કરી છે. આ છે શ્રીકૃષ્ણને રાધાની વિહાર–લીલા ભૂમિ !

શ્યામપ્રિયા—મહારાણી યમુના

વૃંદાવન ધામ તો રસથી ઓતપ્રોત છે. ભગવતી યમુનાની શ્યામ જળધારા. શ્યામ–શ્રીકૃષ્ણની છાયાથી શ્યામજળ લઈને વહેતી શ્યામપ્રિયા યમુના રાણી તો શ્રીકૃષ્ણની બંસરીના બોલથી ગુંજે છે. તેના પ્રવાહના નાદમાં બંસરીનો શોર છે. રાધાનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ, તે પછી વિરહ, કલહ અને સંગ વગેરે ભાવોની સાક્ષીભૂતા યમુના પાસે કૃષ્ણ, રાધા, ગોપ, ગોપીઓ, ગાયો, બંસી અને પક્ષીઓના કલરવમાં ગુંજતો" શ્રીકૃષ્ણ રાધા પ્રિય હે સખેતિ'નો નાદ, આ સૌની સ્મરણકથાનાં સાક્ષી છે કૃષ્ણપ્રિયા યમુનારાણી. તેમનાં દર્શન–સ્નાનથી માનવ પાવન બને છે. માધવનાં માધુર્યનું રસપાન કરી શ્યામ જળ વહાવતી કૃષ્ણપ્રિય મહારાણી યમુનામૈયા તો માધવનું 'રસો વૈ સઃ' માધુર્ય છે.

માધવનું માધુર્ય તો મોરલી

વ્રજવિહારી શ્રી કૃષ્ણ રસરૂપ છે તે અભિવ્યક્ત થાય છે વાંસળીમાં. વાંસળી એ સ્થૂળ વાદ્ય નથી પરંતુ શ્રીકૃષ્ણની સાથે અભિન્ન વિલસતી અદ્ભુત અને અલૌકિક શક્તિ છે. જેમાં શ્રીકૃષ્ણે પ્રાણશક્તિ

ઘૂંટી ઘૂંટીને ભરી છે જેથી તેની મોહક શક્તિ સૌને આકર્ષે છે. આ શક્તિપ્રદાનું નામ છે વાંસળી. ભક્તોનો ઉદ્ધાર કરવો, સર્વનું ઊર્ધ્વીકરણ કરવું એ પ્રભુનો હેતુ છે. વેણુનાદની મધુરી ભક્તિ દ્વારા જડ, ચેતન, ચર, અચર, પ્રાણી, પશુ અને માનવીનો ઉત્કર્ષ કરે છે.

મયૂરપિચ્છ અને મોરલી એટલે શ્રીકૃષ્ણ. દિવ્ય સ્વરૂપની કૃષ્ણાનુરાગીઓની છે માધુરી ભક્તિ. મોરલી વિના મધુરાધિપતિ પણ અધૂરા લાગે. વાંસળી, મોરલી, બંસી આ નામ તેની રચના પ્રમાણેનાં છે. ‘શ્રી સરસ્વતી તો વાણીની અધિષ્ઠાત્રી દેવી છે. તેમણે કૃષ્ણને રીઝવવા વાંસળીનું રૂપ ધારણ કર્યું તે વાત શ્રી કૃષ્ણોપનિષદ’માં છે. વાંસળી મોહ ઉપજાવે છે પરંતુ તે સંસારમાં મોહ કરાવતી મહામાયા છે. પ્રભુ પ્રત્યે મોહ કરાવનાર યોગમાયા છે.

યમુનાજી સ્વયં બોલ્યાં છે, “શ્રીકૃષ્ણ જ રાધાજી છે અને શ્રીરાધાજી જ શ્રીકૃષ્ણ છે. તેમજ આ બંનેનો પ્રેમ એ જ વેણુ છે.” નંદનંદનની બંસી દ્વારા ઉદ્ભાષિત લીલા શુદ્ધ પ્રેમ–રસની લીલા છે. રાસલીલાના પ્રસંગે વેણુથી પ્રેરિત ગોપિકાઓ સાથેની લીલામાં વિશુદ્ધ સ્નેહ સિવાય અન્ય રસનું રથાન નથી. માટે બંસી પ્રેમરૂપા છે, શ્રીકૃષ્ણ વાંસળીને અધરોષ્ઠ પર ધારણ કરે છે ત્યારે રાધાજીના ભાવથી તે બિરાજે છે. અને જ્યારે પોતાના હાથમાં વાંસળી ધારણ કરે છે ત્યારે કુમારિકાનો ભાવ છે.

શ્રી કૃષ્ણની વાંસળીનાં વિવિધ સ્વરૂપ

શ્રીકૃષ્ણની વેણુમાં ૭ છિદ્ર છે અને વાંસથી બનેલું એ વાદ્ય છે. તેથી નદી અને પવનને તેમનાં માતા અને પિતા કહ્યાં છે. શ્રીકૃષ્ણની વાંસળીના ૩ ભેદ.

(૧) **વેણુ :** બાર આંગળ લાંબી અને છ છિદ્રવાળી
(૨) **મુરલી :** બે હાથ લાંબી. પાંચ છિદ્રવાળી.
(૩) **વંશી :** સત્તર આંગળ લાંબી, નવ છિદ્ર છે.

શ્રીકૃષ્ણની વાંસળીનું નામ મહાનંદા અથવા સંમોહિની છે. તેનાથી મોટી બંસીનું નામ આનંદિની છે. તે વાંસની બનેલી છે. લીલા ભેદ અનુસાર પ્રભુ આ બધી વાંસળીઓનો ઉપયોગ કરે છે. સાત છિદ્ર વાંસળીમાં સૌથી ઉપરનું છિદ્ર રાધાને રસપાન કરાવવા માટે છે. પછીનાં છ છિદ્ર છે તેમાંનું પ્રથમ શ્રી ચંદ્રાવલીજી, બીજું સોળ હજાર અગ્નિકુમારિકાઓ, ત્રીજું વ્રજની ગાયો, ચોથું ગોવર્ધન, પાંચમું વ્રજમાં રહેતાં પશુપક્ષીઓ ને છેલ્લું છઠ્ઠું વેણુરન્ધ્ર (છિદ્ર) દેવતાઓના રસપાન માટેનું છે.

“લોકલાજ કુલકાન તજિ, સબ બોલતી અમૃતબાની”

લોકલજ્જા અને કુલમર્યાદાનો ત્યાગ કરી મધુર વચનો બોલનાર મોરલી પ્રભુની પ્રિયા બની ગઈ છે. અને તેથી **“વેણોર્મધુરો”** શ્રીકૃષ્ણની વેણુ પણ મધુર છે.

“અયમાત્મા સર્વેષાં ભૂતાનાં મધુ,
અસ્યાત્મનઃ સર્વાણિ ભૂતાનિ મધુ”

ભક્તોનું મધુ શ્રીકૃષ્ણ છે, શ્રીકૃષ્ણનું મધુ ભક્તો છે. ભક્ત–ભગવાનના પારસ્પરિક મધુ–ભાવને જગાડનાર વેણુ છે. એટલે કે આત્મા અને પરમાત્મા વચ્ચેનું તે મધુરું માધ્યમ છે. તેથી વેણુ મધુર છે. તે છ ઐશ્વર્યથી યુક્ત હોવાથી ભગવદ્ રૂપ છે. (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન વૈરાગ્ય—આ છ ઐશ્વર્ય છે.)

એક વખતનો પ્રસંગ છે. રાધાને મોરલી બનવાનો વિચાર આવ્યો તેથી કહે છે કે “વાંસના વંશમાં જન્મ લઈ હું વાંસળી બનીશ. કૃષ્ણ આસક્તિપૂર્ણ મને મળશે પણ માનવરૂપમાં જન્મીશ તો કૃષ્ણને મળવાનું દુર્લભ થશે.” કેવું છે વાંસળીનું ગૌરવ ! ત્યારે અન્ય ગોપીઓ વિચાર છે કે કૃષ્ણ આ વાંસળીને છોડતા જ નથી. હાથમાં ધારણે કરે છે, કાં તો અધર પર અથવા તો કેડમાં ખોસી રાખે છે. તેણે સ્નેહની દોરીથી બાંધી રાખે છે. માટે આપણે મોરલીને ચોરી લ્યો. તેથી સુરદાસ કહે છે,

“સૂરદાસ પ્રભુ કે મન સજની, બાંધ્યો રાગકી ડોરી.”

તમાલ વનની ઘન છાયામાં યમુનાકિનારે જ્યાં જળધારા વહી રહી છે ત્યાં કમળપત્રના પડિયામાં પધરાવેલ દધિ-ભાતને આરોગતા, ડાબા હાથમાં મધુરી વાંસળી ધારણ કરેલા શ્રીકૃષ્ણ તો વાંસળીને છોડતા જ નથી. વેણુમાં તો ગોપીઓ અને ગાયોનાં નામ બોલે છે અને તેથી એ સૌ ત્યાં દોડી જાય છે. મોરલીનો નાદ તો મિલનનું સ્થાન છે.

રાધા યશોદા પાસેથી કૃષ્ણને લઈ ગયા

રાધા એક દિવસ સવારે યશોદાને ઘેર આવ્યાં અને કહે, “યશોદામૈયા, તમારા કુંવરને જગાડો. મને કાલે વનમાંથી મોરલી મળી છે. તમારો ક્હાન કેવો છે! આ તો સારું થયું કે મોરલી મારી નજરે ચડી. નહિતર એ ખોઈ જ નાખત!” આ પ્રિય વચન સાંભળીને કૃષ્ણ તો શય્યામાંથી બેઠા થઈ ગયા અને ક્હેવા લાગ્યા, “રાધે, તું મારી મોરલી આપવા તો આવી પણ એની સાથે મારી સોનાની પહોંચી પણ હતી. એ તું કેમ આપતી નથી?”

રાધા કહે, “કૃષ્ણ, તમારી પહોંચી મારા જોવામાં ન આવી. જો તમે મારી સાથે હમણાં જ વનમાં પધારો તો એ જગ્યા જરૂર બતાવી દઉં કે જ્યાંથી મને મોરલી મળી આવી.” મોરલીના બહાના નીચે રાધા શ્રીકૃષ્ણને વનમાં લઈ ગયાં. યુગલ સ્વરૂપની અન્ય લીલાઓમાં—ચાતુરીમાં મોરલીએ ઘણો સાથ આપ્યો છે.

રાધાએ મોરલી બજાવીને સન્માન મેળવ્યું

કુંજભુવનમાં શ્યામ અને શ્યામા બિરાજ્યાં હતાં. શ્રીકૃષ્ણને ઇચ્છા થઈ કે આજે વૃષભાનુ નંદિની પાસે મોરલી વગાડાવીએ. તેમણે ચતુરાઈ કરી. પ્રભુએ મોરલીમાં સારંગ રાગ ગાયો અને જાણીબૂઝીને તાનમાં ભૂલ કરીને વાંસળી નીચે મૂકી દીધી. કલામાં પ્રાવીણ્ય-ગાંધર્વા—રાધાએ તરત મોરલી હાથમાં લઈને વગાડી તથા કૃષ્ણે જે તાનથી ભૂલ કહી હતી ત્યાંથી તેમણે વગાડી બતાવી. એટલું જ નહિ પણ કૃષ્ણ કાયમ વગાડતા હતા તેના કરતાં અધિક સુંદર વાંસળી વગાડી તેમના વાંસળીના નાદે ત્રિભુવન ડોલ્યું. આ વખતે સૌ દેવોએ આવીને શ્રી રાધાનું સન્માન કરી પુષ્પમાળા પહેરાવી. આ એક ધન્ય પ્રસંગ છે. તેથી રાધાનું નામ ગાંધર્વી છે. મોરલીનું મહાન પુણ્ય હશે કારણ કે નંદકિશોર તેને સતત સ્પર્શસુખ આપે છે. મોરલીની તપસ્યા તો જુઓ. ઋતુઋતુના તાપ–સંતાપ સહન કર્યા, તેને કાપ્યા, છિદ્રો પાડ્યા ને અંદરથી પોલી બનાવી. આટલી ઉગ્ર તપસ્યા બાદ બાંકે બિહારીએ વાંસળીને મૂર્ધન્ય સ્થાન આપી કૃતાર્થ બનાવી છે.

“આજુ મૈંને દેખે ગિરધારી,
વૃંદાવન કુંજન સંચારી,
બજાવે બંસી કુંજન મેં”

વેણુની સંમોહિની પાછળ મેઘ, મયૂર, ગોપીઓ ઘેલા છે.

વેણુનાદનું-અલૌકિક માહાત્મ્ય

“વંશીધ્વનિ जयति” વેણુની જેમ વેણુનાદનું માહાત્મ્ય છે. વેણુમાં સ્વયં બ્રહ્મ ફૂંકાય છે: સ્વયં બ્રહ્મ પોતાની પ્રાણશક્તિથી વેણુવાદન કરે છે. આ વેણુધ્વનિ—વેણુનાદ તો મુનિઓ, પરમહંસો, મહાત્માઓ, યોગીઓ જેવા નિર્ગુણ-નિરાકારના ધ્યાનનો ભંગ કરી દે છે. સ્વર્ગની મધુરતાને ફિક્કી પાડે છે. વેણુમાંથી પ્રગટ થતી અમૃતધારાને માટે વેણુનાદ-ગીત-કુંજન-રવ જેવા શબ્દોનો પ્રયોગ થયો છે. વેણુનાદ તો શૃંગાર રસનું ઉદ્દીપન છે તે વિપ્રયોગાત્મક ઉદ્દીપન છે. વેણુકૂજન એ સંયોગ સુખનો અનુભવ છે. તે નાદનું જ એક રૂપ છે. વેણુનાદ રસાત્મક છે. રસ એટલે આનંદ છે. ભક્તોના ભારનો નાશ કરીને ભક્તિને વિશુદ્ધ કરનાર વેણુનાદ તો **પ્રેમલક્ષણા ભક્તિનું** આવશ્યક લક્ષણ છે. બ્રહ્મનું પ્રમાણ સ્વરૂપ એ શબ્દ બ્રહ્મ છે. શ્રીકૃષ્ણ રસબ્રહ્મ છે. તેમનાં દર્શન કરવા સુરદાસજી કથે છે,

"સુર રોમપ્રતિ લોચન દે તો દેખત બને ગોપાલ" ભક્ત સુરદાસજી તો કહે છે, **"મને રોમે રોમે નેત્ર આપો"** અને ભક્તો કહે છે, "આ બંસીધર ગોપાળનો વેણુનાદ સાંભળવાએ મને દસ હજાર કાન આપો" "ભદ્રં કર્ણેભિ: શૃણુયામ દેવા" વેદવાણી છે–આ વેણુનાદ તો–શબ્દબ્રહ્મ છે અજ્ઞાન–અવિદ્યાનો નાશ કરે છે. સરસ્વતી અને નારદની વીણા, શંકરનું ડમરું, વિષ્ણુનો શંખ, એ દેવસૃષ્ટિનાં વાદ્યો પર પણ નાદસૃષ્ટિનો પ્રભાવ વિશેષ બતાવ્યો છે. શ્રીકૃષ્ણ તો श्री कृष्ण वेदानाँ सामवेदोऽस्मि । છે. વેદોમાં એ સામવેદ છે. સામવેદ મધુર રસવાળો ગાનાત્મક વેદ છે.

વેણુનાં છિદ્રોમાં શ્રીકૃષ્ણ પોતાના અમૃતરૂપ-રસ રૂપનો અનુભવ કરાવે છે. આ બ્રહ્મની શ્રાવ્ય અનુભૂતિ છે. જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગથી પર એવો આ મધુરા ભક્તિનો માર્ગ છે. બ્રહ્મનાદની જનની વેણુ કેટલી મહાન ! સર્વને મોહમાં નાખનારી અને મધુરાભક્તિરૂપી સુખના સમુદ્રમાં ડુબાવી દેનારી વેણુમાંથી કેવળ સંગીત કે ગીત જ પ્રગટતું નથી પરંતુ આનંદબ્રહ્મનું જ એના દ્વારા પ્રાગટ્ય થાય છે.

> "નાદ અમૃત કો પંથ રંગીલો, સુચ્છમ ભારી,
> તિહિ મગ વ્રજતિય ચલીં,
> આન કોઈ નહીં અધિકારી.
>
> **—નંદદાસ**

નાદના ત્રણ પ્રકાર છે. **ચંદ્ર** એટલે મંદસ્વર, **મધ્ય** એટલે મધ્યમ સ્વર, **તાર** એટલે ઉચ્ચ સ્વર. મંદસ્વર નિકટ નિકુંજ. મધ્યમ સ્વર કાંઈક દૂર, અને તાર સ્વરનો વેણુનાદ સુદૂરનો સૂચક છે. વેણુનાદ સમયે કૃષ્ણ ત્રિભંગ લલિત સ્વરૂપ ધારણ કરે છે.

"તરુ તમાલ તરે ત્રિભંગી તરુણ કાન્હ કુંવર"

મોરલીની અદ્ભુત અસર

સંસ્કૃત કવિ, હિંદીભાષી કવિ, ગુજરાતી કવિ, વ્રજભાષી કવિ કે કોઈ પણ ભાષાભાષી કવિઓએ '**મોરલી**'નાં મધુરાં ગાન ગાયાં છે. કૃષ્ણને કહાન, કાનો, નંદકિશોર, નંદનો લાલો જેવા નામથી અને રાધાને પણ રાધિકા, વૃષભાનુ છોરી, બરસાના કિશોરી, નામથી સંબોધી કવિઓએ પોતાનાં ગાન ગાયાં છે ત્યારે તેમાં કેન્દ્રમાં મોરલી છે, વેણુ છે, વાંસળી છે કે બંસરી છે. પ્રત્યેક કવિકર્મમાં વાંસળીને વરણાગી, કાષ્ટતણો કરકડો, વેરણ વાંસળી, મધુર વેણુ, બંસીએ ઘેલાં કર્યાં, વિજોગણ વાંસળી, એવા નામાભિધાનવાળાં કાવ્યોથી મોરલીને અનેક સ્વરૂપોમાં કંડારવામાં આવી છે.

મોરલીના તાનમાં અને એના મધુર નાદમાં તો રાધાને અસંપ્રજ્ઞાત સમાધિયોગ થાય છે. ગોપીઓ તો સાનભાન ભૂલીને ચેતનહીન થઈ, કાષ્ઠપૂતળી સમાન થઈ જાય છે. તે સ્વયં ખોવાઈ જાય છે. મોરલીનો નાદ મિલનનો તલસાટ જગાડે. **રસકવિ રસખાન** આસ્વાદ્ય આપે છે.

> "બજી હૈ બજી રસખાનિ બજી;
> સુનિકે અબ ગોપકુમારી ભજી હૈ."

મોરલી વાગતાં જ ગોપીઓનું જીવવું મુશ્કેલ થઈ જાય છે. તેના માધુર્યમાં તન્મય થઈ જાય છે. વળી પાછી વાંસળી વાગીને વિરહીઓની પીડાને વધારે ઉત્તેજિત કરે છે. આ અમૃતસુધાનું પાન વ્રજના સમગ્ર ચિત્ અચિત્ તત્ત્વને મોરલી દ્વારા કરાવ્યું છે. તે તો બ્રહ્મનું–પરમાનંદનું દ્રવીભૂત તરલ સ્વરૂપ હોવાથી ભક્તના સમગ્ર અસ્તિત્વમાં ફેલાઈ જાય છે. એ તો સારરૂપા છે. વ્રજભક્તોને કર્ણ દ્વારા હૃદયમાં પ્રવેશી જાય છે. સમુદ્રમંથન વખતે વિષ્ણુ ભગવાને **મોહિની** રૂપ લીધું હતું. અહીં મુખરૂપી સમુદ્રનું મંથન કરીને વેણુ વડે અધરામૃતને પ્રગટ કરીને અહીં **મોહનરૂપ** પ્રગટ કર્યું છે.

રસશાસ્ત્રની દૃષ્ટિએ મોરલીનો નાદ

રસના આસ્વાદનનાં જે કારણ છે તેને **વિભાવ** કહે છે. આ વિભાવ **આલંબન** અને **ઉદ્દીપન** એવા બે ભેદવાળા છે. એમાં જે વસ્તુના કારણે રસોદ્રેક થવાનુ –રસનિષ્પત્તિ થવાનું શક્ય બને છે તે **ઉદ્દીપન વિભાવ** કહેવાય છે. હૃદયમાં પૂર્વસંસ્કારરૂપે બિરાજમાન **રતિ** આદિ સ્થાયી ભાવ જ્યારે વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવ દ્વારા અભિવ્યક્ત થાય છે ત્યારે તે આસ્વાદ અથવા આનંદરૂપ થઈ જાય છે. ત્યારે એ **રસ** કહેવાય છે. હવે અહીં મોરલીના નાદમાંથી રસનિષ્પત્તિ થાય છે તે વિચારીએ.

ભગવાન શ્રીકૃષ્ણના ભક્તિરસને ઉદ્બુદ્ધ કરનારા ઉદ્દીપન વિભાવોમાં શ્રીકૃષ્ણનું ત્રિભુવન કમનીય દિવ્ય સ્વરૂપ–સૌંદર્ય, શ્રી અંગ ઉપરનો શૃંગાર, મનોહર ચેષ્ટાઓ, વૃંદાવન લીલા વગેરે અનેક એવા વિભાવો દ્વારા ઉદ્દીપન વિભાગ પ્રગટે છે. મોરલી તો ઉદ્દીપન વિભાવરૂપ છે અને સર્વશ્રેષ્ઠ આલંબન વિભાવ એવી વ્રજાંગનાઓ ગોપાંગનાઓ છે તે મોરલીની મોહિનીથી છવાઈ જાય છે. વેણુનો પ્રભાવ વૃંદાવન પર છે.

મોરલીની મધુર અસરમાં ગોપીઓ

મોરલીની મધુર અસર તો ગોપીઓ પર થઈ. કોઈએ પતિ અને ઘર, કોઈએ તન–મન, સર્વસ્વ છોડીને એકલા જ રહ્યા. અરે ! સ્વયં ગોપાલકૃષ્ણ પણ મોરલીના વશમાં થઈ ગયા. રસ–સ્નેહસૃષ્ટિમાં જ્ઞાત–અજ્ઞાત એવા અનેક પ્રદેશોમાં એ વિચરણ કરાવે છે. શરીરના વ્યવહારો અટકી જાય તેને 'સ્તંભ' કહે છે. રાધાની પણ આવી સ્તંભ દશા થઈ ગઈ. જાણે રાધા નહિ પણ એમની મૂર્તિ છે, ચિત્ર છે. નેત્રની પાંપણો પણ સ્થંભી ગઈ, ગોપીઓ તો કઠપૂતળી જેવી સ્થિતપ્રજ્ઞ બની ગઈ. વ્યાકુળતા, વ્યામોહ, ઉન્માદ, આસક્તિ, વશીકરણ, મનહરણ, વિસ્મરણ થવાં લાગ્યાં. વ્રજવનિતાઓને રાસ પ્રસંગે મોરલીના નાદની અસર થતાં જ સ્વ અને સ્વકીયનું વિસ્મરણ થયું. મૃગ અને મૃગલીઓ તો ચારો ચરવાનું ભૂલીને મોરલીના નાદમાં શૂન્ય થયાં. ગાયો મોરલીના નાદમાં ખોવાઈ ગઈ. મયૂરે પોતાની કલાઓ સંકોરી લીધી. મેનાના મધુર શબ્દો અશબ્દ થયા. યમુનાનાં જળ થંભી ગયા. યોગીઓની યોગસમાધિ છૂટી ગઈ. રાસમહોત્સવ તો રચ્યો ને સર્વને સુખ આપ્યું પરંતુ તેમાં મોરલીના સ્વરને પ્રગટાવવાનું કાર્ય પ્રથમ હતું. રાધાના વિશાળ, ચંચળ અને અણિયાળાં નેત્રો એવાં દીર્ઘ હતાં કે શ્રીકૃષ્ણના કરકમળમાં સમાતાં ન હતાં. એવી હતી કૃષ્ણને રાધાની આંખમિચૌની.

શ્રીકૃષ્ણ તો મોરલીના વાદનમાં વિશારદ હતા. શ્રીકૃષ્ણનું દર્શન અને મોરલીનું રસપાન એ તો વ્રજનિવાસીઓનું પરમ વ્યસન હતું. ગોપિકાઓમાં પણ સ્વભાવ અને સ્વરૂપભેદ અનુસાર વેણુનાદનો પ્રભાવ જુદી જુદી રીતે પડે છે. કોઈ શ્રવણ કરતાં જ મૂર્છિત થઈ જાય છે, કોઈ મૂક બની જાય છે, નેત્ર બંધ થઈ જાય છે. પાંપણના પલકારા પણ બંધ થઈ જાય છે. શ્વાસ પણ જાણે ચાલતો નથી. એવી સ્થિતિ સર્જાય છે. જુઓ તો ખરા ! આખા વિશ્વને માયાના જોરે નચાવનાર કૃષ્ણ આજે આ મોરલીના પ્રભાવે નાચી રહ્યા છે. મોરલી જાણે છે કે કૃષ્ણ મારે આધીન થઈ ચૂક્યા છે. મોરલીની અદબમાં ગરદન ઝૂકાવીને ઊભા રહેવું પડે છે. મોરલી રોષમાં હોય છે ત્યારે કૃષ્ણ સૌની તરફ વક્ર દૃષ્ટિથી જુએ છે, અને

એક પળ માટે પણ શ્રીકૃષ્ણને નહિ છોડનાર મોરલીને જ્યારે છોડી, ત્યારે કૃષ્ણના માનસ પર કેવી ઘેરી અસર પહોંચી હશે ! તેમની સંવેદનાઓએ કેવી વ્યથા અનુભવી હશે ! શ્રીકૃષ્ણે મયૂરપિચ્છનો ત્યાગ તો કદાપિ ન કર્યો પણ ગોપીઓ, રાધા અને મોરલીનો ત્યાગ કર્યો. આ શું મોરલીને માટે ઓછો પ્રત્યાઘાત છે? દિવસે અધરામૃતનું પાન કરાવનાર કૃષ્ણ, ત્રિભંગ છટામાં કદંબ વૃક્ષ નીચે મોરલી વગાડનાર કૃષ્ણ, કટિમાં મોરલીને ખોસીને રાત્રે સૂઈને જનાર કૃષ્ણે મોરલીને કેમ છોડી ? મોરલી તો તેમનો શ્વાસ હતો. સચરાચર પ્રભુ કૃષ્ણે જડ મોરલીમાં પ્રાણ પૂરી તેનામાં ચૈતન્ય પ્રદાન કર્યું તે મોરલી છોડતાં શ્રી કૃષ્ણના રોમરોમમાં, શ્વાસેશ્વાસે, અને તેમનાં આર્દ્ર હૃદયમાં કેવાં સંઘર્ષણો જાગ્યાં હશે !

અને મોરલીની વેદના વિરહ અને વ્યાકુળતા ! સંમોહના પછી મોહનનો વિરહ ! તેના માનસમાં

શ્રીકૃષ્ણ સાથેના સંયોગ દશાના સુખપૂર્ણ સંસ્મરણો વમળોમાં તે અટવાતી, ઘુમરાતી, ઠુકરાતી અને વિવશતામાં દેહભાન ભૂલેલી સ્થિતિમાં કેવી અચેતન હશે ! 'મોરલી વેરણ થઈ' શ્રીકૃષ્ણને કે રાધાને કે ગોપીઓને ! અરે શ્રીકૃષ્ણના વિરહે સૌ વિરહી બન્યાં. સુખનો મહેરામણ સૌ વ્રજવાસીઓ માટે વિષાદનો મહાસાગર બન્યો ! કૃષ્ણ... મોરલી... વેણુ... બંસરી... રાધા... ગોપીઓ વિરહ મોરલી પ્રસન્ન હોય છે ત્યારે આંખોમાં પ્રસન્નતાનો ભાવ બતાવે છે. છેલ્લે ગોપીઓ કહે છે.

"જે તે સૂર લીને ઉર, તે તે છેદ કીને ઓરૂ;
બાંસુરિ બસાઈ કાન્હ, હમેં બિદા દીજિયે."

મોરલીના જેટલા જેટલા સૂર અમે હૈયે ધારણ કર્યા તેટલા એણે અમારા હૈયે છેદ કર્યા. મોરલી રહેવાની હોય તો કૃપા કરીને વ્રજમાંથી વિદાય આપે. આ તો કવિનો મોરલીનો મહાશક્તિ પ્રત્યેનો હળવો કટાક્ષ છે. પરંતુ વેણુ–વેણુનાદ અને વેણુનાદરસ તે સૌ પુરુષાર્થની સિદ્ધિરૂપ છે. ઈશ્વરની નાદસૃષ્ટિ છે. મધુરાધિપતિની આ માધુર્યસૃષ્ટિ છે. એ માધુર્યને લીલાસૃષ્ટિમાં–અણુઅણુમાં પ્રસારવાનું ઉત્તરદાયિત્વ મોરલીને સોંપ્યું છે. છેલ્લે ગોપીઓની આશંકા મૂર્તિમંત બની અને કૃષ્ણ મોરલી છોડે છે તે પ્રસંગ પૂર્વાભાસરૂપે આવે છે.

મોરલીનો વિયોગ કૃષ્ણને કે કૃષ્ણનો વિયોગ મોરલીને !

શ્રીકૃષ્ણે વ્રજવિહાર અગિયાર વર્ષ ને બાવન દિવસ કર્યો, ત્યારબાદ અક્રૂરજી કૃષ્ણ અને બલરામને મથુરા લઈ જવા આવે છે અને બંને ભાઈ જાય છે. મામા કંસનો તેમનાં દુષ્ટ કાર્યોથી તેને કૃષ્ણ વધ કરે છે. પછી વ્રજ તો તેમણે કાયમ માટે છોડયું. અહીં ભગવાન શ્રીકૃષ્ણના જીવનનો પ્રથમ આશ્વાસ પૂરો થાય છે. આ હતું શ્રીકૃષ્ણનું બાલ્યજીવન, લૌકિક અને અલૌકિક લીલામય જીવન !

પરંતુ **ગોકુળ–વૃંદાવન છોડયા પછી ક્યારેય શ્રીકૃષ્ણ વૃંદાવનમાં આવ્યા નથી. અને શ્રીકૃષ્ણે પછી કયારેય વાંસળી–વેણુ–મોરલી–બંસી હાથમાં લીધી નથી.**

શ્રીકૃષ્ણે અવતાર કાર્ય પૂર્ણ કરવા માટે પછી વાંસળીના સ્થાને 'સુદર્શનચક્ર' હાથમાં લીધું હતું. પરંતુ વ્રજવિહાર જ્યારે વ્રજવિયોગમાં પરિણમ્યો ત્યારે વ્રજમાં માતા યશોદાને લાલાનો વિયોગ અસહ્ય બન્યો. નંદરાજા તો પુરુષ ! એ તો ધૈર્ય રાખી શકે પણ પેલી વ્રજગોપીઓની શી દશા થઈ હશે ! રાધા તો કૃષ્ણનું હૃદય ! કૃષ્ણ વગરની રાધા ફરીથી ક્યારેય કૃષ્ણને મળેલ નથી. કૃષ્ણના જીવનનાં ૧૨૫ વર્ષમાં માત્ર અગિયાર વર્ષનો સંયોગ પછી ૧૧૪ વર્ષના દીર્ઘ વિરહમાં રાધાએ અકલ્પ્ય અને અસહ્ય વેદના, વ્યાકુળતા ભોગવી. શાશ્વત અને સનાતન પ્રેમનું દર્શન માનવીઓને જ નહિ દેવોની દિવ્ય સૃષ્ટિ માટે પણ દિવ્યાતિદિવ્ય આદર્શ બન્યું.



સંસ્કૃત ભાષાના પ્રથમ કૃષ્ણભક્ત કવિરાજ શ્રી જયદેવ કૃત

'ગીતગોવિંદ - પ્રભાવતી' ટીકા

લેખક : **હિંમતલાલ ઉમિયાશંકર દવે**
'નેશનલ એવૉર્ડ' વિભૂષિત, 'સાહિત્ય માર્તંડ', 'ધર્માલંકાર', 'સાહિત્યરત્ન'

'ગીતગોવિંદ'ના ભક્ત કવિ જયદેવ

શ્રીકૃષ્ણભક્તિના સુવર્ણશિખરે આગવું સ્થાન ધરાવતા, ચક્રવર્તી કૃષ્ણભક્ત અને શ્રીકૃષ્ણ–રાધિકાનાં ભક્તિ-શૃંગારના અલબેલા, છેલછબીલા, રસિક કવિ શ્રી જયદેવનું જીવન મુમુક્ષુઓ માટે માધુરી ભક્તિના રાજમાર્ગનું પથપ્રદર્શક બને છે. અજર, અમર અને અલૌકિક આ પ્રબંધગીત કાવ્યકૃતિ છેલ્લાં આઠસો વર્ષથી ભક્તિ-ભાગીરથીના પાવન પ્રવાહમાં સૌને મુક્તિના માંગલ્યનું દર્શન કરાવે છે. ભારતીય સંસ્કૃતિના અદ્વૈત-સિદ્ધાંતનું પ્રતિપાદન કરીને કવિએ અમર પદ પ્રાપ્ત કર્યું છે.

શ્રી જયદેવનું પૂર્વજીવન

બ્રાહ્મણ કુલોત્પન્ન જયદેવના પુણ્યવંતા પિતાનું નામ ભોજદેવ અને ભક્તિમતિ માતાનું નામ રમાદેવી અર્થાત્ વામાદેવી હતું. પવિત્ર બ્રાહ્મણ કુળને ધન્ય બનાવતા કવિરાજ જયદેવનો જન્મ ભારતમાતાની શસ્ય શ્યામલ બંગાળ ભૂમિના વીરભૂમિ જિલ્લાના અજયા નદીના તટ પર આવેલ બિલ્વ (હાલનું) કેંદુલીમાં ઈ. સ. ૧૧૫૦ એટલે કે બારમા શતકમાં થયો હતો. તેમની નાની વયમાં જ માતાપિતા અવસાન પામ્યાં હતાં અને પુરુષોત્તમ ક્ષેત્રના સંપ્રદાયમાં કોઈ પંડિત પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું તે ગુરુ અત્યંત ધાર્મિક અને દયાવાન હતા.

જગન્નાથપુરીનો અજાચક બ્રાહ્મણ

જગન્નાથપુરી બહાર નદીતટે પર્ણકુટી બાંધીને, ભગવાન જગન્નાથનું ધ્યાન ધરી જયદેવ શાસ્ત્રોનું સતત અધ્યયન કરતા હતા. ઈશ્વરનાં ચરણે સમર્પિત એવા અજાચકવ્રતધારી પ્રભુભક્તિમાં નિમગ્ન હતા. ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાના ગુણોનો મહિમા ગાવા માટે જન્મેલ આ દેવાંશી જીવાત્માના જીવનમાં ચમત્કારપૂર્ણ અનેક પ્રસંગો બન્યા છે. પ્રથમ પ્રસંગ એ બન્યો કે શ્રી જગન્નાથની યાત્રાએ એક નિ:સંતાન દંપતી આવેલ અને પ્રભુને પ્રાર્થના કરી, "પ્રભુ, અમને પ્રથમ જે સંતાન થશે તે આપના ચરણે અર્પણ કરીશું." ઈશ્વરે તેમની કામના પૂર્ણ કરી. પ્રભુની કૃપા પ્રસાદી રૂપ એક પુત્રી તથા પછી એક પુત્રનો જન્મ થયો. વર્ષો વિત્યાં કન્યા મોટી થતાં પોતાની પ્રતિજ્ઞા યાદ આવતાં તે દંપતી કન્યારત્નને લઈ જગન્નાથપુરી આવ્યાં.

શ્રી જયદેવનું પદ્માવતી સાથે પાણિગ્રહણ

પ્રતિજ્ઞાબદ્ધ દેવશર્મા બ્રાહ્મણ અને તેમનાં ધર્મપત્નીએ પોતાની પુત્રી પદ્માવતી શ્રી જયદેવને અર્પણ કરતાં કહ્યું, "આ કન્યારત્ન આપને અર્પણ કરવાની ભગવાનની આજ્ઞા છે. પદ્માવતીનાં વિધિવત્ લગ્ન થયાં. પદ્માવતીમાં 'યથા નામસ્તથા ગુણા:' હતાં. આર્યસંસ્કૃતિના સંપન્ન ભારતીય સન્નારી સમી પદ્માવતી વિશ્વની અજોડ પતિવ્રતા સ્ત્રી હતી. જયદેવ કવિના જીવનની ધન્યતા તે પતિપરાયણ પદ્માવતીનું પાતિવ્રત્ય.

'ગીતગોવિંદ' કાવ્યની રચના

પ્રસન્ન દાંપત્યપ્રેમનો આવિર્ભાવ ભગવાન શ્રીહરિનું કાવ્ય-ગીત રચવાની પ્રેરણામાં પરિણમ્યું અને જયદેવે પ્રથમ અષ્ટપદી ગીત રચ્યું 'સામોદ દામોદર'.

"મે ઘૈર્મેદુરમમ્બરં વન ભુવ:
શ્યામાસ્ત માલ દ્રુમૈ:"........

ગીતની અષ્ટપદી પ્રભુના દશાવતારથી શરૂ કરી અને બાર સર્ગમાં 'ગીતગોવિંદ'નું નિર્માણ થયું. જેમ જેમ અષ્ટપદીની રચના થતી જાય તેમ તેમ જયદેવનો હર્ષોલ્લાસ શ્રીકૃષ્ણ પ્રેમમાં રસપ્લાવિત બનતો હતો અને આ પાવન દંપતી ભગવાન જગન્નાથ સમક્ષ તે ગાતાં હતાં અને નર્તન નિપુણિકા પદ્માવતી નૃત્ય કરતાં. બંને પ્રેમવિભોર બની ભગવદ્ભક્તિમાં લય થતાં હતાં તથા શ્રીહરિની કૃપાથી પ્રતિદિન 'ગીતગોવિંદ' લખાતું હતું.

શ્રીકૃષ્ણે સ્વયં પાદપૂર્તિ કરી

ચમત્કારપૂર્ણ પ્રસંગ એ છે કે, 'ગીતગોવિંદ' રચતાં રતિ-કેલિ પ્રસંગે રિસાયેલી રાધાને રીઝવવા કૃષ્ણે કહ્યું, "**स्मर गरल खण्डनं मम शिरसि मण्डनम् ।**" (સર્ગ ૧૦--૭) "કામદેવનું વિષ દૂર કરનાર તારા ઉદાર પદપલ્લવથી મારું શિર અલંકૃત કર."

આ કાવ્યપંક્તિ અર્ધી લખીને જયદેવને વિચાર આવ્યો કે ઐશ્વર્યપૂર્ણ એવા જગદાધાર શ્રીકૃષ્ણને માટે આવું લખવું ઠીક નથી. પછી પંક્તિ અપૂર્ણ રાખીને નદીએ સ્નાન કરવા ગયા. તે દરમિયાન શ્રીકૃષ્ણ સ્વયં જયદેવનું રૂપ લઈને ઘેર આવ્યા. ભોજન કર્યું અને અપૂર્ણ પંક્તિ પૂરી કરી. '**देहि पदपल्लव मुदारम् ॥**' 'તારાં કોમળ પાન જેવાં ચરણ મારા માથે મૂક.' લખીને ચાલ્યા ગયા. પદ્માવતીએ પુસ્તક પહેલાં હતું તેમ મૂકીને ભોજન કરવા બેઠાં. ત્યાર બાદ જયદેવ કવિ સ્નાન કરીને ઘેર આવ્યા ત્યારે આ રહસ્યની ખબર પડી. પત્નીને સ્વયં કૃષ્ણનાં દર્શન થયાં અને તેના હાથનું ભોજન પ્રભુએ સ્વીકાર્યું. તે જાણીને ભાવવિભોર થયા અને પોતે પ્રભુની પ્રસાદીરૂપ એ ભોજન પ્રેમથી ખાધું. પદ્માવતીના ધન્ય ભાગ્યની પ્રશંસા કરતા ક્રમે ક્રમે 'ગીતગોવિંદ' પ્રબંધ કાવ્ય પૂર્ણ કર્યું અને શ્રી જગન્નાથને ચરણે અર્પણ કર્યું.

બંગનરેશ લક્ષ્મણસેનના રાજકવિ

બંગાળના સેનવંશના ગૌડાધિપતિ લક્ષ્મણસેન સાહિત્યરસિક હતા. તેમની રાજસભામાં પાંચ વિદ્વાનો હતા તેમાં જયદેવ રાજકવિ તરીકે સ્થાન શોભાવતા હતા. તે પાંચ કવિનું વર્ણન રાજા લક્ષ્મણસેનના દ્વાર પર એક શિલાલેખમાં અંકિત થયેલ છે.

गोवर्धनश्च शरणो जयदेव उमापतिः ।
कविराजश्च रत्नानि समितौ लक्ष्मणस्य ॥

આ પાંચ કવિઓમાં જયદેવનું સ્થાન તેમની કવિત્વશક્તિના પ્રતાપે મૂર્ધન્ય હતું. કવિને આશ્રય આપનાર નરેશે પોતે એક 'અભિનવ ગીતગોવિંદ' કાવ્ય રચ્યું અને આજ્ઞા કરી કે 'જયદેવનું કાવ્ય કોઈએ પાઠમાં લેવું નહિ.' એક વખત જયદેવને ભગવાન પાસે 'ગીતગોવિંદ' ગાતા રાજાએ જોયા. તેથી રાજાએ તેનું કારણ પૂછ્યું. જયદેવે કહ્યું, "દેવને તે પસંદ છે." દેવે સ્વપ્નમાં આવીને રાજાને આદેશ આપી જયદેવના કાવ્યનો સ્વીકાર કર્યો. આ ચમત્કારથી રાજા પણ જયદેવનું કાવ્ય ગાવા લાગ્યો.

દેવનાં વાઘા ફાટેલા જોયા

એક માલણ બગીચામાં ફૂલ લેવા ગઈ હતી. તે જયદેવના 'ગીતગોવિંદ' કાવ્યના રસપ્રવાહનું પાન કરતી ગાતી ગાતી જતી હતી અને ફૂલ વીણતી હતી. દેવ તે ગીતને સાંભળવા પાછળ પાછળ ચાલતા હતા. તેમનાં વાઘા કાંટામાં ભરાયા હતા તેથી ફાટયા હતા. પૂજારી જ્યારે પૂજા કરવા જાય છે ત્યારે આશ્ચર્ય સાથે ફાટેલા વાઘા જોયા, અને રાજાને આ વાતની ખબર પડી. રાજાએ તે માલણને કાયમી આજીવિકા બાંધી આપી. આ છે 'ગીતગોવિંદ'માં રહેલી દિવ્ય શક્તિ !

આવો જ પ્રસંગ પદ્માવતીના પતિવ્રત ધર્મની પ્રતીતિનો છે. જે પદ્માવતીના જીવનમાં આપણે જોઈશું, પદ્માવતીનું મૃત્યુ થાય છે ત્યારે જયદેવે સ્વરચિત સ્તોત્રો ગાયાં અને જીવિત થઈ તે પણ ચમત્કારી ઘટનારૂપે છે.

જયદેવ પર શ્રીકૃષ્ણની પરમ કરુણા

જયદેવના 'ગીતગોવિંદ' કૃતિની પ્રશંસા ચોતરફ પ્રસરી રહી હતી. કવિ જયદેવનો એક વખત સત્કાર થયો અને સારું એવું ધન મળ્યું. તે લઈને ચાલતાં ચાલતાં એક જંગલમાં ચોર મળ્યા અને તે ધન ચોર લઈ ગયા.

નિર્દય ચોરો જયદેવના હાથપગ કાપી નાખી ઝાડ સાથે બાંધીને ચાલ્યા ગયા. અચાનક રાજા તે જંગલમાં શિકાર કરવા નીકળ્યો અને તેમણે જયદેવની આ સ્થિતિ જોઈને ઘેર લાવ્યો. ચોરોને માફી આપી ને તેની સામે ફરિયાદ ન કરી. ઊલટું તેમને મૂકવા માટે રક્ષકો આપી વિદાય આપવા કહ્યું. રસ્તામાં પેલા ચોરોએ કહ્યું, "આ જયદેવે ચોરી કરી હતી તે વાત અમે જાણતા હતા એટલે તે વાત છુપાવવા તેણે રાજા પાસે અમારો સત્કાર કરાવ્યો." ઈશ્વર તો દયાનિધિ છે. ચોરો પર કુદરતી વજ્રપાત થયો ને તે મૃત્યુ પામ્યા. રક્ષકોએ આવી રાજાને વાત કરી. ચોરોના મૃત્યુથી જયદેવને દુ:ખ થયું, તેથી તેના કપાઈ ગયેલા હાથ જમીન પર પછાડયા. ઈશ્વરે જયદેવની આવી કરુણા જોઈ તેમના હાથપગ સારા કરી દીધા.

પ્રભુએ પર્ણકુટિ બાંધવામાં મદદ કરી

આ ભૂતકાળમાં બનેલો પ્રસંગ છે. ત્યારે જયદેવની પરિસ્થિતિ ગરીબ હતી.

રાધા-માધવની મૂર્તિ ઉપર ધૂળ પડતી હતી. તેથી પર્ણકુટિનું છાપરું વરસાદ પહેલાં છાઈ જાય માટે તે છાપરા ઉપર ચડીને તૈયાર કરતા હતા. જયદેવ એમ માનતા હતા કે નીચેથી પદ્માવતી બાંધવાની દોરી આપે છે. સાંજ પડીને માધવની મૂર્તિ ઉપર પડેલી ધૂળ અને મેલાં વાઘાં જોયાં તથા હાથમાં સૂતરીનો ટુકડો જોયો ત્યારે તેમને ખબર પડી કે પ્રભુએ તેમના માટે કેટલું કષ્ટ ઉઠાવ્યું છે? કેવી હતી પ્રભુની તેમના પર અપાર કૃપા!

જયદેવનું વૃંદાવનમાં જવું

જયદેવ કવિની ઈચ્છા ભગવાન શ્રી કૃષ્ણના વ્રજધામ–વૃંદાવનમાં જવાની થઈ. રાજારાણી પાસે વિદાયગીરી માગી. સાથે રાધા-માધવની મૂર્તિ લઈને ચાલ્યા. વૃંદાવનમાં કેશીઘાટ પર તેમણે એ મૂર્તિની પ્રતિષ્ઠા કરી. કવિના "ગીતગોવિંદ"ની કીર્તિ અહીં વૃંદાવનમાં ફેલાઈ ગઈ હતી. એક શેઠે તેમને કેશીઘાટ પર રાધા-માધવનું મંદિર બંધાવી આપ્યું. જયદેવના સ્વધામ ગયા પછી જયપુરનરેશે આ દિવ્ય રાધા-માધવની મૂર્તિને જયપુર પાસે ઘાટી નામની જગાએ પ્રતિષ્ઠિત કરી. અહીં સારો સમય રહ્યા પછી જયદેવે જીવનનાં છેલ્લાં વર્ષો પોતાની જન્મભૂમિમાં ગાળવા વિચાર્યું.

મા ગંગા સ્વયં કેન્દુલી આવ્યાં

કવિ પોતાના ગામ કેન્દુલી આવ્યા. વૃદ્ધત્વ છાઈ ગયું હતું પરંતુ નિત્ય નિયમ અનુસાર પોતાના ગામથી બે-ત્રણ ગાઉ દૂર ગંગા વહેતી હતી. ત્યાં જઈને સ્નાન કરી પ્રભુસેવા કરતા હતા. પરંતુ વૃદ્ધત્વની ઘેરી અસર થઈ તેથી ચાલી શકતા ન હતા. તેમણે મા ગંગાને પ્રાર્થના કરી, "મા, હવે ચાલી શકાતું નથી." પ્રભુભક્તનો આર્તનાદ ભગવતી ગંગાએ સાંભળ્યો અને ગંગાનો પ્રવાહ કેન્દુલી ગામ પાસેથી વહેવા લાગ્યો. પરમ ભક્ત કવિએ પોતાનું શેષજીવન જન્મભૂમિમાં જ ગાળ્યું. પોતાના ગામને ભક્તિગંગામાં પાવન કરનાર જયદેવ કવિ પ્રત્યેની ભક્તિની સ્મૃતિમાં આજે પણ વર્ષમાં એક વખત મકરસંક્રાન્તિના દિવસે મોટો મેળો ભરાય છે અને તે વખતે 'ગીતગોવિંદ'નાં પદોનું ખૂબ જ ભાવથી ગાન કરીને આખી રાત ભક્તો કવિશ્રીની સ્મૃતિ તાજી કરીને પોતાના ગામ કેન્દુલીના ગૌરવ માટે આનંદ અનુભવે છે. આજે એ ગામનું અસ્તિત્વ છે અને અજયા નદી રાધાગોવિંદનાં ગીત ગાયા જ કરે છે.

કુશેશ્વર મહાદેવનું મંદિર

કેન્દુલીમાં કુશેશ્વર મહાદેવનું મંદિર છે. જેના મંડપમાં બેસીને કવિ જયદેવ નૃત્ય કરતા હતા. આ મંદિરમાં આવેલ અષ્ટદળ કમળથી યુક્ત એક શિલા છે. તે શિલાયંત્ર પર બેસીને કવિએ જગદંબા ભુવનેશ્વરી દેવીનો મંત્ર જપી સિદ્ધિ મેળવી હતી. પાસે વહેતી અજયા નદીના ઘાટનું નામ કદંબખંડી પાડેલ છે. રાધા-માધવ વિગ્રહની પ્રાપ્તિ પણ કવિને આ ઘાટ ઉપરથી થયેલી. અહીં તે વિગ્રહની સ્થાપના કરેલી પરંતુ જ્યારે તે વૃંદાવન ગયા ત્યારે 'રાધા-માધવ' વિગ્રહને સાથે લઈ ગયેલા. પરંતુ તેમના સ્થાને શ્યામારૂપા ગઢમાંથી લાવેલ 'રાધાવિનોદ' વિગ્રહની પ્રતિમા ત્યાં પ્રતિષ્ઠિત કરી. આજે કેન્દુલીમાં રાધાવિનોદ મંદિર અસ્તિત્વમાં છે અને પ્રતિવર્ષ ત્યાં મરકસંક્રાન્તિ એ મહોત્સવ ઉજવાય છે. અષ્ટપદીનાં અખંડ ગાન થાય છે, અને લાખો ભક્તજનો, સાધુ, સંતો, તથા સંસારી જનો ભક્તિભાવપૂર્ણ સંકીર્તન સાથે નૃત્ય કરે છે, એ દૃશ્ય અનુપમ અને હૃદયના ભાવ છલકતું હોય છે. વૈરાગીઓ રાધા-માધવના દિલને પણ ડોલાવે છે.

ભારતીય ભક્તિસાહિત્યના આદિ ભક્તકવિ

જીવનનો અર્ધો સમય ઉપાસના અને ધર્મચર્યામાં વ્યતીત કરનાર ભક્તકવિના અંતઃકરણમાં ભક્તિ અને ઔદાર્ય નિરંતર પ્રતિભાસિત હતાં. વૈષ્ણવ સંપ્રદાયમાં એમના જેવા ધાર્મિક અને સહૃદય પુરુષ ભાગ્યે જ હશે. તે એક ત્યાગી ભક્ત કવિ હતા. મહાકવિ અશ્વઘોષ, ભાસ, કાલિદાસ, ભવભૂતિ, ભારવિ વગેરે કરતાં મહાન કવિ ન હતા પણ તેમના કરતાં સામાન્ય પણ ન કહી શકાય. બંગ સાહિત્યનાં અરુણોદય પહેલાંના બ્રાહ્મમુહૂર્તના કવિ તો જયદેવ છે. બંગવાસીઓ આજે એમના નામને પૂજે છે. બંગાળના સેનવંશના રાજા લક્ષ્મણસેનની રાજસભામાં પંચરત્ન સમા પાંચ વિદ્વાનો હતા. જયદેવ તે માંહેના એક હતા. જયદેવ તો સાહિત્ય અને સંગીત એમ બેના યોગથી ઝળકતી પ્રબંધ–ગીતમાધુરીથી પ્રશંસા પામ્યા હતા અને સેનવંશી લક્ષ્મણસેન જેવા કવિ અને મર્મજ્ઞ રાજવી દ્વારા જયદેવને 'પંડિત' અને 'કવિરાજ' પદવી પ્રાપ્ત થઈ હતી. તેની સાક્ષી તેમની અમર કૃતિ 'ગીતગોવિંદ' કાવ્યની સફળતા અને સર્વપૂજ્યત્વ પાડે છે. તેમણે સાહિત્યક્ષેત્રે માત્ર 'ગીતગોવિંદ'રૂપી એક જ અમરફળ આપીને અમરત્વ પામ્યા. કેટલાક કવિ તો તેમને શ્રીકૃષ્ણનો અવતાર માને છે.

સંસ્કૃત સાહિત્યમાં આદિ કવિનું માન મહર્ષિ વાલ્મીકિ ભોગવે છે તેમ આદિ કૃષ્ણ ભક્તકવિની પદવી જયદેવની છે. ડૉ. સુનીતિકુમાર ચેટરજી કવિ જયદેવને પ્રાચીનોનો અંતિમ અને અર્વાચીનમાં આદ્ય કહે છે. અવૈદિક આક્રમણની અસરનો પ્રતિકાર ભક્તિસંપ્રદાય દ્વારા કરવામાં આવ્યો ત્યારે ધર્મની રક્ષા કરવામાં ભક્તકવિ જયદેવનું પ્રથમ સ્થાન છે. તેમની વાણીમાં શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિ છે. ભક્તિરસની પંચમ કોટિ જેને માધુર્યભક્તિ કહેવામાં આવે છે, તેમાં જયદેવ સદા નિમગ્ન રહેતા હતા. તેમણે રસશાસ્ત્રની સામગ્રીનો વિનિયોગ કેવળ ભગવદ્‌ભક્તિમાં જ કરીને ભક્તકવિ તરીકે સ્થાન મેળવ્યું છે. જ્ઞાન, કર્મ અને ભક્તિની ભાગીરથીનાં ભક્તિપ્રવાહમાં–રસમાં સ્વચ્છંદે વિહાર કરનાર અને કરાવનાર તો કવિ જયદેવ છે.

'ગીતગોવિંદ' પરિસ્થિતિ – સહજયોગ

ઈ. સ. અગિયારમી અને બારમી સદીમાં હિંદુ સનાતન ધર્મમાં એટલા બધા સંકુચિત કર્મકાંડની પ્રચુરતાએ સ્થાન લઈ લીધું હતું કે સાધારણ જનતાને માટે ઈશ્વરભક્તિની કોડી જેટલી કિંમતમાં થઈ ગઈ હતી. ઈશ્વરના નામ પર જનતાને ઈચ્છા મુજબ નચાવતા હતા, આ રીતે ઈશ્વરભક્તિને ધર્મપાલક પંડિતોએ નિમ્ન-કોટિમાં મૂકી દીધી હતી.

આવા વિષમ કાળમાં જયદેવે સહજ પ્રેમભક્તિના સહજયોગને આપણી સમક્ષ રાખેલ હતો. પરમાત્માનું ધ્યાન અને પરમાત્માને પામવા માટેની વ્યક્તિની સહજ સ્થિતિ તે ભક્તિ છે. કેવળ પરમાત્મા પ્રત્યે પ્રગાઢ પ્રેમ જ આ ક્ષેત્રમાં પર્યાપ્ત છે. પરમાત્મા તો પ્રેમસ્વરૂપ છે. એથી તેમને પ્રેમ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. જેમ સૂકી ધરતી વર્ષાના પહેલા અમીસિંચનથી મહેંક મહેંક થઈ જાય છે તેમ કવિ જયદેવના 'ગીતગોવિંદ'ની પ્રેમવાણીથી સમાજનું અંતઃકરણ રોમાંચિત થઈ જાય છે. સમાજે દિવ્ય ચેતના અને પરમાનંદની અનુભૂતિ કરી. આ પ્રકારે જયદેવની કાવ્યવાણી યુગપ્રવર્તક દિવ્ય કવિવાણી છે. તેમણે રાધા અને કૃષ્ણની સહજ પ્રેમસાધનાને ગીતો દ્વારા સંસાર સમક્ષ પ્રસ્તુત કરી છે. રાધા વિરહિણી આત્મા છે તો કૃષ્ણ પરમાત્મા છે અને એ બંનેના ઐક્યનો આધાર છે પ્રેમ.

જયદેવની પતિવ્રતા પત્ની પદ્માવતી

ભક્તકવિ જયદેવનું લગ્નજીવન અત્યંત ચમત્કારપૂર્ણ છે. અજાચકવ્રતધારી સતત શાસ્ત્રોનું અધ્યયન કરતા અને પર્ણકુટિમાં રહીને ત્યાગી જીવન જીવતા જયદેવનો પ્રસંગ છે. જગન્નાથપુરીમાં એક દેવશર્મા નામે બ્રાહ્મણ અને તેમનાં પત્ની યાત્રાએ આવ્યાં. ભગવાન જગન્નાથને પ્રણામ કરી પ્રાર્થના કરી, "હે પ્રભુ, અમારા પર કૃપા કરો. અમે નિઃસંતાન હોવાથી સંતાન થશે તો પ્રથમ સંતાન આપનાં ચરણમાં અર્પણ કરીશું.'

કેટલાક સમય બાદ આ બ્રાહ્મણ દંપતીને ત્યાં પ્રથમ એક પુત્રી અને થોડા સમય બાદ એક પુત્રનો જન્મ થયો. પુત્રી મોટી થતાં પ્રતિજ્ઞાયુક્ત દેવશર્મા ત્યાં પ્રભુ પાસે આવ્યો અને "આ કન્યાનો આપ સ્વીકાર કરો" તેવી પ્રાર્થના કરી. પૂજારી સાથે વાત પણ થઈ. પરંતુ દેવશર્માને રાત્રે જગન્નાથ પ્રભુ સ્વપ્નમાં આવ્યા અને કહ્યું, "હે બ્રાહ્મણ, હું તારા પર પ્રસન્ન થયો છું. તારી પુત્રીનો મેં સ્વીકાર કર્યો છે. મારી આજ્ઞા છે કે તારી આ પુત્રી જયદેવને આપ."

દેવશર્મા બ્રાહ્મણ અને તેમની પત્ની જયદેવ પાસે આવ્યાં અને કહ્યું, "અમારી પુત્રી પદ્માવતીને હું જગન્નાથજીની આજ્ઞાથી આપને અર્પણ કરું છું. તેનો સ્વીકાર કરો." બ્રાહ્મણ દંપતીએ પોતાની પુત્રી પદ્માવતીને કહ્યું, "બેટા, આ તારા પતિની સર્વદા સેવા કરજે. પતિપરાયણ સ્ત્રી અનંત સુખને પામે છે."

પદ્માવતી જયદેવે પાસે આવી. જયદેવ તેમને પૂછ્યું, "આ એકાન્ત સ્થાનમાં કેવી રીતે રહીશ ?" પદ્માવતી કહે, "ભગવન્, આપ આ શું બોલો છો ? મારા પિતાએ આપને સોંપી છે. હું એકલી છું જ નહિ!" જયદેવ તેના ઉત્તરથી પ્રસન્ન થયા અને પદ્માવતીનાં માતાપિતાએ વિધિપૂર્વક લગ્ન કર્યાં.

ભારતીય સંસ્કૃતિના ભક્તિમાર્ગમાં એક નવું જ સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું. જયદેવ કવિ 'ગીતગોવિંદ' કાવ્યની અષ્ટપદીઓ લખે અને ગાય. પદ્માવતી નૃત્ય કરે. આ દરરોજનો કાર્યક્રમ થયો. લોકો ભક્તિમય દાંપત્યને વંદન કરતા.

શ્રી જયદેવના જીવનમાં આલેખાયું છે તે મુજબ '**देहि पदपल्लव मुदारम्**'નો અલૌકિક પ્રસંગ બન્યો. અને શ્રીકૃષ્ણ ભગવાને પોતે જયદેવ સ્નાન કરવા ગયા ત્યારે જયદેવના રૂપે ઘેર આવીને ભોજન કરી ઉપરની અપૂર્ણ પંક્તિ પૂર્ણ કરીને ચાલ્યા ગયા. થોડી વારમાં જયદેવ સ્નાન કરીને ઘેર આવ્યા. તેથી પદ્માવતી આશ્ચર્ય પામી અને કહેવા લાગી, "હે નાથ, હમણાં જ પાદપૂર્તિ કરીને ગયા છો અને તરત જ સ્નાન કરીને પાછા આવ્યા?" જયદેવ આશ્ચર્ય પામ્યા. પત્નીએ બનેલી- ઘટના કહી. પોથી ઉઘાડીને જોયું તો અપૂર્ણ પાદ- પંક્તિ પૂર્ણ થયેલ જોઈ. સાક્ષાત્ કૃષ્ણના સ્વહસ્તાક્ષરોનાં દર્શન કરી, વંદના કરી, પદ્માવતીને કહે, "હે પદ્મે, તું ધન્ય છું. તારો જન્મ સફળ થયો. તેં દુર્લભ એવા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. શું મારા ભાગ્યમાં દર્શન નહિ હોય!" ગીતગોવિંદ પ્રબંધ કાવ્યગીત પૂર્ણ થતાં જ ભક્તરાજ શ્રી જયદેવે એ હસ્તલિખિત 'ગીત- ગોવિંદ' પોથી શ્રી જગન્નાથનાં ચરણકમળમાં સમર્પણ કરી. પ્રભુએ સ્વીકાર કર્યો. લોકોએ ભક્તિભાવથી ગાયું અને સમસ્ત વિશ્વમાં પ્રચાર પામ્યું. વિદ્વાનો શ્રી જયદેવના ગુણ ગાવા લાગ્યા.

ગૌડ દેશના (બંગ) નરેશ લક્ષ્મણસેનની રાજસભામાં જયદેવ રાજકવિ હતા. રાજાની રાણી સાથે પદ્માવતીને સારો સંબંધ હતો. એક વખત રાણીએ પદ્માવતીને કહ્યું, "મારા બનેવી મૃત્યુ પામ્યા છે. તેથી તેમની પાછળ મારી બેન સતી થાય છે તો તમે આવો". રાણીનાં વચન સાંભળીને પદ્માવતીએ કહ્યું, "પતિના મૃત્યુના સમાચાર સાંભળતાં જ જે સ્ત્રી ત્યાં જ પ્રાણાર્પણ કરે તે ઉત્તમ સતી કહેવાય." રાણીને આ વાતથી પદ્માવતી ઉપર દ્વેષ ભાવના થઈ. (આવો જ પ્રસંગ સંસ્કૃત નાટક 'ભર્તૃહરિ નિર્વેદમ્' છે. જે ગ્રંથ મેં (લેખકે) વાંચ્યો છે.)

એક વખત રાજા અને કવિ જયદેવ બંને જંગલમાં સાથે ગયેલા. ત્યારે પાછળથી રાણીએ પદ્માવતીને ખોટા ખબર આપ્યા કે, "જંગલમાં જયદેવને વાઘે ફાડી ખાધા છે." વાત સાંભળતાં જ પદ્માવતીનો જીવ ચાલ્યો ગયો. રાજા અને જયદેવ જંગલમાંથી સાંજે પાછા આવ્યા અને આ અઘટિત બનાવની ખબર પડી. રાણીને પોતાના કૃત્યથી પસ્તાવો થયો.. પરીક્ષા કરવા તો ગઈ પણ બધાના ધિક્કારને પાત્ર બની. રાજા કલ્પાંત કરવા લાગ્યો. જયદેવને વિનંતી કરી કે, "ભગવાનને પ્રાર્થના કરો અને પદ્માવતીને જીવિત બનાવો." જયદેવે જગન્નાથ પાસે ગવાતી 'ગીતગોવિંદ'ની અષ્ટપદી "હરિરિતિ હરિરિતિ જયતિ સકામમ્" પૂર્ણ કરી. ધીમે ધીમે દેવની કૃપાથી પદ્માવતી મૂર્છામાંથી જાગૃત થાય તેમ ઊભી થઈ અને ભગવાને જયદેવની ભક્તિનો આર્તનાદ સાંભળ્યો. જયદેવે તેની સ્મૃતિમાં નવમી અષ્ટપદી રચી.

જયદેવ અને પદ્માવતીનું દાંપત્યજીવન

પતિવ્રતા પત્ની પદ્માવતીના હસ્તમેળાપથી પોતાના જીવનમાં ધન્યતા અનુભવતો જયદેવ પદ્માવતીના મનનો રસિક પતિ હતો, જયદેવમાં કૃષ્ણભક્ત હૃદય હતું. પ્રેમપૂર્ણ જીવન હતું. પદ્માવતી કૃષ્ણભક્ત કવિની પ્રેરણા હતી. 'રાજાનો રાજા રાજકવિ', 'પંડિત કવિ' આદિ મહાન ઉપાધિથી જેટલો તે સંતુષ્ટ હતો તેટલો જ કે તેથી અધિક પોતાની પત્ની પદ્માવતી પ્રત્યેના પ્રેમથી અને "પદ્માવતી રમણ" નામથી અંતરમાં પ્રસન્નતા પ્રાપ્ત કરતો. પ્રસન્ન દાંપત્ય અનુભવતો કવિ હતો.

એક તૂટીફૂટી પર્ણકુટીમાં સંસાર શરૂ કર્યો અને ચક્રવાક તથા ચક્રવાકી જેવી પરિશુદ્ધ પ્રીતિથી દાંપત્ય- પ્રેમનો મહાન આદર્શ પૂરો પાડયો છે. પદ્માવતી તો જયદેવની હૃદયેશ્વરી હતી અને જયદેવ તો પદ્માવતીનો પ્રાણ હતો. વિશ્વમાં અજર, અમર અને અલૌકિક 'ગીતગોવિંદ' ગ્રંથ રચી ભગવાન જગન્નાથનાં ચરણે અર્પણ કરે છે ત્યારે ભક્તકવિ જયદેવ છંદોબદ્ધ અષ્ટપદીનું ગાન કરી રહ્યા છે અને પતિવ્રતા પત્ની પદ્માવતીની અદ્ભુત નર્તન કળા જગન્નાથ ભગવાનના હૃદયમાં પ્રવેશે છે ત્યારે ઉભય ભક્ત પતિ-પત્નીને ભગવાન આશીર્વાદ આપી 'ગીતગોવિંદ'ને અમરત્વ પ્રદાન કરે છે. કેવી દેવની અને માનવીની, અદ્વૈત સિદ્ધિ! આઠસો વર્ષથી 'ગીતગોવિંદ'નું ગાન સાંભળ્યા બાદ જગન્નાથજીમાં ભગવાન બળરામ શયન કરે છે ત્યારે આજે પણ જયદેવ અને પદ્માવતીના સૂક્ષ્મ દેહ અંતરિક્ષમાંથી પૃથ્વીલોકમાં આવી કેવી ધન્યતા અનુભવતા હશે!

'ગીતગોવિંદ' વસ્તુકથા

સંસ્કૃત કાવ્યમાં આદિકવિ વાલ્મીકિ છે કૃષ્ણભક્ત કવિની આદિ પદવી તો જયદેવની છે. શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિ તો તેમની અષ્ટપદીના પદે પદે ગુંજી રહી છે. ભક્તિરસની પાંચમી કક્ષા તે માધુર્યભક્તિ છે તેમાં જયદેવ નિરંતર રસમગ્ન રહે છે. તેમણે સમગ્ર કાવ્ય ભગવદ્ભક્તિમાં જ ગાયું છે. તેમાં ભગવાનની વાણી છે. પવિત્ર દંપતી જયદેવ અને પદ્માવતીના પ્રેમનો આવિર્ભાવ છે.

જયદેવના 'ગીતગોવિંદ' પ્રબંધ કાવ્યમાં બાર સર્ગ છે, ચોવીશ અષ્ટપદી છે અને ત્રણસો- છ્યાશી શ્લોક- છે. ખંડકાવ્ય, રૂપકકાવ્ય, ઊર્મિકાવ્ય, લઘુકાવ્ય, ધ્વનિકાવ્ય કે પ્રબંધ–ગીતકાવ્ય છે. શૃંગારરસથી પરિપૂર્ણ છલકાતું, નાટ્યતત્ત્વથી પુષ્ટ, પ્રેમીઓના હૃદયના ગૂઢ ભાવોને પ્રત્યક્ષ રૂપે આકાર આપતું, નાટક, નાટિકા, નૃત્યનાટિકા, સંવાદ કે સાહિત્યનાં અન્ય સ્વરૂપોને પ્રકાશતું કાવ્ય છે. તેમાં બાર સર્ગ છે. તેમાં પ્રથમ સર્ગ 'સામોદ દામોદર', બીજો સર્ગ 'અક્લેશ કેશવ', ત્રીજો સર્ગ 'મુગ્ધ મધુસૂદન', ચોથો સર્ગ 'સ્નિગ્ધ માધવ', પાંચમો સર્ગ 'સાકાંક્ષ-પુંડરીકાક્ષ', છઠ્ઠો સર્ગ 'સોત્કંઠ-વૈકુંઠ', સાતમો સર્ગ 'નાગર નારાયણ', આઠમો સર્ગ 'વિલક્ષ લક્ષ્મીપતિ', નવમો સર્ગ 'મુગ્ધ મુકુંદ', દશમો સર્ગ 'ચતુર ચતુર્ભુજ', અગિયારમો સર્ગ 'સાનન્દ– દામોદર', બારમો સર્ગ 'સુપ્રીત પીતાંબર' નામક છે. આગળ કાવ્યના પ્રત્યેક સર્ગમાં રહેલી કાવ્યકથા સર્ગની શરૂઆતમાં જ ( ) કૌંસ દ્વારા આપેલી છે. તેથી તેમાં પ્રત્યેક સર્ગની વસ્તુકથા મળે છે.

આ કાવ્યમાં કવિમાં રહેલી સંગીતકલા, ભગવાન શ્રીકૃષ્ણનું શૃંગારયુક્ત ગાન અને ધ્યાન, જયદેવના કાવ્ય શાસ્ત્રની તલસ્પર્શી અભિધા, કાવ્ય અલંકાર, વિવિધ રસોનું નિરૂપણ, અદ્વૈત ભાવનાનો આવિષ્કાર, નૃત્ય–પ્રકાર, તાલ, લય છે. એ સર્વ તત્ત્વો પાછળ છાયારૂપે રહેલી પદ્માવતીનો પ્રેરણાસ્રોત 'ગીતગોવિંદ' કાવ્યમાં અખંડ વહન થયો છે. અનેક વિવેચકો, ટીકા—ભાષ્યકારો, સંગીતજ્ઞો અને પિપાસુ ભક્તજનોએ કાવ્ય પર છેલ્લાં આઠસો વર્ષથી 'ગીતગોવિંદ'ના રહસ્યને પામવા સતત પ્રયત્નો કર્યા છે. તેની કોમલ પદાવલીનું રસપાન કરવા પચાસથી વધારે વિવેચકોએ પોતપોતાની દષ્ટિએ ભાવ અને અર્થની અભિવ્યક્તિ કરી એકબીજાનાં પૂરક બન્યાં છે જેનાં નામ નીચે પ્રમાણે છે :

'ગીતગોવિંદ' પરની ટીકાઓ, અનુવાદો, કાવ્યાનુવાદો

(૧) નારાયણકૃત—પદ દ્યોતનિકા (૨) જગદ્ધર—ભાવાર્થદીપિકા (૩) પૂજારી ગોસ્વામી–બાલબોધિની (૪) શંકરમિશ્ર—રસમંજરી (૫) માનાંક (૬) રસમયદાસ (૭) મિશ્રકાંત (૮) કુમારખાન (૯) પરમાનંદ (૧૦) રંગ- નાથ કૃત—ગીતગોવિંદ માધુરી (૧૧) કૃષ્ણદત્ત—ગંગા (૧૨) રાણાકુંભ—રસિકપ્રિયા (૧૩) નારાયણ કવિરાજ—

સર્વાંગસુંદરી (૧૪) વચનમાલિકા ટીકા (૧૫) ઉદયનાચાર્ય—ભાવવિભાવિની (૧૬) કમલાકર-રત્નમાલા (૧૭) કૃષ્ણદાસ—(મૈથિલી) કૃત શશિલેખા (૧૮) ગોપાલ—અર્થરત્ન (૧૯) ચૈતન્યદાસ—ભાવાર્થદીપિકા (૨૦) પીતાંબર (૨૧) ભાગવતદાસ કૃત રસકદંબ કલ્લોલિની (૨૨) ભાવાચાર્ય (૨૩) રામનારાણ—મધુરી (૨૪) રામદત્ત (૨૫) રૂપદેવ સાનંદ—ગોવિંદ (૨૬) લક્ષ્મણ ભટ્ટ (૨૭) વિશ્વેશ્વર ભટ્ટ—શ્રુતિરંજની (૨૮) વનમાલી ભટ્ટ (૨૯) લક્ષ્મણસૂરી—શ્રુતિરંજની (૩૦) વિઠ્ઠલ દીક્ષિત-પ્રથમ અષ્ટપદી—વૃત્તિ (૩૧) શાલિકનાથ (૩૨) શેશરત્નાકર—સાહિત્યરત્નાકર (૩૩) શ્રી કાન્તમિશ્ર-પદભાવાર્થ ચંદ્રિકા (૩૪) શ્રી હર્ષ (૩૫) હૃદયાભરણ-તિલોત્તમા (૩૬) તિરુમલ રાજકૃત-શ્રુતિસાર રંજિની (૩૭) શેપકમલાકર-સાહિત્ય રત્નમાલા (૪૮) વાસુદેવ-પદાભિનયમંજરી (૩૯) અનૂપસિંહ-અનુપોદય (૪૦) ચિદાનંદ ભિક્ષુક (૪૧) ધૃતિકર (૪૨) બૃહસ્પતિ મિશ્ર (૪૩) ચતુરાનન ધૃતિદાસ સંદર્ભ દીપિકા (૪૪) ભગવદ્દાસ રાસકદંબ કલ્લોલિની (૪૫) રમાકાન્ત—ગીતગોવિંદ પ્રબોધ (૪૬) વનમાલી કૃત ટીકા સંજીવની

હિંદીમાં 'ગીતગોવિંદ' પર ટીકા ને સમશ્લોકી અનુવાદકોમાં નીચે મુજબ છે :

(૧) રાયચંદ, (૨) ભારતેન્દુ હરિશ્ચન્દ્ર, (૩) પંડિત શ્રી કેદારનાથ શર્મા–ઇન્દુ–ટીકા ૧૯૬૮. મરાઠી ભાષામાં ભાવાચાર્ય અષ્ટપુત્રે, ચેતો હરદેવ, બંગાળીમાં સતીશચન્દ્રરાય અને વિજયચંદ્ર મજમુદાર ગિરિધરનું છે. અંગ્રેજીમાં સર વિલિયમ જોન્સ, ઈ. સ. ૧૭૮૪, ઈ. સ. ૧૮૬૧માં એડવીન આર્નોલ્ડ, ઈ.સ. ૧૯૪૬માં જ્યોર્જ કીટ, ઈ. સ. ૧૯૭૭માં બાર્બરા સ્ટોલર તથા ૧૮૨૯માં જર્મન ભાષામાં કરેલો લેઅનનો અનુવાદ છે.

ગુજરાતીમાં સો વર્ષ પહેલાં ભટ્ટ કાનજી વિ. માધવજી કૃત (ગોંડળ) (૨) નટવરલાલ શાહ (૩) નટવરલાલ બળદેવભાઈ દેસાઈ (૪) દીવાન બહાદુર કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, અમદાવાદ ઈ. સ. ૧૯૧૮ સમશ્લોકી કાવ્ય અનુવાદ (૫) ત્રિવેદી રતિલાલ શંકરલાલ વૈદ્ય (ડાકોર) ઈ. સ. ૧૯૬૮ સમશ્લોકી કાવ્ય અનુવાદ (૬) શ્રી રાજેન્દ્ર શાહ-કાવ્યાનુવાદ ઈ.સ. ૧૯૮૯ (૭) હિંમતલાલ ઉમિયાશંકર દવે કૃત 'પ્રભાવતી ટીકા' અને અનુવાદ ઈ. સ. ૧૯૯૨માં પ્રકાશિત થયો.

'ગીતગોવિંદ'ની ગરિમાનું રહસ્યોદ્‌ઘાટન

'ગીતગોવિંદ' એટલે જે કાવ્યમાં ગોવિંદનાં ગીત છે તે, અને રહસ્યની દષ્ટિએ જોઈએ તો રાધિકાજી જેમના હૃદયમાં કાવ્યરૂપે બિરાજ્યાં છે તે ગોવિંદનું ગીત. **શ્રી** જયદેવે ગાયેલું ભકિતકાવ્ય તે ગીતગોવિંદ. શ્રી કૃષ્ણ તો પરબ્રહ્મ છે અને શ્રી રાધિકાજી તો મહાદેવી છે. એક આત્મા છે તો બીજા પરમાત્મા છે. જીવ અને પરમાત્માના મિલનનું આ ગીત છે. ભકતનું પરમાત્મામાં સાયુજ્ય. શ્યામના હૃદયમાં શ્યામા છે તો શ્યામાના હૃદયમાં શ્યામ છે. શ્યામ-શ્રીકૃષ્ણ અને શ્યામા તે રાધિકાજી. શ્યામ અને શ્યામા એટલે અર્ધનારીશ્વર રૂપે બ્રહ્માંડના અધીશ્વર છે. શ્યામ અને શ્યામામાં અદ્વૈત દર્શન છે. શ્યામ પ્રત્યેનો શૃંગારપૂર્ણ પ્રેમ તે શ્યામાનો ભાવ છે. ઈશ્વર પ્રત્યેનો શૃંગારી પ્રેમ તેનું નામ ભાવ. ભાવની પાંચમી ઉચ્ચ કોટિ તે માધુર્યભકિત. શ્રી કૃષ્ણની માધુરી ભકિત તે પરમ કોટિની અવસ્થા છે. 'ગીતગોવિંદ'ના કવિ જયદેવે કાવ્યારંભે કરેલ દશાવતારનું સ્તવન અને શ્રીકૃષ્ણ લીલા જેમનું ભકિતભાવપૂર્ણ ગાન તે ભગવાન જગન્નાથને સમર્પણ કરે છે. એટલે કે સ્તવન અને સમર્પણયુકત આ ભકિતકાવ્ય પૂર્ણાવતારના યૌગિક અર્થનું નિરૂપણ કરે છે.

'ગીતગોવિંદ'માં જયદેવનું ઔચિત્ય—રસદર્શન સાથે

(૧) 'ગીતગોવિંદ' કાવ્યમાં રસનો મહારાજા તે શૃંગાર રસ છે. (૨) તેમણે ભગવાન શ્રીકૃષ્ણ અને રાધિકાજી જેવાં ઉદાત્ત દિવ્ય પાત્રોનું આલંબન લીધું છે. (૩) સમયમાં પણ ઋતુરાજ એવા વસંતનો શ્રીકૃષ્ણ–રાધાનાં મિલનના સમયનો ઉપયોગ કર્યો છે. (૪) શ્રીવિષ્ણુના ચરણસ્પર્શથી પાવન યમુનાતટ પસંદ કર્યો છે. (૫) વસંતની કૃષ્ણ અષ્ટમી શ્રીકૃષ્ણની વ્યંજનારૂપે લીધી છે. (૬) યમુનાતટે આવેલ 'વેતસ કુંજ' તથા 'લતાકેલિ કુંજ'ના મિલનસ્થાન લઈને 'ગીતગોવિંદ' ભકિતરસ કાવ્યને કંડાર્યું છે. તેમની પ્રેમભકિતની પાવનદાયી કાવ્યરસધારાનું એક એક બિંદુ લોકપાવની ભાગીરથીના પાવનત્વ જેવું પવિત્ર છે. એક એક અષ્ટપદીની નક્ષત્રમાળામાં અવનવા દિવ્ય પ્રકાશ છે. મહારાજા લક્ષ્મણસેનની સભાના પંચરત્ન સમા કવિઓ ઉમાપતિધર, શવણ ભટ્ટ, ગોવર્ધન, ધોયી અને જયદેવ હતા. તેમાં પંચરત્નના બેરખાનો મેર તો "કવિ રાજરાજ" તો ગોવિંદના ગીત 'ગીતગોવિંદ'નો રચનાર આદિ ભકતકવિ જયદેવ.

'ગીતગોવિંદ' એટલે ભકિતસુધાકર, રાગનો રત્નાકર, રતિતંત્રનો તંત્રી, પ્રેમભકિતનો કસુંબલ કાવ્યરસનિધિ. રાગ છંદ, તાલ, લય, અલંકાર અને શૃંગારરસનો મહાસાગર. પતિવ્રતા પદ્માવતીનો રસરંગભીનો છેલછબીલો રસકવિ પતિ છેલ્લા આઠસો વર્ષના 'ગીતગોવિંદ'ના અજર, અમર અને અલૌકિક કાવ્યનો શુક્ર તારકશો તેજસ્વી કવિ, સંસારના, ત્રિવિધ તાપનો હર્તા અમીવર્ષણ ચંદ્રરાજ સમો બારમી સદીનું સંસ્કૃત ગિરાનો ગરવા ગીતગોવિંદનું ગાન ગુંજવતો અને ભારતીય ભકિતસુધાનું પાન કરાવતો માધુર્ય ભકિતનો આદિ કૃષ્ણ ભકત રસકવિ તો જયદેવ !

'ગીતગોવિંદ' એક ધ્વનિકાવ્ય

'ગીતગોવિંદ' કાવ્ય તો ભકિતરસ પ્રધાન છે. તે રસને શૃંગારરસ દ્વારા અભિવ્યકત કર્યો છે. તેમાં વિભાવ અને અનુભાવ સ્પષ્ટ અને પૂર્ણત: બતાવ્યા છે. તેમાં વ્યભિચારી ભાવોમાં નિમ્નતા અનુભવાય છે. વિભાવમાં રહેલ આલંબનભાવ રૂપે અહીં રાધિકાજી છે અને ઉદ્દીપન ભાવ અષ્ટમીનું ચંદ્રદર્શન છે. તેની સાથે વસંતઋતુ તો સંયોગરસને પુષ્ટ કરે છે. કાવ્યમાં આવતા સંવાદોમાં કટાક્ષ, અનુકંપા, ભાષણો વગેરે અનુભાવો પણ યોજ્યા છે.

કાવ્યના આત્મા સમા અલંકાર, વક્રોકિત, રીતિ પણ આ કાવ્યમાં પુષ્કળ પ્રમાણમાં છે અને તેમાં છુપાયેલા ગાંભીર્યયુકત ભાવ, અર્થ અને રહસ્યો પણ છે. કલ્પનાવૈભવની સાથે અલંકારોની લહાણ છૂટા હાથે વેરી છે.

' हरि हरि या हि माधव याहि माधव कैतव वादम् ' ।

આ પંકિત વક્રોકિતનું ઉદાહરણ છે. કવિના કાવ્યમાં પદલાલિત્ય, યમક, પ્રાસ, અનુપ્રાસ તો બેનમૂન છે. તેમની વૈદર્ભી રીતિ તેમાં સહાયક બની છે. આ અલંકારો દ્વારા આ કાવ્યમાં ચિત્રકાવ્યનો આનંદ પ્રાપ્ત થાય છે. તેથી તેને ચિત્રકાવ્ય, ગુણકાવ્ય કે ધ્વનિકાવ્યના રૂપે જોતાં ઉત્તમ કાવ્ય તરીકે જણાય છે તેથી રસિકજનોનું ગાન કરનારમાં ભકિતભાવપૂર્ણ અંત:કરણ હોય તો તેને રસરૂપ માધુર્ય દર્શન મળે જ.

'ગીતગોવિંદ' એક રસદર્શન

લલિત લવંગલતા પરિશીલન, કોમલ મલય સમીરે ।
મધુકર નિકરમ્બિત કોકિલ કૂજિત કુઞ્જ કુટીરે ।
વિહરતિ હરિરિહ સરસ વસન્તે નૃત્યતિ યુવતિજનેન સમં સખિ
વિરહિ જનસ્ય દુરન્તે ॥
(પ્રથમ સર્ગ, અષ્ટપદી ૩)

ભક્તકવિ જયદેવમાં રહેલી લલિતપદ સંયોજના, માધુર્ય, વર્ણસગાઈ, યમક, કર્ણપ્રિય નાદ અને ભાવની ઉર્મિલતાનું દર્શન કરાવવા ઉપરની ગીતપંક્તિઓ સાક્ષીભૂત બને છે. આટલી વસ્તુસંકલનાની પૂર્વભૂમિકા પછી હવે તેમના ગીત–પ્રબંધ કાવ્યને સ્પર્શીએ.

‘ગીતગોવિંદ’નો પ્રાણ છે ભાવ. પ્રેમ અને એકત્વ એ સૌ કાવ્યમાં ભાવ, પક્ષે છે. રાધા અને કૃષ્ણની રતિકેલિને કેન્દ્રમાં રાખીને સમગ્ર ગીતિકાવ્ય રચાયું છે. આમાં રતિભાવનું પ્રાગટ્ય થાય છે. રાધાના રોષમાં પ્રસંગ એ બન્યો કે, શ્રીકૃષ્ણ રાધાને છોડી અન્ય ગોપીઓ સાથે રાસ ખેલે છે. આ દૃશ્ય રાધાને માટે રોષનું કારણ બને છે અને પછી તો રાધા લતાકુંજમાં છુપાઈ જાય છે. પરસ્પરનો વિરહ, તેમાંથી થતાં પોતપોતાનાં પ્રેમ–સંસ્મરણોથી રાધા માનસિક સમતુલા ગુમાવે છે અને વિષાદ, ઉન્માદ, મૃત્યુ જેવા સંચારી ભાવો સાથે પશ્ચાત્તાપનું સંયોજન કરી કવિ જયદેવ ચોવીસ અષ્ટપદી અને બાર સર્ગમાં આખા કાવ્યનું શૃંગારરસમાં નિરૂપણ કરે છે. સુવર્ણમાં મણિ જડે તેવું આ આખું કાવ્ય રસાન્વિત બને છે. કવિએ આ કાવ્યમાં વિવિધ રાગોથી મંડિત ૨૪ અષ્ટપદીઓમાં, ગુર્જર, વસંત, માલવ, કર્ણાટક, દેશરૂપ, દેશીવરાડી, રામગ્રી, દેશોક, ભૈરવી, ગુણકરી, બિભાસ, ગોડમાલ વરાડી એવા શાસ્ત્રીય રાગો ગૂંથ્યા છે. તેમાં રૂપકતાલ, એકતાલી તાલ, આડવ તાલ, યતિ તાલ વગેરેમાં ‘ગીતગોવિંદ’નાં ગીત ગુંજી રહ્યાં છે.

કવિ જયદેવ ઉપરના રાગોમાં સ્વયં ગીત ગાતા હોય, અનુકૂળ વાદ્યોના તાલ અને સ્વરો સરોવરની શાંત લહરીઓ સમા ગુંજતાં હોય ત્યારે કવિ કલાનૈપુણ્ય પત્ની પદ્માવતી શ્રીકૃષ્ણ રાધાના પ્રેમમાં ઉન્મત્ત બની ભગવાન જગન્નાથ સામે કાવ્યના પલટાતા ભાવોયુક્ત અંગી, ભંગી, મુદ્રાઓ દ્વારા નૃત્ય કરતી હશે ત્યારે કેવું દિવ્ય દર્શન થતું હશે! શ્રી જયદેવની પ્રશસ્તિનો પરિમલ સર્વત્ર વહેતો હતો અને પછી વૃન્દાવનમાં રહ્યા અને કૃષ્ણને રાધાના અલૌકિક પ્રેમના પ્રતીક સમું આ ‘ગીતગોવિંદ’ વૃન્દાવનવાસી કૃષ્ણભક્તોનાં હૃદયને કેવું પ્લાવિત કરતું હશે !

‘ગીતગોવિંદ’નો શૃંગારરસ

‘ગીતગોવિંદ’ આપણને કહે છે, “જીવનમાં રસ છે, જીવન વસંત છે. તેને જાણો અને જીવનયાત્રા આગળ ચલાવો.” સ્વયં જયદેવ કવિ ગર્વની સાથે કહે છે, “જે ગાન વિદ્યામાં પ્રવીણ થવા ઈચ્છતા હોય જે પરમાત્માના ધ્યાનમાં લીન થવા ચાહતા હોય તે અવશ્ય ‘ગીતગોવિંદ’ વાંચે અને તેના રહસ્યને પામે.

“સાનન્દા પરિશોધયન્તુ સુધિય શ્રી ગીતગોવિન્દતઃ”

અને આગળ જતાં જયદેવ કહે છે, “‘ગીતગોવિંદ’નો શૃંગારરસ વિદ્યમાન છે ત્યાં સુધી મદિરાની કોઈ આવશ્યકતા નથી. સાકરની મીઠાશ તેની પાસે ફિક્કી લાગે છે. અરે! દ્રાક્ષની સામે કોણ જુએ? અમૃત એની સામે મૃતવત્ છે. અરે ! સુંદરીના અધરરસ, તું પણ પાતાળમાં ચાલ્યો જા.” અર્થાત્ ‘ગીતગોવિંદ’નો કાવ્યાસ્વાદ તમામ સ્વાદોમાં શ્રેષ્ઠ છે: આ શ્રીકૃષ્ણનું કર્ણામૃત દિવ્ય છે.

આત્મા નિત્ય, સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે: તેવા જ ભાવ, ગીત, નૃત્ય એ સૌ જીવનનાં અંગો છે જે નિત્ય અને ચિરંતન છે. ‘ગીતગોવિંદ’માં શૃંગાર છે અને રતિભાવ છે. શૃંગારરસ તો રસોનો રાજા છે. તેમાં જગતના તમામ રસ સમાઈ જાય છે. જેમ ઋતુઓમાં વસંતઋતુને ઋતુરાજ કહેવામાં આવે છે તેમ શૃંગારરસ પણ રસપૂર્ણ રાજા છે. ‘ગીતગોવિંદ’માં પ્રતિપાદ્ય લીલાઓ પણ સાક્ષાત્ રસરૂપ કૃષ્ણના શાશ્વત ચિરંતન સત્ય પર આધારિત પ્રબંધ ગીતિકાવ્ય છે.

મદનમહોત્સવ મહારાસ

ઋતુરાજ વસંતના વિલાસવૈભવનું દર્શન પ્રકૃતિના અણુ અણુમાં દૃશ્ય બને છે. પવિત્ર યમુનાનો તટ, લતાઓના નૃત્યથી થતું દર્શનસુખ, પંચમ સૂરે ગાન કરતી કોકિલાના મધુર ટૌકાથી કર્ણેન્દ્રિયનું શબ્દસુખ, વસંતની મઘમઘતી પુષ્પસૃષ્ટિથી ઘ્રાણેન્દ્રિય તૃપ્તિ, યમુનાનાં શીતળ પ્રવાહ પરથી વહેતા દક્ષિણના સમીરથી સ્પર્શસુખ, મનોહર પ્રકૃતિવૈભવના દૃશ્યથી નેત્રસુખ અને વાણી દ્વારા વ્યક્ત થતા અમૃતરસ દ્વારા પંચેન્દ્રિય સુખપ્રાપ્તિ થાય છે. આવા ઉન્માદક વાતાવરણમાં ગોપાંગનાઓ સાથે શ્રીકૃષ્ણ મદનમહોત્સવમાં પોતાના હૃદયની આરાધિકા મધુર બંસરીનો મોહક સૂર પ્રગટાવી શ્રુતિરૂપી ગોપીઓના હૃદયમાં પ્રવેશી મહારાસ શરૂ કરે છે. આનંદોત્સવમાં પ્રેમમત્ત ગોપીઓ પરમાત્મારૂપ શ્રીકૃષ્ણના આનંદરસમાં ડૂબી જાય છે ત્યારે કૃષ્ણપક્ષની અષ્ટમીનો ચંદ્ર પોતાની ચંદ્રિકાને આ રાસમાં સહભાગી બનાવે છે. ગોપીઓ સાથેની આ રાસક્રીડા તો બ્રહ્માંડનો મહારાસ બને છે. ભગવાનની ગોપીઓ પ્રત્યેની અને ગોપીઓની ભગવાન પ્રત્યેની પ્રેમસૃષ્ટિનું બીજ અહીં અંકુર અવસ્થામાં દર્શાવવામાં આવે છે. મુગ્ધ ગોપીઓની ચેષ્ટાઓ દ્વારા, અંગભંગી દ્વારા મધુર સ્મિત દ્વારા, વિહ્વળ બનતા શ્રીકૃષ્ણની વિલાસલીલાનું અલૌકિક દર્શન કરવા ભક્તો ભાગ્યશાળી બને છે. કારણ કે ભગવાનને વહાલી શ્રુતિ (ગોપી) છે અને શ્રુતિને વહાલા શ્રીકૃષ્ણ છે. આ મહારાસનું વસંતવિલાસનું નિરૂપણ શ્રીકૃષ્ણ ભક્ત જયદેવે કર્યું છે. શ્રી જયદેવે આ મદનમહોત્સવ દ્વારા આ કાવ્યના કલ્પનાપટનો વિસ્તાર કરવા માટે શ્રીકૃષ્ણને ગોપીઓની વચ્ચે રાસક્રીડામાં ખેલતા મૂકે છે. આ પ્રસંગ તો અલૌકિક છે. ગુજરાતના આદિ ભક્તકવિ નાગર નરસૈંયાએ આ રાસક્રીડાનું દર્શન કર્યું ત્યારે તે પણ તેમાં ખોવાઈ ગયા હતા તેનું સ્મરણ થાય છે.

‘ગીતગોવિંદ’માં વિવિધ રૂપે કૃષ્ણ

(સર્ગ–કથા)

ભક્તકવિ જયદેવે શ્રીકૃષ્ણનું વિધવિધ રૂપે આલેખન કરી કૃષ્ણભક્તિનું ગાન ગાયું છે. **‘કૃષ્ણ ડરપોક છે’** એવું નંદના મુખે વાક્ય મૂક્યું અને “હે રાધા, આકાશ વાદળાંઓથી ઘેરાયેલું છે અને જંગલમાં રસ્તામાં કૃષ્ણ ભય પામે છે માટે તું તેને ઘેર પહોંચાડી દે.” અહીં કૃષ્ણ યમુનાતટે એકાંતમાં અનેક રૂપોમાં રતિક્રીડા કરે છે. **કામક્રીડાયુક્ત ચતુર નાયક** કૃષ્ણનું વર્ણન પ્રથમ સર્ગ–પ્રસ્તાવનામાં રજૂ કરે છે તેમજ પૃથ્વીનો ભાર ઉતારવા મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, બલરામ, બુદ્ધ અને કલ્કિરૂપે **દશ અવતાર**રૂપે કૃષ્ણ પધાર્યા.

બીજા સર્ગમાં કૃષ્ણ-પ્રિયા સાથે કામક્રીડા કરે છે અને અનુકૂલ લલિત નાયકરૂપે જોવામાં આવે છે. ત્રીજા સર્ગમાં રાધાના પ્રેમનું સ્મરણ થતાં કૃષ્ણે ગોપીઓને છોડી દીધી. હવે તે રાધાના વિયોગમાં વ્યાકુળ થઈને પ્રલાપ કરે છે. ચોથા સર્ગમાં રાધાના વિયોગમાં કૃષ્ણ વેતસ લતાકુંજમાં નિરાશ થઈને બેસે છે. પાંચમા સર્ગમાં કૃષ્ણના કહેવાથી પોતાની એક સખી રાધાની પાસે જઈને કૃષ્ણને અનુકૂળ બનાવવા પ્રયત્ન કરે છે. છઠ્ઠા સર્ગમાં રાધાની વિરહાવસ્થાનું ચિત્ર એક સખી જઈને શ્રીકૃષ્ણની પાસે રજૂ કરે છે. સાતમા સર્ગમાં કૃષ્ણના વિરહથી રાધા ડૂબી મરવા ઈચ્છે છે. આઠમા સર્ગમાં અન્ય સ્ત્રી સાથેના રતિચિહ્નતવાળા કૃષ્ણને પોતાની સામે જોઈને કોપિત થઈ રાધા કટુ વચનો કહે છે કે, “તું ધૂર્ત છું. કપટી છું તું અહીંથી ચાલ્યો જા.” એવાં વાક્યો કહે છે. નવમા સર્ગમાં કલહાન્તરિતા રાધાને એક સખી સમજાવે છે કે, “હે રાધા, તું હરિનો ત્યાગ ન કર.” દશમા સર્ગમાં રાધા પાસે કૃષ્ણ ક્ષમા માગે છે. અગિયારમા સર્ગમાં સખી રાધાને કૃષ્ણ સમીપ અભિસાર કરવા માટે લઈ જાય છે અને બારમા સર્ગમાં રાધા સાથે કૃષ્ણ રતિક્રીડા કરે છે.

આ રીતે જયદેવ રચિત 'ગીતગોવિંદ'માં શ્રીકૃષ્ણ અનેક સ્વરૂપે નિરુપિત થયા છે. તે એક તરફ પ્રેમી છે તો બીજી તરફ પરમાત્મા છે. શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને આ ભક્તકવિએ શ્રીકૃષ્ણને અધિક લાડ કરાવ્યા છે.

જયદેવના શ્રીકૃષ્ણ તો વ્રજવિહારી છે. નટખટ નંદનંદન છે. યશોદાના દુલાર છે. ગોપીઓના પ્રેમનું પાન કરતો, ગોરસ ઝૂંટવતો, નવનીતની ચોરી કરતો, વૃંદાવનમાં વિહાર કરતો, ગોપ લોકોનો લાડીલો કૃષ્ણ હતો. વ્રજમાં અગિયાર વર્ષ અને એકાવન દિવસ વિહાર કરેલ તે શ્રીકૃષ્ણનું ભક્તકવિ શ્રી જયદેવે ગાન કરીને 'ગીતગોવિંદ' રચ્યું છે. વૈષ્ણવી ભક્તિનો મહાન ઉપાસક જયદેવ તો કૃષ્ણનું હૃદય અને રાધિકાનો પરમ ભક્ત હતો.

'ગીતગોવિંદ'માં કાવ્યદૃષ્ટિએ કૃષ્ણ

રાધા અને શ્રીકૃષ્ણ અભિન્ન છે. જયદેવે શ્રીકૃષ્ણની લીલા ગાઈ રાધાને થોડો સમય અલગ બતાવી છે. પરંતુ રાધા અને કૃષ્ણ વચ્ચેનો પ્રેમ તો પુષ્પ અને પરિમલ જેવો, ચંદ્ર અને ચંદ્રિકા જેવો અગમ્ય શાશ્વત પ્રેમ છે. કૃષ્ણમય રાધા છે. તો રાધામય કૃષ્ણ છે.

શ્રીકૃષ્ણ પૌરાણિક મતે પરબ્રહ્મ, પરમાત્મા છે ને ગોલોકથી વ્રજમાં અવરિત થઈને તેમણે લીલાઓ કરી. તત્ત્વજ્ઞાનીઓ કૃષ્ણ ને પુરુષ ને રાધાને પ્રકૃતિરૂપે જુએ છે. પરંતુ કાવ્યમાં રાધાને કૃષ્ણનો પ્રેમ ચિરંતન, ચિરંજીવી અને શાશ્વત બન્યો છે. કવિશ્રી જયદેવની લેખિનીની સંજીવની શક્તિએ કૃષ્ણની લીલાઓનું આ કથામાં ધર્મ, સંગીત, નૃત્ય, ચિત્ર, કાવ્ય, ભાવ, વિભાવ, અવલંબન, તાલ, સંગીત, વાદ્ય, નૃત્ય વગેરેનું નિરૂપણ કરી સમગ્ર પ્રબંધ કાવ્યમાં માત્ર રાધા અને કૃષ્ણનો રતિ, વિયોગ અને સંયોગનો મંગલ ત્રિકોણ સર્જ્યો. જાણે ભગવાન સદાશિવનું અતિપ્રિય બિલીપત્ર ! કવિની કાવ્ય કલ્પલતા કૃષ્ણની લીલાઓની સૌરભ પ્રસરાવતી માધુરી ભક્તિમાં પરિણમે છે. શ્રીકૃષ્ણનું અલૌકિક શૃંગારનું આ કાવ્ય સ્વયં કૃષ્ણ અને રાધાનો દિવ્ય પ્રેમ, વ્યક્તિ પ્રેમ અને સમષ્ટિ પ્રેમની એકતા સૂચવે છે જે શાશ્વત છે.

'ગીતગોવિંદ'માં રાધાનું દર્શન

શૃંગારરસપ્રધાન આ પ્રબંધ કાવ્યમાં નાયક છે શ્રીકૃષ્ણ અને નાયિકારૂપે છે રાધા. જયદેવ કવિએ આવાં બે ઉદાત્ત પાત્રો સર્જ્યાં. જેમાં સભર સૌંદર્ય અને અલૌકિક પ્રેમ છે. તેનું આલંબન લઈને આ આખું ગીતિકાવ્ય રચ્યું છે. મહાભારત, શ્રીમદ્ ભાગવત, અન્ય મહાન પુરાણોમાં 'રાધા' શબ્દનો ભલે ઉલ્લેખ ન હોય પણ લોકકથામાં 'રાધા'નો ઉલ્લેખ છે. તે પછી પ્રાકૃત ભાષામાં પણ તેનો ઉલ્લેખ છે. પરંતુ શ્રીકૃષ્ણ ભક્તકવિ જયદેવે સંસ્કૃત ભાષામાં 'ગીતગોવિંદ' કાવ્યમાં રાધામાં રહેલ મહાન પ્રેમભક્તિનાં ગુણ ગાયાં છે.

ઉપનિષદોમાં એક 'રાધા ઉપનિષદ' છે. તેમાં રાધાની દિવ્યશક્તિનું વર્ણન છે. કવિ જયદેવે શ્રીકૃષ્ણની આહ્લાદિની શક્તિ રાધાના અનુપમ, અલૌકિક અને દિવ્ય પ્રેમને આ પ્રબંધ કાવ્યમાં રજૂ કરીને રાધાને વિશ્વના સાહિત્યમાં અજોડ સ્થાન અપાવ્યું છે. શ્રીકૃષ્ણ તો ભારતીય સંસ્કૃતિ—સ્રોતમાં અનેક સ્વરૂપે છે. પરબ્રહ્મ પરમાત્મા, પરમ દાર્શનિક, મહાન યોદ્ધા, પૂર્ણ યોગી જેવાં દિવ્ય રૂપે દર્શન આપે છે. તો વૃંદાવન વિહારી શ્રીકૃષ્ણ લૌકિક રૂપે નટખટ, માખણચોર, ગોપ-ગોપી પ્રિય, માતા યશોદાનો વહાલસોયો પુત્ર અને રાધાના પ્રેમી તરીકે જોવામાં આવે છે.

શ્રી જયદેવે રાધાને કૃષ્ણની પ્રેમિકા તરીકે, નિરૂપણ કરી પ્રેમનું ભવ્ય ઇતિહાસ સર્જ્યો છે. 'ગીતગોવિંદ'ના બાર સર્ગમાં શબ્દે શબ્દે તેની ભવ્યતાના શૃંગારરસના ફુવારા છોડે છે. રાધાના પ્રેમની પંક્તિઓ તો આજે સૂત્રો જેવી બની ગઈ છે. અહીં શ્રીકૃષ્ણનું માનવીકરણ દેખાય છે. રાધાનો લૌકિક પ્રેમ જોવા મળે છે. પરંતુ

સૃષ્ટિના અકળ તળમાં છુપાયેલા સ્નેહના મૂર્તિમંત મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશતાં જ દિવ્યપ્રકાશપુંજ અનેક ગૂઢ, ગૂઢતર અને ગૂઢતમ રહસ્યો પ્રગટ કરે છે ત્યારે રાધા અને કૃષ્ણરૂપી આત્મા અને પરમાત્માનું અર્ધનારીશ્વરરૂપ પ્રગટાવે છે અને અદ્વૈતનું પૂર્ણતઃ દર્શન કરાવે છે.

શ્રી કૃષ્ણ પ્રત્યે સ્નેહસંવેદનાનું વર્ણન બીજા સર્ગમાં નીચેની પંક્તિઓ કરે છે.

'मणिमय मकर मनोहर कुण्डल' (સર્ગ ૨-૭)

'પન્ના આદિ મણિઓથી યુક્ત, મગરની આકૃતિવાળા, કુંડલધારી એવા કૃષ્ણનું હું અંતઃકરણથી ધ્યાન કરું છું.'

કવિ જયદેવે રાધાને અભિસારિકારૂપે, વિપ્રલંભા યૌવના તરીકે, કલહાન્તરિતા તરીકે, અને એવા વિવિધ નાયિકા ભેદરૂપે કાવ્યમાં રજૂ કરીને શ્રીકૃષ્ણની વિરહણી રાધાની વેદના, વ્યાકુળતા અને અસંપ્રજ્ઞાત સમાધિરૂપે, રસ, અલંકાર અને પ્રસાદના નવરંગમાં ઝબોળી છે. જયદેવની મધુરાભક્તિનો આપણને આવિર્ભાવ થતો જોવામાં આવે છે. રાધા તો શ્રીકૃષ્ણની પ્રેમધારા આહ્લાદિની શક્તિ છે.

રાધિકાની અસંપ્રજ્ઞાત સમાધિ

શ્રીકૃષ્ણના વિરહમાં ઝૂરતાં રાધિકાજી પાતંજલ યોગ નિર્મિત અષ્ટાંગ યોગની ધારણા, ધ્યાન અને સમાધિની અંતિમ ભૂમિકામાં ખોવાઈ જાય છે. એ તો યોગીઓને દુર્લભ એવી અસંપ્રજ્ઞાતસમાધિસ્થ બને છે. શ્રીકૃષ્ણના પ્રેમનું જ સ્મરણ 'ધારણા' કરીને એક ચિત્તે 'ધ્યાન' કરતાં કરતાં તે પોતાની જાતને ભૂલી જાય છે. એવી સ્થિતિમાં તે વ્યાકુલતા ભૂલીને શ્રીકૃષ્ણમાં લીન થતાં જ 'સમાધિયોગ'ની દશામાં આવી જાય છે ત્યારે તેમની સખી આ નિશ્ચેષ્ટ દેહવાળાં રાધિકા માટે અત્યંત ચિંતિત બનીને શ્રીકૃષ્ણ પાસે જાય છે ને વીનવે છે કે, "હે પ્રભુ, અમારી સખી આપના વિરહમાં જરૂર મૃત્યુ પામશે, તેવું અમને જણાય છે. માટે આપ પધારો." આ બધા ભાવોમાં રાધાની સમાધિસ્થ સ્થિતિ જોવામાં આવે છે.

યોગી-મહાયોગીની સમાધિ દશા જેવી પ્રેમ-પરિશુદ્ધ પરમાત્મ પ્રેમમાં ડૂબેલી વ્યક્તિમાં આવો સમાધિયોગ પ્રાપ્ત થાય છે. ઉદાહરણરૂપે ચૈતન્ય-મહાપ્રભુમાં આવો યોગ સ્વાભાવિક બનતો હતો. મીરાંનો ભક્તિપ્રેમ પ્રીતમ કૃષ્ણને પામવા માટે પર્યાપ્ત નથી ? અહીં રાધિકાજી શ્રીકૃષ્ણને પામવા દૈહિક ભાવ ભૂલી જઈને અલૌકિક ભાવમાં અભિભૂત બને છે. આ છે રાધિકાજીનો સમાધિયોગ !

રસશાસ્ત્રની દૃષ્ટિએ નાયિકારૂપે રાધાનું નિરૂપણ

ભક્તકવિ જયદેવે 'ગીતગોવિંદ' પ્રબંધ કાવ્યમાં ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં રાધાનું આઠ પ્રકારની નાયિકારૂપે નિરૂપણ કર્યું છે.

(૧) વિરહિણીરૂપે રાધિકા : કૃષ્ણ રાધાની સમીપ જતા નથી પણ અન્ય ગોપીઓની પાસે વિહાર કરવા ચાલ્યા જાય છે. એથી તે વિરહમાં મૂંઝાઈ ગઈ. તે કૃષ્ણના વિયોગમાં તડપતી રહી છે. (સર્ગ ૪/૩)
कुसुम विशिखा शरतल्प: म कल्प ।

(૨) વાસક સજ્જા નાયિકા રાધા : જે નાયિકા નાયકના આવવાના નિશ્ચિત સમયે શૃંગાર આદિથી સમલંકૃત થઈને પ્રિયની પ્રતીક્ષા કરે છે. 'ગીતગોવિંદ'ના છઠ્ઠા સર્ગમાં વાસકસજ્જા નાયિકા રૂપમાં કવિએ વિયોગિની રાધાનું વર્ણન કર્યું છે.

"ભવતિ વિલમ્બિની વિગલિત લજ્જા–
વિલપતિ રોહિતિ વાસક સજ્જા".

હે કૃષ્ણ, કેલિગૃહમાં વાસક સજ્જા નાયિકા રાધા આપની પ્રતીક્ષા કરી રહી છે. હવે આપ વિલંબ ન કરો, અને આવીને તેને સુખ પ્રદાન કરો.

'રાધિકા વિરહે તવ કેશવ માધવ વામન વિષ્ણો' (સર્ગ ૪)

(૩) રાધા એક ખંડિતા નાયિકા : આ પ્રસંગમાં કૃષ્ણ અન્ય ગોપીઓ સાથે રાસ વિહાર કરી રહ્યા હતા. વિલાસ કરવાથી રતિચિહ્નો સાથે રાધાની પાસે આવે છે. કૃષ્ણના અધર પરના રતિચિહ્ન તેને અગ્નિકણ સમા દઝાડે છે. (સર્ગ ૮ માં બતાવે છે કે)

"દશનવદં ભવદધરગતં મમ જનયતિ એતસિ ખેદમ્ ।
કથયતિ કથયમધુનાપિ મયા સહ તવ વપુરેતદ ભેદમ્ ।।"

હે કૃષ્ણ, તમારા હોઠો પરના અન્ય સ્ત્રીના દંત-ક્ષત મારા ચિત્તને કષ્ટ આપી રહ્યા છે. અને આટલું નજરે જોઉં છું છતાં તમે એવું કહો છો કે હું તમને જ પ્રેમ કરું છું !

(૪) સ્વાધીનપતિકા નાયિકા રાધાનું સ્વરૂપ : નાયિકાના ગુણોથી અનુરક્ત થઈને નાયક આજ્ઞાકારી હોય તે સ્વાધીનપતિકા નાયિકા કહેવાય. 'ગીતગોવિંદ'ના અગિયારમા સર્ગમાં રાધા આ રૂપમાં આપણી સામે આવે છે. કૃષ્ણ રાધાના ગુણો પર એટલા બધા અનુરક્ત છે કે રાધાના ચરણોને પોતાના માથા પર ધારણ કરવા પ્રસ્તુત છે.

"સ્મર ગરલખણ્ડનમ્, મમશિરસિ મણ્ડનં દેહિ પદપલ્લવ મુદારમ્ ।। સર્ગ ૧૦ ।।

(૫) અભિસારિકા નાયિકા રાધા : જે અભિસારિકા છે તે સુસજ્જ થઈને વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ ચૂપચાપ પોતાના પ્રિયને મળવા માટે નીકળી પડે છે. અહીં વસંતઋતુમાં રાધાએ શ્રીકૃષ્ણને માટે અભિસાર કર્યો તે કૃષ્ણને માટે વ્યાકુળ છે.

"વસન્તે વાસન્તી કુસુમ સુકુમારૈરવયેવૈ ભ્રમન્તી ।
કાન્તારે બહુવિહિતકૃષ્ણાનુસરણામ્ ।।
અમન્દં કંદર્પજ્વર જનિતચિન્તા કુલતયા ।
ચલદબાધાં રાધાંસરસમિદમુચે સહચરી ।। સર્ગ ૧ ।।

(૬) વિપ્રલબ્ધા નાયિકારૂપ રાધા : નાયકે અમુક સ્થાન પર આવવાનું કહેલ છે. પરંતુ તે ન આવ્યો. નાયકના નહિ આવવાથી નાયિકા પોતાને અપમાનિત સમજે છે, એવી નાયિકા વિપ્રલબ્ધા કહેવાય છે, કૃષ્ણે રાધાને એક સંકેત સ્થાન પર બોલાવેલ છે, પરંતુ કૃષ્ણ ત્યાં નહિ જતાં અન્યત્ર ચાલ્યા જાય છે, તેથી અણમાનીતી તથા અપમાનિત રાધા એક કુંજમાં જઈને છુપાઈ જાય છે.

વિહરતિ વને રાધા સાધારણ પ્રણયે હરી ।
વિગલિત નિજોત્કર્ષા દીષ્ય વિશેનગતાન્યતઃ ।।

ક્વચિદપિ લતાકુંજે ગુંજન્મધુવ્રત મણ્ડલી ।
મુખરશિખરે લીના દીનાવ્યુવાચરહસખીમ્ ।। સર્ગ ૨ ।।

(૭) પ્રોષિતભર્તૃકા નાયિકા રાધા : જેનો નાયક પ્રવાસી હોય, અને તે ક્યાં છે તેની ખબર ન કે તેનો પ્રિય ક્યાં ગયો છે ? પ્રથમ સર્ગમાં રાધા પ્રથમ અષ્ટપદીમાં શ્લોક ૩માં રાધા એક પ્રોષિતભર્તૃકા નાયિકા સ્વરૂપે વર્ણિત થઈ છે,

"મદન મહીપતિ કનકદણ્ડ રુચિકેસર કુસુમ વિકાશે ।
મિલિતશિલીમુખ પાટલિપટલ કૃતસ્મર તૂણ વિલાસે" ।। ૩ ।।

(૮) કલહાન્તરિતા નાયિકા રૂપે રાધા : કૃષ્ણે અન્ય ગોપી સાથે કરેલ વિલાસ પછી રાધાની પાસે ક્ષમા યાચે છે. પરંતુ રાધા તેમને ક્ષમા નથી કરતી એટલું જ નહિ તેમનો અનાદર કરીને સ્વયં દુઃખી થઈને કષ્ટ પ્રાપ્ત કરવાવાળી રાધા કલહાન્તરિતા નાયિકા છે. કોપિત અગર કલહાન્તરિતા રાધાને પ્રસન્ન કરવા સખી કહે છે,

"હરિરુપયાતુ વદતુ બહુમધુરમ ।
કિમિતિ કરોષિ હૃદયમતિ વિધુરમ્ ।। સર્ગ ૯ ।।

'ગીતગોવિંદ'માં નૃત્ય અને ગીત

આ કાવ્યનું ગાન થતાં જ નૃત્ય કરવાની સંવેદના જાગે તેવાં ગીત, લય અને રાગની રચના છે. ભાવ સરોવરમાં ડૂબી જવું અને ઉન્મત્ત થઈને નૃત્ય કરવું એવું એમાં સંયોજન છે. કવિ જયદેવ 'ગીતગોવિંદ'ના પ્રત્યેક ગીતને શાસ્ત્રીય રાગોમાં ગાતા હતા અને તેમની પત્ની પદ્માવતી સંગીત, તાલ અને લય પર નૃત્ય કરતી હતી. આ કાવ્યમાં રચવામાં આવેલી ૨૪ અષ્ટપદીઓ વિવિધ રાગો અને તાલલયના આધાર પર ગાવામાં આવે છે. કવિએ પ્રત્યેક અષ્ટપદી ક્યા રાગમાં, તથા ક્યા ક્યા તાલમાં રજૂ કરી શકાય તેનો ઉલ્લેખ પ્રત્યેક અષ્ટપદી પૂર્વે કર્યો છે. (રાગ અને તાલનો ઉલ્લેખ આગળ કર્યો છે.)

જગન્નાથપુરીના મંદિરમાં ઉડિયા ભાષામાં લખેલો ઈ. સ. ૧૪૯૯નો શિલાલેખ મળ્યો છે તેમાં તે વખતના ઓરિસાના નરેશે એવી આજ્ઞા ઘોષિત કરી હતી કે, "જગન્નાથજીના મંદિરમાં બલરામજીની પૂજાના સમયે 'ગીતગોવિંદ'નાં ગીતોને નૃત્ય અને વાદ્ય સાથે રજૂ કરવું." અને તે સમયે એ મંદિરમાં 'ગીતગોવિન્દ' સિવાય અન્ય ગીત ગાવાની મનાઈ હતી. એ આજ્ઞાનું પાલન નહિ કરનાર પુજારીને સજા કરવાની આજ્ઞા ફરમાવી હતી. 'ગીતગોવિંદ' આગળ જતાં ઓરિસાના શાસ્ત્રીય નૃત્યનો એક આધારસ્તંભ બની ગયું.

'ગીતગોવિંદ'ની અષ્ટપદીઓ અન્ય શાસ્ત્રીય રાગોમાં એક મુખ્ય રાગ શૈલી બની ગઈ. મેડતાના નરેશ રાણા કુંભાએ દસમા સર્ગની અષ્ટપદીને 'રાગરાજિ' નામ આપેલ છે, કારણ કે તે વિવિધ રાગમાં ગાઈ શકાય છે. અગિયારમા સર્ગની ત્રીજી અષ્ટપદી વિવિધ તાળથી સત્તર રાગમાં ગવાય છે. તેથી તેને 'રાગકોણિ' નામ આપે છે તથા અગિયારમા સર્ગની પહેલી અષ્ટપદી અને બારમા સર્ગની બીજી અષ્ટપદી વિવિધ તાળથી ગાઈ શકાય છે તે કારણે 'તાલિરાજિ' અને 'તાલિકોણિ' નામ મેળવે છે.

ગુરુકેલુચન્દ, મહાપાત્ર, કંકુમદાસ, શ્રીમતી મલ્લિકા સારાભાઈ તથા શ્રીમતી સ્મિતા શાસ્ત્રી જેવાં નર્તકોએ 'ગીતગોવિંદ'નાં ગીતોને રાગ–તાલ-લય અને નર્તનકલાનાં અવનવાં આધુનિક રૂપો આપ્યાં છે. તે પછી

'ગીતગોવિંદ'ને કુચિપુડી, ભરતનાટયમ્, કથ્થકલી નૃત્યોને ગીતોમાં કંડાર્યાં છે. આ રીતે 'ગીતગોવિંદ' પ્રબંધ-ગીત કાવ્ય ભકિત-સંગીતના એક મહત્ત્વપૂર્ણ અંગરૂપે ભારતભરમાં વ્યાપ્ત થયું છે. શ્રી જયદેવની અખંડ સાહિત્યસાધના, અપૂર્વ સંગીતકલા, અનન્ય કૃષ્ણ–રાધા પ્રેમ અને પ્રસન્ન દાંપત્યે સોળે કળાએ ખીલેલ કૃષ્ણ ભકત તરીકેનું પ્રથમ પ્રબંધ કાવ્ય રચનાર શ્રી જયદેવ તો શ્રીકૃષ્ણ અને રાધિકાની દિવ્ય જ્યોતિથી ઝળહળતો શાશ્વત રસકવિ છે.

'ગીતગોવિંદ'માં લલિતકલા

શ્રી જયદેવ કવિનું 'ગીતગોવિંદ' સંસ્કૃત રસશાસ્ત્રની દષ્ટિએ રચાયેલું છંદોબદ્ધ પ્રબંધ-ગીતિકાવ્ય છે. તેમાં વિવિધ રાગ, વિશિષ્ટ તાલ, અદ્‌ભુત લયની સરલ રસપ્રવાહિતાની ત્રિવેણી ગંગા ભગવાન શ્રીકૃષ્ણ અને જગતજનની રાધિકાજીના અલૌકિક પ્રેમની દિવ્ય અનુભૂતિનાં આઠસો વર્ષથી સતત ગાન ગાતું વહે છે. અતીતના પ્રવાહમાં તે વૈષ્ણવોના ભકિતઆંદોલનની આધારશિલા બની ગઈ અને બંગાળા, કર્ણાટક, કોંકણ પ્રદેશમાં વહેતી આ ભકિતરસ ગંગાએ ભારતના અન્ય પ્રદેશોમાં તેનું ગુંજન કર્યું. તેરમી સદીના ગુજરાતના એક શિલાલેખમાં 'ગીતગોવિંદ'ના કોઈ કોઈ અંશ અંકિત છે તથા કેટલાંક સંગ્રહાલયોમાં તે ઉપલબ્ધ છે.

ગીતિકાવ્યના બે પ્રકાર છે. એક પ્રકારમાં કેવળ ભાવની અભિવ્યકિત હોય છે અને બીજા પ્રકારમાં ભાવની સાથે સાથે ગાન પણ થાય છે. 'ગીતગોવિંદ' બીજા પ્રકારનું ગીતિકાવ્ય છે જેમાં રાધા અને કૃષ્ણની શૃંગાર–લીલાનું અદ્‌ભુત વર્ણન છે; જેથી 'ગીતગોવિંદ' પ્રબંધ કાવ્ય લલિતકલાનાં અનેક સ્વરૂપોમાં નિબદ્ધ બને તેવી અલૌકિક રચનાએ નૃત્ય, નાટક, નૃત્યનાટિકા, ભવાઈ વેશો જેવાં વિવિધ સ્વરૂપો રજૂ કર્યાં છે. રાધા-કૃષ્ણ અને એકાદ બે સખી જેવાં ઓછાં પાત્રો દ્વારા રજૂ કરી શકાય તેવી સરળતા તેમાં છે. આજે પણ નેપાળમાં પ્રતિ વર્ષ સરસ્વતીના પૂજા-મહોત્સવમાં પ્રમુખ ગીતરૂપે 'ગીતગોવિંદ' ગાવામાં આવે છે. જગન્નાથ-પુરીમાં ભગવાનના શયન પ્રસંગે ગવાતું 'ગીતગોવિંદ' તો નિત્યનો ક્રમ બન્યું છે. ભકિતકાવ્યના સર્વોચ્ચ શિખરે બિરાજતાં 'ગીતગોવિંદ' પ્રબંધ કાવ્યનાં જર્મન, અંગ્રેજ અને અન્ય યુરોપીય ભાષાઓમાં થયેલા અનુવાદો દ્વારા સાહિત્યક્ષેત્રે આંતરરાષ્ટ્રિય પ્રસિદ્ધિ પામેલ 'ગીતગોવિંદ' લલિતકલાના તખ્તા ઉપર ગૌરવપૂર્ણ સ્થાને બિરાજ્યું છે.

'ગીતગોવિંદ' શાશ્વત પ્રેમ-કાવ્ય

'ગીતગોવિંદ'માં કેન્દ્રીય ભાવ છે રાધા-કૃષ્ણનો શાશ્વત પ્રેમ. જયદેવે પ્રેમના તમામ વિભાવો, ઉપાદાનોની સ્વાભાવિક સંયોજના કરી છે. પ્રેમનું આલંબન છે રાધા અને કૃષ્ણ, ઉદ્દીપન છે વસંતઋતુ, લતાકુંજ, યમુના, કૃષ્ણ અષ્ટમીનો ચંદ્ર. કૃષ્ણમાં રાધા તરફ અને રાધામાં કૃષ્ણ તરફ જે રતિ છે તે પ્રેમનો અને શૃંગારનો સ્થાયી ભાવ છે. આ રતિ 'ગીતગોવિંદ'ની અષ્ટપદીઓમાં પુષ્ટ થઈ છે.

શૃંગારરસની બે સ્થિતિ છે : એક સંભોગ અને વિપ્રલંભ. કાવ્ય વિપ્રલંભથી શરૂ થાય છે. કૃષ્ણ રાધાની ઉપેક્ષા કરીને અન્ય ગોપીઓની સાથે રાસક્રીડા અને રતિક્રીડા કરવા ચાલ્યા જાય છે. ઉપેક્ષિત રાધા ભગ્નહૃદયા થઈને, ઉદાસ બની એક લતાકુંજમાં છુપાય છે અને સખીને કહે છે, "હે સખી, મને તું તે મંદ મંદ હાસ્ય કરવાવાળા કૃષ્ણની સાથે મિલન કરાવી દે."

અહીં રાધા વિયોગી નાયિકાના રૂપે આપણી સમક્ષ આવે છે. તે કૃષ્ણનો વિયોગ સહન કરવા અસમર્થ છે. બીજી તરફ કૃષ્ણને પણ રાધાનો પ્રેમ ધ્યાન ખેંચે છે. તેથી તે પણ રાધાને પ્રાપ્ત કરવા વ્યાકુળ થઈ જાય છે. ત્યારે શ્રીકૃષ્ણ એક સખીને રાધા પાસે મોકલે છે અને સંદેશો કહે છે કે "હે સખી, તારા વિરહમાં કૃષ્ણ ઝૂરે છે." વિપ્રલંભ દ્વારા જ સંભોગ રતિપુષ્ટ બને છે. રાધા અને કૃષ્ણ પરસ્પર વિયોગથી દુઃખી છે તથા બંને એકબીજાને મળવા ઉત્સુક છે. અંતે કૃષ્ણ રાધાને મળે છે. અપરાધની ક્ષમા માગે છે. એક સખી રાધાને સમજાવી કૃષ્ણની પાસે લઈ જાય છે. રાધા કૃષ્ણને ક્ષમા કરે છે અને તેમને અનુકૂળ થઈ જાય છે અને અંતમાં બંનેનું મિલન થાય છે.

આ રીતે 'ગીતગોવિંદ' કાવ્યમાં રાધાને કૃષ્ણના સંપૂર્ણ પ્રેમની વ્યંજના છે. કાવ્યનો પ્રારંભ વિપ્રલંભ – વિયોગથી થાય છે અને અંત સંભોગ-સંયોગથી થાય છે. આ છે આપણી ભારતીય શૃંગારકાવ્યની શૈલી. મહાકવિ કાલિદાસે શકુંતલાને પ્રથમ પ્રેમ, બાદ વિપ્રલંભ અને અંતમાં પુનઃસંભોગ બતાવ્યો છે. તેવી રીતે જયદેવે પણ રાધા–કૃષ્ણમાં પ્રથમથી રતિ હતી, બાદ કૃષ્ણના કારણે વિયોગ થયો. અંતમાં બંનેનું પુનઃમિલન થાય છે. કાવ્યને કોઈએ લૌકિક દષ્ટિથી જોયું છે તો કોઈએ અલૌકિક દષ્ટિએ પારખ્યું છે. કોઈએ આત્મા–પરમાત્માના યોગરૂપે જોયું છે, તો કોઈએ રાધા અને કૃષ્ણના શાશ્વત સૌંદર્યના દર્શનમાં જોયું છે.

'ગીતગોવિંદ'નો ધ્વનિ

શ્રી જયદેવની વાણીમાં "સુવર્ણ, સુગંધ, સૌકુમાર્ય અને સ્વાસ્થ્યનો દુર્લભ સંયોગ છે." સંસ્કૃત મહાકાવ્યોમાં મહાભારત અને રામાયણ, નાટકોમાં શાકુંતલ તેમ ભકિતકાવ્યોમાં ગીતગોવિંદ વિખ્યાત થયું છે. આ રમ્ય કાવ્યમાં શૃંગાર રસનો સાક્ષાત્કાર તથા સ્થાયીભાવ રતિ રાખીને સુંદર રીતે ભકિતભાવ ઊભો કર્યો છે. જેટલું કાવ્ય રમ્ય છે તેટલું જ એની રીતિથી એ દશ્ય પણ બને છે. ગીત, વાદ્ય અને નૃત્યઅભિનયના ત્રિવેણી સંગમમાં અષ્ટપદીઓ વહી જાય છે. શૃંગારરસની રસિકતા છતાં બોધપ્રદ મીમાંસા, કાવ્યોના પ્રકારને 'ગીતગોવિંદ' તરીકેની વિશિષ્ટ શકિતથી **શ્રી જયદેવ સંકીર્તન**' આજસુધી તેની રમણીયતાથી ક્ષણે ક્ષણે નવીન સ્વરૂપ ધારણ કરે છે. રસિક ભકતોના કંઠે થતું ગાન મંદિરોમાં થતા નિત્યપાઠ અને વિવિધ ભાષાઓમાં થયેલાં ભાષાંતરો; એ ત્રણે વસ્તુથી કાવ્યની પ્રશસ્તિ અને પ્રસિદ્ધિ થઈ છે.

'ગીતગોવિંદ' કાવ્યનું પરિશીલન કરનાર વિચારકને જણાશે કે તેનું લક્ષ્યબિંદુ માત્ર શૃંગારરસ વડે મનોદ્દીપન કરવામાં રહ્યું નથી પરંતુ તે સિવાય બીજી મહાન વસ્તુ તરફ દોરવામાં રહેલું છે. આ લક્ષ્યબિંદુનું સંપૂર્ણ આકલન કરવું જરૂરી છે. શું આ કાવ્ય ચિત્રકાવ્ય છે? શું આ કાવ્ય અર્થગાંભીર્ય, અલંકાર પ્રાચુર્યથી મધ્યમ કોટિનું છે? પરંતુ આ કાવ્યમાં રહેલો ધ્વનિ જે કાવ્યનો આત્મા છે. તેમાં નાદધ્વનિનું માધુર્ય, અલંકાર યુક્ત અર્થગાંભીર્ય અને વ્યંજના આ ત્રણેનું એકસાથે સુભગ મિલન છે જેથી 'ગીતગોવિંદ' ધ્વનિકાવ્ય બન્યું છે.

"जयदेव एब संदर्भशुद्धि गिराभ् जानाति" પ્રમાણે કાવ્યનું ચરમ લક્ષ્ય છે દિવ્ય આનંદ –રસાનંદ—પરમાનંદ પ્રાપ્તિ માટે સમગ્ર કાવ્યમાં સગુણ પરમાત્માની ઉપાસના કરતા ભાવુક ભકતની પરમાત્માને પામવાની તાલાવેલી તથા મનોવ્યથા અને ભકતના હૃદયમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવવાની કામના છે. કાવ્યોમાં જ દશ્ય થતો એવો પ્રિય ભકત અને પ્રેમમય ભગવાનના સાયુજ્યરૂપી ધ્વનિ ગર્ભિતરૂપે સમાયો છે, તેથી આ રસિક કાવ્ય છે, સાત્વિક મનોવૃત્તિવાળામાં પરમાનંદનો સ્રોત વહાવે છે. તેથી પ્રાચીન નામાભિમાન રૂપે "શ્રી જયદેવ સંકીર્તન"–પાવનકારી કાવ્યના મુખ્ય નાયક શ્રીકૃષ્ણ, નાયિકા રાધિકા અને એમની પ્રત્યેક સખી બસ ત્રણ પાત્રોથી આ રાધામાધવવિલાસ કાવ્ય 'ગીતગોવિંદ' નામથી '**प्रिये चारु शीले**' '**धीरसमीरे**' '**जय जय देव हरे**'નું સ્મૃતિદર્શન સૌના હૃદયમાં મધુરાભકિતની રસ માધુરી વહાવો.

'ગીતગોવિંદ' – ગીતકાવ્ય – એક સમીક્ષા

ગીતકાવ્યના બે પ્રકાર છે : એક પ્રકાર ભાવપક્ષે છે અને બીજો પ્રકાર ભાવની સાથે સાથે કોઈ પણ રાગમાં ગાવામાં આવે છે. 'ગીતગોવિંદ' બીજા પ્રકારનું ગીતકાવ્ય છે. એમાં ભાવ અને ગેયતા ઉભય છે. જાણે સુવર્ણમાં મણિ ન જડેલ હોય ! આ કાવ્યમાં ત્રીજી વિશેષતા પણ છે. અને તે છે અભિનેયતા. કવિ જયદેવ ગીત ગાઈ રહ્યા હોય, તેને અનુકૂળ વાદ્યો બજતા હોય, અને સાથે સાથે તાલ-લય પર વિવિધ ભાવોની મુદ્રાઓ, ભંગીઓ, ચેષ્ટાઓ દ્વારા વ્યકત કરતી તેમની પત્ની પદ્માવતી ભાવવિભોર થઈને ઉન્મત્ત દશામાં થનક-થનક નૃત્ય કરી રહી હોય ત્યારે સ્વર્ગીય રસોત્સવ-રસવિલાસનું કેવું આવિષ્કરણ થતું હશે !

આ રીતે ભાવ એ તો ગીતકાવ્યનો આત્મા છે. આ કાવ્યનો મુખ્ય ભાવ છે રતિ. રાધા–કૃષ્ણની રતિનાં જ આ ગીતો લખ્યાં છે. કૃષ્ણ તો રાધાને છોડીને બીજી ગોપીઓ સાથે અનુરકત થાય છે. માનવતી રાધા રિસાઈને ગુસ્સામાં આવે છે અને લતાકુંજમાં ચાલ્યાં જાય છે, કૃષ્ણને ખબર પડે છે. તે રાધાની પાસે જાય છે. રતિ–વિલાસનાં સઘળાં ચિહ્ન તેમના શરીર પર જોવામાં આવે છે. રાધાને માટે તે અગ્નિકણ છે. કૃષ્ણ પશ્ચાત્તાપ કરે છે અને રાધા સઘળું ભૂલી જઈને સમર્પણ કરી દે છે. એ છે આ કાવ્યની ભાવયોજના ! મદ, ગર્વ, આવેગ, વિષાદ, ઉન્માદ અને મૃત્યુ જેવા અનેક સંચારી ભાવો અને અનુભાવોથી જયદેવે આ કાવ્યનાં ગીતોમાં – અષ્ટપદીઓમાં સંયોજના કરી છે. અનુપ્રાસ, લલિતપદ યોજના, કર્ણપ્રિય નાદ ને માધુર્ય રેડયું છે.

'ગીતગોવિંદ' કાવ્યનું પરિશીલન

પ્રથમ દૃષ્ટિ : ભારતીય પૌરાણિક કથાઓમાં શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે, પરમાત્મા છે. તેમણે લીલા કરવાને માટે પોતાના શાશ્વત સ્વરૂપને લીલાધામ ગોલોકથી વ્રજમાં અવતરિત કર્યું. એમણે ગોપબાળકો સાથે લીલાઓ કરી, રાધા અને ગોપીઓ સાથે શૃંગારલીલાઓ કરી, કંસનો વધ કર્યો વગેરે. આ રીતે પુરાણોની દૃષ્ટિથી શ્રીકૃષ્ણ રસ રૂપ છે, અને રાસલીલા કરવાને માટે પોતાના ભકતોને સુખ આપવા માટે ધરતી પર અવતાર લે છે.

રાધા તો પ્રકૃતિ છે. આહ્લાદિની શકિત છે, તે તો સૂર્યમાં રહેલ ઉષ્માની જેમ, સદા કૃષ્ણમય રહે છે. લીલા કરવા માટે કૃષ્ણથી અલગ જોવામાં આવે છે, પરંતુ તે તો કૃષ્ણથી અભિન્ન છે. છતાં અહીં રાધા અને

ગોપીઓની સાથે કૃષ્ણ એક શાશ્વત પ્રેમના રૂપમાં આપણી સામે આવે છે. જયદેવના કૃષ્ણ, રાધા અને ગોપીઓ એક જ ભાવપક્ષે છે.

બીજી દૃષ્ટિ : તે આધ્યાત્મિક છે. સમસ્ત જીવ સૌ ગોપીઓ છે, અને કૃષ્ણ પરમાત્મા છે, જીવ તો પરમાત્માથી અલગ થઈને સંસારનાં બંધનોમાં ફસાયો છે. સંસારના સંબંધોને ગૌણ સમજી પરમાત્માને જ પરમ પુરુષ માનીને જો જીવ ઉપાસના કરે તો જીવનો ઉદ્ધાર થઈ શકે છે.

આ પરમાત્મારૂપી કૃષ્ણ પણ શાશ્વત છે. અહીં મીરાંનું સ્મરણ થાય છે. વ્રજમાં એક મહાત્માને મીરાંએ કહેલું કે, "આજ મને ખબર પડી કે વ્રજમાં કૃષ્ણ સિવાય બીજા પણ પુરુષ છે." અર્થાત્ આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો પુરુષ પરમાત્મા કૃષ્ણ તો એક જ છે, અને સમસ્ત જીવ ગોપીઓ છે-આત્મા છે.

ત્રીજી દૃષ્ટિ : આ ત્રીજી દૃષ્ટિ કાવ્યની છે. કાવ્ય શાશ્વત છે, ચિરંતન છે, ચિરંજીવ છે. કવિએ જેને પણ સ્પર્શ કર્યો, જેને પણ કાવ્યનો વિષય બનાવ્યો તે શાશ્વત થઈ ગયો. કવિની લેખિનીમાં સંજીવની શકિત છે. એમણે કૃષ્ણને, કૃષ્ણની લીલાઓને એક રૂપમાં ચિત્રિત કર્યાં જેથી તે શાશ્વત બની ગયાં. કૃષ્ણ તો કવિઓ દ્વારા જન-જનનાં અંતઃકરણમાં વ્યાપ્ત થઈ ગયા.

લોકકથાઓમાં, ધર્મમાં, સંગીતમાં, નૃત્ય, ચિત્ર, કાવ્ય, સાહિત્યનાં અને કલાનાં વિવિધ સ્વરૂપોમાં જયાં જુઓ ત્યાં કૃષ્ણ જ કૃષ્ણ જોવામાં આવશે. આ રીતે કવિઓની કાવ્ય-કલ્પલતા કૃષ્ણની લીલાઓની સૌરભસુગંધ લઈને ફેલાવતી રહી છે. આ રૂપમાં પણ કૃષ્ણ એક શાશ્વત પ્રેમીના રૂપમાં આપણી સામે દશ્ય બને છે.

ચોથી દૃષ્ટિ : કાવ્યમાં નિરૂપિત કૃષ્ણ અને રાધાનો પ્રણય શાશ્વત યૌવનનો પ્રણય છે. કવિ વ્યષ્ટિ દ્વારા, એક યુગલ દ્વારા સમષ્ટિની અભિવ્યકિત કરતા રહ્યા છે તો આ રૂપમાં પણ 'ગીતગોવિંદ'માં જે કૃષ્ણ અને રાધાના પ્રેમની ભાવના વ્યકત થઈ છે તે પણ સમષ્ટિગત શાશ્વત પ્રેમ જ છે.

પાંચમી દૃષ્ટિ : આ દૃષ્ટિ વ્યાપક છે, તેમાં યોગી–ભોગી, રાગી–વિરાગી, સંત–સંન્યાસી તમામને 'ગીતગોવિંદ'નો અભ્યાસ કરીને જે નવચેતના પ્રગટે છે, જે પ્રગટતી હતી અને જે પ્રગટતી રહેશે તેથી એ કૃષ્ણ શાશ્વતપ્રેમી બની રહ્યા છે.

'ગીતગોવિંદ'માં માધુર્યભક્તિની વિવિધ અવસ્થા

'ગીતગોવિંદ' કાવ્યમાં શૃંગાર ભક્તિરસ મુખ્ય છે. પ્રત્યેક લીટી રસથી ભરપૂર છે. તેને શૃંગાર રસ દ્વારા રજૂ કરેલ છે. ભકત પોતાને રાધાજી સ્વરૂપે માને છે અને શ્રીકૃષ્ણને પ્રીતમ સ્વરૂપે માને છે. તેમને પામવા તેમનું પરમ ધ્યેય હોય છે. તેથી ભકત સદા રાધા ભાવમાં રહે છે.

ભક્તોમાં સત્સંગના પરિણામે ભગવદ્ભક્તિમાં વત્તી-ઓછી જિજ્ઞાસા થાય, અને કેટલીક વાર ભગવત્-કૃપાનું ક્ષણિક ભાન થાય. પછી તે ભગવત્કૃપા મેળવવા માટે આતુર થાય છે. કૃપાપ્રાપ્ત ભક્તોનાં જીવનપ્રસંગોની કલ્પના કરે છે ત્યારે તેના મનમાં વ્યાકુળતા આવી જાય છે. એવા જ પ્રકારના ભક્તો પાસે તે વિનંતી કરે છે કે, "તમે મને શ્રી ભગવાન સાથે જલદી મેળવી આપો." આવા જ પ્રકારના ભાવનું વર્ણન શ્રી જયદેવે પ્રથમ બે સર્ગમાં કર્યું છે. ભગવાન પણ ભક્તો ઉપર કૃપા કરવાને એટલા જ પ્રમાણમાં આતુર હોય છે. ભક્ત સાથેનું ભગવાનનું મિલન એ એક જ ધ્યેય ભગવાનનું હોય છે તે ત્રીજા અને ચોથા સર્ગમાં બતાવ્યું છે. આ રીતની કૃપા કરવા ભગવાન સ્વયં ભક્તના અંતઃકરણને વિશેષ શુદ્ધ બનાવે છે. તેવો ભક્ત પોતાના જીવનમાં જે કાંઈ બને છે, તે ભગવાનની ઈચ્છા મુજબ થાય છે, તેવી તેની રહેણીકહેણી થાય છે. પાંચમા ને છઠ્ઠા સર્ગમાં આ ભાવનું વર્ણન છે. આ પ્રકારની યોગ્યતા યુક્ત સ્થિતિવાળા ભક્ત પર ભગવાન કૃપા કરી દર્શન આપવા તૈયાર થાય છે, તેથી ભક્તનું અંતઃકરણ આનંદ સાથે આતુરતા અનુભવે છે. સર્ગ સાત અને આઠમાં આ ભાવયુક્ત વર્ણન છે.

ભક્તને તાત્કાલિક ભગવદ્દર્શન નહિ થતાં તે વ્યાકુલ અને ઉદાસ બને છે. શંકાઓ ઉત્પન્ન થાય છે. પોતાની ભૂલો યાદ કરીને ભગવાનની આરાધના કરે છે, જેથી અંતઃકરણ વિશુદ્ધ બને છે. તેથી તે ભગવદ્દર્શનના સ્ફુલિંગો અનુભવે છે. જેનું વર્ણન નવમા સર્ગમાં છે, શ્રીકૃષ્ણ પોતે રાધાજીની ક્ષમા માગે છે. ભક્તિની આ યાત્રામાં મધુરા ભક્તિનો વિકાસ થાય છે. ભગવાન સિવાય કોઈ વિષય મનમાં રહેતો નથી તેમજ સર્વસ્વ સમર્પણભાવથી ભક્તિ સંપૂર્ણ બને છે. ત્યારે ભગવાનનો આવિર્ભાવ થાય છે અને અંતઃકરણમાં ભગવાનનો વાસ થાય છે. આવું જ્યારે બને છે ત્યારે તે 'મધુરા ભક્તિ'ની સર્વોત્તમ સ્થિતિએ પહોંચે છે. તે વખતે ભગવાન જાતે ભક્તની પાસે આવે છે. દશમા સર્ગમાં શ્રીકૃષ્ણ સ્વયં રાધિકાજી પાસે સાંજના વખતે જાય છે. આ પછીના બે સર્ગમાં ભક્તનું સંપૂર્ણ રીતે સમાધાન થઈ જાય છે. અંતઃકરણમાં પ્રભુની સ્થાપના થવી તે આંતરરહસ્ય છે. આ મહેચ્છા પૂર્ણ થતાં જ 'ગીતગોવિંદ' કાવ્યની સમાપ્તિ થતાં માધુર્ય ભક્તિના યશોગામી રસકવિ જયદેવની કૃતિ ભક્તિ ભાગીરથી બની વહન કરે છે.

જ્ઞાનભક્તિની જ્યોત પ્રગટશે

'ગીતગોવિંદ' તો મધુરા ભક્તિના પ્રકારનું કાવ્ય છે. નારદ ભક્તિસૂત્રમાં '**यथा व्रज गोपिकानाम्**' એ સૂત્રથી મધુરાભક્તિને જ મુખ્ય ગણે છે. તેના ઉદાહરણમાં ગોપીઓનું જ નામ આપે છે, તેથી વૈષ્ણવસમાજમાં મધુરાભક્તિનું પ્રાબલ્ય વિશેષ જોવામાં આવે છે. ગોપીઓનું દષ્ટાંત છેલ્લી કોટિની પરા-ભક્તિનું છે. જ્ઞાન પણ પરાભક્તિ છે. ગોપીઓની ભક્તિ કૃષ્ણમાં એટલી બધી તીવ્ર હતી કે જે રાસક્રીડામાં પરિણમી. યોગીઓ, દેવો અને મહાત્માઓને દુર્લભ એવો સુખાનુભવ આ ગોપીઓને રાસક્રીડામાં થયો હતો. વૈષ્ણવોના મતમાં રાસક્રીડાનો સુખાનુભવ બ્રહ્માનંદથી અનેકગણો મોટો છે. તેમના મતે વૈકુંઠથી ઊંચો ગોલોક છે અને મોક્ષ તો આ બંને લોકથી નિમ્ન છે. ગોલોક તે પરમ ગતિ છે, પરમ સ્થાન જે છે ત્યાં જ રાધાજીનો નિવાસ છે. તેમની આજ્ઞા દ્વારા જ શ્રીકૃષ્ણનાં દર્શન સુલભ બને છે. આ કાવ્ય પર શ્રીમદ્ ભાગવતની અસર છે. મધુરાભક્તિને પામવા અંતઃકરણની પૂર્ણ તૈયારી જોઈએ. ગોપીઓના આદર્શવાળી ભક્તિ તે મધુરાભક્તિનું નિદર્શન 'ગીતગોવિંદ' કાવ્ય દ્વારા ઉત્તમ રીતે પૂરું પાડે છે. પરંતુ આ ભક્તિ સેવવી તે સામાન્ય જનોની શક્તિ બહારની વાત છે. તે તો ઉત્કટ શૃંગારના વિષથી પરિપૂર્ણ ભક્તિરૂપી અમૃત પાન કરે તે જ પચાવી શકે. માધુર્યભક્તિ આચ્છાદિત 'ગીતગોવિંદ' સાથે જ્ઞાનભક્તિની જ્યોત જલશે તો પરમ ભગવદ્ દર્શનરૂપી દીપશિખા પ્રગટશે.

સમાપ્ત

શ્રી ગણેશાય નમ:

માધવમાધુર્ય : ખંડ બીજો

શ્રી કૃષ્ણભક્ત શ્રી જયદેવ કવિ (ઈ. સ. બારમી સદી)

ગીતગોવિન્દ કાવ્ય

અનુવાદક : **હિંમતલાલ ઉમિયાશંકર દવે**, 'સાહિત્યમાર્તંડ, સાહિત્યરત્ન'

[સંસ્કૃત સાહિત્યમાં શ્રી જયદેવ કવિનું 'ગીતગોવિંદ' કાવ્ય–પ્રબંધ સ્તોત્ર અજર, અમર તથા અદ્વિતીય છે. એમાં કવિએ પ્રેમ–ભક્તિની જે પાવનદાયિની નિર્મળ ધારા વહાવી છે, તેનું એક એક બિન્દુ પ્રેમીઓ તથા ભક્તાનાં હૃદયોને હર્ષાન્વિત કરી દે છે. આ ભક્તિકાવ્યનું પૂર્ણરૂપથી ગાન કરીને તેનો રસાસ્વાદ લઈ પ્રાતઃ સ્મરણીય પ્રેમ–ભક્તિના શિરોમણિ શ્રી જયદેવજીની ભક્તિગંગાનું અમૃતપાન કરીને કાવ્યમાધુરીના ભોક્તા બનો.]

।। પ્રથમ: સર્ગ: ।।

કાવ્યની ભૂમિકા

[પ્રથમ સર્ગનું નામ 'સામોદ–દામોદર' છે. શ્રીકૃષ્ણ આનંદયુક્ત છે, તે વૃંદાવનમાં અનેક ગોપીઓ સાથે શૃંગાર–વિહાર કરે છે. તેમનું સ્વરૂપ તો કામદેવના પણ કામદેવ જેવું છે અને કાવ્યની શરૂઆત વસંતના વૈભવયુક્ત આહ્‌લાદક વર્ણનોથી સભર છે, આ સર્ગમાં ચાર અષ્ટપદી–ગીતો છે. કાવ્યની શરૂઆત ભગવાનના દશ અવતારોને વંદન કરીને કરે છે.]

મેઘૈર્મેદુરમમ્બરં વન ભુવ:
શ્યામાસ્તમાલદ્રુમૈ –
નક્તં ભીરુરયં ત્વમેવતદિમં
રાધે ગૃહં પ્રાપય ।।
ઈત્થં નંદ નિદેશતશ્ચ લિતયો:
પ્રત્યધ્વકુંજ દ્રુમમ્ ।
રાધા માધવયોર્જયન્તિ યમુના–
કૂલે રહ: કેલય: ।। ૧ ।।

એક વખત ભગવાન શ્રીકૃષ્ણ તેમજ તેમના મિત્રો–સખાઓ; રાધા તથા સખીઓ કોઈ ઉપવનમાં ભ્રમણ કરી રહ્યાં હતાં, જયારે સંધ્યા થઈ ત્યારે નંદે કહ્યું, 'અરે રાધા, આકાશ મેઘનાં વાદળાંઓથી ઘેરાઈ ગયું છે, આ જંગલનો રસ્તો પણ તમાલ વૃક્ષોથી વ્યાપી રહ્યો હોવાથી કાળો ભમ્મર થઈ રહ્યો છે. આ કૃષ્ણ તો રાત્રે એકલો બીએ છે, એથી તું એની પથદર્શિકા બનીને એને ઘર પર પહોંચાડી દે."

નંદની આ આજ્ઞા અનુસાર રાધા શ્રીકૃષ્ણની પથ-પ્રદર્શિકા (રસ્તો બતાવનાર ભોમિયો) બનીને તેમને ઘેર પહોંચાડવા માટે ચાલી. રસ્તામાં યમુનાના કિનારા પરનાં ઉપવનો તથા લતા–કુંજોની શોભા અને વૃક્ષોની રમણીય છટાઓ સાથે જ એકાંતની લલિતક્રીડાઓ ઘણી સુખદ થઈ.

ભગવાન શ્રીકૃષ્ણની તે ક્રીડાઓનો સદા જય હો. (૧)

વાગ્દેવતાં ચરિત ચિત્રિતચિત્ત સદ્મા ।
પદ્માવતી ચરણ ચારણ ચક્રવર્તી ।।

શ્રી વાસુદેવ રતિકેલિ કથા સમેત ।
મેતં કરોતિ જયદેવ કવિ: પ્રબન્ધમ્ ॥ ૨ ॥

જેનું ચિત્ત પવિત્ર 'સરસ્વતીજી'નાં ચરિત્રથી ઓતપ્રોત છે, જે રાધિકાની ચરણસેવા કરનારમાં શ્રેષ્ઠ એવા તે જયદેવ કવિ આ કાવ્ય (પ્રબંધ) રચે છે, જેમાં શ્રીકૃષ્ણની રાસલીલા સંબંધી રસપૂર્ણ કથા છે. (૨)

યદિ હરિસ્મરણેન સરસં મનો ।
યદિ વિલાસ કલાસુ કુતૂહલમ્ ॥
મધુર કોમલ કાન્ત પદાવલિમ્ ।
શૃણુ તદા જયદેવ સરસ્વતીમ્ ॥ ૩ ॥

આપનું અંતઃકરણ હરિચર્ચા તરફ આકર્ષિત છે તથા આપના કાન હરિની સુલલિત લીલાઓને શ્રવણ કરવા ઇચ્છે છે, તો અત્યંત મધુર તથા મનોહર અને સુલલિત પદ-રચનાવલી શ્રી જયદેવ કવિની સાંભળો. (૩)

વાચ: પલ્લવયત્યુમાપતિધર:
સંદર્ભ શુદ્ધિં ગિરાં ।
જાનીતે જયદેવ એવ શરણ:
શ્લાધ્યો દુરૂહદ્રુતે: ॥
શૃંગારોત્તર સત્પ્રમેય રચને –
રાચાર્ય ગોવર્ધન ।
સ્પર્દ્ધી કોડપિ ન વિશ્રુત: શ્રુતિધરો
ધોઈ કવિક્ષ્માપતિ: ॥ ૪ ॥

કવિ **ઉમાપતિધર** પદરચના સુંદર કરે છે. અર્થાત્ તેમની રચના ગૌરવપૂર્ણ થતી નથી. **શરણ** કવિ કેવળ અર્થગાંભીર્યમય રચના કરે છે, **ગોવર્દ્ધનાચાર્ય** કેવળ શૃંગાર રસની રચના સારી કરી શકે છે. અર્થાત્ શૃંગાર રસમાં તેમની કોઈ સરખામણી કરી શકતા નથી. **ધોયી** કવિ એક વખત સાંભળતાં જ સ્મરણમાત્ર રાખી શકે છે. અર્થાત્ અર્થબોધ કરી શકતા નથી. શબ્દ તથા અર્થ ગાંભીર્યમય રચના (સંદર્ભયુક્ત) તો **જયદેવ** કવિ જ કરી શકે છે. (૪)

[પ્રથમ : સર્ગ અષ્ટપદી–ગીત ૧]

(માલવરાગ–રૂપક તાલ)

પ્રલય પયોધિજલે ધૃતવાનસિ વેદમ્ ।
વિહિત વહિત્ર ચરિત્રમખેદમ્ ।
કેશવધૃતમીન શરીર, જય જગદીશ: ! હરે ! ૧ ધ્રુવ૦

હે **મત્સ્યાકૃતિ** ધારણ કરવાવાળા કેશવ, આપે પ્રલય કાળમાં પ્રયાસ કર્યા વગર સમુદ્રમાં માછલીના રૂપને ધારણ કર્યું, એથી હે જગદીશ, આપનો જય હો. (૧)

ક્ષિતિરતિ વિપુલ તરે તવતિષ્ઠતિપૃષ્ઠે
ધરણિધરણકિણ ચક્રગરિષ્ઠે ।
કેશવ ! ધૃત કચ્છપ રૂપ, જય જગદીશ હરે (૨)

હે **કૂર્માકૃતિ** (કાચબો) ધારી, આપે પીઠ પર વિપુલ પૃથ્વીને ધારણ કરી જેથી આપની પીઠ પર એ ચિહ્ન પડી ગયું, એથી હે હરિ, જગદીશ, આપનો જય હો. (૨)

વસતિ દશનશિખરે ધરણી તવ લગ્ના
શશિનિ કલઙ્કકલેવ નિમગ્ના ।
કેશવ ધૃત શૂકર રૂપ, જય જગદીશ ! હરે ! (૩)

હે (શૂકર) વરાહ રૂપધારી – કેશવ, આપના દાંતોના અગ્રભાગમાં ચોંટી ગયેલી પૃથ્વી ચંદ્ર–કલંકની શોભાની જેમ જોવામાં આવે છે. એથી હે જગદીશ, આપનો જય હો. (૩)

તવ કરકમલવરે નખમદ્ભૂત શૃંગમ્
દલિત હિરણ્યકશિપુ તનુ ભૃઙ્ગમ્ ।
કેશવ ! ધૃત નરહરિ રૂપ, જય જગદીશ ! હરે ! (૪)

હે **નૃસિંહ** અવતારધારી – કેશવ, આપનાં કર-કમળોમાં વિચિત્ર નખો છે. જેનાથી હિરણ્યકશિપુના શરીર રૂપી ભ્રમરનો નાશ થયો છે. એથી હે જગદીશ, આપનો જય હો. (૪)

છલયસિ વિક્રમણે બલિમદ્ભુત વામન
પદ નખ નીરજ નિતજનપાવન ।
કેશવ ! ધૃત વામન રૂપ, જય જગદીશ । હરે ! (૫)

હે **વામન**–અવતારધારી આપે વિચિત્ર વામન-અવતાર ધારણ કર્યો, જેથી બલિ સાથે છળ કર્યો. ત્યારે બ્રહ્માજીએ હર્ષથી આપના પદ–કમળના નખોને નીરથી (ગંગાજળથી) વહાવ્યા, તેથી આ લોકને પવિત્ર કર્યો. એટલા માટે હે હરે ! જગદીશ, આપનો જય હો. (૫)

ક્ષત્રિયરુધિરમયે જગદપગત પાપં
સ્નપયસિ પયસિ શમિત ભવતાપમ્ ।
કેશવ ! ધૃત ભૃગુપતિ રૂપ, જય જગદીશ ! હરે ! ॥૬॥

હે **પરશુરામ** રૂપધારી, આપે પરશુરામ અવતાર ધારણ કરીને ક્ષત્રિયોના રક્તથી સંસારને સ્નાન કરાવીને સંસારનાં પાપોનું શમન કરાવ્યું, એથી હે હરિ, હે જગદીશ, આપનો જય હો. (૬)

વિતરસિ દિક્ષુરણે દિક્પતિ કમનીયમ્
દશમુખ મૌલિ બલિં રમણીયમ્ ।
કેશવ ! ધૃત રામ શરીર, જય જગદીશ ! હરે ! (૭)

હે કેશવ, આપે ઇન્દ્ર આદિ દશદિગ્પાલોના પ્રીત્યર્થે રાક્ષસપતિ રાવણનાં દશ માથાંનું યુદ્ધમાં બલિદાન કર્યાં એથી હે હરિ, હે **રામચન્દ્ર** રૂપધારી આપનો જય હો. (૭)

વહસિ વપુષિ વિશદે વસનં જલદાભમ્ ।
હલ હતિ મીતિ મિલિત યમુનાભમ્ ।
કેશવ ! ધૃત હલધર રૂપ, જય જગદીશ ! હરે ! (૮)

હે **બળદેવ** રૂપધારી, હે કેશવ તમે તમારા શરીર ઉપર હળના મારની બીકથી જાણે યમુનાજી સ્વયં ન આવી પહોંચ્યાં હોય તેવું વાદળ જેવું નીલવસ્ત્ર ધારણ કરો છો. તેવા હે હરિ, આપનો જય હો. (૮)

નિન્દસિ યજ્ઞ વિધેરહહ શ્રુતિ જાતમ્ ।
સદય હૃદય–દર્શિત પશુઘાતમ્ ।
કેશવ ! ધૃત બુદ્ધ શરીર, જય જગદીશ ! હરે ! ॥૯॥

હે કેશવ, જે યજ્ઞોમાં પશુ હિંસા વિધિ છે, તેવા ભાગની આપે નિંદા કરી. એવા હે **બુદ્ધરૂપ** ધારી જગદીશ, આપનો જય હો. (૯)

મ્લેચ્છનિવહનિધને કલયસિ કરવાલમ્ ।
ધૂમકેતુ મિવ કિમપિ કરાલમ્ ।
કેશવ ! ધૃત કલ્કિ શરીર, જય જગદીશ ! હરે ! (૧૦)

હે કેશવ, આપે મ્લેચ્છોનો નાશ કરવાને માટે ધૂમકેતુ–(પૂંછડીઓ તારા) સમાન વિચિત્ર–રૂપ ધારણ કર્યું. એવા હે **કલ્કિ** અવધારી જગદીશ, આપનો જય હો. (૧૦)

શ્રી જયદેવ કવેરિદમુદિત મુદારમ્ ।
શૃણુ સુખદં શુભદં ભવસારમ્ ।
કેશવ ! ધૃત દશવિધ રૂપ, જય જગદીશ ! હરે ! (૧૧)

હે દશવિધ રૂપધારી કેશવ, આપનો જય હો. "હે ભક્તો, જયદેવ કવિ રચિત સુખપ્રદ મનોહર તથા કલ્યાણકારી સંસારના તત્ત્વરૂપ આ સ્તોત્ર (ગીતગોવિન્દ) સાંભળો. એથી પરમ સુખ પ્રાપ્ત થશે." (૧૧)

(નોંધ – (૧) આ મત્સ્યાવતાર બીભત્સરસના અધિષ્ઠાતા છે. (૨) કૂર્માવતાર અદ્ભુતરસના, (૩) વરાહ ભયાનક રસના, (૪) નરસિંહ અવતાર વાત્સલ્ય રસના, (૫) વામન–અવતાર સખ્યરસના, (૬) પરશુરામ અવતાર રૌદ્ર રસના, (૭) રામાવતાર કરુણા રસના, (૮) બલભદ્ર હાસ્ય રસના, (૯) બુદ્ધાવતાર શાંતરસના અને (૧૦) કલ્કિ અવતાર વીરરસના અધિષ્ઠાતા છે.)

પ્રથમ અષ્ટપદી ૧ થી ૧૧ સુધીમાં જયદેવ કવિએ શ્રી કૃષ્ણના દશ અવતારો અને પ્રત્યેક અંગ રસના અધિષ્ઠાતા અવતારોનું વર્ણન કરીને છેવટે – **અંગીરસના** અધીશ શ્રીકૃષ્ણને દશ અવતારરૂપ માનીને સ્તુતિ કરે છે.

વેદાનુદ્ધરતે જગન્નિ વહતે
ભૂગોલમુદ્ વિભ્રતે ।
દૈત્યં દારયતે બલિં છલયતે –
ક્ષત્રક્ષયં કુર્વતે ॥
પૌલસ્ત્યં જયતે હલં કલયતે –
કારુણ્યમાતન્વતે ।
મ્લેચ્છાન્મૂર્ચ્છયતે દશાકૃતિકૃતે
કૃષ્ણાય તુભ્યં નમ: ॥૧॥

હે કેશવ, મંત્સ્યાવતારધારી, વેદરક્ષક, કૂર્મરૂપ ધારી તથા વરાહરૂપ ધારી જગતને ધારણ કરવાવાળા, રામરૂપ ધારણ કરી રાક્ષસરાજા રાવણનો વધ કરવાવાળા, વામન અવતારથી બલિરાજાને છળકપટથી પાતાળમાં ચાંપનાર, પરશુરામ અવતારથી ક્ષત્રિયોનો નાશ કરવાવાળા, બળદેવરૂપ લઈને હળને ધારણ કરનાર, બુદ્ધરૂપ ધરીને કરુણાનું પ્રસારણ કરનાર અને કલ્કિરૂપે મ્લેચ્છોનો સંહાર કરનાર, આ પ્રકારે દશ અવતારો ધારણ કરનાર હે શ્રીકૃષ્ણ, આપનો જય હો. હે કૃષ્ણ, આપને અમારા પ્રણામ. (૧)

(નોંધ – 'ગીત ગોવિન્દ' સ્તોત્ર–કાવ્યમાં બાર સર્ગ છે અને ૨૪ અષ્ટપદી તથા અન્ય સ્તુતિ શ્લોક મળી કુલ ૩૮૬ શ્લોક છે તેમાં દશાવતારની **સ્તુતિ અષ્ટપદી** પછી હવે પ્રથમ સર્ગ શરૂ થાય છે.)

॥ ગીતગોવિંદ પ્રથમ સર્ગ ॥

સામોદ દામોદર

અષ્ટપદી ગીત-૨

શ્રિત કમલા કુચ મંડલ ધૃત કુંડલએ ।
કલિત લલિત વનમાલ જય જય દેવ હરે ॥
(ધ્રુવ)–૧

જેમણેશ્રી રાધિકાજીના કુચ–મંડળનો આશ્રય કર્યો છે, એવા હે કુંડળધારી, હે કોમળ પુષ્પમાળા ધારણ કરેલા, હે દેવ, હે હરે, તમારો જય હો. (૧)

દિનમણિમણ્ડલ મણ્ડન ભવખણ્ડન એ ।
મુનિજન માનસહંસ જય જય દેવ હરે ! ॥ ૨ ॥

હે સૂર્યમંડલના અલંકાર રૂપ, સંસારનાં દુ:ખ હરણ કરવાવાળા, ઋષિવરોનાં ચિત્તારૂપી સરોવરના હંસ રૂપ હે દેવ, હે હરે, તમારો જય હો. (૨)

કાલિય વિષધર ગુઞ્જન જનરઞ્જન એ
યદુકુલનલિનદિનેશ જય જય દેવ હરે ! ॥ ૩ ॥

હે કાલિય નામના નાગનો મદ નાશ કરનારા, હે આનંદવર્ધક, હે યદુકુલ રૂપી કમળને માટે સૂર્ય સમાન, હે દેવ, હે હરે, તમારો જય હો (૩)

મધુમુર નરક વિનાશન ગરુડાસન એ ।
સુર કુલ કેલિનિદાન જય જય દેવ હરે ! ॥ ૪ ॥

હે મધુ, મુર, નરક વગેરે દૈત્યોનો નાશ કરવાવાળા, હે ગરુડ ઉપર સવારી કરનારા, અને દેવોના સમૂહને આનંદ આપનાર–આદિ કારણરૂપ હે દેવ, હે હરે, તમારો જય હો (૪)

અમલકમલદલ લોચન ભવ મોચન એ ।
ત્રિભુવન ભવન નિધાન, જય જય દેવ હરે ! ॥૫॥

હે નિર્મળ કમળપત્ર તુલ્ય નેત્રધારી, હે સાંસારિક બંધનોથી છોડાવવાવાળા, હે ત્રણે ભુવનના આદિ કારણ, હે દેવ, હે હરે, તમારો જય હો. (૫)

જનકસુતા કૃત ભૂષણ, જિત દૂષણ એ ।
સમર શમિત દશ કણ્ઠ જય જય દેવ હરે ॥ ૬ ॥

હે જનકસુતા (સીતાજી)થી વિભૂષિત, હે ખર–દૂષણ વધ કરનારા, યુદ્ધમાં રાવણવધ કરનાર હે દેવ, હે હરે, તમારો જય હો. (૬)

અભિનવ જલધર સુંદર ધૃતમન્દર એ ।
શ્રીમુખ ચન્દ્રચકોર જય જય દેવ હરે ॥ ૭ ॥

હે નવીન મેઘ સમાન ઉજ્જવલ વેશધારી, લક્ષ્મીજીના મુખરૂપી ચન્દ્રને માટે ચકોર રૂપ હે દેવ, હે હરે, તમારો જય હો. (૭)

તવ ચરણે પ્રણતા વયમિતિ ભાવય એ ।
કુરુકુશલં પ્રણતેષુ જય જય દેવ હરે ॥ ૮ ॥

હે હરિ, અમે આપનાં ચરણમાં પ્રણામ કરીએ છીએ. અમારા પ્રણામનો સ્વીકાર કરો. હે દેવ, હે હરિ, તમારો જય હો (૮)

શ્રી જયદેવ કવેરિદં કુરુતે મુદમૂએ ।
મઙ્ગલ મુજ્જવલગીતં જય જય દેવ હરે ॥ ૯ ॥

શ્રી જયદેવ કવિ કૃત આ મંગલગાન મનન કરવા યોગ્ય અને પાઠ કરવાવાળાને આનંદ પ્રાપ્ત થાવ. હે હરે, હે દેવ આપનો જય હો.

(શ્રી ગીતગોવિંદના પ્રથમ સર્ગની બીજી અષ્ટપદી–ગીત સમાપ્ત)

પદ્માપયોધર તટી પરિરમ્ભ લગ્ન–
કાશ્મીર મુદ્રિત મુરો મધુસૂદનસ્ય ।
વ્યક્તાનુરાગ મિવ ખેલ દનઙ્ગખેદ
સ્વેદામ્બુપૂરમનુપૂરયતુ પ્રિયં વ: ॥ ૧ ॥

શ્રી રાધિકાને આલિંગન કરતાં તેમનાં ઉરજ ઉપરનું કેસર કૃષ્ણનાં વક્ષ:સ્થળ (છાતી)માં લાગી ગયું. તે તો એમ સમજો કે પ્રત્યક્ષ પ્રેમ છે અથવા રાધિકાએ ભગવાનના હૃદયપટલ પર મહોર મારી દીધી. કારણ કે રાધાની આજ્ઞા વિના તેમનો સ્પર્શ અન્ય રમણીઓ ન કરે ! એવી રતિક્રીડાથી ઉત્પન્ન પસીનાથી યુક્ત શ્રીકૃષ્ણનું હૃદય આપનું મંગલ કરો. (૧)

વસન્તે વાસન્તી કુસુમ સુકુમારૈરવયવૈ–
ર્ભ્રમન્તીં કાન્તારે બહુવિહિત કૃષ્ણાનુસરણામ્ ।
અમન્દં કન્દર્પ જ્વર જનિત ચિન્તા કુલતયા,
ચલદ્બાધાં રાધાં સરસમિદમુચે સહચરી ॥ ૨ ॥

વસંત ઋતુમાં માધવી પુષ્પોથી પણ અધિક કોમળ શરીરવાળી, શ્રીકૃષ્ણની પાછળ પાછળ શૂન્ય–વનમાં ભમતી તથા કામજ્વરથી ઉત્પન્ન થયેલી ચિન્તાની વિકલતાથી અત્યંત વ્યાકુલ થયેલી રાધાને તેની કોઈ સખી પરિહાસમાં (મશ્કરીમાં) બોલી. (૨)

સર્ગ ૧ અષ્ટપદી – ગીત ૩

(વસંતરાગ–રૂપક તાલ)

લલિત લવઙ્ગલતા પરિશીલન કોમલ મલય સમીરે ।
મધુકર નિકર કરમ્બિત કોકિલ કૂજિત કુઞ્જ કુટીરે ॥
વિહરતિ હરિરિહ સરસ વસન્તે નૃત્યતિ યુવતિ જનેન સમં
સખિ વિરહિ જનસ્ય દુરન્તે ॥ ધ્રુવ ૧ ॥

હે રાધે, સુંદર લવંગલતાઓને સ્પર્શિત, મંદ મંદ વહેતા મલય સમીરની સાથે, ભમરાઓના સમૂહની સાથે કોયલોના કૂજનથી સોહામણી કુંજોની કુટિર જયાં વિરહી જનોને દુ:ખકર એવા વસંત સમયે વૃંદાવનમાં શ્રીકૃષ્ણચન્દ્ર વિહાર કરે છે અને તરુણી ગોપીઓની સાથે નાચે છે અને ગાય છે. (૧)

ઉન્મદ મદન મનોરથ પથિક, વધૂ જનજનિત વિલાપે ।
અલિકુલસઙ્કુલ કુસુમ સમૂહ-
નિરાકુલ બકુલ કલાપે ॥ વિહરતિ ૨ ॥

રતિકામનાથી પથિકોને ઉન્મત્ત કરવાવાળી અંગના(સ્ત્રી)ઓને વિલાસયુક્ત કરાવવાવાળા (વસંતમાં) બકુલપુષ્પો પર ભમરાઓને ભ્રમિત કરાવવાવાળા વસંતમાં શ્રીકૃષ્ણ યુવતીઓની સાથે આમોદપ્રમોદ કરી રહ્યા છે. (૨)

મૃગમદ સૌરભરભસવશં વદન,
વદ્દલમાલ તમાલે ।
યુવજન હૃદય વિદારણ મનસિજ–
નખરુચિ કિં શુકજાલે ॥ વિહરતિ ૩ ॥

કસ્તૂરીની સુગંધના વેગથી અનુકીર્તન કરાવવાવાળા, તમાલ (વૃક્ષ)નાં નવાં કોમળ પાંદડાંઓથી સુશોભિત તથા તરુણોનાં હૃદયોને વિદીર્ણ કરનાર કામદેવના નખ જેવાં પલાશ પુષ્પો (કેશુડા)થી પ્રફુલ્લિત વસંતમાં શ્રીકૃષ્ણ કામિનીઓની સાથે રમણ કરે છે. (૩)

મદન મહીપતિ કનક દણ્ડરુચિ કેસર કુસુમ વિકાસે ।
મિલિત શિલી મુખપાટ લિપટલ કૃત સ્મર
તૂણ વિલાસે ॥ વિહરતિ ૪ ॥

કામદેવના સુવર્ણ દંડવાળા છત્રની સમાન કાંતિમાન અને વિકસિત નાગકેસર પુષ્પોથી સુશોભિત તથા કામદેવના ભાથામાં ભરેલા બાણની સમાન પ્રતીત થવાવાળા, ભમરાઓથી આચ્છાદિત, ગુલાબનાં ફૂલોથી યુક્ત વસંતમાં શ્રીકૃષ્ણ ગોપાંગનાઓ સાથે નૃત્ય તથા રતિક્રીડા કરી રહ્યા છે. (૪)

વિગલિત લજ્જિજત જગદવ લોકન
તરુણ વરુણ કૃત હાસે ।
વિરહિનિ કૃતન કુન્ત મુખાકૃતિ
કેતકિ દન્તુરિતાશે । વિહરતિ ૫ ॥

નવીન વરુણ વૃક્ષ (વાય વરણાનું), નિર્લજ્જ જગતને જોવાને માટે જાણે પુષ્પોને વિકસિત કરીને હાસ્ય કરી રહેલ છે ! કેતકીનાં પુષ્પો વિરહી જનોને વીંધી નાખવા માટે ભાલાની અણી જેવા અને બરછી સમાન થઈ રહ્યા છે. એવા વસંતમાં શ્રીકૃષ્ણ યુવતીઓની સાથે નૃત્યપૂર્વક વિહાર કરી રહ્યા છે. (૫)

માધવિકાપ પરિમલ લલિતે નવમાલતિજાતિ સુગન્ધૌ ।
મુનિમનસામપિ મોહન કારિણિ
તરુણા કારણ બન્ધૌ ॥ વિહરતિ ૬ ॥

માધવી લતાની મુગ્ધ સુગંધથી અત્યંત રમણીય, નૂતન માલતી અને ચમેલીનાં સુમનોથી સુગંધિત, મુનિઓના પણ મન મોહ પમાડનાર તથા યુવકોનો સ્વાભાવિક મિત્ર વસંત ઋતુમાં ગોપીઓની સાથે શ્રીકૃષ્ણ નૃત્યપૂર્વક વિહાર કરી રહ્યા છે. (૬)

સ્ફુરદતિ મુક્તલતા પરિરમ્ભણ
મુકુલિત પુલકિત ચૂતે ।
વૃંદાવન વિપિને પરિસર પરિગત-
યમુના જલપૂતે ॥ વિહરતિ ૭ ॥

વિકસિત માધવી લતાઓનાં આલિંગનથી પ્રફુલ્લિત અને પુલકિત આમ્રવૃક્ષથી સુશોભિત યમુનાનાં જળથી ઘેરાયેલ પવિત્ર ભૂમિવાળા વૃંદાવનમાં વસંતના સમયે શ્રીકૃષ્ણ તરુણીઓ સાથે રમણ કરી રહ્યા છે. (૭)

શ્રી જયદેવ ભણિતમિદ મુદયતિ-
હરિચરણ સ્મૃતિસારમ્ ।
સરસ વસન્ત સમય વનવર્ણન-
મનુગત મદન વિકારમ્ ॥ વિહરતિ ૮ ॥

શ્રીકૃષ્ણનાં ચરણોનાં સ્મરણના સારભૂત જયદેવ કવિ રચિત કામદેવના વિલાસયુક્ત તથા સરસ વસંત ઋતુનું વન વર્ણન સંસારમાં ચિરકાળ સુધી વિસ્તૃત અને સ્થિર રહો (૮)

(ગીતગોવિંદના પ્રથમ સર્ગની તૃતીય અષ્ટપદી-ગીત સમાપ્ત)

દરવિદલિત મલ્લીવલ્લિચઞ્ચત્પરાગ ।
પ્રકટિત પટવાસૈર્વાસયન્ કાનનાનિ ॥
ઈહહિ દહતિ ચેતઃ કેતકીગન્ધ બન્ધુઃ ।
પ્રસર દસમ બાણ પ્રાણ વદ્ ગન્ધવાહઃ ॥ ૧ ॥

હે રાધા, આ વસંતકાળમાં અર્ધ ખીલી ચમેલીનાં પુષ્પોમાંથી પાદુર્ભૂત (પ્રગટેલી) પરાગરજ-રૂપ પટવાસથી જે વનોને સુગંધિત કરે છે અને કેતકીથી સુગંધિત થયેલો અને કામદેવના બાણોની સમાન વિયોગીઓના ચિત્તને બાળી રહ્યાં છે. (૧)

અદ્યોત સહ્ગવસદ્ ભુજહ્ગ કવલકલે,
શાદિ વેશાચલમ્ ।
પ્રાલેયલ્પ વનેચ્છયાડનુસરતિ,
શ્રીખંડ શૈલાનિલઃ ॥
કિંચ સ્નિગ્ધરસાલ મૌલિ મુકુલા
ન્યાલોકય હર્ષોદયા—
દુન્મીલંતિ કુહૂઃ કુહૂરતિ
કલોત્તાલાઃ પિકાનાં ગિરઃ ॥ ૨ ॥

હે રાધા, આ વસંતકાળમાં મલયાચલનો પવન પોતાની સોડમાં રહેલા સર્પો જાણે પોતાને ગળી જશે તેવા ભયથી બરફમાં ઢંકાઈ જવા માટે હિમાલય તરફ જઈ રહ્યો છે અને આંબાની ટોચે ફૂટેલા કૂંણા કૂંણા મોંર જોઈને કોયલો હર્ષાન્વિત થઈને કુહૂ કુહૂ એમ ઊંચા તાલથી ગાય છે.

ઉન્મીલન્મધુ ગન્ધ લુબ્ધ મધુ—પવ્યાધૂત ચૂતાં કુર ।
ક્રીડત્ કોકિલ કાકલીકલ કલેરુદ્ગીર્ણ કર્ણ જ્વરાઃ ॥
નીયન્તે પથિકૈઃ કથં કથમપિધ્યાના વધાન ક્ષણ ।
પ્રાપ્ત પ્રાણ સમા સમાગમ રસોલ્લાસૈરમી વાસરાઃ ॥૩॥

આમ્ર વૃક્ષની મંજરીઓની સુવાસથી રસ-લોલૂપ ભમરાઓથા કપાઈ ગયેલી આમ્ર વૃક્ષની મંજરીઓ

પર કૂજન કરવાવાળી, કોયલના મનોહર મધુર આલાપોથી કાનમાં વ્યાકુલતા ઉત્પન્ન કરવાવાળા, વસંતના આ દિવસોને એકાગ્ર ચિત્તથી ક્ષણો સુધી પોતાના અંતઃકરણમાં પ્રાણ-પ્રિયાના સમાગમ સુખના સ્મરણમાત્રથી વિરહીજન યેનકેન પ્રકારે આ દુઃખપ્રદ સમય વ્યતીત કરી રહ્યા છે. (૩)

અનેક નારી પરિમ્ભ સમ્ભ્રમ
સ્ફુરન્મનોહારિ વિલાસ લાલસમ્ ।
મુરારિ મારા દુપદર્શયન્ત્ય સૌ
સખી સમક્ષં પુનરાહ રાધિકામ્ ॥ ૪ ॥

અનેક રમણીઓના વિલાસના લોલુપ એવા કૃષ્ણની પાસે થઈને જતી અને દૂરથી ઈશારાથી બતાવતી કોઈ સખી રાધાને કહેવા લાગી (૪)

પ્રથમ સર્ગ: અષ્ટપદી ગીત-૪

(રામગિરી રાગયતિ તાલ)

ચંદન ચર્ચિતા નીલ કલેવર,
પીત વસન વનમાલી ।
કેલિચલન્મણિ કુણ્ડલમણ્ડિત-
ગણ્ડ યુગ સ્મિતશાલી ॥
હરિરિહ મુગ્ધ વધૂનિ કરે-
વિલાસિનિવિલસતિ કેલિપરે ॥ ધ્રુવ) ૧ ॥

હે પ્રિય ભાષિણી રાધા, ચંદન ચર્ચિત નીલ શરીરવાળા, પીતાંબર તથા વનમાળા પહેરેલા અને ક્રીડાથી જેના બે ગાલ ડોલતા મણિમય કુંડલોથી શોભે છે, અને જેનું મુખારવિન્દ સ્મિત કરતાં શોભાયમાન દેખાય છે એવા શ્રીહરિ ક્રીડામાં આસક્ત ગોપીઓના સમૂહમાં વિહાર કરી રહ્યા છે. (૧)

પીનપયોધર ભાર ભરેણ
હરિ પરિરભ્ય સરાગમ્ ।
ગોપ વધૂરનુ ગાયતિ કાચિ-
દુદઞ્ચિત પઞ્ચમ રાગમ્
॥ હરિરિહ૦ ૨ ॥

હે રાધિકા, કોઈ ગોપી ઉન્નત પયોધરના ભારથી પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણને આલિંગન કરતી કરતી પછીથી જેમાં પંચમ સૂર પ્રગટે છે તેવાં ગાન કરે છે. (૨)

કાપિ વિલાસ વિલોલ વિલોચન-
ખેલનજનિત મનોજમ્ ।
ધ્યાયતિ મુગ્ધ વધૂરધિકં -
મધુસૂદન વદન સરોજમ્ ॥ હરિરિહ૦ ૩ ॥

હે રાધા, કોઈ કોઈ ગોપી ચંચળ નેત્ર કટાક્ષોનાં કામોત્પાદક સંચારથી શ્રીકૃષ્ણના મુખારવિંદનું અધિક ધ્યાન કરે છે. (૩)

કાપિકપોલતલે મિલિતા લપિતું કિમપિ શ્રુતિમૂલે. ।
ચારુ ચુ ચુમ્બ નિતંબવતી
દયિતં પુલકૈરનુકૂલે ॥ હરિરિહ૦ ૪ ॥

હે રાધા, કોઈ સુંદર નિતંબિની ગોપી કાનના મૂળ આગળ, કંઈ કહેવાના બહાને પોતાનું મુખ અડાડીને રોમાંચ થયેલો છે જેને એવા પોતાના સ્વામી રૂપ શ્રીકૃષ્ણચંદ્રનાં નિપૂણતાથી ગાલોને ચૂમી લીધા (૪)

કેલિકલા કુતુકેન ચ કાચિદમું યમુના જલ કૂલે
મંઞ્જુલ વઞ્જુલ કુઞ્જ ગતમ્ ।
વિચકર્ષ કરેણ દુકુલે ॥ હરિરિહ૦ ૫ ॥

હે રાધા, વળી કોઈ ગોપી શૃંગારરસની ક્રીડાની ઈચ્છાથી યમુના તટે ઊગેલાં વેતસની કુંજમાં રહેલા તે શ્રીકૃષ્ણને તેમનો દુપટ્ટો પકડીને ખેંચે છે. (૫)

કરતલતાલતરલવલયાવલિ કલિત કલસ્વન વંશે ।
રાસ રસે સહનૃત્યપરા હરિણા યુવતિઃ પ્રશશંસે ॥
॥ હરિરિહ૦ ૬ ॥

હે રાધા, એક ગોપીએ શ્રીકૃષ્ણની સાથે નાચતાં નાચતાં તથા તાલ દેતાં દેતાં તેમની વાંસળીના ધ્વનિમાં પોતાના કંકણોનો લય મેળવી દીધો તેથી શ્રીકૃષ્ણે તેની પ્રશંસા કરી. (૬)

શ્લિષ્યતિ કામપિ ચુમ્બતિ
કામપિ રમયતિ કામપિ રામામ્, ।

પશ્યતિ સસ્મિત ચારુપરા
મનુગચ્છતિ વામામ્ ॥ હરિરિહ– ॥૭॥

હે સખી, શ્રીકૃષ્ણ કોઈ ગોપીને આલિંગન કરે છે. કોઈને ચુંબન કરે છે, કોઈની સાથે વિહાર કરે છે. કોઈને મંદ મંદ હાસ્યપૂર્વક જુએ છે. અને કોઈ કોઈની પાછળ જાય છે. ॥૭॥

શ્રીજયદેવ કવેરિદમદ્ભુત,
કેશવ કલિત રહસ્યમ્ ।
વૃંદાવન વિપિને લલિત
વિતનોતુ શુભાનિ યશસ્યમ્ ॥ હરિરિહ ૦ ॥૮॥

જયદેવ રચિત ભગવાનની વૃંદાવનની આ રાસલીલા ભક્તોને સુખદાયક તથા યશદાયક થાવ.

ગીતગોવિંદ, પ્રથમ સર્ગ, ચોથી અષ્ટપદી ગીત સમાપ્ત

વિશ્વેષા મનુરઞ્જનેન જનયન્ના
નન્દમિન્દિવર ।
શ્રેણી શ્યામલ કોમલૈ રૂપનયન્નઙ્ગૈર
નઙ્ગોત્સવમ્ ॥
સ્વચ્છન્દં વ્રજસુંદરી ભિરભિતઃ–
પ્રત્યઙ્ગ માલિઙ્ગિતઃ ।
શૃંગાર સખિ મૂર્તિમાનિદ મધૌ–
મુગ્ધો હરિઃ ક્રીડતિ ॥ ૧ ॥

હે સખી રાધિકા, વ્રજસુંદરીઓથી ચારે બાજુ ઘેરાયેલા અને અંગાંગ આલિંગાઈ ગયેલા મનોહર શ્રીકૃષ્ણ, જાણે મૂર્તિમાન શૃંગાર રસથી જગતને આનંદ આપતા એવા નીલટમળોની હારમાળા જેવા કોમળ અને શ્યામ અંગોથી મનદ–ઉત્સવ ઊજવતા વસંત ઋતુમાં સૌને મુગ્ધ કરે છે. (૧)

રાસોલ્લાસ ભરેલ વિભ્રમ ભૂતા–
માભીરવામભ્રુવા ।
મભ્યર્ણં પરિરભ્ય નિર્ભરમુરઃ –
પ્રેમાન્ધયા રાધયા ॥
સાધુત્વદ્વદનં સુધામય મિતિ
વ્યાહૃત્ય ગીત સ્તુતિ –
વ્યાજાદુદ્ભટ્ટ ચુમ્બિતઃ સ્મિત –
મનોહારી હરિઃ પાતુ વઃ ॥ (૨)

રાસક્રીડાના આનંદથી વિભ્રમયુક્ત ગોપીઓની સન્મુખ ઊભેલી પ્રેમ વિહ્વળ રાધાએ પ્રગાઢ આલિંગન કરતી અને "આપનું સુંદર મુખ અમૃતમય છે." એવું કહેતી ગીત-પ્રશંસાના છળથી શ્રીકૃષ્ણના મુખને દઢતાની સાથે ચૂમી લીધું. એ જાતની ચુંબન નિપુણતા પર મંદ મંદ હાસ્ય દ્વારા ચિત્તને ચોરવાવાળા શ્રીકૃષ્ણ આપનું મંગળ કરે. (૨)

(ગીતગોવિંદ કાવ્ય 'આમોદ દામોદર' નામનો
પ્રથમ સર્ગ સમાપ્ત)

॥ ગીતગોવિંદ દ્વિતીય સર્ગઃ ॥

(અકલેશ કેશવ)

[આ બીજા સર્ગમાં રાધા પોતાની સખી સમક્ષ ફરિયાદ કરે છે કે, કૃષ્ણ અન્ય ગોપીઓ સાથે વિહાર કરે છે. આથી રાધાના હૃદયમાં અસૂયાનો અગ્નિ ઝળે છે. છતાં પણ કૃષ્ણ સાથે પોતે કરેલા વિહારનું સુખદ સ્મરણ પણ યાદ કરે છે. આમ અસૂયા અને સુખદ સ્મરણ વચ્ચે ઝૂલતી રાધાને સુખને શોક વગરના શ્રીકૃષ્ણનું દર્શન મળે છે. આવા 'અકલેશ કેશવ' બીજા સર્ગને વંદન. આ બીજા સર્ગમાં બે અષ્ટપદી ગીત છે.]

વિહરતિ વને રાધાં સાધારણ પ્રણયે હરૌ
વિગલિત નિજોત્કર્ષાદીર્ષ્યાવશેન-ગતાન્યતઃ ॥
ક્વચિદપિ લતાકુઞ્જે ગુઞ્જન્મધુવ્ર તમણ્ડલી ।
મુખર શિખરે લીના દીનાપ્યુવાચરહઃસખીમ્ ॥ ૧ ॥

જ્યારે શ્રીકૃષ્ણ બધી ગોપીઓની સાથે એક પ્રકારનો પ્રેમ કરતાં કરતાં વૃંદાવનમાં રાસલીલા કરતા હતા, તે વખતે રાધા પોતાનું સૌભાગ્ય પૂરું થયેલું જાણીને અર્થાત્ પોતાનું મહત્ત્વ ઓછું છે તેમ મજીને ઈર્ષ્યાના કારણે એક એવી લતા–કુંજમાં જઈને છુપાઈ ગઈ, જ્યાં વૃક્ષોની શાખાઓ તથા લતા–વેલીઓ પર ગુંજન કરતી ભ્રમરોની પંક્તિઓ મધુપાન કરી રહી હતી. ત્યારે રાધા કરુણાથી આર્દ્ર બનેલા ચિત્તે એકાન્તમાં પોતાની પ્રિય સખીને કહેવા લાગી. (૧)

દ્વિતીય સર્ગઃ અષ્ટપદી-ગીત–૫

(ગુર્જરી રાગ–યતિ તાલ)

સંચરદધર સુધા મધુર ધ્વનિ–
મુખરિત મોહન વંશમ્ ।
ચલિત દગઞ્ચલચઞ્ચલ મૌલિ,
કપોલ વિલોલ વતંસમ્ ॥
રાસે હરિમિહ વિહિત વિલાસમ્
સ્મરતિ મનોમમ કૃત પરિહાસમ્
(ધ્રુવ) (૧)

હે સખી, મધુર ધ્વનિથી પરિપૂર્ણ તથા અધરામૃતથી પણ સવિશેષ લલિત તથા સમગ્ર લોકોને મોહ ઉપજાવનારી બંસી બજાવનાર, કટાક્ષ કરવાવાળા બંસી બજાવતી વખતે મનોહર મુગટ તથા કિરીટને ધારણ કરવાવાળા, વિલાસી અને મારી સાથે હાસ્ય–પરિહાસ કરવાવાળા શ્રીકૃષ્ણને મારું હૃદય ચાહે છે. (૧)

ચન્દ્રક ચારુ મયૂર શિખણ્ડ,
કમણ્ડલ વલયિત કેશમ્ ।
પ્રચુર પુરન્દર ધનુર મુરઞ્જિત
મે દુર મુદિર સુવેશમ્ ॥ રાસે હરિ૦ (૨)

હે સખી, કેટકેટલાયે ઈન્દ્રધનુષ્યો સમાન સુંદર ચિત્રોવાળા તથા મોરપીંછાંઓથી પોતાના કેશ ગૂંથીને તેની સજાવટના કારણે તે મેઘમંડલ જેવા પ્રતીત થવાવાળા શ્રીકૃષ્ણને મારું ચિત્ત સ્મરણ કરે છે. (૨)

ગોપ કદમ્બ નિતમ્બવતી મુખ,
ચુમ્બનલમ્ભિત લોભમ્ ।
બન્ધુ જીવ મધુરાધર પલ્લવ
મુલ્લસિત સ્મિત શોભમ્—રાસે હરિ૦ (૩)

હે સખી, ગોપલોકોની નિતમ્બવતી વધૂઓનાં મુખ ચૂમવા લોભી તથા બંધૂક પુષ્પ સમાન લાલ લાલ ઓષ્ઠરૂપી પલ્લવો પર મંદ મંદ હાસ્યથી સુશોભિત મુખવાળા શ્રીકૃષ્ણનું ધ્યાન કરુ છું. (૩)

વિપુલપુલક ભુજપલ્લવ વલયિત–
વલ્લવ યુવતિ સહસ્રમ્ ।
કરચરણોરસિ મણિગણ ભૂષણ
કિરણ વિભિન્ન તમિસ્રમ્–રાસે હરિ૦ (૪)

હે સખી, ઘણા રોમાંચિત અને નવીન પલ્લવ સરખા કોમળ એવી ભુજાઓથી પુલકિત થઈને હજારો ગોપીઓને આલિંગન કરવાવાળા તથા હાથ–પગ અને છાતી પર ધારણ કરેલાં આભૂષણોમાંથી પ્રકાશિત થતી જ્યોતિથી અંધકારનું અપહરણ કરવાવાળા શ્રી કૃષ્ણને મારું મન ચાહે છે. (૪)

જલપટલચલ દિન્દુ વિનિન્દક
ચંદન તિલક લલાટ ।
પીનપયોધર પરિસર મર્દન–
નિર્દય હૃદય કપાટમ્ ॥ રાસે હરિ૦ ॥૫॥

હે સખી, જેના લલાટનું ચંદન તિલક વાદળાંમાં ચાલતા ચંદ્રની પણ અવહેલના કરે છે. અને ગોપીઓનાં ઉન્નત અતિપુષ્ટ કુચોના પ્રાંત ભાગોનું મર્દન કરવામાં કઠોર છાતીવાળા શ્રીકૃષ્ણનું હું હૃદયપૂર્વક સ્મરણ કરું છું.

મણિમય મકર મનોહર કુણ્ડલ,
મણ્ડિત ગણ્ડ મુદારમ્ ।
પીત વસનમનુગત મુનિ મનુજ
સુરાસુરવર પરિવારમ્ ॥ રાસે હરિ૦ ॥ ૭ ॥

પન્ના આદિ મણિઓથી યુક્ત, મગરની આકૃતિવાળા કુંડળ ધારણ કરવાનાં કારણે શોભાવાળા ગાલવાળા, પીતાંબરધારી તથા ઋષિ, મનુષ્ય. દેવતાઓ તથા દૈત્ય વગેરેથી સંબંધિત એવા કૃષ્ણનું હું અંતઃકરણથી ધ્યાન કરું છું. (૬)

વિશદ કદમ્બ તલે મિલિતં-
કલિકલુ પમયેશમયન્તમ્ ।
મામપિ કિમપિ તરહૃગદનઙ્ગ,
દશાનન સાર મયન્તમ્ ॥ ૭ ॥ રાસે હરિ૦

ભવ્ય કદંબની નીચે ઊભા રહેલા, કલિયુગના પાપોનાં ભયને દૂર કરવાવાળા, અને કટાક્ષ વગેરે કરવાવાળા તથા હૃદયથી મારી સાથે રમણ કરવાવાળા કૃષ્ણનું હું ધ્યાન કરું છું. (૭)

શ્રી જયદેવ ભણિત મતિ સુન્દર
મોહનમધુરિ પુરુષમ્ ।
હરિ ચરણ સ્મરણં પ્રતિ-
સંપ્રતિપુણ્યવતામનુરુપમ્ ॥ રાસે હરિ૦ ॥ ૮ ॥

શ્રી જયદેવ કવિ વિરચિત અત્યંત સરસ તથા આકર્ષક શ્રીકૃષ્ણની શોભાનું વર્ણન કરનારું આ કાવ્ય શ્રીકૃષ્ણનાં ચરણોનું સ્મરણ કરવાવાળા પુણ્યાત્માઓને આનંદપ્રદ થાવ. (૮)

(ગીત ગોવિંદ બીજો સર્ગ પાંચમી અષ્ટપદી ગીત સમાપ્ત)

ગણયતિ ગુણગ્રામં ભ્રામં—
ભ્રમાદપિ નેહતે ।
વિહતિ ચ પરિતોષં દોષં—
વિમુઞ્ચતિ દૂરતઃ ॥
યુવતિ યુચલત્તૃષ્ણે કૃષ્ણે—
વિહારિણિ માં વિના—
પુનરપિ મનોધામં કામં
કરોતિ કરોમિ કિમ્ ॥ ૧ ॥

હે સખી, અન્ય સ્ત્રીઓ સાથે સદા સ્નેહ કરનારા, તથા મારા વગર રાસલીલા રચનારા શ્રીકૃષ્ણને જ મારું આ ચિત્ત ચાહે છે.

હું શું કરું? આ બધા કૃષ્ણના ગુણોનું જ કીર્તન કરે છે. ભૂલથી પણ તેમને ભૂલવાની અભિલાષા કરતા નથી પરંતુ તેમની પ્રશંસા શ્રવણ કરીને હર્ષાન્વિત થાઉં છું. (૧)

સર્ગ: ૨, અષ્ટપદી-ગીત-૬

(માલવ રાગ—એકતાલી તાલ)

નિભૃત નિકુઞ્જ ગૃહં ગતયા
નિશિર હસિનિલીયવસન્તમ્ ।
ચકિત વિલોકિત સકલ દિશા
રતિરસભરે ન હસન્તમ્ ॥
સખિ હે કેશિયમથન મુદારમ્ ॥
રમય મયા સહ મદન મનોરથ
ભાવિત યા સવિકારમ્ ॥ ૧ ॥ ધ્રુવ

હે સખી, એકાંત લતાગૃહમાં આવેલા, તથા વારંવાર અહીંતહીં જોવાવાળા, તથા મારી સાથે રાત્રિના સમયે એકાંતમાં છુપાઈને રહેવાવાળા તથા કામોત્સાહથી મંદ મંદ હસવાવાળા. કેશી (રાક્ષસ)ના શત્રુ ઉદાર ચરિત કામાતુર કૃષ્ણનું મિલન કરાવી દો. (૧)

પ્રથમ સમાગમ લજ્જિતયા—
પટુ ચાટુ શતૈરનુકૂલમ્ ।
મૃદુ મધુર સ્મિત ભાષિતયા—
શિથિલી કૃત જઘન દુકૂલમ્ ॥ સખિ હે૦ ॥૨॥

હે સખી, પ્રથમ સમાગમ વખતે લજ્જાથી—શરમથી વશીભૂત થનારી અને મંદ મંદ મધુર ભાષિણી (જે હું—રાધા) અને મારી સાથે કુશળતાથી પ્રશંસનીય વાકયોને બોલવાવાળા તથા કટિ ભાગનાં મારાં વસ્ત્રો હઠાવવાવાળા કૃષ્ણનું મને મિલન કરાવી દો. (૨)

કિસલય શયન નિવેશિતયા—
ચિર મુરસિ મમૈવ શયાનમ્ ।
કૃત પરિરમ્ભણ ચુમ્બનયા
પરિરભ્ય કૃતાધર પાનમ્ ॥ સખિ હે૦ ॥૩॥

હે સખી, કોમળ કોમળ નવપલ્લવિત પત્રો—(પાંદડાં)ની શય્યા રાખવાવાળી તથા આલિંગન કરીને પ્રિયને ચૂમનારી મારાથી, મારા વક્ષઃસ્થળ પર દીર્ઘ સમય સુધી શયન કરવાવાળા તથા મને આલિંગન કરીને મારા અધરોષ્ઠનું પાન કરવાવાળા શ્રી કૃષ્ણને મેળવી આપ. (૩)

અલસ નિમીલિત લોચનયા—
પુલકાવલિલલિત કપોલમ્ ।
શ્રમજલ સિકત કલે વરયા,
વર મદન મદાદતિ લોલમ્ ॥ સખી હે૦ ॥૪॥

હે સખી, રતિક્રીડાના સુખથી પેદા થયેલાં, આળસથી મીંચેલાં જેનાં નેત્રો છે અને રતિશ્રમથી થયેલા પ્રસ્વેદથી ભિંજાયેલું છે શરીર જેનું તથા કામદેવથી પેદા થયેલા આનંદથી જે શોભે છે, એવા શ્રી કૃષ્ણનું મને મિલન કરાવ. (૪)

કોકિલ કલરવ કૂજિતયા—
જિતમનસિજ તંત્ર વિચારમ્ ।
શ્લય કુસુમાકુલ કુન્તલયા
નખ લિખિત ઘન સ્તન ભારમ્ ॥ સખિ હે૦ ॥૫॥

હે સખી, રતિના સમયે કોયલની વાણીની સમાન શબ્દ કરવાવાળી તથા રતિ પરિશ્રમથી ફૂલોથી ગૂંથેલા ઢીલાઢીલા અંબોડાનાં વાળવાળી (હું) મારી સાથે કામશાસ્ત્રના સંપૂર્ણ નિયમો જેણે જાણી લીધા છે અને મારા પુષ્ટ ઉરજ મંડલ પર નખક્ષત કરેલા છે એવા શ્રી કૃષ્ણનું મિલન કરાવી દે. (૬)

ચરણ રણિત મણિ નૂપુરયા,
પરિપૂરિત સુરત વિતાનમ્ ।
મુખ રવિશૃંખલ મેખલયા
સકચગ્રહ ચુમ્બન દાનં ॥ સખિ હે૦ ॥૬॥

હે સખી, રતિ (કેલિ)ના સમયે પગમાં પહેરેલાં આભૂષણોમાં જડેલા નુપૂરનો ઝણકાર થાય છે અને કમ્મર પર પહેરેલો કંદોરો ઢીલો થઈ રણકાર કરે છે. એવી મારી સાથે જેણે રતિક્રીડા પૂરી કરી છે અને મારા વાળ પકડીને ચુંબન કરેલું છે એવા કૃષ્ણનું મને મિલન કરાવી દે. (૬)

રતિ સુખ સમધર સાલસયા
દર મુકુલિત નયન સરોજમ્ ।
નિઃસહ નિપતિત તનુલતયા
મધુસૂદન મુદિત મનોજમ્ ॥ સખિ હે૦ ॥૭॥

રતિસુખના સમયે રસમાં મદમસ્ત થયેલી એવી હું તેની સાથ જેનાં નેત્ર—કમળ કાંઈક વિંચાઈ ગયાં છે અને જેની શરીર—લતા નિર્બળ પડેલી છે એવી હું તથા જેની સાથે કામદેવ ઉત્પન્ન થયેલો છે એવા મધુસૂદનને હે સખી, મારી સાથે રમણ કરાવ. (૭)

શ્રી જયદેવ ભણિતમિદમતિશયં-
મધુરિપુનિ ધુવન શીલમ્ ।
સુખમુત્કણ્ઠિત રાધિકયા—
કથિતં વિતનોતુ સલીલમ્ ॥ સખિ હે૦ ॥૮॥

ઉત્કંઠિત થયેલી ગોપાંગનાએ ગાયેલું અને શ્રી મધુરિપુની અતિશય સુરત ક્રીડાનું સ્મરણ કરાવનારું અને લીલા સહિત એવું આ શ્રી જયદેવ કવિનું કહેલું ગીત તે સાંભળનારાઓના સુખનો વિસ્તાર કરો. (૮)

(ગીતગોવિંદ બીજો સર્ગ—છઠ્ઠી અષ્ટપદી—ગીત સમાપ્ત)

અધુનાઽત્યુત્કણ્ઠયા સખ્યા નીયમાન
સા ગોપીગણ વૃતં કૃષ્ણં
દૃષ્ટ્વા પરાવૃત્ય સખીમાહ ॥

ગોપીઓના મંડળમાં પ્રથમ ઊભા રહેલા શ્રી કૃષ્ણને જોઈને ત્યાંથી ઉત્કંઠિત સખી દ્વારા લઈ જવામાં આવતી એવી તે રાધા પોતાની સખી પ્રત્યે કહેવા લાગી.

હસ્તસ્રસ્ત વિલાસ વંશમનૃજુ
ભ્રુવલ્લિમબ્દલ્લવી ।
વૃન્દોત્સારિ દગન્ત વીક્ષિતમતિ—
સ્વેદાર્દ્ર ગણ્ડસ્થલમ્ ॥
મામુદ્વીક્ષ્યવિલજ્જિત સ્મિત—
સુધી મુગ્ધાનનં કાનને ।
ગોવિન્દં વ્રજ સુન્દરીગણવૃતં
પશ્યામિ હૃષ્યામિ ચ ॥ ૧ ॥

હે સખી, મને જોતાં જ જેના હાથમાંથી મોહ પમાડનારી બંસી નીચે સરી પડી અને જેની ભ્રૂકુટી

વાંકી છે એવી ગોપીઓ જેના તરફ તીરછાં કટાક્ષો ફેંકે છે અને જે ગોપીઓથી વિંટળાયેલા છે, અત્યંત સ્વેદથી ગંડસ્થળ આર્દ્ર છે. મને જોઈને સુધારૂપ હાસ્યથી જેનું મનોહર મુખ છે અને વ્રજ સુંદરીઓના સમૂહથી યુક્ત એવા શ્રીકૃષ્ણને નિહાળું છું તથા આનંદિત થાઉં છું. (૧)

દુરાલોક સ્તોક સ્તવક
નવ કાશો કલતિકા ।
વિકાશઃ કાસારો પવન
પવનોઽપિ વ્યયયતિ ।
અપિ ભ્રામ્યદ્ ભૃઙ્ગી રહિત
રમણીયા ન મુકુલ– ॥
પ્રસૂતિ શ્ચૂતાનાં સખિ
શિખરિણીયં સુખયતિ ॥ ૨ ॥

હે સખી, આ નવાં નવાં અશોક – લતાઓના નાના નાના ગુચ્છોનો વિકાસ જુઓ. એ પણ દુઃખ આપનાર છે. આ જુઓ, તળાવનાં ઉપવનોનો પવન પણ સતાવી રહ્યો છે. આ આમ્રવૃક્ષની મંજરીઓ પર જે ભ્રમરીઓ ગાઈ રહી છે તે પણ મને અપ્રિય લાગે છે. (૨)

સાકૃત તસ્મિત માકુલાકુલ
ગલદ્ધમિલ્લ મુલ્લાસ્મિત ।
ભ્રુવલ્લીકમલીક દર્શિત
ભુજાવાલાર્ધ હસ્ત સ્તનમ્ ।
અન્તર્મુગ્ધ મનોહરો હરતુ વઃ
ક્લેશં તવ કેશવઃ ॥ ૩ ॥

જેનું સાભિપ્રાય હાસ્ય, અસ્તવ્યસ્ત વિંખાયેલાં વાળ, ભ્રૂકુટિરૂપી ઉલ્લાસિતાઓ, અને બગાસાં વગેરેના બહાને કુંળાં કુંળાં અર્ધા હાથ, તથા ઉરજને બતાવવામાં આવે છે તેવા ગોપીઓના મનોભાવ જાણીને કોઈક એક સુંદર ગોપીનું મનમાં ધ્યાન ધરતા એવા સુંદર શ્રીકૃષ્ણચન્દ્રજી તમારાં દુઃખ દૂર કરો. (૩)

કવિરાજ જયદેવ રચિત ગીતગોવિન્દ નામના 'અકલેશ કેશવ' નામનો **બીજો સર્ગ** સમાપ્ત

॥ ગીતગોવિંદ તૃતીયઃ સર્ગઃ ॥

[આ ત્રીજો સર્ગ છે 'મુગ્ધ મધુસૂદન'. બીજા સર્ગમાં રાધાની કરેલી ઉપેક્ષાથી કૃષ્ણને અત્યંત પરિતાપ થાય છે. તે વિચારે છે કે મેં ગોપીઓ સાથે કરેલ વિહારથી રાધા અવશ્ય કોપાયતાન હશે ! પોતાના મનમાં વિવિધ વિચારો અને મનોભાવ ઉત્પન્ન થાય છે તથા મનોમન રાધાની ક્ષમાયાચના કરે છે, આ બધા ભાવો ગીત – તાલ અને લયબદ્ધ સુમધુર છે. આ સર્ગમાં એક અષ્ટપદી ગીત.]

મુગ્ધ મધુસૂદન

કંસારિ રપિ સંસાર વાસનાબન્ધ–શૃંખલામ્ ।
રાધા માધાય હૃદય તત્યાજ વન સુન્દરીઃ ॥૧॥

શ્રીકૃષ્ણચન્દ્રે પણ સંસારની વાસનાઓને બાંધનારી શૃંખલારૂપ રાધિકાજીનું મનમાં સ્થાપન કરીને બીજી વ્રજસુન્દરીઓનો ત્યાગ કર્યો. (૧)

पुन: किं कृतवान ? પછી શું કર્યું !

ઈતસ્તતસ્તામનુસૃત્ય રાધિકા ।
મનઙ્ગ બાણવ્રણ ખિન્ન માનસઃ ॥
કૃતાનુતાપ સ કલિન્દ નન્દિની ।
તટાઽન્તકુઞ્જે નિપસાદ માધવઃ ॥૨॥

કામદેવનાં બાણોથી ઉત્પન્ન થયેલા વ્રણોથી અતિ ખિન્ન અને જેને પશ્ચાત્તાપ થયેલો છે એવા તે માધવ પણ રાધિકાની અહીંતહીં તપાસ કરીને (પછી) યમુનાજીના કિનારે કુંજમાં બેઠા. (૨)

તૃતીય સર્ગ : અષ્ટપદી–ગીત–૭

(ગુર્જરી રાગ — યતિતાલ)

મામિયં ચલિતા વિલોકય વૃતં વધૂ નિચયેન ।
સાપરાધતયા મયાપિ ન વારિતાતિ ભયેન ॥
હરિ હરિ હતાદરતયા ગતા સા કુપિતેવ ॥૧॥
(ધ્રુવ)

અત્યંત ખેદ થાય છે કે તે રાધા મને તે યુવતીઓ (ગોપીઓ)ના સમૂહોથી વિંટળાયેલો જોઈને માનભંગના ભયથી કોપ કરીને ચાલી ગઈ. હું પણ દોષી હતો, એથી એણીને હું પણ ભયથી રોકી શક્યો નહિ. (૧)

કિં કરિષ્યતિ કિં વદિષ્યતિ સાચિરં વિરહેણ ।
કિં જનેન ધનેન કિં મમ જીવિતેન ગૃહેણ ॥૨॥ હરિ૦

કોપાયમાન તે રાધા ઘણા લાંબા વિયોગથી ન જાણે શું કરશે ? શું કહેશે ? હવે તેના વિના ઘર કે ધનનું શું પ્રયોજન છે ? જીવવાનું પણ શું પ્રયોજન છે ? હરિ ! હરિ ! ખરેખર રાધા કોપ કરીને ચાલી ગઈ. (૨)

ચિંતયામિ તદાનનં કુટિલ, ભ્રુરોષ ભરેણ ।
શોખ પદ્મમિવોપરિ ભ્રમતાઽકુલં ભ્રમરેણ ॥૩॥ હરિ–૦

અત્યંત રોષના કારણથી વાંકી ભ્રૂકુટીવાળી, લાલ કમળની ઉપર ભમતા ભમરાઓ જેવી એ રાધાનો મુખારવિંદનું ધ્યાન કરું છું. હરિ હરિ અનાદત રાધા કોપ કરીને ચાલી ગઈ. (૩)

તામહં હૃદિ સઙ્ગતામનિશં ભૃશં રમયામિ ।
કિં વનેઽનુસરામિતામિહ કિં વૃથા વિલપામિ ॥૪॥
હરિ–૦

તન્વિ ખિન્નમસૂયયા હૃદયં તવા કલયામિ ।
તન્નં વેદ્મિ કુતો ગતાસિ ન તેન તેઽનુ નયામિ ॥૫॥

હે કોમલાંગી, ઈર્ષ્યાના કારણે તારું હૃદય ખિન્ન થઈ ગયું છે તે હું સમજી શકું છું, પણ તું ક્યાં ગઈ છે ? તે જાણતો ન હોવાથી તને પ્રસન્ન પણ કરી શકતો નથી. હરિ, હરિ–૦ (૪–૫)

દશ્ય સે પૂરતો ગતાગતમેવ મે વિદધાસિ ।
કિં પુરેવ સ સંભ્રમં પરિરમ્ભણં ન દદાસિ ॥૬॥

હે રાધિકા, મને જાણે એવો ભાસ થાય છે કે, તું મારી સામે જ આવ–જા કર્યા કરે છે, તો પછી પહેલાંની માફક મને વેગથી આલિંગન કેમ નથી કરતી ? હરિ, હરિ (૬)

ક્ષમ્યતામપરં કદાપિ તવેદશં ન કરોમિ ।
દેહિ સુન્દરિ દર્શનં મમ મન્મથેન દુનોમિ ॥૭॥
હરિ–૦

હે સુન્દરી, ક્ષમા કર. આવી રીતે ફરીથી તારો અપરાધ નહિ કરું, તું મને દર્શન આપ. હું કામદેવથી પીડાઉં છું. હરિ હરિ૦ (૭)

વર્ણિતં જયદેવ કેન હરેરિદં પ્રણતેન ।
કિન્દુ બિલ્વ સમુદ્ર સમ્ભવ રોહિણી–રમણેન ॥૮॥
હરિ–૦

ભગવાન શ્રીકૃષ્ણની આરાધનામાં તત્પર અને સમુદ્રરૂપ કિન્દુ કુળમાં ઉત્પન્ન થયેલ રોહિણીનાથ ચંદ્રના જેવા જયદેવ કવિએ આનું (ગીતનું) વર્ણન કર્યું હરિ હરિ–૦ ॥૮॥

(ગીતગોવિંદના ત્રીજા સર્ગની સાતમી
અષ્ટપદી – ગીત સમાપ્ત)

ભ્રૂપલ્લવં ધનુરપાઙ્ગતરઙ્ગિતાનિ ।
બાણાગુણાઃ શ્રવણ પાલિરિતિ સ્મરેણ ॥
તસ્યામનઙ્ગ જય જઙ્ગમ દેવતાયા– ।
મસ્રાણિ નિર્જિત જગન્તિ કિમર્પિતાનિ ॥૧॥

હે કામદેવ, આપે ભ્રૂકુટી રૂપ ધનુષ્ય, ચંચલ કટાક્ષરૂપી બાણ, અને કર્ણપ્રદેશરૂપી પ્રત્યંચા (ધનુષ્યની દોરી) આ પ્રકારે કામને જીતનારી જંગમ દેવીરૂપ તે

રાધિકાને જ શું કામદેવે જગતને જીતવાનું શસ્ત્ર આપ્યું છે ? (૧)

હૃદિ વિલસતા હારનાથં ભુજઙ્ગમનાયકઃ ।
કુવલયદલ શ્રેણી કણ્ઠે ન સા ગરલદ્યુતિઃ ॥
મલયજરજોનેદં ભસ્મ પ્રિયારહિતે મયિ–
પ્રહર ન હર ભ્રાન્ત્યાઽનઙ્ગકુવા કિમૂ ધાવસિ ॥૨॥

હે કામદેવ, અમારા હૃદય પર આ માળા છે, તેને સર્પરાજ ન સમજો. મારા ગળામાં આ નીલકમળ દળોની હારમાળા છે, તેને વિષની પ્રભા ન સમજો. મારા શરીર પર આ ચંદનનો લેપ છે તેને તમે ભસ્મ ન સમજો. હું પ્રિયા વિરહી છું. એથી એ બધી વસ્તુઓ તાપ (કામને)ને હરણ કરવા માટે છે. તેની ભ્રાન્તિથી મને શિવ સમજીને મારા ઉપર વૃથા પ્રહાર ન કરો. (૨)

પ્રાણૌ મા કરુ ચૂતસાયકમમું મા ચાપમારોપય ।
ક્રીડા નિર્જિત વિશ્વ મૂર્છિતજના ઘાતેન કિં પૌરુષમૂ ॥
તસ્યા એવ મૃગીદશો મનસિજ પ્રેક્ષત્કટાક્ષાનલ – ।
જવાલા જર્જરિતં મનાગપિ મનોનાદ્યાપિ સન્ધુક્ષતે ॥૩॥

હે કામદેવ ! આપ એ આમ્રમંજરીરૂપી બાણોને હાથમાં ધારણ ન કરો. કારણ કે હે વિશ્વના વિવિધ ખેલોને જીતવાવાળા મનોભવા ! મૂર્છિત પુરુષને મારવાથી શું લાભ ? જુઓ, તે મૃગનયની રાધાનાં કામબાણરૂપી કટાક્ષથી અગ્નિની જવાળાથી જલતું એવું મારું ચિત્ત અત્યાર સુધી સ્વસ્થ થયું નથી. (મને મારવાથી શું લાભ ?) (૩)

ભૂચાપો નિહિતઃ કટાક્ષ વિશિખો, નિર્માતુ મર્મ વ્યથાં
શ્યામાત્મા કુટુલિઃ કરોતુ કબરી, ભારોપિમારોદ્યમમૂ ॥
મોહં તાવદયં ચ તન્વિ ! તનુતાં, બિમ્બાધરો રાગવાન્ – ।
સદ્વૃત્તસ્તન મંડલસ્તવકથં, પ્રાણૈર્મમ ક્રીડતિ ॥૪॥

હે કૃષાંગી, તમારા ભ્રૂકુટિરૂપી ધનુષ્ય પર રાખેલું બાણ મને માર્મિક વ્યથા કરે તો ભલે કરે, આ શ્યામ તથા વાંકડિયા વાળનો ગુચ્છ કામદેવને વધારે તો ભલે અને આ રાગવાળો બિમ્બાધર – (આધર ઓષ્ઠ) મારા મોહને વધારે તો ભલે પણ હે કોમળાંગી તારા આ સદ્વૃત્ત (સદાચરણયુક્ત) પૂર્ણ ગોળ ઉરજમંડળ મારા પ્રાણોની સાથે કેવી રીતે ખેલી શકે તે ! (તે મને સમજાતું નથા. (૪)

તાનિ સ્પર્શ સુખાનિ તે ચ તરલ,
સ્નિગ્ધા દશોવિભ્રમા ।
સ્તદ્વકત્રામ્બુજ સૌરભં સ ચ સુધા,
સ્પન્દી ગિરાંવક્રિમા ॥
સાબિમ્બાધર માધુરીતિ વિષયા,
સંગેઽપિમન્માનસં ।
તસ્યાં લગ્ન સમાધિહન્ત વિરહ
વ્યાધિઃ કથં વર્તતે ॥૫॥

તે સ્પર્શ સુખ, તે ચંચળ તથા સ્નિગ્ધ કટાક્ષોનો આનંદ, તે મુખારવિન્દની સુગંધ, તે અમૃતમયી વાણી, તે અમૃત સમાન હોઠની મધુરતા, તે બધી જ બાબતો પૂર્વની જેમ જ છે. મારું મન પણ તે રાધામાં લાગેલું છે. છતાં પણ ખબર નથી કે આ વિરહ વ્યથા શાથી વધી રહી છે ? (૫)

તિર્યંકણ્ઠ વિલોલ મૌલિ તરલો,
ત્તં સસ્ય વંશોચ્ચરદ્ – ।
ગીતસ્થાન કૃતાવધાનલલના,
લક્ષૈર્ન સંલક્ષિતાઃ ॥
સંમુગ્ધં મધુસૂદનસ્ય મધુરે,
રાધા મુખેન્દૌ મૃદુ – ।
સ્પન્દં કન્દલિતાશ્ચિરં દધદ્તુ વઃ
ક્ષેમં કટાક્ષાર્મયઃ ॥૬॥

વાગી રહેલી વાંસળીના લલિત પદોનાં શ્રવણથી અન્ય અંગનાઓ (ગોપીઓ) દ્વારા બહાર રહી ગયેલ, રાધાના સુંદર મુખરૂપી ચંદ્રમાં અપ્રગટ ભાવથી ધીરે ધીરે વધારેલી ડોકને વાંકી કરવાથી ચંચલ થઈ છે. મુગટ અને કુંડલ એવા કૃષ્ણની કટાક્ષાવલિ આપને આનંદદાયક થાવ (૬)

(ગીતગોવિંદ કાવ્યનો મુગ્ધ મધુસૂદન **સર્ગ ત્રીજો**
સમાપ્ત)

॥ ગીતગોવિંદ - ચતુર્થઃ સર્ગઃ ॥

। સ્નિગ્ધ માધવ ।

[શ્રી કૃષ્ણની ઝંખના માત્રા રાધા છે. તેવામાં સખી ઝડપથી ચાલતી આવીને પ્રભુ પ્રત્યે કહેવા લાગી; "કૃપાનાથ ! તમારા માટે રાધિકા યમુના તટે લતાકુંજમાં ઝુર્યા કરે છે. તેનામાં ઉત્પન્ન થયેલ ક્રારમા કામજ્વરને લીધે તે બેહાલ સ્થિતિમાં છે. માટે હે રસેશ, તમે જરાપણ સમય વિતાવ્યા વિના એનો હાથ ઝાલો અને અમારા પર કૃપા કરી રસ વડે રાસેશ્વરીને બચાવો. તે વસંતના મરિલા આમ્રવૃક્ષ જોઈને વિરહના વેગથી પોતાનો પ્રાણ તજશે. આ સર્ગમાં આઠતા – નવ અષ્ટપદી–ગીત છે.]

યમુના તીર વાનીર નિકુઞ્જમન્દ માસ્થિતમૂ ।
પ્રાહપ્રેમભરોદ્ ભ્રાન્ત માધવં રાધિકા સખી ॥૧॥

યમુના તટની વેતસલતા કુંજમાં ઉદાસ બેઠેલા તથા પ્રેમાવેગથી ઉદ્વિગ્ન ચિત્તવાવાળા માધવને રાધિકાની સખી કહેવા લાગી. (૧)

(કર્ણાટક રાગ – એકતાલિ)
(ચતુર્થ સર્ગઃ અષ્ટપદી – ગીત – ૮)

નિન્દતિ ચંદનમિન્દુ કિરણમનુ
વિન્દતિ ખેદમધીરમૂ ।
વ્યાલનિલયમિલનેન ગરલમિવ
કલયતિ મલય સમીરમૂ ।
સા વિરહે તણ દીના ।
માધવ મનસિજ વિશિખ ભયાદિવનયા ત્વયિ લીના ॥૧॥
—ધ્રુવ

હે માધવ, કામદેવના બાણોના ભયથી તે રાધા ખરેખર આપનામાં લીન થઈ ગઈ છે. તથા વિરહ-વ્યથાથી અતિ ક્ષીણ થઈ ગઈ છે. તે ચંદનની નિંદા કરે છે, ચંદ્રકિરણોથી ત્રાસી જઈ તેને કષ્ટકારક સમજે છે. મલય સમીરને સર્પગૃહથી આવવાનાં કારણે વિષ સમાન માને છે. (૧)

અવિરલ નિપતિ તમદન શરાદિવ,
ભવદવનાથ વિશાલમૂ ।
સ્વહૃદય મર્મણિ વર્મ કરોતિ,
સજલ નલિન દલ જાલમૂ ॥૨॥ સા. વિ.

હે માધવ, તે રાધા લગાતાર લાગવાવાળા કામો-બાણોના ભયથી પોતાના હૃદયમાં વસી રહેલા આપની રક્ષાને માટે પોતાના હૃદયના મર્મસ્થાન પર જલથી ભિંજાયેલા કમળપત્રનું બખ્તર ધારણ કરે છે. (૨)

કુસુમ વિશિખ શરતલ્પ મકલ્પ,
વિલાસકલા કમનીયમૂ ।
વ્રતમિવ તવ પરિરમ્ભ સુખાય,
કરોતિ કુસુમ શયનીયમૂ ॥૩॥ સા. વિ.

હે માધવ, વિરહિણી તે રાધા, તમારું આલિંગન સુખ પ્રાપ્ત કરવાની અભિલાષાથી કામદેવના બાણભૂત–પુષ્પોની વિલાસ–કલા પરિપૂર્ણ કમનીય શય્યાનો સહારો લઈને એક પ્રકારનું વ્રત કરી રહી છે. (૩)

વહતિ ચ ગલિત વિલોચન,
જલધર માનન કમલ મુદારમૂ ।
વિધુમિવ વિકટવિધુન્તુ દદન્ત,
દલનગલિતા મૃતધારમૂ ॥૪॥ સા. વિ.

હે માધવ, તે રાધા ભયંકર રાહુના દાંતોથી દબાયેલ ચન્દ્રમાંથી વહેતી સુધાધારા સમાન નિરંતર વહેતાં અશ્રુજળથી ભરપૂર નેત્રવાળાં મુખારવિન્દને ધારણ કરે છે. (૪)

બિલિખતિ રહસિકુરઙ્ગ મદેન,
ભવન્તમ સમશર ભૂતમૂ ।
પ્રણમતિ મકર મધો વિનિધાય,
કરે ચ શરં નવચૂતમૂ ॥૫॥ સા. વિ.

હે માયાપતિ, તે રાધા કામદેવની આકૃતિ સમાન આપની આકૃતિ કસ્તૂરીથી રચે છે. તથા આકૃતિની નીચે એક મગરની આકૃતિ કરે છે. અને આપના ચિત્ર (આકૃતિ)ના હાથમાં આંબાની નવમંજરી રૂપ બાણ આપીને લખે છે અને પછી ફરીથી તે ચિત્રને પ્રણામ કરે છે. (૫)

પ્રતિપમિદમપિ નિગદતિ,
માધવ ! તવ ચરણે પતિતાહમ્ ।
ત્વયિ વિમુખે મયિ સપદિ, સુધાનિધિ,
– રપિતનુતે તનુ દાહમ્ ॥૬॥ સા. વિ.

ક્યારેક ક્યારેક અહીં તહીં ભ્રમણ કરતી કરતી એ રાધા વારંવાર કહે છે; "હે માધવ, હું આપના ચરણમાં પડું છું. આપના વિયોગથી અમૃતનો ભંડાર ચન્દ્ર પણ મને દાહ આપી રહ્યો છે. (૬)

ધ્યાનલયેન પુર: પરિકલ્પ્ય,
ભવન્તમતીવ દુરાપમ્ ।
વિલપતિ હસતિ વિષીદતિ,
રોદિતિચગ્ન્ચતિ મુગ્ન્તિ તાપમ્ ॥૭॥ સીવિ

વ્રત વગેરેથી પ્રાપ્ત થવાવાળા હે માધવ, વિરહિણી એ રાધા ચિત્તમાં આપનું ધ્યાન કરીને, આપની મૂર્તિની કલ્પના પોતાની સન્મુખ કરીને ક્યારેક હસે છે, ક્યારેક રડે છે, ક્યારેક દુઃખી પણ થાય છે. અને ક્યારેક ક્યારેકતો વિલાપ કરતી બકે છે. અને ક્યારેક તો સંતાપ કરવો ત્યાગી દે છે. (૭)

શ્રી જયદેવભણિત મિરમધિકં,
યદિ મનસા નટનીયમ્ ।
હરિ વિરહાકુલ વલ્લય યુવતિ
સખી વચનં પઠનીયમ્ ॥૮॥ સા-વિ.

જયદેવ કવિના કાવ્યનો જો અધિક આનંદ લેવો હોય તો કૃષ્ણ–વિરહિણી રાધાની સખીનાં વચનોને વાંચો ॥ ૮ ॥

॥ ગીત ગોવિંદ ચોથા સર્ગની આઠ અષ્ટપદી ગીત સમાપ્ત ॥

આવાસો વિપિનાયતે પ્રિય સખી,
માલાપિ જાલાયતે ।
તાપોડપિ શ્વસિતેન દાવ દહન,
જ્વાલા કલાપાયતે ॥
સાપિ ત્વદ્વિરહેણ હન્ત ।
હરિણી રૂપાયતે હા કથં ।
કંદર્પોડપિ યમાયતે વિરચયન્–
શાર્દૂલ વિક્રીડિતમ્ ॥ ૧ ॥

હે કૃષ્ણ, આપની વિરહ–વ્યથાથી રાધાનું ભવન–વનની સમાન, પ્રિય સખીઓની સાથે જાળની સમાન. તથા દીર્ઘ નિશ્વાસથી પ્રદીપ્ત વિરહ–અગ્નિ તેને અત્યંત સતાવી રહ્યો છે. અત્યંત ખેદ છે કે, તે રાધા આપના વિરહના કારણે કામદેવરૂપી સિંહથી ત્રાસી ગઈ છે, એ એને માટે તે યમરાજ બન્યો છે. તે હરિણી જેવી પ્રતીત થઈ રહી છે. વિશેષ શું કહું ? હવે તો તેની અંત–અવસ્થા છે. ॥ ૧ ॥

– ચતુર્થ સર્ગ: અષ્ટપદી ગીત-નવ –

(દેશાખ્ય–સગ, એકતાલી તાલ)

સ્તન વિનિહિત મપિ હાર મુદારમ્ ।
સામનુતે કૃશતનુ રિવ ભારમ્ ॥
રાધિકા વિરહે તવ કેશવ (ધ્રુવ) ૧

હે કૃષ્ણ, બહુ કૃશ શરીરધારિણી રાધા, આપના વિયોગથી સ્તનો પર ઝૂલતા સુશોભિત હારને પણ ભાર સમાન ગણે છે. (૧)

સરસમસૃણમપિ મલયજ પઙ્કમ્ ।
પશ્યતિ વિષમિવ વપુષિ સશંકમ્ ॥ રાધિકા–૨

હે ગોવિંદ, તે રાધા આપની વિયોગરૂપી વ્યથાથી તેણીએ શરીર પર લગાડેલ સરસ તથા ચીકણા ચંદનના લેપને પણ તાપ શમન ન થવાનાં કારણે વિષની શંકા કરે છે. (૨)

શ્વસિત પવન મનુપમ પરિણાહમ્ ।
મદન દહન મિવ વહતિ સદાહમ્ ॥ રાધિકા–૩

હે કૃષ્ણ, તે રાધા આપનાં વિયોગમાં દીર્ઘ નિ:શ્વાસોને તો ગરમ કામાગ્નિ સમાન ગણે છે. (૩)

દિશિ દિશિ કિરતિ સજલકણ જાલમ્ ।
નયન ન લિનમિવ વિગલિત નાલમ્ ॥ રાધિકા ॥

હે મુરારે, વિરહિણી તે રાધા, તૂટેલા કમળદંડની માફક પોતાનાં નેત્રકમળમાંથી અશ્રૂવર્ષા કરીને પ્રત્યેક દિશાઓમાં આપને જ જોઈ રહી છે. (૪)

નયનવિષયમપિ કિસલય તલ્પમ્ ।
કલયતિ વિહિત હુતાશવિકલ્પમ્ ॥ ૫ ॥ રાધિકા ॥

હે વાસુદેવ, આપના વિયોગમાં રાધા નેત્રોની સન્મુખ બિછાવેલી કમળપત્રોની શય્યાને અગ્નિશય્યા સમજે છે. (૫)

ત્યજાતિન પાણિતલેન કપોલમ્ ।
બાલ શશિન મિવ સાયમલોલમ્ ॥ રાધિકા ॥૬ ॥

હે મુરારે, સન્ધ્યા સમયે રાધા, આપના વિરહમાં હથેળી પર સાયંકાળના ફિકકા અને ઝાંખા ચંદ્રની માફક પોતાના મ્લાન કપોલ (ગાલ)ને પોતાની ગુલાબી હથેળીમાં રાખે છે. (૬)

હરિરિતિ હરિરિતિ જપતિ સકામમ્ ।
વિરહ વિહિત ચરણેવ નિકામમ્ ॥ રાધિકા ॥ ૭॥

હે નાથ, આપના વિયોગથી રાધા મૃત્યુને પ્રાપ્ત થનારા પ્રાણીની સમાન કામનાપૂર્વક 'હરિ: હરિ:' જપી રહી છે. (૭)

શ્રી જયદેવ મણિતમિતિ ગીમમ્ ।
સુખયતુ કેશવપદમુપ નીતમ્ ॥ રાધિકા ॥ ૮ ॥

ભગવાન શ્રી કૃષ્ણનાં ચરણોમાં સમર્પિત જયદેવ કવિનું આ ગીત ભક્તજનોને સુખપ્રદ થાવ (૮)

(ગીત ગોવિન્દ ચોથા સર્ગમાં નવમી અષ્ટપદી ગીત સમાપ્ત)

સા રોમાગ્ન્ચતિ સીત્કરોતિ વિલપ–
ત્યુત્કમ્પતે તામ્યતિ ।
ધ્યાયત્યુદ્ભ્રમતિ પ્રમીલતિ પતત્યુ–
દ્યાતિ મૂર્છ્ત્યપિ ।
એતા વત્યતનુ જ્વરે વરતનુર્,
વેન્ત કિં તે રસાત્ ।
સ્વર્વૈદ્ય પ્રતિમ પ્રસીદ સિ
યદિ ત્યકતોન્યથા નાન્તક: ॥૧॥

હે સ્વર્ગના વૈદ્ય (અશ્વિનીકુમાર) તુલ્ય કૃષ્ણ, તે રાધા રોમાંચિત થાય છે. સી...સી...કરે છે. અને બકે છે. ધ્રૂજે છે, પડી જાય છે. ધ્યાનમગ્ન રહે છે, મુર્છિત થાય છે, ઘડીકમાં ઊભી થાય છે. આ પ્રકારે એને કામજ્વર સતાવી રહ્યો છે. (તો શૃંગાર આદિના ઉપચાર) આપના રસ વડે કોણ જીવન પ્રાપ્ત કરી શકતું નથી ? (રસના અહીં બે અર્થ છે. રસ એટલે વૈદકશાસ્ત્રની દૃષ્ટિએ રસાયન અને શૃંગાર-પક્ષે પ્રેમરસ–સ્નેહ) અત્યારે તો હાથ આદિના સંકેતથી તે બોલે છે તે પણ હવે બંધ થઈ જશે. અર્થાત્ આપના વગર તે મરી જશે. (૧)

સ્મરાતુરાં દૈવત વૈદ્ય કૃત ત્વદઙ્ગ,
સઙ્ગામૃત માત્ર સાધ્યામ્ ।
વિમુક્ત બાધાં કુરુષે ન રાધાં,
ભુપેન્દ્ર વજ્ર દપિ દારુણોટસિ ॥૨॥

હે દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર સમાન શ્રેષ્ઠ, કૃષ્ણ, તે રાધાનો તમામ રોગ કેવળ આપના આલિંગન-રૂપી અમૃતથી જ સારું થઈ શકશે. જો આપ એવું નહિ કરો તો એવું જ કહેવું પડશે કે આપ વજ્રથી પણ અધિક કઠોર છો. (૨)

કંદર્પ જ્વર સઙ્જ્વરાકુલતનોતુરતમોરા
રાશ્ચર્યમસ્યાશ્ચિરમ્ ।
ચેતશ્ચન્દન ચન્દ્રમ: કમલિની
ચિન્તાસુ સન્તામ્યતિ ॥
કિન્તુકક્ષાન્તિ વશેન શીતલ તનું–
ત્વામેવમેક પ્રિયમ્ ।
ધ્યાયન્તીરહસિસ્થિતા કથમસૌ –
ક્ષીણા ક્ષણં પ્રાણિતિ ॥૩॥

કામજવરની પીડાથી વ્યાકુલ એવી કૃશાંગી રાધાનું ચિત્ત-ચંદન ચન્દ્રમા અને કમળના સ્મરણમાત્રથી પણ લાંબા કાળ સુધી બેચેન બની જાય છે. એ મોટા આશ્ચર્યની વાત છે, પરંતુ એકાંતમાં ધીરજ ધરીને બેઠેલી તે હિમ જેવા પ્રિય એવા તમારું જ ફક્ત ધ્યાન ધરતી એક પળ માટે પણ કેવી રીતે જીવન વિતાવી રહી છે? (૩)

ક્ષણમપિ વિરહ: પુરા ન સેહે
નયનનિમીલન ખિન્નયાયયા તે
શ્વસિતિ કથમ સૌ રસાલ શાખામ્ ।
ચિર વિરહેણ વિલોકય પુષ્પિતાગ્રામ્ ॥૪॥

હે માધવ, આંખોનું મટકું પણ આવવાને લીધે દુ:ખી થતી થતી રાધા, કે જેણે પહેલાં તમારો એક ક્ષણનો પણ વિયોગ સહ્યો નથી તે હવે આંબાને મંજરીઓ ફૂટેલી જોતાં આટલા લાંબા કાળના વિયોગમાં તે શી રીતે જીવશે? (૪)

વૃષ્ટિ વ્યાકુલ ગોકુલાવન રસાદુદ્
ધૃત્ય ગોવર્ધનમ્ ।
વિભ્રદ્વલ્લવ સુન્દરી ભિરધિકા
નન્દાચ્ચિરં ચુમ્બિત: ।
દર્પણેવતદર્પિતાધર તટી,
સિન્દૂર મુદ્રાંકિતો ॥
બાહુગોપિતનોપ્તનોતુ ભવન:
શ્રેયાંસિ કંસદ્વિષ: ॥૫॥

અતિવૃષ્ટિને લીધે (વર્ષાથી) વ્યાકુલ અને ગોકુલ-ગોપકુટુંબની રક્ષાને માટે ગોવર્ધન પર્વતને ધારણ કરતો, અને વ્રજસુન્દરીઓએ અતિ આનંદિત થઈને સગર્વ જેને ચૂમી લીધો છે તેવા તથા ગોપાંગનાઓના અધરોના રાતા રંગથી જે સિંદરીઓ થયેલો છે. તે ગોપવેશધારણ કરેલ કંસના શત્રુ ભગવાન શ્રી કૃષ્ણ આપનું કલ્યાણ કરો. ॥૫॥

કવિરાજ શ્રી જયદેવ કૃત ગીતગોવિંદ કાવ્યનો 'સ્નિગ્ધ માધવ' નામનો **ચોથો સર્ગ** સમાપ્ત.

(અહીં શ્લોક ૧. શાદૂર્લવિક્રીડિત છે. શ્લોક ૨. ઉપેન્દ્રવજા । છે. શ્લોક ૩. જો પુષ્પિતાગ્રા છે અને પાંચમો પણ શાદૂર્લવિક્રીડિત છંદ છે પણ કવિરાજ જયદેવે તે છંદના નામના અર્થબોધ (શ્લોકમાં) કરીને શ્લેષાલંકાર કર્યો છે.

॥ ગીતગોવિંદ-પંચમ: સર્ગ: ॥

। સાકાંક્ષ પુંડરીકાક્ષ: ।

[આ પાંચમા સર્ગમાં શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે કરેલ વિહારનાં કારણે રોષે ભરાયેલી હોવા છતાં રાધા અનન્ય ચિત્તથી પોતાને જ ઝંખતી જાણીને શ્રીકૃષ્ણ ગળગળા બની જાય છે અને લાચારી ભર્યા શબ્દથી વિનવે છે કે "હે સખી, તું કહે છે તે વાત ખરી પણ મારા પગ ઊપડતા નથી. માટે તું જ ત્યાં જા; (રાધા પાસે) અને યુક્તિપૂર્વક રાધાને અહીં તેડી લાવ." તેથી આધીન સખી રસશાસ્ત્રની દૃષ્ટિએ 'નિસૃષ્ટાર્થ દૂતી' બનીને રાધાની પાસે જઈ કૃષ્ણ ભગવાનની વિરહ વેદનાનું અને રાધા પ્રત્યેની તન્મયતાનું હૃદયવેધક વર્ણન કરે છે અને સંધ્યાકાળના અનુકૂળ અંધકારમાં મધુસૂદનને મળવા માટે રાધાને બહુ પ્રકારે વિનવે છે. આ સર્ગમાં-૧૦ તથા ૧૧ અષ્ટપદી-ગીત છે.]

અહમિહ નિવસામિ યાહિ રાધા ।
મનુનય મદ્વચનેન ચાનયેથા: ॥
ઈતિ મધુરિપુણા સખી નિયુક્તા ।
સ્વયમિદમેત્ય પુનર્જગાદ્ રાધામ્ ॥ ૧ ॥

શ્રી કૃષ્ણે રાધાની સખીને કહ્યું, "હું આ કુંજમાં બેઠો છું તમે આવીને મારી તરફથી રાધાને સમજાવી-બુઝાવીને અહીં લઈ આવો." તે સખી રાધા પાસે જઈને ફરીથી કહેવા લાગી (૧)

પંચમ સર્ગ અષ્ટપદી-ગીત ૧૦

(દેશ વરાડી રાગ-રૂપક તાલ)

વહતિ મલય સમીરે મદનમુપનિધાય ।
સ્ફુટતિ કુસુમનિકરે વિરહિ હૃદય દલનાય ॥
તવ વિરહે વનમાલી સખી સીદતિકા ધ્રુવ ॥ ૧ ॥

હે રાધા, કામદેવને સહાયક માનીને મલય પવનના કહેવાથી તથા વિરહી જનોનાં હૃદયોના વિદારણ અર્થે પુષ્પોની કલિયો ખીલવાથી, હે સખી, તમારા વિરહથી વનમાલી પીડિત છે. (૧)

દહતિ શિશિર મયૂખે મરણ મનુકરોતિ ।
પતતિ મદન વિશિખે વિલપતિ-
વિકલત રોદતિ ॥ તવ વિરહે-૨ ॥

હે સખી, જે સમય ચન્દ્ર પોતાનાં કિરણોથી શ્રીકૃષ્ણને જલાવે છે. તે વખતે શ્રીકૃષ્ણ મૃત્યુની વ્યથા સમાન પીડિત હોય છે તથા જ્યારે કામદેવ તેમના ઉપર તીક્ષ્ણ તીક્ષ્ણ બાણ ચલાવે છે ત્યારે તેઓ અત્યંત વિકળ થઈ ઊઠે છે. (૨)

ધ્વનતિ મધૂપ સમૂહે શ્રવણમપિ દધાતિ ।
મનસિ ચલિત વિરહે નિશિ નિશિ
રુજ મુપયાતિ ॥ તવ-વિરેહ-૩ ॥

હે પ્રિય, કાનોમાં ભમરાઓ ધ્વનિ ન સંભળાવી દે એટલા માટે શ્રીકૃષ્ણ ભ્રમરોના ઝંકાર સમયે પોતાના બંને કાનને બંધ કરી દે છે તથા જ્યારે આપનું સ્મરણ થઈ જાય છે ત્યારે તેમને અત્યંત કષ્ટ થાય છે. હૃદયમાં આપનાં સ્મરણથી તેમની વ્યથાથી રાત્રિ જાણે ખૂબ જ મોટી થઈ રહી છે! (૩)

વસતિ વિપિન વિતાને ત્યજતિ લલિતધા ।
લુઠતિ ધરણિશયને બહુ
વિલપતિ તવ નામ ॥ તવ વિરહે ૪ ॥

હે સખી, તમારા વિરહમાં શ્રીકૃષ્ણ ઘોર જંગલમાં રહે છે તે પૃથ્વી પર સૂવે છે અને તમારું ખૂબ જ નામ લઈને વારં-વારં વિલાપ કરે છે. (૪)

રણતિ પિક સમુદાયે પ્રતિદિશ મનુયાતિ ।
હસતિ મનુજનિચયે નિજ
વિરહ મપલપતિ નેતિ ॥ તધવિરહે ॥ ૫

હે સખી, કોયલોનું ઝૂંડ જ્યારે 'કુહૂ કુહૂ' કરીને કૂજે છે. ત્યારે શ્રીકૃષ્ણ ચારે તરફ ઉન્મત્ત દશાની જેમ દોડે છે તેથી તેમના પર લોકો હસે છે ત્યારે શ્રીકૃષ્ણ વિરહથી દુ:ખી દુ:ખી થઈ જાય છે. (૫)

સ્ફુરતિ કલરવરાવે સ્મરતિ ભણિતમેવ ।
તવરતિસુખ વિભવે-
બહુગણયતિ સુગુણમતીવ ॥ તવ વિરહે ૬ ॥

હે સખી પક્ષીઓના કલરવને સાંભળીને કૃષ્ણને તમારી સુરીલી વાણીનું સ્મરણ આવે છે તથા તમારા રતિ આનંદનો અનુભવ થઈ જાય છે એ રતિ સુખનું વારંવાર ગુણગાન કરે છે. (૬)

ત્વદભિધ શુભદ માસં વદતિ નરિ શૃણોતિ ।
તમપિ જપંતિ સરસં પરયુવતિષુ-
ન રતિ મુપૈતિ ॥ તવ વિરહે ૭ ॥

હે સખી, જ્યારે કોઈ પ્રાણ તમારા નામની તુલ્ય શુભદાયક વૈશાખ (રાધા માસ) માસનું નામ લે છે ત્યારે કૃષ્ણ તેને અત્યંત પ્રેમથી સાંભળે છે તથા તે નામનો જાપ કરે છે. કોઈ અન્ય યુવતીઓની સાથે રતિ ભાવ પણ કરતા નથી. (૭)

ભણતિ કવિ જયદેવ વિરહ વિલસિતેન ।
મનસિ રભસ વિભવે હરિરુદયતુ સુકૃતેન
॥ તવ વિરહે-૮ ॥

આ રીતતા શ્રીકૃષ્ણના વિયોગરૂપી વર્ણનથી આનંદ યુક્ત જયદેવ કવિના અંત:કરણમાં શ્રીકૃષ્ણ પ્રગટ થાવ. (૮)

(ગીત ગોવિંદના પાંચમા સર્ગની દશમી અષ્ટપદી-ગીત-સમાપ્ત)

પૂર્વેયત્ર સમં ત્વયા રતિપતે
રાસાદિતા: સિદ્ધય -

સ્તસ્મિન્નેવ નિકુઞ્જ મન્મથ
મહાતીર્થ પુનર્માધવ ॥
ધ્યાયં સ્ત્વા મનિશં જપન્નપિ –
તવૈવાલાપ મંત્રાવલિમ ।
ભૂયસ્ત્વત્કુચ કુંભ નિર્ભર પરો
રમ્ભામૃતં વાઞ્છતિ ॥૧॥

હે રાધા, જે નિકુંજમાં તમારી સાથે શ્રીકૃષ્ણે પ્રથમ કામદેવની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આજે પણ કૃષ્ણ તે જ કામદેવના મહાતીર્થ કુંજમાં બેસીને દિવસ રાત આપનું જ ચિંતન કરીને આપના નામના અક્ષરોથી યુકત મંત્રોને જપે છે. તથા આપના કલશ જેવા સ્તનોના ગાઢાં આલિંગનરૂપી અમૃતની અભિલાષા કરે છે. (૧)

પંચમ સર્ગ: અષ્ટપદી-ગીત-૧૧
(ગુર્જર રાગ – એકતાલી તાલ)

રતિસુખસારે ગતમભિસારે
મદન મનોહર વેષમ્ ।
ન કુરુ નિતમ્બિની ગમન વિલમ્બન,
મનુસર તં હૃદયેશમ્ ॥
ધીર સમીરે યમુના તીરે
વસતિં વને વનમાલી ।
ગોપી પીન પયોધર મર્દનં,
ચઞ્ચલકર યુગશાલી ॥ ધ્રુવ ૧ ॥

હે પ્રિય, જેમાં રતિસુખનો અતિશય આનંદ મળે છે તેવા અભિસાર (સંકેત સ્થાન)માં રહેલા અને કામદેવના જેવા રૂપાળા તે પ્રાણેશ્વરની પાસે ચાલ. જવામાં ઢીલ ન કર.

હે નિતંબિની રાધા, જયા પવનની લહેરો આવે છે એવા યમુના તીરે આવેલ વનકુંજમાં ગોપીઓના ઉન્નત ઉરજમર્દન માટે જેના હાથ તલપાપડ થઈ રહ્યા છે એવા વનમાળી તારી રાહ જોઈ રહ્યા છે. (૧)

નામ સમે તં કૃત સહિકતમ્
વાધ્યતે મૃદુવેણુમ્ ।
બહુમનુતે નનુ તે તનુ સઙ્ગ-
તપ વન ચલિતમપિ રેણુમ્ ॥

હે સખી, તમારા નામનું સંકેત કરીને શ્રી કૃષ્ણ મધુર ધ્વનિથી બંસી બજાવી રહ્યા છે. તથા તમારા શરીરનો સ્પર્શ કરી જે ધૂળ, પવન દ્વારા ઊડીને તેમના સુધી પહોંચી રહી છે. તેના સ્પર્શથી પોતાને કૃતકૃત્ય સમજે છે. (૨)

પતતિ પતત્રે વિચલતિ પત્રે-
શઙ્કિત ભવદુપયાનમ્ ।
રચયતિ શયનં સચકિત નયનં–
પશ્યતિ તવ પન્યાનમ્ ॥ ધીર સમીરે ૩ ॥

હે રાધા, પક્ષીઓના ઊડવાના શબ્દથી તથા પાંદડાંઓના ખડખડાટથી શ્રીકૃષ્ણ તમારા આગમનની સંભાવનાથી ચોંકી જઈને તમારા આવવાનો માર્ગ જોવા લાગે છે તથા શય્યા સજાવવા લાગે છે. (૩)

મુખરમધીરં ત્યજ મઞ્જીરં,
રિપુમિવ કેલિષુ લોલમ્ ।
ચલ સખિ કુઞ્જં સતિમિરપુઞ્જં-
શીલય નીલ નિચોલમ્ ॥ ધીરસમીરે-૪ ॥

હે પ્રિય રાધા, ક્રીડા સમયે દુશ્મનની ગરજ સારતાં આ રણઝણતાં ઝાંઝર કાઢી નાખ અને નીલાં વસ્ત્રો ધારણ કરી અંધારે ઘેરી કુંજમાં ચાલ. (૪)

ઉરસિ મુરારે રુપહિત હારે
ધન ઈવ તરલ બલા કે ।
તડિદિવ પીતે રતિ વિપરીતે-
રાજસિ સુકુત વિપાકે ॥ ધીર સમીરે-૫ ॥

હે પીતવર્ણી રાધા, મેઘમાં બકુલ પંક્તિ સમાન માલાઓથી સુસજ્જિત તથા પુણ્યના ઉપલબ્ધથી શ્રીકૃષ્ણના વક્ષઃસ્થલ પર વિપરિત રતિ કરીને વીજળીની જેમ ચમક (૫)

વિગલિત વસનં પરિહૃત,
રસનં ઘટ્ય જઘન મપિધાનમ્ ।
કિસલય શયને પઙ્કજ નયને
નિધિમિવ હર્ષ નિધાનમ્ ॥ તવ વિરહે-૬ ॥

હે પ્રિય, કોમળ કોમળ પાંદડાંઓપર સૂવાં વાળા એવા કમળનયન શ્રીકૃષ્ણની ઉપર વસ્ત્ર તથા આભૂષણ ઉતારીને નિધિ સમાન આનંદપ્રદ જાંપને મિલાવ (૬)

હરિરભિમાની રજનિરિદાની,
મિયમપિયાતિ વિરામમ્ ।
કુરુ મમ વચનં સત્વર રચનં–
પૂરય મધુરિપુ કામમ્ ॥ તવ વિરહેક ૭ ॥

હે રાધા, શ્રીકૃષ્ણ પણ અભિમાની છે તથા આ રાત પણ વ્યતીત થઈ રહી છે તેથી મારા સમજાવેલાં વચનો પ્રમાણે જલદી કર. શ્રીકૃષ્ણની અભિલાષા પૂર્ણ કર. (૭)

શ્રી જયદેવ કૃત હરિ સેવે,
ભણતિ પરમ રમણીયમ્ ।
પ્રમુદિત હૃદયં હરિમતિ સદયં,
નમત સુકૃત કમનીયમ્ ॥ ધીર સમીરે ॥ ૮ ॥

શ્રીકૃષ્ણ સેવી જયદેવ કવિ કૃત આ ગીતો દ્વારા પરમ આદરણીય, દયાળુ સુંદર અને પ્રસન્ન ચિત્તવાળા કૃષ્ણને સજજન વૃંદ પ્રણામ કરો. (૮)

વિકિરતિ મુહુઃ શ્વાસાનાશાઃ
પુરો મુહુ રીક્ષતે ।
પ્રવિશતિ મુહુઃ કુઞ્જં ગુઞ્જન –
મુહુર્બહુ તામ્યતિ ॥
રચયતિ મુહુઃ શય્યાં
પર્યાકુલં મુહુરીક્ષતે ।
મદનકદન કલાન્તઃ કાન્તે
પ્રિયસ્તવવર્તતે ॥૧॥

હે કોમલાંગી રાધા, તારા પ્રિય શ્રી કૃષ્ણચન્દ્ર વારંવાર નિસાસો નાખતા તારી આવવાની દિશાઓ તરફ વારંવાર જુએ છે. વારંવાર કુંજમાં પ્રવેશ કરે છે. (તું કેમ ન આવી ? કોણે રોકી ? કોના ભયથી ન આવી ?) એમ વારંવાર વિચાર કરતાં બેચેન થઈ જાય છે. વારંવાર કુસુમ શય્યા રચે છે. અત્યંત વ્યાકુળતાથી તારી રાહ જુએ છે. આમ હોવાથી ખાતરી થાય છે કે કામદેવની પીડાથી તે ઘણા જ દુઃખી છે. (૧)

તદ્વાકયેન સમં સમગ્ર મધુના –
તિગ્માંશુરસ્તં ગતો ।
ગોવિન્દસ્ય મનોરથેન ચ સહં –
પ્રાપ્તં તમઃ સાન્દ્રતામ્ ॥
કોકાનાં કરુણસ્વનેન સદશી –
દીર્ઘામદભ્યર્થના ।
તન્મુગ્ધે વિફલં વિલંબ મનસો –
રમ્યોભિસાર ક્ષણં ॥૨॥

હે રાધા, જો, તમારી વક્તાની સાથે જ સૂર્ય પણ અસ્ત થઈ ગયો. કૃષ્ણના મનોરંજનની સાથે સાથે આ અંધારું પણ પ્રગાઢ થઈ ગયું. ચકવા-ચકવીના કરુણ વિલાપ સમાન તારી લાંબી પ્રાર્થના પણ સમાપ્ત થઈ ગઈ. હવે જલદી ચાલ. વાર ન કર. કારણ કે છુપાઈને ચાલવાનો આ જ સમય છે. (૨)

આશ્લેષાદનુ ચુમ્બનાદનુ ન ખોલ્લે –
ખાદનુ સ્વાન્તજાતૂ ।
પ્રોદ્બોધાદનુ સમ્ભ્રમદનુ –
રતારમ્ભાદનુ પ્રાતયોઃ ॥
અન્યાર્થંગત યોભ્રમાન્મિલિતયો.
સમ્ભાષણે ર્જાનતોઃ ।
દમ્પત્યોર્નિશિ કો ન કો ન
તમસિવ્રીડાવિમિ શ્રી રસઃ ॥૩॥

હે સખી, સ્ત્રી તથા પુરુષે પરસ્પર બતાવેલા સંકેતસ્થાન પર અંધારામાં મળવાથી એક બીજાને ઓળખી ન શકવાનાં કારણે વાર્તાલાપથી જ અન્યોન્ય જાણી શકાય છે, પરંતુ એની પહેલાં જ ક્રમશઃ આલિંગન, ચુંબન, કુચ સ્પર્શ, નખક્ષત, કામોદીપ્ત અને ત્યાર પછી રતિ આરંભ થવાની સાથે સાથે જ પરસ્પર પરિચય પ્રાપ્ત થતાં જ લજ્જા મિશ્રિત રસ પ્રેમી-પ્રેમિકાને કયું સુખ નથી મળતું ? (૩)

સભય અકિતં વિન્યસ્યન્તી,
દેશો તિમિરે પથિ ।

પ્રતિ તરુમુદુ: સ્થિત્વા મન્દં-
પદાનિ વિતન્વતીમ્ ॥
કથમપિરહ: પ્રાપ્તો
મડ્ગૈરનડગ તરઙ્ગિભિ: ।
સુમુખિ સુભગ: પશ્યનૂ સ—
ત્વામુપૈતુ કૃતાર્થતામ્ ॥ ૪ ॥

હે સખી; અંધારાનાં કારણે ભયથી ચારે તરફ જોવા વાળા વૃક્ષોની નીચે વારંવાર અટકી જઈને ધીરે ધીરે પગલાં માંડતી આગળ વધતી, જેનાં સંપૂર્ણ શરીરમાં કામદેવ વ્યાપ્ત થઈ રહ્યા છે. એવા આપને એ સંકેત સ્થલમાં પ્રાપ્ત કરીને સૌભાગ્યશાળી શ્રી કૃષ્ણ કૃત કૃત્ય થશે. ॥ ૪ ॥

રાધા મુગ્ધ મુખારવિન્દ મધુપ-
સ્ત્રૈલોકય મૌલિસ્થલી ।
નેપથ્યોચિત નીલ રત્ન ચવની-
ભારાવતાર ક્ષમ: ॥
સ્વચ્છન્દં વ્રજ સુંદરી જનમન,
સ્તોષ પ્રદોષ શ્ચિરમ્ ।
કંસ ધ્વંસ ન ધૂમકેતુ રવતુ
ત્વાં દેવકી નન્દન: ॥ ૫ ॥

રાધાના સુંદર મુખરૂપી કમળને માટે ભ્રમર રૂપ, ત્રણે લોકોનો મુગટમણિ, સ્થળને યોગ્ય નીલ મણિ રૂપ, પૃથ્વીનો ભાર ઉતારવામાં સમર્થ વ્રજ-અંગનાઓના ચિત્તને પ્રમોદિત કરવાને માટે પ્રદીપ રૂપ, કંસનો વિનાશ કરવાને માટે ધૂમકેતુના તારાની સમાન દેવકીનન્દન શ્રીકૃષ્ણ દીર્ઘકાળ સુધી તમારી રક્ષા કરો. (૫)

ઈતિશ્રી કવિરાજ શ્રી જયદેવ કૃત ગીતગોવિંદ નામના કાવ્યમાં 'અભિસારિકા'ના વર્ણનમાં 'સાકાંક્ષ પુંડરીકાક્ષ' નામનો **પાંચમો સર્ગ સમાપ્ત.**

॥ ગીતગોવિંદ ષષ્ઠ: સર્ગ: ॥

॥ સોત્કંઠ વૈકુંઠ: ॥

[પ્રિયતમ શ્રીકૃષ્ણને મળવાની ઉત્કંઠાથી વિરહાનુકુલ રાધા ઊભી થાય છે. પરંતુ એક ડગલું ભરતાં જ તે ધરણી પર ઢળી પડે છે. તે હકીકત શ્રીકૃષ્ણની પાસે જઈને સખી કહે છે અને વીનવે છે: "હે પ્રભુ, તમારા વિયોગથી તલસતી રાધા જ્યાં ત્યાં તમારા સંકલ્પ–સમાગમથી જીવે છે. પરંતુ હવે તો તે એવી અધીરી થઈ ગઈ છે તમારા વગર. આ વસંત ઋતુની રાત્રિ તે કેવી રીતે વ્યતીત કરી શકશે ? તે કહી શકાતુ નથી. આ છઠ્ઠા સર્ગમાં ૧૨ મી અષ્ટપદી – ગીત છે.]

અથ તાં ગન્તુમશકતાં
ચિરમરનુકતાં લતાગૃહે દષ્ટ્વા ।
તચ્ચરિતં ગોવિન્દે,
મનસિજ મન્દે સખી પ્રાહ ॥૧॥

માધવને મળવા માટે આટઆટલું કહેવા છતાં, ગોવિન્દ પ્રત્યે ઘણા સમયથી અનુરાગી હોવા છતાં હવે ચાલવાને અસમર્થ તે રાધાજીની સખી કામદેવથી પીડિત શ્રીકૃષ્ણચન્દ્રજીને રાધાની પરિસ્થિતિ સમજાવે છે. (૧)

પશ્યતિ દિશિદિશિ રહસિ ભવન્તમ્ ।
તદધર મધુરમધૂનિ પિબન્તમ્ ॥
નાથહરે જયનાથ હરે સીદતિરાધાવાસ ગૃહે (ધ્રુવ) ॥૧॥

હે નાથ (કૃષ્ણ) એકાંતમાં બેઠેલી તે રાધા, શૂન્ય મનસ્ક ભાવ બતાવીને પ્રત્યેક દિશાઓમાં આપને જોવાની ચેષ્ટા કરતી કરતી આપના દ્વારા અધરપાનની કલ્પના કરીને વિરહ વ્યથાથી કેલિગૃહમાં (વાસસ્થાને) તડપી રહી છે. તેની રક્ષા કરો. (૧)

ત્વદભિસરણર ભસેન વલન્તી ॥
પતતિ પદાનિ કિયન્તિ ચલન્તી ॥
॥ નાથ હરે—૨ ॥

હે કૃષ્ણ, રાધા જ્યારે વેગથી આપની સમીપ આવવા લાગે છે ત્યાં તો ચાર ડગલાં ચાલીને નીચે પડી જાય છે. (૨)

વિહિત વિશદ વિસકિસલય વલયા ।
જીવતિ પરમિહ તવ રતિકલયા ॥
॥ નાથ હરે – ૩ ॥

હે હરિ, કમળનાળના નવીન અંકુરોના કંકણ પહેરવાવાળી રાધા આપની રતિકલાનું સ્મરણ કરીને જ જીવે છે (૩)

મુહુરવલોકિત મણ્ડનલીલા ।
મધુરિપુરહ મિતિ ભાવનશીલા ॥
॥ નાથ હરે – ૪ ॥

હે નાથ, એકાંતમાં તે રાધા, અત્યંત અનુરાગથી આપનું જ રૂપ—કુંડલ વગેરે ધારણ કરીને પુન: પુન: પોતાનાં આભૂષણોની શોભા નિહાળે છે. તથા "હું જ કૃષ્ણ છું" એ પ્રકારની ભાવના કરે છે. (૪)

ત્વરિત મુપૈતિ ન કથમભિસારમ્ ।
હરિરિતિ વદતિ સખી મનુ વારમ્ ॥
॥ નાથ હરે – ૫ ॥

હે ભગવન્, તે રાધા પોતાની સખી સાથે વારંવાર કહે છે કે, "હરિ, અભિસાર (સંકેતસ્થાનો)માં જલદીથી કેમ નથી આવ્યા ?" (૫)

શ્લિષ્યતિ ચુમ્બતિ જલધર કલ્પમ્ ।
હરિરૂપગત ઈતિતિમિર મનલ્પમ્ ॥
॥ નાથ હરે – ૬ ॥

હે મધુરિપુ, તે રાધા મેઘની સમાન પ્રગાઢ અંધકારને જોઈને આપ જ (કૃષ્ણ) ને આવેલ સમજીને આલિંગન તથા ચુંબન કરે છે. (૬)

ભવતિ વિલંબિનિ વિગલિત લજ્જા ।
વિલપતિ રોદિતિ વાસક સજ્જા ॥
॥ નાથ હરે – ૭ ॥

હે કંસ રિપુ, આપ વિલંબ કરો છો તેથી વાસક સજ્જા (રતિ–કેલિગૃહ)માં સુંદર શય્યા લગાવીને અલંકારોને સજી, એવી પ્રિયતમની પ્રતીક્ષા કરવાવાળી નાયિકાને વાસક-સજ્જા કહેવામાં આવે છે.) ની જેમ રાધા નિર્લજ્જ થઈને રડે છે. અને વિલાપ કરે છે. (૭)

શ્રી જયદેવ કવેરિદમુદિતમ્ રસિક જનં તનુતામતિ મુદિતમ્ ॥ નાથ હરે ॥૮॥

જયદેવ કૃત આ ગીત રસિક જનોને આનંદ આપે. (૮)

વિપુલપુલકપાલિ: સ્ફીત સીત્કારમન્ત –
ર્જનિતજડિમકાકુ વ્યાકુલં વ્યાહરન્તી ॥
તવકિતવ વિધાયા મન્દકન્દર્પ ચિન્તાં ॥
રસજલધિનિમગ્ના ધ્યાન લગ્ના મૃગાક્ષી ॥૧॥

હે કેશવ, તે મૃગનયની, આપનું ધ્યાન કરવાવાળી તથા શૃંગાર – આદિ રસરૂપી સમુદ્રમાં ડૂબકી લગાવનારી, રાધા, (ધ્યાન કરતી વખતે) અતિ હર્ષની સાથે રોમાંચિત થઈ જાય છે. ક્યારેક સી...સી...કરે છે, અને ક્યારેક જડત્વનો પ્રાદુર્ભાવ થવાથી વ્યાકુલ થઈ ગઈ હોય તેમ લાગે છે. (૧)

અંગેષ્વાભરણં કરોતિબહુશ:
પત્રેઽપિ સઞ્ચારિણિ ।
પ્રાપ્ત ત્વાં પરિશઙ્કતે વિતનુતે-
શય્યાં ચિરં ધ્યાયતિ ॥
ઈત્યાકલ્પ વિકલ્પ તલ્પ રચના–
સઙ્કલ્પ લીલાશત ।
વ્યાસકતાપિ વિના ત્વયા વરતનુ–
ર્નૈષા નિશાં નેષ્યતે ॥ ૨ ॥

હે કૃષ્ણ, પાંદડાંઓનો ખડખડાટ સાંભળી તે રાધા, પોતાનાં અંગોમાં આભૂષણોને પહેરવા લાગે

છે. તે એવું સમજી છે કે આપ આવી રહ્યા છો. તે શય્યાને સજાવા લાગે છે અને ધ્યાનમગ્ન થઈને અનેક વિચારો કરવા લાગે છે. પરંતુ આપના વિના પોતાની રાત કાપી શકતી નથી. (૨)

કિં વિશ્રામ્યસિ કૃષ્ણ ભોગિ ભવને,
ભાણ્ડીર ભૂમિ રુહી ।
ભ્રાતર્યાસિ નર્ડદષ્ટિગોચર મિતઃ
સાનન્દનન્દા સ્પદમ્ ॥
રાધાયા વચનં તદધ્વ ગમુખા –
ન્નન્દાન્તિકે ગોપતો ॥
ગોવિન્દસ્ય જયન્તિ સાયમતિથિ
પ્રાશસ્ત્ય ગર્ભાગિરઃ ॥૧૩॥

હે પથિક, આ ભાંડીર વૃક્ષની નીચે શું વિશ્રામ કરો છો? અહીં તો કૃષ્ણસર્પનો નિવાસ છે. કેમ ભાઈ? આપને નંદબાબાનું ઘર દેખાતું નથી? જ્યાં બધી જ સુવિધાઓ ઉપલબ્ધ છે. આ પ્રકારથી રાધા દ્વારા કહેવામાં આવેલાં વચનોને પથિક (મુસાફર)ના મુખથી સાંભળીને નંદબાબાની સન્મુખ તે વચનોને છુપાવવાવાળા શ્રીકૃષ્ણે પથિકને કહ્યું, "આવો આપનું સ્વાગત છે." વગેરે વચનો કહીને તે વાત ઉડાવી દીધી. શ્રીકૃષ્ણને કહેલી વાણી જયયુક્ત થાવ. (૩)

આ પ્રકારે 'ગીત ગોવિંદ' કાવ્યનો 'સોત્કંઠ ધન્યવૈકુંડ' નામનો ષષ્ઠ (છઠ્ઠો) સર્ગ સમાપ્ત.

॥ ગીત–ગોવિંદ સપ્તમઃ સર્ગઃ ॥

નાગર નારાયણ

(શ્રીકૃષ્ણે સખીની વાત સાંભળીને પછી તરત જ લતા–કુંજે જવા નીકળે છે. પરંતુ વચ્ચે માર્ગમાં 'ચંદ્રાવળી' આદિ કોઈ પ્રિયા મળી જાય છે. તેનું મન મનાવવા દક્ષિણ કૃષ્ણ રાત્રિ તેના સમાગમમાં ગાળે છે. પણ લતા–કુંજમાં રાધાને ઘડી જુગ જેવી લાગે છે. રાત અંધારી હતી પણ ચાંદનીનો ઉજાસ થયો અને ચંદ્ર માથે પણ આવ્યો. પરંતુ ન તો સખી વળી આવી કે ન તો શ્રીકૃષ્ણ દેખાયા. તેથી રાધા અનેક સંકલ્પ કરવા લાગી અને પોતાના દુર્ભાગ્યને નિંદવા લાગી.

તેથી રાધાના મનમાં અપ્રિયના ભણકારા વાગી રહ્યા. તથાપિ આશાના તાંતણે ટિંગાયેલ હૈયા તે માનવા કહ્યું કર્યું નહિ. એટલામાં 'ભગવાન પધાર્યા છે.' એવું સમજી પાછળ રહેલી સખી આવી પહોંચી હરિને ન જોઈ તત્કાળ તેનું મોઢું ઊતરી ગયું અને તેની કાંતિ તદ્દન લેવાઈ ગઈ.

સખીની ઓશિયાળી અને વ્હીલી મુખમુદ્રા જોતાં જ ચતુર રાધા ચેતી ગઈ. કે 'કપટી કાનાએ મને ઠગી.' તેથી કરીને તે 'વિપ્રલબ્ધા નાયિકા' પ્રતિ નાયિકાના સૌભાગ્યની અદેખાઈ કરતી વિવિધ વિલાપ કરવા લાગી.)

અત્રાન્તરે ચ કુલટા કુલ વર્ત્મપાત –
સઞ્જાતપાતક ઈવ સ્ફુટ લાંછનશ્રીઃ ।
વૃંદાવનાન્તર મદીપય દંશુ જાલૈ –
દિંકસુંદરી વદન ચંદન બિન્દુ રિન્દુઃ ॥૧॥

એ વખતે કુલટા સ્ત્રીઓના કુળના માર્ગને ભ્રષ્ટ કરવાથી પાતકી થયો હોય નહિ? એમ જેને કલંકની શોભા સ્ફુટ થઈ રહી છે, એવો તથા પૂર્વ દિશારૂપી સુંદરીના મુખ ઉપર ચંદનના બિંદુ સરખો એવો ચંદ્ર પોતાનાં કિરણોનાં જાળાં કરીને વૃંદાવનની અંદર પ્રકાશ કરવા લાગ્યો. (૧)

પ્રસરતિ શશધર બિમ્બે,
વિહિત વિલંબે ચ માધવે મધુરા ।
વિરચિત વિવિધ વિલાપે,
સા પરિતાપં ચકારોચ્ચૈઃ ॥૨॥

જ્યારે ચંદ્ર આકાશમાં પ્રસાર કરવા લાગ્યો અને શ્રી માધવે પણ આવવામાં વિલંબ કર્યો ત્યારે વિરહ વડે વ્યાકુળ થયેલાં શ્રી રાધાજી ઊંચે સ્વરે કરીને અનેક પ્રકારના વિલાપ અને પરિતાપ કરવા લાગ્યાં. (અહીં તે પરિતાપનું હવે વર્ણન કરે છે.)

સપ્તમ–સર્ગ અષ્ટપદી–ગીત–૧૩
(માલવ રાગ–પરિમઠ્ઠે તાલ)

કથિત સમયેડપિ હરિ–
રહહ ન યયૌ વનં ।
મમ વિફલમેતદનુરૂપ
મપિ યૌવનમ્ ॥
યામિ હે કમિહ શરણં
સખી જન વચન વંચિતા ॥ ધ્રુવ ॥૧॥

રાધા કહે છે: "કહેલા સમય પર પણ શ્રીકૃષ્ણ વનમાં નહિ આવે, એ રમણ યોગ્ય (રતિના યોગ વખતે) મારું યૌવન પણ મિથ્યા છે. જ્યારે સખીઓથી પણ શું હું ઠગાઈ ગઈ? તો પછી હવે હું કોના શરણમાં રહું? અર્થાત્ હવે તો ડૂબી મરવું જ જોઈએ. (૧)

યદનુગમનાય નિશિ,
ગહનમપિશીલિતમ્ ।
તેન મમ હૃદય મિદ
મસમશરકીલિતમ્ ॥ યામિ ॥ ૨ ॥

જે શ્રીકૃષ્ણને માટે મેં રાત્રિમાં આ ગહન વનમાં નિવાસ કર્યો, તે કૃષ્ણે મારા હૃદયને કામદેવના અસહ્ય બાણોથી વીંધી નાખ્યું. (૨)

મમ મરણમેવ વરમતિ
વિતથકેતના ।
કિમપિ વિષહામિ,
વિરહાનલ ચેતના ॥ યામિ–હે– ૩ ॥

આ અરણ્યમાં હવે હું વિરહની આગ કેવી રીતે સહન કરી શકું? અને આ જ્ઞાન શૂન્ય શરીર પણ વૃથા છે. આના કરતાં તો મૃત્યુ કેટલુંયે સારું છે. (૩)

મામહહ વિધુરયતિ,
મધુર મધુ યામિની ।
કાપિ હરિ મનુભવતિ,
કૃતસુકૃત કામિની ॥ યામિ હે– ૪ ॥

અત્યંત ખેદ છે કે વસંતની આ મનોહર રાત્રિઓ મને ક્લેશ કરી રહી છે. તથા આ રત્રિઓ અન્ય ગોપ સ્ત્રીઓને જે પુણ્યવંતીઓ છે, કારણ કે તેઓ શ્રી કૃષ્ણની સાથે છે. અને તેમને આનંદિત કરી રહી છે. (૪)

અહહ કલયામિ વલયાદિ–
મણિ ભૂષણમ્ ।
હરિ વિરહ દહન વહનેન,
બહુ દૂષણમ્ ॥ યામિ હે–૫॥

અરે આ રત્નજડિત આભૂષણો પણ શ્રીકૃષ્ણના વિરહ–અગ્નિના વહનથી સર્વથા દોષપૂર્ણ પ્રતીત થઈ રહ્યાં છે. અર્થાત્ પતિના વગર સ્ત્રીને માટે શૃંગાર વ્યર્થ છે. (૫)

કુસુમ સુકુમાર
તનુશર લીલયા ।
સ્રગપિ હૃદિ હન્તિ મામતિ–
વિષમ શીલયા ॥ યામિ હે–૬॥

સ્વભાવથી જ કોમળ આ પુષ્પમાળા (વિરહીઓને પુષ્પ કામોદ્દીપક છે) કામદેવનાં વિષમ બાણો સમાન પુષ્પો સમાન કોમળ શરીરવાળી મારા હૃદય પર અત્યંત આઘાત પહોંચાડી રહી છે. (૬)

અહમિહ નિવસામિ–
ન ગણિત વન વેતસા ।
સ્મરતિ મધુસૂદનો
મામપિ ન ચેતસા ।। યામિ હે–૭।।

હું તો પ્યારા કૃષ્ણને માટે આ અરણ્યમાં નેતરની કુંજોમાં રહું છું. છતાં મધુસૂદન તો મારું હૃદયથી પણ સ્મરણ કરતા નથી. (૭)

હરિ ચરણ શરણ, જયદેવ કવિ ભારતી ।
વસતુ હૃદિ યુવતિરિવ
કોમલ કલાવતી ।। યામિ હે–૮।।

પ્રેમીના હૃદયમાં કોઈ પ્રેમિકા વસી જાય, તેમ હરિનાં ચરણ એ જ જેનું શરણ છે તેવા શ્રી જયદેવ કવિની કોમલ કોમલ પદો યુક્ત આ કવિતા ભક્તોના હૃદયમાં વાસ કરો.

ગીત ગોવિંદના સાતમા સર્ગમાં અષ્ટપદી–ગીત તેર સમાપ્ત

તત્કિં કામપિ કામિની મભિસૃતઃ
કિંવા કલાકેલિભિઃ ।
બદ્ધો બન્ધુભિરંધ કારિણે
વનો પાન્તે કિમુ ભ્રામ્યતિ ।
કાન્તઃ કલાન્તમના મનાગપિ પથિ,
પ્રસ્થાતુ મેવા ક્ષમઃ ।
સંકેતીકૃત મંજુ વંજુલ લતા,
કુંજેઽપિ યન્નાગતઃ ।।૧।।

સુંદર વેતસલતાની કુંજમાં (સંકેતસ્થાનમાં) શ્રી કૃષ્ણના નહિ આવવાનાં કારણે રાધા વિચાર કરવા લાગી. શું પ્રિયતમ કોઈ અન્ય કામિની પાસે ચાલ્યા ગયા ? અથવા તો મિત્રોના ઉપહાસ–પરિહાસમાં ફસાઈ ગયા ? અથવા અંધારાના કારણે આ અરણ્યમાં અહીંતહીં (ભૂલી જવાથી) ફરી રહ્યા છે ? અથવા મારી જેમ વિયોગી થઈને ચાલવામાં અસમર્થ થઈ ગયા છે ? ખરેખર તેમના વિયોગથી એક ડગલું પણ ચાલી શકતી નથી તેવી રીતે તેમને પણ નહિ થયું. હોય ! (૧)

અથા ગતાં માધવમન્તરેણ,
સખીમિયં વીક્ષ્ય વિષાદમૂકામ્ ।
વિશંક માના રમિતં કયાપિ;
જનાર્દનં દૃષ્ટ વદેત દાહ ।।૨।।

ત્યાર બાદ દુઃખી તથા મૌન એવી સખી કૃષ્ણ વિના આવેલી જોઈને રાધાએ કહ્યું, "શું કૃષ્ણ કોઈ અન્ય ગોપાંગનાઓની સાથે તો રમણ નથી કરતા ને ?" આવું કહેતાં તો રાધાનો ભાવ એવો માલૂમ પડ્યો કે જાણે તે કૃષ્ણને અન્ય સ્ત્રીઓ સાથે રમણ કરતી જોઈ રહી હોય ! (૨)

સર્ગ સાતમો અષ્ટપદી ગીત–૧૪
(વસંત રાગ–એકતાલી તાલ)

સ્મર સમરોચિત વિરચિતવેષા ।
ગલિત કુસુમદલ વિલુલિત કેશા ।।
કાપિ ચપલા મધુરિપુણા,
વિલસતિ યુવતિરધિક ગુણા ।। ધ્રુવ–૧।।

કામદેવની યુદ્ધભૂમિમાં યુદ્ધ માટે યોગ્ય આભૂષણો ધારણ કરીને વિંખાયેલાં કેશમાંથી કુસુમ પાંદડી સમી બાણ વર્ષા કરતી અને સુંદરતા આદિ ગુણોથી કોઈ ચંચળ કામિની શું કૃષ્ણ સાથે ખેલતી હશે ? (૧)

હરિપરિરમ્ભણ વલિત વિકારા,
કુચ કલશોપરિ તરલિત હારા ।। કાપિ ચપલા–૨।।

હે સખી, જેને શ્રીકૃષ્ણના આલિંગનથી અનુરાગ (પ્રેમ) ઉત્પન્ન થઈ ગયો છે, તથા જેના કલશ સમાન કુચો ઉપર હાર હાલી રહ્યો છે, એવી કોઈ ચપળ કામીની કૃષ્ણની સાથે વિલાસ કરી રહી છે. (૨)

વિચલ દલકલલિતાનન ચન્દ્રા ।
તદધર પાનર ભસકૃત તન્દ્ર ।। કાપિ ચપલા–૩।।

હે પ્રિયે, જેના સુંદર મુખ રૂપી ચન્દ્ર પર ચપલ અલકલટ શોભિત થઈ રહી છે. તથા પ્રિયના અધર-પાનથી જેને આળસ આવી રહી છે એવી કોઈ રમણીની સાથે કૃષ્ણ રમણ કરી રહ્યા છે. (૩)

ચંચલ કુણ્ડલ દલિત કપોલા ।
મુખરિતરશન જઘનગતિ લોલા ।। કાપિ ચપલ–૪।।

હે સખી, ચંચળ કુંડળોના સ્પર્શ વડે જેના ગાલ ગુલાબી થઈ ગયા છે. ઝન ઝન શબ્દ કરવાવાળી કટિમેખલાની ઘૂઘરીઓ કટિના હલનચલનથી રણઝણી ઊઠી છે. તેવી કોઈ ચપલા કામિની શ્રીકૃષ્ણચંદ્ર સાથે રમણ કરી રહી છે. (૪)

દયિત વિલોકિત લજ્જિત હસિતા ।
બહુવિધ કૂજિત રતિરસ રસિતા ।।
।। કાપિ ચપલા–૫ ।।

હે પ્રિયે, રતિમાં અનેક જાતની વાણીથી પ્રસન્ન તથા શ્રીકૃષ્ણના અપાર દર્શનથી લજ્જાપૂર્વક હાસ્ય કરવાવાળી કોઈ ગોપલલના કૃષ્ણની સાથે રમણ કરી રહી છે. (૫)

વિપુલ પુલક પૃથુવેપથુ ભંગા ।
શ્વસિત નિમીલિત વિકસદ નંગા ।।
।। કાપિ ચપલા–૬ ।।

હે સખી, દીર્ઘશ્વાસ અને નેત્રોને ઢાળી દે છે તેવા લક્ષણવાળી અને કામ–ભાવને વ્યક્ત કરવા રતિના આનંદથી કંપતી તથા રોમાંચિત શરીરવાળી કોઈ નવ વ્રજવધૂ કૃષ્ણની સાથે વિહાર કરી રહી છે. (૬)

શ્રમજલ કણભર સુભગ શરીરા ।
પરિપતિ તોરસિ રતિરમણધીરા ।।
।। કાપિ–ચપલા–૭ ।।

રતિ–શ્રમથી ઉત્પન્ન થયેલાં પરસેવાનાં બિંદુઓ વડે શોભતી શરીરવાળી તથા રતિ સમયે પતિના વક્ષઃસ્થળ પર સૂવાવાળી, રતિરૂપ યુદ્ધમાં પ્રવીણ એવી કોઈ વ્રજ–અંગના કૃષ્ણની સાથે સંભોગ કરી રહી છે. (૭)

શ્રી જયદેવ ભણિત હરિ રમિતમ્ ।
કલિ કલુષં જનયતુ પરિશમિતમ્ ।।
।। કાપિ ચપલા–૮ ।।

શ્રી જયદેવ કવિકૃત રમણનું આ અત્યંત લલિત વર્ણન કલીયુગીય પાપોનું શમન કરો. (૮)

(ગીત ગોવિંદના સાતમો સર્ગ–ચૌદમી અષ્ટપદી
ગીત–સમાપ્ત)

વિરહ પાણ્ડુ મુરારિ મુખામ્બુજ ।
દ્યુતિરિયં તિરયન્નપિ વેદનામ્ ।।
વિધુરતીવ તનોતિ મનોભુવઃ ।
સુહૃદયે હૃદય મદન વ્યથામ્ ।।૧।।

હે સુહૃદયી, મારા વિયોગથી કૃષ્ણના મુખ–કમળ સમાન વર્ણવાળા એવા કામદેવના સુહૃદ, આ ચન્દ્ર આનંદપ્રદ હોવા છતાં પણ મારા ચિત્તમાં કામ–વ્યથા વધારી રહ્યો છે. (૧)

સપ્તમઃ સર્ગ–અષ્ટપદી ગીત–૧૫
(ગુર્જરી રાગ–એકતાલી તાલ)

સમુદિત મદને રમણી વદને,
ચુમ્બન વલિતાધરે ।
મૃગમદ તિલકં લિખતિ–
સપુલકં મૃગમિવ રજની કરે ।।
રમતે યમુનાપુલિ નવને–
વિજયી મુરારિરધુના ।। ધ્રુવ–૧ ।।

હે પ્રિયે, કામ–ઉદ્દીપત, તથા ચુંબન કરવાથી સંકુચિત, સુંદર હોઠોવાળી, વ્રજ–વનિતાના મુખ પર શ્રીકૃષ્ણ પુલકિત થઈને કસ્તૂરીનું તિલક કરે છે. જાણે ચંદ્રમાં મૃગચિહ્ન બનાવે છે. એવી કામકેલિ છે. એવા કામકેલિ વિજયી કૃષ્ણ અત્યારે યમુનાના તટે આવેલા ઉપવનમાં રમણ કરી રહ્યા છે. (૧)

ઘનચય રુચિરે રચયતિ ચિકુરે,
તરલિત તરુણાનને ।
કુરવક કુસુમં ચપલા સુષમં,
રતિપતિ મૃગકાનને ।।
।। રમતે યમુના–૨ ।।

હે સખી, મેઘોના ઝુંડની સમાન મનોહર વાળની રચના કરવાવાળા, યુવકોના ચિત્તને ચંચળ કરવાવાળા, કામદેવરૂપી હરણના વનરૂપી ગોપાંગનાઓના વાળમાં કૃષ્ણ વીજળી સમાન કુરવકનાં પીળાં પીળાં પુષ્પો ગૂંથી રહ્યા છે. (૨)

ઘટયતિ સુઘને કુચયુગ ગગને,
મૃગમદ રુચિ રૂષિતે ।
મણિસર મમલં તારક પટલં ।
નખપદ શશિ ભૂષિતે ।।
।। રમતે યમુના–૩ ।।

હે પ્રિયે, કસ્તૂરી ચર્ચિત, વિશાળ કુચરૂપી આકાશ પર જે નખરૂપી ચંદ્રથી યુક્ત છે. શ્રીકૃષ્ણ સ્વચ્છ મણિઓના હાર રૂપી તારા ગણોને પહેરાવી રહ્યા છે (અર્થાત્ ગોપાંગનાઓના કસ્તૂરી ચર્ચિત, નખક્ષતથી ચિહ્નિત ઉત્તુંગ કુચો (સ્તન) પર મોતીઓની માળાઓ પહેરાવી રહ્યા છે. (૩)

જિતબિસ શકલે, મૃદુભુજ યુગલે,
કરતલ નલિની દલે ।
મરકત વલયં મધુકર નિચયં,
વિતરતિ હિમશીતલે ।।
।। રમતે યમુના–૪ ।।

હે સખી, શ્રીકૃષ્ણ કમળ દંડોની સમાન કોમળ ભુજાઓથી યુક્ત, કમલિની દલની સમાન હથેળીઓ-

વાળા તથા બરફની સમાન ઠંડા ઠંડા હાથોમાં કમળની ઉપર ભમરાઓ સમાન પન્ના-રત્નથી જડેલાં કંકણો પહેરાવી રહ્યા છે. (૪)

રતિ ગૃહ જઘને વિપુલાપઘને,
મનસિજકનકાસને ।
મણિમયરશનં તોરણહસનં,
વિકિરતિ કૃતવાસને ॥
॥ રમતે યમુના-૫ ॥

હે પ્રિય, તે કૃષ્ણ કામદેવને માટે સુવર્ણનું આસન, રતિના નિવાસસ્થાન તથા મનોહર વસ્ત્રને ધારણ કરવાવાળી કોઈ ગોપાંગનાનાં ઉત્તુંગ નિતંબ પ્રદેશ પર લીલાં તોરણની સમાન મણિમય કટિ મેખલા પહેરાવી રહ્યા છે. (૫)

ચરણકિસલયે કમલાનિલયે,
નખમણિગણ પૂજિતે ।
બહિરપવરણં યાવકભરણં,
જનયતિહૃદિ યોજિતે ॥
॥ રમતે યમુના-૬ ॥

હે પ્રિયે, નખરૂપી મણિઓથી અલંકૃત, કોમળ-કોમળ પલ્લવો (પાંદડાં) સમાન ચરણ-કમળને (કોઈ વ્રજ સુંદરીનાં ચરણને) પોતાના વક્ષઃ સ્થળ ઉપર રાખીને કૃષ્ણ અળતો લગાવે છે. (૬)

રમયતિ સદશં કામપિ સદશં,
ખલહલધર સોદરે ।
કિમફલમવસં ચિરમિહ વિરસં,
વદસખિ વિટપોદરે ॥
॥ રમતે યમુના-૭ ॥

હે પ્રિયે, જયારે તે ખલ, જે બલરામનો નાનો ભાઈ છે. તે કોઈ સુનયનવાળીની સાથે વિહાર કરે છે. ત્યારે કહો, હું શા માટે આ વૃક્ષની નીચે નિરાશામય થઈને પ્રતીક્ષા કરું? (૭)

ઈહરસ ભણને કૃત હરિ ગુણને,
મધુરિપુપદ સેવકે ।
કલિયુગ ચરિતં ન વસંતુ દુરિતં,
કવિનૃપ જયદેવકે ॥
॥ રમતે યમુના-૮ ॥

રસ-વર્ણન કરવાવાળા, હરિગુણ ગાયક, શ્રી કૃષ્ણના ચરણ-સેવક, જયદેવ કવિના અંતઃકરણમાં કલિયુગના પાપી ચરિતનો વાસ ન થાવ. (૮)

ગીત ગોવિંદ સાતમો સર્ગ
પંદર-અષ્ટપદી-ગીત સમાપ્ત

*

કૃષ્ણસ્યાનાગમનેન દુઃખિતાં
સખીમાસ્વાસયન્ત્યાહ ।

સખીએ કૃષ્ણને રૂબરૂ જઈને સંદેશો પાઠવ્યો છતાં પણ તે ન આવ્યા. તેથી દુઃખી થયેલી સખીને આશ્વાસન આપતાં રાધાજી કહે છે.

નાયાતઃ સખિ નિર્દયો યદિ શઠ-
સ્ત્વં દૂતિ કિં દૂયસે ।
સ્વચ્છન્દં બહુ વલ્લભઃ
સરમતે કિં તત્ર તે દૂષણમ્ ॥
પશ્યાદ્ય પ્રિય સંગમાય દિયત
સ્યા કૃષ્ણમાણં ગુણૈઃ ।
ઉત્કંઠા ભરાદિવ સ્ફુટદિદં,
ચેતઃ સ્વયં યાસ્યતિ ॥૧॥

હે સખી, જો તે નિર્દયી, ઠગ કૃષ્ણ આવે નહિ તો તું શા માટે દુઃખી થઈ રહી છું ? કારણ કે તે તો અનેક મહિલાઓ સાથે સ્વચ્છંદે અને સ્વેચ્છાથી રમણ કરે છે. એમાં તારો શું દોષ ? જો, આજ કૃષ્ણના વશીભૂતના કારણે આ ચિત્ત ઉત્કંઠાથી પ્રિયની સમીપ મિલન માટે જશે. (૧)

સર્ગ-૭: અષ્ટપદી-ગીત-૧૬
(દેશાખ્ય રાગ-ગૌડી વામઠતાલ)

અનિલ તરલ કુવલય નયનેન ।
તપતિ ન સા કિસલય શયનેન ॥
સખિ યા રમિતા વનમાલિના ॥ ધ્રુવ-૧ ॥

હે સખી, પવન વડે કંપતા કમળની સમાન ચંચળ નેત્રવાળા, વનમાળીની સાથે જે યુવતીએ વિહાર કર્યો, તે કોમળ-કોમળ પલ્લવોની શય્યા પર શયન કરવાથી દુઃખી થતી નથી. (૧)

વિકસિત સરસિજ લલિતમુખેન ।
સ્ફૂટતિ ન સા મનસિજ વિશિખેન ॥
॥ સખિ યા-૨ ॥

હે સખી, પ્રફુલ્લ કમળની સમાન મુખવાળા શ્રીકૃષ્ણની સાથે સંભોગ કરવાવાળી ગોપવધૂ કામબાણોથી પીડિત થતી નથી. (અર્થાત્ મારી જેમ જે સ્ત્રીઓ પીડિત થાય છે, તેને ધન્યવાદ) ! (૨)

અમૃત મધુર મૃદુતર વચનેન ।
જ્વલતિ ન સા મલયજ પવનેન ॥
॥ સખિ યા-૩ ॥

હે પ્રિયે, અમૃત સમાન મધુર તથા મૃદુભાષી કૃષ્ણની સાથે વિહાર કરવાવાળીને મલયગિરિનો પવન સતાવતો નથી. (૩)

સ્થલજલ રૂહ રુચિકર ચરણેના ।
લુઠતિ ન સા હિમકર કિરણેન ॥
॥ સખિ યા-૪ ॥

હે સખી, સ્થલ, કમલવત્ સુંદર હાથ ને પગવાળા કૃષ્ણની સાથે આનંદ કારિણી ચંદ્રનાં શીતળ કિરણો તેને સતાવતાં નથા. (૪)

સજલજલદ સમુદય રુચિરેણ ।
દલતિ ન સા હૃદિ ચિર વિરહેણ ॥
॥ સખિ યા-૫ ॥

હે સખી, જળથી પરિપૂર્ણ મેઘ (વાદળાં) સમાન આકૃતિવાળા, કૃષ્ણની સાથે રમણ કરવાવાળીને ચિર કાળના વિયોગની વ્યથા પીડા આપતી નહિ હોય ! (૫)

કનક નિકષ રુચિ શુચિ વસનેન
શ્વસિતિ ન સા પરિજન હસનેન ॥
॥ સખિ યા-૬ ॥

હે સખી, સુવર્ણ કાન્તિ સમાન, પીતાંબરધારી કૃષ્ણની સાથે સંભોગિતા થનારી સખીઓની મશ્કરી (પરિહાસ)થી દુઃખી થતી નહિ હોય. (૬)

સકલ ભુવનજન વરતરુણેન ।
વહતિ ન સા રુજમતી કરુણેન ॥
॥ સખિ યા-૭ ॥

હે સખી, સકલ ભુવનમાં શ્રેષ્ઠ (સર્વ શ્રેષ્ઠ) કૃષ્ણની સાથે જેણે વિહાર કર્યો તેને કામપીડા કયાંથી ? (૭)

શ્રી જયદેવભણિત વચનેન ।
પ્રવિશતુ હરિરપિ હૃદય મનેન ॥
॥ સખિ યા-૮ ॥

શ્રી જયદેવ કવિએ કહેલ વચનોથી ભક્તજનોના હૃદયમાં યશોદાનંદન પ્રકટ થાવ. (૮)

શ્રી ગીત ગોવિંદ સાતમો સર્ગ
સોળ અષ્ટપદી-ગીત સમાપ્ત

મનોભવાનન્દન ચન્દનાનિલ ।
પ્રસીદ રે દક્ષિણ મુંચ વામતામ્ ॥
ક્ષણં જગત્પ્રાણ વિધાય માધવમ્ ।
પુરો મમ પ્રાણ હરો ભવિષ્યસિ ॥૧॥

હે કામદેવને આનંદ કરાવવાવાળા; દક્ષિણપવન ! કૃપયા, તમારી કુટિલતાનો ત્યાગ કરો. હે જગત પ્રાણ, મારી સામે માધવને લાવીને પછી જ મારા પ્રાણ હરી લો. (૧)

રિપુરિવ સખી સંવાસોઽયં-
શિખીવ હિમાનિલો ।
વિષમિવ સુધારશ્મિ ર્દૂરં,
દુનિતો મનો મમ ॥
હૃદયમધ્યે તસ્મિન્નેવં;
પુનર્વલતે બલાત્ ।
કુવલય દશાં વામ કામો
નિકામનિરંકુશઃ ॥ ૨ ॥

હે પ્રિયે, પ્રિયતમના સ્મરણથી સખીઓની સાથે આલાપ-પ્રલાપ તો શત્રુવત્ શીતલપવન અગ્નિવત્, અમૃત કિરણધારી ચન્દ્ર વિષવત્, અને અત્યંત ક્લેશકારી માલૂમ પડે છે. આટલું હોવા છતાં મારું ચિત્ત તે નિર્દય કૃષ્ણ તરફ ઝૂકી જાય છે. વાસ્તવમાં મૃગનયનીઓને માટે કામદેવ અત્યંત નિરંકુશ છે. (૨)

બાધાં વિધેહિ મલયાનિલ પંચબાણ ।
પ્રાણાન્ ગૃહાણ ન ગૃહ પુનરાશ્રયિષ્યે ॥
કિં તે કૃતાંત ભગિનિ ક્ષમયા તરંગૈઃ ।
અંગાનિ સિંચ મમ શામ્યતુ દેહ દાહઃ ॥૩॥

હે મલયપવન, તમે મને ખૂબ જ સતાવી લો. હે પંચબાણ (કામદેવ), તમે પણ મારા પ્રાણને હરી લો. પ્રાણ રહશે ત્યાં સુધી હું ઘેર પાછી જઈશ નહિ. હે યમરાજની બહેન યમુના, તમે શા માટે બાકી રાખો છો ? તમે પણ તમારા તરંગો (મોજાંઓ)થી મને ખેંચી લો, જેથી મારા શરીરનો દાહ દૂર થઈ જાય. (૩)

સાન્દ્રાનંદ પુરંદરાદિ દિવિ,
ષદ્ભિર્મન્દાદરાત્ ।
આનમ્રૈર્મુકુટેન્દ્ર નીલમણિભિઃ
સંદર્શિતેંદીવરમ્ ॥

સ્વચ્છંદ મકરંદ સુન્દરગલ
ન્મંદાકિની મેદુરં ।
શ્રી ગોવિન્દ પદારવિન્દમશુભ,
સ્કન્દાય વન્દામહે ॥૪॥

જે ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણ–કમલોને આનંદ સહિત ઈન્દ્ર આદિ દેવગણ પોતાના રત્નજડિત મુકુટથી આદરપૂર્વક સ્પર્શ કરે છે, તથા જેમનાં ચરણ–કમલોના પરાગથી ગંગાજળ સદા વ્યાપ્ત રહે છે, તે ભગવાનનાં પાદારવિંદો–જે અશુભના નાશને માટે છે, તેને પ્રણામ કરીએ છીએ. (૪)

ઈતિશ્રી કવિરાજ શ્રી જયદેવકૃત
ગીતગોવિદ કાવ્યે શ્રી 'નગર નારાયણો'
નામ સપ્તમ: સર્ગ સમાપ્ત

ગીતગોવિંદ અષ્ટમઃ સર્ગ:

॥ વિલક્ષ લક્ષ્મીપતિ: ॥

[રાધાની માનસિક પરિસ્થિતિની વાત સાંભળીને ભગવાન તરત જ લતાકુંજે જવા તૈયાર થાય છે. પરંતુ રસ્તામાં ચંદ્રાવલિ વગેરે પ્રિયામાંથી કોઈ મળી જાય છે, તેથી તેનું મન મનાવવા પાછલી રાત્રિ તેના સમાગમમાં ગાળે છે. પરંતુ લતાકુંજમાં રાધાને તો એક એક ઘડી જુગ જુગ જેવી જાય છે. રાત અંધારી, ચાંદનીનો ઉજાસ થયો અને ચંદ્ર પણ માથે આવ્યો. પરંતુ ન તો સખી આવી કે ન તો કૃષ્ણ આવ્યા. તેથી રાધા અનેક સંકલ્પ કરવા લાગી અને પોતાના દુર્ભાગ્યને નિંદવા લાગી. તેના મનમાં કાંઈ અપ્રિયના ભણકાર વાગવા લાગ્યા, છતાં પણ આશાના તાંતણે ટિંગાયેલા હૈયે તે માનવા કહ્યું પણ મન માન્યું નહિ.

એટલામાં 'ભગવાન પધાર્યા છે.' એવું સમજી ત્યાં તો પાછળ રહેલી સખી આવી પહોંચી. હરિને જોયા નહિ તેથી તેનું મોં તત્કાળ ઊતરી ગયું ને મોંની કાંતિ લેવાઈ ગઈ. સખીની ઓશિયાળી મુખમુદ્રા જોઈને ચતુર રાધા ચેતી ગઈ. 'કપટી કાનાએ મને ઠગી' તેથી તે વિલાપ કરવા લાગી આ સર્ગમાં એક અષ્ટપદી ગીત છે.]

અધુના રાધા પ્રાતરાગતં
પ્રિયં દષ્ટવા સામ્યસૂયમાહ ।

હવે પ્રભાતે પાછા ફરેલા પ્રીતમને જોઈને રાધિકા ઈર્ષ્યાયુક્ત વચનો કહેવા લાગ્યાં.

અથ કથમપિ યામિનીં નિનીય ।
સ્મર શર જર્જરિતાપિ સા પ્રભાતે ॥
અનુનય વચનં વદન્તમગ્રે ।
પ્રણતમપિ પ્રિયમાહ સાભ્યસૂયમ્ ॥ ૧ ॥

કામદેવનાં બાણોથી જર્જરિત બનેલી એવી રાધાએ રાત તો જેમ તેમ કરીને વિતાવી. પ્રભાત થયું અને પાછા ફરેલા કૃષ્ણને જોઈને તેમના પગમાં વારંવાર નમીને કાકલૂદીવાળાં વચનો કહેતી જાય છે તથા પોતાના પ્રિય પ્રત્યે ઈર્ષ્યાયુક્ત વચનો બોલ્યાં. (૧)

અષ્ટમ: સર્ગ: અષ્ટ પદી–ગીત–૧૭

(ભૈરવી રાગ–રૂપક તાલ)

રજનિ જનિત ગુરુ જાગર રાગ,
કષાયિતમલ સનિમેષમ્ ॥
વહતિ નયન મનુરાગમિવ સ્ફુટ-
મુદિત રસાભિનિવેશમ્ ॥
હરિ હરિ યાહિ માધવ યાહિ,
કેશવ મા વદ કૈતવ વાદમ્ ।
તામનુસર સરસીરુહ લોચન,
યા તવ હરતિ વિષાદમ્ ॥ ધ્રુવ-૧ ॥

આપનાં નેત્ર રાત્રિના જાગરણથી લાલ–લાલ થઈ ગયાં છે, જેથી સ્પષ્ટ રૂપે પ્રગટ થાય છે કે કોઈ નાયિકાના શૃંગાર રસનો અનુરાગ એમાં ભરેલો છે. એથી હે માધવ, આપ તે નાયિકાની પાસે જાવ,

જે આપનાં કષ્ટોને દૂર કરે છે. હે કમલનયન, આપ ધૂર્તતાપૂર્ણ વાક્યો મારી સન્મુખ ન કહો. ॥ ૧ ॥

કજ્જલ મલિન વિલોચન ચુમ્બન,
વિરચિત નીલમ રૂપમ્ ।
દશ નવ સન મરુણં તવ કૃષ્ણ,
તનોતિ તનોરનુ રુપમ્ ॥ હરિ હરિ–૨ ॥

હે કૃષ્ણ, કાજલથી મલિન થયેલાં નેત્રોનાં ચુંબનથી આપના લાલ થયેલા હોઠ તમારા રંગ જેવા નીલા બની ગયા છે. હે કેશવ, આપ જાવ. આવાં છેતરામણાં વચનો કહો નહિ. હે કેશવ, તમારા દર્દને શમાવતી હોય તેને ત્યાં જાવ. (૨)

વપુરનુ વહતિ તવ સ્મર સંગર,
ખરનખર ક્ષત રેખમ્ ।
મરકત શકલ કલિત કલધો-
તલિપેરિવ રતિ જય લેખમ્ ॥ હરિ હરિ–૩)

હે કૃષ્ણ, આપનું શરીર કામયુદ્ધમાં કઠોર નખક્ષતોની નિશાનીવાળું પ્રતીત થાય છે. મરકતમણિ ઉપર સુવર્ણના અક્ષરે આલેખાયેલા રતિના વિજય લેખ જેવું જણાય છે. અર્થાત્ તે નાયિકાએ મુગ્ધ થઈને જે નખ માર્યા છે જેનાથી આપના શરીરમાં રતિ પર વિજય પામ્યાના પ્રમાણની ભ્રાંતિ દેખાય છે. એથી હે નાથ, આપ તેણીની પાસે જાવ. (૩)

ચરણ–કમલગલ દલક્ત કસિક્તમિદં,
તવ હૃદય મુદારમ્ ।
દર્શયતીવ બર્હિમદનદ્રુમ,
નવ કિસલય પરિવારમ્ ॥ હરિ હરિ–૪ ॥

હે કૃષ્ણ, તે નાયિકાનાં ચરણ કમળોમાંથી ખરતા અળતાથી આર્દ્ર એવું આપનું હૃદયપટ એવું દેખાય છે કે જાણે મદનરૂપી વૃક્ષથી નવીન નવીન પાંદડાંઓનો સમૂહ બહાર આવી રહ્યો છે! એથી આપ તે પ્રેમિકાની સમીપ જાવ. (૪)

દશનપદં ભવદધરગતં મમ,
જનયતિ ચેતસિ ખેદમ્ ।
કથયતિ કથમધુનાપિ મયા સહ–
તવ વપુરે તદ ભેદમ્ ॥ હરિ હરિ–૫ ॥

હે કૃષ્ણ આપના હોઠો પર અન્ય સ્ત્રીઓ વડે કરેલા નખક્ષત મારા ચિત્તને ક્લેશમય કરે છે. શું એટલું તો આપ કહેશો ને કે મારામાં તથા તમારામાં અભેદ સંબંધ છે કે નહિ! આપ તેણીની પાસે જાવ. (૫)

બહિરિવ મલિન તરં તવ કૃષ્ણ,
મનોડપિ ભવિષ્યતિ નૂનમ્ ।
કથમથ વગ્ચયસે જનમનુગત
મસમશર જ્વર દૂનમ્ ॥ હરિ હરિ–૬ ॥

હે કૃષ્ણ મને એવો અનુભવ થાય છે કે જેવું આપનું શરીર કાળા રંગનું છે તેવું જ આપનું અંતઃકરણ પણ કાળા રંગનું છે. નહિતર કામપીડિત મને શા માટે છેતરો છો? આપ તમારા દર્દને શમાવતી હોય તેને ત્યાં જાવ. (૬)

ભ્રમતિ ભવાનવલા કવલાય-
વનેષુ કિમત્ર વિચિત્રમ્ ।
પ્રથયતિ પૂતનિકેવ વધૂ
નિર્દય બાલચરિત્રમ્ ॥ હરિ હરિ–૭ ॥

હે કૃષ્ણ, આ જંગલમાં અબળાઓને સતાવવાને માટે આપ જ ભ્રમણ કરો છો, એમાં જરા પણ સંશય નથી. કારણ કે નિર્દય બનીને સ્ત્રીઓને મારવાવાળું આપનું આ બાલ–ચરિત્ર છે, જે પૂતનાથી જાણવામાં આવે છે. હે હરિ, તમે તમારા દર્દને શમાવતી હોય તેને ત્યાં જાવ. (૭)

શ્રી જયદેવ ભણિત રતિવંચિત,
ખંડિત યુવતિ વિલાપમ્ ।
શૃણુત સુધા મધુરં વિબુધા,
વિબુધા લયતોડપિ દુરાપમ્ ॥ હરિ હરિ–૮ ॥

હે વિદ્વાનો, જયદેવ કવિ કૃત સંભોગ–શૃંગાર વંચિત ખંડિતા નાયિકાનો વિલાપ સાંભળો. અમૃત સમાન મધુર આ કૃષ્ણચરિત સ્વર્ગથી પણ દુર્લભ છે. (૮)

ગીતગોવિંદ આઠમો સર્ગ, સત્તર અષ્ટપદી ગીત સમાપ્ત.

*

તથેદં પશ્યન્ત્યા: પ્રસર દનુરાગં બહિરિવ ।
પ્રિયાપાદાલક્તચ્છુરિત મરુણદ્યોતિ હૃદયમ્ ॥

સમાધ્ર પ્રખ્યાત પ્રણય ભર ભંગેન કિતવ ।
ત્વદા લોક: શોકાદપિ કિમપિ લજ્જાં જનયતિ ॥

હે વંચક, કોઈ અન્ય ગોપી સાથેનો અનુરાગ જાણે બહાર જણાઈ ન આવતો હોય તેમ કોઈ પ્રેયસીના અળતાથી વ્યાપ્ત થતાં અરુણ વર્ણવાળા દેખાતા તમારા હૃદયને જોતાં જગપ્રસિદ્ધ આપની પ્રીતિના ભંગથી થતા શોકથી મને તમારું મુખ જોતાં પણ શરમ આવે છે. (૧)

પ્રાતર્નીલ નિચોલમચ્યુતમુર:,
સંવીત પીતાંશુકમ્ ।
રાધાયાશ્ચકિતં વિલોકય હસતિ-
સ્વૈરં સખી મંડલે ।।
બ્રીડા ચંચલ મંચલં નયનયો,
રાધાય રાધાનને ।
સ્વાદુસ્મેર મુખોડયમસ્તુ જગદા
નન્દાય નન્દાત્મજ: ॥ ૨ ॥

કોઈ વખત પ્રાત: સમયે શ્રીકૃષ્ણે રાધાજીનાં નીલાં વસ્ત્ર પહેરેલાં અને રાધાજીનાં વક્ષ:સ્થળને પીતાંબરથી આચ્છાદિત થયેલું જોઈને ચકિત થઈ ગયેલું સખીવૃંદ જ્યારે મંદ મંદ છાનું છાનું હસવા લાગ્યું ત્યારે શરમિંદા બની ગયેલા અને તીરછી નજરથી રાધાજી તરફ જોવાને લીધે જેનું મુખ સુંદર દેખાય છે તેવા નંદનંદન શ્રીકૃષ્ણ જગતને માટે આનંદદાયક થાવ. (૨)

ગીત ગોવિંદ આઠમો સર્ગ 'વિલક્ષણ લક્ષ્મીપતિ' સમાપ્ત.

*

॥ ગીતગોવિંદ – નવમ: સર્ગ: ॥

। મુગ્ધ મુકુંદ: ।

[શ્રીકૃષ્ણ તો શરીર પરના સંકેતો દ્વારા પકડાઈ જવાથી સમયને પારખી ગુપચૂપ ખસી જાય છે, એથી રાધા એકલી પડવાથી તેમનો રોષ સ્વયં ધીમો પડે છે. તે આસપાસ જુએ છે તો ચારે બાજુ પ્રસરી રહેલો પ્રેમમંત્ર દશ્ય થાય છે, તેથી તેનું મન વ્યાકુળ બને છે. પ્રીતમને તરછોડતાં પોતે જ તરછોડાઈ કે શું? તેથી મનમાં પસ્તાવો કરે છે. તે વખતે જ કૃષ્ણની પ્રેરેલી સખી ત્યાં આવી પહોંચે છે. તે મીઠાં છતાં કઠોર વચનથી રાધાને કહે છે: હે સખી, તું મારું માન-અપમાન કર નહિ. જો વસંત ઋતુ કેવી ખીલી છે? કુંજ-વિહારી શ્રીકૃષ્ણ વનમાં પધાર્યા છે. તું આવો ઉત્તમ વિસાસનો સમય એળે જવા દે નહિ. અરે તું શા માટે રડે છે? છાની રહે, તું મારી સાથે ચાલ. હું તને કૃષ્ણની ભેગી કરું અથવા કૃષ્ણ જ તને સામા આવીને વીનવે, બોલ; પછી છે કાંઈ? તું તારા મનમાં જરા પણ ઓછું લાવ નહિ. તું જો, કૃષ્ણ તને અંતરથી ચાહે છે. અરે તને વળગતા આવે છે. તારા ચરણમાં શિર ઝુકાવે છે. તે છતાં તું એમનો તિરસ્કાર કરે છે, અવગણના કરે છે? તેથી તો હિમ અગ્નિરૂપ બને, ચંદન વિષરૂપ બને અને ક્રીડા પણ પીડારૂપ જ બને. આ સર્ગમાં એક અષ્ટપદી ગીત છે.]

અથ તાં મન્મથ ખિન્નાં
રતિરસ ભિન્નાં વિષાદ સંપન્નામ્ ।
અનુચિન્તિત હરિ ચરિતાં–
કલહાન્તરિતા મુવાચ રહ: સખી ॥ ૧ ॥

ત્યાર બાદ કામના આવેગને લીધે રતિરસથી વિંધાયેલી, ખિન્ન અને દુ:ખી થતી તે વારંવાર શ્રી કૃષ્ણનાં ચરિત્રોનું ચિંતન કરતી 'કલહાંતરિતા' (પ્રેમીનો અનાદર કરી રિસાયા પછી શોક કરતી નાયિકા) એવી રાધાને સખીએ એકાન્તમાં આ પ્રમાણે કહ્યું. (૧)

નવમ: સર્ગ, અઢારમી અષ્ટપદી–ગીત

(ગુર્જરી રાગ–યતિ તાલ)

હરિરભિ સરતિ વહતિ મધુપવને ।
કિમ પર મધિક સુખં સખિ ભવને ॥
માધવે મા કુરુ માનિનિ માન મયે ।
(માધવ—ધ્રુવ)

અરે માનિની, તું કૃષ્ણ પ્રત્યે અભિમાન કર નહિ. હે પ્રિય! અત્યારે વસંતની હવા કેવી મનોહર વહી રહી છે! તથા કૃષ્ણ પણ સંકેત સ્થાન પર આવી પહોંચ્યા છે. શું આનાથી પણ વધુ આનંદ તને ઘર પર મળવાનો છે? માટે તું માધવ આગળ આટલાં માન ન માગ. (૧)

તાલ ફલાદપિ ગુરુર્માત સરસમ્ ।
કિં વિફલી કુરુષે કુચકલશમ્ ॥
॥ માધવ–૨ ॥

હે પ્રિયે, તાડના ફળ કરતાં પણ ઘણા મોટા અને સુંદર તારા આ કલશ (કુંભ) સમાન વિશાળ બે પયોધરને શા માટે નિષ્ફળ કરે છે? કૃષ્ણના કર–સ્પર્શથી એને સફળ કર. માન ન માગ. (૨)

કતિ ન કથિત મિદ મનુ પેદમચિરમ્ ।
મા પરિહર હરિમતિશય રુચિરમ્ ।।માધવ–૩ ॥

અરે માનિની, શું મેં તને કેટકેટલી વાર કહ્યું ન હતું? કે "પરમ રમણીય કૃષ્ણનો પરિત્યાગ ન કરજે." માધવ આગળ આટલાં માન ન માગ. (૩)

કિમિતિ વિષીદસિ રોદિષિ વિકલા ।
વહસતિ યુવતિ સભા તવ સકલા ।।માધવ–૪।।

હે પ્રિય! હવે તું શા માટે પશ્ચાત્તાપ કરે છે? શા માટે રડે છે ને વ્યાકુલ થાય છે? જો દેખ, તારા તરફ યુવતીઓ હસી રહી છે કારણ કે તેં પ્રિયનો પરિત્યાગ કર્યો તેનું એ ફળ છે. (૪)

મૃદુ નલિનીદલ શીતલ શયને ।
હરિમવ લોકય સફલય નયને ।।માધવ–૫।।

હે માનિની, આ કોમળ કોમળ કમલિનીનાં પાનથી સજાવેલી ઠંડી હિમ જેવી શય્યા પર શ્રીકૃષ્ણને જોવાનો તારી આંખોને લહાવો તો લેવા દે. હે માનવતી રાધા, તું માધળ આગળ માન ન માગ. (૫)

જનયસિ મનસિ કિમિતિ ગુરુખેદમ્ ।
શૃણુ મમ વચનં અનીહિત ભેદમ ।।માધવ–૬।।

હે પ્રિય, તું તારા ચિત્તમાં આ રીતનો દીર્ઘ વિષાદ શા માટે કરે છે? વાત તો તું સાંભળ. હું તો તારી હિત–અભિલાષી છું. તું માન ન માગ. (૬)

હરિરુપ યાતુ, વદતુ બહુ મધુરમ્ ।
કિમિતિ કરોષિ હૃદયમતિ વિધુરમ્ ।।માધવ–૭।।

હે માનિની, તું તારા મનને શા માટે કલેશ યુક્ત કરી રહી છું? એવો ઉપાય કરીએ અને એવી રીતથી કાર્ય કરીએ કે શ્રીકૃષ્ણ તમારી સમીપ આવે અને તમારી સાથે મધુર–મધુર વાતો કરે. (૭)

શ્રી જયદેવ ભણિત મતિ લલિતમ્ ।।
સુખયતુ રસિકજનં હરિ ચરિતમ્ ।।માધવ–૮।।

શ્રી જયદેવ કવિ કૃત પરમ રમણીય
શ્રી કૃષ્ણચરિત રસજ્ઞોને સુખાકારી થાવ.

શ્રી ગીતગોવિંદ નવમો સર્ગ, અઢાર
અષ્ટપદી – ગીત સમાપ્ત

*

ઈદાનીં પ્રણતમપિ પ્રિયમતિ રોષાત્
ત્યજન્તીં રાધાં નિન્દન્તી સખી પ્રાહ – ॥

કૃષ્ણ કાકલૂદી કરી હાથ જોડતા પ્રિયના પણ રોષને લીધે તિરસ્કાર કરતી રાધા પ્રત્યે સખી કડવાં વચનો સંભળાવે છે.

સ્નિગ્ધે યત્પુરુષાસિ યત્પ્રણમતિ–
　　સ્તબ્ધાસિ યદ્રાગિણિ ।
દ્વેષસ્થાસિ યદુન્મુખે વિમુખતાં,
　　યાતાસિ તસ્મિન્ પ્રિયે ॥
તદ્યુક્ત વિપરીત કારિણિ તવ–
　　શ્રીખણ્ડ ચર્ચા વિષમ્ ।
શીતાંશુ સ્તપનો હિમં હુતવહઃ
　　ક્રીડામુદો યાતના ॥ ૧ ॥

હે રાધા, તમે પ્રેમ કરવાવાળા શ્રીકૃષ્ણ સાથે કઠોર વાત કરે છે. નમ્રતા અને વિનય કરવાવાળા કૃષ્ણ સાથે અક્કડ રહે છે. અનુરાગી કૃષ્ણ સાથે વિરાગ દાખવે છે. અભિમુખી કૃષ્ણ સાથે વિમુખ થાય છે. એનું ખરાબ પરિણામ એ છે કે, ચંદન–વિષ સમાન, સૂર્ય–હિમ સમાન, અને કેલિનો આનંદ પણ વેદના સમાન થઈ રહ્યો છે. (૧)

અંતર્મોહન મૌલિઘૂર્ણન
　　ચલ મન્દાર વિસ્રંસન ।
સ્તબ્ધાકર્ષણ દૃષ્ટિહર્ષણ
　　મહામંત્રઃ કુરઙ્ગીદૃશામ્ ।
દૃશ્યદ્દાનવ દૂયમાન દિવિષ
　　દુર્વાર દુઃખાપદામ્ ।
ભ્રંશઃ કંસરિપોર્વ્યપોહયતુ-
　　વોઽશ્રેયાંસિ વંશીરવઃ ॥ ૨ ॥

મૃગનયનીઓનાં અંતઃકરણને મોહ પમાડનાર એમના મુકુટમાં ગૂંથેલાં પારિજાતનાં પુષ્પો ખરી ગયાં છે, તથા જે જડ પદાર્થો પર્યંત આકર્ષિત કરે છે, અને જોવાવાળાને હર્ષાન્વિત કરે છે. જે મહામંત્ર સ્વરૂપ છે. જે ઉદ્દંડ દૈત્યોથી પીડા પામેલ દેવતાઓનાં દુઃસહ દુઃખોનું શમન કરે છે. તેવા ભગવાન કૃષ્ણની બંસીનો ધ્વનિ તમારાં સૌનું મંગલ કરો.

શ્રી જયદેવ કવિકૃત ગીતગોવિંદ "મુગ્ધ મુકુંદ"
નવમો સર્ગ સમાપ્ત

॥ ગીત ગોવિંદ–દશમઃ સર્ગઃ ॥

। ચતુર ચતુર્ભુજઃ ।

અથાંતરે મસૃણરોષ વશાદસીમ ।
　　નિઃશ્વાસનિઃ સહમુખીં સુમુખી મુપેત્ય ॥
સવ્રીડમીક્ષિત સખી વદનાં દિનાન્તે
　　સાનન્દ ગદ્ગદપદં હરિરિત્યુવાચ ॥ ૧ ॥

એ વખતે સાયંકાલના સમયે અત્યંત રોષ કરવાવાળી, અધિક શ્વાસોચ્છ્વાસ લેવાથી મ્લાન મુખવાળી, લજ્જાપૂર્વક સખીના મુખને જોવાવાળી સુમુખી રાધાની સમીપ આવીને કૃષ્ણે – પ્રેમ ને આનંદથી કહ્યું. (૧)

નવમો સર્ગ, ઓગણીસમી અષ્ટપદી–ગીત

(દેશીય વરાડી રાગ – અઠતાલ)

વદસિ યદિ કિઞ્ચિદપિ દન્ત રુચિ કૌમુદી ।
　　હરતિ દરતિમિરમતિ ઘોરમ્ ।
સ્ફુરદ ધરસીધવે તવ વદન ચન્દ્રમા–
　　રોચયતિ લોચન ચકોરમ્ ॥
પ્રિયે ચારુશીલે પ્રિયે ચારુશીલે
　　મુઞ્ચમયિ માનમનિદાનમ્ ।
સપદિ મદનાનલો દહતિ મમ માનસં
　　દેહિ મુખકમલ મધુપાનમ્ ॥ ધ્રુવ–૧ ॥

હે પ્રિયે, હે કોમળ ચિત્તવાળી, તમે મને જે કાંઈ પણ કહો છો તેથી તમારી દાંતરૂપી પ્રભા મારા ભયરૂપ ગાઢ અંધકારનું શમન કરી દે છે તથા તમારો મુખ રૂપી ચંદ્ર તમારા અધર (ઓષ્ઠ)નું અમૃત પીવાને માટે મારા નયનરૂપી ચકોરોને પ્રોત્સાહિત કરે છે. હે પ્રિયે, હે ચારુશીલે, મારા ઉપર કૃપા કરીને માન–અભિમાનનો પરિત્યાગ કરો અને તમારા મુખરૂપી કમળનું મધુપાન (ચુંબન) આપો. કારણ કે મારું ચિત્ત કામાગ્નિથી બળી રહ્યું છે. (અર્થાત્ આપના મધુપાનથી શાંત થાય.) (૧)

સત્ય મેવાસિ યદિ સુદતિ ! મયિ કોપિની
　　દેહિ ખરનખરશર ઘાતમ્ ।
ઘટય ભુજ બંધનં જનય રદ ખણ્ડનં ।
　　યેન વા ભવતિ સુખ જાતમ્ ॥ પ્રિય ચારુ–૨ ॥

હે શુભ્ર દંતી, તમારે જે રીતનો મને દંડ–શિક્ષા આપવાની હોય તે આપો. અને જો તમારો મારા ઉપર ખરેખર રોષ હોય તો મને તમારા તેજ નખરૂપી બાણોથી વીંધો. ભુજાઓમાં બાંધી લો. અથવા દાંતોથી કરડો. (વિશ્વાસઘાતીને રાજદંડ આપતી વખતે પ્રથમ મારે છે પછી બાંધે છે અને અંતે ફાંસી આપવામાં આવે છે એ અભિપ્રાયથી શ્રીકૃષ્ણની આ ઉક્તિ કહી છે.) અથવા તમને જે રીતે સંતોષ થાય તે રીતે કરી લો. તો હે પ્રિયા, તારા મુખકમળનું મધુનું પાન કરાવ. (૨)

ત્વમસિ મમ ભૂષણં, ત્વમસિ મમ જીવનં ।
　　ત્વમસિ મમ ભવ જલધિ રત્નમ્ ।
ભવતુ ભવતીહ મયિ સતત મનુરોધિની ।
　　તત્ર મમ હૃદય મતિ યત્નમ્ ॥ પ્રિયે ચારુ–૩ ॥

હે પ્રાણેશ્વરી, તમે મારા અલંકાર છો. આ સંસાર–સાગરમાં મણિની સમાન તમે છો. તમે જ મારું જીવન છો અર્થાત્ મારે માટે જે કાંઈ છે તે તમે જ છો એથી હવે મારા પર કૃપા કરો તમને પ્રસન્ન કરવાને માટે હરહમેશ હું હૃદયથી પ્રયત્ન કરું છું. (૩)

નીલ નલિનાભમપિ તન્વિ,
　　તવ લોચનં ધારયતિ કોક નદ રૂપમ્ ।
કુસુમશરબાણ ભાવેન યદિ,
　　રઞ્જયસિ કૃષ્ણમિદમેતદનુરૂપમ્ ॥
　　　　॥ પ્રિય ચારુ–૪ ॥

હે તન્વિ, તમારાં આ નેત્ર નીલ–કમલ જેવાં હોવા છતાં પણ રોષથી અરુણ વર્ણનાં થઈ રહ્યાં છે. જો તમે મને તમારા કામબાણ રૂપી નેત્રોથી રંગી રહ્યાં હો તો એ રંગનું ઠીક છે. (કારણ કે જે એ બાણથી વિંધાય છે તે રક્તથી લાલ પણ થઈ જાય છે) અથવા મારા ઉપર ક્રોધ કરવાથી જ તમારી કાળી કાળી સુંદર આંખો લાલ થઈ ગઈ છે? તો આ પુરસ્કારમાં તમારા કટાક્ષોથી મને પણ લાલ કરી લ્યો. (અર્થાત્ પ્રસન્ન થઈ જાવ.)

સ્ફુરતુ કુચ કુમ્ભયોરુપરિ,
　　મણિમઞ્જરી રઞ્જયતુ તવ હૃદય દેશમ્ ।
રસતુ રસનાપિ તવ ઘનજઘન
　　મણ્ડલે ઘોષયતુ મન્મથ નિદેશમ્ ॥
　　　　॥ પ્રિયે ચારુ–૫ ॥

હે પ્રાણેશ્વરી, તમારા કલશ રૂપી પયોધર પર રત્નોની માળા શોભાયમાન છે. તે માળા તમારા વક્ષઃ સ્થળને અનુરક્ત કરવાવાળી થાવ. હે પ્રિયે, તમારી કમર (કેડ)ની ઉપરના કંદોરાની ઘૂઘરીઓના ધ્વનિ ગુંજે તથા તે કંદોરાનો ધ્વનિ કામદેવની આજ્ઞાની ઘોષણા કરવાવાળો થાવ. (૫)

સ્થલ કમલગઞ્જનં મમહૃદય રઞ્જનં,
　　જનિત રતિરઙ્ગપર ભાગમ્ ।
ભણ મસૃણ વાણિ કરવાણિ
　　ચરણદ્વયં સરસલ દલક્તકરાગમ્ ॥
　　　　॥ પ્રિય ચારુ–૬ ॥

હે સ્નિગ્ધ વચની, સ્થલ કમળની શોભાનો તિરસ્કાર કરવાવાળા, મારા ચિત્તને આનંદિત કરવાવાળા, રતિરાગમાં આનંદ કરાવનારા તમારા આ

દાંતોમાં, ચરણોમાં અગર કહો ત્યાં હું અળતો લગાવી દઉં.

સ્મર ગરલ ખણ્ડન મમ શિરસિ,
મણ્ડનં દેહિ પદ પલ્લવ મુદારમ્ ।
જ્વલતિ મયિ દારુણો મદન કદનાનલો
હરતુ તદુપાહિત વિકારમ્ ॥
॥ પ્રિયે ચારુ–૭ ॥

હે હૃદયેશ્વરી, કામદેવ રૂપી વિષનું શમન કરવાવાળા, સુંદર નવાં નવાં પાંદડાંઓ સમાન આપનાં કોમળ ચરણોને મારા માથા પર રાખો. જેથી મને શાંતિ મળે કારણ કે ભીષણ કામજ્વાળા મને સતાવી રહી છે. (૭)

ઈતિ ચટુલ ચા ટુપ ચાટુ રુમુર વૈરિણો,
રાધિકામધિવચન જાતમ્ ।
* (જયતિ પદ્માવતી રમણ જયદેવ કવિ–
ભારતી ભણિત મિતિ ગીતમ્)
જયતિ જયદેવ કવિ ભારતી ભૂષિતં,
માનિની જનજનિત શાતમ્
॥ પ્રિયે ચારુ–૮ ॥

આ પ્રકારે ચતુરતા તથા પ્રેમ રસ–પરિપૂર્ણ પદ્માના પતિ જયદેવ કવિ દ્વારા પ્રણીત રાધા પ્રતિ કહેવામાં આવેલ અને માનુનીઓને અત્યંત આનંદ આપવાવાળા શ્રીકૃષ્ણનાં આ વાકયો તમામ વાકયોથી અધિકથી અધિક છે.

શ્રી ગીત ગોવિંદ દશમા સર્ગની ઓગણીસમી અષ્ટપદ–ગીત સમાપ્ત.

ઈદાનીમાત્માનં નિરપ રાધં જ્ઞાપયન્
સંભોગાર્થં પ્રોત્સાહયન્નાહ ।

આ રીતે પોતાની જાતને નિરપરાધીન જણાવીને શ્રીકૃષ્ણ સંયોગને માટે રાધાને પ્રોત્સાહિત કરતાં કહે છે.

પરિહર કૃતાન્તકે શંકાત્વયા સતતં ઘન ।
સ્તન જ ઘનયાઽક્રાન્તે સ્વાન્તે પરાનવકાશિની ।
વિશતિ વિતનોરન્યો ધન્યો ન કોઽપિ મમાન્તરં ।
સ્તનભર પરીરમ્ભારમ્ભે વિધેહિ વિધેયતામ્ ॥ ૧ ॥

હે સંતપ્તે, શંકાઓનો ત્યાગ કરો. કારણ કે કઠોર ઉરજ તથા સુંદર કમરવાળી તું જ જો સદાને માટે મારા હૃદયમાં વ્યાપ્ત રહી છો તો એ નિરાકાર અનંગ (કામદેવ)થી અતિરિકત, મારા અંતઃકરણમાં શુભ લક્ષણયુકત બીજી કોઈ રમણીને માટે સ્થાન જ રહેતું નથી. એથી હે માનિની, તમે પ્રથમની જેમ પ્રણયપૂર્વક મને આલિંગન કરો. (આપ મને તમારા વશ સમજો. (૧)

"યદ્યેવં ન પ્રત્યેપિ તદા મય્યપરાધાનુકૂલં
દણ્ડ મા ચરેત્યાહ–"

જો આ પ્રમાણે તું ન ઇચ્છતી હોતો મને મારા આ અપરાધના પ્રમાણમાં દંડ દે. એવું કહીને કહે છે.

મુગ્ધે વિધેહિ મયિ નિર્દય દન્ત દંશમ્ ।
દોર્બલ્લિબન્ધ નિબિડ સ્તનપીડનાનિ ॥
ચણ્ડિ ત્વમેવ મુદમઞ્ચય પઞ્ચબાણ ।
ચણ્ડાલ કાણ્ડ દલનાદ સવઃ પ્રયાન્તિ ॥ ૨ ॥

હે મુગ્ધા, અથવા તો મને નિર્દયતાપૂર્વક દંત ક્ષત દે. અને ભુજા રૂપી લતાથી બાંધી દો. અથવા કઠણ ઉરજ (કુચો)થી મને જકડી લો. કારણ કે દોષ કરનારને માટે એ જ દંડ (શિક્ષા) આપવામાં આવે છે. હે કોપાયમાન રાધા, મારી રક્ષા કર. (મને આનંદ પ્રદાન કર) ચંડાળ કામદેવનાં બાણોથી મારા પ્રાણ ચાલ્યા જશે. (૨)

શશિમુખિ તવ ભાતિ ભંગુરભ્રુઃ ।
યુવ જન મોહ કરાલ કાલ સર્પી ॥
તદુદિત ભય ભઞ્જનાય યૂનાં ।

---

* શ્લોક આઠમાં ત્રીજી અને ચોથી લીટીમાં પાઠ ભેદ જોવામાં આવે છે. તેથી કૌંસમાં બતાવેલ બે પંકિત પણ અહીં મૂકી છે. ભાવક બંને વાંચે તો આનંદ થશે.

ત્વદધર સીધુસુધૈવ સિદ્ધમન્ત્રઃ ॥ ૩ ॥

હે ચંદ્રમુખી, યુવાનોને મોહિત કરતી તમારી તીરછી ભ્રમરો ભયંકર સર્પિણી જેવી છે. તેનાં ભયથી યુવાનોના થયેલા ભયને તો કેવળ તમારા અધરરૂપી અમૃત જ એકમાત્ર ઔષધિ છે. (૩)

વ્યથયતિ વૃથા મૌનં તન્વિ પ્રપઞ્ચય પંચમમ્ ।
તરુણિ મધુરાલાપૈસ્તાપં વિનોદય દષ્ટિભિઃ ॥
સુમુખિ વિમુખી ભાવં તાવદ્વિ મુઞ્ચનવઞ્ચય ।
સ્વયમતિશયસ્નિગ્ધો મુગ્ધે પ્રિયોહ મુપસ્થિતઃ ॥ ૪ ॥

હે કૃશાંગી રાધા, તમારું મૌન મને વૃથા કષ્ટ આપી રહ્યું છે. હે તરુણી, મધુર મધુર વાણીથી મારો સંતાપ દૂર કરો. અને કટાક્ષ કૃપા કરી મને વિનોદ આપો. હે ચારુતાપૂર્ણ રાધા, હવે વિમુખપણાનો ત્યાગ કરો. મને વૃથા છેતરો નહિ. કારણ કે હે મુગ્ધા, તમારો અનન્ય પ્રેમી એવો હું હવે સ્વયં આવી ગયો છું. (૪)

બન્ધૂક દ્યુતિ બાંધવોઽયમધરઃ
સ્નિગ્ધો મધુ કચ્છવિઃ ।
ગણ્ડશ્ચણ્ડિ ચકાસ્તિ નીલનલિન
શ્રી મોચનં લોચનં ॥
નાસાભ્યેતિતિલ પ્રસૂના પદવીં,
કુન્દા ભદન્તિ પ્રિયે ।
પ્રાયસ્ત્વન્મુખ સેવયા વિજયતે,
વિશ્વં સ પુષ્પાયુધઃ ॥ ૫ ॥

હે કોપવતી નારી, બપોરીઆનાં ફૂલના સમાન તમારા અધર (હોઠ), મહુડાના ફૂલની કાંતિ સમાન આ તમારા સ્નિગ્ધ ગાલ નીલકમળની કાંતિને પણ ભુલાવી દે એવાં આ નેત્રો, તલનાં પુષ્પ જેવી આ નાસિકા કેટલી બધી શોભા આપી રહી છે! હે બોરસલ્લીનાં ફૂલ જેવા દાંતવાળી રાધિકા, સાક્ષાત્ કામદેવ તમારા મુખનો આધાર લઈને જ વિશ્વવિજય કરે છે. (કામદેવ તો પાંચ પુષ્પ બાણોથી વિશ્વવિજયી કહેવાય છે. તે પાંચ પુષ્પો (૧) મહુડાનું ફૂલ, (૨) ભૂરું કમળ, (૩) તલનું પુષ્પ, (૪) બપોરીઆનું ફૂલ, (૫) બોરસલ્લીનું ફૂલ આ પાંચેય ફૂલોને રાધિકાના મુખના જુદા જુદા અવયવો સાથે સરખાવ્યાં છે, આમ રાધાના મુખને કામદેવે ધનુષ્ય બનાવી લઈ કેવળ મુખ દ્વારા જ જાણે તે જગતને તે જીતી રહ્યો છે. તેવો આમાં ભાવ છે.

દશો તવ મદાલસે વદનમિન્દુ મત્યાન્વિતં ।
ગતિર્જન મનોરમા વિધુતરમ્ભમૂરુદ્વયમ્ ॥
રતિસ્તવ કલાવતી રુચિર ચિત્ર લેખે ભ્રુવા ॥
વહો વિબુધ યૌવનં વહસિ તન્વિ પૃથ્વી ગતા ॥ ૬ ॥

હે તન્વિ, તમારાં નેત્ર તો મદથી ભરેલાં છેઃ તમારુ મુખ ચંદ્ર સમાન છે. તમારી ચાલ મનોરમ છે. સાથળ તો કેળના થંભ જેવી છે. રતિ–વિલાસ કલાપૂર્ણ છે. તમારી ભ્રમરો તો ચિત્રિત રેખાયુક્ત છે. હે તન્વિ, આશ્ચર્ય છે કે પૃથ્વી પર રહેવા છતાંયે તમારામાં સ્વર્ગલોકની અપ્સરાઓમાં જે ગુણ હોય તે બધા ગુણ માત્ર તમારા એકમાં જ જોવામાં આવે છે. (મદાલસા, મનોરમા, રંભા, કલાવતી, ચિત્રલેખા વગેરે અપ્સરાઓ સમાન બતાવે છે. (૬)

'કવિઃ સર્ગાન્તે આશિષે પ્રયુક્તઃ' ।
સર્ગની પૂર્ણતા પછી કવિ આશિષ આપે છે.

પ્રીતિં વસ્તનુતાં હરિઃ કુવલયા પીડેન સાર્ધંરણે ।
રાધાપીનપયોધર સ્મરણ કૃત્ કુંભેન સંભેદવાન્ ॥
યત્રે સ્વિદ્યતિ મીલતિ ક્ષણમપિક્ષિપ્રં તદાલોકનાદ્ ।
વ્યામોહેન જિતં જિતં જિતમભૂદ્યાલોલ કોલાહલઃ ॥
॥ ૭ ॥

કુવલયીપીડ હાથી (કંસના હાથીનું નામ)ની સાથે યુદ્ધમાં તેનાં કુંભ સ્થળનું ભેદન કરીને રાધાના ઉન્નત પયોધરનું સ્મરણ કરવાવાળા, ભયદાયક હાથીનું મૃત્યુ તથા ભયાનક અવાજ સાંભળીને "કંસને જીતી લીધો' એવો કોલાહલ મચ્યો. આવા ભયંકર હાથીને મારીને આ પ્રકારનો કોલાહલ કરાવનારા શ્રીકૃષ્ણ તમોને આનંદ આપો.

ઈતિશ્રી કવિરાજ જયદેવ કૃત ગીતગોવિંદ નામના કાવ્યમાં માનિની વર્ણનમાં 'ચતુર ચતુર્ભુજ' નામનો દશમો સર્ગ સમાપ્ત.

॥ ગીતગોવિંદ — એકાદશઃ સર્ગઃ ॥

। સાનન્દ દામોદર ।

[ભગવાન શ્રીકૃષ્ણ રાધિકાને મનાવીને જાય છે. તેમની પાછળ પાછળ જ તેમની દૂતી રાધાને તેડવા આવે છે. ત્યારે શૃંગાર સજીને બેઠેલ રાધિકા પેલી સાથે 'વંજુ કુંજ'માં ક્ષણે ક્ષણને ગણતા કૃષ્ણ ભગવાનને જઈને મળે છે. આ સર્ગમાં શ્રીકૃષ્ણ અને રાધિકાજીનો સમાગમ થતાં શાણી સખીઓ કાંઈક બહાનું બતાવીને વંજુકુંજ ગૃહમાંથી વિદાય થાય છે. આ સર્ગમાં વીસ, એકવીસ, બાવીસ એમ ત્રણ અષ્ટપદી છે.]

સુચિર મનુ નયને પ્રીણયિત્વા મૃગાક્ષી ।
ગતવતિ કૃતવેષે કેશવે કુઞ્જશય્યામ્ ॥
રચિત રુચિરભૂષાં દૃષ્ટિમોષે પ્રદોષે ।
સ્ફુરતિ નિરવ સાદાંકાપિ રાધાં જગાદ ॥ ૧ ॥

મૃગનયની રાધાની સાથે ઘણા સમય સુધી પ્રેમ–આલાપ દ્વારા તેણીને પુલકિત કરી સંધ્યા સમયે શ્રીકૃષ્ણની કુંજમાં શયન કરવા ચાલ્યા જાય છે ત્યારે એક સખીએ રાધાને સુંદર શૃંગાર કરાવી પ્રમોદ પૂર્ણ હૃદયવાળી રાધાને કહ્યું. (૧)

એકાદશ સર્ગ : વીસ અષ્ટપદી – ગીત

(વસંત રાગ – રૂપક તાલ)

વિરચિત ચાટુ વચન રચનેન–
ચરણ રચિત પ્રણિપાતમ્ ।
સમ્પ્રતિ મઞ્જુલ વઞ્જુલ સીમનિ–
કેલિ શયન મનુયાતમ્ ॥
મુગ્ધે મધુમથન મનુગત
મનુસર રાધિકે ॥ ધ્રુવ–૧ ॥

હે મુગ્ધે, મધુર વચનો બોલવાવાળા, તમારા ચરણમાં પડનારા, અત્યારે તમને અનુકૂળ વેતસ લતાગૃહમાં ક્રીડાશયન કરવા પધાર્યા છે. તેથી હે રાધા, તેવા મધુસૂદન પાસે જલદી ચાલ. (૧)

ઘન જઘન સ્તન ભારે ભરે,
દર મન્થર ચરણ વિહારમ્ ।
મુખરિત મણિ મઞ્જીર મુપેહિ–
વિધેહિ મરાલ વિકારમ્ ॥ મુગ્ધે–૨ ॥

હે મૂર્ખી, વિશાળ ઉરજ તથા નિતંબવાળી હે રાધા, ધીરે ધીરે પગલાં પાડતી અને રત્નજડિત નૂપુરની ઝાંઝરીઓને ઝણઝણાવતી, હંસગતિથી તને અનુકૂળ થયેલા શ્રીકૃષ્ણ સમીપ ચાલ. (૨)

શ્રૃણુ રમણીય તરં તરુણી,
જનમોહન મધુરિપુરાવમ્ ।
સુમન શરાસન શાસન વન્દિનિ–
મિકનિકરે ભજ ભાવમ્ ॥ મુગ્ધે–૩ ॥

હે સખી, યુવતીઓને મોહ પમાડનારી, તથા રસજ્ઞ શ્રીકૃષ્ણની વાંસળી સાંભળ, અને કામદેવની આજ્ઞાને ધારણ કરતી, એવી કોકિલાના ભાવનું સેવન કર. શ્રીકૃષ્ણની સમીપ ચાલીને કોકિલ–કંઠી થઈને વાત કર. (૩)

અનિલ તરલ કિશલય નિકરેણ–
કરેણ લના નિકુરમ્બમ્ ।
પ્રેરણમિવ કર ભોરુ ! કરોતિ
ગતિ પ્રતિ મુઞ્ચ વિલમ્બમ્ ॥ મુગ્ધે–૪॥

હે વયસ્યે, આ તરફ નજર કર. પવન દ્વારા પ્રેરિત લતાસમૂહ ચંચળ પલ્લવ (પાંદડાં) રૂપી હાથો વડે તમને નમન કરીને પ્રેરણા આપી રહ્યા છે. એથી હે પ્રિયે, હવે વિલંબ ન કરો. (૪)

સ્ફુરીમનઙ્ગ તરઙ્ગ વશાદિવ–
સૂચિત હરિ પરિરમ્ભમ્ ।
પૃચ્છ મનોહર હાર વિમલ જલ–
ધારમમું કુચકુમ્ભમ્ ॥ મુગ્ધે–૫ ॥

હે સખી રાધા, જો તને મારા કહેવામાં વિશ્વાસ ન બેસતો હોય તો આ કામદેવના તરંગોને આધીન થઈને કંપતા અને શ્રીકૃષ્ણ સાથેના તારા આલિંગનનું પહેલેથી સૂચન કરી દેતા જલધારા રૂપ મનોહર હારયુક્ત કુંભ જેવા તારા પયોધરને જ પૂછ. કે તે કેમ ફરકે છે? શ્રીકૃષ્ણના મિલનની ઈચ્છા છે માટે ત્યાં તું ચાલ. (૫)

અધિગતમખિલ સખીં ભિરિદં–
તવ વપુરપિ રતિરણ સજ્જમ્ ।
ચણ્ડિ રણિતરશનારવ ડિણ્ડિ
મમભિસસ્સરસમ લજ્જમ્ ॥ મુગ્ધે–૬ ॥

હે રસજ્ઞે, બધી સખીઓ એ વાત જાણી ગઈ છે કે તમારો દેહ રતિરૂપી સંગ્રામ માટે પ્રસ્તુત છે. માટે હવે લજ્જાનો ત્યાગ કરીને ઝાંઝરને રણઝણાવતી જલદી કૃષ્ણ પાસે ચાલ. (૬)

સ્મરશર સુભગ નખેન સખી–
મવલમ્બ્ય કરેણ સલીલમ્ ।
ચલવલયક્ણિ તેરવ બોધય,
હરિમપિ નિજ ગતિશીલમ્ ॥ મુગ્ધે–૭ ॥

હે કલ્યાણી, કામદેવના બાણ સમાન સુંદર નખવાળા હાથ વડે લીલાયુક્ત–હાવભાવ સહિત, સખીનો હાથ પકડીને ચાલ. તથા પગના ઝાંઝરને ઝણઝણાવતી, તારી ગતિને વધારી તું શ્રીકૃષ્ણને સૂચના આપ. (અર્થાત્ તારા આગમનનો સંકેત આપ.) (૭)

શ્રી જયદેવ ભણિતમ ધરી
કૃતહાર મુદા સિતવામમ્ ।
હરિ વિનિહિત મન સામધિ
તિષ્ઠતુકણ્ઠ તટીમ વિરામમ્ ॥ મુગ્ધે–૮ ॥

જયદેવ કવિ દ્વારા રચિત આ અષ્ટપદી ગીત મણિઓની માળાનો તિરસ્કાર કરવાવાળું તથા યુવતીઓને ઉદાસીન બનાવવાવાળું હરિ–સેવકોનાં કંઠમાં વસો. (૮)

શ્રી ગીત ગોવિંદના અગિયારમા સર્ગમાં વીસમી અષ્ટપદી–ગીત સમાપ્ત.

*

અક્ષ્ણોર્નિક્ષિપ કજ્જલં શ્રવણ,
યોસ્તા પિચ્છ ગુચ્છાવલીં ।
મૂર્ધ્નિ શ્યામ સરોજ દામ કુચયોઃ
કસ્તૂરિકા પત્રકમ્ ॥
ધૂર્તાનામભિસાર સત્વર હૃદાં–
વિશ્વક્નિકુઞ્જે સખિ ।
ધ્વાન્તં નીલ નીચોલ ચારુ સુદૃશાં–
પ્રત્યઙ્ગ માલીઙ્ગતિ ॥ ૨ ॥

નેત્રમાં કાજળ નાખતું એવું, કાનમાં તમાલ–પત્રના ગુચ્છની શ્રેણી નાખતું, મસ્તકમાં શ્યામ માળા નાખતું તથા કાળાં જુલ્ફાં જેવું આ અંધારું છે. હે સખી, ધૂર્તનાયક પાસે અભિસાર કરવામાં ઉતાવળા હૃદયવાળી સ્ત્રીઓને આ લતાગૃહમાં ચારે તરફથી અંગે અંગને આલિંગન કરે છે. (૩)

કાશ્મીર ગૌર વપુષાચભિસારીકાણા
ભાવદ્ધરેણ મભિતો મણી મઞ્જરીભિઃ ।
એતત્તમાલદલનીલતમં તમિસ્રં
તત્પ્રેમ હેમનીકપોપલતાં તનોતિ ॥ ૩ ॥

જેનું શરીર કેસર સમાન ગૌર છે એવી અભિસારિકાઓની ચારે તરફની કાંતિ રૂપી મંજરીઓ વડે જેમાં રેખાઓ બંધાઈ ગઈ છે એવું અને તમાલપત્ર સરખું અતિશય કાળું અંધારું તે શ્રીકૃષ્ણના પ્રેમ–રૂપી સુવર્ણની કસોટીવાળા (સુવર્ણની કસોટીના કાળા પથ્થર પર સોનાની રેખાઓ શોભતી હોય તેમ કાળા

---

[1] ઈદાનીં સખી કૃષ્ણસ્ય સ્નેહાતિશયમાહ

અંધકારમાં ચાલી જતી અભિસારિકાઓની ગૌર કાંતિ શોભે છે) પથ્થરપણાનો ખ્યાલ આપે છે. તે સરખું શોભે છે.

હારાવલી તરલ કાઞ્ચન કાઞ્ચીદામ–
કેયૂર કઙ્કણ મણિદ્યુતિ દીપિતસ્ય ।
દ્વારે નિકુઞ્જ નિલયસ્ય હરિંનિરીક્ષ્ય–
વ્રીડાવતીમથ સખી નિજગાદ રાધામ્ ॥૪॥

કંઠમાં હારવાળી, કટિમાં ચંચળ એવી સોનાની કટિમેખલા, પગમાં નૂપુર અને હાથમાં કંકણ વગેરે આભૂષણોમાં જડેલાં મણિઓની કાંતિ વડે પ્રકાશિત થયેલાં નિકુંજરૂપી વિલાસ ભવનના દ્વારમાં શ્રી કૃષ્ણને જોઈને લજ્જા પામેલાં શ્રી રાધિકાને તેની સખી આ પ્રમાણે કહે છે.

॥ સર્ગ–૧૧ની અષ્ટપદી એકવીસ–ગીત ॥
(વરાડી રાગ–અંઠ તાલ)

મઞ્જુતરં કુઞ્જતલ કેલિસદને ।
વિલસ રતિ રભ સહસિત વદને ॥
પ્રવિશ રાધે ! માધવ સમીપમિહ ॥ ધ્રુવ–૧ ॥

હે રાધિકા, શ્રીકૃષ્ણની સમીપ આ કુંજગૃહમાં પ્રવેશ કરો. પ્રવેશ કરીને રતિના વેગે કરીને હસતા મુખવાળી હે સખી, અતિ મનોહર કુંજરૂપી કેલિ ગૃહમાં વિલાસ કરો. (૧)

નવભવ દશોકદલશયન સારે
વિલસ કુચ કલશ તરલહારે ॥ પ્રવિશ–૨ ॥

જેના કુચરૂપી કલશ ઉપર હાર ચલાયમાન થઈ રહ્યો છે એવા હે સખી, જેમાં નવાં ઉત્પન્ન થતાં આશોપાલવના પત્રની શ્રેષ્ઠ શય્યા રચેલી છે એવાં કેલિગૃહમા વિલાસ કરો. (૨)

કુસુમ ચય રચિત શુચિવાસ ગેહે ।
વિલસ કુસુમ સુકુમાર દેહે ॥ પ્રવિશ–૩ ॥

પુષ્પથી પણ અતિ કોમળ દેહવાળાં હે રાધિકા, જે નિકુંજમાં પુષ્પના સમૂહ વડે શૃંગારને રહેવા સારુ ગૃહની રચના કરી છે એવા કેલિગૃહમાં વિલાસ કરો. (૩)

ચલમલય પવન સુરભિ શીતે ।
વિલસ રસવલિ તલલિત ગીતે ॥ પ્રવિશ–૪ ॥

રતિ રસમાં યોગ્ય એવું સુંદર જેનું ગીત છે. એવી હે સખી, મંદ મંદ ગતિ કરતા મલયાચલના વનના પવનથી સુગંધયુક્ત અને શીતળ એવા આ વિલાસગૃહમાં પધારો.

વિતત બહુવલ્લિ નવપલ્લવ ઘને ।
વિલસચિરમિલિત પીન જ ઘને ॥ પ્રવિશ–૫ ॥

હે પુષ્ટ અને આકુંચિત સાથળોવાળી રાધા, ચારે બાજુ ફેલાયેલી અનેક વેલોના પાનથી છવાયેલી કુંજમાં પ્રવેશ કર અને શ્રીકૃષ્ણની પાસે જઈ તેમની સાથે વિહાર કર. (૫)

મધુમુદિત મધુપકુલ કલિ તરાવે ।
વિલસ મદન રભસર રસ ભાવે ॥ ૬ ॥

કામના આવેગને લીધે ક્રીડા માટે ઉત્સુક થયેલી હે રાધા, પુષ્પોનો મધુરસ પીવા માટે એકઠા થયેલા ભમરાઓના ગુંજનથી શબ્દાયિત કુંજભવનમાં પ્રવેશ અને શ્રીકૃષ્ણની પાસે જઈને વિલાસ કર. (૬)

મધુરત રપિ કનિકર નિનદ મુખ રે ।
વિલસ દશન રુચિર શિખરે ॥ પ્રવિશ–૭ ॥

સુંદર દંતપ્રભાથી શોભિત મણિવાળી રાધિકા, વસંતઋતુના કારણે ચંચળ કોકિલાઓના કૂજનથી શબ્દાયમાન કુંજભવનમાં પ્રવેશ અને શ્રીકૃષ્ણ પાસે જઈને તેમની સાથે વિહાર કર. (૭)

વિહિત પદ્માવતી સુખ સમાજે ।
કુરુમુરારે મઙ્ગલ શતાનિ
ભણતિ જયદેવ કવિરાજે ॥ પ્રવિશ–૮ ॥

હે મુરારી, પદ્માવતી (કવિ જયદેવનાં પત્ની)ને માટે સુખનું નિર્માણ કરતાં અને સાથે સાથે આપના ગુણોનું ગાન પણ ગાતા કવિરાજ શ્રી જયદેવનું અનેક મંગળ કરો. (૮)

ગીત ગોવિંદ અગિયાર સર્ગ એકવીસમી અષ્ટપદી
ગીત સમાપ્ત

*

ત્વાં ચિત્તેન ચિર વહન્નયમતિ–
શ્રાન્તો ભૃશં તાપિત: ।
કન્દર્પેણ ચ પાતુમિચ્છતિ સુધા–
સમ્બાધ બિમ્બાધરમ્ ॥
અસ્યાકં તદલઙ્કુરુ ક્ષણમિહ–
ભ્રૂક્ષેપ લક્ષ્મ્યાસ્તવ ।
ક્રીતે દાસ ઈવોપસેવિતપદા–
મ્ભોજે કૃત: સમ્ભ્રમ: ॥ ૧ ॥

હે રાધિકા, આપને દીર્ઘકાળ સુધી ચિત્તમાં ધારણ કરવાથી અત્યંત થાકેલા કામદેવથી સતાવતા, શ્રીકૃષ્ણ આપના સુધારસથી પરિતૃપ્ત થવા ઘણા તૃષાવાન છે. જેથી અમૃત સરખા તમારા બિંબાધરનું પાન કરવા ઈચ્છા કરે છે. માટે એક ક્ષણ માત્ર પણ એમના અંકને શોભાયુક્ત કરો. અને જો તેમ કહેતાં હો તો હે સખી, ભ્રૂકુટિના હલનચલનના જરા સરખા ઈશારા માત્રથી જ નવા રાખેલા નોકરના જેવાં તમારાં ચરણકમલોની સેવા કરવાવાળા તે શ્રીકૃષ્ણની બાબતમાં હવે લજ્જા શાની ?

સા સસાધ્વ સ સાનન્દં ગોવિન્દે–
લોલ વિલોચના ।
સિઞ્જાના મણિ મઞ્જીરમ્
પ્રવિવેશ નિવેશનમ્ ॥ ૨ ॥

શ્રીકૃષ્ણને વિશે જેનાં ચંચળ નેત્ર છે. એવા રાધિકા, ભય સહિત અને આનંદ સહિત અને જેમનાં નૂપુર ઝણઝણી રહ્યાં છે એવી રીતે કુંજગૃહમાં પ્રવેશ કરે છે. (હવે શ્રીકૃષ્ણને તેમનાં દર્શન વડે થયેલા વિચારનું વર્ણન કરે છે.)

*

॥ સર્ગ–૧૧ અષ્ટપદી બાવીસ–ગીત ॥
(વૈરાડી રાગ–યતિ તાલ)

રાધા વદન વિલોક નવિ કસિત,
વિવિધ વિકાર વિભઙ્ગમ્ ।
જલનિધિમિવ વિધુ મણ્ડલ દર્શન–
તરલિતતુઙ્ગ તરઙ્ગમ્ ॥
હરિમેક રસં ચિરમભિલષિત વિલાસમ્ ।
આ દદર્શ ગુરુ હર્ષ વશં વદ
વદન મનઙ્ગ નિવાસમ્ ॥ ધ્રુવ–૧ ॥

પરિપૂર્ણ ચંદ્રમંડળનો ઉદય થતાં ચંચળ અને ઊંચા ઊછળતા તરંગોવાળા સમુદ્રના જેવા રાધિકાના મુખચન્દ્રનાં દર્શન થતાં આહ્લાદ આદિ વિવિધ પ્રકારના શૃંગાર રસના ભાવોથી યુક્ત અને કેવળ રાધિકામાં જ પ્રીતિ રાખવાવાળા, રાધિકાની સાથે વિહાર કરવાની ઈચ્છાવાળા, અતિશય આનંદિત અને કામદેવના ભાવો વડે પરિપૂર્ણ મુખવાળા શ્રીકૃષ્ણ· ચંદ્રને રાધિકાએ ઘણા લાંબા સમયે જોયા. (૧)

હરિમમલતરતાર મુરસિ,
દધતં પરિરભ્ય વિદૂરમ્ ।
સ્ફુટ તરફેન કદમ્બકરમ્બિત,
મિવ યમુનાજલ પૂરમ્ ॥ હરિ–૨ ॥

રાધિકાએ નિતાંત શ્વેત મોજાંઓનાં સમૂહ મિશ્રિત યમુના જળના પ્રવાહ સમાન અત્યંત શુભ્ર તથા લાંબા હારને ધારણ કરેલા શ્રીકૃષ્ણને જોયા. (૨)

શ્યામલ મૃદુલ કલેવર મણ્ડલ,
મધિગત ગૌર દુકૂલમ્ ।
નીલનલિનમિવ પીતપરાગ–
પટલભરવલયિતમૂલમ્ ॥ હરિ–૩ ॥

હે રાધા, જેનું શરીર મંડળ શ્યામ છે અને તે ઉપર જેમણે પીતાંબર ધારણ કર્યું છે તે પીળા પરાગના (પુષ્પરજ) સમૂહ વડે વિંટાયેલા મુખવાળું જાણે શ્યામ કમળ ન હોય ! એવા શ્રીકૃષ્ણ શોભે છે. (૩)

તરલ દગઞ્ચલ ચલન મનોહર,
મદન જનિત રતિ રાગમ્ ।
સ્ફુટ કમલોદર ખેલિત ખઞ્જન
યુગ મિવ શરદિ તડાગમ્ ॥ હરિ-૪ ॥

ચપળ દૃષ્ટિના ચંચળપણાએ મનોહર એવા મુખરૂપી કમળ વડે જેણે રતિરંગ ઉત્પન્ન કરેલ છે. તે ઊઘડેલા કમળના મધ્ય ભાગમાં ખંજન પક્ષીનું જોડું રમતું હોય તેવા શરદ ઋતુમાં શોભતું તળાવ ન હોય! એવા એ કૃષ્ણ શોભે છે. (૪)

વદન કમલ પરિશીલન મીલિત-
મિહિરસ કુણ્ડલ શોભમ્ ।
સ્મિત તરુ ચિરુ ચિર સમુલ્લ-
સિતાધર પલ્લવ કૃત રતિ
લોભમ્ ॥ હરિ-૫ ॥

મુખરૂપી કમળનો પ્રકાશ કરવા માટે બે તરફ બે સૂર્ય સરખાં બે કુંડળ જેને શોભે છે. સ્મિતના પ્રકાશરૂપી પુષ્પ વડે શોભાયમાન એવા અધરપલ્લવ વડે જેણે રતિને લોભ ઉત્પન્ન કરાવેલ છે તે કૃષ્ણને જો. (૫)

શશિકિરણચ્છુરિતોદર જલધર
સુન્દર કુસુમ સુકેશમ્ ।
તિમિરોદિત વિધુ મણ્ડલ નિર્મલ-
મલયજ તિલક નિદેશમ્ ॥ હરિ-૬ ॥

ચંદ્રનાં કિરણોથી વ્યાપ્ત મેઘ સરખા એવા કેશ છે. અંધારામાં ઊગેલા ચંદ્રમંડળ સરખું જેણે નિર્મળ મલય ચંદનનું તિલક કરેલું છે. એવા શ્રી કૃષ્ણનું દર્શન કર. (૬)

વિપુલ પુલક ભર દન્તુરિતં-
રતિકેલિ કલાભિરધીરમ ।
મણિગણ કિરણ સમૂહ સમુજ્જવલ
ભૂષણ સુભગ શરીરમ્ ॥ હરિ-૭ ॥

અત્યંત રોમાંચિત શરીરવાળા, સુંદર દાંતવાળા, કામક્રીડાની કલા માટે અધીરા અને મણિઓનાં કિરણોથી પ્રકાશિત શરીરવાળા, રાધિકા સાથે પ્રીતિ રાખવાવાળા, વિહાર કરવાની ઈચ્છાવાળા અતિશય આનંદિત મુખવાળા શ્રીકૃષ્ણને રાધિકાએ લાંબા સમયે જોયા. (૭)

શ્રી જયદેવ ભણિત વિભવેન-
દ્વિગુણીકૃત ભૂષણ ભારમ્ ।
પ્રણમતહૃદિ વિનિધાય હરિં
ભવજલ સુકૃતોદય સારમ્ ॥ હરિ-૮ ॥

શ્રી જયદેવ કવિના વાણીવૈભવના પ્રભાવથી જેમનાં આભૂષણોનો ભાર બમણો થઈ ગયો. અને ભવસાગરમાં તણાતા જીવોને પૂર્વ જન્મોનાં પુણ્ય પ્રકટ થતાં જે નૌકારૂપ છે તે શ્રીકૃષ્ણને હૃદયમાં ધારણ કરીને પ્રણામ કરો. (૮)

ગીત ગોવિંદ સર્ગ અગિયાર – અષ્ટપદી – ગીત
બાવીસ સમાપ્ત

*

અતિક્રમ્માપાઙ્ગં શ્રવણ પથ
પર્યન્ત ગમન ।
પ્રયાસે નેવાક્ષ્ણો સ્તરલ
તરતારં પતિત યોઃ ।
ઇદાનીં રાધાયાઃ પ્રિમતમ
સમા લોક સમયે ।
પપાત સ્વેદામ્બુપ્રસર ઇવ
હર્ષાશ્રુ નિકરઃ ॥ ૧ ॥

પ્યારા શ્રીકૃષ્ણના દર્શન વખતે રાધાનાં નેત્રો પોતાના પ્રદેશથી અતિક્રમણ કરીને કાન સુધી ચાલ્યાં ગયાં. જાણે તેમના શ્રમ વડે થયેલ પસીના સમાન (આનંદના કારણે) હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. (૧)

ભજન્ત્યા સ્તલ્પાન્તં
કૃત કપટ કણ્ડૂ તિપિહિત ।
સ્મિતે યાતે ગેહાદ્બહિરવ
તાલી પરિજને ॥
પ્રિયાસં પશ્યન્ત્યાઃ સ્મરશર
વશા કૃત સુભગં ।

સલજ્જા યા લજ્જા વ્યગમદિવ
દૂરં મૃગદૃશઃ ॥ ૨ ॥

કાન વગેરે ખંજવાળવાના બહાને (મોં પર આવેલા) હાસ્યને છુપાવતું સખીવૃંદ કુંજભવનની બહાર નીકળી જતાં કામદેવનાં બાણોને વશ થઈ ગયેલા શ્રીકૃષ્ણના મુખારવિંદને નિહાળતી શય્યામાં આરૂઢ થયેલ રાધિકાની લજ્જા પણ લજ્જિત બનીને દૂર જતી રહી. (૨)

જયશ્રી વિન્યસ્તૈર્મહિત ઇવ
મન્દાર કુસુમૈઃ ।
સ્વયં સિન્દૂરણ દ્વિપરણ
મુદા મુદ્રિત ઇવ ॥
ભુજા પીડ ક્રીડાહતા કુવલ
યા પીડ કરિણઃ ।
પ્રકીર્ણા સૃગ્વિન્દુર્જયતિ
ભુજ દણ્ડો મુરજિત ॥ ૩ ॥

યુદ્ધની ક્રીડાઓ કરીને મરાયેલા કુવલયાપીડ હાથીથી ઊડેલા અને ચોંટેલા લોહીના બિંદુવાળો શ્રી કૃષ્ણનો ભુજદંડ તે જયશ્રીએ ચઢાવેલા મંદારના પુષ્પોથી જાણે પૂજિત ન હોય! તથા હાથીની સાથે યુદ્ધ કરવામાં ઉત્સાહયુક્ત થઈને પોતાની મેળે જયની પ્રસિદ્ધિ કરવા માટે સિંદુરે કરીને મુદ્રિત ન થયો હોય! એવો મુરારીનો બાહુ દંડ તમારું કલ્યાણ કરો. (૩)

સૌન્દર્યૈકનિધેર નઙ્ગલલના-
લાવણ્ય લીલાયુષો ।
રાધાયા હૃદિ પલ્વલે મનસિજ-
ક્રીડૈં કરઙ્ગસ્થલે ॥
રમ્યો રોજ યુગે હિ ખેલ નરસિ-
ત્વાદાત્મનઃ ખ્યાપયમ્ ।
ધ્યાતુઃ માનસ રાજહંસ નિભતાં-
દેયાન્મુકુન્દો મુદમ્ ॥ ૪ ॥

સૌંદર્યની એક માત્ર નિધિ, રતિની મનોહર લીલાઓને ધારણ કરવાવાળા, કામદેવની ક્રીડા-રંગ-સ્થળ સમાન, રાધાના સુંદર ઉરજની સાથે ખેલવામાં પોતાને પ્રસિદ્ધ કરવાવાળા, ધ્યાન કરવાવાળાઓને માટે માનસરોવરના રાજહંસો સમાન ભગવાન મુકુંદ (શ્રીકૃષ્ણ) આનંદકારી થાવ. (૪)

ઇતિ શ્રી જયદેવ કવિરાજ કૃત ગીતગોવિંદ કાવ્યમાં
"અભિસારિકા વર્ણનમાં સાનંદ ગોવિંદ"
નામનો અગિયારમો સર્ગ
સમાપ્ત

*

॥ ગીતગોવિંદ-દ્વાદશઃ સર્ગઃ ॥

। સુપ્રીત પીતામ્બર ।

[કુંજગૃહમાંથી સખીઓ ચાલી ગઈ. ભગવાન કૃષ્ણે પછી રાધિકાને ધીમે ધીમે રિઝાવી ક્રીડા કરે છે. રસની હેલીમાં રાધાનો શણગાર અસ્તવ્યસ્ત થઈ જાય છે. એની વેણી છૂટી પડી જાય છે. તેને ફરીથી સજ કરવા માટે રાધિકા-ભગવાનને કહે છે. તેથી શ્રીકૃષ્ણ રાધાની વેણી ગૂંથી શણગાર સજાવી મનોરથ પૂર્ણ કરે છે. આ સર્ગમાં તેવીશ અને ચોવીશ એમ બે અષ્ટપદી છે.

ગતવતિ સખીવૃન્દેઽમન્દ-
ત્રપાભર નિર્ભરે ।
સ્મરશરવશાકૂતસ્ફીત-
સ્મિત સ્નપિતા ધરામ્ ॥
સરસ મનસંદૃષ્ટ્વા રાધાં
મુહુર્નવપલ્લવ ।
પ્રસવ શયને વિક્ષિપ્તાક્ષી-
મુવાચ હરિઃ પ્રિયામ્ ॥૧॥

હવે સખીઓનું ટોળું કુંજ ભવનની બહાર જતાં રહેતાં અતિશય લજ્જાના ભારથી અને કામદેવનાં બાણો વડે વશીભૂત થતાં વધેલા સ્મિતયુક્ત અધરવાળી, અને તાજાં તાજાં પલ્લવો અને પુષ્પોથી બિછાવેલી શય્યા ઉપર નયનો ઢાળી નિહાળી રહેલી તે અનુરાગિની રાધિકાને જોઈને શ્રીકૃષ્ણ આમ બોલ્યા. (૧)

॥ બારમો સર્ગઃ અષ્ટપદી–ગીત–૨૩ ॥
(બિભાસ–રાગ–એકતાલિ તાલ)

કિસલય શયનતલે કુરુ કામિની–
ચરણનલિન વિનિવેશમ્ ।
તવપદ પલ્લવ વૈરિપરાભવમ્
ઈદમનુ ભવતુ સુવેશમ્ ॥ ધ્રુવ–૧ ॥

હે રાધા, આ અતિ કોમળ પલ્લવની શય્યા પર તારા ચરણારવિંદને રાખ. અને તારા શત્રુ સમી આ સરસ સજાવેલી શય્યાને ચગદી નાખી તેનો પરાભવ કર. હે માનિની, થોડીક વાર માટે તો તને આધીન એવા મને અનુકૂળ થા. (૧)

કર કમલેન કરોમિ ચરણમહ–
ભાગમિતાસિ વિદૂરમ્ ।
ક્ષણમુખ કુરુ શયનોપરિ ભામિવ–
નૂપુરમનુગતિ શૂરમ્ ॥ ક્ષણ મધુના–૨ ॥

હે રાધા, તું તો મારા માટે ઘણે દૂરથી આવી પહોંચી છું. માટે મારા કમળ જેવા સુંવાળા હાથ વડે લાવ તારા પગ ચાંપું. અને શય્યા પર આરૂઢ થઈને મારી માફક આ તારી સાથે સાથે આવેલાં શૂરવીર નૂપુરો ઉપર પણ ઉપકાર કર. અર્થાત્ જેવી રીતે આલિંગન વગેરેથી મારી ઉપર ઉપકાર કરે છે, તેવી રીતે આ નૂપુરોને પણ શય્યા પર રાખીને તેમનો પણ ઉપકાર કર. હે રાધિકા, થોડીક વાર માટે તો તને આધીન એવા મને (શ્રીકૃષ્ણને) અનુકૂળ બન. (૨)

વદન સુધાનિધિ ગલિતમમૃતમિવ
રચય વચન મનુકૂલમ્ ॥
વિરહમિવાપન યામિ પયોધર–
રોધક મુરસિદુકૂલમ ॥ ક્ષણમધુના–૩ ॥

હે રાધા, ચંદ્ર સમાન તારા મુખમાંથી અમૃત તુલ્ય વાકય બોલો, તથા વિરહની શાંતિ અર્થે હું તમારા ઉરજ ઉપરથી વસ્ત્ર દૂર કરું છું. (૩)

પ્રિયપરિરમ્ભણ–રભસ,
વલિતમિવ પુલકિતમન્ય દુરાપમ્ ।
મદુરસિ કુચકલશં વિનિવેશય,
શોષય મનસિજ તાપમ્ ॥ ક્ષણમધુના–૪ ॥

હે રાધા, પ્રિયના આલિંગન માટે શીઘ્રતાથી રોમાંચિત તથા અન્યને દુષ્પ્રાપ્ય કલશ સમાન આ પયોધરને મારા વક્ષઃસ્થળ પર ધરો. અને મારી કામ પીડા દૂર કરો. (૪)

અધર સુધા રસ મુપનય ભામિનિ –
જીવન મૃતમિવ દાસમ્ ।
ત્વયિ વિનિહિત મનસં
વિરહાનલ દગ્ધ વપુષમ વિલાસમ્ ॥
॥ ક્ષણમધુના–૫ ॥

હે ભામિની, તમારા ઉપર અનુરકત હૃદયવાળા, વિરહ જ્વાળાથી દાઝેલા મૃત તુલ્ય આ સેવકને આપનાં અધરરૂપી અમૃતપાનથી જીવનદાન આપો. (૫)

શશિમુખિ ! મુખરય મણિરશના
ગુણમનુગુણ કણ્ઠ નિનાદમ્ ।
મમશ્રુતિ યુગલે પિકરવ વિકલે
શમય ચિરાદવ સાદમ ॥ ક્ષણ મધુના–૬ ॥

હે ચંદ્રમુખી, તમારી મણિમય કરિમેખલાના મધુરગાનના શબ્દો બજાવી તથા કોયલનાં ગીતોથી વ્યથિત થયેલ મારા કાનોની પીડાને દૂર કરો. (૬)

મામતિ વિફલરુષા વિફલીકૃત
મવલોકિતુ મધુનેદમ્ ।
મીલિત લજ્જિતમિવ નયનં
તવ વિરમ વિસૃજરતિખેદમ્ ॥ ક્ષણ મધુના–૭ ॥

હે પ્રિય, નકામા રોષના કારણે અત્યંત ઉદ્વિગ્ન તમારાં આ નેત્રો મને જોવાને માટે લજ્જાયુક્ત થઈ રહ્યાં છે, એથી વિશ્રામ કરો. શા માટે રતિના ખેદને વધારી રહ્યાં છો ? (૭)

શ્રી જયદેવ ભણિત મિદ મનુપદ–
નિગદિત મધુરિપુ મોદમ્ ।
જનયતુ રસિકજનેષુ મનોરમ–
રતિરસભાવ વિનોદમ્ ॥ ક્ષણ મધુના–૮ ॥

શ્રી જયદેવ કવિ દ્વારા રચિત આ ગીત કે જેમાં પદે પદે શ્રીકૃષ્ણના આનંદનું વર્ણન છે. રસજ્ઞોને માટે રસભાવ ઉત્પન્ન થાવ. (૮)

ઈતિશ્રી ગીતગોવિદના બારમા સર્ગની
ત્રેવીસમી અષ્ટપદી–ગીત સમાપ્ત

*

॥ ઈદાનીં સુરતારમ્ભં નિરુપયતિ ॥
હવે સુરતારંભનું નિરૂપણ કરે છે–

પ્રત્યૂહઃ પુલકાન્તરેણ નિબિડા–
શ્લેષે નિમેષેણ ચ ।
ક્રીડાકૂત વિલોકિતેઽધર
સુધાપાને કથાનર્મભિઃ ।
આનન્દાભિગમેન મન્મથકલા–
યુદ્ધેઽપિ યસ્મિન્નભૂ–
દુદ્ભૂતઃ તયોર્બભૂવ
સુતારમ્ભઃ પ્રિયં ભાવુકઃ ॥૧॥

જ્યારે રાધા તથા કૃષ્ણની પરમ રસમય ક્રીડાનો પ્રારંભ થયો ત્યારે તે વખતે પ્રગાઢ આલિગનના સમયે રોમાંચ બૂરો લાગતો હતો. ક્રીડાના અભિપ્રાય પ્રમાણે એક પલક પણ જવા દેવી વિઘ્નભૂત લાગતી હતી. કેલિકથા પણ અધરપાન કરતી વખતે કષ્ટદાયિની પ્રતીત થઈ. રાધા અને કૃષ્ણના તે સુરત સંગ્રામમાં અનેક પ્રકારનો આનંદ ઉત્પન્ન થયો. (૧)

આ હકીકતને કવિ વિપરીત રીતે રજૂ કરે છે.

દોર્ભ્યાં સંયમિતઃ પયોધર ભરેણા
પીડિતઃ પાણિજૈ– ।
રાવિદ્ધો દશનૈઃ ક્ષતાધર પુટઃ
શ્રોણી તટે નાહતઃ ॥
હસ્તેનાનમિતઃ કચેટધરમધુ–
સ્યન્દેન સંમ્મોહિતઃ ।
કાન્તઃ કામપિતૃપ્તિ માપતદહો
કામસ્ય વામાગતિઃ ॥૨॥

રાધાના હાથોથી બંધાયેલ, અને ઉરજના ભારથી દબાયેલા, કટિથી પ્રતાડિત, વાળને હાથોથી ખેંચીને નમાવેલા, અધરપાનથી વિકલિત, આ પ્રકારની કષ્ટપ્રદ અવસ્થાઓ પ્રાપ્ત થવા છતાં પણ રતિ–ક્રીડામાં શ્રી કૃષ્ણને અવર્ણનીય સંતુષ્ટિ થઈ. અહો, કામદેવની ગતિ પણ કુટિલ જ છે ! (૨)

મારાં કે રતિકેલિ સંકુલ રણારમ્ભે
તયા સાહસ–
પ્રાયઃ કાન્ત જયાયકિઞ્ચિ દુપરિ–
પ્રારંભિયત્સં ભ્રમાત્ ॥
નિષ્પન્દા જ ઘન સ્થલી શિથિલિતા–
દોર્વલ્લિ રુત્કમ્પિતમ્ ।
વક્ષો મીલિતમક્ષિ પૌરુષરસં–
સ્ત્રીણાં કુતઃ સિદ્ધયતિ ॥૩॥

રાધા અને કૃષ્ણની વચ્ચે રતિ–કેલિ યુદ્ધ પ્રારંભ થતાં રાધાએ પતિ પર વિજય પ્રાપ્ત કરવાને માટે સાહસથી થોડા સમય સુધી વક્ષઃસ્થલ ઉપર સંભ્રમપૂર્વક રતિ કરી. પરંતુ શીઘ્ર તેની જાંગ સ્તબ્ધ થઈ ગઈ. હાથ શિથિલ થઈ ગયા. છાતી ધડકવા લાગી. તથા નેત્રો ઢીલાં થઈ નમવા લાગ્યાં. ખરેખર સત્ય જ છે. સ્ત્રીઓમાં પૌરુષેય ક્યાંથી આવી શકે ?

તસ્યાઃ પાટલ પાણિજાંકિતમુરો
ટનિદ્રાકષાયે દશૌ ।
નિર્ધૂતાધર શોણિમા વિલુલિત–
સ્ત્રસ્તસ્ત્રજો મૂર્ધજાઃ ॥
કાઞ્ચ્યૂચ દામદર શ્લથાઞ્ચલમિતિ–
પ્રાતર્નિખાતૈ દશો ।
શ્રેભિઃ કામશરૈસ્તદદ્ભૂત મહો
પત્યુર્મનઃ કીલિતમ્ ॥૪॥

રાધાના ગુલાબી નખો વડે ચિહ્નિત વક્ષઃસ્થળ, રાત્રિના જાગરણથી થયેલ લાલ લાલ આંખો, લાલીમા વગરના હોઠ, વિંખરાયેલો માળાયુક્ત કેશકલાપ, કટિની કટિમેખલાની સમીપના ખુલ્લા થયેલ વસ્ત્ર જોઈને સવારે શ્રીકૃષ્ણનું ચિત્ત કામદેવનાં બાણોથી વિંધાઈ ગયું. (૪)

ત્વામ પ્રાપ્ય મયિ સ્વયંવર પરાં–
ક્ષીરોદતી રોદરે ।
શંકે સુન્દરિ કાલકૂટમપિ
વન્મૂઢો મૃડાનીપતિઃ ॥
ઈત્થં પૂર્વકથાભિરન્યમનસો –
વિક્ષિપ્ય વામાઞ્ચલમ્ ।
રાધાયાઃ સ્તનકોરકોપરિ
લસન્નેત્રો હરિઃ પાતુ વઃ ॥૫॥

હે મુરારિ, હું અનુમાન કરું છું કે, ક્ષીર સાગરના તીર પર સ્વયંવરમાં મને જ વરવાની ઈચ્છાવાળી એવી તને ન મેળવતાં મહાદેવજીએ વિષપાન કર્યું હશે ! એમ મને લાગે છે. આ રીતે પોતાના પૂર્વજન્મની કથામાં જેનું મન વાળેલું છે તેવાં (લક્ષ્મી–રાધિકા) રાધિકાનો પાલવ ખેંચીને તેમના પયોધરના અગ્રભાગને નીરખતા એવા શ્રીકૃષ્ણ તમારી રક્ષા કરો. (૫)

વ્યાલોલઃ કેશપાશસ્તરલિત
મલકૈઃ સ્વેદલોલૌ કપોલૌ ।
સ્પષ્ટા દષ્ટાધરશ્રીઃ કુચકલશ
રુચા હારિતા હારયષ્ટિઃ ॥
કાઞ્ચી કાઞ્ચિદ્ગતાશાં સ્તનજઘન
પદં પાણિનાચ્છાદ્ય સદ્યઃ ।
પશ્યન્તી ચાત્મરુપંતદપિ વિલુલિત
સ્રગ્ધરેય ધિનોતિ ॥૬॥

જેમના વાળનો અંબોડો વિંખાઈ ગયો છે. વાળની લટો આમતેમ ફરકયા કરે છે. પરસેવાનાં બુંદોથી ગાલ ભીના થયેલા છે. ચુંબન વડે હોઠની કાન્તિ સ્પષ્ટ તથા દંશિત થયેલી દેખાય છે. ઘડા સમાન પયોધરની શોભાથી મણિ મંડિત હારની શોભા હણાઈ ગઈ છે. કમર પરનું વસ્ત્ર એક તરફ પડ્યું છે. આવી દશા થઈ ગયેલી હોવા છતાં પોતાના હાથથી ઉરજ અને જઘન પ્રદેશને આચ્છાદિત કરતી રાધા પોતાનું કઢંગુ રૂપ જોતી ફૂલોની ચૂંથાઈ ગયેલી માળાને ધારણ કરેલી તે (રાધા) શ્રીકૃષ્ણનાં મનને આનંદકારિણી બનેલી જોવામાં આવી. (૬)

ઈષન્મીલિત દષ્ટિ મુગ્ધ હસિતં–
સીત્કાર ધારાવશાત્ ।
અવ્યકતા કુલ કેલિકાકુ વિકસદ્
દંતાંશુધોતા ધરમ્ ॥
શ્વાસોત્કમ્પિ પયોધરોપરિ–
પરિત્વઙ્ગાત્કુરઙ્ગો દશો ।
હર્ષોત્કર્ષ વિમુક્તનિઃ સહ તનો
ધંન્યો ધયત્યાનનમ્ ॥૭॥

શ્વાસોચ્છ્વાસ ઉત્પન્ન થવાથી થોડા ધડકતા પયોધરનું આલિંગન થતાં અત્યંત હર્ષના અતિરેકના કારણે શિથિલ શરીરવાળી મૃગનયનીનાં અર્ધ મિંચાયેલાં નયનો મધુર હાસ્ય અને ક્રીડા સમયે થતી સિત્કારની ધારાઓથી અવ્યક્ત અને વ્યાકુળતાથી ઉત્પન્ન થયેલા શબ્દોથી પ્રફુલ્લિત, દાંતોના કિરણોથી પ્રકાશિત અધરયુક્ત મુખનું ભાગ્યવાન જ પાન કરે છે. (૭)

અથ સા નિર્ગતા બાધા, રાધા સ્વાધીન ભર્તૃકા ।
નિજગાદ રતિકલાન્તં કાન્તં મણ્ડન વાંછયા ॥૮॥

હવે સુરતા–અંતે સ્વામીને વશ અને કામદેવની પીડાથી રહિત તે રાધા, કામના થાકથી ખિન્ન થયેલા વ્હાલાને પોતાને શણગાર સજાવવાની ઈચ્છાથી બોલી. (૮)

ઈતિ ચ સહસા પ્રીતં સુરતાન્તે
માનિતાતિ ખિન્નાઙ્ગી ।
રાધા જગાદ સાદરમિદમાનન્દેન
ગોવિન્દમ્ ॥૯॥

શ્રી કૃષ્ણની સંમાનિત અને કામક્રીડાના થાકથી લોથપોથ થઈ ગયેલી તે રાધાએ સુરતાન્તે આદર સહિત કામતૃપ્તિથી ખુશખુશાલ થઈ ગયેલા શ્રીકૃષ્ણને આનંદપૂર્વક જે કહ્યું તે બધું કવિ જયદેવ અષ્ટપદી–ગીતમાં કહે છે.

॥ ગીતગોવિંદ સર્ગ બાર,
અષ્ટપદી-ગીત ચોવીસ ॥
(રામકરી રાગ-રૂપક તાલ)

કુરુ યદુનન્દન ચન્દન શિશિર–
તરેણ કરેણ પયોધરે ।
મૃગમદ પત્રકમત્ર મનોભવ–
મઙ્ગલ કલશ સહોદરે ॥
નિજગાદ સા યદુનન્દને
ક્રીડતિ હૃદયાનન્દને ॥૧॥

ચિત્તને પ્રફુલ્લિત કરવાવાળા, શ્રીકૃષ્ણની સાથે ક્રીડા કરતી રાધાએ કહ્યુ : હે યદુનંદન, ચંદન સમાન શીતલ આપના હાથોથી કામદેવના મંગલ કલશ સમાન મારા સ્તનો ઉપર કસ્તૂરીથી ચિત્રાવલી પાડો. (૧)

અલિકુલ ગઞ્જન સંજનકં–
રતિનાયક સાયકમોચને ।
ત્વદધર ચુમ્બન લમ્બિત
કજ્જલ મુજ્જવલય પ્રિય લોચને ॥
॥ નિજગાદ–૨ ॥

હે પીતામ્બરધારી, કામબાણોને ફેંકતા અને ભમરાઓના સમૂહની શોભાનો પણ તિરસ્કાર કરતાં મારા નેત્રોમાં તમારા અધર દ્વારા થયેલા ચુંબનથી લુછાયેલી કાજળને મારી આંખો સ્વચ્છ કરીને ફરીથી કાજળ આંજો. (૨)

નયન કુરંગ તરંગ વિલાસ
નિરોધ કરે શ્રુતિમણ્ડલે ।
મનસિજ પાશ વિલાસ ધરે–
શુભવેષ નિવેશય કુણ્ડલે ॥
॥ નિજગાદ–૩ ॥

હે પ્રિય કૃષ્ણ, નેત્રરૂપી મૃગોનાં વિલાસને રોકવાવાળા મારા કાનોમાં કામદેવના પાશ સમાન કુંડળ પહેરાવો. (૩)

ભ્રમરચયં રચયન્તમુપરિ–
રુચિરં સુચિરં મમ સન્મુખે ।
જિતકમલે વિમલં પરિકર્મય–
નર્મજનક મલકં મુખે ॥ નિજગાદ–૪ ॥

હે મનોહર વેશધારી કૃષ્ણ, સુંદરતામાં કમલને પણ જીતવાવાળા મારા આ મુખ પર વિખરાયેલી ભ્રમર સમૂહની શોભા ઉત્પન્ન કરવાવાળી, કામોદ્દીપક મારી આ અલકાવલી (વાળ)ને તમારા હાથથી સારી રીતે ઠીક કરી ગૂંથો. (૪)

મૃગમદરસ વલિતં લલિતં કુરુ–
તિલક મલિક રજની કરે ।
વિહિત કલંક કલં કમલાનન–
વિશ્રમિત શ્રમ સીકરે ॥ નિજગાદ–૫ ॥

હે કમળનયન, સ્વેદબિંદુ વગરના, અર્ધચન્દ્ર સમાન મારા લલાટ પર ચંદ્રમાના કલંક સમાન કસ્તૂરીનું સુંદર તિલક કરો. (૫)

મમરુચિરે ચિકુરે કુરુમાનદ–
મનસિજધ્વજચામરે ।
રતિ ગલિતે લલિતે કુસુમાનિ–
શિખણ્ડિશિખણ્ડકડામરે ॥ નિજગાદ–૬ ॥

હે કૃષ્ણ, કામદેવની પતાકાના ફૂમતા જેવા રતિ સમયે ઢીલા પડી ગયેલા ને મયૂરપિચ્છ સમાન સુંદર અંબોડામાં કામદેવની ધજા, ચામર સમાન છે. તેમાં ફૂલ ગૂંથો. (૬)

સરસઘને જઘને મમ શમ્બર–
દારણ વારણ કન્દરે ।
મણિરશના વસના ભરણાનિ–
શુભાશય વાસયસુન્દરે ॥ નિજગાદ–૭ ॥

હે પ્રાણનાથ, મારા આ કામદેવરૂપી મદોન્મત્ત હાથીની ગુફા સ્વરૂપ સુંદર કટિની ઉપર આપ રત્નોનો કંદોરો અને વસ્ત્ર–આભૂષણ પહેરાવો. (૭)

શ્રી જયદેવ વચસિ શુભદે–
હૃદયં સદયં કુરુમણ્ડને ।
હરિચરણ સ્મરણામૃત નિર્મિત–
કલિકલુષ જ્વરખણ્ડને ॥૮॥

હે રાધિકા, શ્રીકૃષ્ણના ધ્યાનરૂપી અમૃતથી કલિયુગના પાપનાશક, કલ્યાણપ્રદ જયદેવ કવિ દ્વારા રચિત શુભપ્રદગીત તમારા અંતઃકરણમાં પરોવો. (૮)

શ્રી ગીતગોવિંદના બારમા સર્ગની ચોવીસમી
અષ્ટપદી–ગીત સમાપ્ત

રચય કુચયોપત્રં ચિત્રં કુરુષ્વ કપોલયો: ।
ઘટય જઘને કાઙ્ચી મઙ્ગ્યસ્રજા કવરી ભરમ્ ॥
કલયવલય શ્રેણીં પાણૌ પદે કુરુનૂપુરી ।
વિતિનિગદિત: પ્રીત: પીતામ્બરોऽપિત થાકરોત્ ॥૧॥

રાધિકાએ કહ્યું, "હે પ્રાણપ્રિય, મારા ઉરજ પત્રાવલીની રચના કરો. ગાલ ઉપર ચિત્ર દોરો. જઘન સ્થલ ઉપર કટિમેખલા પહેરાવો. પુષ્પોથી મારા કેશને ગૂંથો. હાથમાં કંકણ તથા પગમાં નૂપુર પહેરાવો." આ પ્રકારે રાધાએ જે જે કહ્યું તે તે પીતાંબરધારી કૃષ્ણે પણ હર્ષિત થઈને કર્યું. (૧)

પર્યઙ્કીકૃત નાગ નાયકફણા–
શ્રેણી મણીનાં ગણે ।
સંક્રાન્ત પ્રતિબિમ્બ સંકલનયા–
વિભ્રદ્વપુર્વિંક્રિયામ્ ॥
પાદામ્ભોરુહ ધારિવારિધિ
સુતામક્ષ્ણાંદિદૃ-ક્ષુ: શતૈ: ।
કાયવ્યૂહમિવાચરન્નુ
પચિતાકૂતો હરિ: પાતુવ: ॥૨॥

પલંગ જેવા શેષનાગની ફણાઓના મણિઓમાં પડેલા પ્રતિબિંબને લીધે અનેકરૂપ ધારણ કરેલા ચરણ-કમલોની સેવા કરતાં શ્રી લક્ષ્મીજીને હજારો નેત્રોથી નિરખવા માટે અનેક શરીર ધારણ કરતા ન હોય તેવા શ્રીકૃષ્ણ આપ સર્વનું મંગળ કરો. (૨)

યદ્ગાન્ધર્વકલાસુ કૌશલમનુ–
ધ્યાનં ચ યદ્વૈષ્ણવમ્ ।
યત્શૃંગાર વિવેકતત્વ રચના
કાવ્યેષુ લીલાયિતમ્ ॥
તત્સર્વં જયદેવપણ્ડિતકવે:
કૃષ્ણૈકતાનાત્મન: ।
સાનન્દા: પરિશોધયન્તુ સુધિય:
શ્રી ગીતગોવિન્દ ત: ॥૩॥

ગાયન વિદ્યામાં જે ચાતુર્ય છે. ભગવાન શ્રી કૃષ્ણમાં જેને તન્મયતા છે. અને કાવ્યશાસ્ત્રમાં શૃંગાર રસની રચનાઓમાં જે લાલિત્ય છે. તેવા સર્વનું શ્રીકૃષ્ણચંદ્રમાં એક ચિત્ત એવા શ્રી જયદેવ કવિના રચેલા 'ગીતગોવિંદ' કાવ્યમાંથી પંડિત વર્ગ આનંદ-પૂર્વક રહસ્યોની શોધ કરે. (૩)

સાધ્વી માધ્વીક ચિન્તા ન ભવતિ–
ભવત: શર્કરે કર્કશાસિ ।
દ્રાક્ષે દ્રક્ષ્યન્તિ કે ત્વા મમૃત
મૃતમસિ ક્ષીરનીરં રસસ્તે ॥
માકન્દ ક્રન્દ કાન્તાધર ધરણિતલં
ગચ્છ યચ્છાન્તિ ભાવમ્ ।
યાવચ્છૃંગાર સારસ્વતમિહ–
જયદેવસ્ય વિશ્વગ્વચાંસિ ॥૪॥

જયદેવ કવિ અભિમાનથી પોતાના કાવ્યની પ્રશંસા લખે છે, "આ પૃથ્વી પર જ્યાં સુધી શૃંગાર રસ મૂલક 'ગીતગોવિંદ' કાવ્ય અસ્તિત્વમાં છે, ત્યાં સુધી હે માધ્વિક, (હું મધુર છું) તારી ચિંતા વ્યર્થ છે. અર્થાત્ તારી મીઠાશ નિરર્થક છે. હે સાકર, તું એની તુલનામાં કઠોર પથ્થર જેવી છે. હે દ્રાક્ષ, તને જોશે પણ કોણ? અર્થાત્ કોઈ નહિ. હે અમૃત, તું એની સમક્ષ મૃત્યુ સમાન છે. હે ક્ષીર–(દૂધ), તું પણ પાણી સમાન જ બની ગયું છે. હે આમ્ર, તું તો રડયા જ કર. હે મનોરમા નાયિકાના અધરો તમે પાતાળમાં ચાલ્યા જાવ. અર્થાત્ મારા કાવ્ય-રસની તુલનામાં ઉપર્યુક્ત બધી વસ્તુઓ । નીરસ છે. (૪)

શ્રી ભોજદેવ પ્રભવસ્ય રામા ।
દેવી સુતશ્રી જયદેવ કસ્ય ॥
પરાશરાદિ પ્રિયવર્ગ કણ્ઠે ।
શ્રી ગીતગોવિન્દ કવિત્વમસ્તુ ॥૫॥

શ્રી ભોજદેવ અને શ્રી રામા (રાધા) દેવીના પુત્ર શ્રી જયદેવ કવિની આ 'ગીતગોવિન્દ' નામની ગીતમાલા પરાશર આદિ શ્રેષ્ઠ કવિઓના કંઠમાં સમર્પિત થાવ. (૫)

इतिश्री कविराजश्री जजदेवकविकृत
गीतगोविन्दे 'प्रीत पीताम्बरोनाम'
द्वादश: सर्ग: ॥
इतिश्री गीतगोविन्दकाव्यं
समाप्तम् ॥

इति दवेश्री उमियाशंकरस्य पुत्र: श्री हिम्मतलाल मु. दवे अनुवादित 'प्रभावती' टीका समेत 'गीतगोविन्द काव्य'

समाप्त.

ખંડ ત્રીજો - ગોપીઓનાં પાંચ પ્રેમગીત

(વેણુગીત–પ્રણયગીત–ગોપીગીત–યુગલગીત–ભ્રમરગીત–દશમ સ્કંધ શ્રીમદ્ ભાગવત)

અનુવાદ : **શ્રી હિંમતલાલ ઉમિયાશંકર દવે**
'સાહિત્ય માર્તંડ', 'ધર્માલંકાર'

શ્રીમદ્ ભાગવત તો ભગવાનનો વાઙ્મય અવતાર છે. ભાગવત પુરાણ તો બ્રહ્મ સંપત્તિ છે. સ્વાનુભૂત અખિલ શ્રુતિનો સાર છે. નિષ્કર્ષ છે અને નિગમોમાં પુરાણોમાં તો તે કલ્પતરુ છે, અને ભગવાન શ્રી કૃષ્ણનું સાક્ષાત્ સ્વરૂપ છે. નિગમો તો અત્યંત ભાગ્યશાળી બન્યા છે, કારણ કે માધુર્યપૂર્ણ સૌભાગ્ય-શાળી શ્રીમદ્ ભાગવતનું નામ તો મહાપુરાણથી પ્રશસ્તિ પામ્યું છે. તેમાં જરા પણ સંશય નથી. આવા શ્રીમદ્ ભાગવત ગ્રંથપુરાણમાં બાર સ્કંધ છે.

તેના દશમ સ્કંધના પૂર્વાર્ધમાં ગોપીઓનાં આ પાંચ ગીત વિદ્યમાન છે.

(૧) **વેણુગીત** : ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રત્યેના પૂર્વરાગના સંદર્ભમાં છે. શ્રીકૃષ્ણ સાથેના મિલનની પૂર્વે તેમના હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે કેટલો બધો અનુરાગ છે? તેની અભિવ્યક્તિ ખરેખર માણવા યોગ્ય છે.

(૨) **પ્રણય ગીત** : જ્યારે શ્રીકૃષ્ણના પ્રણય નિમંત્રણનો સ્વીકાર કરીને ગોપીઓ તેમને મળવા માટેલોક–પરલોક એ બધાને તૃણવત્ સમજી ત્યાગ કરીને તેમની પાસે પહોંચી ત્યારે તેમણે ના પાડી દીધી. તેથી ગોપીઓની પ્રેમભાવના વધુ ઉદ્દીપ્ત થઈ ગઈ અને તેમણે પોતાનો હૃદયના ભાર–સર્વસ્વ કૃષ્ણની સન્મુખ નિવેદન કરી દીધા.

(૩) **ગોપીગીત** : રાસલીલામાં અંતર્ધાન થયેલ તે વખતનું આ ગોપીગીત છે.

(૪) **યુગલગીત** : ગાયોને ચારવા માટે જાય છે ત્યાં બંને ભાઈ શ્રીકૃષ્ણ ને બળરામ અંગેનું યુગલગીત ભાવમય છે.

(૫) **ભ્રમરગીત** : શ્રીકૃષ્ણે મથુરાનો પ્રવાસ કર્યો તે વખતનું આ કાવ્યમય ભ્રમરગીત છે.

આ પાંચે ગીતોમાં ગોપીઓના હૃદયમાં ગુપ્ત રૂપથી વિરાજમાન પ્રેમમયી, રસમયી, મધુમયી ભાવ-ધારાનો પ્રકાશ પથરાયો છે. જેવી રીતે ભગવતી શ્રુતિ (વેદ) જીવોના કલ્યાણને માટે ગૂઢતમ, દુર્દર્શ બ્રહ્માત્મતત્ત્વનો પ્રકાશ કરે છે તેવી રીતે શ્રુતિઓની મૂર્તિમતી અભિવ્યક્તિ ગોપીઓ રસાત્મક – આકૃતિ શ્યામસુંદર કિશોરરૂપી બ્રહ્મપ્રતિ પોતાનાં જીવન, પ્રાણ અને આત્માને અર્પણ કરીને મધુરાતિ–મધુર ગૂઢતમ મહાભાવરૂપા પોતાના હૃદયની દિવ્ય–ઉન્માદમયી પ્રીતિને પ્રગટ કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં એક વાત સ્પષ્ટ કહેવામાં આવી છે. આ સર્વોત્તમ રસમયી ભક્તિના પ્રવર્તક આચાર્ય તો ગોપીઓ છે. શ્રુતિરૂપી ગોપીઓને ભગવત્–પ્રાપ્તિને માટે દિશા–નિર્દેશક થવું જ જોઈએ. તેથી એનું પવિત્રતાપણું સ્પષ્ટ થશે. સાથે એ પણ કહેવામાં આવ્યું છે કે આ ગોપીઓ પ્રવર્તિત ભક્તિ–માર્ગ મહાન ઋષિ–મુનિઓને માટે પણ દુર્લભ છે અને શ્રુતિ ઉક્ત વિવિધ શ્રેય–માર્ગ જ આ સાધનરૂપ છે.

દશમ સ્કંધ માંહેના અધ્યાયોમાં આ પાંચે ગીતોનો અથવા એમાંથી કોઈ એક ગીતનો શ્રદ્ધા–

ભક્તિપૂર્વક પાઠ કરે, સ્વાધ્યાય કરે અને થોડા સમય માટે એમાં રહેલા અર્થમાં, રહસ્યમાં અને જ્ઞાનમાં તન્મય થઈ જાય તો તેમને ગોપી-ભાવની પ્રાપ્તિ થઈ જશે.

"માધવ-માધુર્ય" ગ્રંથના ખંડ ત્રીજામાં ગોપીઓનાં પાંચે પ્રેમગીતો-ભક્તિગીતો-ઉપાસનાગીતો રજૂ કરતાં આનંદ થાય છે. આપ સૌ શ્યામસુંદર શ્રીકૃષ્ણનાં ચરણ-કમળનું ધ્યાન કરીને ચિત્તશુદ્ધિ દ્વારા બ્રહ્મ-બંસરીના અમૃતરસનું પાન કરો એવી અંતરની સદ્ ઈચ્છા !

શ્રી ગણેશાય નમ:

(૧) વેણુગીત

(શ્રીમદ્ ભાગવત - સ્કંધ ૧૦, અધ્યાય-૨૧ શ્લોક ૧ થી ૨૦)

શ્રી શુક ઉવાચ :

ઈત્થં શરત્સ્વચ્છ જલં,
પદ્માકર સુગન્ધિના ।
ન્ય વિશદ્ વાયુના વાતં,
સ ગોપો પાલકોઽચ્યુત: ॥ ૧ ॥

શ્રી શુકદેવજી કહે છે - પરીક્ષિત્ ! શરદ ઋતુના કારણે આ વન અત્યંત સુંદર બન્યું હતું. જળ નિર્મળ હતું અને જળાશયોમાં ખીલેલાં કમળોની સુગંધથી સૌરભપૂર્ણ વાયુ મંદ મંદ વહી રહ્યો હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ગાયો અને ગોપબાળકો સાથે વનમાં પ્રવેશ કર્યો. (૧)

કુસુમિત વનરાજિ શુષ્મિભૃઙ્ગ
દ્વિજકુલ ઘુષ્ટ સરસરિન્મહીધમ્ ।
મધુપતિરવ ગ્રાહ્ય ચારયન્ ગા:
સહ પશુપાલબલ શ્ચુકૂજ વેણુમ્ ॥ ૨ ॥

સુંદર સુંદર પુષ્પોથી પરિપૂર્ણ હરિયાળી વૃક્ષ-પંક્તિઓમાં મતવાલા ભ્રમરાઓ સ્થળે સ્થળે ગુનગુનાહટ કરી રહ્યા હતા. જાતજાતનાં પક્ષીઓનાં ઝૂંડ અલગ અલગ કલરવ કરી રહ્યાં હતાં. જેથી વનમાં આવેલ સરોવર, નદીઓ અને પર્વતો એ સૌ ગાજતા હતા. મધુપતિ શ્રીકૃષ્ણે બળરામજી અને ગોપબાળકો સાથે એ વનની અંદર ઘૂસી જઈ ગાયોને ચરાવતાં પોતાની વાંસળી પરથી ઘણા જ મધુર સૂર છોડવા લાગ્યા. (૨)

તદ્ વ્રેજ સ્રિય આશ્રુત્ય,
વેણુગીતં સ્મરોદયમ્ ।
કાશ્ચિત્ પરોક્ષં કૃષ્ણસ્ય,
સ્વ સખીભ્યોઽન્વવર્ણયન્ ॥ ૩ ॥

શ્રીકૃષ્ણની તે બંસીધ્વનિ તેમના તરફ પ્રેમભાવનાથી તેમના મિલનની આકાંક્ષાઓ જગાડવાવાળી હતી. (તેને સાંભળીને ગોપીઓનાં હૃદય પ્રેમથી પરિપૂર્ણ થઈ ગયાં.) તેઓ એકાંતમાં પોતાની સખીઓ સાથે તેમનાં રૂપ, ગુણ અને બંસરીના સૂરના પ્રભાવનું વર્ણન કરવા લાગી. (૩)

તદ્ વર્ણયિતુમારબ્ધા:
સ્મરન્ત્ય: કૃષ્ણ ચેષ્ટિતમ્ ।
નાશકન્ સ્મર વેગેને,
વિક્ષિપ્ત મનસો નૃપ ॥ ૪ ॥

વ્રજની ગોપીઓએ બંસી-ધ્વનિના માધુર્યનું અંદરોઅંદર વર્ણન કરવા અવશ્ય ઈચ્છા કરી. પરંતુ વાંસળીનું સ્મરણ થતાં જ તેમને શ્રીકૃષ્ણની મધુર ચેષ્ટાઓનું પ્રેમપૂર્ણ ચિંતન, ભમરાઓના ઈશારે વધારે મધુરું હાસ્ય વગેરેની યાદ આવી ગઈ. ભગવાનને મળવાની તેમની આકાંક્ષા અત્યંત વધી ગઈ. તેમનું મન હાથમાં રહ્યું નહિ તેઓ મનમાં ને મનમાં ત્યાં પહોંચી ગઈ, જ્યાં શ્રીકૃષ્ણ હતા. હવે તેમની વાણી કેવી રીતે નીકળી શકે? તેઓ તેમનું વર્ણન કરવા અસમર્થ થઈ ગઈ. (૪)

બર્હાપીડં નટવરવપુ: કર્ણયો: કર્ણિકારં ।
બિભ્રદ્વાસ: કનકકપિશં વૈજયન્તી ચ માલામ્ ॥
રન્ધ્રાન્ વેણોરધર સુધયા પૂરયન્ ગોપવૃન્દૈ ।
વૃંન્દારણ્યં સ્વપદ રમણં પ્રાવિશદ્ ગીતકીર્તિ: ॥ ૫ ॥

(તે મનમાં ને મનમાં જ જોવા લાગી કે) શ્રીકૃષ્ણ ગોપબાળકોની સાથે વૃંદાવનમાં પ્રવેશ કરી રહ્યા છે. તેમના માથા પર મયૂરપિચ્છ છે અને કાનો પર કરેણનાં પીળાં પીળાં પુષ્પો, શરીર પર સોનેરી પીતાંબર અને ગળામાં પાંચ પ્રકારનાં સુગંધીવાળાં પુષ્પોની વૈજયન્તી માળા છે. રંગમંચ પર અભિનય કરતા શ્રેષ્ઠ નટ જેવો કેવો સુંદર વેશ છે' વાંસળીનાં છિદ્રોમાં તે પોતાનું અધર-અમૃત ભરી રહ્યા છે, અને તેમની પાછળ પાછળ ગોપબાળકો તેમની લોકોને પાવન કરતી કીર્તિનું ગાન કરી રહ્યા છે. આ પ્રકારે વૈકુંઠથી પણ શ્રેષ્ઠ તે વૃન્દાવન ધામ તેમનાં ચરણ ચિહ્નોથી અધિક રમણીય બની ગયું છે. (૫)

ઈતિ વેણુરવં રાજન્ સર્વભૂત મનોહરમ્ ।
શ્રુત્વા વ્રજસ્ત્રિય: સર્વા વર્ણયન્ત્યોઽભિરે ભિરે ॥ ૬ ॥

હે પરીક્ષિત્, આ બંસીધ્વનિ જડ, ચેતન - સમસ્ત ભૂતોનાં મન ચોરી લે છે. ગોપીઓએ તે ધ્વનિ સાંભળ્યો અને સાંભળીને તેનું વર્ણન કરવા લાગી. વર્ણન કરતાં કરતાં તેઓ તન્મય બની ગઈ અને શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરી આલિંગન કરવા લાગી. (૬)

ગોપીઓ કહે છે :

અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામ: ।
સખ્ય: પશૂનનુ વિવેશયતોર્વયસ્યૈ: ॥
વક્ત્રં વ્રજેશ સુત યોરનું વેણુ જુષ્ટં ।
યૈ ર્વા નિપીત મનુ રક્ત કટાક્ષ મોક્ષમ્ ॥ ૭ ॥

ગોપીઓ કહેવા લાગી: "અરે સખી, અમે તો આંખવાળાઓનાં જીવન તરફ તેમની આંખોની - બસ એ જ એટલી જ સફળતા સમજી છે અને અન્યની તો અમને કાંઈ ખબર જ નથી. તે કયો લાભ છે? તે એ છે કે જ્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરવર્ણવાળા સુંદર બળરામ જ્યારે ગોપબાળકો સાથે ગાયોને હાંકીને વનમાં લઈ જઈ રહ્યા હોય અથવા પાછા વળીને વ્રજમાં લાવી રહ્યા હોય, તેમણે પોતાના હોઠ પર મોરલી રાખી હોય અને પ્રેમ ભરેલી તિરછી નજરથી અમારા તરફ જોઈ રહ્યા હોય, તે વખતે અમે તેમના મુખના માધુર્યનું પાન કરતાં રહીએ."(૭)

ચૂત પ્રવાલ બર્હસ્ત બકોત્પલાબ્જ
માલાનુપૃક્ત પરિધાન વિચિત્ર વેષૌ ॥
મધ્યે વિરેજ તુરલં પશુપાલ ગોષ્ઠ્યાં ।
રઙ્ગે યથા નટવરૌ કવ ચ ગાયમાનૌ ॥ ૮ ॥

અરે સખી, જ્યારે તે બંને આંબાની નવી કૂંપળો, મોરનાં પીછાં, ફૂલોનો ગુચ્છ, રંગબેરંગી કમળ અને કુમુદની માળાઓ ધારણ કરી લે છે અને શ્રીકૃષ્ણનાં શ્યામ શરીર પર પીતાંબર તથા બળરામના ગૌર શરીર પર નીલાંબર ફરકવા લાગે છે, ત્યારે તેમનો વેશ ઘણો જ વિચિત્ર બની જાય છે. ગોપબાળકોની વાતોમાં તે બંને વચ્ચોવચ બેસી જાય છે અને મધુર સંગીતના સૂર છોડે છે. મારી પ્યારી સખી ! તે વખતે એવું લાગે છે કે જાણે બે ચતુર નટ રંગમંચ પર અભિનય કરી રહ્યા હોય ! હું શું બતાવું કે તે વખતે તેમની શોભા કેટલી અને કેવી હોય છે ! (૮)

ગોપ્ય: કિમાચર દયં કુશલં સ્મ વેણુ-
ર્દામોદરાધર સુધામપિ ગોપિકાનામ્ ॥
ભુઙ્ક્તે સ્વયં યદવશિષ્ટં રસંહ્લદિન્યા-
હૃષ્યત્ત્વચોઽશ્રુ મુમુચુસ્તરવો યથાર્યા: ॥ ૯ ॥

અરે ગોપીઓ, આ વેણુ પુરુષ જાતિનો હોવા છતાં યે પૂર્વજન્મમાં ન જાણે એવાં કયાં સાધન-ભજન કરી ચૂકયા છે કે અમે ગોપીઓની સકળ સંપત્તિ - દામોદરના ઓષ્ઠ (અધર - હોઠ)ની સુધા (અમૃત) પોતે જ એવી રીતે પાન કરી રહેલ છે કે આપણા લોકો માટે થોડો પણ રસ બાકી રાખશે નહિ. આ વેણુને પોતાના રસથી સિંચવાવાળી હૃદયોમિં પણ આ જ કમળોની જેમ રોમાંચિત થઈ રહી છે. અને પોતાના વંશમાં ભગવત્ પ્રેમી સંતાનને જોઈને શ્રેષ્ઠ વૃક્ષ પણ પુરુષોની સમાન એની સાથે પોતાનો સંબંધ જોડીને આંખોમાંથી આંસુઓ વહાવી રહ્યા છે. (૯)

વૃન્દાવનં સખિ ભુવો વિતનોતિ કીર્તિં ।
યદ્ દેવકી સુતપદામ્ભુજ લબ્ધ લક્ષ્મિ ॥
ગોવિન્દ વેણુમનુ મત્તમયૂર નૃત્યં ।
પ્રેક્ષ્યાદ્રિસાન્વપરતાન્ય સમસ્ત સત્ત્વમ્ ॥ ૧૦ ॥

અરે સખી, આ વૃન્દાવન તો વૈકુંઠ સુધી પૃથ્વીની કીર્તિનો વિસ્તાર કરી રહેલ છે. કારણ કે યશોદાનંદન શ્રીકૃષ્ણનાં ચરણ-કમળોનાં ચિહ્નોથી આ ચિત્રિત થઈ રહેળ છે. સખી, જ્યારે શ્રી કૃષ્ણ પોતાની મુનિજન મોહિની મોરલી બજાવે છે ત્યારે મોરે તો મતવાલા બનીને તેના તાલ પર નાચવા લાગે છે. આ જોઈને પર્વતનાં શિખરો પર વિચરણ કરવા-

વાળાં બધાં જ પશુ-પક્ષી ચુપચાપ શાંત થઈને ઊભાં રહે છે. (૧૦)

ધન્યા: સ્મ મૂઢમતયોઽપિ હરિણ્ય એતા-
યા નન્દ નન્દનમુપાત્ત વિચિત્ર વેષમ્ ॥
આકર્ણ્ય વેણુ રણિતં સહ કૃષ્ણસારા: ।
પૂજાં વધુર્વિરચિનાં પ્રણયાવલોકૈ: ॥ ૧૧ ॥

અરે સખી, જ્યારે પ્રાણવલ્લભ શ્રી કૃષ્ણ વિચિત્ર વેશ ધારણ કરીને વાંસળી બજાવે છે ત્યારે મૂઢ બુદ્ધિવાળી હરણીઓ પણ બંસીના તાન સાંભળીને પોતાના પતિ કૃષ્ણસાર મૃગની સાથે નંદનવનની પાસે ચાલી આવે છે અને પોતાની પ્રેમભરેલી મોટી મોટી આંખોથી શ્રીકૃષ્ણનાં ચરણોમાં સમર્પિત કરી દે છે. અને શ્રીકૃષ્ણની પ્રેમભરેલી નજર દ્વારા કરેલા પોતાના સત્કારનો સ્વીકાર કરે છે. વાસ્તવમાં એમનું જીવન ધન્ય છે. (અમે વૃન્દાવનની ગોપી હોવા છતા યે આ પ્રકારે તેમના પર સમર્પણ કરી શકતી નથી. અમારા ઘરવાળા વઢવા લાગે છે. આ કેવી વિટંબણા છે!) (૧૧)

કૃષ્ણં નિરીક્ષ્ય વનિતોત્સવ રૂપશીલં ।
શ્રુત્વા ચ તત્કવણિત વેણુ વિચિત્ર ગીતમ્ ॥
દેવ્યો વિમાન ગતય: સ્મરનુન્ન સારા- ।
ભ્રશ્યત્પ્રસૂન કબરા મુમુહુર્વિની વ્યન્ના ॥૧૨॥

અરે સખી! હરણીઓની તો વાત જ શું છે! સ્વર્ગની દેવીઓ પણ યુવતીઓને આનંદિત કરવાવાળા સૌંદર્ય અને શીલનો ખજાનો શ્રીકૃષ્ણમાં જ જુએ છે અને વાંસળી પર તેમના દ્વારા ગાયેલાં મધુર સંગીત સંભળાવે છે ત્યારે તેઓ વિમાન પર જ પોતાનું અસ્તિત્વ (શુધબુધ) ભૂલી જાય છે. અર્થાત્ મૂર્છિત થઈ જાય છે. એ કેવી રીતે થયું સખી! તો સાંભળો, જ્યારે તેમનાં હૃદયમાં શ્રીકૃષ્ણને મળવાની તીવ્ર ઈચ્છા થઈ જાય છે ત્યારે તેઓ પોતાની ધીરજ ખોઈ બેસે છે અને બેહોશ થઈ જાય છે તેમને એ વાતનો ખ્યાલ પણ રહેતો નથી કે તેમની ચોટલામાં ગૂંથેલાં ફૂલ પૃથ્વી પર નીચે પડી રહ્યાં છે. તે ત્યાં સુધી કે તેમને પોતાની સાડીનું પણ ધ્યાન રહેતું નથી કે તે કમર પરથી ખસી જઈને જમીન પર નીચે પડી રહી છે. (૧૨)

ગાવશ્ચ કૃષ્ણ મુખ નિર્ગત વેણુ ગીત-
પીયૂષ મુત્તભિતકર્ણપુટૈ: ખિબન્ય: ॥
શાવા: સ્તુતસ્તન પય: કવલા: સ્મ તસ્યુ-
ર્ગોવિન્દમાત્મનિ દશાશ્રુકલા: સ્પૃશન્ત્ય: ॥૧૩॥

અરે સખી, તું દેવીઓની વાત શું કહી રહી છું? આ ગાયોને જોતી નથી? જ્યારે આપણા કૃષ્ણપ્યારે પોતાના મુખથી વાંસળીમાં સૂર ભરે છે અને ગાયો તેના મધુર સૂર-સંગીત સાંભળે છે ત્યારે તે પોતાના બન્ને કાનોને સંભાળી લઈને ઊભા કરી લે છે અને જાણે તેનાથી અમૃત પી રહી છે? તે પ્રકારે તે સંગીતનો રસ લેવા લાગે છે, એવું કેમ થાય છે સખી? પોતાનાં નેત્રોનાં દ્વારથી શ્યામસુંદરને હૃદયમાં લઈને તેઓ તેમને ત્યાં વિરાજમાન કરી દે છે અને મનમાં ને મનમાં જ તેમનું આલિંગન કરે છે. જોતી નથી કે તેમનાં નેત્રોમાંથી આનંદનાં આંસુ છલકવા લાગે છે અને તેમનાં વાછરડાં! તેમની તો દશા જ નિરાલી બની જાય છે. જો કે ગાયોનાં થાનમાંથી આપોઆપ દૂધ ઝરવા માંડે છે. પરંતુ જ્યારે તેઓ દૂધ પીતાં પીતાં અચાનક જ બંસીનો અવાજ સાંભળે છે ત્યારે મોંમાં લીધેલો દૂધનો ઘૂંટડો નથી અંદર જઈ શકતો કે નથી નીકળી શકતો! તેમનાં હૃદયમાં થાય છે ભગવાનનો સંસ્પર્શ અને નેત્રોમાંથી છલકાય છે આનંદનાં આંસુ. તે જ્યાં છે ત્યાં જ સ્થિર થઈ જાય છે. (૧૩)

પ્રાયો બતામ્બ વિહગા મુનયો વનેઽસ્મિન ।
કૃષ્ણેક્ષિતં તદુદિતં કલવેણુગીતમ્ ॥
આરુહ્ય યે દ્રુમ ભુજાન્ રુચિર પ્રવાલાન્ ।
શૃણ્વન્ત્ય મીલિત દૃશો વિગતાન્યવાચ: ॥૧૪॥

અરે સખી, ગાયો અને વાછરડાંઓ તો અમારા ઘરની વસ્તુ છે, તેમની વાતો તો જવા દો. વૃંદાવનનાં પક્ષીઓને તમે જોતા નથી? તેમને પક્ષી કહેવાં એ જ ભૂલ. સાચું પૂછો તો તેમનામાંથી અધિકાંશ મોટા મોટા ઋષિમુનિ છે, તેઓ વૃન્દાવનનાં સુંદર સુંદર વૃક્ષોની નવી અને મનોહર કુંપળોવાળી ડાળીઓ પર ચૂપચાપ બેસી જાય છે અને આંખો બંધ કરતા નથી. નિર્નિમેષ નેત્રોથી શ્રીકૃષ્ણની રૂપમાધુરી તથા પ્રેમભરી નજરે જોઈ જોઈને પ્રસન્ન રહેતા હોય છે તથા કાનોથી અન્ય બધા પ્રકારના શબ્દોને છોડી દઈને કેવળ તેમની જ મોહકવાણી અને બંસીનું ત્રિભુવન મોહક સંગીત સાંભળતા જ રહે છે. મારી પ્યારી સખી! તેમનું જીવન કેટલું ધન્ય છે! (૧૪)

નદ્યસ્તદા તદુપધાર્ય મુકુન્દગીત-
માવર્ત લક્ષિત મનોભવ ભગ્નવેગા: ।
આલિઙ્ગનસ્થગિતમૂર્મિભુજૈર્મુરારે-
ર્ગૃહ્ણન્તિ પાદ યુગલં કમલોપહારા: ॥ ૧૫ ॥

અરે સખી, દેવતા, ગાયો અને પક્ષીઓની વાત શા માટે કરો છે? તે તો ચેતન છે. આ જડ નદીઓને દેખતી નથી? એનામાં જે તરંગ (ભંવર) જોઈ રહેલ છો. તેનાથી એના હૃદયમાં શ્યામસુંદર સાથે મળવાની તીવ્ર આકાંક્ષાનો પત્તો મળે છે? તેના વેગથી તો એનો પ્રવાહ રોકાઈ જાય છે. એમણે પણ પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણની બંસરીનો ધ્વનિ સાંભળી લીધો છે. જુઓ જુઓ, તે પોતાના તરંગોરૂપી હાથો વડે તેમનાં ચરણ પકડીને કમળનાં ફૂલોનો ઉપહાર (અર્પણ) ચડાવી રહેલ છે અને તેમની સાથે આલિંગન કરી રહ્યા છે. જાણે તેમનાં ચરણો પર પોતાનું હૃદય જ સમર્પિત કરી રહેલ છે! (૧૫)

દૃષ્ટ્વાઽઽતપે વ્રજપશૂન્ સહરામગોપૈ: ।
સંચારયન્તમનુ વેણુમુદીરયન્તમ્ ॥
પ્રેમપ્રવૃદ્ધ ઉદિત: કુસુમાવલીભિ: ।
સખ્યુર્વ્યધાત્ સ્વવપુષામ્બુદ આતપત્રમ્ ॥૧૬॥

અરે સખી, આ નદીઓ તો અમારી પૃથ્વીની, અમારા વૃન્દાવનની વસ્તુઓ છે, થોડુંક આ વાદળો તરફ પણ જુઓ. જ્યારે તે જુએ છે કે વ્રજરાજકુમાર શ્રીકૃષ્ણ અને બલરામજી ગોપબાળકોની સાથે તાપમાં ગાયો ચરાવી રહ્યા છે અને સાથે સાથે વાંસળી પણ બજાવતા રહે છે ત્યારે તેમના હૃદયમાં પ્રેમ ઉભરાઈ જાય છે. તેઓ તેમના ઉપર છવાઈ જાય છે અને તેઓ શ્યામઘન પોતાના સખા ઘનશ્યામની ઉપર પોતાના શરીરને છવાઈ દે છે, છાંયો કરી દે છે. એટલું જ નહીં પરંતુ હે સખી, તે જ્યારે તેમના પર ઝીણી ઝીણી વર્ષાની ધારા કરવા લાગે છે, ત્યારે એવું જણાય છે કે તેમના પર સુંદર સુંદર શ્વેત પુષ્પ ચડાવી રહેલા છે. નહીં સખી, તેનું બહાનું બતાવીને પોતાનું જીવન જ ન્યોછાવર (અર્પણ) કરી દે છે. (૧૬)

પૂર્ણા: પુલિન્દ્ય ઉરુગાય પદાબ્જરાગ-
શ્રીકુઙ્કુમેન દયિતાસ્તનમણ્ડિતેન ॥
તદ્દર્શનસ્મરરુજસ્તૃણ રૂષિતેન ।
લિમ્પન્ત્ય આનન કુચેષુજહુસ્તદાધિમ્ ॥ ૧૭ ॥

અરે સખી! અમે તો વૃન્દાવનની એ ભીલડીઓને જ ધન્ય અને કૃતકૃત્ય માનીએ છીએ. એવું હે સખી કેમ? તે એટલા માટે કે એમના હૃદયમાં ઘણો પ્રેમ છે જ્યારે એઓ અમારા કૃષ્ણ પ્યારાને જુએ છે. ત્યારે તેમનાં હૃદયમાં પણ તેને (કૃષ્ણને) મળવાની તીવ્ર આકાંક્ષા જાગી ઊઠે છે. એમના હૃદયમાં પણ પ્રેમનો વ્યાધિ લાગી જાય છે. તે વખતે એઓ શું ઉપાય કરે છે? એ પણ સાંભળી લો. આપણા પ્રિયતમની પ્રેયસી ગોપીઓ પોતાના વક્ષ:સ્થળો પર જે કેસર લગાવે છે તે શ્યામસુંદરનાં ચરણોમાં લાગેલું હોય છે. તેઓ જ્યારે વૃંદાવનનાં ઘાસ-પાંદડાં પર ચાલે છે ત્યારે તેનામાં પણ તે ચોંટી જાય છે. એ સૌભાગ્યવતી ભીલડીઓ તેમને તે તણખલાં પરથી લઈ લે છે અને પોતાનાં સ્તનો અને મોં પર મસળી લે છે અને એ પ્રકારે પોતાના હૃદયની પ્રેમ-પીડાને શાંત કરે છે. (૧૭)

હન્તાયમદ્રિરબલા હરિદાસ વર્યો:
યદ્રામ કૃષ્ણ ચરણ સ્પર્શ પ્રમોદ: ॥
માનં તનોતિ સહગોગણયોસ્તયોર્યત્ ।
પાનીય સૂય વસકન્દર કન્ધમૂલૈ: ॥૧૮॥

અરે ગોપીઓ, આ ગિરિરાજ ગોવર્ધન તો ભગવાનના ભક્તોમાં ઘણો જ શ્રેષ્ઠ છે. ધન્ય છે તેમના ભાગ્યને! જોતી નથી? અમારા પ્રાણવલ્લભ શ્રીકૃષ્ણ અને નયનાભિરામ બળરામનાં ચરણકમળોનો સ્પર્શ પ્રાપ્ત કરીને આ કેટલા બધા આનંદિત રહે છે. એમના ભાગ્યની સરખામણી કોણ કરી શકે? એ તો એ બંનેના-ગોપબાળકો અને ગાયોનો પણ ઘણો જ સત્કાર કરે છે. સ્નાન-પાનને માટે ઝરણાઓનું જળ આપે છે. ગાયોને માટે સુંદર લીલું લીલું ઘાસ રજૂ કરે છે. વિશ્રામ કરવાને માટે ગુફાઓ અને ખાવાને માટે કંદમૂળ-ફળ આપે છે. વાસ્તવમાં એ ધન્ય છે! (૧૮)

ગા ગોપકરનુળનં નયતોરુદાર-
વેણુસ્વનૈ: કલપદૈસ્તનુ ભૃત્સુ સખ્ય: ॥
અસ્પન્દનં ગતિમતાં પુલકસ્તરૂણાં ।
નિર્યોગપાશ કૃતલક્ષણ યોર્વિચિત્રમ્ ॥ ૧૯ ॥

અરે સખી, આ શ્યામ અને ગોરા કિશોરોની ગતિ જ નીરાળી છે. જ્યારે એ માથા પર નોંઝણું (ગાય દોતી વખતે તેના પગ બાંધવાનું દોરડું) ખભા લપેટીને અને પર ભાગી જતી ગાયોને પકડવાનું દોરડું રાખીને ગાયોને એક વનથી બીજા વનમાં હાંકીને લઈ જાય છે. સાથે ગોપબાળ પણ હોય છે અને મધુર મધુર ગીત ગાતા ગાતા વાંસળીના સૂર છોડે છે, તે વખતે મનુષ્યોની તો વાત જ શું? અન્ય શરીરધારીઓમાં પણ ચાલવાવાળા ચેતન પશુ-પક્ષી અને જડ નદી વગેરે તો સ્થિર થઈ જાય છે તથા અચળ વૃક્ષોનાં પણ રોમાંચ ખડાં થઈ જાય છે. જાદુભરી બંસરીના બીજા કયા ચમત્કાર સંભળાવું! (૧૯)

એવં વિદ્યા ભગવતો યા વૃંદાવન ચારિણઃ
વર્ણયન્ત્યો મિથો ગોપ્યઃ ક્રીડાસ્તન્મયતાં યયુઃ ॥૨૦॥

હે પરીક્ષિત, વૃંદાવન વિહારી શ્રીકૃષ્ણની એવી એવી એક નહિ પણ અનેક લીલા છે. ગોપીઓ પ્રતિદિન અંદરોઅંદર તેમનું વર્ણન કરે છે અને તન્મય થઈ જાય છે. ભગવાનની લીલા તેમના હૃદયમાં સ્ફુરિત થવા લાગતી હતી. (૨૦)

૨. પ્રણય-ગીત

(શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧૦, અધ્યાય-૨૯ શ્લોક ૩૧ થી ૪૧)

પૂર્વપીઠીકા : આ પ્રણયગીત રાસલીલાનો પ્રારંભિક પ્રસંગ છે. ભગવાન શ્રીકૃષ્ણે પોતાની વાંસળી પર કામબીજ 'કલી'ની મધુરસ્પષ્ટ સૂર છોડયા તેમણે ગોપીઓનાં મનને પહેલેથી જ વશ કર્યાં. આ મધુરધ્વનિએ તેમનામાં રહ્યાંસહ્યાં ધૈર્ય, સંકોચ, ભય અને મર્યાદાને પણ ખેંચી લીધાં. બંસરીનો ધ્વનિ સાંભળતાં જ તેમની ગતિ વિચિત્ર થઈ ગઈ. તે એક બીજાની ચેષ્ટાઓ છુપાવીને તે જ્યાં હતાં ત્યાંથી જરા નીકળી પડી.

શ્રી શુકદેવજીએ અહીં બતાવ્યું છે કે ભગવાનની સાથે જ કેવળ સંબંધ હોવો જોઈએ. તે સંબંધ પછી ગમે તેવો હોય, જેવોકે કામનો હોય, ક્રોધનો હોય, ભયનો હોય, સ્નેહ કે સંબંધનો હોય, સૌહાર્દનો હોય. જે ભાવથી ભગવાનમાં નિત્ય-નિરંતર પોતાની વૃત્તિ એને જોડી દે તે બધી ભગવાન સાથે જોડાઈ જાય છે. એટલે તે વૃત્તિઓ ભગવતમય થઈ જાય છે. અને તે જીવને ભગવાનની જ પ્રાપ્તિ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે વ્રજની અનુપમ વિભૂતિઓ જે ગોપીઓ તે મારી પાસે આવી ગઈ છે. ત્યારે તેમણે પોતાનીવિનોદ ભરી વાણી ચાતુરીથી કહ્યું :

"મહા ભાગ્યશાળી હે ગોપીઓ! હું તમારુ સ્વાગત કરું છું. તમને આ સમયે અહીં આવવાની આવશ્યકતા શા માટે થઈ? વ્રજમાં કુશળ મંગળ છે ને? રાતના સમયે ઘોર જંગલમાં સ્ત્રીઓએ રોકાવું જોઇએ નહિ. તેથી તમે હમણાં ને હમણાં જ વ્રજમાં પાછાં જાવ. મારા પ્રેમથી પરવશ થઈને તમે લોકો અહીં આવ્યાં છો તો તે કોઈ અનુચિત વાત નથી થઈ. એ તો તમારે માટે યોગ્ય છે. કારણ કે જગતમાં પશુ-પક્ષી સુધીનાં સૌ કોઈ મારી સાથે પ્રેમ કરે છે. હે ગોપીઓ, સ્ત્રીઓનો પરમ ધર્મ એ છે કે, પતિ અને ભાઈ-બંધુઓની નિષ્કપટ ભાવથી સેવા કરો. અને સંતાનનું પાલન-પોષણ કરો."

"ગોપીઓ મારી લીલા અને ગુણોના શ્રવણથી રૂપનાં દર્શનથી અને બધા જ કીર્તન ધ્યાનથી મારા પ્રત્યે જેવી રીતે અનન્ય પ્રેમની પ્રતીતિ થાય છે તેવી રીતે પાસે રહેવાથી પ્રેમની પ્રાપ્તિ થતી નથી એટલા માટે તમે સૌ અત્યારે જ પોતપોતાના ઘેર પાછા જાવ."

ગોપીઓએ પ્યારા શ્યામસુંદરને માટે તમામ કામનાઓ ભોગ છોડી દીધા હતા. શ્રીકૃષ્ણમાં તેમનો અનન્ય અનુરાગ ને પરમપ્રેમ હતો. જ્યારે તેમણે પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણની આવી નિષ્ઠુરતા ભરેલી વાત સાંભળી તે ઘણી જ અપ્રિય માલૂમ પડી ત્યારે તે સૌને ઘણું દુઃખ થયું. તેમની આંખો રડતાં રડતાં લાલ થઈ ગઈ. આંસુઓ વડે કંઠ રૂંધાઈ ગયો. તેમણે ધીરજ ધારણ કરીને પોતાની આંખોનાં આંસુ લૂછયાં અને પછી પ્રણય કોપના કારણે ગદ્ગદ વાણીથી કહેવા લાગી:

ગોપી કહે છે :

મૈવં વિભોઽર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં ।
સંત્યજ્ય સર્વવિષયાંસ્તવ પાદમૂલમ્ ।
ભક્તા ભજસ્વ દુરવગ્રહ મા ત્યજાસ્માન્ ।
દેવો યથાઽઽદિપુરુષો ભજતે મુમુક્ષૂન્ ॥ ૩૧ ॥

ગોપીઓએ કહ્યું : "પ્યારા શ્રીકૃષ્ણ, તમે ઘટઘટમાં વ્યાપેલા છો. તેથી અમારા હૃદયની વાત જાણો છો. તમારે આ પ્રકારે નિષ્ઠુરતા ભરેલાં વચનો કહેવાં ન જોઈએ. અમે અમારું તમામ જે કાંઈ હતું તે બધું છોડીને કેવળ તમારાં ચરણોમાં જ પ્રેમ કરીએ છીએ એમાં જરા પણ સંદેહ નથી. તમે સ્વતંત્ર અને હઠીલા છો. તમારા પર અમારો કોઈ કાબૂ નથી. છતાં પણ તમે તમારી તરફથી આટલું કરો જ, જેવી રીતે આદિપુરુષ ભગવાન નારાયણ કૃપા કરીને પોતાના મુમુક્ષુ ભક્તો સાથે પ્રેમ કરે છે, તેવી રીતે જ તમે અમારો સ્વીકાર કરી લો. અમારો ત્યાગ કરો નહિ. (૩૧)

યત્પથપત્ય સુહૃદામનુ વૃત્તિરઙ્ગ ।
સ્ત્રીણાં સ્વધર્મ ઈતિધર્મવિદાત્વયોક્તમ્ ।
અસ્તેવમેતદુપદેશ પદે ત્વયીશો ।
પ્રેષ્ઠો ભવાંસ્તનુભૃતાં કિલબન્ધુરાત્મા ॥ ॥૩૨॥

પ્યારે શ્યામસુંદર, તમે બધા ધર્મોનાં રહસ્યો જાણો છો. તમારું એવું કહેવું છે કે, "પોતાના પતિ પુત્ર અને ભાઈ-બંધુઓની સેવા કરવી એ જ સ્ત્રીઓનો સ્વધર્મ છે." એ અક્ષરઃ સાચું છે પરંતુ એ ઉપદેશ અનુસાર અમારે તમારી પણ સેવા કરવી જોઈએ. કારણ કે તમે બધા ઉપદેશોનાં પદનું ચરમલક્ષ્ય છો. સાક્ષાત્ ભગવાન છો. તમે જ સમસ્ત શરીરધારીઓનાં સુહૃદ છો. તમે આત્મા છો અને પરમ પ્રિયતમ છો. (૩૨)

કુર્વન્તિ હિત્વયિ રતિં કુશલાઃ સ્વઆત્મન્ ।
નિત્યપ્રિયે પતિસુતાદિ ભિરાર્તિ દૈઃ કિમ્ ॥
તન્ન પ્રસીદ પરમેશ્વર ચાસ્મ છિન્દ્યાઃ ।
આશાં ભૃતાં ત્વયિ ચિરાદરવિન્દ નેત્ર ॥૩૩॥

આત્મજ્ઞાનમાં નિપુણ મહાપુરુષ તમને જ પ્રેમ કરે છે. કારણ કે અમને અનિત્ય અને દુઃખદ પતિપુત્રાદિથી શું પ્રયોજન છે? હે પરમેશ્વર! એટલા માટે અમારા પર પ્રસન્નથાવ. કૃપા કરો. હે કમળનયન, ચિરકાળથી તમારા પ્રત્યે પાળી પોષેલી અમારી આશા-અભિલાષા રૂપી લહેરાતી લતાનું છેદન કરો નહિ. (૩૩)

ચિત્તં સુખેન ભવતાપહૃતં ગુહેષુ ।
યન્નિર્વિશત્યુત કરાવપિ ગૃહ્યકૃત્યે ॥
પાદૌપદં ન ચલતસ્તવ પાદમૂલાદ્ —
યામઃ કથં વ્રજમથો કરવામ કિંવા ॥ ૩૪ ॥

હે મનમોહન, અત્યાર સુધી અમારું ચિત્ત ઘરમાં કામધંધામાં લાગતું હતું. એથી અમારા હાથ તેમાં રમતા હતા. પરંતુ તમે અમારા દેખતાં જ અમારું ચિત્ત લૂંટી લીધું તેમાં તમને કાંઈ કઠિનાઈ ઉઠાવવી પડી નહિ. તમે તો સુખસ્વરૂપ છોને! પરંતુ અત્યારે તો અમારી ગતિ-મતિ નિરાળી જ થઈ ગઈ છે. આ અમારા પગ તમારાં ચરણકમળોને છોડીને એક ડગલું પણ હટવા માટે તૈયાર છે નહિ. તે હટતા જ નથી પછી અમે વ્રજમાં તો કેવી રીતે જઈએ? અને જો ત્યાં જઈએ તો કરીએ શું? (૩૪)

સિઞ્ચાઙ્ગ નસ્ત્વ દ ધરામૃત પૂરકેણ
હાસાવલોક કલગીત જ હૃચ્છયાગ્નિમ્ ॥
નો ચેદ્ વયં વિરહ જાગ્ન્યુપયુક્ત દેહા ।
ધ્યાનેન યામ પદયોઃ પદવીં સખે તે ॥ ૩૫ ॥

પ્રાણવલ્લભ! અમારા પ્યારા સખા! તમારું મંદ મંદ હાસ્ય, પ્રેમભર્યો કટાક્ષ, (દષ્ટિ) અને મનોહર સંગીતે અમારા હૃદયમાં તમારા પ્રેમ અને મિલનની આગ ધગધગાવી દીધી છે, તેને તમે તમારાં અધરોની રસધારથી બુઝાવી દો, નહિ તો પ્રિયતમ, અમે સાચું જ કહીએ છીએ કે તમારી વિરહ વ્યથાની આગથી અમે અમારું શરીર બાળી નાખીશું અને ધ્યાન દ્વારા તમારાં ચરણકમળોને પ્રાપ્ત કરીશું (૩૫)

યર્હ્યમ્બુજાક્ષ તવ પાદતલં રમાયા ।
દત્તક્ષણં ક્વચિદરણ્યજન પ્રિયસ્ય ॥
અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ નાન્ય સમક્ષમઙ્ગ ।
સ્થાતું ત્વયાભિરમિતા બત પારયામઃ ॥ ૩૬ ॥

પ્યારા કમળનયન! તમે વનવાસીઓના પ્યારા છો. અને તેઓ પણ તમારી સાથે ઘણો જ પ્રેમ કરે

છે. એથી કરીને તમે તેઓની સાથે રહો છો. તે ત્યાં સુધી કે તમારાં ચરણકમળોની સેવાનો અવસર સ્વયં લક્ષ્મીજીને ક્યારેક ક્યારેક મળે છે એવા આપનાં ચરણોનો સ્પર્શ અમને પ્રાપ્ત થયો. જે દિવસે આ સૌભાગ્ય અમને મળ્યું અને તમે અમારો સ્વીકાર કરીને આનંદિત કર્યા તે દિવસથી અમે અન્ય કોઈની સામે એક ક્ષણને માટે પણ ઊભાં રહેવા અસમર્થ થઈ ગયાં છીએ. પતિ–પુત્રાદિની સેવા તો દૂર રહી છે. (૩૬)

શ્રીર્યત્પદામ્બુજરજશ્ચકમે તુલસ્યા ।
લબ્ધ્વાપિ વક્ષસિપદં કિલભૃત્યજુષ્ટમ્ ॥
યસ્યા: સ્વવીક્ષણ કૃતેઽન્યસુર પ્રયાસ –
સ્તદ્વદ્ વયં ચતવ પાદરજ: પ્રપન્ના: ॥૩૭॥

હે અમારા સ્વામી ! જે લક્ષ્મીજીનો કૃપાકટાક્ષ પ્રાપ્ત કરવાને માટે મહાન દેવતાઓ તપસ્યા કરી રહ્યા છે તે લક્ષ્મીજી તમારા વક્ષ:સ્થલમાં કોઈ પણ પ્રકારની પ્રતિદ્વન્દ્વિતા વગર (અડચણ વગર) સ્થાન પ્રાપ્ત કરી લીધા પછી પણ પોતાની શોક્ય તુલસીની સાથે તમારાં ચરણોની રજ પ્રાપ્ત કરવા માટેની અભિલાષા કર્યા કરે છે. અત્યાર સુધીના તમામ ભક્તોએ તે ચરણરજનું સેવન કર્યું છે. તેમની સમાન અમે પણ તમારી તે ચરણરજની શરણમાં આવ્ય, છીએ. (૩૭)

તન્ન: પ્રસીદ વૃજનાર્દન તેઽઙ્‌ઘ્રિમૂલં ।
પ્રાપ્તા વિસૃજ્ય વસ્તીવદુપાસ નાશા: ।
ત્વત્સુંદર સ્મિત નિરીક્ષણ તીવ્ર કામ –
તપ્તાત્મનાં પુરુષભૂષણ દેહિ દાસ્યમ્ ॥ ૩૮ ॥

ભગવન્ ! આજ સુધી જેમણે તમારાં ચરણોની સેવા લીધી, તેમનાં તમામ કષ્ટ તમે મટાડી દીધાં છે, હવે તમે અમારા પર કૃપા કરો. અમને પણ તમારા પ્રસાદનું ભાજન (અધિકારી) બનાવો. અમે તમારી સેવા કરવાની આશા અભિલાષાથી ઘર, ગામ, કુટુંબ-કબીલો વગેરે જે કોઈ હતું તે છોડીને તમારાં યુગલ (બંને) ચરણોનાં શરણમાં આવ્યાં છીએ. પ્રિયતમ, ત્યાં તો તમારી આરાધનાને માટે અવકાશ જ છે નહિ. હે પુરુષભૂષણ પુરુષોત્તમ, તમારું મધુરું હાસ્ય અને પવિત્ર દૃષ્ટિ વડે અમારા (હૃદયમાં પ્રેમ મિલનની) આકાંક્ષાની આગ ધખધખી રહી છે, અમારાં રોમેરોમ બળી રહ્યાં છે. તમે અમારી દાસીના રૂપમાં સ્વીકાર કરી લો. અને અમને તમારી સેવાનો અવસર આપો. (૩૮)

વીક્ષ્યાલકાવતમુખં તવ કુંડલશ્રી –
ગણ્ડસ્થલાધર સુધં હસિતાવલોકં ॥
દત્તાભયં ચ ભુજ દણ્ડયુગં વિલોકય ।
વક્ષ: શ્રીયૈકરમણં ચ ભવામ દાસ્ય: ॥૩૯॥

પ્રિયતમ ! તમારું સુંદર મુખકમળ, જેના પર વાંકડિયા વાળની અલકલટ ઝબકી રહી છે. તમારા એ કમનીય ગાલ, જેના પર સુંદર સુંદર કુંડળ પોતાના અનંત સૌંદર્યથી શોભી રહ્યાં છે. તમારા એ મધુર હોઠ જેવું અમૃત તે અમૃતને પણ શરમાવે તેવું છે. તમારાં એ નયનની મનોહારી દૃષ્ટિ, મંદ મંદ હાસ્યથી ઉલ્લાસવંતી થઈ રહી છે. તમારી આ બંને ભુજા જે શરણાગતોને અભયદાન દેવામાં અત્યંત ઉદાર, આ વક્ષ:સ્થલ જે લક્ષ્મીજીનાં સૌંદર્યનું એક માત્ર નિત્ય ક્રીડાસ્થળ છે. આ જોઈને અમે બધાં જ તમારી દાસી બની ગયેલ છીએ. (૩૯)

કાસ્ત્ર્યઙ્ગ તે કલપદાયત મૂર્છિતેન ।
સમ્મોહિતાऽऽર્યં ચરિતાન્ન ચલેત્ત્રિલોક્યામ્ ॥
ત્રૈલોક્ય સૌભગમિદં ચ નિરીક્ષ્ય રૂપં ।
યદ્ગોદ્વિજદ્રુમમૃગા:પુલકાન્યબિભ્રન્ ॥ ॥૪૦॥

પ્યારે શ્યામસુંદર, ત્રણે લોકમાં એવી કઈ સ્ત્રી છે, જે મધુર મધુર પદ અને આરોહઅવરોહ ક્રમપૂર્વક વિવિધ પ્રકારની મૂર્છનાઓથી (તાલ-લયથી) યુક્ત તમારી બંસરીનો ધ્વનિ સાંભળીને તથા આ ત્રિલોક સુંદર મોહિની મૂર્તિ જે પોતાના એક બૂંદ જેટલા સૌંદર્યથી ત્રિલોકિને સૌંદર્યનું દાન કરે છે. અને જેને જોઈને ગાય, પશુ, પક્ષી, વૃક્ષ અને હરણ પણ રોમાંચિત–પુલકાયમાન થઈ જાય છે. પોતાનાં નેત્રોથી નિહાળીને આર્ય મર્યાદાથી વિચલિત ન થઈ જાય ? કુલપરંપરા અને લોકલજ્જાનો ત્યાગ કરીને તમારામાં એ અનુરક્ત ન થઈ જાય ? (૪૦)

વ્યક્તં ભવાન્ વ્રજભયાર્તિ હરોઽભિજાતો ।
દેવો યથાऽऽદિપુરુષ: સુરલોક ગોપ્તા ॥
તન્નો નિધે હિ કરપઙ્કજમાર્ત બન્ધો ।
તપ્તસ્તનેષુ ચ શિરસ્સુચ કિંકરીણામ્ ॥ ૪૧॥

અમારાથી એ વાત છૂપી નથી કે જેવી રીતે ભગવાન નારાયણ દેવતાઓની રક્ષા કરે છે. તેવી રીતે જ તમે વ્રજ-મંડળનો ભય અને દુ:ખ મટાડવાને માટે પ્રગટ થયા છો. અને એ પણ સ્પષ્ટ છે કે દીન-દુ:ખીઓ પર તમારો ઘણો જ પ્રેમ, ઘણી જ કૃપા છે. પ્રિયતમ મા આ અમે પણ ઘણી દુ:ખીણી છીએ. તમારા મિલનની આકાંક્ષાની આગથી અમારાં વૃક્ષ:સ્થલ બળી રહ્યાં છે. તમે તમારી આ દાસીઓનાં વૃક્ષ:સ્થલ અને માથા પર તમારા કોમળ કરકમળ રાખીને તેને અપનાવી લો. અને અમને જીવન-દાન આપો. (૪૧)

૩. ગોપીગીત

(શ્રીમદ્‌ભાગવત, સ્કન્ધ ૧૦, અધ્યાય ૩૧ શ્લોક ૧૯)

પૂર્વપીઠિકા : પ્રણયગીત બાદ આ ગોપીગીત છે. ભગવાને હૃદયના પ્રેમથી ગોપીઓનાં આવરણ રહિત કરી દીધું. પરંતુ વિહારમાં તેમના મનમાં 'કામ' આવવા લાગ્યો. 'અહં સુખી' એવું અભિમાન આવ્યું. એ એટલા માટે આવ્યું કે પ્રિયતમ પરથી તેમની દૃષ્ટિ હટી જઈને પોતાના પર ચાલી. આ પ્રેમમાં વિઘ્ન છે. જે પોતાનામાં જ રસ લેવા લાગ્યા તે પ્રેમના અધિકારી શાના ?

શ્રી કૃષ્ણે સન્માન આપ્યું, ગોપીઓ તેમના ઈશારા પર નાચવા લાગી. ગોપીઓ એવું સમજી કે, અમારી સુંદરતા ને મધુરતાના કારણે જ આ અમારા વશમાં આવી ગયા છે.

"આત્માનંમેનિરે સ્ત્રીણાં માનિનોભ્યધિકં ભુવિ."

વિયોગ વિના સંયોગનો રસ આવતો જ નથી એ પ્રમાણે ગર્વ વિઘ્નનો નાશ કરવા તથા સુપ્રસન્ન કરવાને માટે શ્રીકૃષ્ણચન્દ્ર ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

'પ્રશમાય પ્રસાદાય તત્રૈવાન્તર ધીયત'

હવે જ્યારે ગોપીઓએ જોયું કે અમારા પ્રિયતમ અમારી વચ્ચે નથી તે વ્યાકુળ થઈ ગઈ. પોતાનું સાનભાન ભૂલી ગઈ. સંયોગના સમયે તેમના ભાવોમાં ભલે કાંઈક અંતર રહ્યું હોય, તે સઘળી વાતોમાં એક જ વાત ઈચ્છતી હતી કે 'મદનમોહન શ્રી શ્યામસુંદર જલદી પ્રગટ થાય. અને તેમની મુખચન્દ્રિકા વડે અમારા આ તાપનું શમન થાય.' આ રીતે બધાનો ભાવ, બધાનું ચિત્ત, એક થઈ જવાથી તેમના સંગીતના સૂર–સ્વર એક થઈ ગયા. તેમની હૃદ્તંત્રી ગુંજી ઊઠી.

ગોપી કહે છે :

જયતિ તેऽધિકં જન્મના વ્રજ: ।
શ્રયત ઈન્દિરા શશ્વ દત્રહિ ॥
દયિત દશ્યતાં દિક્ષુ તાવકા–
સ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ॥ ૧ ॥

ગોપીઓ વિરહ–આવેશમાં ગાવા લાગી. પ્યારે ! તમારા જન્મના કારણે વૈકુંઠ આદિ લોકમાં પણ વ્રજનો મહિમા વધી ગયો છે. તેથી તો સૌંદર્ય અને કોમળતાની દેવી લક્ષ્મીજી પોતાનું નિવાસ સ્થાન વૈકુંઠ છોડીને અહીં નિત્ય–નિરંતર નિવાસ કરવા લાગ્યાં. એમની સેવા કરવા લાગી છે. પરંતુ પ્રિયતમ જુઓ, તમારી ગોપીઓ જેમણે તમારાં ચરણોમાં જ પોતાના પ્રાણ સમર્પિત કરી દીધા છે, તે વનવનમાં ભટકીને તમને શોધી રહી છે. (૧)

શરદુદાશયે સાધુજાત સત્–
સરસિજોદર શ્રીમુષા દશા ।
સુરત નાથ તેऽશુલ્ક દાસિકા ।
વરદ નિઘ્નતો નેહ કિં વધ: ॥ ૨ ॥

અમારા પ્રેમપૂર્ણ હૃદયના સ્વામી, અમે તો તમારી મૂલ્ય વગરની દાસીઓ છીએ. તમે શરદ–કાલીન જળાશયમાં સુંદરથી પણ સુંદર કમળની કર્ણિકાના સૌંદર્યને પણ ચોરવાવાળા એવા નેત્રોથી અમને ઘાયલ કરી ચૂક્યા છો. અમારા મનોરથ પૂર્ણ કરવાવાળા હે પ્રાણેશ્વર ! શું નેત્રોથી મારવું એ વધ નથી ? શું અસ્ત્રોથી જ હત્યા કરવી એ જ વધ છે ? (૨)

વિષજલાપ્યયાદ્ વ્યાલ રાક્ષસાદ્ ।
વર્ષ મારુતાદ્ વૈદ્યુતાનલાત્ ॥
વૃષમયાત્મજાદ્ વિશ્વતોભયા–
દૃષભ તે વયં રક્ષિતા મુહુ: ॥ ૩ ॥

હે પુરુષ શિરોમણિ ! યમુનાજીના ઝેરી જળથી થનારી મૃત્યુ, અજગરના રૂપમાં ખાવાવાળો અઘાસુર, ઈન્દ્રની વર્ષા, આંધી, વીજળી, દાવાનળ, વૃષભાસુર

અને વ્યોમાસુર વગેરે અને ભિન્ન ભિન્ન અવસર પર બધા પ્રકારના ભયથી તમે વારંવાર અમારા લોકોની રક્ષા કરી છે. (૩)

ન ખલુ ગોપિકાનન્દનો ભવા-
નખિલ દેહિ નામન્તરાત્મ દૃક્ ॥
વિખન સાર્થિતો વિશ્વ ગુપ્તયે ।
સખ ઉદેયિવાન્ સાત્વતાં કુલે ॥ ૪ ॥

તમે કેવળ યશોદાનંદન નથી પરંતુ સમસ્ત શરીરધારીઓનાં હૃદયમાં રહેવાવાળા તેમના સાક્ષી છો. અંતર્યામી છો, હે સખે! બ્રહ્માજીની પ્રાર્થનાથી વિશ્વની રક્ષા કરવાને માટે તમે યદુવંશમાં અવતાર લીધો છે. (૪)

વિર ચિતાભયં વૃષ્ણિ ધુર્ય તે ।
ચરણામીયુષાં સંસૃતેર્ભયાત્ ॥
કરસરોરુહં કાન્ત કામદં ।
શરસિ ધેહિ નઃ શ્રી કરગ્રહમ્ ॥ ૫ ॥

પોતાના પ્રેમીઓની અભિલાષા પૂર્ણ કરવાવાળામાં અગ્રગણ્ય, એવા હે યદુવંશ-શિરોમણિ! જે લોકો જન્મ-મૃત્યુરૂપ સંસારના ચક્કરથી ડરીને તમારાં ચરણોનું શરણ ગ્રહણ કરે છે, તેમને તમારાં કર-કમળ પોતાની છત્રછાયામાં લઈને અભય કરી દે છે. અમારા પ્રિયતમ, બધાની લાલસા-અભિલાષાઓને પૂર્ણ કરવાવાળાં જે કર-કમળ છે. અને જેનાથી તમે લક્ષ્મીજીનો હાથ પકડયો છે, તે હાથ અમારા માથા પર મૂકી દો. (૫)

વ્રજજનાર્તિહન્ વીર યોષિતાં- ।
નિજજન સ્મય ધ્વંસન સ્મિત ॥
ભજ સખે ભવત્કિંકરીઃ સ્મનો
જલરુહાનનં ચારુ દર્શય ॥ ૬ ॥

વ્રજવાસીઓનાં દુઃખ દૂર કરવાવાળા વીર શિરોમણિ શ્યામસુંદર! તમારા મંદમંદ હાસ્યની એક ઉજજવળ રેખા જ તમારા પ્રેમીજનોના તમામ માન-મદના ચૂરેચૂરા કરી દેવામાં પર્યાપ્ત છે. અમારા પ્યારા સખા! અમારાથી નારાજ થાવ નહિ. પ્રેમ કરો. અમે તો તમારી દાસી છીએ. તમારાં ચરણો પર સમર્પિત છીએ. અમે અબળાઓ છીએ, આપ આપનું પરમ સુંદર શ્યામ મુખકમળ બતાવો. (૬)

પ્રણત દેહિનાં પાપકર્શનં ।
તૃણચરાનુગં શ્રી નિકેતનમ્ ॥
ફણિફણાર્પિતં તે પદામ્બુજં ।
કૃણુ કુચેષુ નઃ કૃન્ધિહૃચ્છયમ્ ॥ ૭ ॥

તમારાં ચરણકમળ તો શરણાગત પ્રાણીઓનાં તમામ પાપોનો નાશ કરી દે છે. તે સમસ્ત સૌંદર્ય-માધુર્યની ખાણ છે. અને સ્વયં લક્ષ્મીજી પણ તેમની સેવા કરી રહી છે. તમે તે જ ચરણોથી અમારાં વાછરડાંઓની પાછળ પાછળ ચાલો છો. અને અમારે માટે તો તમે સાપની ફેણો સુધી પણ સંકોચ રાખ્યો નથી. અમારું હૃદય તમારી વિરહ-વ્યથાની આગમાં બળી રહ્યું છે. તમને મળવાની આકાંક્ષા અમને સતાવી રહી છે. તમે તમારાં એ જ ચરણ અમારા વક્ષઃસ્થલ પર રાખીને અમારા હૃદયની જ્વાળાને શાંત કરી દો. (૭)

મધુરયા ગિરા વલ્ગુવાક્યયા ।
બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ ॥
વિધિ કરીરિમા વીર મુહ્યતી-
રધર સીધુનાઽઽપ્યાય યસ્વ નઃ ॥ ૮ ॥

હે કમળનયન! તમારી વાણી કેટલી મધુર છે! તેનું એક એક પદ, એક એક શબ્દ, એક એક અક્ષર, તો મધુરાતિમધુર છે. મોટા મોટા વિદ્વાન તેમાં તદ્રૂપ થઈ જાય છે. તેના પર પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દે છે. તમારી એવી વાણીનું રસાસ્વાદન કરીને તમારી આ આજ્ઞાકારિણી દાસી ગોપીઓ મોહિત થઈ રહી છે. હે દાનવીર, હવે તમે તમારો મધુર દિવ્ય અધર-રસ પીવડાવીને અમને જીવનનું દાન આપો. (૮)

તવ કથામૃતં તપ્ત જીવનં ।
કવિભિરીડિતં કલ્મષાપહમ્ ॥
શ્રવણ મઙ્ગલં શ્રીમદાતતં ।
ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ ॥ ૯ ॥

પ્રભુ! તમારી લોકકથા પણ અમૃત સ્વરૂપા છે. વિરહવ્યથાએ સતાવેલા લોકો માટે તો તે સર્વસ્વ-જીવન જ છે. મોટા મોટા જ્ઞાની મહાત્માઓ,-ભક્ત-કવિઓએ તેનું ગાન કર્યું છે. તે તમામ પાપ-તાપ મિટાવે છે. પણ સાથે સાથે શ્રવણમાત્રથી પરમ મંગલ, પરમ કલ્યાણનું દાન પણ કરે છે. તે પરમ સુંદર, પરમ મધુર અને ખૂબ જ વિસ્તૃત પણ છે. જે તમારી તે લીલા-કથાનું ગાન કરે છે. વાસ્તવમાં તો આ ભૂલોકમાં (પૃથ્વીમાં) તેઓ જ સર્વથી મહાન દાતા છે. (૯)

પ્રહસિતં પ્રિય પ્રેમવીક્ષણં ।
વિહરણં ચ તે ધ્યાન મઙ્ગલમ્ ॥
રહસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ ।
કુહક નો મનઃ ક્ષોભયન્તિ હિ ॥ ૧૦ ॥

પ્યારા! એક દિવસ એવો હતો કે જ્યારે તમારું પ્રેમભરેલું હાસ્ય તથા દષ્ટિ તથા તમારી જાતજાતની ક્રીડાઓનું મંગલદાયી ધ્યાન કરીને અમે આનંદમાં મગ્ન થયા કરતી હતી. ત્યાર બાદ તમે મળ્યા. તમે એકાંતમાં હૃદય સ્પર્શી મશ્કરીઓ કરી. પ્રેમની વાતો કરી. ત્યારે હે કપટી મિત્ર! હવે તે બધી વાતો યાદ આવતાં અમારા મનને ક્ષુબ્ધ કરી દે છે. (૧૦)

ચલસિ યદ્ વ્રજાચ્ચારયન્ પશૂન્ ।
નલિન સુન્દરં નાથ તે પદમ્ ॥
શિલતૃણાઙ્કુરૈઃ સીદતીતિ નઃ
કલિલતાં મનઃ કાન્ત ગચ્છતિ ॥ ૧૧ ॥

અમારા પ્યારા સ્વામી! તમારાં ચરણ તો કમળથી સુકોમળ અને સુંદર છે. જ્યારે તમે ગાયોને ચરાવવા માટે વ્રજથી નીકળો છો ત્યારે અમે એવું વિચારીએ છીએ કે તમારાં કોમળ યુગલ ચરણોને કાંકરા, કાંટા, દાભડો વગેરે લાગી જવાથી કષ્ટ પડતું હશે, તેથી અમારું મન બેચેન થઈ જાય છે. અમને ઘણું દુઃખ થાય છે. (૧૧)

દિન પરિક્ષયે નીલ કુન્તલૈ-
ર્વનરુહાનનં બિભ્રદા વૃતમ્
ઘનરજ સ્વલં દર્શયન્ મુહુ-
ર્મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ ॥ ૧૨ ॥

દિવસ ઢળી જતાં જ્યારે તમે વનમાંથી ઘર તરફ પાછા આવો છો ત્યારે અમે જોઈએ છીએ કે તમારા મુખ-કમળ પર નીલી નીલી અલક લટો લટકી રહી હોય છે. અને તેના ઉપર ગાયોની ખરીઓથી ઊડી ઊડીને ઘણી ધૂળ પડેલી હોય છે. અમારા વીર પ્રિયતમ! તમે તમારું તે સૌંદર્ય અમને બતાવી બતાવીને અમારા હૃદયમાં મિલનની આકાંક્ષા-પ્રેમ ઉત્પન્ન કરો છો (૧૨)

પ્રણત કામદં પદ્મજાર્ચિતં ।
ધરણિ મણ્ડનં ધ્યેયમાપદિ ॥
ચરણ પઙ્કજં શન્તમં ચતે,
રમણ નઃ સ્તનેષ્વર્પયાધિહન્ ॥ ૧૩ ॥

પ્રિયતમ! એકમાત્ર તમે જ અમારા સર્વ દુઃખોને મટાડનાર છો. તમારાં ચરણકમળ શરણાગત ભકતોની સમસ્ત અભિલાષાઓને પૂર્ણ કરવાવાળા છો. સ્વયં લક્ષ્મીજી તેમની સેવા કરે છે. અને પૃથ્વીનું તો તે ભૂષણ જ છે. આપત્તિના સમયે એકમાત્ર તેમનું જ ચિંતન કરવું ઉચિત છે. જેનાથી તમામ આપત્તિઓ દૂર થઈ જાય છે. હે કુંજવિહારી! તમે તમારા એ પરમ કલ્યાણ સ્વરૂપ ચરણકમળ અમારા વક્ષઃસ્થલ પર રાખીને હૃદયની વ્યથાને શાન્ત કરી દો. (૧૩)

સુરતવર્ધનં શોકનાશનં
સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ ॥
ઈતરરાગ વિસ્મારણં નૃણાં ।
વિતર વીર નસ્તેઽધરા મૃતમ્ ॥ ૧૪ ॥

હે વીર શિરોમણિ! તમારું અધર-અમૃત તો મિલનના સુખને અને આકાંક્ષાઓને વધારનારું છે. તે વિરહ જન્ય સમસ્ત શોક-સંતાપને નષ્ટ કરી દે છે. તે ગાવાવાળી વાંસળી તો તેને સારી રીતે ચૂમે છે. જેમણે એક વાર તેનું પાન કરી લીધું તે લોકોને પછી બીજી કે બીજાઓની આસકિતઓનું સ્મરણ પણ થતું નથી. હે અમારા વીર! તમારું એ અધરામૃતનું વિતરણ અમને કર્યા કરો. તેનું પાન કરાવો (૧૪)

અટતિ યદ્ ભવાનહ્નિ કાનનં ।
ત્રુટિર્યુગાયતે ત્વામ પશ્યતામ્ ।
કુટિલ કુન્તલં શ્રીમુખં ચ તે ।
જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દૃશામ ॥ ૧૫ ॥

હે પ્યારે! દિવસના સમયે તમે જ્યારે વનમાં વિહાર કરવા માટે ચાલ્યા જાવ છો ત્યારે તમને જોયા વગર અમારે માટે એક ક્ષણ યુગની સમાન થઈ જાય છે. અને જ્યારે તમે સંધ્યાના સમયે પાછા આવો

છો ત્યારે તથા તમારી વાંકડિયા વાળવાળી અલક લટો-થી યુક્ત તમારું પરમ સુંદર મુખારવિંદ અમે જોઈએ છીએ એ વખતે એક પલકારો પણ બંધ કરવો અમારે માટે ભાર રૂપ થઈ જાય છે. અને એવું જણાય છે કે આ નેત્રોની પલકો બનાવવાવાળા મૂર્ખ છે.(૧૫)

પતિ સુતાન્વય ભ્રાતૃબાન્ધવા–
નતિવિલઙ્ધ્ય તેઽન્ત્યચ્યુતાગતાઃ ॥
ગતિ વિદસ્તવોદ્ગ ગીત મોહિતાઃ ।
કિતવ યોષિતઃ કસ્ત્યજેન્નિશિ ॥ ૧૬ ॥

પ્યારે શ્યામસુંદર! અમે અમારા પતિ, પુત્ર, ભાઈ–બંધુ અને કુળ–પરિવારનો ત્યાગ કરીને તેમની ઈચ્છા અને આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તમારી પાસે આવેલ છીએ. અમે તમારી મધુર ગાનની ગતિ સમજીને તેનાથી મોહિત થઈને અહીં આવેલ છીએ. હે કપટી, આ પ્રકારે રાત્રિના સમયે આવેલી યુવતીઓનો તમારા સિવાય બીજો કોણ ત્યાગ કરી શકે છે? (૧૬)

રહસિ સંવિદં હચ્છયોદયં ।
પ્રહસિતાનનં પ્રેમવીક્ષણમ્ ॥
બૃહદુરઃ શ્રિયો વીક્ષ્ય ધામ તે ।
મુહુરતિસ્પૃહા મુહ્યતે મનઃ ॥ ૧૭ ॥

હે પ્યારે! એકાન્તમાં તમે મિલનની આકાંક્ષાને પ્રેમભાવને જગાડનારી વાતો કરતા હતા. ઉપહાસ મશ્કરી કરીને અમને છેડતા હતા. તમે પ્રેમભરી દૃષ્ટિથી અમારી તરફ જોઈને હાસ્ય કરતા હતા. અને અમે જોતાં હતાં તમારું એ વિશાળ વક્ષઃસ્થળ! જેના પર લક્ષ્મીજી નિત્ય ને નિરંતર નિવાસ કરે છે. ત્યારથી તે અત્યાર સુધી નિરંતર અમારી લાલસા તો વધતી જ રહી છે અને અમારું મન મુગ્ધ થતું જ રહ્યું છે. (૧૭)

વ્રજવનૌકસાં વ્યક્તિરઙ્ગતે ।
વૃજિન હન્ત્યલં વિશ્વ મઙ્ગલમ્ ॥
ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં
સ્વજનહૃદ્રુજાં યન્નિષૂદનમ્ ॥ ૧૮ ॥

હે પ્રિય! તમારી એ અભિવ્યક્તિ વ્રજ–વનવાસીઓનાં સંપૂર્ણ દુઃખ–તાપનો નાશ કરવાવાળી અને વિશ્વનું પૂર્ણમંગલ કરવાને માટે છે. અમારું હૃદય તમારા તરફ લાલસાથી ભરેલું છે. કોઈ થોડી સરખી એવી ઔષધિ આપો જે તમારા નિજ જનોનાં હૃદય રોગને સર્વ રીતે નિર્મૂળ કરી દે. (૧૮)

યત્તે સુજાત ચરણામ્બુરુહં સ્તનેષુ ।
ભીતાઃ શનૈઃ પ્રિયદધીમહિ કર્કશેષુ ॥
તેનાટવીમટસિ તદ્વ્યથતે ન કિં સ્વિત્ ।
કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવ દાયુષાં નઃ ॥ ૧૯ ॥

તમારાં ચરણ તો કમળથી પણ સુકુમાર છે. તેને અમે અમારાં કઠોર સ્તનો પર પણ ડરતાં ડરતાં બહુ જ ધીરે ધીરે રાખીએ છીએ કે કદાચ કાંઈ તેને ચોટ (આઘાત) ન લાગી જાય! તે ચરણો વડે તમે રાત્રિના સમયે ઘોર જંગલમાં છૂપા છૂપા ભટકી રહ્યા છો. શું કાંકરા, પથ્થર, આદિથી આઘાત લાગવાથી તમને પીડા થતી નથી? અમને તો તેની સંભવના માત્રથી જ ચક્કર આવી રહ્યાં છે. અમે તો અચેતન થતાં જઈએ છીએ હે શ્રીકૃષ્ણ! શ્યામસુંદર! પ્રાણનાથ! અમારું જીવન તમારા માટે જ છે. અમે તમારા માટે જ જીવી છીએ. અમે તમારાં જ છીએ. (૧૯)

૪. યુગલગીત

(શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૦, અધ્યાય ૩૫
શ્લોક ૧ થી ૨૬)

પૂર્વપીઠિકા : ગોપીઓનો જે અનન્ય પ્રેમ ભગવાન શ્રીકૃષ્ણમાં છે, તેને માટે આ યુગલ ગીત તેનું એક પ્રમાણ છે. તેમનું ચિત્ત અહર્નિશ પ્રિય-તમના ચિંતનમા લીન છે. શ્રીકૃષ્ણ જ્યાં સુધી ઘેર છે ત્યાં સુધી તો તેઓ તેમનું દર્શન કરતી જ રહે છે. પરંતુ જ્યારે તે બહાર ગાયો ચારવા માટે ચાલ્યા જાય છે, ત્યારે પણ તેઓ તેમના સંબંધમાં જ ચિંતન કરે છે અને વિચાર કરતી રહે છે. તેમના સ્વરૂપનું ચિંતન તથા તેમની લીલાઓનું ગાન કરે

છે. તેમના હૃદય–પટ પર ભાવોની આ ચિત્રશૃંખલા આ પ્રકારે અંકિત રહેલી હતી.

શ્રી શુકદેવ કહે છે :

ગોપ્યઃ કૃષ્ણે વનં યાતે તમનુદ્રુત ચેતસઃ ।
કૃષ્ણલીલાઃ પ્રગાયન્ત્યો નિન્યુર્દુઃખેન વાસરાન્ ॥ ૧ ॥

શ્રી શુકદેવજી કહે છે, "હે પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણ ગાયોને ચરાવવા માટે દરરોજ વનમાં ચાલ્યા જાય તેની સાથે ગોપીઓનું ચિત્ત પણ ચાલ્યું જતું હતું. તેમનું મન શ્રીકૃષ્ણનું ચિંતન કરતું રહેતું અને તેઓ વાણીથી તેમની લીલાઓનું ગાન કરતી રહેતી હતી. આ રીતે તેઓ ઘણી કઠિનતાથી પોતાના દિવસ વિતાવતી હતી. (૧)

ગોપીઓ કહે છે :

વામબાહુ કૃત વામ કપોલો ।
વલ્ગિત ભ્રુરધરાર્પિત વેણુમ્ ॥
કોમલાઙ્ગુલિભિરાશ્રિત માર્ગં ।
ગોપ્ય ઈરયતિ યત્ર મુકુન્દઃ ॥ ૨ ॥

વ્યોમયાનવનિતાઃ સહ સિદ્ધૈ–
ર્વિસ્મિતાસ્તદુપધાર્ય સલજ્જાઃ ।
કામમાર્ગણ સમર્પિત ચિત્તાઃ
કશ્મલં યયુરપસ્મૃત નીવ્યઃ ॥ ૩ ॥

ગોપીઓ અંદરોઅંદર કહે છે, અરે સખી, પોતાના પ્રેમીજનોને પ્રેમ વિતરણ કરવાવાળા, અને દ્વેષ કરવાવાળા સુધી તો મોક્ષ આપી દેનારા શ્યામ સુંદર, નટનાગર જ્યારે પોતાના ડાબા ગાલને ડાબી બાજુની બાંય પર લટકાવી દે છે. અને પોતાની આંખની ઉપરના વાળનો ગુચ્છ હાલતો કરીને વાંસળીને હોઠો સાથે લગાવે છે તથા પોતાની સુકુમાર આંગળી-ઓને તેનાં કાણાં (છિદ્રો) પર ફેરવીને મધુર તાન છોડે છે; તે વખતે સિદ્ધપત્નીઓ આકાશમાં પોતાના પતિ સિદ્ધગણોની સાથે વિમાનો પર ચઢીને આવી જાય છે અને એ તાન-સૂરને સાંભળીને અત્યંત ચકિત તથા વિસ્મય થઈ જાય છે. પહેલાં તો તેમણે પોતાના પતિઓ સાથે રહેવા છતાં પણ ચિત્તની આવી દશા જોઈને લજ્જા માલૂમ પડે છે, પરંતુ ક્ષણભરમાં જ તેમનું ચિત્ત પ્રેમ–બાણથી વિંધાઈ જાય છે. તેઓ વિવશ અને અચેત થઈ જાય છે. તેમને એ વાતની ખબર પણ રહેતી નથી કે તેમની ઊંઘ ઊડી ગઈ છે અને તેમનાં વસ્ત્ર સરકી ગયાં છે. (૨ અને ૩)

હન્તચિત્રમબલાઃ શ્રૃણુતે દં ।
હારહાસ ઉરસિ સ્થિર વિદ્યુત્ ॥
નન્દ સૂનુરયમાર્ત જનાનાં ।
નર્મદો યર્હિ કૂજિત વેણુઃ ॥ ૪ ॥

બૃન્દ શો વ્રજ વૃષા મૃગગાવો ।
વેણુ વાદ્યહૃતચેતસા આરાત્ ॥
વન્ત દષ્ટકવલા ધૃતકર્ણા
નિદ્રિતા લિખિત ચિત્રમિવાસન્ ॥ ૫ ॥

અરે ગોપીઓ! તમે આ આશ્ચર્યની વાત સાંભળો. આ નંદનંદન કેવા સુંદર છે! જ્યારે તે હસે છે ત્યારે હાસ્યરેખાઓ હારનું રૂપ ધારણ કરી લે છે. શુભ્ર મોતી જેવા ચમકે છે. અરે વીર! તેમના વક્ષઃસ્થલ પર લહેરાતા હારમાં હાસ્યનાં કિરણો ચમકવા લાગે છે. તેમના વક્ષઃસ્થલ પર શ્રીવત્સની સોનેરી રેખા છે. તે તો જણાય છે કે જાણે શ્યામ મેઘ પર વીજળી જ સ્થિર રૂપથી બેઠી હોય! તે જ્યારે દુઃખી માણસોને સુખ આપવાને માટે, અને વિયોગિનીઓના મૃતક શરીરમાં સંચાર કરવા માટે વાંસળી બજાવે છે ત્યારે વ્રજના ટોળેટોળાં બળદ, ગાયો અને હરણ તેમની પાસે જ દોડી જાય છે. કેવળ આવતાં જ નથી પણ દાંતોથી ખાધેલા ઘાસનો કોળિયો તેમના મોંમાં જેમ હતો તેમ પડ્યો રહે છે, તે તો અંદર ઉતારતા નથી કે નથી બહાર કાઢતા. બન્ને કાન ઊભા કરીને આ પ્રકારે સ્થિર ભાવથી ઊભા થઈ જાય છે. જાણે સૂઈ ગયા હોય અથવા કેવળ ભીંત પર ચીતરેલ ચિત્ર હોય. તેમની આવી

દશા હોવાનું સ્વાભાવિક છે કારણ કે આ વાંસળીના સૂર તેમના ચિત્તને ચોરી લે છે. (૪ અને ૫)

બર્હિણસ્તબકધાતુ પલાશૈ—
બદ્ધ મલ્લપરિબર્હ વિડમ્બ: ॥
કર્હિચિત્ સબલ આલિ સ ગોપ—
ર્ગા: સમાહ્વયતિ યત્ર મુકુન્દ: ॥ ૬ ॥

તર્હિ ભગ્નગતય: સરતો વૈ ।
તત્પદામ્બુજ રજોઽનિલ નીતમ્ ॥
સ્પૃહયતીર્વયમિવા બહુપુણ્યા: ।
પ્રેમ વેપિત ભુજા: સ્તિમિતાપ: ॥ ૭ ॥

હે સખી! જયારે તે નંદના લાડલા લાલ પોતાના માથા પર મોરનાં પીંછાંનો મુગટ બાંધી લે છે. વાંકડિયા વાળની અલકલટોમાં ફૂલના ગુચ્છ ખોસી લે છે, રંગીન ધાતુઓથી પોતાનાં અંગેઅંગ રંગી લે છે અને નવાં નવાં પાંદડાઓથી એવો વેષ સજાવે છે જેમ કોઈ ઘણો જ મોટો પહેલવાન હોય! પછી બલરામજી તથા ગોપબાળકોની સાથે વાંસળીમાં ગાયોનાં નામ લઈને તેમને બોલાવે છે તે વખતે હે પ્યારી સખીઓ! નદીઓનો પ્રવાહ–ગતિ પણ રોકાઈ જાય છે તે ઇચ્છે છે કે વાયુ અમને ઉડાડીને અમારા પ્રિયતમનાં ચરણોની ધૂળ અમારી પાસે પહોંચાડી દે છે. અને તેને પ્રાપ્ત કરીને અમે ભાગ્યશાળી થઇ જઈએ. પરંતુ સખીઓ! તે પણ અમારા જેવી મંદ ભાગ્યવાળી છે. જેવી રીતે નંદનંદન શ્રીકૃષ્ણનું આલિંગન કરતી વખતે અમારી ભુજાઓ કંપી જાય છે અને જડતારૂપ સંચારી ભાવનો ઉદય થઈ જવાથી અમે અમારા હાથોને પણ હલાવી શકતાં નથી. તેવી રીતે જ પ્રેમના કારણે કંપવા–ધ્રૂજવા લાગે છે. બે–ચાર વખત પોતાની ધ્રૂજતી તરંગરૂપ ભુજાઓને ઉપાડે છે તો અવશ્ય પરંતુ પછી તો વિવશ થઈને સ્થિર થઈ જાય છે. પ્રેમાવેશથી સ્તંભિત થઈ જાય છે. (૬-૭)

અનુચરૈ: સમનુવર્ણિત વીર્ય ।
આદિપુરુષ ઇવાચલ ભૂતિ: ॥
વનચરો ગિરિતટેષુ ચરન્તી—
ર્વેણુનાઽઽહ્વયતિ ગા: સ યદાહિ ॥ ૮ ॥

વનલત સ્તરવ આત્મનિ વિષ્ણું ।
વ્યઞ્જયન્ત્ય ઇવપુષ્પફલાઢ્યા: ॥
પ્રણતભાર વિટપા મધુધારા: ।
પ્રેમહૃષ્ટ તનવ: સસૃજુ: સ્મ ॥ ૯ ॥

અરે વીર! જેવી રીતે દેવતા લોકો અનન્ત અને અચિન્ત્ય ઐશ્વર્યોના સ્વામી ભગવાન નારાયણની શક્તિઓનું ગાન કરે છે, તેવી રીતે જ ગોપાળબાળ અનંત સુંદર નટનાગર શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન કરતા રહે છે. તેઓ અચિન્ત્ય ઐશ્વર્યસંપન્ન શ્રીકૃષ્ણ જ્યારે વૃંદાવનમાં વિહાર કરતા હોય છે અને વાંસળી બજાવી ગિરિરાજ ગોવર્ધનની તળેટીમાં ચરતી ગાયોનું નામ લઈને બોલાવે છે, તે વખતે વનનાં વૃક્ષો અને લતાઓ ફૂલ અને ફળોથી લદાઈ જાય છે. તેમના ભારથી ડાળીઓ ઝૂકી જઈને ધરતીને અડકી જાય છે. જાણે પ્રણામ કરી રહી હોય! તે વૃક્ષો અને લતાઓ પોતાની અંદર વિષ્ણુની અભિવ્યક્તિ સૂચિત કરતી હોય એવી પ્રેમથી ફુલાઈ ઊઠે છે. તેમનાં રોમેરોમ ખીલી ઊઠે છે અને તમામ મધુની ધારાઓ ઊછળવા લાગે છે. (૮–૯)

દર્શનીય તિલકો વનમાલા—
દિવ્યગન્ધતુલ સોમ મધુમત્તૈ ॥
અલિકુલૈરલઘુગીતમભીષ્ટ—
માદ્રિયન્ યર્હિ સન્ધિત વેણુ: ॥ ૧૦ ॥

સરસિ સારસ હંસ વિહંગા—
શ્ચારુગીતહૃતચેતસ એત્ય ॥
હરિમુપાસત તે યતચિત્તા
હન્તમીલિત દશા ધૃત મૌના: ॥ ૧૧ ॥

અરે સખી, સંસારમાં જેટલી વસ્તુઓ છે અને જેટલી તેની બહાર જોવા યોગ્ય છે, તેમાં સૌથી મધુર, સૌથી સુંદર અને સૌના શિરોમણી તો આ અમારા મનમોહન છે. તેમના શ્યામ લલાટ પર ખદીર વૃક્ષની કેસરી આડ કેવી વ્યંગ કરે છે! ગળામાં પહેરેલી ઘૂંટણ સુધી લટકતી વનમાળાને તો બસ જોતા જ જાવ અને તેમાં પરોવેલી તુલસીની દિવ્ય ગંધ અને મધુથી પણ મધુર મતવાલા બનીને ભમરાઓનાં ટોળેટોળાં ઘણાં જ મનોહર લાગે છે અને ઊંચા સ્વરથી ગુંજારવ કરતા રહે છે. આપણા નટનાગર શ્યામસુંદર ભમરાઓના તે ગણગણાટનો આદર કરે છે અને તેમના સ્વરને મિલાવીને પોતાની વાંસળીમાં ફૂંકવા લાગે છે. તે સમયે હે સખી, તે મુનિજન મોહક સંગીતને સાંભળીને સરોવરમાં રહેવાવાળા સારસ, હંસ વગેરે પક્ષીઓનું ચિત્ત તેમના હાથમાં રહેતું નથી. જુદું થઈ જાય છે. તેઓ વિવશ થઈને પ્યારા શ્યામસુંદરની પાસે આવીને બેસે છે. તથા આંખો બંધ કરીને, ચૂપચાપ બેસી એકાગ્ર ચિત્તે તેમની આરાધના કરવા લાગે છે જાણે કોઈ વિહંગમ–વૃત્તિના રસિક પરમહંસી જ ન હોય! કહો તો ખરા આ કેવી આશ્ચર્યની વાત છે. (૧૦-૧૧)

સહબલ: સ્રગવતંસ વિલાસ: ।
સાનુષુ ક્ષિતિભૃતે વ્રજદેવ્ય: ॥
હર્ષયન્ યર્હિ વેણુરવેણ ।
જાત હર્ષ ઉપરમ્ભતિ વિશ્વમ્ ॥ ૧૨ ॥

મહદતિ ક્રમણ શઙ્કિત ચેતા ।
મન્દ મન્દ મનુ ગર્જતિ મેઘ: ॥
સુહૃદમભ્યવર્ષત્ સુમનોભિ—
શ્છાયયા ચ વિદ્ધત્ પ્રતપત્રમ્ ॥ ૧૨ ॥

અરે વ્રજદેવીઓ! અમારા શ્યામસુંદર જયારે પુષ્પોનાં કુંડળ બનાવીને પોતાના કાનોમાં ધારણ કરી લે છે અને બલરામજીની સાથે ગિરિરાજના શિખરો પર ઊભા રહીને સમગ્ર જગતને આનંદ આપતી વાંસળી બજાવવા લાગે છે. એ વાંસળી એવી બજાવે છે કે એના ધ્વનિ દ્વારા સમગ્ર વિશ્વને આલિંગન કરવા લાગે છે તે શ્યામ મેઘ (વાદળ) વાંસળીના તાનની સાથે મંદ મંદ ગરજવા લાગે છે. તેના ચિત્તમાં એ વાતની શંકા થતી રહે છે કે કાંઈક હું જોરથી ગર્જના કરી બેસું અને કદાચ વાંસળીના તાનથી વિપરિત બની જાય અને બેસૂરાપણું થઈ જાય! તો મારાથી શ્રીકૃષ્ણનો અપરાધ થઈ જાય.

હે સખી! તે એટલું જ નથી કરતા પરંતુ તે જયારે જુએ છે કે અમારા સખા ઘનશ્યામને ઘામ થઈ રહ્યો છે ત્યારે તે તેમના પર આવીને છાયા કરી લે છે. અર્થાત્ છત્રીરૂપે બની જાય છે. અરે વીર, તે તો પ્રસન્ન થઈને ઘણા જ પ્રેમથી તેમનાં ઉપર પોતાનું જીવન સમર્પણ કરી દે છે. નાનાં નાનાં ફોરાં રૂપે એવું વરસવા લાગે છે, જાણે દિવ્ય પુષ્પોની વર્ષા કરી રહ્યા હોય! કયારેક કયારેક વાદળાંઓની ઘટાઓમાં છુપાઈને દેવતાલોક પણ પુષ્પવર્ષા કરતાં રહે છે. (૧૨–૧૩)

વિવિધગોપ ચરણેષુ વિદગ્ધો ।
વેણુવાદ્ય ઉરુધા નિજશિક્ષા: ॥
તવ સુત: સતિ યદાધરબિમ્બે ।
દત્તવેણુરનયત્ સ્વરજાત: ॥ ૧૪ ॥

સવનશસ્ત દુપધાર્ય સુરેશા: ।
શક્રશર્વ પરમેષ્ઠિપુરોગા: ॥
કવય આનતકન્ધર ચિત્તા: ।
કશ્મલં યયુર નિશ્ચિત તત્ત્વા: ॥ ૧૫ ॥

સતી શિરોમણી યશોદાજી! તમારા સુંદર કુમાર ગોપબાલકોની સાથે રમત રમવામાં ઘણા જ નિપુણ છે. રાણીજી! તમારા લાડલા લાલ બધાના પ્યારા તો છે જ, બહુ જ ચતુર પણ છે. તેમને વાંસળી બજાવતાં કોઈએ શીખવ્યું નથી. જાતે જ અનેક પ્રકારની રાગ–રાગણીઓ શોધી છે. જયારે તેઓ પોતાના બિમ્બફળ જેવા લાલ–લાલ હોઠ પર વાંસળી રાખીને ઋષભ, નિષદ, આદિ સ્વરોની અનેક જાતિના રાગ બજાવવા લાગે છે તે વખતે વાંસળીની પરમ મોહિનીની નવી નવી તાન સાંભળીને બ્રહ્મા, શંકર, ઇંદ્ર, મોટા મોટા દેવતા જે સર્વજ્ઞ છે છતાં પણ તેને જાણી શકતા નથી, તેઓ એટલા બધા મોહિત થઈ જાય છે કે તેમનું ચિત્ત તો તેમના (બંસી) રોકવા છતાં પણ તેમના હાથથી નીકળેલ વાંસળીના ધ્વનિમાં લીન જ થઈ જાય છે અને તેઓ પોતાનું સાન–ભાન ભૂલી જઈને તન્મય થઈ જાય છે. (૧૪–૧૫)

નિજપદાબ્જ દલૈર્ધ્વજ વજ્ર ।
નીરજાઙ્કુશ વિચિત્ર લલામે: ।।
વ્રજભુવ: શમયન્ ખુરતો દં ।
વર્ષ્મધુર્ય ગતિરીરિત વેણુ: ।। ૧૬ ।।
વ્રજતિ તેન વયં સવિલાસ–
વીક્ષણાર્પિત મનોભવ વેગા: ।।
કુજગતિં ગમિતા ન વિદામ: ।
કશ્મલેન કબરં વસનં વા ।। ૧૭ ।।

અરે વીરા! તેમનાં ચરણ–કમળોમાં ધ્વજા, વ્રજ કમલ, અંકુશ વગેરે વિચિત્ર અને સંદર સુંદર ચિત્ર છે. જ્યારે વ્રજભૂમિ ગાયોની ખરીઓથી ખૂંદી જાય ત્યારે તેઓ પોતાનાં સુકુમાર ચરણો વડે તેની પીડા મિટાવીને ગજરાજની સમાન મંદ ગતિથી આવે છે. અને વાંસળી પણ બજાવતા રહે છે.

તે વાંસળીનો ધ્વનિ અને તેમની ચાલવાની ગતિ, તથા તે વિલાસ ભરેલી દૃષ્ટિ અમારા હૃદયમાં પ્રેમની સાથે જ મિલનની આકાંક્ષાનો આવેગ વધારી દે છે. અમે તે સમયે એટલી મુગ્ધ, એટલી મોહિત થઈ જઈએ છીએ કે હલતી નથી કે ડોલતી પણ નથી હોતી. જાણે અમે જડ વૃક્ષ હોય! અમને તો એ વાતની પણ ખબર પડતી નથી કે અમારો ચોટલો છૂટી ગયો કે બાંધેલો જ છે! અમારા શરીર પરનું વસ્ત્ર ઊતરી ગયું છે કે યથા સ્થાને છે! (૧૬–૧૭)

મણિધર કવચિદા ગણયન્ ગા ।
માલયા દયિતગન્ધ તુલસ્યા: ।।
પ્રણયિનોડનુચરસ્ય કદાં સે,
પ્રક્ષિપન્ ભુજમગાયત યત્ર ।।૧૮।।

કવણિત્ વેણુરવ વઞ્ચિત ચિત્તા: ।
કૃષ્ણમન્વ સત કૃષ્ણ ગૃહિણ્ય: ।।
ગુણગણાણમનુગત્ય હરિણ્યો ।
ગોપિકા ઈવ વિમુક્ત ગૃહાશા: ।।૧૯।।

અરે વીર ! તેમના ગળામાં રહેલી મણિઓની માળા ઘણી જ સુંદર માલૂમ પડે છે. તુલસીની મીઠી સુવાસ તેમને ઘણી જ પ્યારી લાગે છે. તેથી તો તુલસીની માળાને તો તેઓ કયારેય છોડતા નથી, સદા ધારણ કરતા રહે છે. જ્યારે તે શ્યામસુંદર તે મણિઓની માળાથી ગાયોની ગણતરી કરતાં કરતાં કોઈ પ્રેમી સખાના ગળામાં બાંય નાખી દે છે અને ભાવ બતાવી વાંસળી બજાવતાં બજાવતાં ગાવા લાગે છે. તે વખતે બજતી એવી વાંસળીના મધુર સ્વરથી મોહિત થઈને કૃષ્ણસાગર મૃગોની પત્ની હરણીઓ પણ પોતાનું ચિત્ત તેમનાં ચરણોમાં આરોપિત કરી દે છે. અને જેવી રીતે અમે ગોપીઓ પોતાનાં ઘર અને ગૃહસ્થીની આશા–અભિલાષા છોડીને ગુણસાગર નાગર નન્દનંદનના ઘેર જ રહે છે, તેવી રીતે જ તેઓ પણ તેમની પાસે દોડતી આવે છે. અને ત્યાં એકીટસે જોતી જોતી ઊભી રહે છે, અને પાછા જવાનું નામ પણ લેતી નથી. (૧૮–૧૯)

કુન્દ દામ કૃત કૌતુક વેષો ।
ગોપ ગોધન વૃતો યમુનાયામ્ ।।
નન્દ સુનૂર ન ઘે તવ વત્સો ।
નર્મંદ: પ્રજયિનાં વિજહાર ।।૨૦।।

મન્દવાયુરુપ વાત્યનુકૂલં ।
માનયન્ મલયજ સ્પર્શેન ।।
વન્દિનસ્ત મુપદેવગણાયે ।
વાદ્યગીત બલિભિ: પરિવવ્રુ: ।।૨૧।।

હે નંદરાણી યશોદાજી ! વાસ્તવમાં તમે બહુ જ પુણ્યવતી છો તેથી તો તમને આવો પુત્ર મળ્યો છે. તમારા એ લાડલા લાલ ઘણા જ પ્રેમી છે. તેમનું ચિત્ત ઘણું કોમળ છે. તેઓ પ્રેમી સખાઓને હાસ્ય પરિહાસ દ્વારા સુખ પહોંચાડે છે. કુંદ કળીનો હાર પહેરીને જ્યારે ને પોતાને વિચિત્ર વેશમાં સજાવટ કરી લે છે અને ગોપબાળકો તથા ગાયોની સાથે યમુનાજીના તટ પર રમત કરવા લાગે છે તે વખતે ચંદનની સમાન શીતળ અને સુગન્ધિત સ્પર્શથી મંદ મંદ અનુકૂળ વાયુ તમારા લાલની સેવા કરે છે. અને ગંધર્વ વગેરે ઉપદેવતા બંદીજનો (ચારણો) સમાન ગાયન–વાદન કરીને તેમને સંતુષ્ટ કરે છે તથા અનેક પ્રકારની ભેટ આપીને એ બધા ઘેરી વળીને તેમની સેવા કરે છે. (૨૦–૨૧)

વત્સલો વ્રજગવાં યગદધ્રો ।
વન્ધમાન ચરણ: યથિવૃદ્ધૈ: ।।
કૃત્સ્ન ગોધન મુપોહ્ય દિનાન્તે ।
ગીતવેણુરનુગેડિત કીર્તિ: ।।૨૦।।

ઉત્સવં શ્રમરુચાપિ દશીના ।
મુન્નયન્ સુરરજચ્છુરિતસ્રક્ ।।
દિત્સયૈતિ સુહૃદાશિષ એષ ।
દેવકી જઠર ભૂરુડુ રાજ: ।।૨૧।।

અરે સખી ! શ્યામસુંદર તો ગાયો સાથે ઘણો પ્રેમ કરે છે. એટલા માટે તો તેમણે ગોવર્ધન ધારણ કર્યો હતો. હવે તો તે બધી ગાયોને લઈને પાછા આવતા જ હશે ! જુઓ, સાયંકાળ થવા આવ્યો છે. તો પણ આટલી વાર શા માટે થઈ છે ? હે સખી, રસ્તામાં ઘણા મોટા બ્રહ્મા જેવા વયોવૃદ્ધ, અને શંકર વગેરે જેવા જ્ઞાન વૃદ્ધ તો તેમનાં ચરણોની વંદના કરવા લાગે છે.

હવે તો તે ગાયોની પાછળ પાછળ વાંસળી બજાવતા બજાવતા જરૂર આવતા જ હશે ! ગોપબાળકો તેમની કીર્તિનું ગાન કરી રહ્યાં હશે ! જુઓ તો ખરા, તે શું આવી રહ્યા છે ? ગાયોની ખરીઓથી ઊડી ઊડીને ઘણી જ ધૂળ વનમાળા પર પડી ગઈ છે. તેઓ આખો દિવસ જંગલમાં ફરતા ફરતા થાકી ગયા છે, છતાં પણ પોતાની એ શોભાથી અમારી આંખોને કેટલું સુખ, કેવો આનંદ આપી રહ્યા છે. જુઓ, આ યશોદાજીની કૂખથી પ્રગટ થયેલ બધાને આહ્લાદિત કરવાવાળા ચંદ્રમા અમે પ્રેમીજનોની ભલાઈને માટે અમારી આશા – અભિલાષાઓને પૂર્ણ કરવાને માટે અમારી પાસે આવી રહ્યા છે. (૨૨–૨૩)

મદવિઘૂર્ણિત લોચન ઈષ ।
ન્માનદ: સ્વસુહૃદાં વનમાલી ।।
બદરપાણ્ડુવદની મૃદુગણ્ડં ।
મણ્ડયન્ કનક કુણ્ડલ લક્ષ્મ્યા ।।૨૪।।

યુદુપતિર્દ્વિરદરાજ વિહારો ।
યામિની પતિરિ–વેષ દિનાન્તે ।।
મુદિતવકત્ર ઉપયાતિ દુરન્તં,
મોચયન્ વ્રજગવાં દિનતાપમ્ ।।૨૫।।

અરે સખી, જુઓ કેવું સૌંદર્ય છે ! મદભર આંખો કેવી આકર્ષિત છે ! થોડી થોડી લાલાશને લીધે તે કેવી સારી જણાય છે ! ગળામાં વનમાળા લહેરાઈ રહી છે. સોનાનાં કુંડળોની કાંતિથી તે પોતાના ગાલને અલંકૃત કરી રહ્યાં છે. એથી મોં પર અર્ધા પાકેલાં બોરની સમાન કાંઈક પીળા જણાય છે. તેમનાં રોમ રોમમાંથી વિશેષ કરીને મુખકમળમાંથી પ્રસન્નતા પ્રગટી ઊઠે છે. જુઓ, હવે તેઓ પોતાના સખા ગોપબાળકોનું સન્માન કરીને તેમને વિદાય આપી રહેલ છે. જુઓ, જુઓ, સખી, વ્રજવિભૂષણ શ્રીકૃષ્ણ ગજરાજની સમાન મદભરી ચાલે આ સંધ્યાના સમયે અમારી તરફ આવી રહેલ છે. હવે વ્રજમાં રહેવાવાળી ગાયોને અને અમારા સૌને દિવસભરનો અસહ્ય વિયોગ-તાપ મટાડવાને માટે ઉદય પામતા ચંદ્રમા સમાન અમારા પ્યારા શ્યામસુંદર પાસે જ ચાલતા આવી રહ્યા છે. (૨૪-૨૫)

એવં વ્રજસ્ત્રિયો રાજન્–
કૃષ્ણ લીલા નુ ગાય તો: ।
રેમિરેડહ: સુ તચ્ચિત્તા–
સ્તન્મનસ્કા મહોદયા: ।। ૨૬ ।।

શ્રી શુકદેવજી કહે છે, હે પરીક્ષિત ! ઘણી જ ભાગ્યશાળી ગોપીઓનું મન શ્રીકૃષ્ણમાં જ લાગ્યું રહેતું હતું. તેઓ શ્રી કૃષ્ણમય થઈ ગઈ હતી. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ દિવસે ગાયોને ચરાવવા માટે વનમાં ચાલ્યા જતા ત્યારે તેઓ તેમનું જ ચિંતન કરતી હતી. અને પોતપોતાની સખીઓ સાથે અલગ અલગ તેમની લીલાઓનું ગાન કરીને તેમનામાં જ લીન થઈ જતી. આ રીતે તેમના દિવસો વ્યતીત થઈ જતા હતા.

૫. ભ્રમરગીત

(શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૦, અધ્યાય ૪૭, શ્લોક ૧૨ થી ૨૧)

પૂર્વપીઠિકા : આ પ્રસંગ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ મથુરા ચાલ્યા ગયા તે પછીનો છે. ત્યાંથી વ્રજના સમાચાર જાણવાને માટે તેમણે અહીં ઉદ્ધવજીને મોકલ્યા.

ઉદ્ધવજી વૃષ્ણિ વંશના એક પ્રધાન મુખ્ય પુરુષ હતા. તેઓ ભગવાન શ્રીકૃષ્ણના પ્યારા સખા તથા

તથા મંત્રી પણ હતા. તેમને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે, "ઉદ્ધવ, તમે વ્રજમાં જાવ. ત્યાં મારાં માતા યશોદા અને પિતા નંદબાબાને આનંદિત કરો. ગોપીઓ મારા વિરહના વ્યાધિથી ઘણી જ દુ:ખી થઈ રહી છે. તેમને મારો સંદેશો સંભળાવીને વેદનાથી દૂર કરો. તેમનો પ્રાણ, તેમનું જીવન અને તેમનું સર્વસ્વ હું જ છું. હું અહીં ચાલ્યો આવ્યો છું તેથી તેઓ મને દૂરનો માને છે. અને મારું સ્મરણ કરીને અત્યંત દુ:ખી (ચિંતિત) થઈ રહી છે મેં તેમને વચન આપ્યું હતું કે, 'હું આવીશ.' એ તેમના જીવનનો આધાર છે. હું જ તેમનો આત્મા છું. તે મારામાં નિરંતર તન્મય રહે છે.

ઉદ્ધવજી વ્રજમાં આવ્યા ત્યારે તેમનાં ઘણાં જ સ્વાગત-સત્કાર થયાં. કુશળ-સમાચાર પૂછતાં-કહ્યા. ઉદ્ધવજીએ માતા-પિતાના વાત્સલ્ય ભાવની પ્રશંસા કરી. તે પ્રસંગમાં તેમણે જણાવ્યું કે, આપ જલદીમાં શ્રીકૃષ્ણને તમારી પાસે જ દેખશો. કારણ કે જેવી રીતે કાષ્ઠમાં અગ્નિ સદા વ્યાપ્ત રહે છે તેવી રીતે જ તે સમસ્ત પ્રાણીઓના હૃદયમાં વિરાજમાન રહે છે. શ્રીકૃષ્ણથી અધિક એવી કોઈ વસ્તુ નથી કે જેને વસ્તુ કહી શકાય. વાસ્તવમાં તે તમામમાં જ છે. તે જ પરમ સત્ય છે.

આ પ્રકારે નંદબાબા સાથે વાત કરતાં કરતાં આખી રાત વીતી ગઈ. ગોપીઓએ સવારમાં નંદબાબાના દરવાજે ઊભો રહેલો રથ જોયો. અને વળી પાછા તેમણે શ્રીકૃષ્ણને મળતી આવતી આકૃતિ અને પ્રકૃતિવાળા ઉદ્ધવજીને જોયા. તેથી બધી જ ગોપીઓ તેમનો પરિચય મેળવવા ઉતાવળી થઈ ગઈ. તેમને ચારે તરફથી ઘેરી વળીને ત્યાં ઊભી રહી. જ્યારે તેમને એ ખબર પડી કે એ તો પ્યારા શ્રીકૃષ્ણના સખા છે, ત્યારે તેમને આસન પર બેસાડીને તે સૌ શ્રીકૃષ્ણની સ્તુતિમાં ડૂબવા તથા ઊતરવા લાગી. તે એ બિલકુલ ભૂલી ગઈ કે તેમની સામે કઈ કઈ વાત કહેવી જોઈએ અને કઈ કઈ વાત ન કહેવી જોઈએ.

એક ગોપીને તે વખતે સ્મરણ થઈ રહ્યું હતું, ભગવાન શ્રીકૃષ્ણની મિલન લીલાનું દૃશ્ય તે વખતે તેણે જોયું કે પાસે જ એક ભમરો (ભ્રમર) ગુનગુન કરી રહ્યો હતો. તે એવું સમજી કે મને ક્રોધી-સ્વરૂપે જોઈને શ્રીકૃષ્ણે મને મનાવવા માટે દૂત મોકલ્યો છે.

ગોપી આ પ્રકારે ભમરાની સાથે બોલવા લાગી

ગોપીઓ કહે છે: (ભ્રમરગીત)

મધુપ કિતવબન્ધો, મા સ્પૃશાઙ્ઘ્રિં સપત્ન્યા: ।
કુચવિલુલિત માલા કુઙ્કુમશ્મશ્રુભિર્ન: ॥
વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં ।
યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદૃક્ ॥ ૧ ॥

ગોપી કહે: હે મધુપ ! તું કપટીનો સખા છું એટલા માટે તું પણ કપટી છું. તું અમારા પગને અડીશ નહિ. ખોટાં વંદન કરીને અમારી સાથે અનુનય-વિનય કરો નહિ. હું જોઈ રહી છું કે શ્રીકૃષ્ણજીની જે વનમાળા અમારી શોકયોના વક્ષ:સ્થળના સ્પર્શથી ચોળાઈ ગઈ છે. તેનો પીળો પીળો કુંકુમ તારી મૂછો પર પણ લગાવેલ છે. તું પોતે પણ કોઈ પુષ્પ સાથે પ્રેમ કરતો નથી. અને અહીંથી તહીં ઊડયા કરે છે. જેવી રીતે તારા સ્વામી છે તેવો તું પણ છે જ. મધુપતિ શ્રીકૃષ્ણ મથુરાની ગોપીઓને મનાવ્યા કરે, તેમનો તો કુંકુમરૂપ કૃપાપ્રસાદ જે યદુવંશીઓની સભામાં ઉપહાસ કરવા યોગ્ય છે. તે પોતાની પાસે જ રાખે. તેને તારા દ્વારા અહીં મોકલવાની કઈ આવશ્યકતા છે ? (૧)

સકૃદધર સુધાં સ્વાં મોહિનીં પાયયિત્વા ।
સુમનસ ઈવ સદ્યસ્તત્યજેઽસ્માન ભવાદૃક્ ॥
પરિચરતિ કથં તત્પાદપદ્મં તું પદ્મા ।
હ્યપિવત હૃતચેતા ઉત્તમ શ્લોક જલ્પૈ: ॥ ૨ ॥

જેવો તું કાળો છું તેવા તે પણ કાળા તેવી રીતે છે. તું પણ પુષ્પોનો રસ લઈને ઊડી જાય છે તેઓ પણ કેવળ એક વખત પોતાની થોડી સરખી મોહિની અને પરમ માદક અધરસુધા (અમૃત) પીવડાવી હતી અને અમે તદ્દન ભોળપણવાળી ગોપીઓને છોડીને તેઓ અહીંથી ચાલ્યા ગયા. ખબર જ નથી સુકુમારી લક્ષ્મી તેમનાં ચરણકમળોની સેવા કેવી રીતે કરી રહી છે ? અવશ્ય તે પણ છેલછબીલા શ્રીકૃષ્ણની આડીઅવળી વાતોમાં આવી ગઈ હશે. ચિત્તચોરે તેમનું ચિત્ત પણ ચોરી લીધું હશે ! (૨)

કિમિહ બહુ ષડઙ્ઘ્રે ગાયસિ ત્વં યદૂના ।
મધિપતિમગૃહાણામગ્રતો ન: પુરાણમ્ ॥
વિજય સખ સખીનાં ગીયતાં તત્પ્રસઙ્ગ: ।
ક્ષપિત કુચરુજસ્તે કલ્પયન્તીષ્ટ મિષ્ટ ॥૩॥

અરે ભ્રમર ! અમે વનવાસિની છીએ. અમારું તો ઘર બહાર પણ છે નહિ. તું અમારા લોકોની સામે યદુવંશ શિરોમણિ શ્રીકૃષ્ણનાં ઘણાં જ ગુણગાન શા માટે કરી રહ્યો છું ? આ બધું ભલા અમારા લોકોને મનાવવા માટે તો નથી ને ? પરંતુ ના-ના તેઓ અમારે માટે કોઈ નવું નથી. તારી ચાપલૂસી અમારી પાસે ચાલશે નહિ. તું જા. અહીંથી ચાલ્યો જા. અને જેની સાથે સદા વિજય રહે છે, તે શ્રીકૃષ્ણની મધુપુરવાસિની સખીઓની સામે જઈને તેમના ગુણગાન કર. તે નવી છે. તેમની લીલાઓ તે ઘણી ઓછી જાણે છે અને અત્યારે તેઓ પ્યારી છે. તેમના હૃદયની પીડા તેમણે મિટાવી દીધી છે. તે તારી પ્રાર્થનાનો સ્વીકાર કરશે. તારી ચાપલુસીથી પ્રસન્ન થઈને તને મોં માગી વસ્તુ આપશે (૩)

દિવિ ભુવિ ચ રસાયાં કા: સ્ત્રિયસ્તદ્દુરાપા: ।
કપટ રુચિર હાસ ભ્રૂવિ જૃમ્ભસ્ય યા: સ્યુ: ॥
ચરણરજ ઉપાસ્તે યસ્ય ભૂતિર્વયં કા ।
અપિચ કૃષ્ણપક્ષે હ્યુત્તમ શ્લોક શબ્દ: ॥ ૪ ॥

હે ભમરા ! તેઓ અમારે માટે ખૂબ જ તાલાવેલી રાખે છે, એવું તું શા માટે કહે છે ? કપટ ભરેલું મનોહર હાસ્ય અને ભ્રકુટિના ઈશારાથી જે વશમાં ન આવી જાય, તેમની પાસે દોડી ન આવે એવી કઈ સ્ત્રીઓ છે ? અરે અનજાન ! સ્વર્ગમાં, પાતાળમાં અને પૃથ્વી પર એવી એક પણ સ્ત્રી નથી કે જે તેમને વશ ન થાય. બીજી વાત તો શું કરું ? સ્વયં લક્ષ્મીજી પણ તેમનાં ચરણ રજની સેવા કરે છે. પછી અમારા જેવી સ્ત્રીઓ તો શ્રીકૃષ્ણને માટે શી ગણતરીમાં ? પરંતુ તું તેમની પાસે જઈને કહેજે કે, તમારું નામ તો "ઉત્તમ શ્લોક' છે. સારા સારા લોકો તમારી કીર્તિનાં ગાન કરે છે. પરંતુ એની સાર્થકતા તો એમાં જ છે કે તમે બંને પર દયા કરો. નહિ તો શ્રીકૃષ્ણ ! તમારું 'ઉત્તમ શ્લોક' નામ જૂઠું પડી જશે. (૪)

વિસૃજ શિરસિપાદં વેદ્મ્યહં ચાટૂકારૈ—
રનુનય વિદુષસ્તેઽભ્યેત્ય દૌત્યૈર્મુકુન્દાત્ ॥
સ્વકૃત ઈહ વિસૃષ્ટા પત્યપત્યન્ય લોકા ।
વ્યસૃજદકૃત ચેતા: કિં નુ સન્ધેય મસ્મિન્ ॥૫॥

અરે મધુકર ! જો. તું મારા પગ પર માથું ટેકાવીશ નહિ. હું જાણું છું કે તું અનુનય-વિનય કરવામાં અને ક્ષમા-યાચના કરવામાં ઘણો નિપુણ છું. માલૂમ પડયું છે કે તું શ્રીકૃષ્ણ પાસેથી જ આ શીખીને આવ્યો છું કે ખિજાયેલાઓને મનાવવાને માટે દૂતને સંદેશ વાહકે કેવી ને કેટલી વાક્ચાતુરી કરવી જોઈએ. પરંતુ તું સમજી લે કે અહીં તારી દાળ ગળશે નહિ. જો અમે શ્રીકૃષ્ણને માટે જ અમારા પતિ, પુત્ર, અને બીજા લોકોને છોડી દીધા છે. પરંતુ તેમાં જરા પણ કૃતજ્ઞતા નથી. તેઓ એવા નિર્મોહી નીકળ્યા કે અમને છોડીને ચાલ્યા ગયા: હવે તું જ બતાવ કે આવા અકૃતજ્ઞની સાથે અમે શી સંધિ કરીએ ? શું તું અત્યારે પણ કહે છે કે તેમના પર વિશ્વાસ કરવો જોઈએ ? (૫)

મૃગ યુરિવ કપીન્દ્ર વિવ્યધેલુબ્ધધર્મા ।
સ્ત્રિયમકૃત વિરૂપાં સ્ત્રીજિત: કામયાનામ્ ॥
બલિમપિ બલિમત્ત્વા વેષ્ટયદ્ ધ્વાક્ષવદ્ય—
સ્તદલમસિતસખ્યૈ દુસ્ત્યજસ્તત્કથાર્થ ॥૬॥

અરે મધુપ ! જ્યારે તે રામ બન્યા હતા ત્યારે તેમણે કપિરાજ વાલીને શિકારી સમાન બનીને છુપાઈને ઘણી જ નિર્દયતાથી માર્યો હતો. બિચારી શૂર્પણખા તેમણે પોતાની સ્ત્રીને વશ થઈને તે બિચારીનાં નાક-કાન કાપી નાખ્યાં. અને આ રીતે તેને કુરૂપ કરી નાખી. બ્રાહ્મણને ઘેર વામનના રૂપમાં જન્મ લઈને તેમણે શું કર્યું ? બલિએ તો તેમની પૂજા કરી અને તેમને મોં માગી વસ્તુ આપી. અને તેમની પૂજા ગ્રહણ કરીને પછી તેને વરુણપાશથી

બાંધીને પાતાળમાં નાખી દીધો. ઠીક એવી રીતે જેમ કાગડો બલિ ખાઈને પણ બલિ આપનારાને ય પોતાના બીજા સાથીઓની સાથે મળીને ઘેરી લે છે અને પરેશાન કરે છે. સારુ. તે વાત અત્યારે જવા દો. અમારે કૃષ્ણ સાથે શું? કોઈ પણ કાળી વસ્તુની સાથે મિત્રતા કરવાનું કોઇ પ્રયોજન નથી પરંતુ જો તું કહે કે, "જ્યારે તે એવા છે તો તમે લોકો તેમની ચર્ચા શા માટે કરો છો ?" તો હે ભ્રમર ! હું સાચું જ કહું છું કે એક વાર જેને તેનો ચસકો લાગી જાય છે તે તેને છોડી શકતો નથી એવી દશામાં અમે ઈચ્છીએ છીએ છતાં તેમની ચર્ચા છોડી શકતા નથી. (૬)

યદનુચરિતલીલાકર્ણ પીયૂષવિપ્રુટ—
સકૃદદન વિધૂત દ્વન્દ્વધર્મા વિનષ્ટાઃ ॥
સપદિ ગૃહ કુટુમ્બં દીન મૃત્સુજ્ય દીના ।
બહવ ઈહ વિહઙ્ગા ભિક્ષુચર્યાં ચરન્તિ ॥૭॥

શ્રીકૃષ્ણની લીલારૂપ કર્ણામૃતના એક કણનો પણ જે રસાસ્વાદન કરી લે છે. તેઓ રાગ–દ્વેષ, સુખ–દુઃખ, વગેરે દ્વન્દ્વ છૂટી જાય છે. તે ત્યાં સુધી કે ઘણા એવા લોકો તો પોતાની દુઃખમય–દુઃખથી ભરેલી ઘર–ગૃહસ્થી છોડીને અકિંચન થઈ જાય છે. પોતાની પાસે કાંઈ પણ સંગ્રહ કે પરિગ્રહ રાખતા નથી. અને પક્ષીઓની જેમ ચૂગી ચૂગી–ચણી ચણીને ભીખ માગીને પોતાનું પેટ ભરે છે. દીન–દુઃખીઓની પાસે જતા રહેતા હોય છે. છતાં પણ શ્રીકૃષ્ણની લીલા–કથા છોડી શકતા નથી. વાસ્તવમાં તેનો રસ અને રસનો ચસકો ઓછો જ છે. એવી દશા અમારી થઈ રહી છે. ॥૭॥

વયમૃતમિવ જિહ્‌વ્યાહૃતં શ્રદધાનાઃ ।
કુલિકરુતમિવાજ્ઞાઃ કૃષ્ણદદ્વો હરિણ્યઃ ॥
તદશુરસ કૃદેતત્તન્નખ સ્પર્શં તીવ્ર–
સ્મરરુજ ઉપમન્ત્રિન્ ભણ્યતા મન્ય વાર્તા ॥૮॥

જેવી રીતે કૃષ્ણસાર મૃગની પત્ની ભોળીભાળી હરણીઓ શિકારીનાં સુમધુર ગાનનો વિશ્વાસ કરી લે છે અને તેની જાળમાં ફસાઈને મારી નાખે છે તેવી રીતે અમે ભોળીભાળી ગોપીઓ પણ તે છળિયા કૃષ્ણની કપટથી ભરેલી મીઠી મીઠી વાતોમાં આવી જઈને તેમને સત્યની સમાન માની લીધી. અને તેના નખ સ્પર્શથી થવાવાળી કામ વ્યાધિનો વારંવાર અનુભવ કરતી રહી. એટલા માટે શ્રીકૃષ્ણના દૂત ભમરા ! હવે આ વિષયમાં તું અન્ય કાંઈ કહે નહિ. તારે કહેવી હોય તો કોઈ બીજી વાત કહે. (૮)

પ્રિય સખ પુનરાગાઃ પ્રેયસા પ્રેષિત કિં–
વરય કિમનુરુન્ધે માનનીયોઽસિમેઙ્ગ ॥
નયસિ કથમિહાસ્માન્ દુસ્ત્યજ દ્વન્દ્વ પાશ્વેં ।
સતતમુરસિ સૌમ્ય શ્રીર્વધૂલાકમાસ્તે ॥ ૯ ॥

અમારા પ્રિયતમના પ્યારા સખા, જાણી શકાય છે કે તું એક વાર ત્યાં જઈને ફરીને આવ્યો છું. અવશ્ય અમારા પ્રિયતમે મનાવવાને માટે તમને મોકલ્યા હશે. પ્રિય ભ્રમર ! તું બધી રીતે જ અમારો માનનીય છું. કહે, તમારી શી ઇચ્છા છે ? મારી પાસેથી જે ઇચ્છો તે માગી લો. સારું, તમે સાચું બતાવો શું અમને ત્યાં લઈને જવા ઇચ્છો છો ? અરે તેમની પાસે જઈને પાછા આવવું કઠિન છે. અમે તો તેમની પાસે ધારો કે ગયા પરંતુ તમે અમને ત્યાં લઈ જઈને શું કરશો ? પ્યારે ભ્રમર ! તેમની સાથે તેમના વક્ષઃસ્થલ પર તો તેમની પ્યારી પત્ની લક્ષ્મીજી સદા રહે છે ને ? તો ત્યાં અમારો નિર્વાહ કેવી રીતે થશે ? (૯)

અપિબત મધુપુર્યાં માર્યં પુત્રોઽધુનાઽઽસ્તે ।
સ્મરતિ સ પિતૃગેહાન્ સૌમ્ય બન્ધૂંશ્ચગોપાન્
ક્વચિદપિ સકથા નઃ કિઙ્કરાણાં ગૃણાતે
ભુજમગુરુ સુગન્ધં મૂધ્ન્યધાસ્યત્ કદાનુ ॥ ૧૦ ॥

સારું, અમારા પ્રિયતમના પ્યારા દૂત મધુકર ! અમને એ બતાવો કે આર્યપુત્ર ભગવાન શ્રીકૃષ્ણ ગુરુકુલથી પાછા આવી મધુપુરી (મથુરા)માં અત્યારે સુખી તો છે ને ! શું તે ક્યારેક નંદબાબા, યશોદારાણી અહીંનાં ઘર, સગાસંબધી, ગોપબાળકોની યાદ કરે છે ? અને શું અમે દાસીઓની પણ કોઈ વાત ક્યારેય ચલાવે છે ? પ્યારે ભ્રમર ! અમને એ પણ બતાવો કે ક્યારેક તેઓ પોતાની અગરની સમાન દિવ્ય સુગંધથી યુક્ત ભુજા અમારા માથા પર રાખશે ? અમારા જીવનમાં ક્યારેક એવો શુભ અવસર પણ આવશે ? (૧૦)

ખંડ ૩ જો સમાપ્ત

શ્રી ગણેશાય નમઃ

ખંડ-૪થો "શ્રીકૃષ્ણ કર્ણામૃતમ્"

(પ્રથમ આશ્વાસ)

અનુવાદક : **શ્રી હિંમતલાલ ઉમિયાશંકર દવે**
'નૅશનલ એવોર્ડ' અને 'આદિશંકરાચાર્ય એવોર્ડ' વિભૂષિત, 'સાહિત્ય માર્તંડ,' 'ધર્માલંકાર.'
પ્રધાન સંપાદક : શ્રી 'નવભારતી' સંસ્કાર માસિક, દ્વારકા શારદાપીઠ.



શ્રી કૃષ્ણ કર્ણામૃત

'શ્રીકૃષ્ણ કર્ણામૃતમ્'ના રચયિતા શ્રી કૃષ્ણભક્ત બિલ્વમંગલાચાર્ય-પરિચય

આદિ શંકરાચાર્યની જન્મભૂમિ એવા પરમ પાવન કેરલમાં જન્મેલા શ્રી કૃષ્ણભક્ત બિલ્વમંગલનો જન્મ બારમી સદીમાં થયો હતો. તેમનું મૂળ નામ 'લીલાશુક' હતું. પિતાનું નામ 'દામોદર' અને માતાનું નામ 'નીલી' હતું. શિવ તેમના આરાધ્ય દેવ હતા. મલબાર ક્ષેત્રમાં ભારતી નદી કિનારે આવેલ દક્ષિણ કૈલાસના મૃત્યુંજયમાં ઘણો સમય રહ્યા હતા.

'શ્રી કૃષ્ણ કર્ણામૃતમ્'ના પ્રથમ શ્લોકમાં વંદના કરતાં જણાવે છે કે, 'સોમગિરિર્ગુરુર્મે' મારા ગુરુ સોમગિરિનો પણ જય હો, આદિ શંકરાચાર્ય–સ્થાપિત 'જ્યોતિષ્પીઠ' શંકરાચાર્ય પદે 'ગિરિ, પર્વત, સાગર, આનંદ' નામક દશનામ સંપ્રદાય છે. તેમાં સોમગિરિ ગુરુએ લીલાશુકને સંન્યસ્ત દીક્ષા આપીને તેમણે 'બિલ્વમંગલાચાર્ય' નામથી સંબોધ્યા. તેમણે ત્રિચુરમાં એક મઠ સ્થાપ્યો હતો.

વિષ્ણુસ્વામીના અનુયાયિત્વનો સ્વીકાર કર્યો. અને તેમના સંપ્રદાયનો પ્રચાર કરવા સર્વસ્વ અર્પણ કર્યું.

ભોજની 'સરસ્વતી કંઠાભરણ' પર ટીકા લખી હતી. 'પુરુષકાર' નામક દર્શનશાસ્ત્રનો ગ્રંથ લખ્યો છે. 'શ્રી ચિહ્નન કાવ્ય' મહાકાવ્ય લખ્યું છે.

'મધુરાભક્તિ'નો આવિષ્કાર કરવાવાળા આ મહાન ભક્ત કવિ હતા. 'શ્રી કૃષ્ણ કર્ણામૃતમ્'માં ત્રણ 'આશ્વાસ' છે. પ્રથમ આશ્વાસમાં ૧૧૦ શ્લોક, બીજામાં ૧૧૦ શ્લોક અને ત્રીજામાં ૧૦૮ શ્લોક મળી કુલ ૩૨૮ શ્લોક છે. જેનું આ કાવ્ય આત્માશ્રયી ગોપકાવ્યમાં શ્રી કૃષ્ણનાં અલૌકિક સૌંદર્ય તથા ગોપીઓના અનુપમ પ્રેમનું અદ્વિતીય સરસ

ચિત્રણ કર્યું છે. શ્રી કૃષ્ણ પરત્વે સામીપ્ય અને તાદાત્મ્ય ભાવનો અનુભવ કર્યો છે. શ્રી કૃષ્ણની આહ્‌લાદિની લીલાઓમાં ભરપૂર માધુર્ય રેડયું છે અને શૃંગાર તથા દાંપત્યનું ગોપીભાવમાં ચિત્રણ રજૂ કરી શ્રીકૃષ્ણ પ્રત્યેનો અંતરંગ પ્રસ્થાપિત કર્યો છે.

તેમનું આવું જ પણ નાનું "ગોવિંદ, દામોદર માધવેતિ' સ્તોત્રમાં ૭૧ શ્લોકોમાં હૃદયોર્મિના તરંગોમાં નાચતી શ્રીકૃષ્ણની છબી નિહાળી છે. આ રીતે "માધવ-માધુર્ય" પ્રગટ થતા ગ્રંથમાં શ્રી બિલ્વમંગલાચાર્યનાં ૩૨૮ શ્રી કૃષ્ણ કર્ણામૃત'માં અને આ સ્તોત્રના ૭૧ શ્લોકો મળીને કુલ ૩૯૯ શ્લોકોમાં શ્રીકૃષ્ણનું ચરિત્રાલેખન કરનાર દક્ષિણ પથના વૈષ્ણવીભક્તિના વિખ્યાત ભક્તકવિએ આ ભક્તિ સ્તોત્રોમાં વિવિધ ભાવયુક્ત ગેય છંદો આપીને સંસ્કૃત સાહિત્યમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભક્ત કવિ, 'મધુરાભક્તિ'ના ગાયક, શિવભક્ત છતાં એ શ્રીકૃષ્ણમાં તિરોહિત થઈ સંસ્કૃત સાહિત્યની સમૃદ્ધિમાં વિશિષ્ટ સ્થાન પામનાર બિલ્વમંગલાચાર્યના આ બંને સ્તોત્ર કાવ્યો રૂપી કૃષ્ણભક્તિના રસ સરોવરમાં અવગાહન કરીએ. જીવનને ધન્ય બનાવીએ.

શ્રીકૃષ્ણ કર્ણામૃત-પ્રથમ આશ્વાસ

(છંદ – શાર્દૂલવિક્રીડિત)

ચિંતામણિર્જયતિ સોમગિરિ ર્ગુરુર્મે,
શિક્ષાગુરુત્વ ભગવાંચ્છિખિપિચ્છ મૌલિ: ।
યત્પાદ કલ્પતરુ પલ્લવ શેખરેષુ,
લીલા સ્વયંવરરસં લભતે જયશ્રી: ॥ ૧ ॥

ચિંતામણિનો જય હો. મારા ગુરુ સોમગિરિનો જય હો. અને જય હો તે ભગવાન શ્રી કૃષ્ણનો કે જેના માથા પર મોરપિચ્છ વિલસે છે. અને જેનાં કલ્પવૃક્ષનાં કુંપળો સમાન (કાન્તિ રાખવાવાળા) પગ પર સ્વયં વિજય શ્રી (પ્રિયકરની જેમ) લીલારૂપી રસનો અનુભવ કરે છે. (૧)

અસ્તિ સ્વસ્તરુણીકરાગ્ર વિલસત્કલ્પ પ્રસૂનાપ્લુતં,
વસ્તુપ્રસ્તુતવેણુનાદ લહરી નિર્વાણનિર્વ્યાકુલમ્ ।
સ્રસ્તસ્રસ્તનિરુદ્ધનીવિ વિલસદ્ગોપિ સહસ્રાવૃતં,
હસ્તન્યસ્તનતાપ વર્ગમખિલોદારં કિશોરાકૃતિ ॥૨॥

દિવ્ય અંગોની હથેળીઓમાં રહેવાવાળા કલ્પવૃક્ષનાં ફૂલોના ઢગલાથી જે ઢંકાયેલા છે, જેની વિખ્યાત વેણુધ્વનિની લહેરો બધાંને દુ:ખ રહિત કરીને પૂર્ણ આનંદનો અનુભવ કરાવે છે: ઢીલી થતી કમર પર બાંધેલ દોરીને સંભાળી રાખતી હજારો સુંદર ગોપીઓથી જે ઘેરાયેલા છે અને જે શરણાગતિઓને જાણે સહજ મોક્ષ પ્રાપ્ત કરાવે છે, એવી એક બાલ આકૃતિ તેજપુંજ (ભગવાન) અહીં ઊભા છે. (૨)

ચાતુર્યૈક નિધાનસીમ ચપલા પાઙ્ગચ્છટામન્થરં
લાવણ્યામૃતવીચિલાલિતદશં લક્ષ્મીકટાક્ષાદતમ્ ।
કાલિન્દીપુલિનાઙ્ગણપ્રણયિનં કામાવતારાઙ્કુરં,
બાલં નીલમમીવયં મધુરિમ સ્વારાજ્યમારાધ્નુમ: ॥૩॥

અમે તો માધુર્યના ભંડાર એવા નીલવર્ણા બાળકની ઉપાસના કરીએ છીએ. જે પોતાનાં અપૂર્વ કૌશલ્યથી ચંચળ અંગ-ઉપાંગોથી અને મોહક કટાક્ષોથી મનોહર દેખાય છે. જે દષ્ટિ સૌંદર્યરૂપી અમૃતની લહેરો સિંચવાનાં કારણે સ્વયં લક્ષ્મીને પણ કટાક્ષપાત્ર બને છે, જે યમુનાનાં રેતીવાળાં મેદાનોમાં રમે છે અને જે સ્વયં કામદેવના પણ પિતા છે. (૩)

બર્હોત્તંસવિલાસિકુંતલભરં, માધુર્યમગ્નાનનં,
પ્રોન્મીલન્નવયૌવનં પ્રવિલસદ્વેણુ પ્રણાદામૃતમ્ ।
આપીનસ્તનકુટ્મલાભિરમિતો ગોપિભિરારાધિતં,
જ્યોતિશ્ચેતસિ નશ્ચકાસ્તિ જગતા–
મેકાભિરામાદ્ભુતમ્ ॥૪॥

જે સમગ્ર વિશ્વના ઉલ્લાસરૂપ છે. જે અદ્ભુત છે. એવા એક તેજરૂપ એક બાલક મારા મનમાં પ્રકાશે છે. તેનો કેશ સમૂહ મયૂરપિચ્છથી ઉત્તમ સુશોભિત છે. તેનું મુખ જાણે મધુરતાનું દર્શન છે. તેનું યૌવન છલકાઈ રહ્યું છે. તેની મોરલીના નાદનું અમૃત ચારે તરફ દૂર દૂર ફેલાઈ રહ્યુ છે અને તે પરિપુષ્ટ સ્તનોવાળી ગોપીઓનું પૂજાસ્થાન છે. (૪)

મધુરતરસ્મિતામૃતવિમુગ્ધમુખામ્બુરુહં,
મદશિખિપિચ્છલાઞ્છિતમનોજ્ઞકચપ્રચયમ્ ।
વિષયવિષામિષગ્રસનગૃધ્નુનિ ચેતસિ મે,
વિપુલવિલોચનં કિમપિધામચકાસ્તિ ચિરમ્ ॥૫॥

મારું મન તો ઝેરથી ભરેલું છે. તે વિષયરૂપી માંસના ઝેરીલા ટુકડા ખાવા માટે લાલચ રાખે છે, પરંતુ એક વિશાળ આંખોવાળો પ્રકાશ મારા મનમાં પ્રતિપળ રહે છે. તે અદ્ભુત કાંતિવાળા કૃષ્ણનું મુખ-કમળ અત્યંત પ્રસન્ન સ્મિતોના અમૃતથી ખૂબ જ મનોહર રહે છે અને મતવાલા મયૂરોનાં પીંછા તેનો કેશ-સમૂહ ઘણો જ આકર્ષક લાગે છે. (૫)

મુકુલાય માનનયનામ્બુજં વિભો–
મુરલીનિનાદમકરન્દનિર્ભરમ્ ।
મુકુરાયમાણમૃદુગણ્ડમણ્ડલં
મુખપઙ્કજં મનસિ મે વિજૃમ્ભતામ્ ॥ ૬ ॥

તે પરમાત્માનું વદનરૂપી કમળ સદા મારા મનમાં ખીલતું રહે. જેની કમળ સમાન આંખો તો કળીઓ સમાન છે, જે મોરલીના ધ્વનિરૂપી પુષ્પ-રસથી ભરેલું છે અને જેનાં કોમળ ગાલ (કપોલ) અરીસા જેવા સ્વચ્છ ને ચંચળ છે. (૬)

કમનીયકિશોરમુગ્ધમૂર્તે:
કલવેણુકવણિતાદતાનેન્દો: ।
મમ વાચિ વિજૃમ્ભતાં મુરારે–
ર્મધુરિમ્ણ: કણિકાપિ કાપિ ॥ ૭ ॥

સુંદર ભોળપણથી ભરેલી કિશોર મૂર્તિ ધારણ કરવાવાળા, મધુર મોરલીના નિનાદ(મધુર સ્વર)થી પૂર્ણ એવી મુખાવલિ, વાળા મોરારિનાં માધુર્યનાં કેટલાંક કણ, કોઈ પણ કણ મારી વાણીમાં પ્રગટ થાવ. (૭)

મદ શિખણ્ડિ શિખણ્ડ વિભૂષણં
મદન મન્થર મુગ્ધમુખામ્બુજમ્ ।
વ્રજ વધૂ નયનાઞ્ચલવઞ્ચિતં
વિજયતાં મમ વાઙ્મયજીવિતમ્ ॥ ૮ ॥

મારા સાહિત્યમાં પ્રાણ પૂરવાવાળી, ઉન્મત્ત મયૂરોની પાંખોથી શોભવાવાળી, મનોહર મુખ-કમળ પર મદનની મસ્તી ધારણ કરવાવાળી અને વ્રજની ગોપીઓ જેનાં ચિંતનથી મુગ્ધ થવાવાળી ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ વિજયી થાવ. (૮)

પલ્લવારુણપાણિ પઙ્કજ સઙ્ગિ-વેણુરવાકુલં,
ફુલ્લપાટલપાટલીપરિવાદિ પાદ સરોરુહમ્ ।
ઉલ્લસન્મધુરાધર દ્યુતિમઞ્જરી સરસાનનં
વલ્લવી કુચકુમ્ભકુઙ્કુમ પઙ્કિલ પ્રભુમાશ્રયે ॥૯॥

"તે ભગવાનનાં શરણમાં હું જાઉં છું. જે પોતાના પલ્લવ સમાન લાલ કર-કમલો પર મોરલી પકડીને તેના નાદમાં તન્મય થાય છે. જેમનાં ચરણ ખીલેલા ગુલાબના રંગ જેવાં મોહક છે. જેમનું વદન હાસ્યથી ખીલેલા હોઠોથી છબીકારોથી પ્રકાશિત છે અને જેમની છાતી વ્રજનારીઓનાં કુમકુમ અંકિત સ્તનોથી કરેલા આલિંગનોથી રંગાયેલ છે. (૯)

અપાઙ્ગરેખાભિરભઙ્ગુરાભિ–
રનઙ્ગ રેખારસરઞ્જિતાભિ: ।
અનુક્ષણં વલ્લવ સુન્દરીભિ–
રભ્યર્ચ્યમાનં વિભુમાશ્રયામ: ॥ ૧૦ ॥

વ્રજ સુંદરીઓ નિત્ય-અખંડ અને મદનરૂપી માધુર્યથી રંગાયેલા કટાક્ષોથી જ જેના પર પોતાની ભક્તિ વ્યક્ત કરે છે, એવા સર્વ વ્યાપી ભગવાનનો અમે આશ્રય કરીએ છીએ. (૧૦)

હૃદયે મમ હૃદ્ય વિભ્રમાણાં,
હૃદયં હર્ષ વિશાલલોલનેત્રમ્ ।
તરુણં વ્રજ બાલસુન્દરીણાં,
તરલં કિઞ્ચનધામ સન્નિધત્તામ્ ॥ ૧૧ ॥

જે સમગ્ર વિલાસની ચેષ્ટાઓનું મૂળ સ્થાન છે. આનંદથી જેનાં નયન લાંબાં અને ચંચળ થઈ ગયાં છે અને જે વ્રજની છબીલીઓને મોહિત કરે છે, એવા તારુણ્યપૂર્ણ ચંચળ તેજ:પુંજ મારા હૃદયમાં હમેશાં વાસ કરો. (૧૧)

નિખિલ ભુવન લક્ષ્મી નિત્ય લીલાસ્પદાભ્યાં,
કમલ વિપિનવીથી ગર્વ સર્વઙ્કષાભ્યામ્ ।
પ્રણમદભયદાનપ્રૌઢિગાઢોદ્ધતાભ્યાં,
કિમપિ બહતુ ચેતઃ કૃષ્ણપાદામ્બુજાભ્યામ્ ॥૧૨॥

મારું મન કૃષ્ણનાં તે ચરણોનાં દિવ્ય રસનું સેવન કરે. જે હમેશાં સમસ્ત વિશ્વની લક્ષ્મીજીની લીલાનું સ્થાન બને છે. જે કમળોનાં વનોની સામૂહિક શોભાને પણ દૂર હટાવે છે. (નીચા બતાવે છે.) અને પ્રણામ કરવાવાળાને અભય આપવાનું ઘનિષ્ઠ સામર્થ્યનું અભિમાન ધારણ કરે છે. (૧૨)

પ્રણય પરિણતાભ્યાં પ્રાભવાલમ્બનાભ્યાં,
પ્રતિપદલલિતાભ્યાં પ્રત્યહં નૂતનાભ્યામ્ ।
પ્રતિ મુહુરધિકાભ્યાં પ્રસ્નુવલ્લોચનાભ્યામ્
પ્રભવતુ હૃદયે નઃ પ્રાણનાથઃ કિશોરઃ ॥૧૩॥

તે પ્રભુ, તે બાળક, મારા હૃદયનો સ્વામી બને. જેમની આંખો અનુરાગથી પ્રૌઢી બનીને પોતાનો અધિકાર બતાવે છે, અને પ્રત્યેક ક્ષણે નાવિન્ય બતાવે છે, અને જે ઉત્તરોત્તર વિકાસ પામતી જાય છે. તેવી એ આંખો નિત્ય આર્દ્ર (કરુણાથી ભીની) રહે છે. (૧૩)

માધુર્ય વારિધિમદાન્ધ તરઙ્ગભઙ્ગી
શ્રૃઙ્ગાર રસઙ્કલિતશીતકિશોરવેષમ્ ।
આમન્દહાસલલિતાનનચન્દ્રબિમ્બ –
માનન્દ સંપ્લવમનુપ્લવતાં મનો મે ॥૧૪॥

મારું મન તે માધુર્યમૂર્તિ તરફ ઊછળી ઊછળીને વહન કરવાવાળું શ્રીકૃષ્ણની રૂપમાધુર્યમાં ડૂબકી મારે, છે. જે લાવણ્ય રૂપી સૌંદર્ય સમુદ્રનાં ઉત્તુંગ કલ્લોલથી શૃંગાર રસથી નિષ્પન્ન શાંત બાળકવેષ ધારણ કરે છે. જે સામાન્ય હાસ્યથી રમણીય દેખાતા મુખચંદ્રનું રૂપ-આકાર ધારણ કરે છે. (૧૪)

અવ્યાજમઞ્જુલ મુખામ્બુજ મુગ્ધ ભાવૈ –
રાસ્વાદ્યમાની નજવેણુ વિનોદ નાદમ્ ।
આક્રીડતામરુણપાદસરોરુહાભ્યા –
માર્દ્રે મદીયહૃદયે ભુવનાર્દ્રમોજઃ ॥૧૫॥

જે અકૃત્રિમ માધુર્યથી યુક્ત છે, જે પોતાના મુખરૂપી કમળના સુંદર ભાવોથી મોરલીના ચિત્તમોહક સૂરોનો આનંદ આપે છે. તે સમસ્ત વિશ્વના ઉપકારી તેજોનિધિ કૃષ્ણ મારા ઉલ્લાસ ભરેલા હૃદયમાં પોતાના આરક્ત ચરણોથી નૃત્ય કરતા રહો. (૧૫)

મણિનૂપુરવાચાલં વંદે તચ્ચરણં વિભો ।
લલિતાનિ યદીયાનિ લક્ષ્માણિ વ્રજવીથિષુ ॥૧૬॥

હું ભગવાનનાં તે ચરણોનું અભિવાદન કરું છું, જેમાં રત્ન જડેલ પાયલ છુમછુમ કરે છે અને જેમનાં રમ્ય પદ ચિહ્ન વ્રજના માર્ગો પર અંકિત છે. (૧૬)

મમ ચેતસિ સ્ફુરતુ વલ્લવીવિભો –
મંજિનૂપુરપ્રણયિ મઞ્જુશિઞ્જિતમ્ ।
કમલાવનેચરકલિન્દ કન્યકા –
કલહંસ કણ્ઠકલકૂજિતાદતમ્ ॥૧૭॥

મારા હૃદયમાં ગોપીઓને પ્રિય કરનાર પાયલોનો મનોહર રૂમઝૂમતો પ્રતિધ્વનિ ગુંજી રહે. તે સુંદર હંસોની કૂકો (અવાજ) સમાન છે, જે લક્ષ્મીના નિવાસપાત્ર કમળોથી ભરેલા છે તેવા કૃષ્ણ, યમુનાનાં જળમાં વિહાર કરે છે. (૧૭)

તરુણારુણ કરુણામય વિપુલાયત નયનં,
કમલા કુચકલશભિર વિપુલીકૃત પુલકમ્ ।
મુરલીરવતરલીકૃત મુનિમાનસનલિનં
મમ ખેલતિ મદ ચેતસિ મધુરાધરમમૃતમ્ ॥૧૮॥

ભગવાન કૃષ્ણ મારા મુગ્ધ હૃદયમાં તેમના હોઠોનાં અમૃતથી માનવરૂપમાં ક્રીડા કરે છે. જેની લાંબી લાંબી લાલ આંખો ઘણી જ મોટી છે. જેને દેખતાં જ લક્ષ્મીના ઘડા જેવડાં સ્તનો પર ઘનિષ્ઠ રોમાંચ પેદા થાય છે અને જેની મોરલીના મનોહર અવાજના સૂરથી મુનિઓનાં મનરૂપી પદ્મ ચંચળ થઈ જાય છે. (૧૮)

આ મુગ્ધમર્ધં નયનામ્બુજં ચુમ્બ્યમાન–
હર્ષાકુલવ્રજવધૂ મધુરાનનેન્દોઃ ।
આરબ્ધ વેણુરવમાદિ કિશોરમૂર્તે–
રાવિર્ભવન્તિ મમ ચેતસિ કેઽપિ ભાવાઃ ॥૧૯॥

મોરલી બજાવવાની શરૂ થતાં જ વ્રજની લલનાઓ આનંદ વિભોર થઈને પોતાનાં અર્ધાં ખોલેલાં નયનોથી જેનું મોહક મુખ-ચંદ્ર પ્યારથી ચૂમી લીધું. તે બાલ રૂપધારી આદિ પુરુષના (શ્રીકૃષ્ણના) સંબંધમાં મારા મનમાં કંઈ કંઈ ભાવ પ્રગટ થાય છે. (૧૯)

કલકવણિતકઙ્કણકરનિરુદ્ધ પીતામ્બરં,
ક્રમપ્રસૃતકુન્તલં કલિતબર્હભૂષં વિભોઃ ।
પુનઃ પ્રસૃતિ ચાપલં પ્રણયિની ભુજયન્ત્રિતં
મમ સ્ફુરતુ માનસે મદનકેલિ શય્યોત્થિતમ્ ॥૨૦॥

ભગવાન રતિ ક્રીડાથી પછી (સમાપ્તિ બાદ) પથારીમાંથી નીકળેલા તે મારા મનમાં નિત્ય વિરાજમાન થાવઃ તે સમયે તેમનાં કંકણોમાંથી મધુર ઝણઝણ અવાજ આવી રહ્યા હતો. તેમણે પોતાનાં પીળાં વસ્ત્ર એક હાથમાં રાખેલ હતાં. તેમનાં વાળ એક ખાસ ખૂબીથી વિખરાયેલા હતા. તેમણે મયૂરપંખોનો શણગાર કર્યો હતો. તે ફરીથી સ્ફૂર્તિ સાથે આગળ જઈ રહ્યા હતા અને તે પોતાની પ્રેયસીનાં બાહુમાં ફરીથી જકડાઈ ગયા હતા. (૨૦)

સ્તોક સ્તોક નિરુધ્યમાન મૃદુલપ્રસ્યન્દિમન્દસ્મિતં
પ્રેમોદ્ભેદ નિરર્ગલ પ્રસૃમરપ્રવ્યક્તરોમોદ્ગમમ્ ।
શ્રોતૃશ્રોત્ર મનોહર વ્રજવધૂ લીલામિથો જલ્પિતં,
મિથ્યાસ્વાપમુપાસ્મહે ભગવતઃ ક્રીડાનિમીલદ્દૃશ:
: ॥૨૧॥

પ્રણય-લીલામાં આંખો બંધ કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણની તે જૂઠી ઊંઘની અમે ઉપાસના કરીએ છીએ. (વારંવાર સ્મરણ કરીએ છીએ.) જેમાં થોડુંક રોકેલ હળવું હાસ્ય મોં ઉપર ચોંટી રહ્યું હતું. જેમાં રોકટોક વગર ફૂટ પડવાવાળા પ્રણય દ્વારા અભિવ્યક્ત થઈ રહ્યું હતું. અને જે નિદ્રાના સમયે વ્રજની ગોપીઓ સાથે કરેલ મધુર પ્રેમ આલાપ સાંભળવાવાળા કાનોને તૃપ્ત કરતા હતા આકૃષ્ટ કરી રહ્યા હતા- (૨૧)

વિચિત્ર પત્રાઙ્કુરશાલિબાલા–
સ્તનાંન્તરં મૌનિમનોન્તરં વા ।
અપાસ્ય વૃંદાવન પાદપાસ્ય,
મુપાસ્ય મન્યન્ન વિલોકયામઃ ॥૨૨॥

રંગબેરંગી (ભિન્ન ભિન્ન) ચિત્રકૃતિઓથી ભરાયેલ ગોપી યુવતીઓનાં વક્ષઃસ્થળ, સમાધિમગ્ન યોગીઓનાં અંતર્મુખ અને વૃંદાવનનાં વૃક્ષનાં મૂળ એમ ત્રણે સિવાય અન્ય કોઈ એવું સ્થળ અમે ક્યાંય જોઈ શકતા નથી, ત્યાં અમે ભગવાનની ઉપાસના કરી શકીએ ! (૨૨)

સાર્ધં સમૃદ્ધૈર મૃતાયમાનૈ
રાધ્માયમનૈર્મુરલીનિનાદૈઃ ।
મૂર્ધાભિષિક્તં મધુરાકૃતીનાં
બાલં કદા નામ વિલોકયિષ્યે ॥૨૩॥

જેની મોરલીના સૂર ઘણા જ પ્રભાવી અને અમૃત જેવા મધુર જે નિત્ય નિત્ય વધવાવાળા છે. અને જે તમામ સુંદર પુરુષોના શિરતાજ છે. એવા બાળક શ્રીકૃષ્ણને હું ક્યારે જોઈશે ? (૨૩)

શિશિરી કુરુતે કદાનુ નઃ
શિખિપિઞ્છાભરણઃ શિશુર્દૃશોઃ ।
યુગલં વિગલન્મધુદ્રવસ્મિત
મુદ્રા મુદુના મુખેન્દુના ॥૨૪॥

જેને મયૂરપિચ્છ ઘણી જ શોભા આપે છે અને જેના મોં પર અમૃતનાં બિંદુ સમાન મધુર સ્મિત ચમકે છે, એવા એ બાળકનું ચંદ્ર સમાન મુખ મારી આંખોને ક્યારે શીતળ કરશે ? ॥૨૪॥

કારુણ્યકર્બુરકટાક્ષ નિરીક્ષણેન,
તારુણ્યસંવલિંત શૈશવવૈભવેન ।
આપુષ્ણતાં ભુવનમદ્ભુત વિભ્રમેણ,
શ્રીકૃષ્ણચંદ્ર શિશિરીકુરુ લોચનં મે ॥ ॥૨૫॥

હે કૃષ્ણચંદ્ર, દયાર્દ્ર, કટાક્ષ કરનારા, યૌવનથી ભિંજાયેલી બાલ્યકાળની શોભા બતાવતા, અને પોતાની અસાધારણ લીલા કલાઓથી સમગ્ર વિશ્વને અનુપ્રાણિત કરનારા તમે મારી આંખોની પ્યાસ મિટાવો. (૨૫)

કદા વા કાલિન્દી કુવલ ય – દલશ્યામલતરા:,
કટાક્ષા લક્ષ્યન્તે કિમપિ કરુણા, વીચિનિચિતા: ।
કદા વા કન્દર્પપ્રતિભટ જટા ચન્દ્ર શિશિરા:
કિમપ્યન્તસ્તોષં દદતિ મુરલી કેલિ નિનદા: ॥૨૬॥

જે કરુણાની લહેરોથી સિંચાયેલ છે, અને જે યમુનામાં ખીલવાવાળાં કમળોથી પણ નીલા છે, એવા કૃષ્ણના ચિંતનને હું કયારે પ્રાપ્ત કરીશ ? કામદેવને મારવાવાળા, શિવજીની જટામાં નિવાસ કરવાવાળા, ચંદ્રની સમાન જે શીતળ છે, એવી મોરલીના મધુર સ્વર મારા મનને તેનો અદ્ભુત આનંદ કયારે આપશે ? (૨૬)

અધીરા મા લોકિતમાર્દ્ર જલ્પિતં,
ગતં ચ ગમ્ભીર વિલાસમન્થરમ્ ।
અમન્દ માલિઙ્ગિતમાકુલોન્મદ–
સ્મિતં ચ તે નાથ વદન્તિ ગોપિકા: ॥૨૭॥

તમારું પાગલ ચિંતવન, તમારી પ્યારી પ્યારી વાતો, તમારું શૃંગારવાળું મટકું, ગાઢ, આલિંગન, અને તમારું મોહક હાસ્ય, જેના સંબંધી ગોપીઓ તો ખૂબ કહે છે. (૨૭)

અસ્તો કસ્મિતભરમાંયતાયતાક્ષં,
નિ:શેષસ્તન મૃદિતં વ્રજાઙ્ગનાભિ: ।
નિસ્સીમસ્ત બકિત નીલ કાંન્તિ ધારં,
દશ્યાસં ત્રિભુવન સુન્દરં મહસ્તે ॥૨૮॥

અનેકાનેક સ્મિતોથી ઝગમગાટવાળા, લાંબી આંખોથી શોભા આપનારું જે તમારું તેજ છે તેને ગોપીઓ પોતાની છાતી સાથે રગડે છે. તે તેજ જાણે ચારે તરફ નીલિમા ફેલાવે છે, તેવી લોકોત્તર કાંતિ કેટલી દર્શનીય છે. ત્રણે લોકોનું અતુલ સૌંદર્ય જોવું કેટલું સાર્થક છે. (૨૮)

મયિ પ્રસાદં મધુરૈ: કટાક્ષૈ–
વંશીનિનાદાનુચરૈર્વિધેહિ ।
ત્વયિ પ્રસન્ને કિં મિહાપરૈર્ન–
સ્ત્વય્યપ્રસન્ને કિમિહાપરૈર્ન: ॥ ૨૯ ॥

તમારી મોરલીના આરોહ–અવરોહ પર તાલ રાખવાવાળા, તમે તમારા આકર્ષક દેખાવથી મને ધન્ય કરો. તમારો અનુગ્રહ (કૃપા) હોય તો અન્ય વસ્તુની શી આવશ્યકતા છે? અને તેથી જો હું વંચિત હોઉં તો બાકીની બધી વસ્તુઓ હોય તો પણ શું લાભ ?

નિબદ્ધ મુગ્ધાં જલિરેષયાચે,
નીરન્ધ્રદૈન્યોન્નત મુક્ત કણ્ઠમ્ ।
દયામ્બુધે દેવ ભવત્કટાક્ષ–
દાક્ષિણ્ય લેશેન સકૃન્નિષિઙ્ચ ॥ ૩૦ ॥

હું પરમ દીનતા (અથવા નિ:સત્ત્વતા)થી હાથ જોડીને તાર સ્વરથી ગદ્ગદિત છું કે હે ભગવન્ ! હે કરુણાનિધિ ! માત્ર એક જ વખત તમે તમારા કૃપા–કટાક્ષના એક અંશથી મને અનુગૃહિત કરો. (અર્થાત્ મારા પર કટાક્ષરૂપી કૃપાનો એક અંશ છોડો.) (૩૦)

પિ છાવતં સરચનો ચિત કેશ પાશે,
પીનસ્તની નયન પઙ્કજ પૂજનીયે ।
ચન્દ્રારવિન્દ વિજયોદ્યતવકત્ર બિમ્બે,
ચાપલ્યમેતિ નયનં તવ શૈશવે ન: ॥ ૩૧ ॥

જેમાં તમારા કેશપાશ મોરનાં પીંછાંના કારણે ઘણો જ સુંદર લાગે છે. જેમાં પુષ્ટસ્તનોવાળી ગોપીઓની કમળ જેવી આંખો પોતાના પ્રિય અને પૂજ્ય (કૃષ્ણ)ને પ્રાપ્ત કરે છે. અને જેમાં તમારું મુખ, ચંદ્રમા અને કમળોને પણ પરાજય આપે છે, એવા આપના બચપણને (બાલ્યકાળને) જોવાને માટે અમારી આંખો ઉતાવળી થઈ ગઈ છે. (૩૧)

ત્વચ્છૈશવં ત્રિભુવનાદ્ભૂતમિત્યવૈમિ,
યચ્ચાપલં ચ મમ વાગવિવાદ ગમ્યમ્ ।
તત્કિં કરોમિ વિરણન્મુરલી વિલાસ–
મુગ્ધં મુખામ્બુજમુદીક્ષિતુમીક્ષણાભ્યામ્ ॥ ૩૨ ॥

હું જાણું છું કે તમારું બાળપણ ત્રણે લોકમાં એક આશ્ચર્યકારક જેવું છે. તેની મોહકતાનું વર્ણન શબ્દોથી કહી શકાતું નથી. મોરલીના માધુર્યથી શોભા આપતારું તમારું અવ્યાજ પ્રકાશવંતુ મુખકમળ જોવાને માટે હું શું કરું ? (૩૨)

પર્યાચિતા મૃત રસાનિ પદાર્થ ભઙ્ગી–
વલ્ગૂનિ વલ્ગિત વિશાલ વિલોચનાનિ ।
બાલ્યાધિકાનિ મદ વલ્લભભાવિતાનિ,
ભાવે લુઠન્તિ સુદશાં તવ જલ્પિતાનિ ॥ ૩૩ ॥

તમારા બાલિશ અને અબોધ બોલ સુંદરીઓનાં મુગ્ધ ભાવોમાં વિલાસ કરે છે. તેઓ અમૃતની મધુરતાથી ભરપૂર છે અને અપૂર્વ પદ યોજનાનાં કારણે મોહક બની ગયા છે. તે બોલ જયારે (મોંમાંથી બહાર) નીકળે છે. ત્યારે કૃષ્ણની મોટી મોટી આંખો વક્ર બની જાય છે. તે બોલ સામાન્ય બાળકમાં મળી શકતા નથી. ગોપ લોકો તેથી મુગ્ધ થઈને ગ્રહણ કરે છે. (૩૩)

પુર: પ્રસન્નેન મુખેન્દુ તેજસા,
પુરોઽવતીર્ણસ્ય કૃપા મહામ્બુધે: ।
તદેવ લીલા મુરલીરવામૃતં,
સમાધિ વિઘ્નાય કદાનુ મે ભવેત્ ॥ ૩૪ ॥

પોતાની પ્રસન્ન મુખરૂપી ચંદ્રની કાંતિથી મારી સામે ઊભા રહેવાવાળા ભગવાન જાણે દયાના (ઉછળતા) સાગર જ છે ! તેમની મધુર મોરલીનું નાદરૂપી અમૃત મારી સમાધિને કયારે વિચલિત કરશે ? (૩૪)

ભાવેન મુગ્ધ ચપલેન વિલોકનેન,
મન્માન સે કિમપિ ચાપલમુદ્વહન્તમ્ ।
લોલેન લોચન રસાયનમીક્ષણેન,
લીલા કિશોર મુપગૂહિતુમુત્સુકોસ્મિ ॥ ૩૫ ॥

જેણે પોતાની ચંચળ અને ઉન્માદક દષ્ટિથી મારા મનમાં એક ખાસ પ્રકારની ચંચળતા પેદા કરી, તે ચંચળ બાળક (કૃષ્ણ) મારી આંખોને અમૃત જેવા ગમે છે. મારી આ ઉતાવળી આંખોમાં તેને સમાવી લેવાને માટે આંખોથી આલિંગન દેવા માટે હું આતુર થઈ ગયો છું. (૩૫)

અધીર બિમ્બાધર વિભ્રમેણ
હર્ષાર્દ્ર વેણુસ્વર સંપદા ચ ।
અનેન કેનાપિ મનોહરેણ
હા હન્ત હા હન્ત મનોધિનોતિ ॥ ૩૬ ॥

પોતાના ચંચળ હોઠોની મોહક સુંદરતાથી અને પોતાની મોરલીના આનંદ રસથી તણાઈ ગયેલી મને આ મનમોહન મારા મનને હાય, હાય, કેવી રીતે મસળી રહ્યા છે ? (૩૬)

યાવન્ન મે નિખિલ મર્મ દઢાભિઘાત–
નિ: સન્ધિ બન્ધન મુદેતિ નવોપતાપ: ।
તાવદ્વિભો ભવતુતાવક વકત્ર ચન્દ્ર–
ચન્દ્રાતપ દ્વિગુણિતા મમ ચિત્તધારા ॥ ૩૭ ॥

સર્વ મર્મ સ્થળો પર ચોટ આપીને જીવનને તોડી નાખનારી નિકટ આવેલી મૃત્યુની પીડાઓ પ્રાપ્ત થાય ત્યાં સુધી હે ભગવન્, મારા મનની લગની તમારા મુખ–ચંદ્રની કૌમુદીથી બમણી થઈ જાય. (૩૭)

યાવન્ન મે નરદશા દશમી દશોઽપિ
રન્ધ્રા દુ દેતિ તિમિરીકૃત સર્વ ભાવા ।
લાવણ્ય કેલિ ભવનં તવ તાવદેતુ
લક્ષ્મ્યા: સમુત્કવણિતવેણુ મુખેન્દુ બિમ્બમ્ ॥ ૩૮ ॥

આંખોનાં છિદ્રોમાંથી નીકળનારી અને બધા પ્રકારના ભાવોને ધૂંધળી નાખનારી એવી દશમી દશા (વૃદ્ધાવસ્થા) પ્રાપ્ત થાય ત્યાં સુધી હે નાથ, વીસળીથી અધિક પ્રસન્ન થનારા તથા લક્ષ્મીના સૌંદર્યના ક્રીડા સદન બનવાવાળા તમારું મુખ-ચન્દ્ર મારી સામે નિત્ય રહે. (૩૮)

આલોલ લોચન વિલોકિત કેલિધારા,
નીરાજિતાગ્રચરણે: કરુણામ્બુરાશે: ।
આર્દ્રાણિ વેણુનિનદૈ: પ્રતિનાદ પૂરે–
રાકર્ણયામિ મણિનૂપુર શિઞ્જિતાનિ ॥ ૩૯ ॥

જેમની દયારૂપી નિધિનો પ્રથમ આવિષ્કાર ચંચળ આંખોની દષ્ટિથી વિભ્રમતાની પંક્તિઓમાં જોવામાં આવ્યા, તે ભગવાન કૃષ્ણની મોરલીના સ્વરોને સંગત કરવાવાળો રત્નજડિત પાયલોનો છુમ છુમ અવાજ હું સાંભળી રહ્યો છું. (૩૯)

હે દેવ હે દયિતે હે જગદેકબન્ધો,
હે કૃષ્ણ હે ચપલ હે કરુણૈકસિન્ધો ।
હે નાથ હે રમણ હે નયનાભિરામ
હા હા કદાનુ ભવિતાસિપદં દશોર્મે ॥ ૪૦ ॥

હે દેવ, હે પ્રિયકર, તમે સંપૂર્ણ સંસારના એક જ સંબંધી છો. હે કૃષ્ણ, તમે કરુણાના અથાગ સાગર છો. હે માલિક, હે નાથ, તમે બધાંની આંખોના તારા છો. તમે ક્યારે (મારી આંખોને ઠંડી કરશો?) મારી આંખોમાં આવીને બેસશો? (૪૦)

અસ્મુન્ય ધન્યાનિ દિનાન્તરાણિ,
હરે ત્વદા લોકનમન્તરેણ ।
અનાથ બન્ધો કરુણૈકસિન્ધો
હા હન્ત હા હન્ત કથં નયામિ? ॥ ૪૧ ॥

હે દીન બન્ધુ, દયાના સાગર, જે દિવસે તમે જોવામાં આવતા નથી તે દિવસની એ ઘડીઓ હું કેવી રીતે પસાર કરું? (૪૧)

કિમિવ શૃણુમ: કસ્ય બ્રૂમ: કથં કૃતમાશયા,
કથયત કથં ધન્યા મન્યામહે હૃદયેશયમ્ ।
મધુર મધુર સ્મેરાકારે મનોનયનોત્સવે,
કૃપણકૃપણા કૃષ્ણે તૃષ્ણા ચિરં બત લમ્બતે ॥ ૪૨ ॥

હે પુણ્યવાન સાધુઓ! અમે ભલા શું સાંભળીએ? અમારી દુર્દશા અને નિરાશા કોને કહીએ? અમારા મનમાં વસી રહેલા ભગવાનનું કેવી રીતે સ્મરણ (ચિંતન) કરીએ! કારણ કે પ્યારું પ્યારું સ્મિત કરવાવાળા અને આંખો તથા મનને પ્રફુલ્લિત કરવાવાળા કૃષ્ણના સંબંધમાં અમારી ક્ષુદ્ર આસક્તિ ખરેખર લાંબી થતી જઈ રહી છે. અર્થાત્ વધતી જ જઈ રહી છે. (૪૨)

આભ્યાં વિલોચનાભ્યા–
મમ્બુજ દલ લલિત લોચનં બાલમ્ ।
દ્વાભ્યામપિ પરિરબ્ધું–
દૂરે મમ હન્ત દૈવ સામગ્રી ॥ ૪૩ ॥

તે ભાગ્ય સંપત્તિ મારાથી ગાઉના ગાઉ દૂર છે, જેના સહારાથી કમળપત્રની સમાન સુંદર આંખોવાળા બાલકૃષ્ણને મારી બંને આંખોથી આલિંગન આપું! (૪૩)

અશ્રાન્ત સ્મિત મરુણારુણાધરોષ્ઠં–
હર્ષાર્દ્ર દ્વિગુણ મનોજ્ઞ વેણુગીતમ્ ।
વિભ્રામ્યદ્વિપુલ વિલોચનાર્ધ મુગ્ધં,
વીક્ષિષ્યે તવ વદનામ્બુજં કદા નુ? ॥ ૪૪ ॥

હું તમારું તે મુખ–કમળ ક્યારે જોઈ શકું? જેના પર નિરંતર મંદ હાસ્ય ચમકે છે, જેના હોઠ લાલિમાથી ભરપૂર છે. આનંદના ઉમંગથી બજાવવામાં આવતી વાંસળીના કારણે જેમાંથી અધિક આકર્ષક સ્વર નીકળે છે અને જેની લાંબી લાંબી અર્ધ ખૂલેલી રસિલી આંખો મને ખૂબ જ મુગ્ધ કરે છે. (૪૪)

લીલાયતાભ્યાં રસશીતલાભ્યાં,
નીલારુણાભ્યાં નયનામ્બુજાભ્યામ્ ।
આલોક યેદદ્ભુત વિભ્રમાભ્યાં,
બાલ: કદા કારુણિક: કિશોર:? ॥ ૪૫ ॥

મોહકતાથી ભરપૂર, અમૃત જેવી શીતલ અનોખા સૌંદર્યથી યુક્ત, એવા લાલ અને નીલા નેત્ર–કમળોવાળા તે દયામય બાળક (કૃષ્ણ) મને ક્યારે જોશે? (૪૫)

બહુલ ચિર કુર ભારં બદ્ધ પિઞ્છાવતંસં–
ચપલ ચપલ નેત્રં ચારુબિમ્બાધરોષ્ઠમ્ ।
મધુર મૃદુલ હાસં મન્થરોદાર લીલં,
મૃગયતિ નયનં મે મુગ્ધ વેષં મુરારે: ॥ ૪૬ ॥

મારી આંખો તે સુંદર વેશ ધારણ કરવાવાળા કૃષ્ણને શોધતી રહે છે. જેમના કેશનો સમૂહ વિપુલ સઘન છે, જેણે મોરનાં પીંછાં લગાવ્યાં છે, જેમનાં નેત્ર ઘણાં જ ચંચળ છે, જેમનું મંદ સ્મિત મોહક છે અને જેની અંગી–ભંગી ધીમી તથા શ્રેષ્ઠ છે. (૪૬)

બહુ જલદચ્છાયા ચોરં વિલાસ ભરાલસં,
મદ્દશિખિ શિખાલી લોત્તસં મનોજ્ઞ મુખામ્બુજમ્ ।
કમપિ કરુણાપાઙ્ગોદગ્ર પ્રસન્ન જગજ્જડં
મધુરિમ પરિપાકોદ્રેકં વયં મૃગયામહે ॥ ૪૭ ॥

અસંખ્ય મેઘોનો વર્ણ ચોરવાવાળા, મસ્તીના કારણે ધીમે ધીમે ચાલવાવાળા, ઉન્મત્ત મોરોનાં મનોહર પીંછાંઓને ભૂષણ રૂપે ધારણ કરવાવાળા અને સુંદર મુખ–કમળવાળા શ્રીકૃષ્ણને અમે શોધીએ છીએ. તે પોતાની દયાર્દ્ર તીક્ષ્ણ નજરથી અચેતન વિશ્વમાં પણ પ્રસન્ન ચૈતન્યને પ્રગટાવે છે. તે કૃષ્ણનાં સૌંદર્યની પરિણતિ જ કલ્લોલ કરતી રહે છે. (૪૭)

પરામૃશ્યં દૂરે પરિષદિ મુનીનાં વ્રજ વધૂ–
દશાં દશ્યં શશ્વત્ત્રિભુવન મનોહારિ વપુષમ્ ।
અનામૃશ્યં વાચામનિદ મુદયાનામપિ કદા
દરી દૃશ્યે દેવં દર દલિત નીલોત્પલ નિભમ્ ॥ ૪૮ ॥

જે મુનિ સમાજમાં એક દૂરગમ્ય (ધ્યેય) રૂપે રહે છે, જે વ્રજબાલાઓની આંખોના તારા છે, જે ત્રણે લોકને મોહિત કરવાવાળું શરીર ધારણ કરે છે, જે અનાદિ વેદવાણીને પણ અપ્રાપ્ય છે અને જેનું લાવણ્ય થોડાં ખીલેલાં કમળ જેવું છે; એવા ભગવાન (કૃષ્ણ)ને એકીટશે જોવાનું ભાગ્ય મને ક્યારે પ્રાપ્ત થશે? (૪૮)

લીલાનનામ્બુજ મધીરમુદીક્ષમાણં
નર્માણિ વેણુવિવરેષુ નિવેશયન્તમ્ ।
ડોલાયમાન નયનં નયનાભિરામં
દેવં કદાનુદયિતં વ્યતિલોકયિષ્યે? ॥ ૪૯ ॥

હું તે લાડીલા કૃષ્ણને ક્યારે જોવા પામીશ? જેનું મુખ–કમળ કેલિ–વિલાસથી ચમકે છે, જેમની દષ્ટિ ચંચલ હોય. (ચંચળ દષ્ટિથી અહીંતહીં જોતા હોય) જે મોરલીના છિદ્રોમાંથી મઝાના સૂર કાઢે છે, જેમની આંખોમાં લાલસાની આતુરતા હોય છે અને જેની મૂર્તિ બધાંની આંખોને પ્યારી લાગે છે. (૪૯)

લગ્નં મુહુર્મનસિ લમ્પટ સંપ્રદાયિ,
લેખાવિલેખનરસજ્ઞ મનોજ્ઞવેષમ્ ।
લજ્જન્મૃદુસ્મિત મધુસ્નપિતાધરાંશુ–
રાકેન્દુલાલિત મુખેન્દુ મુકુન્દ બાલ્યમ્ ॥ ૫૦ ॥

કૃષ્ણના બાલ્યકાળની અર્થાત્ બાલકૃષ્ણનું લટકું મારા મનને વારંવાર યાદ આવે છે; તે કામેચ્છાનો રસ્તો અપનાવે છે. ચિત્ર ઉતારવામાં જે પ્રવીણ અથવા રસિક છે એવા ચિત્રકારોનાં મનને તેનો વેશ મોહિત કરે છે. તેના હોઠોની લાલાશ, કોમળ મંદ હાસ્યની કાન્તિથી જાણે છલકાઈ ગઈ છે અને મુખ–ચન્દ્રમા પૂનમના ચાંદ જેવો પ્રસન્ન છે. (૫૦)

અહિ મકર કરનિકર મૃદુમુદિત લક્ષ્મી,
સરસ તરસ રસિ રુહ સદશદશિ દેવે ।
વ્રજ યુવતિ રતિ કલહ વિજયિનિજ લીલા–
મદમુદિત વદન સશિમધુરિમણિ લીયે ॥ ૫૧ ॥

કૃષ્ણની આંખો તો તળાવમાં ખીલવાવાળાં સુંદર કમળો સમાન છે. જેમની મુલાયમ કાંતિ પ્રચંડ સૂર્યનાં કિરણોનાં સમૂહનાં કારણે અધિક ખીલી ઊઠી છે. વ્રજ બાલાઓની સાથે કરેલ પ્રણયકલહોમાં જે વિજયી થાય છે, એવી આપની વિલાસિતાના ઉન્માદનાં કારણે તે કૃષ્ણના મુખચન્દ્રની શોભા અત્યંત આકર્ષક બને છે, તે ભગવાન

કૃષ્ણમાં (તેની ઉપાસનામાં) હું તલ્લીન થઈ ગયો છું. (૫૧)

કર કમલદર દલિત લલિતતરવંશી–
કલનિનદગલદમૃતઘન સરસિ દેવે ।
સહજ રસભર ભરિત દરહસિતવીથી–
સતત વહદધર મણિમધુરિમણિલીયે ॥ ૫૨ ॥

કમળ જેવાં કોમળ હાથોમાં તદ્દન હલકી એવી મનોહર મોરલીના મધુરા સૂરોમાંથી જે દિવ્ય અમૃત નીકળે છે, તેનું તો કૃષ્ણ એક ઊંડું સરોવર છે. જે સહજ માધુર્યથી ભરપૂર મંદ સ્મિતોનો આધાર છે, અને નિત્ય મોહકતાના નિધિસમાન છે એવા મનોહર હોઠોની મધુરતાથી કૃષ્ણ સંપન્ન છે; તે કૃષ્ણના ભજનમાં હું ખોવાઈ ગયો છું. (૫૨)

કુસુમશર શરસમર કુપિતમદ ગોપી–
કુચકલશઘુસૃણ રસલસ દુરસિદેવે ।
મદ લુલિત મૃદુહસિત મુષિતશશિશોભા–
મુહુરધિક મુખકમલ મધુરિમણિ લીયે ॥ ૫૩ ॥

ભગવાન કૃષ્ણના ધ્યાનમાં હું ખોવાઈ ગયો છું. તેમનું વક્ષઃસ્થળ મદનના બાણોથી જ લડી ગયેલા રતિ કલહોમાં જે ક્રુદ્ધ થયું છે, એવી મતવાલી ગોપીઓના ઘટ સમાન પુષ્ટ સ્તનોનાં સંગમથી ઘણા જ સુશોભિત થયા છે. તેના વિલાસ રંજિત મંદસ્મિતોએ ચંદ્રની શોભાને પણ પરાસ્ત કર્યો છે. અને તેનાં કારણે જ તેમનાં કમળ જેવા ચહેરાની આભા તો અધિક મનોહર થઈ ગઈ છે. (૫૩)

આ નમ્રામસિત ભ્રુવોરુપચિતામક્ષીણ પક્ષ્માङ્કુરે–
ષ્વાલોલા મનુરાગિણોર્નયન ગોરાર્દ્રાં મૃદૌ જલ્પિતે ।
આતામ્રામધરામૃતે મદકલા મમ્લાન વંશીરવે
ષ્વાશાસ્તેમમલોચનંવ્રજશિશોમૂર્તિં
જગન્મોહિનીમ્ ॥ ૫૪ ॥

મારાં નયન તો સઘળાં વિશ્વને આકર્ષિત કરવાવાળી વ્રજબાલની સુંદર શરીર દષ્ટિને જોવાની ઈચ્છા કરે છે. જે ભમ્મરની પાસે થોડી એક બાંકી થઈ ગઈ છે. વળી પ્યાર ભરી આંખો કાંઈક ચંચળ દેખાય છે. તેના મુખની બાલિશ વાતોમાં અનુગ્રહ છલકાય છે. અમૃત મધુરાં હોઠો પર જેણે થોડી લાલિમા ધારણ કરી છે અને જે સ્ફૂર્તિથી બજાવવામાં આવતી વાંસળીના માદક અને મીઠા અવાજમાં વ્યકત થાય છે. (૫૪)

તત્કૈશોરં તચ્ચ વક્ત્રાત્રરવિન્દં,
તત્કારુણ્યં તે ચ લીલાકટાક્ષાઃ ।
તત્સૌન્દર્યં સા ચ મન્દ સ્મિતશ્રીઃ
સત્યં સત્યં દુર્લભં દૈવતેષુ ॥ ૫૫ ॥

તે બાળપણ, તે મુખકમળ, તે દયા, તે રસિલી દષ્ટિ, તે કાંતિ અને તે હળવું સ્મિત – ખરેખર આ બધું દેવતાઓમાં પણ કયાં હશે ? (દેવતાઓમાં પણ મળી શકશે નહિ.) (૫૫)

વિશ્વોપપ્લવ શમનૈકબદ્ધદીક્ષં
વિશ્વાસસ્તવબકિત ચેતસાં જનાનામ્ ।
પશ્યામઃ પ્રતિનવકાન્તિકન્દલાર્દ્રં
પશ્યામઃ પથિ પથિ શૈશવં મુરારેઃ ॥ ૫૬ ॥

કલ્પનાના પ્રત્યેક પથ પર હું મોરારિના તે બચપણને દેખું છું. જે નિત્ય નૂતન ચાતુર્યથી ચમકે છે. અને જેણે તે લોકોની સમસ્ત વિપત્તિઓનો વિનાશ કરવાનું જાણે બીડું ઉઠાવ્યું છે! જેમનાં મનઃકુસુમ શ્રદ્ધાથી ખીલે છે. (૫૬)

મૌલિશ્ચન્દ્રક ભૂષણા મરકત
સ્તમ્ભાભિરામં વપુ–
ર્વકત્રં ચિત્રવિમુગ્ધહાસ મધુરં
બાલે વિલોલે દશૌ ।
વાચઃ શૈશવશીતલા મદગજ
શ્લાઘ્યાવિલાસસ્થિતિ–
ર્મન્દં મન્દમયે ! ક એષ મધુરા–
વીથીમિતો ગાહતે ? ॥ ૫૭ ॥

જેનું માથું મયૂરનાં પીંછાંઓથી અલંકૃત છે, તેમનું શરીર નીલ સ્તંભો જેવું ચમકી રહ્યું છે. જેનું વદન સુંદર અને ચંચળસ્મિતોથી શોભી રહ્યું છે. જેની આંખોમાં ચંચળતા તરવરે છે. જેની વાતો જાણે બચપણનો ઠંડો ફુવારો છે. જેનું શરીર સૌષ્ઠવ ઉન્મત્ત હાથીઓને માટે પણ સ્તુતિપાત્ર (અનુકરણીય) છે. એવા મથુરાના રસ્તાઓ ઉપર ધીમે ધીમે ચાલવાવાળા તે કોણ છે ? (૫૭)

પાદૌપાદ વિનિર્જિતામ્બુજવનૌ–
પદ્માલયાલङ્કૃતૌ,
પાણી વેણુ વિનોદનપ્રણયિનૌ–
પર્યાપ્ત શિલ્પશ્રિયૌ, ।
બાહુ દોહદભાજનં મૃગદૃશાં,
માધુર્ય ધારાગિરો
વક્ત્રં વાગ્વિભવાતિલङ્ઘિત મહો
બાલં કિં મે તન્મહઃ ? ॥ ૫૮ ॥

તેનાં ચરણ તો કમળોના સમૂહોને પણ શરમાવે છે. તે ચરણોને લક્ષ્મીએ (પોતાના નિવાસમાં) ભૂષિત કર્યાં છે. કલાનો ઉત્કર્ષ દેખાડનારા તેના હાથ મોરલી બજાવવામાં ઘણી જ રુચિ રાખે છે. તેની ભુજાઓ હરણનાં જેવાં નેત્રોવાળી સ્ત્રીઓનાં મનોરથ પૂર્ણ કરે છે. તેમના શબ્દો તો જાણે મધુરતાનો પ્રવાહ છે. તેમનું મુખ જો વાણીવિલાસ શબ્દા તીન છે. (તેમના મુખના સૌંદર્યનું વર્ણન શબ્દોથી કરી શકાતું નથી.) એવું તે કેવું અદ્ભુત તેજ છે, કે જેણે બાળકનું રૂપ લીધું છે. (૫૮)

બર્હંનામ વિભૂષણં બહુમતં વેષાય શૌરેલં,
વક્ત્રં દ્વિત્ર વિશેષ કાન્તિ લહરી, વિન્યાસ ધન્યા ધરમ્ ।
શીલૈરલ્પધિયામગમ્ય વિભવૈઃ શ્રૃङ્ગાર ભङ્ગીમયં
ચિત્ર ચિત્રમહો વિચિત્ર મહહો ચિત્રં વિચિત્રં મહઃ ॥૫૯॥

તેની વેશભૂષા માટે એક મયૂરપિચ્છનું ઘરેણું બસ છે, અન્ય અલંકારોની જરૂરત જ કયાં છે ? હોઠ પર બે ત્રણ રેખાઓ લગાવી દો તો બસ એના મોં અને સુંદર હોઠો પર જાણે સૌંદર્યના તરંગ ઝળકે છે ! મહાન બુદ્ધિવાળાને એમના શૃંગારની કલ્પનાનો મર્મ તો સમજવામાં જ આવતો નથી. તેમનો દિવ્ય આત્મા તો આશ્ચર્યનું જ આશ્ચર્ય છે (૫૯)

અગ્રે સમગ્રયતિ કામપિ કેલિલક્ષ્મી–
મન્યાસુ દિક્ષ્વપિ વિલોચનમેવ સાક્ષિ ।
હાહન્ત હસ્તમથ દૂરમહો કિમેત–
દાસીત્કિશોરમયમમ્બ જગત્ત્રયંમે ॥ ૬૦ ॥

મારી સામે તો પોતાની અદ્ભુત વિભ્રમની શોભા દેખાય છે અને બધી જ દિશાઓમાં તેમની શ્રી ફેલાયેલી છે. મારી આંખો જ એની સાક્ષી છે અથવા જો એને હું ગ્રહણ કરું તો મારા ફેલાવેલા હાથ તો નિત્ય તેનાથી દૂર દૂર જ રહે છે. મને તો આશ્ચર્ય છે કે આ શૈશવ ત્રણે લોકમાં વ્યાપ્ત થયેલું જોવામાં આવે છે. (૬૦)

ચિકુરં બહુલં વિરલં ભ્રમરં
મૃદુલં વચનં વિપુલં નયનમ્ ।
અધરં મધુરં વદન લલિતમ્
ચપલં ચરિતં કદાऽનુભવે ॥ ૬૧ ॥

વિપુલ કેશનો જથ્થો, લલાટ પર ફેલાયેલા વાંકડિયા વાળ, કોમળ વાણી, વિશાળ નેત્ર, રસીલા હોઠ, વિલાસી ચહેરો અને ચટકદાર વર્તાવ, આવું રૂપ હું કયારે જોવા પામીશ ? (૬૧)

પરિપાલય નઃ કૃપાલયે–
ત્યસકૃજ્જલ્પિતમાત્મ બાન્ધવઃ ।
મુરલી મૃદુલ સ્વનાન્તરે,
વિભુરાકર્ણયિતા કદાનુ નઃ ? ॥ ૬૨ ॥

"હે દયાનિવાસ, અમારી રક્ષા કરો." આ રીતનો વિનય હું મારા બંધુ (કૃષ્ણ) સાથે નિત્ય કરતો રહું છું. પરંતુ મોરલીની મધુર લહરિયોની વચ્ચે તે વિશ્વાત્મા મને કયારે સાંભળશે ? (૬૨)

કદાનુ કસ્યાં નુ વિપદ્દશાયાં,
કૈશોર ગન્ધિઃ કરુણામ્બુધિર્નઃ ।
વિલોચનાભ્યાં વિપુલાયતાભ્યાં
વ્યાલોકયિષ્યન્વિષયી કરોતિ ॥ ૬૩ ॥

પોતાનાં બાળપણથી મહેંકતા આ દયાના સાગર, પોતાની મોટી મોટી અને લાંબી લાંબી આંખોથી મને જોઈને કઈ રીતે સંકટ સમયમાં મને પોતાનો કૃપાપાત્ર બનાવશે ? (૬૩)

મધુર મધર બિમ્બે મઞ્જુલં મન્દ હાસે,
શિશિરમમૃત વાકયે શીતલં દષ્ટિપાતે ।
વિપુલ મરુણ નેત્રે વિશ્રુતં વેણુનાદે
મરકત મણિનીલં બાલમાલોકયે નુ: ? ॥ ૬૪ ॥

હું તે નીલમણિ જેવી કાંતિવાળા બાળકને ક્યારે જોઈશ ? જો કે પોતાના હોઠોની લાલશથી ઘણા જ કમનીય દેખાય છે. પોતાનાં હળવાં હાસ્યથી આકર્ષક છે. અમૃત જેવાં મધુર વચનોથી તાપ વગરના દેખાય છે. પોતાની દષ્ટિમાં-કટાક્ષમાં અતિ પ્રસન્ન લાગે છે. પોતાનાં આરક્ત નયનોથી ઘણા જ ગંભીર નજરવાળા છે. અને પોતાના બંસી વાદન માટે તે વિખ્યાત છે. (૬૪

માધુર્યાદપિ મધુરં
મન્મથ તાતસ્ય કિમપિ કૈશોરમ્ ।
ચાપલ્યાદપિ ચપલં
એ તો મમ હરતિ હન્ત: કિં કુર્મ: ? ॥ ૬૫ ॥

જે મદનને જન્મ આપવાવાળા કૃષ્ણનું વિચિત્ર બાળપણ મધુરતાથી પણ મધુર, ચપળતાથી પણ વધુ સ્ફૂર્તિલું છે. અમે શું કરીએ ? તે અમારું મન આકૃષ્ટ (આકર્ષિત) કરી લે છે. (૬૫)

વક્ષ: સ્થલે ચ વિપુલં નયનોત્પલે ચ,
મન્દાસ્મિતે ચ મૃદુલં મદ જલ્પિતે ચ ।
બિમ્બાધરે ચ મધુરં મુરલીરવે ચ
બાલં વિલાસનિધિમાકલયે કદાનુ ? ॥ ૬૬ ॥

જેની છાતી પહોળી અને નેત્ર વિશાળ છે, જેમનું હાસ્ય મોહક છે અને લલિત વચનો આકર્ષક છે, જેનાં બિંબ જેવા હોઠ લોભાવનારા છે અને મોરલીનો દવનિ બેહાલ કરવાવાળો છે, તે રતિનિધાન બાળકને હું ક્યારે જોઈ લઉં ? (૬૬)

આર્દ્રાવલોકિત દયા પરિણર્દ્ધા નેત્રે,
માવિષ્કૃતસ્મિત સુધા મધુરા ધરોષ્ઠમ્ ।
આદ્યં પુમાંસમવતંસિત બર્હિબર્હ –
માલોકયન્તિ કૃતિન: કૃતપુણ્ય પુઞ્જા: ॥ ૬૭ ॥

જેનાં કૃપાપૂર્ણ નેત્ર કરુણામય કટાક્ષ (દષ્ટિ) નાખે છે અને સ્મિતરૂપી અમૃત-લહેરોનાં કારણે જેનાં અધર બહુ જ પ્યારાં લાગે છે. એવા મોર પિચ્છનાં આભૂષણ ધારણ કરવાવાળા પુરાણ પુરુષને પુણ્યરાશિનો સંચય કરવાવાળા ધન્ય લોકો જ જોઈને પામી શકે છે. (૬૭)

માર: સ્વયં નુ મધુરદ્યુતિમણ્ડલં નુ,
માધુર્યમેવ નુ મનોનયનામૃતં નુ ।
વાણીમૃજા નુ મમ જીવિતવલ્લભો નુ
બાલોઽયમભ્યુદયતે મમ લોચનાય ॥ ૬૮ ॥

શું આ સ્વયં મદન (કામદેવ) છે ? કે શું એક સુંદર તેજ:પુંજ છે ? કે શું આ મૂર્તિમાન માધુર્ય છે ? શું આ મારા અંતરચક્ષુને દિવ્ય રસ આપવાવાળા છે ? આ તો વાણીના પ્રવર્તક છે. અથવા તો મારા જીવનના પ્યારા – સર્વસ્વ છે. છેવટે મારી આંખોને પોતાનું દર્શન આપનાર આ બાળક છે કોણ ? (૬૮)

બાલોઽયમાલોલ વિલોચનેન,
વકત્રેણ ચિત્રીકૃત દિઙ્મુખેન ।
વેષેણ ઘોષોચિત ભૂષણેન
મુગ્ધેન દુગ્ધે નયનોત્સુકં ન: ॥ ૬૯ ॥

પોતાની ચપળ આંખો, બધી દિશાઓને રંગીન બનાવવાવાળો પોતાનો ચહેરો અને ગોપલોકોને ઉચિત પોતાનો વેશ તથા અલંકારોથી આ બાળક આંખોમાં પ્યાસ પેદા કરે છે. (આંખોને દર્શન માટે ઉત્સુક બનાવે છે) (૬૯)

આન્દોલિતાગ્ર ભુજચાકુલ નેત્રલીલ–
માર્દ્રસ્મિતાર્દ્ર વદનામ્બુજ ચન્દ્રબિમ્બમ્ ।

શિઞ્જાનભૂષણશતં શિખિપિઞ્છમૌલિ
શીતં વિલોચન રસાયનમભ્યુપૈતિ ॥ ૭૦ ॥

હાથ ધ્રૂજી રહ્યા છે. આંખો વિલાસથી બાવરી થઈ ગઈ છે. ચંદ્રકલાની સમાન જોવામાં આવતું વદન, નિર્મળ હાસ્યથી પ્રસન્ન થઈ ગયું છે. પગમાં રૂમઝૂમ કરવાવાળા સેંકડો ઘરાણાં ધારણ કરેલાં છે. આ પ્રકારે મારા નયનોને તૃપ્ત કરવાવાળું કોઈ રસાયન મારી સામે આવે છે. (૭૦)

પશુપાલબાલ પરિષદ્ધિ ભૂષણં,
શિશુરેષ શીતલ વિલોલલોચન: ।
મૃદુલ સ્મિતાર્દ્ર વદનેન્દુ સંપદા,
મદયન્મદીય હૃદયં વિગાહતે ॥ ૭૧ ॥

ગોપગણોમાં રત્નની જેમ ચમકવાવાળી આ બાળકની આંખો પ્રસન્ન અને ચંચળ છે. તેના મુખ ચન્દ્રની આભા મંદ સ્મિતથી શોભે છે. અને ખૂબ જ ખીલી ઊઠી છે. તે ગોપાળ મારા હૃદયમાં મદમસ્ત બનીને તેમાં બેસી જાય છે. (૭૧)

તદિદ મુપનીતં તમાલનીલં,
તરલ વિલોચન તારકાભિરામમ્ ।
મુદિત મુદિત વકત્ર ચન્દ્રબિમ્બં
મુખરિત વેણુ વિલાસ જીવિતં મે ॥ ૭૨ ॥

જેમનો વર્ણ તમાલના પાંદડાં સમાન શ્યામ છે, જેની ચંચળ આંખોની પૂતળીઓ ઘણી જ સુંદર છે, જેના મુખ–ચંદ્રમા પર આનંદ રહે છે, અને મોરલીની માદક ધ્વનિઓનો જાણે પ્રાણ છે – એવા આ કૃષ્ણ મારી સામે જ આવી પહોંચ્યા છે. (૭૨)

ચાપલ્ય સીમ ચપલાનુભવૈક સીમ,
ચાતુર્ય સીમ ચતુરાનન શિલ્પસીમ ।
સૌરભ્ય સીમ સકલાદ્ભુતકેલિ સીમ,
સૌભાગ્ય સીમ તદિદં વ્રજભાગ્યસીમ ॥ ૭૩ ॥

નટખટમાં તો જાણે પરાકાષ્ટા પ્રાપ્ત કરનાર, ચપળતામાં સીમા ન રાખનાર, ચાલાકીમાં કોઈથી પણ પરાજય ન પામનાર, બ્રહ્માની કલાનો ઉત્કર્ષ, સઘળી સુગંધીઓનો સાર, તમામ વિચિત્ર વિભ્રમોનો આદર્શ, સૌંદર્યનું સત્ત્વ અને વ્રજનાં સૌભાગ્યની આ તો પરાકાષ્ટા છે. (૭૩)

માધુર્યેણ દ્વિગુણ શિશિરં, વકત્રચંદ્રં વહન્તી,
વંશીવીથી વિગલદમૃત સ્રોતસાસેચયન્તી ।
મદ્વાણીનં વિહરણ પદં મત્ત સૌભાગ્યભાજાં,
મત્પુણ્યાનાં પરિણતિર હો નેત્રયો: સન્નિધત્તે ॥૭૪॥

લાલિત્યનાં કારણે બમણી આભથી ચમકવાવાળા, ચન્દ્રવદનને ધારણ કરવાવાળા, મોરલીમાંથી વહેનારી સુધા મધુર લહરીઓથી સમગ્ર વિશ્વને આપ્લાવિત કરવાવાળા; આ કૃષ્ણ મારી વાણીનું વિહાર સ્થાન છે. મારા દેવસંપન્ન પુણ્યોનું જ અપૂર્વ ફળ છે. એ તો મારી આંખો સામે જ ઊભા છે. (૭૪)

તેજસેઽસ્તુ નમો ધેનુપાલિને લોકપાલિને ।
રાધા પયોધરોત્સઙ્ગ શાયિને શેષ શાયિને ॥ ૭૫ ॥

ગાયોને ચરાવવાવાળા, લોકોની રક્ષા કરવાવાળા, રાધાનાં પીન સ્તનોનાં ખોળામાં સૂવાવાળા એવા શેષશાયીરૂપી તેજને મારા પ્રણામ. (૭૫)

ધેનુપાલદયિતા સ્તનસ્થલી–
ધન્ય કુઙ્કુમસનાથ કાન્તયે ।
વેણુગીત ગતિમૂલવેધસે
તેજસે તદિદ મેં નમો નમ: ॥ ૭૬ ॥

ૐ ! હું તો સ્વર્ગીય ઉલ્લાસને અભિવાદન કરું છું. જે મોરલીમાંથી નીકળનારા આહ્લાદમય ગીતોના પ્રધાન સૃષ્ટા છે અને ગોપીઓનાં સ્તનો પર રહેલ સુંદર કુમકુમ તિલકોનાં કારણે જે ઘણા જ કાંતિમાન થઈ ગયા છે. (૭૬)

મૃદુક્વણન્નૂપુર મન્થરેણ
બાલેન પાદામ્બુજ પલ્લવેન ।
અનુક્વણન્મ જુલવેણુગીત
માયાતિ મે જીવિતમાત્તકેલિ ॥ ૭૭ ॥

જુઓ, રસક્રીડામાં રુચિ રાખનારા આ મારું સર્વસ્વ જીવન જે કૃષ્ણ, પાયલની મંજુલ છુમ છુમકારથી ધીરે ધીરે પોતાના કમલ જેવા નાજુક પગથી આગળ આવી રહ્યા છે. (૭૭)

સોઽયં વિલાસ મુરલી, નિનદામૃતેન,
સિઞ્ચન્નુદઞ્ચિતમિદં મમ કર્ણ યુગ્મમ્ ।
આયાતિ મે નયનબન્ધુરનન્ય બન્ધુ–
રાનન્દ કન્દલિતકેલિ કટાક્ષ લક્ષ: ॥ ૭૮ ॥

આ મારી આંખોના આનંદ વિધાન, અનાથોના રક્ષક આવી રહ્યા છે. સુંદર પ્યારી મોરલીના નાદ-રૂપી અમૃતથી મારા કાન પવિત્ર કરી રહ્યા છે. તે આનંદના અતિરેકથી ચંચળ બનેલા વિલાસપૂર્ણ કટાક્ષોથી જોવામાં આવે છે. (કટાક્ષોનું–દૃષ્ટિનું લક્ષ્ય બન્યા છે.) (૭૮)

દૂરાદ્વિલોકયતિ વારણખેલ ગામી
ધારા કટાક્ષ ભરિતેન વિલોચનેન ।
આરાદુપૈતિ હૃદયઙ્ગ વેણુનાદ–
વેણી દુઘેન દશના વરણેન દેવ: ॥ ૭૯ ॥

હાથીના જેવી ડોલતી ચાલવાળા, આ ભગવાન દૂરથી જ મધુર દૃષ્ટિથી મને જોઈ રહ્યા છે. એ જ્યારે નજીક આવી રહ્યા છે ત્યારે તેમના હોઠો પરથી મોરલીની મીઠી ધ્વનિઓ નીકળી રહી છે. (૭૯)

ત્રિભુવન સરસાભ્યાં દીપ્તભૂષા પદાભ્યાં,
દશિ દશિ શિશિરાભ્યાં દિવ્ય લીલા કુલાભ્યામ્
અશરણ શરણાભામદ્ભુતાભ્યાં, પદાભ્યા–
મયમય મનુકૂજદ્વેણુરાયાતિ દેવ: ॥ ૮૦ ॥

મોરલી પર મીઠી ધૂન બજાવતા આ ભગવાન કૃષ્ણ આવી રહ્યા છે. કેવો અપૂર્વ પદન્યાસ છે તેનો? તેના પગ તો ત્રણે લોકમાં બધાંથી સુંદર છે. અલંકારોની જગા તો કાંતિમય થઈ ગઈ છે. એકે એકને દૃષ્ટિથી (દરેકની આંખોને) ઠંડક પહોંચાડે છે. તેમનામાં સ્વર્ગીય ક્રીડાની તરલતા (ચંચળતા) છે. તેઓ નિસશ્રિત લોકો ને સહાયક કરે છે. (૮૦)

સોઽયં મુનીન્દ્ર જનમાનસ તાપહારી
સોઽયં મદવ્રજવધૂ વસનાપહારી ।
સોઽયં તૃતીય ભુવનેશ્વર દર્પહારી,
સોઽયં મદીય હૃદયામ્બુરુહાપહારી ॥ ૮૧ ॥

એ તો છે મુનિ શ્રેષ્ઠોનો આધ્યાત્મિક તાપ દૂર કરવાવાળા, તે છે મતવાલી ગોપીઓનાં વસ્ત્ર હરણ કરવાવાળા, તે છે સ્વર્ગના રાજા ઇન્દ્રનો ઘમંડ ઉતારવાવાળા અને તે એ છે કે મારા ચિત્તના અરવિંદને ખીલવનારા (આકૃષ્ટ કરવાવાળા) ભગવાન કૃષ્ણ. (૮૧)

સર્વજ્ઞત્વે ચ મૌગ્ધ્યે ચ સાર્વભૌમમિદં મમ ।
નિર્વિશન્નયનં તે જો નિર્વાણપદમશ્નુતે ॥ ૮૨ ॥

સર્વજ્ઞપણું અને નિર્વ્યાજ મનોહરત્વ કે જેમાં સર્વસ્વપણુ છે, એવાં તેજમાં તલ્લીન થઈને મારી આંખો મોક્ષ સુખનો અનુભવ કરે છે. (૮૨)

કૃષ્ણાનમેતત્પુનરુક્તશોભ –
મુષ્ણેતરાં શો રુદયં મુખેન્દો: ।
તૃણામ્બુ રાશિં દ્વિગુણી કરોતિ,
કૃષ્ણાદ્વયં કિઞ્ચન જીવિતં મે ॥ ૮૩ ॥

એમના મુખચન્દ્રમાનો ઉદય શીત કિરણવાળા ચંદ્રની શોભાને વ્યર્થ કરી દે છે. કૃષ્ણ નામ જ મારો સર્વસ્વ પ્રાણ છે. તે મારી ઉત્કંઠાના સમુદ્રને બમણો કરે છે. (કૃષ્ણ પ્રત્યે મારી ઉત્કંઠા અત્યધિક વધી રહી છે). (૮૩)

તદેતદા તામ્ર વિલોચનશ્રી–
સમ્ભાવિતાશેષ વિનમ્ર વર્ગમ્ ।
મુહુર્મુરારેર્મધુરાધરોષ્ઠં,
મુખામ્બુજં ચુમ્બતિ માનસં ચ ॥ ૮૪ ॥

પોતાની રક્ત આંખની વિશેષ સુંદરતાથી બધા શરણાગત ભક્તોનો ઉદ્ધાર કરવાવાળા અને પોતાના વિલાસી હોઠોથી શોભિત એવા કૃષ્ણના વદનકમળને મારું મન એકી ટશે જોતું રહે છે. (૮૪)

કરૌ શરદુદઞ્ચિતામ્બુજ વિલાસ શિક્ષાગુરુ
પદૌ વિબુધપાદપ પ્રથમ પલ્લવોલ્લઙ્ઘિનૌ ।
દશૌ દલિત દુર્મદ ત્રિભુવનોપ્રમાનશ્રિયૌ–
વિલોકય વિલોચનામૃતમહો મહચ્છૈશવમ્ ॥૮૫॥

જુઓ આ અદ્ભુત બાળકને! (બાલકૃષ્ણને) જે આંખોને માટે તો એક દિવ્ય રસ છે. જુઓ, એના હાથ શારદીય કમળોને પણ સૌંદર્યનો પાઠ ભણાવે છે. એના પગ કલ્પવૃક્ષની નવી કોમળ કુંપળોને પણ શરમાવે છે. એની આંખો સૌંદર્યનાં જૂઠા ઘમંડવાળા લોકોને પરાજય આપવાનાં કારણે ત્રિલોકમાં વંદનીય બની ગઈ છે. (૮૫)

આચિન્વાન મહન્યહન્ય હનિ
સાકારાનૂ વિહારક્રમા–
નારુન્ધાનમરુન્ધતી હૃદયમ
પ્યાર્દ્ર સ્મિતાસ્યશ્રિયા ।
આતન્વાનમનન્યજન્મ નયન
શ્લાઘ્યામનર્ઘ્યાદશા –
મામન્દવ્રજ સુન્દરી સ્તન તટી
સામ્રાજ્ય મુજગૃમ્ભતે ॥ ૮૬ ॥

વ્રજની રમણીઓનાં સ્તનો પર વિહાર કરવાવાળા, શ્રી કૃષ્ણની અસીમ ઉલ્લાસની આ પરમ અવસ્થા છે. હવે તે પ્રત્યક્ષ થઈ ગયા છે, તે પ્રત્યેક દિવસ કંઈને કંઈ પ્રણય પદ્ધતિઓને શોધી કાઢે છે. મંદ હાસ્યથી ચમકવાવાળા પોતાના વદનનાં લાવણ્યથી તે અરુંધતીનું મન પણ ખેંચી લે છે. તેથી એ અમૂલ્ય સૌંદર્ય અવસ્થાનું નિર્માણ કરે છે. કે જેથી કોઈ અન્ય યોનિમાં પ્રત્યક્ષ થઈ શકતું નથી (૮૬)

સમચ્છવસિત યૌવનં તરલ શૈશવાલઙ્કૃતં
મદચ્છુરિત લોચનં મદન મુગ્ધહાસામૃતમ્ ।
પ્રતિક્ષણ વિલોભનં પ્રણયપીતવંશી મુખં,
જગત્ત્રય વિમોહનં જયતિ મામકં જીવિતમ્ ॥ ૮૭ ॥

આ મારા જીવનમાં સારભૂત જે કૃષ્ણ છે. તે સર્વત્ર વિજયી છે. તેનું તારુણ્ય ખીલી ઊઠયું છે. ચંચળ બાળપણ તેનો અલંકાર છે. તેની આંખોમાં નશાનો વિલાસ છે. તેનું અમૃત મધુરું હાસ્ય પ્રણયના ભાવોથી અધિક આકર્ષક થઈ જાય છે. તે પ્રત્યેક ક્ષણે (જોવાવાળાનું) દિલ ચોરે છે, તે ઘણાં પ્યારથી મોરલીના મોંને ચૂમે છે. (મોરલી બજાવે છે.) તે ત્રણે લોકને મોહિત કરે છે. (૮૭)

ચિત્રં તદેતચ્ચરણારવિન્દં,
ચિત્રં તદેતન્નિયનારવિન્દમ્ ।
ચિત્રં તદેતદ્વદનાર વિન્દં
ચિત્રં તદેતત્પુનરમ્બ ચિત્રમ્ ॥ ૮૮ ॥

એનાં ચરણકમળ અદ્ભુત છે. એનાં નયન–સરોજ વિસ્મિત કરવાવાળા છે. એનું મુખ–કમળ એક આશ્ચર્યની વાત છે. જે હોય તેનું શું આશ્ચર્ય! એનું સર્વ કાંઈ વિલક્ષણ છે. (૮૮)

અખિલ ભુવનૈક ભૂષણ–
મધિ ભૂષિત જલધિં દુહિતૃ કુચકુમ્ભમ્ ।
વ્રજ યુવતી હારાવલિ–
મરકત નાયક મહામણિ વન્દે ॥ ૮૯ ॥

આ શ્રેષ્ઠ નીલ રત્નને હું પ્રણામ કરું છું, જે સઘળા વિશ્વનો શ્રેષ્ઠ અલંકાર છે. સમુદ્ર કન્યા લક્ષ્મીનાં સ્તનમંડલોને એણે વિભૂષિત કર્યાં છે અને ગોકુળની રમણીઓનાં સુંદર નીલમણિ છે. (૮૯)

કાન્તા કચ ગ્રહણ વિગ્રહ બદ્ધ લક્ષ્મી–
ખણ્ડાઙ્ગ રાગ રસ રઞ્જિતમઞ્જુલશ્રિ ।
ગણ્ડસ્થલી મુકુટ મણ્ડલ ખેલમાન–
ધર્માઙ્કુરં કિમપિ ખેલતિ કૃષ્ણ તેજ: ॥ ૯૦ ॥

શ્રી કૃષ્ણની તે અદ્ભુત કાંતિ ઝગમગતી છે. પ્રિયાના કેશ ગ્રહણ કરતી વખતે તે (લક્ષ્મીની) સાથે

ઝઘડો થઈ ગયો. તે સમયે તેના શરીરને મરોડતાં કેટલાક કણ (શ્રી કૃષ્ણનાં શરીરને) લાગી ગયા. કૃષ્ણની કાંતિ તેથી રંગાઈ ગઈ અને અધિક મોહક થઈ ગઈ, તે વખતે અરીસાના કાચ જેવા કોમળ ગાલ પર સ્વેદ કણ ચમકવા લાગ્યા હતા. (૯૦)

મધુરં મધુરં વપુરસ્યવિભો–
મંધુરં મધુરં વદનં મધુરમ્ ।
મધુગન્ધિ મૃદુસ્મિતમેતદહો
મધુરં મધુરં મધુરં મધુરમ્ ॥ ૯૧ ॥

આ પ્રભુનું શરીર અત્યંત લાવણ્યમય છે. તેનો ચહેરો ઘણો જ સુંદર છે. તેનું મંદ સ્મિત મધુના ગંધથી મહેંકે છે. અહો, એનું સઘળું જ ખૂબ સુંદર, મનોહર અને આકર્ષક છે (૯૧)

શ્રૃઙ્ગાર રસ સર્વસ્વં, શિખિપિઞ્છ વિભૂષણમ્ ।
અઙ્ગીકૃત નરાકારમાશ્રયે ભુવનાશ્રયમ્ ॥ ૯૨ ॥

બધા જ સાજ-શૃંગારનો સાર, મોરપીંછાંથી અલંકૃત, સમગ્ર વિશ્વના આશ્રય સ્થાન, એવો મનુષ્યનો આકાર ધારણ કરવાવાળા કૃષ્ણના શરણે હું જાઉં છું. (૯૨)

નાદ્યાપિ પશ્યતિ કદાચન દર્શનેને,
ચિરોન ચોપનિષદા સુદશાં સહસ્રમ્ ।
સ ત્વં ચિરં નયન યોરનયો: પદવ્યાં
સ્વામિન્! કદા નુ કૃપયા મમ સન્નિધત્સે? ॥ ૯૩ ॥

હજારો સૂક્ષ્મ દૃષ્ટિવાળાં દાર્શનિકો આપને સાક્ષાત્કાર દ્વારા અથવા માનસિક ચિંતનથી અથવા ઉપનિષદોનું તત્ત્વ જાણીને પણ તમને જોવા પામતા નથી. તો હે ભગવાન, તમે મારી સમીપ આવીને મારી આંખોને ક્યારે જોવામાં આવશો? શું એટલી દયા બતાવશો? (૯૩)

કેયં કાન્તિ: કેશવ ત્વન્મુખેન્દો:
કોઽયં વેષ: કોઽપિ વાગ્યામભૂમિ: ? ।
સેયં સોઽયં સ્વાદુતા મઞ્જુલશ્રી:,
ભૂયો ભૂયો ભૂયશસ્ત્વાં નમામિ ॥ ૯૪ ॥

હે કેશવ, કેવી વિચિત્ર છે તમારા મુખચન્દ્રની છબી! કેવો છે આ વેશ! તે વાણીની શક્તિથી પર છે. હા, એ જ છે. આ એ જ છે; મધુરતાની આકર્ષક દ્યુતિ. હું તમને વારંવાર પ્રણામ કરું છું. (૯૪)

વદનેન્દુ વિનિર્જિત: શશી
દશધા દેવ! પદં પ્રપદ્યતે ।
અધિકાં શ્રિય મશ્નુંતેતરાં,
તવ કારુણ્ય વિજૃમ્ભિતં કિંચિત્? ॥ ૯૫ ॥

તમારા મુખરૂપી ઇન્દુથી પરાજય પામવાવાળો આ ચંદ્ર તમારા પગ પર દસ વખત નમે છે. અને (તેનાં કારણે) અધિક કાંતિ પામે છે. કેવી વિસ્મય જનક છે તમારી કૃપા! (૯૫)

તત્ત્વન્મુખં કથમિવાબ્જ સમાન કક્ષ્યં,
વાઙ્માધુરી બહુલપર્વ કલા સમૃદ્ધમ્? ।
તત્કિં બ્રુવે કિમ પરં ભુવનૈક કાન્તં?
યસ્ય ત્વદાન ન સમા સુષમા સદા સ્યાત્ ॥ ૯૬ ॥

તમારા વદનને કમળની ઉપમા કેવી રીતે આપી શકાય? કારણ કે તે વાણીની મધુરતાથી ભરપૂર છે અને પૂર્ણ ચંદ્રની સમાન પ્રફુલ્લ છે, તેનું વર્ણન હું કેવી રીતે કરી શકું? સમગ્ર દુનિયામાં એવી કઈ સુંદરતમ વસ્તુ છે કે જેનું સૌંદર્ય તમારી મુખકાંતિ સમાન નિત્ય રહે છે? (૯૬)

શુશ્રૂષસે યદિવચ: શ્રૃણુ મામકીનં–
પૂર્વૈર પૂર્વંક વિમિનં કટાક્ષિતં યત્ ।
નીરાજનક્રમ મધુરં મવદાન નેન્દો:
નિર્વ્યાજ મર્હતિચિરાયશશિ પ્રદીપ: ॥ ૯૭ ॥

જો તમે સાંભળવા ઇચ્છતા હો તો મારી આ વાતને સાંભળો. જેની તરફ પહેલાંના કવિવરોનું ધ્યાન ગયું નથી.

તમારા મુખચંદ્રની નિત્ય આરતી ઉતારવા માટે તે ચંદ્ર રૂપી દીપક જ નિ:સંદેહ યોગ્ય છે. (૯૭)

અખણ્ડ નિર્વાણ રસ પ્રવાહૈ–
ર્વિખણ્ડિતા શેષ રસાન્તરાણિ ।
અયન્ત્રિતો દ્વાન્ત સુધાર્ણવાનિ,
જયન્તિ શીતાનિ તવ સ્મિતાનિ ॥ ૯૮ ॥

નિરંતર આનંદના સ્રોતો દ્વારા બધી પ્રકારના બીજા લૌકિક રસોનો પરાજય કરવાવાળું અને અમૃત સાગરોને લગાતાર ઉછાળવાવાળું તમારું પ્રસન્ન સ્મિત ચમકતું રહે છે. (૯૮)

કામં સન્તુ સહસ્રશ: કતિપયે
સારસ્યધૌરેયકા:,
કામંવા કમનીયતા પરિણતિ
સ્વારાજ્ય બદ્ધવ્રતા: ।
તૈર્નૈવં વિવદામહે નચવયં,
દેવ! પ્રિયં બ્રૂમહે,
યત્સત્યં રમણીયતા પરિણતિ –
સ્ત્વય્યેવ પારંગતા ॥૯૯॥

સૌંદર્યના રસજ્ઞ (રસના અગ્રણી) કોઈ હજારો હશે; રહેવા દો. રમણીતાની પરાકાષ્ટાનું ઉચ્ચપદ પ્રાપ્ત કરવાને માટે વ્રત કરવાવાળા પણ કેટલાક હશે, તેની પરવા નથી. અમારો તેમની સાથે કોઈ ઝઘડો નથી. ભગવત્, એ વાત નથી કે હું કેવળ મીઠી મીઠી વાતો કરું છું, પણ આ તો બિલકુલ સત્ય છે કે સૌંદર્ય તો આપનામાં જ પરમ સીમા પ્રાપ્ત કરી લે છે, (૯૯)

મન્દાર મૂલે મદનાભિરામં,
બિમ્બાધરા પૂરિત વેણુનાદમ્ ।
ગો ગોપ ગોપીજન મધ્ય સંસ્થં,
ગોપં ભજે ગોકુલ પૂર્ણ ચંદ્રમ્ ॥ ૧૦૦ ॥

ગોકુળને (ગોકુળના લોકોને) પૂર્ણ ચંદ્ર જેવો આહ્લાદ આપવાવાળા તે ગોપનો આશ્રય કરું છું. જે મંદાર વૃક્ષની નીચે ઊભા રહેવા છતાં કામદેવ જેવા સુંદર લાગે છે. બિંબ જેવા હોઠો પર મોરલીના નાદ છેડો છો ને ગ્વાલ અને ગ્વાલીઓની વચ્ચે નિત્ય વિહાર કરો છો. (૧૦૦)

ગલદ્ગીડાલોલા મદન વનિતા ગોપ વનિતા,
મધુસ્ફીતં ગીતં કિમપિ મધુરા ચાપલધુરા ।
સમુજ્જૃમ્ભા ગુમ્ભા મધુરિ મગિરાં માદશ ગિરાં,
ત્વયિ સ્થાને જાતે ધરતિ ચપલં જન્મ ચ ફલમ્ ॥૧૦૧॥

તમે ઉપસ્થિત થતાં જ ગોકુળની સ્ત્રીઓ વ્યાકુળ બનીને પોતાની લજ્જા તજે છે અને કામવશ થઈ જાય છે. મોરલીનું ગીત માદક બને છે. તમારું નટખટપણું પણ મનોરંજક હોય છે. મારા જેવા સામાન્ય માણસના વચન પણ મધુરવાણીના ઉપાસક મનીષીયોની વાણી જેવા મનોહર લાગે છે અને મારું ઉદ્દંડ જીવન પણ સફળ બને છે. (૧૦૧)

ભવનં ભુવનં વિલાસિનીશ્રી –
સ્તન યસ્તામરસાસન: સ્મરશ્ચ ।
પરિચાર રમ્પરા: સુરેંદ્રા –
સ્તદપિ ત્વચ્ચરિતં વિભો વિચિત્રમ્ ॥ ૧૦૨ ॥

ભગવાન, સમગ્ર વિશ્વ આપનું ઘર છે, તમે સૌંદર્ય દેવી લક્ષ્મીની સાથે કેલિ કરો છો. કમળ પર બેસવાવાળા બ્રહ્મા અને કામદેવ તમારા પુત્ર છે, પ્રમુખ દેવ તમારા સેવક છે. આવું તમારું માહાત્મ્ય ખરેખર વિચિત્ર છે. (૧૦૨)

દેવ સ્ત્રીલોકી સૌભાગ્યં કસ્તૂરી તિલકાઙ્કુર: ।
જીયાદ્વ્રજાઙ્ગનાનઙ્ગ કેલી લલિત વિભ્રમ: ॥૧૦૩॥

જેના લલાટમાં કસ્તુરીનું જે તિલક છે તે તો ત્રણે લોકનું સૌભાગ્ય છે અને ગોકુળની ગોપીઓની પ્રણયની ક્રીડાઓથી જેની ભાવભંગિ આકર્ષક થઈ છે. એવા કૃષ્ણનો નિત્ય વિજય હો. (૧૦૩)

પ્રેમદં ચ મે કામં ચ મે
વેદનં ચ મે વૈભવં ચ મે ।
જીવનં ચ મે જીવિતં ચ મે
દૈવતં ચ મે દેવનાપરમ્ ॥ ૧૦૪ ॥

દેવ તમે મને પ્રેમ બતાવો છો. મારી ઈચ્છાઓ પૂર્ણ કરો છો. મારી સંવેદના અને ઐશ્વર્ય તમે જ છો. તમે મારું જીવન છો, જીવનના આધાર છો મારે માટે બીજું કાંઈ દૈવત (દેવ) નથી. (૧૦૪)

માધુર્યેણ વિજૃમ્ભન્તાં વાચો નસ્તવ વૈભવે ।
ચાપલ્યેન વિવેર્ધન્તાં ચિન્તા નસ્તવ શૈશવે ॥ ૧૦૫ ॥

તમારો મહિમા ગાતી વખતે મારી વાણી મધુરતાથી પ્રગટ હો. અને તમારા બાળપણના સંબંધમાં મારી ઉત્કંઠા અધીરતાથી વધતી જાય (૧૦૫)

યાનિત્વચ્ચરિતા મૃતાનિ,
રસના લેહ્યાનિ ધન્યાત્મનાં,
યે વા ચાપલ શૈશવ વ્યતિકરા,
રાધાપરાધોન્મુખાઃ ।
યા વા ભાવિત વેણુગીત ગતયો–
લીલા મુખામ્ભોરુહે;
ધારાવાહિકયા વહન્તુ હૃદયે–
તાન્યેવ તાન્યેવ મે ॥ ૧૦૬ ॥

તમારું પુણ્ય ચરિત રૂપી અમૃત ભાગ્યશાળી લોક પોતાની જિહ્વાથી સેવન કરે છે. (અર્થાત્ તમારુ સંકીર્તન કરે છે.) તમારા બચપણની ફરિયાદ રાધાના સંબંધમાં કોઈ અપરાધ કરતી હતી અથવા તમારા સુંદર મુખ કમળમાંથી મોરલીના ભાવપૂર્વક ગીતોની સૂરાવલિ નીકળતી હતી. એ ત્રણે વગર બીજી કોઈ મારા હૃદયમાં સતત કલ્લોલતી ન રહો. (૧૦૬)

ભકિત સ્ત્વયિ સ્થિરતરા ભગવન્ યદિસ્યા–
દૈવેન નઃ ફલિત દિવ્ય કિશોરવેષે ।
મુકિતઃ સ્વયં મુકુલિતાઞ્જલિ સેવતેઽસ્માન્
ધર્માર્થ કામ ગતયઃ સમય પ્રતીક્ષાઃ ॥૧૦૭॥

જો સૌભાગ્યથી હે ભગવન્, તમારા સ્વર્ગીય શૈશવ આકૃતિ પર અમારી ભકિત દઢતર થઈ જાય તો સ્વયં મોક્ષપદ હાથ જોડીને અમારું સેવક બની જશે અને ધર્મ, અર્થ, કામ કેવળ સમયની રાહ જોતા રહેશે. (સમયની-યોગ્ય સમયની) પરંપરા પ્રમાણે ઉચિત અવસ્થાની. (૧૦૭)

જયજય જય દેવ દેવદેવ
ત્રિભુવન મંગલ દિવ્યનામ ધેય ।
જયજયજય બાલકૃષ્ણ દેવ
શ્રવણ મનો નયનામૃતાવતાર ॥ ૧૦૮ ॥

હે દેવતાઓમાં ઉત્તમ કૃષ્ણ, તમારી જય હો. તમારું નામ ત્રણે લોકોને માટે શુભ અને દિવ્ય ફળદાયક છે. હે બાલકૃષ્ણ, તમે અમારાં કાન, આંખો તથા અંતઃકરણને અમૃતના અવતાર જેવા લાગો છો. તમારો સદા વિજય હો. (૧૦૮)

તુભ્યં નિર્ભર હર્ષ વર્ષ વિવશા વેશ સ્ફુટાવિર્ભવદ્
ભૂયશ્ચાપલ ભૂષિતેષુ સુકૃતાં ભાવેષુ નિર્ભાસતે ।
શ્રીમદ્ ગોકુલ મણ્ડનાય મહતે, વાચાંવિદૂરસ્ફુર–
–માધુર્યૈ કરસાર્ણવાય મહસેકસ્મૌચિદસ્મૈ નમઃ॥૧૦૯॥

હે કૃષ્ણ, તમારો આકાર ધારણ કરવાવાળું જે એક અપૂર્વ તેજ છે, તેને હું પ્રણામ કરું છું. તે તેજ પુણ્યવાન લોકોના ચિંતનમાં ચમકે છે. જે અત્યધિક આનંદના વર્ષાના આવેગ સાથે પ્રગટી નીકળે છે અને પછી ચંચલતાથી ઝલકવાવાળા (અર્થાત્ શીઘ્ર પ્રગટ થવાવાળા) ભાવોમાં ખીલી ઊઠે છે. તે તેજ ખરેખર ગોકુળનું ભૂષણ છે. તે વાણીથી અનેક ગાઉ દૂર છે. (અર્થાત્ શબ્દો દ્વારા તેનું વર્ણન કરી શકાતું નથી) તે તેજ જાણે શુદ્ધ લાવણ્યનો મહાન સાગર છે. (૧૦૯)

ઈશાનદેવ ચરણા ભરણેન નીવી,
દામોદર સ્થિર યશઃ સ્તવકોદ્ગમેન ।
લીલા શુકેન રુચિરં તવ દેવ કૃષ્ણ–
કર્ણામૃતં વહતુ કલ્પ શતાન્તરેઽપિ ॥૧૧૦॥

આ '**કૃષ્ણ કર્ણામૃત**' ઈશાન દેવના ચરણોના દાસે (શિવના ભકતે) **લીલા શુકે** લખ્યું છે, તે–(લીલા શુક)ની કીર્તિના ભવ્ય ગુચ્છોના નીવીવાસી કૃષ્ણની ભકિતમાં પોતાનો ચિરંતન યશ, સંપદાને ફળવતી બનતી જોઈ છે. તે કાવ્ય સેંકડો યુગોમાં પણ અમર રહો. (૧૧૦)

॥ **શ્રી કૃષ્ણકર્ણામૃતમ્** ॥
(આશ્વાસ—પ્રથમ સમાપ્ત)

શ્રી ગણેશાય નમઃ

ખંડ-૫મો "શ્રીકૃષ્ણ કર્ણામૃતમ્"

(બીજો આશ્વાસ)

અનુવાદ : શ્રી હિંમતલાલ ઉમિયાશંકર દવે



બીજો આવાસ

અભિનવ નવનીત સ્નિગ્ધમાપીત દુગ્ધં ।
દધિ કણ પરિદિગ્ધં મુગ્ધમઙ્ગં મુરારેઃ ॥
દિશતુ ભુવનકૃચ્છ્રચ્છેદિતાપિઞ્છ ગુચ્છ-
ચ્છવિ નવશિખિ પિઞ્છાલાઞ્છિતં વાઞ્છિતં નઃ ॥ ૧ ॥

તે કૃષ્ણ નિત્ય દૂધ પીએ છે. તાજું ને ચીકણું, માખણ ખાવાવાળા, કણીવાળું દહીં પીનાર, યમાલ-પત્રની કોમળ ને નીલરંગી છાયાવાળા, મોરનાં પીંછાં વડે શોભાયમાન રૂપ ધારણ કરવાવાળા, સંસારનાં દુઃખોને હરવાવાળા એવા મોરારિનું સુંદર શરીર અમારી અભિલાષાઓ પૂર્ણ કરો. (૧)

યાં દૃષ્ટ્વા યમુનાં પિપાસુરનિશં વ્યૂહો ગવાંગાહતે ।
વિદ્યુત્વાનિતિ નીલકણ્ઠનિવહો યાં દ્રષ્ટુમુત્કણ્ઠતે ॥
ઉત્તંસાય તમાલપલ્લવામિતિ ચ્છિન્દન્તિયાં ગોપિકાઃ
કાન્તિઃ કાલિયશાસનસ્ય વપુષઃ સા પાવનીપાતુ નઃ ॥૨॥

કાલીનાગનું દમન કરવાવાળા, તે કૃષ્ણના શરીરનું પવિત્ર લાવણ્ય અમારું રક્ષણ કરો. જેને જોઈને યમુનાનું પાણી પીવાને માટે પ્યાસી ગાયોનો સમૂહ દરરોજ જેમની તરફ દોડે છે, તેમનું શરીર તો જાણે ચમકતી વીજળીવાળો મેઘ ન હોય! એવું સમજીને મયૂરોનાં ટોળેટોળાંઓ અત્યંત ઉત્સુક થઈ જોવા માટે દોડે છે. તમાલપત્રની કોમળ પાંદડીઓ સમજીને ગોપીઓ તેમનાં વાળને ખોસવા માટે તોડે છે. (૨)

દેવઃ પાયાત્પયસિ વિમેલ યામુને મજ્જતીનાં ।
યાચન્તીનામનુનતપદૈવંઞ્ચિતાન્યં શુકાનિ ॥
લજ્જાલોલૈરલ સવિલ સૈરુન્મિષત્પઙ્કજ બાણે–
ગોપસ્ત્રીણાં નયનકુસુમૈરર્ચિતઃ કેશવો નઃ ॥ ૩ ॥

કૃષ્ણ દ્વારા ચોરાઈ ગયેલાં વસ્ત્રોને માગવાવાળી ગોપીઓ યમુનાનાં જળમાં ડૂબકીઓ મારતી, અને

વસ્ત્રો પાછાં મેળવવા દીન શબ્દો વડે વિનંતી કરતી, લજ્જામાં – શરમમાં ઝૂલતી, અલસાઈમાં શોભતી, મદનનો ઉમંગ વ્યકત કરવાવાળી ગોપીઓ, પોતાની આંખોના ફૂલ ચડાવીને જેની પૂજા કરે છે એવા ભગવાન કૃષ્ણ અમારી રક્ષા કરો. (૩)

માતર્નાત: પરમનુચિતં યત્ખલાનાં પુરસ્તા–
દસ્તાશઙ્કં જઠરપિઠરીપૂર્તયે નર્તિતાસિ ॥
તત્ક્ષન્તવ્યં સહજસરેલ વત્સલે વાણિ કુર્યા ।
પ્રાયશ્ચિત્તં ગુણગણ નયા ગોપવેશસ્ય વિષ્ણો: ॥ ૪ ॥

હે દેવી ભારતી, (વાણી) મેં માત્ર પેટનો ખાડો ભરવા માટેની (આજીવિકાની ચિંતામાં) ચિંતાથી દુષ્ટોની સામે તને નચાવી. આનાથી નિમ્ન કોટિની બીજી કઈ વાત હોઈ શકે! હે નિર્વ્યાજ, સુંદર વત્સલત! મારી એ વાણી મને ક્ષમા કર. ગોપ રૂપ વિષ્ણુના ગુણોનાં સ્તોત્રોને ગાઈ એ માટેનું પ્રાયશ્ચિત્ત હવે કરીશ. (૭)

અઙ્ગુલ્ય ગ્રૈરરુણા કિરણૈર્મુકતસંરુદ્ધરન્ધ્રં ।
વારં વારં વદનમરુતા વેણુમાપૂરયન્તમ્ ॥
વ્યત્યસ્ય હિઘ્ર વિકચકમલચ્છાય વિસ્તારિનેત્રં
વન્દે વૃંદાવન સુચરિતં નન્દ ગોપાલ સૂનુમ્ ॥ ૫ ॥

જે પોતાની આરક્ત તેજસ્વી આંગળીઓનાં ટેરવાંથી મોરલીનાં છિદ્ર (કાણાં) ઘડીકમાં ઉઘાડે છે અને ઘડીકમાં બંધ કરે છે અને વારંવાર મોંની હવા મોરલીમાં ભરીને તેને બજાવે છે, જે વક્ર પગ કરીને ઊભા છે. અને જેમની આંખો વિકસિત કમળ સમાન સુંદર અને વિશાળ છે. એવા વૃંદાવનમાં પ્રતિષ્ઠિત નંદ ગોપાળના પુત્રને હું નમસ્કાર કરું છું. (૫)

મન્દં મન્દં મધુરનિનદૈર્વેણુમાપૂરયન્તં ।
વૃન્દં વૃન્દાવનભુવિગવાં ચારયન્તં ચરન્તમ્ ॥
છન્દો ભાગે શત મખ મખ ધ્વંસિનાં દાનવાનાં–
હન્તારં તં કથયરસને ગોપકન્યા ભુજઙ્ગમ્ ॥ ૬ ॥

જે મનમોહક સ્વરોથી ધીરે ધીરે મોરલી બજાવે છે. જે વૃંદાવન પ્રદેશમાં ગાયોનાં ધણને ચરાવતા ચરાવતા ફરે છે. અને ઇન્દ્રના યજ્ઞોનો વિધ્વંસ કરવાવાળા તથા રાક્ષસોનો વિનાશ સ્રનારા, કે જેનું વર્ણન વેદોમાં કરવામાં આવ્યું છે તથા ગોપાળની સ્ત્રીઓનાં પ્રિયકર છે એવા કૃષ્ણનું હે જિહ્વા! તું એનું વર્ણન કર. ગુણનાં ગીતનું ગુંજન કેર. (૬)

વેણીમૂલે વિરચિત ઘનશ્યામ પિઙ્છાવચૂડો ।
વિદ્યુલ્લેખાવલયિત ઇવ સ્નિગ્ધ પીતામ્બરેણ ॥
મામાલિઙ્ગન્મરકતમણિ સ્તમ્ભ ગંભીરબાહુ:
સ્વપ્ને દૃષ્ટસ્તરુણ તુલસીભૂષણો નીલમેઘ: ॥ ૭ ॥

કોમળ તુલસીપત્રનો હાર ધારણ કરવાવાળા યુવાકારને મેં સ્વપ્નમાં જોયા. જેમના ઓળેલા વાળમાં મેઘવર્ણા મયૂરનાં પીંછાંનો તોરો (ગુચ્છ) લગાવ્યો હતો તે ચમક ચમક કરતાં પીળાં વસ્ત્રમાં એવા દેખાતા હતા, જાણે વીજળીથી ઘેરાયેલા ન હોય! પન્ના જેવા પ્રકાશિત સ્તંભો જેવી પોતાની પુષ્ટ ભુજાઓ વડે મને (કૃષ્ણ) આલિંગન આપી રહ્યા હતા. (૭)

કૃષ્ણે હત્વા સિચયનિચયં કૂલકુઙ્જાધિરુઢે ।
મુગ્ધા કાચિન્મુહુરનુયયૈ: કિન્વતિ વ્યાહરન્તી ॥
સભ્રુભઙ્ગં સદરહસિતં સત્રપં સાનુરાગં ।
છાયાશૌરે: કરતલગતા ન્યંબરાણ્યાચકર્ષ ॥ ૮ ॥

જયારે શ્રીકૃષ્ણ કોઈ યુવતીનાં વસ્ત્ર ખેંચીને કિનારા પર આવેલ એક ઘટાટોપ કુંજમાં જઈને બેઠા, ત્યારે તે બિચારી ભોળી ગોપી કહે છે, "મારી શી ફરિયાદ છે? મને છોડો." એવી વારંવાર નમ્ર વાણીથી વિનંતી કરવા લાગી. થોડી થોડી રીસ કરીને થોડી થોડી હસતી હસતી, થોડી થોડી શરમાતી બનીને ઘણા જ પ્યારથી તે (ગોપી) કૃષ્ણના હાથે પકડાયેલ પોતાના વસ્ત્રને છોડાવવા લાગી. ત્યારે તેનો પડછાયો પાણીમાં પડયો હતો. (૮)

અપિ જનુષિ પરસ્મિન્નાત્ત પુણ્યો ભવેયં ।
તટ ભુવિ યમુનાયા સ્તાદૃશો વંશનાલ: ॥
અનુભવતિ ય એષ: શ્રીમદાભીરસૂનો–
રધરમણિ સમીપં ન્યાસધન્યા મવસ્થામ્ ॥ ૯ ॥

જુઓ તો ખરા, આ પુણ્યશાળી એવા વાંસ નંદના પુત્રના અધરો (હોઠ)ની પાસે રહેવાના અસાધારણ સુખનો અનુભવ કરી રહ્યા છે. તો શું હું આગલા જન્મમાં મારા પુણ્યના સંચયના ફળસ્વરૂપ આ યમુનાના તટ પર આ રીતનો મોરલીનો વાંસ બની જઈશ ખરો? (૯)

અયિ પરિચિનુ ચેત: પ્રાતરમ્ભોજનેત્રં ।
કબરકલિત ચઙ્ચત્પિઙ્ગુછ દામાભિરામમ્ ॥
બલભિદુપલ નીલં વલ્લવીભાગધેયં ।
નિખિલનિગમ વલ્લીમૂલકન્દં મુકુન્દમ્ ॥૧૦॥

હે મન, તું ભગવાન મુકુંદનું ધ્યાન ધર. તેમની આંખો પ્રભાતમાં ખીલેલાં કમળ જેવી સુષમાયુકત છે. તેમની શિખામાં મોહક મોરનાં પીંછાંની માળા હિલોળા લઈ રહી છે. તેમની કાંતિ તો ઇન્દ્ર–નીલમણિ જેવી છે. અને એ એવું મૂળ છે કે જેમાંથી વેદરૂપી વેલીઓ ફૂટી નીકળી છે. (૧૦)

અયિ મુરલી મુકુંદ સ્મેર વક્ત્રારવિન્દ–
શ્વસન મધુરસજ્ઞે ત્વાં પ્રણમ્પાદ્ય યાચે ॥
અધરમણિ સમીપં પ્રાપ્તવત્યાં ભવત્યાં,
કથય રહસિ કર્ણે મદ્દશાં નન્દ સૂનો: ॥૧૧॥

હે મોરલી! હું તને પ્રણામ કરું છું કારણ કે તેં મુકુંદના સ્મિત લલિત મુખરૂપી કમળમાંથી નીકળવાવાળી શ્વાસની મધુરતાનો સ્વાદ તેં લીધો છે? હું તને પ્રણામ કરીને એક પ્રાર્થના કરું છું કે જયારે તું નંદના ગોપાળના મધુર અધરની પાસે જઈશ ત્યારે એકાંતમાં તેમનાં કાનમાં મારી વ્યથા (દુ:ખદ અવસ્થા)ને જરૂર સંભળાવજે. (૧૧)

સજલ જલદનીલં વલ્લવીકેલિ લોલં ।
શ્રિત સુરતરૂમૂલં વિદ્યુદુલ્લાસિ ચેલમ્ ॥
સુરરિપુકુલકાલં સન્મનોબિમ્બ લીલં ।
નતસુરમુનિજાલં નૌમિ ગોપાલબાલમ્ ॥૧૨॥

હું આ નાના ગોપાલની પ્રાર્થના કરું છું જે જળથી ભરેલા મેઘ જેવા કાળા છે, જે ગોપીઓની સાથે ખેલવામાં ઘણો જ આનંદ પામે છે. તે સ્વર્ગીય વૃક્ષની નીચે ઊભા રહે છે. તેમનાં વસ્ત્ર વીજળીનાં જેવાં ચમકે છે. તે રાક્ષસોના સમૂહના મૃત્યુ દેવતા છે. તેમની સુંદર પ્રતિમા સજ્જનોનાં મનમાં રહે છે. અને તેમની સામે અનેક દેવ તથા ઋષિ પોતાનું શીશ (માથું) નમાવે છે. (૧૨)

અધરબિમ્બ વિડમ્બિત વિદ્રુમં ।
મધુર વેણુ નિનાદ વિનોદિનમ્ ॥
કમલ કોમલકમ્ર મુખામ્બુજં ।
કમપિ ગોપકુમાર મુખાસ્મહે ॥ ૧૩ ॥

જેમનાં બિંબ સમાન હોઠ, તો મગને પણ શરમાવે છે. જે મોરલીના રસમય સ્વરો વડે આનંદ વિભોર થાય છે અને જેમનું વદન કમળની સમાન નાજુક અને સુંદર છે; તેવા એ ગોપબાળકનું વર્ણન કેવી રીતે થઈ શકે? તેમની ઉપાસના અમે કરીએ છીએ. (૧૩)

અધરે વિનિવેશ્ય વંશનાદં ।
વિવરાણ્યસ્ય સલીલમઙ્ગુલીભિ: ॥
મુહુરન્તરયન્મુહુર્વિ વૃણ્વન્ ।
મધુરં ગાયતિ માધવો વનાન્તે ॥ ૧૪ ॥

પોતાના હોઠો વચ્ચે મોરલીને રાખીને અને તેનાં છિદ્રોને આંગળીઓનાં કૌશલ્યથી કયારેક બંધ કરે છે, કયારેક કયારેક ખોલે છે એવા માધવ, આ વનભૂમિમાં મોરલીની મીઠી મીઠી ધૂન બજાવી રહ્યા છે. (૧૪)

વદને નવનીત ગન્ધવા હં ।
વચને તસ્કર ચાતુરીધુરીણમ્ ॥
નયને કુહનાશ્રુમાશ્રેયથા—
શ્રરણે કોમલ તાણ્ડવં કુમારમ્ ॥ ૧૫ ॥

તમે તેવા બાળકનાં શરણમાં જાઓ કે જેનાં મુખમાંથી માખણની વાસથી ભળેલી હવા નીકળે છે. એમના શબ્દોમાં વાક્પટુતા (ચાપલ્ય) છે. તેમની આંખોમાં છળ ભરેલાં આંસુ છે અને તેની ચંચળ ચાલમાં માર્દવ–મધુરતા છે. (૧૫)

અમુનાઽખિલ ગોપ ગોપનાર્થં ।
યમુના શ્રોધસિ નન્દ નન્દનેન ॥
દમુના વનસમ્ભવં પપે ન: ।
કિમુનાસૌ શરણાર્થિનાં શરણ્ય: ॥ ૧૬ ॥

નંદના આ છોકરાએ બધા જ ગોવાળિયાઓની રક્ષાને માટે યમુનાના તટ પર ભયંકર દાવાનળને પણ કાબૂમાં રાખ્યો હતો. તો આશ્રયને શોધવાવાળા એવા લોકોનો સહારો શું તે થશે નહિ? (૧૬)

જગદાદરણીય જાર ભાવં ।
જલજાયત્યવચો વિચાર ગમ્યમ્ ॥
તનુતાં તનુતાં શિવે તરાણાં ।
સુરનાથોપલ સુન્દર મહો નઃ ॥ ૧૭ ॥

જેમની ગુપ્ત પ્રણય ચેષ્ટાઓનો સમગ્ર સંસાર આદર (ગર્વ) કરે છે અને બ્રહ્માનાં વચનોને (વેદોનું) અધ્યયન દ્વારા જ જેને જાણી શકાય છે. એવા ઈન્દ્ર-નીલમણિ જેવી સુંદર કાંતિવાળા કૃષ્ણ અમારી અમંગળ મુસીબતોનો નાશ કરો. (૧૭)

યા શેખરે શ્રુતિગિરાંહૃદિ યોગભાજાં,
પાદામ્બુજે ચ સુલભા વ્રજ સુન્દરીણામ્ ॥
સા કાઽપિ સર્વ જગતામભિરામ સીમા ।
કામાય નો ભવતુ ગોપકિશોર મૂર્તિઃ ॥ ૧૮ ॥

ગોપબાળક શ્રી કૃષ્ણની અદ્ભુત મૂર્તિવાણીનું પણ ઉચ્ચતમ સાધ્ય યા ધ્યેય છે, તેવા આત્મજ્ઞ યોગીઓનાં મનમાં જ બિરાજે છે. વ્રજની ગોપીઓનાં કમલાભિરામ ચરણો સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે. (૧૮)

અત્યન્ત બાલમતસી કુમુસુમ પ્રકાશં ।
દિગ્વાસસં કનકભૂષણ ભૂષિતાઙ્ગમ્ ॥
વિસ્રસ્તકશે મરુણાધર માયતાક્ષં ।
કૃષ્ણં નમામિ મનસા વસુદેવ સૂનુમ્ ॥૧૯॥

ઘણી જ કોમળ એવી બાલ્યાવસ્થામાં રહેવાવાળા, અતસીનાં ફૂલો જેવાં ચમકવાળા, નગ્ન પરંતુ સોનાનાં અલંકારોથી શોભતા શરીર ધારણ કરવાવાળા, વિંખરાયેલાં વાળવાળા, લાલ હોઠોવાળા અને વિશાળ નયનોવાળા, એવા વસુદેવજીના પુત્ર કૃષ્ણને હું પ્રણામ કરું છું. (૧૯)

હસ્તાઙિઘ્રનિક્કણિત કઙ્કણકિંઙ્કિણીકં ।
મધ્યે નિતમ્બમવલમ્બિત હેમ સૂત્રમ્ ॥
મુક્તા કલાપ મુકુલી કૃત કાક પક્ષં ।
વન્દામહે વ્રજચરં વસુદેવ ભાગ્યમ્ ॥૨૦॥

અમે એ વ્રજવાસી કૃષ્ણને નમસ્કાર કરીએ છીએ. જેના હાથમાં કંકણ અને પગમાં ઘૂઘરા છુમ છુમ કરે છે. જેણે પોતાની કમર પર સોનાની સાંકળી બાંધી છે. જેમના વાળ સામે (કપાળ પર) આવી રહ્યા છે તેને બાંધવા જે પટ્ટી છે તેમાં મોતીની સેર પરોવાઈ દીધી છે. આ તો વસુદેવનું પરમ મૂર્તિમાન સૌભાગ્ય છે. (૨૦)

વૃંદાવનદ્રુમતલેષુ ગવાં ગણેષુ ।
વેદાવસાન સમયેષુ ચ દશ્યતે યત્ ॥
તદ્વેણુનાદનપરં શિખિપિઝ્છ ચૂંહ
બ્રહ્મ સ્મરામિ કમલેક્ષણમભ્રનીલમ્ ॥ ૨૧ ॥

જે બ્રહ્મ વૈદિક મંત્રોના અંતિમ ભાગોમાં અર્થાત્ ઉપનિષદોમાં જ પ્રતીત હોય છે. તે જ (શ્રી કૃષ્ણ રૂપમાં વૃંદાવનનાં વૃક્ષો, લતાઓ અને ગાયોનાં ધણની વચ્ચે જોવામાં આવે છે. તે કૃષ્ણ મુરલીવાદનમાં નિમગ્ન (તલ્લીન) રહે છે. તેની (શિખા) ચોટલીમાં મોરનાં પીંછાં ખોસેલાં રહે છે. તેની બંને આંખ કમળ સમાન છે અને તેમના શરીરનો રંગ વાદળા જેવો શ્યામ છે. (૨૧)

વ્યત્યસ્તપાદમવતંસિત બર્હિબર્હ—
સાચી કૃતાનનનિવેશિત વેણુરન્ધ્રમ્ ।
તેજઃ પરં પરમ કારુણિંક પુરસ્તાત્ ।
પ્રાણપ્રયાણ સમયે મમ સન્નિધત્તામ્ ॥૨૨॥

તીરછા (વક્ર) પગ પર ઊભા રહેવાવાળા શ્રી કૃષ્ણે, પોતાના જરા વાંકા કરેલા મોંમાં મોરલીના છિદ્રવાળા ભાગને રાખે છે. તે વખતે તેમના વાળમાં મોરનાં પીંછાં શોભા આપે છે. તે પરમ દયાળુ જ્યોતિ મારા જીવનની અંતિમ ઘડીએ જરૂર મારી પાસે આવી જાય. (૨૨)

ઘોષપ્રઘોષ શમનાય મથોગુણેન ।
મધ્યે બબન્ધ જનની નવનીત ચોરમ્ ॥
તદ્બંધનં ત્રિ જગતામુદરાશ્રયાણા—
માક્રોશ કારણમહો નિતરાં બભૂવ ॥૨૩॥

તે ગોકુળમાં ફેલાયેલી કૃષ્ણની બદનામી દૂર કરવાને માટે મા યશોદાએ તે માખણચોરની કમરને દોરડીથી કસકસી બાંધી દીધી. પરંતુ હાય! તેના વિશાળ જઠરમાં રહેલા આશ્રિત પ્રાણીઓને તે બંધન ભયંકર આક્રંદનું કારણ બની ગયું. (૨૩)

શૈવા વયં ન ખલુ તત્ર વિચારણીયં ।
પઞ્ચાક્ષરી જપપરાન્વિતરાં તથાપિ ॥
ચેતો મદીયમત સી કુસુમાબ ભાસં ।
સ્મેરાન નં સ્મરતિ ગોપવધૂ કિશોરમ્ ॥૨૪॥

હું શિવનો ભક્ત છું અને તે અંગે વિચાર કરવાનો કોઈ અવકાશ જ નથી. પરંતુ અતસી ફૂલોનાં જેવા રંગવાળા, ગોપ સ્ત્રી યશોદાના પુત્ર અને સ્મિતથી ભરેલા મુખવાળા શ્રીકૃષ્ણનું જ મારૂં મન ધ્યાન કરે છે. (૨૪)

રાધાપુનાતુ જગદચ્યુત દત્તચિત્તા ।
મન્થાન માકલયતી દધિરિક્તં પાત્રે ॥
તસ્યાઃ સ્તન સ્તબકચઞ્ચલલોલ દષ્ટિ—
દેંવોઽપિ દોહનધિયા વૃષભં નિરુન્ધન્ ॥૨૫॥

શ્રી કૃષ્ણની સાથે લગની લાગી જવાના કારણે જે ખાલી વાસણ (ગોળી)માં જ દહીં વલોવવા લાગી હતી. તે રાધા સંસારને પવિત્ર કરે. તેનાં પુષ્ટ સ્તનો પર તેની પાગલપનનાં ચિંતનથી રાધાએ દોવા માટે એક બળદને પણ બાંધી રાખ્યો હતો. તે ભગવાન શ્રીકૃષ્ણ પણ સંસારનું મંગળ કરો. (૨૫)

ગોધૂલિધૂસરિત કોમલ કુન્તલાગ્ર—
ગોવર્ધનોદ્ધારણ કેલિકૃત પ્રયાસમ્ ॥
ગોપીજનસ્ય કુચ કુઙ્કુમ મુદ્રિતાઙ્ગં
ગોવિન્દ મિન્દુ વદનં શરણં ભજામઃ ॥૨૬॥

વીજળી જેવા મુખવાળા તે ગોવિંદના શરણમાં અમે જઈએ છીએ. જેમના વાળની લટાઓ ગાયો વડે ઊડેલી ધૂળથી ભરેલી હતી. જેણે ગોવર્ધન પર્વત ઉઠાવવાની લીલા બતાવવાનો પરિશ્રમ કર્યો હતો અને જેનું અંગ (વક્ષઃસ્થલ) ગોપીઓનાં સ્તનો પર લગાવેલ કુમકુમ રેખાઓથી રંગાયેલું હતું. (૨૬)

યદ્રોમરન્ધ્ર પરિપૂર્તિ વિધાવ દક્ષા
વારાહજન્મનિ બભુવૂરમી સમુદ્રાઃ ।
તં નામ નાથમરવિન્દ દેશં યશોદા—
પાણિ દ્વયાન્તર જલૈઃ સ્નપયામ્બભૂવ ॥૨૭॥

વરાહ અવતારના સમયે જેનાં કેશકૂપ ભરવાને માટે તમામ સમુદ્ર અસમર્થ થઈ ગયા હતા અને જેના કમળ જેવાં નયનવાળા અમારા સ્વામી શ્રી કૃષ્ણને યશોદામાતા માત્ર પોતાના હાથની અંજળીમાં પાણી ભરીને નવરાવતી હતી. આ કેવું આશ્ચર્ય! (૨૭)

વરમિમમુપદેશ માદ્રિયધ્વં ।
નિગમ વનેષુ નિતાન્ત ચાર ખિન્નાઃ ।
વિચિનુત ભવનેષુ વલ્લવીના—
મુપનિષદર્થમુલૂખલે નિબદ્ધમ્ ॥ ૨૮ ॥

હે પંડિતો, વેદરૂપી જંગલમાં અવિશ્રામ ભટકવાનાં કારણે તમે થાકી ગયા છો. મારી આ સલાહને ભલા જરા ધ્યાનથી સાંભળી તો લો. તમે ઉપનિષદોનો સાર પ્રાપ્ત કરવો હોય તો ગોપીઓનાં ઘર શોધી લો. તે તમને કોઈ ખાંડણીઆથી બાંધેલા જોઈ લેશે. (૨૮)

દેવકીતનય પૂજનપૂતઃ ।
પૂતનારિ ચરણોદક ધૌતઃ ॥
યદ્ય હં સ્મૃતધનઞ્જય સૂતઃ ।
કિં કરિષ્યતિ સ મે યમદૂતઃ ॥ ૨૯ ॥

જો હું દેવકીનંદન કૃષ્ણની ભક્તિથી પવિત્ર થઈ જાઉં. પૂતનાનું મર્દન જે પાદથી (પગ) થયેલું છે તે પગના જળથી મને ધોઈ લઉં. અને અર્જુનના સારથિ (કૃષ્ણ)નું ધ્યાન કરું તો યમદૂત મારો વાંકો વાળ પણ કરી શકશે નહિ. (૨૯)

ભાસતાં ભવભયૈક ભેષજં ।
માનસે મમ મુહુર્મુહુર્મુહુઃ ॥

ગોપવેષ મુપસે દુઃષઃ સ્વયં
યાપિ કાપિ રમણીયતા વિભો ॥ ૩૦ ॥

જેણે સ્વયં ગોપનો વેશ ધારણ કરીને સંસારનાં જન્મ-મરણ ચક્રની તમામ ભીતિઓને માટે અચૂક ઔષધિયુક્ત દવા બતાવી છે. તે પ્રભુની કોઈ અવર્ણનીય દ્યુતિ (પ્રકાશ) મારા મનમાં પ્રકાશતી રહો. (૩૦)

કર્ણ લવિત કદમ્બ મઞ્જરી—
કેસરારુણ કપોલ મણ્ડલમ્ ।
નિર્મલં નિગમવાગ ગોચરં
નીલિમાનમવ લોકયામહે ॥ ૩૧ ॥

વેદના મંત્રો પણ જેનાથી અજ્ઞાત છે. એવી વિમલ મૂર્તિમતી નીલ જ્યોતિ (શ્રી કૃષ્ણ)ને અમે જોઈએ છીએ. તેમનાં ગાલ અને કાનો ઉપર રાખેલ કદંબ ફૂલોનાં ગુચ્છોનાં પરાગકણોના કારણે લાલ થઈ ગયા છે. (૩૧)

સાચિસઞ્ચાલિત લોચનોત્પલં ।
સામિકુટ્મલિત કોમલાધરમ્ ॥
વેગવલ્ગિત કરાંઙ્ગુલી મુખં
વેણુનાદ રસિકં ભજામહે ॥ ૩૨ ॥

અમે તે મોરલી બજાવવામાં રસ લેવાવાળા શ્રીકૃષ્ણની ભક્તિ કરીએ છીએ. જેમનાં કમળ જેવાં નેત્રોની રેખાઓ તીરછી છે. જેમના કોમળ હોઠ અર્ધી ખીલેલી કળીની જેમ ઝૂકી ગયા છે. જેમની કોમળ આંગળીઓ મોરલીનાં છિદ્રો પર ઝડપથી ફરી રહી છે. (૩૨)

સ્યપન્દને ગરુડમણ્ડિત ધ્વજે ।
કુણ્ડિનેશ તનયાધિરોપિતા ॥
કેનચિન્નવત માલ પલ્લવ —
શ્યામલેન પુરુષેન નીયતે ॥ ૩૩ ॥

મને એક એવું દૃશ્ય નજર પર પડે છે કે ગરુડની ધજાની પતાકાથી સુશોભિત રથ પર કુન્ડિનપુર રાજકન્યા (રુકમણી) બેસાડેલાં છે અને તેને તમાલપત્રની પત્તીઓ જેવી શ્યામ કાંતિવાળા પુરુષથી હરણ કરવામાં આવી રહી છે. (૩૩)

મા યાત પાન્થાઃ પથિ ભીમરથ્યા ।
દિગમ્બરઃ કોઽપિ તમાલનીલઃ ॥
વિન્યસ્ત હસ્તોઽપિ નિતમ્બ બિમ્બે—
ધૂર્તઃ સમાકર્ષતિ ચિત્ત વિત્તમ્ ॥ ૩૪ ॥

હે જીવનમાર્ગ પર ચાલવાવાળા પથિકો, ભીમરથી નદીના કિનારાના રસ્તાથી જવું નહિ કારણ કે ત્યાં એક દિવ્ય વસ્ત્ર શરીર વગરનું હોવાનાં કારણે કેવળ જ્યોતિરૂપી છે. તે તમાલપત્ર જેવા શ્યામ એક પુરુષ ઊભો છે. તેણે પોતાનો હાથ કેડ પર રાખેલ છે. (અથવા તે હાથ કાંઈ કામ કરતો નથી) છતાં પણ તે ચાલાક મુસાફરોનાં મન રૂપી ધન હરણ કરે છે. (૩૪)

રાસક્રીડા

અઙ્ગનામઙ્ગના મન્તરે માધવો ।
માધવં માધવં ચા તરેણાઙ્ગના ।
ઇન્થમાકલ્પિતે મણ્ડલે મધ્યગઃ ।
સઞ્જગૌ વેણુનાં દેવકી નન્દનઃ ॥ ૩૫ ॥

દરેક બે ગોપબાળકો વચ્ચે માધવ ઊભા છે. અને માધવની પાસે ગોપિકા છે. આ રીતે રચવામાં આવેલ વર્તુળના મધ્ય ભાગમાં પણ ઊભા રહીને દેવકી પુત્ર કૃષ્ણે મોરલી વગાડી. (૩૫)

કે કિ કે કા દત્તાનિકપઙ્કે રુહા —
લીન હંસાવલી હૃદ્યતાહૃદ્યતા ।
કંસ વંશાટવી દાહ દાવાનલઃ
સઞ્જગૌ વેણુના દેવકી નન્દન ॥ ૩૬ ॥

જે કંસ રૂપી વાંસવાળા અરણ્યને ભસ્મસાત્ કરવાવાળા જે દાવાગ્નિ રૂપ છે, એવા દેવકીપુત્ર કૃષ્ણે મોરલી વગાડી. તેથી મોરલાઓ હર્ષવિભોર થઈને કેકારવ કરવા લાગ્યા અને અગણિત કમળોમાં સંચાર કરવાવાળા હંસનાં ટોળાઓને પણ પરમાનંદમાં લીન કરી દીધાં. (૩૬)

ક્વાપિ વીણાભિરા રાવિણા કમ્પિતઃ ।
ક્વાપિ વીણાભિરા કિઙ્કિણી નર્તિતઃ ॥
ક્વાપિ વીણાભિરામા તરં ગાપિતઃ
સઞ્જગૌ વેણુના દેવકીનન્દનઃ ॥ ૩૭ ॥

ક્યારેક વીણાની ઝંકારથી તે અધીરા થઈ જતા હતા, તો ક્યારેક વીણા પર જડેલી ઘંટડીઓના રણકારના તાલ પર નૃત્ય કરતા હતા, તો ક્યારેક વીણાના સૂરના લયથી ગાવામાં પ્રવૃત્ત થયા હતા તે રીતે કૃષ્ણે મધુરી મોરલી બજાવી. (૩૭)

ચારુ ચન્દ્રાવાલી લોચનૈશ્ચુમ્બિતો—
ગોપગોવૃન્દ ગોપાલિકા વલ્લભઃ ॥
બલ્લવી વૃન્દ વૃન્દારકઃ કામુકઃ
સઞ્જગૌ વેણુના દેવકીનન્દનઃ ॥ ૩૮ ॥

ચંદ્રની પંક્તિઓ સમાન પ્રસન્ન આંખો પર એકી નજરે જોઈ રહે છે. જે ગોપ, ગોપીઓ અને આખા ગામના લાડીલા છે, જે અનેક ગોપીઓના આરાધ્ય દેવ છે, એવા વિષય લાલસાયુક્ત શ્રીકૃષ્ણે મધુર મોરલી બજાવી. (૩૮)

મૌલિમાલા મિલ મત્ત ભૃઙ્ગી લતા—
ભીત ભીત પ્રિયા વિભમાલિઙ્ગિતઃ ॥
ત્રસ્ત ગોપી કુચાભોગ સમ્મેલિતં ।
સઞ્જગૌ વેણુના દેવકીનન્દનઃ ॥ ૩૯ ॥

એ શ્રીકૃષ્ણના માથા પર રહેલી માળાઓ પર ગુંજન કરવાવાળા મતવાલા ભમરાઓથી ગભરાઈ જઈને પ્યારી ગોપીઓએ ગાઢ આલિંગન આપ્યું હતું. જ્યાંથી વસ્ત્ર આઘાંપાછાં થયાં હતાં એવાં પ્રફુલ્લ સ્તનો પર ગોપીઓએ તેમને જકડી લીધા હતા. તે કૃષ્ણે મધુર મોરલી બજાવી. (૩૯)

ચારુ ચાભીકરાભાસ ભામા વિભુ—
વૈંજયન્તી લતા વાસિ તોરઃ સ્થલઃ ॥
નન્દ વૃન્દાવને વાસિતા મધ્યગઃ
સઞ્જગૌ વેણુના દેવકીનન્દનઃ ॥ ૪૦ ॥

તે દેવકીનો પુત્ર સર્વવ્યાપી શ્રીકૃષ્ણ, ગોપ સ્ત્રીઓની વચ્ચે શુદ્ધ સુવર્ણની જેમ ચમકી રહ્યા હતા. તેની છાતી વૈજયંતીમાળાના ફૂલને કારણે મઘમઘી રહી હતી. તે નંદના ઉદ્યાનમાં પોતાના સાથીઓની વચ્ચે ઊભા હતા. તે શ્રી કૃષ્ણે મોરલી બજાવી. (૪૦)

બાલિકા તાલિકા તાલ લીલયા—
સઙ્ગસન્દર્શિત ભુલતા વિભ્રમઃ ।
ગોપિકાગીત દત્તાવધાનઃ સ્વયં ।
સઞ્જગૌ વેણુના દેવકીનન્દનઃ ॥ ૪૧ ॥

ગોપબાલિકાઓ તાળીઓ વગાડી રહી હતી. તેમના પર શ્રીકૃષ્ણની લતા જેવી કોમળ ચમકતી ભ્રૂકુટિઓ બરાબર તાલ આપીને નાચી રહી હતી અને ગોપીઓનાં ગીતો પર ધ્યાન દઈને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે મોરલી બજાવી. (૪૧)

પારિજાતં સમુદધૃત્ય રાધાવરો
રોપયામાસ ભામા ગૃહસ્યાઙ્ગણે ।
શીતશીતે વટે યામુનીયે તટે
સઞ્જગૌ વેણુના દેવકીનન્દનઃ ॥ ૪૨ ॥

રાધારમણ શ્રીકૃષ્ણે એક પારિજાતનું વૃક્ષ (તે કૃષ્ણે) સ્વર્ગમાંથી ઉખાડીને સત્યભામાના મહેલના આંગણામાં લગાવ્યું. તે શ્રીકૃષ્ણ યમુનાના કિનારે વટવૃક્ષની ઠંડી છાયામાં મોરલી બજાવતા હતા. (૪૨)

અગ્રે દીર્ઘ તરોઽન્યમર્જુન તરુ, સ્તસ્યાગ્રતો વર્તની
સાઘોષં સમુપૈતિ તત્પરિસરે, દેશે કલિન્દાત્મન્ન ।
તસ્યાસ્તીરત માલકાનન તલે, ચક્રં ગવાં ચારયન્
ગોપઃ ક્રીડતે દર્શયિષ્યતિ સખે, પન્થાન મવ્યાહતમ્ ॥૪૩॥

જુઓ, દૂર એક અર્જુનવૃક્ષ છે. તેની નીચે થઈને એક પગદંડી (કેડી) જાય છે. (અર્જુનની પાસે જ શ્રીકૃષ્ણે બનાવેલો ગીતા-માર્ગ જાય છે.) તે કોઈ ગોપના ઘેર જઈને મળે છે. તેની પાસે જ યમુનાનો પ્રવાહ વહે છે. તેના તટ પર તમાલ વૃક્ષનું વન છે અને એમાં એક ચારવાવાળો – (શ્રીકૃષ્ણ) ગાયોને ચરાવે છે. તે ખેલવાવાળો કૃષ્ણ, હે સખે, શાશ્વત ગતિનો રસ્તો જરૂર બતાવશે. (૪૩)

ગોધૂલિ ધૂસરિત કોમલ ગોપવેષં ।
ગોપાલબાલક શતૈરનુગમ્ય માનમ્ ॥
સાયન્તને પ્રતિગૃહં પશુબન્ધનાર્થં—
ગચ્છન્તમચ્યુત શિશું પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૪૪॥

હું તે બાળ વેશધારી અચ્યુત (શ્રીકૃષ્ણ)ની સામે સદા મારું માથું નમાવું છું. જેમનો મનોહર ગોપવેશ, ગાયોથી ઊડેલી ધૂળથી મેલો થઈ ગયો છે. જે સેંકડો ગોપ–કિશોરીઓથી ઘેરાયેલો છે અને જે દરરોજ સાંજે પશુઓને બાંધવાને માટે દરેકના ઘેર જાય છે. (૪૪)

નિધિં લાવણ્યાનાં, નિખિલ જગદાશ્ચર્ય નિલયં ।
નિજાવાસં ભાસાં, નિરવધિકનિઃશ્રેય સરસમ્ ॥
સુધાધારા સારં, સુકૃત પરિપાકં મૃગદશાં–
પ્રપદ્યે માઙ્ગલ્યં, પ્રથમમધિ દૈવં કૃતધિયામ્ ॥૪૫॥

બધી જાતની સુંદરતાઓનો ભંડાર, સંસારના બધા જ આશ્ચર્યનું ભવન, તેજનો સમૂહ, અસીમ દિવ્યાનંદ રૂપી રસનો અસીમ નિધિ, અમૃતનો અત્યંત વરસાદ, હરિણાક્ષી ગોપીઓ પુણ્યનું મૂર્તિમાન પરિણામ, સર્વ માંગલ્યનું નિધાન, સ્થિતપ્રજ્ઞોના આદ્ય દેવ, એવા જે શ્રીકૃષ્ણ છે તેના શરણમાં હું જાઉં છું.

આ તામ્રપાણિ કમલ પ્રણય પ્રતોદ–
માલોલહાર મણિ કુણ્ડલ હેમ સૂત્રમ્ ॥
આવિઃ શ્રમામ્બુ કણમમ્બુદ નીલમવ્યા ।
દાદ્યં ધનઞ્જય રથાભરણં મહો નઃ ॥૪૬॥

અર્જુનના રથને અલંકૃત કરવાવાળા કૃષ્ણ, તે આદિમ જ્યોતિ અમારું રક્ષણ કરો. તેમણે પોતાનાં કમળ જેવા અરુણ હાથમાં કડાં પહેર્યાં હતા. અને તેના પર એક માળા ઝૂલી રહી હતી. તેનાં કાનોમાં કુંડલ હતાં. અને કમર પર સોનાની સેર હતી. તેના વાદળ જેવા શામળા શરીર પર પસીનાનાં બુંદો ચમકી રહ્યાં હતાં. (૪૬)

નખ નિયમિત કણ્ડૂન્પાણ્ડવસ્યન્દનાશ્વા–
નનુ દિનમભિષિઞ્ચન્નઞ્જલિસ્થૈઃ પયોભિઃ ।
અવતુવિતત ગાત્ર સ્તોત્ર નિષ્ટ્યૂત મૌલિ,—
દંશનવિધૃતરશ્મિર્દેવકી પુણ્યરાશિઃ ॥ ૪૭ ॥

તે શ્રીકૃષ્ણ અર્જુનના રથના ઘોડાઓને થતી ખુજલી પોતાના નખોથી ખણતા હતા અને દરરોજ પોતાના હાથમાં પાણી લઈને તેમને ધોયા કરતા હતા. કયારેક પોતાના શરીરને લાંબું કરીને તેના (અશ્વ) માથા પર થબ્બોઓ મારતા હતા અને લગામ દાંતથી પકડતા હતા એ તો દેવકીના પુણ્ય સંચયના કારણે જ અવતાર લઈને આવ્યા હતા. તે શ્રીકૃષ્ણ અમારી રક્ષા કરો. (૪૭)

વ્રજ યુવતિ સહાયે યૌવનોલ્લાસિ કાયે ।
સકલ શુભ વિલાસે કુન્દ મન્દાર હાસે ॥
નિવસતુ મમચિત્તં તત્પદાયત્ત વૃત્તં
મુનિસરસિજભાનૌ નન્દ ગોપાલ સૂનૌ ॥ ૪૮ ॥

તે વ્રજની ગોપીઓના ટેકારૂપ છે. તેમના શરીર પર તરુણાવસ્થા વિલાસ કરી રહી છે. તે તમામ મંગલ વસ્તુઓનો પ્રકાશ છે. તેમનું હાસ્ય કુન્દ અને મન્દાર ફૂલો જેવું સફેદ છે અને તે મુનિરૂપી કમળોને પ્રસન્ન કરવાવાળા સૂર્ય જ છે. તે નંદ ગોપાલના પુત્ર શ્રી કૃષ્ણનાં ચરણોનાં ધ્યાનમાં મારું મન સતત જોડાયેલું રહો. (૪૮)

અરણ્યાની માર્દ્ર સ્મિત મધુર બિમ્બાધર સુધા–
સરણ્યા સંક્રાન્તૌ સપદિ મદયન્વેણુ નિનાદૈઃ ॥
ધરણ્યા સાનન્દોત્પુલકમુપ ગૂઢાઙ્ઘ્રિ કમલઃ
શરણ્યાનામાદ્યઃ સ જ્યતુ શરીરી મધુરિમા ॥૪૯॥

શરણાર્થીઓની રક્ષા કરવાવાળાઓમાં સર્વશ્રેષ્ઠ, તેવી લાવણ્યની મૂર્તિ શ્રી કૃષ્ણ વિજયી રહો. બિંબ જેવા અરુણ રંગના અધરો(હોઠ)માંથી નીકળવાવાળું તેમનું સ્નિગ્ધ હાસ્ય અને મોરલીનો મધુર ધ્વનિ, ખરેખર વનને (વનવાસીઓને) પરવશ બનાવે છે. (તેમનું મન હરણ કરે છે.) જ્યારે ધરતી તેમનાં પદકમળોનું ચુંબન કરે છે ત્યારે તે પૃથ્વીના શરીર પરના રોમેરોમ હર્ષથી ઊભાં થઈ જાય છે. (૪૯)

વિદગ્ધે ગોપાલ વિલાસિનીનાં,
સંભોગ ચિહ્નાઙ્કિત સર્વગાત્રમ્ ॥
પવિત્રમામ્નાય ગિરામ ગમ્યં–
બ્રહ્મ પ્રપદ્યે નવનીત ચોરમ્ ॥ ૫૦ ॥

હું તે શ્રી કૃષ્ણનાં શરણે જાઉં છું જે સ્વયં બ્રહ્મ છે. અને પવિત્ર વેદ સૂકતો પણ તેનાથી અજ્ઞાત છે. પરંતુ શ્રીકૃષ્ણના રૂપમાં તો માખણની ચોરી કરે છે અને તેના પૂરેપૂરા શરીર પર છબીલી ગોપીઓ સાથે કરેલી ક્રીડાની નિશાનીઓ ચોંટેલી છે. (૫૦)

અન્તર્ગૃહે કૃષ્ણમવેક્ષ્ય ચોરં,
બદ્ધ્વા કવાટં જનની ગતૈકા ॥
ઉલૂખલે દામનિ બદ્ધામેનં–
તત્રાપિ દૃષ્ટ્વા સ્તિમિતાબભૂવ ॥ ૫૧ ॥

કોઈ એક ગોપી શ્રીકૃષ્ણને પોતાના ઘરમાં ચોરી કરતા જોઈને દરવાજા બંધ કરીને તેમની માતા યશોદાજીની પાસે ફરિયાદ કરવા માટે ગઈ. પરંતુ ત્યાં પણ શ્રીકૃષ્ણને ખાંડણીઆ સાથે દોરડીથી બાંધેલા જોઈને આશ્ચર્યથી ગભરાઈ ગઈ હતી. (૫૧)

રત્ન સ્થલે જાનુચરઃ કુમારઃ ।
સઙ્ક્રાન્તમાત્મીય મુખારવિન્દમ્ ॥
આદાતુ કામસ્તદલાભખેદા—
દ્વિલોકય ધાત્રી વદનં રુયોર ॥ ૫૨ ॥

એક દિવસ ઘૂંટણિયાથી ચાલતા બાલકૃષ્ણે મણિઓથી જડેલી દીવાલમાં પોતાનું જ કમળ–વદનનું પ્રતિબિંબ જોયું. તેણે તેને પકડવા ઈચ્છા કરી પરંતુ તેને તે કયાંથી મળે ? બિચારા નિરાશ થઈને પોતાની માતાનું મુખ તરફ જોવા લાગ્યા અને પછી તો જોરજોરથી રડી પડયા. (૫૨)

આનંદેન યશોદયા સમદનં,
ગોપાઙ્ગનાભિશ્ચિરં ।
સાશઙ્કં બલ વિદ્વિષા સકુસુમૈઃ
સિદ્ધૈઃ પૃથિ વ્યાકુલમ્ ॥
સોર્ષ્યં ગોપકુમાર કૈઃ સકરુણં,
પૌરૈર્જનૈઃ સસ્મિતં ।
યોદૃષ્ટઃ સ પુનાતુ નો મુરરિપુઃ
પ્રોત્ક્ષિપ્ત ગોવર્ધનઃ ॥ ૫૩ ॥

ગોવર્ધનને ઉપાડીને પોતાની હથેળી પર પકડનાર–રાખનાર, મુર રાક્ષસના શત્રુ, શ્રીકૃષ્ણ અમારો ઉદ્ધાર કરો. તે ગોવર્ધન પર્વતને ઉઠાવેલો જાણીને માતા યશોદા તેને આનંદથી જોઈ રહી હતી. ગોપીઓ પ્રણયભરી આંખોથી ઘણી વાર સુધી તેમને ઘેરી વળી હતી. ઈન્દ્ર ડરથી સંદેહયુકત બનીને જોઈ રહ્યો હતો. સિદ્ધિઓ પુષ્પાંજલિઓથી એમનું દર્શન કર્યું અને પૃથ્વીની નજર ગભરાટથી ચંચળ બની ગઈ. ગોપ બાળકોમાં પણ તેને જોતી વખતે ડર પેદા થયો. નાગરિકોની કરુણા ભરી દૃષ્ટિ તેના પર પડી અને કેટલાક લોકોએ હાસ્યની સાથે તેમનું દર્શન કર્યું. (૫૩)

ઉપાસતામાત્મ વિદઃ પુરાણાઃ
પરં પુમાંસં નિહિતં ગુહાયામ્ ।
વયં યશોદા શિશુ બાલલીલા
કથા સુધાસિન્ધુષુ લીલયામઃ ॥ ૫૪ ॥

પરમ આત્મજ્ઞાની પણ પોતાની હૃદય ગુફામાં રહેલા પરમપુરુષ પણ પરબ્રહ્મની ઉપાસના કરે છે, કરવા દો. અમે તો યશોદાના બાળકની બાલક્રીડાની અમૃત મધુર કથાપ્રવાહમાં જ તરતા રહીશું એમાં જ તલ્લીન થઈ જઈશું. (૫૪)

વિક્રેતુ કામા કિલ ગોપ કન્યા ।
મુરારિ પાદાર્પિત ચિત્તવૃત્તિઃ ॥
દધ્યાદિકં મોહવશાદવોચદ્–
ગોવિંદ દામોદર માધવેતિ ॥ ૫૫ ॥

કહે છે કે, કોઈ ગોપી દહીં વગેરે વસ્તુઓ વેચવાને માટે નીકળી પડી હતી. તેણીએ પોતાનું મન તો શ્રીકૃષ્ણનાં ચરણમાં ન્યોછાવર (અર્પણ) કરેલું હતું એટલા માટે તેના ચિંતનમાં તે બહાવરી બની ગઈ અને દૂધ–દહીંનો પોકાર કરવાને બદલે

'ગોવિંદ, દામોદર, માધવ' એવા શબ્દોથી બોલવા લાગી. (૫૫)

ઉલૂખલં વા યમિનાં મનો વા–
ગોપાઙ્ગનાનાં કુચકુટ્મલં વા ॥
મુરારિ નામ્નઃ કલભસ્ય નૂનં ।
માલાનમાસીત્ત્રયમેવ ભૂમૌ ॥ ૫૬ ॥

ખાડણિયો, સંયમી લોકોનું મન અને ગોપ-વનિતાઓનાં ખીલતાં સ્તન – બસ એ ત્રણ જ મુરારિ રૂપી હાથીનાં બચ્ચાંને બાંધવા માટેનાં ખૂંટ (ખીલા) હતા. (૫૬)

કરારવિન્દેન પદારવિન્દં ।
મુખારવિન્દે વિનિવેશયન્તમ્ ॥
વટસ્ય પત્રસ્ય પુટે શયાનં ।
બાલં મુકુન્દં મનસા સ્મરામિ ॥ ૫૭ ॥

હું એ નાના મુકુન્દનું મનમાં સ્મરણ કરું છું, જે વટપત્રની શય્યા પર સૂતી વખતે પોતાનાં ચરણ-કમળ, કમળની સમાન કોમળ હથેળીથી કમળ જેવા લોભાવનારા મોંમાં નાખે છે. (૫૭)

શમ્ભો સ્વાગતમાસ્યતામિત ઈતો,
વામેન પદ્માસન ।
ક્રૌઞ્ચારે કુશલં સુખં સુરપતે,
વિત્તેશ નો દશ્ય સે ॥
ઈત્થં સ્વપ્નગતસ્ય કૈટ ભજિતઃ
શ્રુત્વા યશોદાગિરઃ ।
કિં કિં બાલક જલ્પસીતિ રચિતં—
ધૂધૂ કૃતં પાતુ નઃ ॥ ૫૮ ॥

"હે શિવ, તમારુ સ્વાગત કરુ છું. આવો બ્રહ્મન્ ! બેસો મારી ડાબી બાજૂ, કેમ સુબ્રહ્મણ્યમ્ ! કહો તમે કુશળ તો છો ને ? હે દેવોના ઈશ ! તમે સુખી તો છો ને ? અરે ઓ કુબેર, તમે તો નજરમાં જ આવતા નથી." આ પ્રકારે શ્રીકૃષ્ણને સ્વપ્નમાં બોલતા જોઈને યશોદા માતા કહે, "અરે બચ્ચા ! તું શું બકી રહ્યો છું ? હાય—અરે છી...છી...પાપ શાંત થાવ." આ રીતે જોરથી બોલવા લાગ્યાં. યશોદામાનો એ ફુત્કાર અમારી રક્ષા કરો. (૫૮)

માતઃ કિં યદુનાથ દેહિ ચષકં,
કિં તેન પાતુ પયં ।
સ્તન્યાસ્તદ્ય કદાસ્તિત વા નિશિ નિશા–
કા વાઽન્ધકારો દયઃ ॥
આમીલ્યાક્ષિ યુગં નિશાઽપ્યુપગતા–
દેહીતિ માતુર્મુહુઃ
વંક્ષોજાં શુકકર્ષણોદ્યત કરઃ
કૃષ્ણઃ સ પુષ્ણાતુ નઃ ॥ ૫૯ ॥

કૃષ્ણ : મા !
યશોદા : શું જોઈએ છે ? યદુરાજ.
કૃષ્ણ : મને એક પીવાનાં પ્યાલી આપો.
યશોદા : શા માટે ?
કૃષ્ણ : દૂધ પીવાને માટે.
યશોદા : આજ તો દૂધ જ નથી.
કૃષ્ણ : પછી ક્યારે મળશે ?
યશોદા : રાતમાં
કૃષ્ણ : રાત શું છે ?
યશોદા : અંધારુ થઈ જાય ત્યારે.

આ સાંભળીને શ્રીકૃષ્ણે પોતાની બંને આંખો બંધ કરી દીધી ને બોલ્યા : "આ જુઓ રાત થઈ ગઈ. હવે દૂધ આપી દો." એવું કહ્યું. તે માતાના વક્ષ:સ્થલ પરના વસ્ત્રને વારંવાર પોતાના હાથોથી ખેંચવા લાગ્યા. તે કૃષ્ણ અમારી રક્ષા કરો. (૫૯)

કાલિન્દીપુલિનો દરેષુ મુસલી,
યાવદ્ગતઃ ખેલિતું ।
તાવત્કાર્પરિકં પયઃ પિબ હરે
વર્ધિષ્યતે તે શિખા ।
ઈત્થં બાલતયા પ્રતારણપરાઃ
શ્રુત્વા યશોદા ગિરઃ ।
પાયાન્નઃ સ્વશિખાં સ્પૃશન્ પ્રમુદિતઃ
ક્ષીરેઽર્ધપીતે હરિઃ ॥૬૦॥

જુઓ, હરિ, આ બલરામ તો યમુનાના તટ પર રેતીલા મેદાન પર રમવા માટે ગયા છે, ત્યાં સુધી તું આ વાસણમાં જે દૂધ છે તે પી લે. પછી જો "તારા વાળ કેવાં વધી જાય છે ?" આવા યશોદાના લાલચ ભરેલા શબ્દ સાંભળીને કૃષ્ણે બાળ-સુલભ ઉતાવળ કરીને અર્ધું દૂધ તો પી લીધું. અત્યંત આનંદથી (કેટલા વાળ વધી ગયા છે તે જોવા માટે) પોતાની ચોટલીને હાથ વડે અડકવા લાગ્યા. તે હરિ અમારી રક્ષા કરો. (૬૦)

કૈલાસો નવનીતતિ ક્ષિતિરિયં,
પ્રાગ્જગ્ધમૃલ્લોષ્ટતિ ।
ક્ષીરોદોઽપિ નિપીતદુગ્ધતિ લસત્,
સ્મેરે પ્રફુલ્લે મુખે ॥
માત્રાઽજીર્ણધિયા દૃઢં ચકિતયા,
નષ્ટાઽસ્મિ દૃષ્ટ કયા ।
ધૂ ધૂ વત્સક ! જીવ જીવ ચિર મિ–
ત્યુક્તોઽવતાન્નો હરિઃ ॥૬૧॥

શ્રીકૃષ્ણના તે મંદ હાસ્યથી ચમકવાવાળા પ્રસન્ન મુખ વડે કૈલાસ પર્વત પણ (વર્ણ શ્યામનાં કારણે) માખણના પિંડા જેવો થઈ જાય છે. તેને આખી પૃથ્વી પહેલેથી જ ખાધેલી માટીના ઢગલા સમાન લાગતી હતી. તેમાં ક્ષીર સાગર પણ (મામૂલી વાત પર) પીધેલા દૂધ સમાન થઈ જાય છે. તેમને જરૂર અપચો થઈ ગયો છે. એ ડરથી તેમની મા યશોદા ઘણાં જ ગભરાઈ ગયાં અને કહેવા લાગ્યાં. હાય હું મરી ગઈ. કોની ખરાબ નજર તારા પડી ગઈ ? હાય હાય ! "બેટા ! તમે યુગ યુગ જીવો" આ રીતે યશોદા માએ જેને કહ્યું, તે હરિ અમારી રક્ષા કરો.

કિઞ્ચિત્કુઞ્ચિત લોચનસ્ય પિબતઃ
પર્યાય પીતસ્તનં ।
સદ્યઃ પ્રસ્નુત દુગ્ધ બિન્દુ મપરં,
હસ્તેન સમ્માર્જતઃ ॥
માત્રૈકાઙ્ગુલિ લાલિતસ્ય ચુબુકે,
સ્મેરાનન સ્યાધરે,
શૌરેઃ ક્ષીરકણાન્વિતા નિપતિતા
દન્તદ્યુતિઃ પાતુ નઃ ॥૬૨॥

શ્રીકૃષ્ણ, પોતાની માતાનાં સ્તનોનું દૂધ પી રહ્યા હતા. તે સ્તનને ધીરે ધીરે ચોળતા હતા, જેથી દૂધનાં કેટલાંક બુંદ ઝરતાં હતાં. તેમની માતા પણ તેમની ડૂંટી પર હાથ ફેરવતાં હતાં. એ સમયે હરિનાં સ્મિતપૂર્ણ મોંવાળા હોઠો પર દૂધના બુંદોથી મિશ્રિત જે દાંતની ઝાંય ચમકી રહી હતી, તે ઝાંય અમારી રક્ષા કરો.

ઉત્તુઙ્ગસ્તનમણ્ડલો પરિલસત્
પ્રાલમ્બ મુક્તામણે–
રન્તર્બિમ્બિતમિન્દ્રનીલનિકર
ચ્છાયાનુકારિ દ્યુતેઃ ।
લજ્જા વ્યાજમુપેત્ય નમ્ર વદના
સ્પષ્ટં મુરારેર્વપુઃ ।
પશ્યન્તી મુદિતા મુદેઽસ્તુ ભવતાં,
લક્ષ્મીર્વિવાહોત્સવે ॥૬૩॥

દેવી લક્ષ્મી ! (રૂક્ષ્મણીના રૂપમાં) વિવાહના સમારંભમાં લાજના બહાનાથી નીચું માથું રાખીને ઊભાં હતાં. પોતાનાં પુષ્ટ સ્તનો પર લટકવાવાળા મોતીઓના હારમાં જે ઈન્દ્રનીલ રત્ન જડેલો હતો, તેમાં તેણીએ નીલરત્ન જેવા ચમકવાવાળું મોરારિનું પ્રતિબિંબ જોયું, તેને જોઈને અત્યંત આનંદ પામવા-વાળાં લક્ષ્મી આપને પણ આહ્લાદિત કરો.

કૃષ્ણેનામ્બ ગતેન રન્તુમધુના,
મૃદ્ભક્ષિતા સ્વેચ્છયા ।
તથ્યં કૃષ્ણ ક એવમાહ મુસલી
મિથ્યામ્બ પશ્યાનનમ્ ॥
વ્યાદેહીતિ વિધારિતે શિશુમખે,
દૃષ્ટ્વા સમસ્તં જગન્
માતા યસ્ય જગામ વિસ્મય પદં
પાયાત્સ નઃ કેશવઃ ॥૬૪॥

"મા ! કૃષ્ણ અત્યારે રમવા માટે ગયો હતો, અને જુઓ તેણે મન ભરીને માટી ખાધી."

"બોલો, કૃષ્ણ ! શું આ સાચું છે ?"

"કોણ બોલ્યું; મા !"

"બલરામ ભૈયા"

"જૂઠ, બિલકુલ જૂઠ. મા ! મારું મુખ તો જોઈ લો."

"અચ્છા ઉઘાડો."

આવું યશોદા માના કહેવાથી તેણે મોં ઉઘાડ્યું, પણ

તેમાં સમગ્ર વિશ્વ સમાયેલું જોઈને મા યશોદા તો ભયભીત થઈ ગયાં. તે કેશવ અમારી રક્ષા કરો. (૬૪)

સ્વાતિ સપત્ની કિલ તારકાણાં,
મુકતાફલાનાં જનનીતિશેષાત્ ।
સારોહિણી નીલમ સૂત રત્ન
કૃતાસ્પદં ગોપવધૂ કુચેષુ ॥૬૫॥

બધા તારાઓની શોકય 'સ્વાતિ' છે, તે (કારણ કે બધી જ ચન્દ્રની પત્નીઓ છે.) મોતીઓને પેદા કરે છે. કહેવાય છે કે શોકયો પોતાની ઈર્ષ્યાને વશ થઈને રોહિણીએ તે નીલમણિને જન્મ આપ્યો. (શ્રી કૃષ્ણનો જન્મ રોહિણી નક્ષત્રમાં થયો હતો.) જેણે ગોપીઓનાં સ્તન મંડલમાં પોતાનું નિવાસસ્થાન બનાવી લીધું. (૬૫)

નૃત્યન્તમત્યાન્તાવલોકનીયં,
કૃષ્ણં મણિ સ્તમ્ભગતં મૃગાક્ષી ।
નિરીક્ષ્ય સાક્ષાદિવ કૃષ્ણમગ્રં,
દ્વિધા વિતેને નવનીતમેકમ્ ॥૬૬॥

નાચવા-કૂદવાવાળા શ્રીકૃષ્ણના અતિ નયન રમ્ય રૂપનું રત્ન જડેલા સ્તંભોમાં રહેલું પ્રતિબંબ જોઈને હરણ જેવી આંખોવાળાં યશોદાએ તેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણને જ સમજ્યાં અને માખણના એક જ ગોળાને બે ભાગમાં વહેંચી નાખ્યો. (૬૬)

વત્સ જાગૃહિ વિભાત માગતં,
જીવ કૃષ્ણ શરદાં શતં શતમ્ ।
ઈત્યુદીર્ય સુચિરં યશોદયા
દૃશ્યમાન વદનં ભજામહે ॥૬૭॥

"જાગ, ઊઠ, બેટા! હવે સવાર થઈ ગયું છે. જુગ જુગ જીવો શ્રીકૃષ્ણ, મારા લાલ." એવું બોલતી યશોદાએ તેનું મોં ઘણી વાર સુધી નિહાળ્યું. તે કૃષ્ણની ઉપાસના અમે કરીએ છીએ. (૬૭)

ઓષ્ઠં જિઘ્રન્ શિશુરિતિધિયા,
ચુમ્બિતો વલ્લવીભિ ।
કણ્ઠં ગૃહ્ણન્નરુણિત પદં,
ગાઢમાલિઙ્ગિતાઙ્ગઃ ॥
દોષ્ણા લજ્જાપદમભિમૃશન્ન-
ઙ્કમારોપિતાત્મા,
ધૂર્ત સ્વામી હરતુ દુરિતં
દૂરતો બાલકૃષ્ણઃ ॥ ૬૮ ॥

એવું સમજીને કે કૃષ્ણ બચ્ચું જ છે. જ્યારે ગોપીઓએ કૃષ્ણને ચુંબન કર્યાં, બાળક સમજીને જ્યારે ગોપીઓએ તેને ગળે લગાડયા, ત્યારે શ્રી કૃષ્ણે તેમનાં ગળાંઓને એવા જોરથી પકડયા (આલિંગન આપ્યું.) કે તે જગ્યા લાલ થઈ અને બાળક સમજીને જ્યારે ગોપીઓએ તેને ગોદમાં રાખ્યા તો તે તેમનાં ગુપ્ત અંગોનો સ્પર્શ કરવા લાગ્યા. એવા ધૂર્તોના આગેવાન બાલકૃષ્ણ! અમારાં પાપોને દૂર દૂર હટાવી દે. (૬૮)

એ તે લક્ષ્મણ જાનકી વિરહિંતં,
માં ખેદયન્ત્યમ્બુદા,
મર્માણીવ ચ ઘટ્ટયન્ત્યલચમી,
કૂરાઃ કદમ્બ નિલાઃ ।
ઈત્થં વ્યાહૃત પૂર્વ જન્મ ચરિત
યો રાધયા વીક્ષિતઃ,
સેર્ષ્યં શઙ્કિતયા સ નઃ સુખયતુ
સ્વપ્નાયમાનો હરિઃ ॥ ૬૯ ॥

એક વખત સ્વપ્નમાં બોલતા હતા તેવા કૃષ્ણે આ રીતે પોતાના પૂર્વજન્મની વાત કહી દીધી. "હે લક્ષ્મણ! સીતાનો વિયોગ થઈ ગયો છે એટલા માટે આ વાદળ મને ઘણો જ સતાવે છે. કદંબ વૃક્ષ પરથી આવવાવાળો આ નિર્દય પવન મારાં મર્મ સ્થાનો પર કઠોર આઘાત કરી રહેલ છે. જ્યારે રાધાએ તેને એવા (સ્વપ્નમાં બોલતા જોયા) જોયા તો તેના મનમાં ડાહ પેદા થયો. એવા સ્વપ્નમાં બોલવાવાળા હરિ અમને સુખ પ્રાપ્ત કરાવે. (૬૯)

ઓષ્ઠં મુઞ્ચ હરે બિભેમિ ભવતા
પાનેર્હતા પૂતના ।
કણ્ઠા શ્લેષમમું જહીહિ દલિતા,
વાલિઙ્ગનેનાર્જુનૌ ॥
મા દેહિ સ્ફુરિતં હિરણ્યકશિપુ-
ર્નીતો નખૈઃ પઞ્ચતા-
મિત્થં વારિત રાત્રિકેલિ રહતો,
લક્ષ્મ્યાપહાસાદ્ધરિઃ ॥૭૦॥

"હરિ, છોડી દો મારા હોઠોનું ચુંબન કરવાનું. મને તો ઘણો જ ડર લાગે છે. કારણ કે તમે પૂતનાના સ્તન ચૂસતાં ચૂસતાં જ મારી નાખી હતી, મને એવી રીતે ગળે લગાવો નહિ કારણ કે અર્જુનવૃક્ષ (વૃક્ષરૂપ રાક્ષસ હતો) તમારા જ આલિંગનથી ચૂર્ણ જેવો થઈ ગયો હતો. મારા શરીરની આંગળીઓને મસળો નહિ કારણ કે તમારા નખો વડે જ હિરણ્યકશિપુનો વધ થયો હતો." આ રીતની પૂર્ણ ચાલાકીથી લક્ષ્મીએ હરિને રાતની પ્રણયક્રીડા કરતા રોકી દીધા. તે હરિ અમારી રક્ષા કરો. (૭૦)

રામો નામ બભૂવ હું તદબલા, સીતેતિ હું તૌ પિતુ-
ર્વાચા પઞ્ચવટી તટે વિહરત, તામાહર દ્રાવણઃ ।
નિદ્રાર્થં જનની કથામિતિહરે હુંકારતઃ શ્રૃણ્વતઃ ॥
સૌમિત્રે કવ ધનુર્ધનુર્ધનુરિતિ
વ્યગ્રાગિરઃ પાન્તુઃ વઃ ॥૭૧॥

"કોઈ રામ નામે એક મનુષ્ય હતો." 'હં.' અને "તેની પત્નીનું નામ સીતા હતું." 'હં.' "તે બંને પિતાની આજ્ઞા પ્રમાણે પંચવટીની સીમા ઉપર ફરતાં હતાં. એક દિવસ રાવણ સીતાને લઈને ભાગી ગયો." આ રીતે કૃષ્ણને સુવડાવવાને માટે જે કથા યશોદા મા કહી રહ્યાં હતાં. તેને હુંકારાની સાથે કૃષ્ણ સાંભળી રહ્યા. પરંતુ એકાએક રાવણે સીતાજીનું હરણ કર્યું તે વાત સાંભળતાં જ "લક્ષ્મણ ધનુષ્ય, ધનુષ્ય ક્યાં છે ? મારું ધનુષ્ય ?" "એવી રીતે આવેશમાં આવીને શ્રીકૃષ્ણ ખિજાઈને બોલવા લાગ્યા. તેવા આવેશ ભર્યાં વચનો તમારી રક્ષા કરો. (૭૧)

બાલોઽપિ શૈલોદ્ધરણાગ્રપાણિ-
ર્નીલોઽપિ નીરન્ધ્રતમઃ પ્રદીપઃ ।
ધીરોઽપિ રાધાનયનાવબદ્ધો-
જારોઽપિ સંસારહરઃ કુતસ્ત્વમ્ ॥૭૨॥

તમે બાળક છો. પણ તમારી હથેળીઓ ગોવર્ધન પર્વત ઉઠાવી શકે છે. તમે કાળા છો છતાં પણ ઘનઘોર અંધારામાં દીપક જેવા છો. તમે સ્થિર અવિચલ હો પણ રાધાની આંખોમાં ફસાઈ જાવ છો. તમે જ વલ્લભ હોવા છતાં પણ જન્મ-મરણના ચક્રનો નાશ કરો છો, તમે કેવા વિચિત્ર છો ? ॥૭૨॥

બાલાય નીલવપુષે નવકિઙ્કિણીક-
જાલાભિરામ જઘનાય દિગમ્બરાય ।
શાર્દૂલ દિવ્ય નખ ભૂષણ ભૂષિતાય,
નન્દાત્મજાય નવનીતમુષે નમસ્તે ॥૭૩॥

તે નાગા માખણચોર નંદના પુત્રને હું નમસ્કાર કરું છું. જેનું શરીર શ્યામ છે, જેણે સુંદર ઘટાવાળો કંદોરો પહેરેલો છે અને જેની છાતી પર મનોહર વાઘ નખોના અલંકાર ઝળકે છે.

પાણૌ પાયસભક્તમાહિ તરસં બિભ્રન્મુદા દક્ષિણે ।
સવ્યે શારદચંદ્ર મણ્ડલનિભં, હૈયઙ્ગવીનં દધત્ ॥
કણ્ઠે કલ્પિત પુણ્ડરીકનખમપ્યુદ્દામદીપ્તિં વહન્ ।
દેવો દિવ્ય દિગમ્બરો દિશતુ નઃ
સૌખ્યં યશોદા શિશુઃ ॥૭૪॥

જમણા હાથમાં મધુ મિશ્રિત ખીરનું પાત્ર ઘણી જ ખુશીથી રાખેલ છે. ડાબા હાથમાં શરદ ઋતુના ચંદ્રબિંબ જેવું સફેદ અને તાજા માખણને રાખેલ છે. ગળામાં વાઘનખોની માળા ધારણ કરી છે. છતાં પણ તેમના શરીરની કાંતિ સર્વત્ર ફેલાયેલી છે. તેમનું ઉઘાડું શરીર (નગ્નાવસ્થા) પણ અપૂર્વ (સ્વર્ગીય) છે. એવા તે યશોદાના લાલ અમને સુખી કરો. (૭૪)

કિઙ્કિણિકિણિકિણિરભસે-
રઙ્ગણભુવિ રિઙ્ગણૈઃ સદાઽરન્તમ્ ।
કુઙ્કુણકુણ પદ યુગલં
કઙ્કણકર ભૂષણં હરિં વન્દે ॥૭૫॥

હંમેશાં આંગણામાં નાચતાં રહેવાનાં કારણે જેમના કંદોરાની ઘૂઘરીઓ રુમઝૂમ રુમઝુમ કરે છે અને જેમના હાથમાં પહેરેલાં કડાં અને પગમાં રહેલાં પાયલી (ઝાંઝરી)નો ઝંકાર મધુર લાગે છે. તે હરિને હું પ્રણામ કરું છું (૭૫)

સમ્બાધે સુરભીણા
મમ્બામાયાસયન્તમનુયાન્તીમ્ ।
લમ્બાલકમવલમ્બે
તં બાલં તનુવિલગ્નજમ્બાલમ્ ॥૭૬॥

તે બાળકનો હું સદાને માટે આશ્રય લઉં છું જેમનું શરીર માટીથી ગંદું છે. જેમના વાંકડિયા વાળ (કપાળ પર) અસ્તવ્યસ્ત ફેલાયેલા છે અને જે ગાયોનાં ટોળાંમાં દોડે છે તે વખતે તેની પાછળ ભાગવવાળી માને ઘણો થકાવે છે. (૭૬)

અઞ્ચિતપિઞ્છા પીડં,
વઞ્ચિત સૌજન્ય વલ્લવી બાલ્યમ્
અધરમણિનિહિત વેણું
બાલં ગોપાલમનિ શમવલમ્બે ॥૭૭॥

હું તે ગોપ શિશુનો સહારો હરપળે લઉં છું. જેમની શિખા (ચોટલી) મોરનાં પીંછાંથી અલંકૃત છે. જેણે પોતાના બાલ્યકાળમાં અનેક ભોળી ગોપીઓને આકર્ષિત કરી છે. (અથવા તો પ્રેમથી ખેંચાતી ગોપીઓ જેની આજુબાજુમાં રહે છે.) અને જે નિત્ય પોતાનાં રમ્ય અધરોમાં મોરલી રાખે છે. (૭૭)

પ્રહ્લાદ ભાગ ધેયં
નિગમ મહાદ્રિગુંહાન્ત રાધેયમ્ ।
નરહરિ સદાભિધેયં
વિબુધ વિધેયં મમાનુસંધેયમ્ ॥૭૮॥

જે પ્રહ્લાદનું સૌભાગ્ય છે. જેને કેવળ વેદરૂપી મહાપર્વતોની ગુફાઓમાં જ મળી શકાય છે. જેને નરહરિ નામથી બોલાવાય છે અને બધા જ વિદ્વાન જેને ધ્યેય (લક્ષ્યરૂપ) માને છે. તે શ્રીકૃષ્ણનું ધ્યાન-સ્મરણ મારે પણ કરવું જોઈએ. (૭૮)

સંસારે કિં સારં ?
કંસારેશ્ચરણ કમલ પરિ ભજનમ્ ।
જ્યોતિ: કિમન્ધકારે ?
યદન્ધકારેરનુ સ્મરણમ્ ॥૭૯॥

આ અશાશ્વત સંસારમાં ધ્યાન કરવા યોગ્ય બાહ્ય તત્ત્વ કયું છે ?

કંસના શત્રુ શ્રીકૃષ્ણના પદારવિંદની સેવા સંસારના અજ્ઞાનરૂપી અંધકારમાં આનમય પ્રકાશ કોનો છે ? અંધકારનો નાશ કરવાવાળા શ્રીકૃષ્ણનું માત્ર સતત ધ્યાન. (૭૯)

કલશ નવનીત ચોરે,
કમલાદક્કુમુદ ચન્દ્રિકા પૂરે ।
વિહરતુ નન્દ કુમારે,
ચેતો મમ ગોપ સુન્દરી જારે ॥૮૦॥

ઘડામાંથી (ગોળી) માખણ ચોરવાવાળા, લક્ષ્મીના નેત્રરૂપી કુમુદને ચંદ્રિકા જેવો આહ્લાદ આપવાવાળો, ગોપ સુંદરીઓનો પ્રીતમ, નંદના લાલમાં મારું મન નિમગ્ન રહો. (૮૦)

કસ્ત્વં બાલ ? બલાનુજ: કિમિહ તે ? મન્મન્દિરાશઙ્કયા-
યુક્તં તન્નવનીતપાત્ર વિવરે, હસ્તં કિમર્થં ન્યસે: ॥
માત: કઞ્ચન વત્સકં મૃગયિતું, મા ગા વિષાદં ક્ષણા-
દિત્યેવં વખલ્લવી પ્રતિવચ. કૃષ્ણસ્ય પુષ્ણાતુ ન: ॥૮૧॥

"તું કોણ છું, ઓ બાળક ?"

"હું બળરામનો નાનો ભાઈ છું."

"અહીં શા માટે આવ્યો ?"

"આ મારું ઘર છે એવું સમજીને આવ્યો. ભૂલથી"

"સારું, પણ તેં માખણના વાસણમાં હાથ કેમ નાખ્યો ?" "કાંઇ નહિ મા. હું કોઈ ખોવાયેલા વાછરડાને શોધી રહ્યો હતો. મા, ક્ષણભર પણ બૂરું માનવાની જરૂર નથી." આ રીતે કોઈ ધન્ય ગોપી સાથે શ્રીકૃષ્ણે જે શબ્દો કહ્યા તે શબ્દ અમારું જીવન સુખપૂર્ણ બનાવે. (૮૧)

ગોપાલાજિર કર્દમે વિહર તે,
વિપ્રાધ્વરે લજ્જસે ।
બ્રૂષે ગોકુલહુઙ્કૃતે: સ્તુતિંશતે-
મૌંનં વિધત્સે વિદામ્ ॥
દાસ્યં ગોકુવપુંશ્ચલીષુ કુરુષે
સ્વામ્યં ન દાન્તાત્મસુ ।
જ્ઞાતં કૃષ્ણ તવાઙ્ઘ્રિ પઙ્કજયુગં,
પ્રેમ્ણાચલં મઞ્જુલમ્ ॥ ૮૨ ॥

હે કૃષ્ણ, તમે ગોપલોકોનાં કીચડથી ભરેલાં આંગણાંમાં રમો છો, પરંતુ કોઈ બ્રાહ્મણની યજ્ઞવેદી તરફ જવાને માટે શરમાવ છો ને સંકોચ પામો છો, ગાયોના ભાંભરવાના શબ્દો સામે તમે પ્રતિશબ્દ (સામે) તેવો જ અવાજ કરો છો; પરંતુ વિદ્વાનોની સેંકડો પ્રશંસાયુક્ત પંકિતઓ તરફ મોન રાખવાનું વર્તન કરો છો. ગોકુળની છીનાળ (પોતાનો પતિ હોવા છતાં ગુપ્ત રૂપથી શ્રીકૃષ્ણ સાથે પ્રેમ કરવાવાળી) સ્ત્રીઓના તમે સેવક પણ બનો છો. પરન્તુ સંયમ-આત્મ યોગીઓનુ આધિપત્ય તમે સ્વીકારતા નથી. હા, હવે ખબર પડી કે તમારાં સુંદર ચરણકમળ નિર્વ્યાજ પ્રેમથી જ રીઝે છે. (૮૨)

નમ તસ્મૈ યશોદાયા-
દાયાદાયાસ્તુ તેજસે ।
યદ્ધિં રાધામુખામ્ભોજં
ભોજં ભોજં વ્યવર્ધંતે ॥૮૩॥

હું તે યશોદાના પુત્ર-પ્રકાશધનને નમસ્કાર કરું છું. જે રાધાના મુખરૂપી કમળનો આસ્વાદ લેતા ગયા અને તેમની ચારુતા પણ વધારતા ગયા. (૮૩)

અવતારા: સન્ત્વન્યે
સરસિંજ નયનત્ય સર્વતો ભદ્રા: ।
કૃષ્ણાદન્ય કો વા
પ્રભવતિં ગો ગોપ-ગોપિકા મુક્ત્યૈ ? ॥૮૪॥

કમળનેત્ર વિષ્ણુના વિશ્વમંગલ કેટલાએ અવતાર હોય, પરંતુ શ્રીકૃષ્ણ સિવાય બીજો કયો અવતાર ગાયો, ગોપબાંકો અને ગોપીઓને મોક્ષ આપવા સમર્થ છે ? (૮૪)

મધ્યે ગોકુલ મણ્ડલં પ્રતિદિશં,
ચામ્બારવોજજૃમ્ભિતે ।
સાતર્દેહિ મહોત્સવે નવધન-
શ્યામં રણન્નૂપુરમ્ ॥
ફાલે બાલવિભૂષણં કટિરટત્સ-
ત્કિંઙ્કિણી મેખલં ।
કણ્ઠે વ્યાઘ્રનખં ચ શૈશવકલા
કલ્યાણકાર્ત્સ્નં ભજે ॥૮૫॥

સવારમાં જ્યારે ગાયોને દોહવાની ધમાચકડી ચાલે છે અને બધી દિશાઓ ગાયોના શોરબકોર કરતા અવાજથી ગુંજે છે ત્યારે ગોકુળના પ્રત્યેક સ્થળે શ્રી કૃષ્ણ સંચાર કરે છે. એમના શરીરનો રંગ વાદળ જેવો કાળો છે. તેમના પગમાં પાયલ છુમછુમ અવાજ કરે છે. તેમનું લલાટ (કપાળ) પર બાળકને અનુરૂપ અલંકાર ચમકે છે. કમર પર બાંધેલા સોનાના કંદોરાની ઘૂઘરીઓ રૂમઝૂમ રૂમઝૂમ કરે છે. તેમના ગળામાં વાઘનખોની માળા રહેલી છે તે વખતે બાલ્ય કાળની મંગળ કાંતિનું સંપૂર્ણ દર્શન ખૂબ જ મોહક હોય છે. એવા શ્રીકૃષ્ણના શરણમાં હું જાઉં છું. (૮૫)

સજલજલદનીલં દર્શિતોદારલીલં ।
કરતલધૃતશૈલં વેણુનાદૈ રસાલમ્ ॥
વ્રજજન કુલપાલં કામિની કેલિલોલં ।
કલિતલલિતમાલં નૌમિ ગોપાલબાલમ્ ॥ ૮૬ ॥

પાણીની વરાળથી ભરેલા વાદળ જેવા કાળા રંગવાળા, પોતાના સરસ અવાજનું હાસ્ય બતાવવાવાળા, હથેળી પર ગોવર્ધન પર્વત રાખવાવાળા, મોરલીના સુમધુર નાદથી લોકોને લોભાવનારા, સઘળા ગોકુળવાસીઓનું રક્ષણ કરવાવાળા, ગોકુળની રમણીઓ સાથે પ્રણય ક્રીડા કરવાની ઇચ્છા રાખનારા, અને સુંદર માળા ધારણ કરવાવાળા, ગોપબાલક શ્રી કૃષ્ણની હું સ્તુતિ કરું છું. (૮૬)

સ્મિત લલિતકપોલં સ્નિગ્ધ સઙ્ગીતલોલં ।
લલિતચિકુરજાલં ચૌર્ય ચાતુર્યલીલમ્ ॥
શતમખરિપુ કાલં શાતકુમ્ભાભચેલં ।
કુવલયદલનીલં નૌભિ ગોપાલ બાલમ્ ॥ ૮૭ ॥

હું તે ગોપ બાળકની પ્રશંસા કરું છું. જેમના ગાલ હસવાથી મનોહર લાગે છે. જે મધુર મોરલીના સંગીતમાં ઝૂમે છે. જેમના વાળ મોહક અને ચમકતા છે. જે ભક્તોનાં મનની ચોરી કરવામાં પણ ચાલાક છે. જે ઇંદ્રના શત્રુઓનો વિધ્વંસ કરે છે. જે સોના જેવાં ચમકતાં વસ્ત્રો પહેરે છે અને જે નીલકમળ જેવા શ્યામ છે. (૮૭)

મુરલિનિનદ લોલં મુગ્ધમાયૂર ચૂડં ।
દલિત દનુજજાલં ધન્ય સૌજન્યલીલમ્ ॥
પરહિત નવહેલં પદ્મસમાનુકુલં ।
નવજલધર નીલં નૌમિ ગોપાલ બાલમ્ ॥ ૮૮ ॥

હું નવા વાદળ જેવા કાળા શરીરવાળા એવા ગોપ શિશુ શ્રીકૃષ્ણની લીલા ગાઉં છું. તે કૃષ્ણ મોરલી બજાવવામાં વ્યગ્ર રહે છે. તેમના વાળમાં મોરનાં મનોહર પીંછાં છે. તેમણે રાક્ષસોના સમુદાયને કચડી નાખ્યા છે. તે પ્રાત: સ્મરણીય સાધુઓથી આનંદ પ્રાપ્ત કરે છે. તે બીજાઓનાં કલ્યાણને માટે દરરોજ નિરાળી લીલા દેખાડે છે અને જે લક્ષ્મી પર

સદા પ્રસન્ન રહે છે. તેમની સઘળી ક્રીડાઓ નિશ્ચલ અને સરસ હોય છે. (૮૮)

સરસ ગુણ નિકાયં સચ્ચિદાનંદ કાયં ।
સમિત સકલમાયં સત્ય લક્ષ્મી સહાયમ્ ॥
શમદમ સમુદાયં શાન્ત સર્વાન્તરાયં ।
સુહૃદ યજનદાયં નૌમિ ગોપાલરાયમ્ ॥ ૮૯ ॥

તે કૃષ્ણ સઘળાં આકર્ષક લક્ષણોનો ભંડાર છે. તે મૂર્તિમંત 'સત્', 'ચિત્' અને 'આનંદ' રૂપ છે. તેમણે સંસારની તમામ ભ્રાંતિઓનો નાશ કર્યો છે. તે સત્યરૂપી 'શ્રી'ના સહચર છે. તેમનામાં ઇન્દ્રિય–સંયમ અને મન–સંયમનો એક સાથે વાસ રહે છે. તેમણે બધાં જ સંકટોનું નિવારણ કર્યું છે, જે શુદ્ધ મનવાળા મનુષ્યોના બંધુ છે. એવા શ્રેષ્ઠ ગોપાળને હું ભજું છું. (૮૯)

લક્ષ્મી કલત્રં લલિનાબ્જ નેત્રં ।
પૂર્ણેન્દુ વક્ત્રં પુરુહૂત મિત્રમ્ ॥
કારુણ્યપાત્રં કમનીય - ગાત્રં ।
વન્દે પવિત્રં વસુદેવ પુત્રમ્ ॥ ૯૦ ॥

હું તે પવિત્ર (શુદ્ધ મનવાળા) વસુદેવના પુત્રને નમસ્કાર કરું છું. જે લક્ષ્મીના પતિ છે. જેમની કમળ જેવી આંખો મનોહર છે. જેમનું મુખ પૂર્ણ ચંદ્રબિંબ જેવું પ્રસન્ન છે જે ઇંદ્રના સાથી છે. જે દયાના ભંડાર છે અને જેમનું શરીર આકર્ષક છે. (૯૦)

મદમય મદમય દુરગં ।
યમુનામવતીર્ય વીર્યશાલી યઃ ॥
મમ રતિમમર તિરસ્કૃતિ –
શમનપરઃ સ ક્રિયાત્કૃષ્ણઃ ॥ ૯૧ ॥

શૌર્યસંપન્ન તે કૃષ્ણ મારી અભિલાષાઓ પૂર્ણ કરે. મને આનંદ આપે. જેમણે યમુના નદીમાં ઊતરીને ઉન્મત્ત કાલીનાગનો ઘમંડ તોડી નાખ્યો. તે દેવોના અપમાનને દૂર કરવા માટે નિત્ય સિદ્ધ રહે છે. (૯૧)

મૌલૌ માયુરબર્હં મૃગમદ તિલકં, ચારુ લાલટપટ્ટે ।
કર્ણ દ્વન્દ્વે ચ તાલીદલ મતિ મૃદુલં,
મૌકિતકં નાસિકાયાં ॥
હારો મન્દરમાલા પરિમલ ભરિતે, કૌસ્તુભસ્યોપ કણ્ઠે ।
પાણૌ વેણુશ્ચ યસ્ય વ્રજયુવતિયુતઃ
પાતુ પીતામ્બરો નઃ ॥ ૯૨ ॥

તે પીળાં વસ્ત્ર ધારણ કરવાવાળા કૃષ્ણ અમારી રક્ષા કરો. તેમના માથાના વાળમાં મોરનાં પીંછાં લગાવ્યાં છે. વિશાળ ભાલ પર કસ્તૂરીનો સુંદર ચાંદલો કર્યો છે. બંને કાનમાં તાલીદળનાં કોમળ પાંદડાં લટકાવ્યાં છે. તેમનું નાક ખૂબ જ સુંદર અને તેજસ્વી મોતીથી અલંકૃત છે. કૌસ્તુભ મણિથી ચમકવાવાળી અત્યંત સુવાસપૂર્ણ મંદાર પુષ્પોની માળા ગળામાં રહેલી છે. જેની સુગંધ મહેંકી રહી છે. તેમના હાથમાં મોરલી છે અને તેમની આજુબાજુ વ્રજની ગોપ–રમણીઓ છે.

મુરારિણા વારિ વિહાર કાલે ।
મૃગેક્ષણાનાં મુષિતાં શુકાનામ્ ॥
કરદ્વયં વા કચસંહતિર્વા ।
પ્રમીલનં વા પરિધાનમાસીત્ ॥ ૯૩ ॥

જલવિહાર કરવાના સમયે જ્યારે મુરારિએ હરણનાં જેવી આંખોવાળી ગોપીઓનાં વસ્ત્ર ચોરી લીધાં ત્યારે બિચારી ગોપીઓને માત્ર બે હાથ અથવા લાંબા વાળ અથવા આંખોને બંધ કરવાનું જ માત્ર આવરણ જેવા થઈ ગયા. (૯૩)

યાસાં ગોપાઙ્ગનાનાં લસદ સિતતરા,
લોલ લીલા કટાક્ષા ।
યન્નાસાચારુ મુકતામણિ રુચિનિકર,
વ્યોમગઙ્ગાપ્રવાહે ॥
મીનાયાન્તેઽપિ તાસામતિર ભસચલ–
ચ્ચારુનીલાલ કાન્તા ।
ભૃઙ્ગાયન્તે યદઙ્ઘ્રિદ્વયસરસિરુહે—
પાતુ પીતામ્બરો નઃ ॥ ૯૪ ॥

કૃષ્ણની નાસિકામાં શોભા આપનાર મોતીની કાંતિ (તેજ) રેખાઓ આકાશગંગાના પ્રવાહ જેવી ચમકે છે. ગોપીઓનું ઘણું જ મનોહર, ચંચળ ચિત્ત જ્યારે તેમાં પરોવાય છે, ત્યારે તે માછલીઓની સમાન જોવામાં આવે છે. જાણે સરોવરમાં ચમકતી માછલીઓ ! ગતિથી હાલવાવાળા અને નીલકાંતિમણિ જેવા જોવામાં આવતા તેમના કાળા કાળા ઘુમરાતા વાળ તેમના બે ચરણકમલોની પાસે ભમરાઓની જેમ જોવામાં આવે છે તે પીળાં વસ્ત્ર પહેરવાવાળા કૃષ્ણ અમારી રક્ષા કરો. (૯૪)

યદ્વેણુ શ્રેણિરુપસ્થિત સુષિર
મુખોદ્ગીર્ણ નાદ પ્રભિન્ના–
એણાક્ષ્યસ્તત્ક્ષણે ન મુરિતનિજપતિ–
પ્રેમબન્ધા બભૂવઃ ।
અસ્તવ્યસ્તાલ કાન્તાઃ સ્ફુરદધર–
કુચ દ્વન્દ્વ નાભિ પ્રદેશીઃ –
કામાવેશ પ્રકર્ષ પ્રકટિત પુલકાઃ
પાતુ પીતામ્બરો નઃ ॥ ૯૫ ॥

જ્યારે શ્રીકૃષ્ણ પોતાના મુખથી મોરલીનાં છિદ્રોમાંથી હૃદયસ્પર્શી મનોહર સૂર છોડવા લાગે છે, ત્યારે મૃગનયની ગોપસ્ત્રીઓ તેમના મંજુલ ધ્વનિથી આકુળ–વ્યાકુળ થઈ ગઈ, અને તે વખતે પોતાના પતિઓના પ્રેમપાશ—બંધનથી છૂટી ગઈ. તેમના કેશપાશ (વાળ) વિંખાઈ ગયા. તેમના હોઠ, બંને સ્તન અને નાભિસ્થાન એ બધું જ ફફડવા લાગ્યું. એમના શરીર પર (મૈથુનની) પ્રબળ ઈચ્છાના કારણે તેમનાં રોમેરોમ ઊભાં થઈ ગયાં. તે પીળાં વસ્ત્રધારી કૃષ્ણ અમારી રક્ષા કરો. (૯૫)

દેવકયા જઠરાકેર સમુદિતઃ
ક્રીતો ગવાં પાલિના ।
નન્દેનાનકદુન્દુ ભોર્નિજ સુતા
પણ્યેન પુણ્યાત્મના ॥
ગોપાલા વલિ મુગ્ધહાર તરલો ।
ગોપીજના લઙ્કૃતિઃ ।
સ્થેયાન્નો હૃદિ સન્તતં સુમધુરઃ
કોઽપીન્દ્ર નીલોમણિઃ ॥ ૯૬ ॥

તે અનોખા મનોહર ઇન્દ્ર નીલમણિ (શ્રીકૃષ્ણ) અમારા અંતઃકરણમાં પ્રતિદિન ચમકતા રહો. તે દેવકીના ગર્ભરૂપી સમુદ્રમાંથી પેદા થયા હતા. પુણ્યશ્લોકી નંદરાજાએ પોતાની કન્યાને વેચીને તેને ખરીદ્યા હતા. ને ગોપયુવક રૂપી સુંદર મુક્તાહારમાં ખેંચાયેલા હતા. અને જે ગોપલલનાઓના જાણે વિશેષ આભૂષણ હતા. (૯૬)

પીઠે પીઠનિષણ્ણબાલકગલે
તિષ્ઠન્ સ ગોપાલકો ।
યત્રાન્તઃ સ્થિત દુગ્ધ ભાણ્ડમવ કૃષ્યા—
ચ્છાદ્ય ઘણ્ટારવમ્ ॥
વક્ત્રોપાન્ત કૃતાઙ્ગુજલિઃ કૃતશિરઃ
કમ્પં પિબન્યઃ પયઃ ।
પાયાદાગત ગોપિકા નયનયો
ર્ગણ્ડૂપ ફુત્કાર કૃત્ ॥ ૯૭ ॥

પીઠ ઉપર પીઠ રાખીને તેની ઉપર એક બાળક ઊભો રહ્યો અને તેની એ ડોક પર તે ગોપકિશોર ઊભો થઈ ગયો. તેણે તે છીંકાને પકડી લીધું. જેમાં દૂધનું ભરેલું વાસણ રાખ્યું હતું. તે વખતે તેણે ઘડાનો અવાજ પણ રોકી દીધો. પછી પોતાનાં હથેળીઓને ગોળાકાર કરીને તે વડે પોતાનું મોં ઢાંકી દીધું અને ઘણા જ પ્રેમથી માથું હલાવતાં હલાવતાં દૂધ પીવા લાગ્યા. એટલામાં કોઈ ગોપીએ ત્યાં આવીને તેને પકડી લીધો. પરંતુ કૃષ્ણે પોતાનાં મોંમાં જે દૂધ હતું તેનાથી તે ગોપીના મોં પર કોગળો કરી દીધો. એવા તોફાની કૃષ્ણ અમારી રક્ષા કરો. (૯૭)

યજ્ઞૈરીજિમહે ધનં દધિમહે,
પાત્રેષુનૂનં વયં ।
બૃદ્ધાન્ભેજિમહે તપશ્ચકૃમહે—
જન્માતરે દુશ્ચરમ્ ॥
યેનાસ્માકમ ભૂદનન્ય સુલભા
ભક્તિર્ભવ દ્વેષિણી ।
ચાણૂરદ્વિષિભર્કતં કલ્મષમુષિ
શ્રેયઃ પુષિ શ્રીજુષિ ॥ ૯૮ ॥

"નિશ્ચય અમે પૂર્વ જન્મમાં ઘણા જ યજ્ઞ કર્યા હશે, યોગ્ય વ્યક્તિઓને સંપત્તિ–દાન કર્યાં હશે,

ગુરુઓની શુશ્રૂષા (સેવા) કરી હશે, અથવા કઠોર તપ કર્યું હશે કે જેના ફલસ્વરૂપ, અને ચાણૂર રાક્ષસનો વધ કરવાવાળા, ભક્તોનાં પાપોનો વિનાશ કરવાવાળા, લોકોનું કલ્યાણ કરવાવાળા, અને લક્ષ્મી વડે પૂજાયેલા એવા જે ભગવાન છે, તેની સાથે અમારી અત્યંત દુર્લભ અને સંસાર સાથે વેર રાખવાવાળી ભક્તિ થઈ ગઈ છે. (૯૮)

ત્વયિ પ્રસન્ને મમ કિં ગુણેન ।
ત્વય્ય પ્રસન્ને મમ કિં ગુણેન ।
રક્તે વિરક્તે ચ વરે વધૂનાં
નિરર્થકઃ કુઙ્કુમ પત્ર ભઙ્ગઃ ॥ ૯૯ ॥

તમે જ્યારે સંતુષ્ટ હો તો મને કોઈ ગુણની શી આવશ્યકતા છે? તમારો અનુગ્રહ (કૃપા) જ્યારે નહીં હોય ત્યારે ગુણ હોવા છતાં પણ શું લાભ? ક્યારેક પતિ તેની પત્ની પર આસક્ત રહે છે અને ક્યારેક રહે છે પણ નહિ, આ બન્ને સમયે કુમકુમની ચિત્રકારીની કોઈ આવશ્યકતા રહેતી નથી. (૯૯)

ગાયન્તિ ક્ષણદાવ સાન સમયે,
સાનન્દ મિન્દુ પ્રભા ।
રુંધ્ય ત્યો નિજ દન્તકાન્તિ નિવહે—
ગોપાઙ્ગના ગોકુલે ॥
મન્ગ્રન્ત્યો દધિ પાણિકઙ્કણ ક્ષણ
ત્કારાનુકારં જવા—
દ્વયાવલ્ગદ્વસનાગ્ચલા યમનિશં—
પીતામ્બરોઽવ્યાત્સ નઃ ॥ ૧૦૦ ॥

ગોકુળમાં રાત્રિના છેલ્લા પહોરમાં (અથવા સવારના સમયે) જેમની કાંતિ ચંદ્રની સમાન છે, એવી સુંદર ગોપીઓ દહીંને વલોવતી વખતે ઘણી જ પ્રસન્નતાથી પીળાં વસ્ત્રધારી કૃષ્ણનું નામ — સંકીર્તન કરે છે. તે વખતે તેમના દાંતોની શોભા ચારે તરફ ફેલાય છે, તેમના હાથનાં કંકણોનો ઝણકાર સંગીતને તાલ આપે છે, ઝડપથી દહીં વલોવવાના કારણે તેમની સાડીઓના પાલવ ખસી જાય છે. તે ગોપીવલ્લભ કૃષ્ણ અમારી રક્ષા કરો. (૧૦૦)

અંસાલમ્બિત વાર કુણ્ડલ ભરં;
મન્દોન્નત ભ્રુલતં ।
કિઞ્ચિત કુઞ્ચિત કોમલાધર પુટં,
સાચિપ્રસારે ક્ષણમ્ ।
આલોલાઙ્ગુલિ પલ્લવૈર્મુરલિકા,
માપૂરયન્તં મુદા ।
મૂલે કલ્પતરોસ્થિ ભઙ્ગિ લલિતં—
જાને જગન્મોહનમ્ ॥ ૧૦૧ ॥

કલ્પવૃક્ષની નીચે પોતાનું શરીર ત્રણ જગાએથી વાંકું કરીને, (ત્રિભંગ કરીને એટલે કે પગ, કમર અને ગરદનને વાંકું કરીને) ઘણા જ સુંદર ઢંગથી તે વિશ્વાભિરામ કૃષ્ણ ઊભા છે. એમની ડાબી બાજુનાં કુંડલ ડાબી બાજુના ખભા પર ઝૂલી રહ્યાં છે. તેમની લતા જેવી પીઠ થોડી ઉપર ચડાવેલી છે. તેમના કોમળ હોઠ થોડા થોડા બંધ કરેલા છે. એમની દૃષ્ટિ થોડી વાંકી છે. પોતાની કોમળ આંગળીઓ અંકુર જેવી શોભી રહી છે. તે ઘણી જ ખુશીથી મોરલી બજાવી રહ્યા છે. એ કૃષ્ણને એ રૂપમાં હું જાણું છું. (૧૦૧)

મલ્લૈઃ શૈલેન્દ્ર કલ્પઃ શિશુરિતર જનૈઃ,
પુષ્પચાપોઽઙ્ગનાભિ—
ર્ગોપૈસ્તુ પ્રાકૃતાત્મા દિવિકુલિશભૃતા—
વિશ્વકાયોઽપ્રમેયઃ ॥
ક્રુદ્ધઃ કંસેન કાલો ભયચકિત દશા
યોગિભિર્ધ્યેય મૂર્તિ —
દૃષ્ટો રઙ્ગાવતારે હરિરમર ગણા —
નન્દ કૃત્પાતુ યુષ્માન ॥ ૧૦૨ ॥

તે કૃષ્ણ, પહેલવાનોને મહાપર્વત જેવા લાગ્યા. અન્યને તો બાળક જેવા દેખાયા. સ્ત્રીઓને તો પુષ્પનું બાણ ધારણ કરનાર મદન (કામદેવ) જેવા લાગ્યા. ગોપલોકોને તો સામાન્ય મનુષ્ય જેવા લાગ્યા. અને વજ્રધારી ઈંદ્રને સ્વર્ગમાં જગતમૂર્તિના રૂપમાં જણાયા. અજ્ઞાત યોગીઓને પોતાને માટે ધ્યાન કરવા યોગ્ય પ્રતિમા જેવા લાગ્યા. બીકથી ચકળવકળ જેવી આંખોથી કંસે તેને ભયંકર મૃત્યુદેવતા જેવા જોયા. આવા દેવતાઓને આનંદ આપવાવાળા કૃષ્ણ તમારી રક્ષા કરો. (૧૦૨)

સંવિષ્ટો મણિવિષ્ટ રેઽઙ્કતલ
મધ્યાસીન લક્ષ્મી મુખે ।
કસ્તૂરી તિલકં મુદા વિરચયન્
હર્ષાત્કુચૌ સંસ્પૃશન્ ॥
અન્યોન્યસ્મિત ચન્દ્રિકા કિસલયૈ
રારાધયન્મન્મથં ।
ગોપી–ગોપ પરીવૃતો યદુપતિઃ
પાયાજ્જગન્મોહનઃ ॥ ૧૦૩ ॥

તે રત્નજડિત આસન પર બેઠા હતા. તેમના ખોળામાં લક્ષ્મીદેવી બિરાજ્યાં હતાં. ત્યારે એમણે લક્ષ્મીને ઘણા જ પ્રેમથી કસ્તૂરીનું તિલક કર્યું અને આનંદમાં આવીને તેમનાં સ્તનોનો સ્પર્શ કર્યો. એ વખતે એ બન્નેનાં ચાંદનીનાં કિરણો જેવાં મોહક હાસ્યથી (અર્થાત્ એ બંનેનું શીતળ જ્યોત્સ્ના રૂપી હાસ્ય ખીલી ઊઠ્યું.) કૃષ્ણ મદનની પૂજા કરી રહ્યા હતા. તે સમગ્ર સંસારને આકર્ષિત કરવાવાળા અને ગોપ–ગોપીઓથી ઘેરાયેલા રહેવાવાળા યદુકુલનાયક કૃષ્ણ અમારી રક્ષા કરો. (૧૦૩)

આ કૃષ્ટે વસનાગ્ચલે કુવલય–
શ્યામાત્રપાધઃ કૃતઃ ।
દૃષ્ટિઃ સંવલિતા રુચા કુચ યુગે–
સ્વર્ગ પ્રભે શ્રીમતિ ॥
બાલઃ કશ્ચન ચૂત પલ્લવ ઇતિ–
પ્રાપ્તિ સ્મિતાસ્યશ્રિયં ।
શ્લિષ્યં સ્તામથ રુકિમણીં નતમુખીં—
કૃષ્ણઃ સ પુષ્ણાતુ નઃ ॥ ૧૦૪ ॥

રુક્ષ્મણીનાં વાળનો ગુચ્છ શ્રીકૃષ્ણે ઘણા જ પ્રેમથી ખેંચ્યો, ત્યારે શરમથી તે નીચે જોવા લાગ્યાં. અને એમની નીલકમલ જેવી કાળી આંખો હેમવર્ણાં સ્તનો પર ચોંટી ગઈ. તેણી (રુક્ષ્મણી)ના મોં પર મંદ હાસ્યની શોભા ફેલાઈ ગઈ. ત્યારે તેને આંબાના વૃક્ષની કોમળ પાંદડી સમજીને નીચે મુખ રાખેલ રુકમણીને બાલકૃષ્ણે ગાઢ આલિંગન આપ્યું. તે કૃષ્ણ અમારું પોષણ કરો. (૧૦૪)

ઉર્વ્યાં કોઽપિ મહીધરો લઘુધરો–
દોર્ભ્યાં ધૃતો લીલયા ।
તેન ત્વં દિવિ ભૂતલે ચ સતતં–
ગોવર્ધનોદ્ધારકઃ ॥
ત્વાં વા ત્રૈલોકયધરં વહામિ કુચયો–
રગ્રે ન તદ્ગણ્યતે ।
કિં વા કેશવ ભાષણેન બહુના–
પુણ્યૈર્યશો લભ્યતે ॥ ૧૦૫ ॥

"આ ભૂમિની કોઈ એક નાનકડી ટેકરીને તમે સહજ રીતે તમારા હાથમાં તોળી લીધી. અને એટલા માટે સ્વર્ગ અને પૃથ્વી પર તમે "ગોવર્ધનનો ઉદ્ધાર કરવાવાળા" (ગાયોનું રક્ષણ કરવાને માટે પર્વતને ઉપાડનારા) તે નામથી વિખ્યાત થયા છો. તમે તો ત્રણ લોકના આધાર છો. પરંતુ હું તમને મારા સ્તનોના અગ્ર ભાગ પર સંભાળું છું. (રાખું છું.) આ વાત તો કોઈ ધ્યાનમાં લેતા જ નથી. હે કેશવ! આ સ્થળે ચર્ચા કરવાથી ફાયદો પણ શું? કીર્તિ તો ત્યારે જ મળે કે જ્યારે પુણ્ય (નસીબ) ખૂબ સારું હોય. (૧૦૫)

⁂

સન્ધ્યા વન્દન ભદ્રમસ્તુ ભવતે
ભોઃ સ્નાન તુભ્યં નમો ।
ભો દેવાઃ પિતરશ્ચ તર્પણવિધો–
નાહં ક્ષમઃ ક્ષમ્યતામ્ ॥
યત્ર ક્વાપિ નિષીદ્ય યાદવ કુલો–
ત્તં સસ્ય કંસદ્વિષઃ ।
સ્મારં સ્મારમઘં હરામિ તદલં–
મન્યે કિમન્યેન મે ॥ ૧૦૬ ॥

હે સંધ્યા વંદન તમારું કલ્યાણ થાવ. હે સ્નાન તમને મારા દૂરથી જ પ્રણામ. દેવતાઓને પૂર્વજો ક્ષમા કરજો. આપને પિંડદાન કરવામાં હું અસમર્થ છું. હું ઇચ્છુ છું કે કોઈ પણ જગા પર બેસીને તે કંસનો વધ કરવાવાળા યદુકુલશ્રેષ્ઠ શ્રીકૃષ્ણનું વારંવાર ચિંતન કરીને મારાં પાપોનો ક્ષય કરી નાખું.

હું સમજું છું કે, આટલું બસ છે. અન્ય વાતોની ચિંતા શા માટે કરું? (૧૦૬)

હે ગોપાલક હે કૃપાજલ નિધે-
હે સિન્ધુ કન્યાપતે ।
હે કંસાન્તક હે ગજેન્દ્ર કરુણા—
પારીણ હે માધવ ॥
હે રામાનુજ હે જગત્ત્રયગુરો—
હે પુણ્ડરીકાક્ષમાં ।
હે ગોપીજનનાથ પાલય પરં—
જાનામિ ન ત્વં વિના ॥ ૧૦૭ ॥

હે વેનુરક્ષક, જે કરુણાસાગર, હે રુક્ષ્મણીવલ્લભ, હે કંસઘાતક, ગજરાજ પર અનુગ્રહ કરવાવાળા હે માધવ, બલરામના નાના ભાઈ, ત્રણે લોકના હે ગુરુ, હે કમલ-નયન, ગોપીઓના હે સ્વામી, મારી રક્ષા કરો. તમારા વગર હું કોઈ પણ બીજાને જાણતો નથી. (૧૦૭)

કસ્તૂરી તિલકં લલાટ ફલકે,
વક્ષ. સ્થલે કૌસ્તુભં ।
નાસાગ્રે નવમૌક્તિકં કરતલે-
વેણું કરે કઙ્કણમ્ ॥
સર્વાઙ્ગે હરિચંદનં ચ કલયન્
કણ્ઠે ચમુક્તાવલિં ।
ગોપસ્ત્રી પરિવેષ્ટિતો વિજયતે-
ગોપાલ ચૂડામણિ: ॥ ૧૦૮ ॥

ગોપીઓથી તે ઘેરાયેલા, ગોપાલોના મનોહરમૂર્તિ-રૂપ કૃષ્ણ, નિત્ય વિજયી છે. જેમણે પોતાના વિશાળ કપાળ પર તિલક લગાવ્યું છે. જેની છાતી પર કૌસ્તુભમણિ ઝળકે છે. જેમની હથેળીમાં મોરલી અને હાથમાં મણિબંધ કંકણ છે. તેમના આખા શરીર પર હરિચંદનનો લેપ છે અને ગળામાં મોતીઓનો હાર છે. (૧૦૮)

લોકાનુન્મદયન્ શ્રુતીર્મુખરયન્
ક્ષોણીરુહાન્ હર્ષયન્ ।
શૈલાન્વિદ્રવયન્ મૃગાન્વિવશયન્-
ગોવૃન્દમાનન્દયન્ ॥
ગોપાન્ સંભ્રમયન્ મુનીન્મુકુલયન્-
સપ્તસ્વરાન્ જૃમ્ભય-
ન્નોઙ્કારાર્થ મુદીરયન્ વિજયતે-
વંશીનિનાદ: શિશો: ॥ ૧૦૯ ॥

તમામ લોકોને મસ્ત કરવાવાળી, વેદોને શબ્દ-યુક્ત – નાદયુક્ત કરવાવાળી, હરણોને લુબ્ધ કરવાવાળી, ગોપીનાં ધણને આનંદ આપવાવાળી, ગોપલોકોને ઉન્મત્ત કરવાવાળી (ભ્રમમાં રાખનારી), ઋષિઓનાં ધ્યાનમાં આંખો બંધ કરવાવાળી, સાત આદિ સ્વરોને છોડવાવાળી, અને પ્રણવ મંત્રનું રહસ્ય બતાવવાવાળી આ બાળકની મોરલીનો ધ્વનિ વિજય-ઉલ્લાસથી ભરપૂર છે. (૧૦૯)

યસ્યાત્મ ભૂતસ્ય ગુરો: પ્રસાદા-
દહં વિમુક્તોઽસ્મિ શરીરબંધાતા ।
સર્વોપદેષ્ટુ: પુરુષોત્તમસ્ય-
તસ્યાઙ્ઘ્રિપદ્મં પ્રણતોઽસ્મિનિત્યં ॥ ૧૧૦ ॥

॥ શ્રી કૃષ્ણ કર્ણામૃતમ્ ॥

— દ્વિતીય આશ્વાસ સમાપ્ત —

જે સ્વયંભુ આચાર્યશ્રીની કૃપાથી હું દેહ-બંધનોથી મુક્તિ પામ્યો છું. તે સર્વોત્તમ જ્ઞાનનો ઉપદેશ કરવાવાળા નરશ્રેષ્ઠનાં ચરણકમળ પર હું સદાને માટે ઝૂકી જાઉં છું. (નમન કરું છું.) (૧૧૦)

॥ શ્રી કૃષ્ણ કર્ણામૃતમ્ ॥

— દ્વિતીય આશ્વાસ સમાપ્ત —

શ્રી ગણેશાય નમ:

ખંડ ૬ ઠ્ઠો "શ્રીકૃષ્ણ કર્ણામૃત"

(ત્રીજો આશ્વાસ)

અનુવાદ : હિંમતલાલ ઉમિયાશંકર દવે, 'સાહિત્ય માર્તંડ,' 'ધર્માલંકાર'

ત્રીજો આશ્વાસ

અસિત સ્વસ્ત્યયનં સમસ્ત જગતા
મભ્યસ્ત લક્ષ્મી સ્તનં ।
વસ્તુ ધ્વસ્ત રજસ્તમોભિરં
નિશં ન્યસ્તં પુરસ્તાદિવ ॥
હસ્તોદસ્તગિરીન્દ્ર માસ્તક તરુ
પ્રસ્તાર વિસ્તારિતં --
ચસ્ત સ્વસ્તરુ સૂનસં સ્તરલસ –
ત્પ્રસ્તાવિ રાધા સ્તુતમ્ ॥ ૧ ॥

જેના હાથો વડે ગોવર્ધન પર્વત ઉઠાવેલો છે, તેવા એ પર્વતનાં શિખરો અસંખ્ય વૃક્ષો તથા દિવ્ય કલ્પવૃક્ષોથી ઘેરાયેલાં અને પુષ્પોનાં સમૂહથી ઢંકાઈ ગયેલ છે, એવી આ અદ્ભુત વ્યક્તિ સામે ઊભી છે. રાધાએ તેની સ્તુતિ કરી છે. તે (વ્યક્તિ) સમગ્ર લોકોનાં કલ્યાણના નિધાન છે (ભંડાર). તે લક્ષ્મીનાં સ્તનમંડલ પર બિરાજે છે. જેમણે પોતાના મનમાંથી રજોગુણ અને તમોગુણને દૂર કર્યા છે. (૧)

રાધારાધિત વિભ્રમાદ્ભુતરસં,
લાવણ્ય રત્નાકરં,
સાધારણ્યપદ વ્યતીત સહજ –
સ્મેરાનનામ્ભોરુહમ્ ॥
આલમ્બે હરિનીલ ગર્વ ગુરુતા,
સર્વસ્વ નિર્વાપણં ।
બાલં વૈણવિકં વિમુગ્ધ મધુરં,
મૂર્ધાભિષિક્તં મહ: ॥ ૨ ॥

હું તે મનોહર અને સુંદર-સ્વચ્છ તથા રુસિપૂર્ણ જ્યોતિ—બાળક (જ્યોતિરૂપ કૃષ્ણ)નો આશ્રય કરું છું. જે નિત્ય વીણા બજાવે છે તથા રાધા જેમની ઉપાસના કરે છે. જે પ્રણય ચેષ્ટાઓનાં જ દિવ્ય સ્વરૂપ છે. જે સૌંદર્યના સાગર છે, જેના નિર્વ્યાજ સ્મિતપૂર્ણ મુખ-કમળે સંસારની સામાન્ય તથા જે સુંદર કહેવામાં આવે છે તેવી વસ્તુઓનો પરાજય કરેલ છે, જેણે નીલમણિના અભિમાનને (સૌંદર્યને) પૂરેપૂરું હરણ કર્યું છે. (૨)

કરિણામલહૂદયયગતિ વૈભવં ભજે ।
કરુણાવલમ્બિત કિશોર વિગ્રહમ્ ॥
યમિનામનારતવિહારિ માનસે ।
યમુનાવનાન્તરસિકં પરં મહ: ॥ ૩ ॥

હું એ પરમ જ્યોતિને (જ્યોતિ સ્વરૂપ કૃષ્ણને) શરણે જાઉં છું. જેમની લચકતી ચાલને તો હાથી પણ પ્રાપ્ત કરી શકતો નથી. (અર્થાત્ હાથી પણ તેવી ચાલ ચાલી શકતો નથી.) જેમણે લોકો પર અનુગ્રહ (કૃપા) કરવા માટે બાળકનો આકાર ધારણ કર્યો છે. જે સંયમી

લોકોના મનમાં નિત્ય વાસ કરે છે. અને યમુનાના તટ પાસેનાં વનોમાં ફરવામાં ખૂબ રસ લે છે. (૩)

અતન્દ્રિત ત્રિજગદપિ વ્રજાઙ્ગના ।
નિયન્ત્રિતં વિપુલ વિલોચનાશયા ॥
નિરંન્તરં મમ હૃદયે વિજૃમ્ભતાં ।
સમન્તતઃ સરસતરં પરં મહઃ ॥ ૪ ॥

તે અત્યંત મનોહર શ્રેષ્ઠ દિવ્ય તત્ત્વ મારા અંતઃકરણમાં પૂર્ણરૂપથી પ્રકાશવંત બને. જે ત્રણે લોકોને નિયમ–બંધથી પર રહેવા છતાં પણ ગોપીઓનાં નયનોના ઈશારામાં બંધાઈ જાય છે. (૪)

કન્દર્પપ્રતિમલ્લક કાન્તિ વિભવં,
કાદમ્બિની બાન્ધવં ।
વૃંદારણ્ય વિલાસિની વ્યસનિનં, —
વેષેણ ભૂષામયમ્ ॥
મન્દસ્મેર મુખામ્બુજં મધુરિમ —
વ્યામૃષ્ટ બિમ્બાધરં ।
વન્દે કન્દલિતાર્દ્ર યૌવનવનં,
કૈશોરકંશાઙ્ગિર્ણઃ ॥ ૫ ॥

હું શ્રીકૃષ્ણના તે બાળપણને પ્રણામ કરું છું. જે નવ તરુણાવસ્થાની છટાથી અંકિત છે. તે બાલ્યકાળ તો પોતાના પ્રકૃષ્ટ–તીવ્ર તેજથી મદન (કામદેવ)નો પણ પ્રતિદ્વન્દ્વી છે. વૃંદાવનની પ્રમદા-સ્ત્રીઓ સાથે પ્રણય ક્રીડા કરવામાં સદા તત્પર રહે છે અને તે અનેક અલંકારોથી શોભાયમાન છે. તેમના મુખરૂપી પદ્મ પર મધુર અને હળવું સ્મિત છે અને જેમનાં ચણોઠી જેવા લાલ હોઠો પર સૌંદર્ય વિલસી રહેલ છે. (૫)

આમુક્ત માનુષમ મુક્તિન જનુભાવ ।
મારૂઢ યૌવન મ ગૂઢ વિદગ્ધલીલમ્ ॥
આ મૃષ્ટ યૌવનમનષ્ટ કિશોર ભાવ —
માદ્યં મહઃ કિમપિં માદ્યતિ માનસે મે ॥ ૬ ॥

તે આદ્યા તેજ મારા મનને ઉન્મત્ત કરે છે. જેમણે મનુષ્યનો આકાર ધારણ કરવા છતાં પોતાનો કાંતિ–તેજ વૈભવને છોડયો નથી. યૌવનની આ પાંગરતી સ્થિતિમાં તેમની લલિત ક્રીડાઓ છુપાતી નથી અને તારુણ્ય–અવસ્થામાં પ્રવેશ કરવા છતાં પણ તે બાલ્યકાળથી વંચિત રહેલા નથી. (૬)

તે તે ભાવાઃ સકલજગતી
લોભનીયપ્રભાવાઃ ।
નાના તૃષ્ણા સુહૃદિ હૃદિ મે
કામમાવિર્ભવન્તુ ।
વીણાવેણુક્કણિત લસિત —
સ્મેર વક્ત્રારવિન્દા —
ન્નાહં જાને મધુરમપરં
નન્દ પુણ્યામ્બુરાશેઃ ॥ ૭ ॥

મારું મન તો ઘણા જ પ્રલોભનોમાં રુચિ રાખે છે. (અથવા તેમનાથી આકર્ષિત બને છે.) તેમાં ત્રણે લોકમાં પણ મનોહર લાગવાવાળું શ્રીકૃષ્ણનું માહાત્મ્યનાં ભિન્ન ભિન્ન ભાવ પેદા થવા દો. પરંતુ નંદનાં પુણ્યનું જે નિધિ (ભંડાર) છે. જેનું મુખ–કમળ વીણાવાદ નથી અને મધુર સ્મિતથી મોહક લાગે છે. તે (બાલકૃષ્ણ) સિવાય મને કોઈ અન્ય ચીજ સુંદર માલૂમ પડતી નથી. (૭)

સુકૃતિભિરાદૃતે સરસ વેણુ નિનાદ સુધા ।
રસલહરી વિહાર નિરવગ્રહ કર્ણપુરે ॥
વ્રજવર સુન્દરી મુખ સરોરુહંસારસિકે ।
મહસિ કદાનુ મજ્જતિ મદીયમિદંહૃદયમ્ ॥ ૮ ॥

તે અદ્ભુત ધામ સ્વરૂપ (કૃષ્ણ)નું સદ્ગુણી લોકો ગૌરવ કરે છે. તેમની મધુર મોરલીમાંથીજે અમૃત જેવી નાદ–લહરીઓ નીકળે છે, તે નિરંતર કાનોને આનંદ આપે છે. તે તે વ્રજની લલનાઓનાં વદન-પદ્મોનાં મકરંદનો આસ્વાદ લે છે. તેવા એ તેજમાં મારું મન ક્યારે ડૂબકીઓ મારશે ? (૮)

તૃષ્ણાતુરે ચેતસિ જૃમ્ભમાણં
મુષ્ણઃ મુહુર્મોહ મહાન્ધકારમ્ ।
પુષ્ણાતુ નઃ પુણ્યદયૈક સિન્ધોઃ
કૃષ્ણસ્ય કારુણ્ય કટાક્ષ કેલિઃ ॥ ૯ ॥

જે લાલચવાળા મનમાં વારંવાર પ્રવેશ કરવા-ભ્રાન્તિરૂપી ઘનઘોર અંધારાને મારીને હટાવે છે, તે શ્રીકૃષ્ણનું – કૃપાસિંધુનું પવિત્ર, દયાર્દ્ર અને ચંચળ ચિંતન અમારું સંવર્ધન કરો.

નિખિલગમ મૌલિ લાલિતં ।
પદકમલં પરમસ્ય તેજસઃ ॥
વ્રજભુવિ બહુમન્મહે તરાં—
સરસ કરીષ વિશેષ રુષિતમ્ ॥ ૧૦ ॥

અમે બધા વેદોનો આનંદ, તે દિવ્ય જ્યોતિર્મય શ્રીકૃષ્ણનાં ચરણ–પદ્મોનો ખૂબ જ સત્કાર કરીએ છીએ. જે વૃંદાવનમાં ગાયોને ચરાવવાના સમયે જે ગાયોનાં તાજાં ગોબર (છાણ)થી ગંદા થઈ ગયા છે. (૧૦)

ઉદાર મૃદુલ સ્મિત વ્યતિકરા —
ભિરામાનનં ।
મુદા મુહુરુદીર્ણયા મુનિમનો
મ્બુજમ્રોડિતમ્ ॥
મદાલસ વિલોચન વ્રજવધૂ,
મુખાસ્વાદિતં ।
કદાનુકમલેક્ષણં કમપિ
બાલમાલોકયે ? ॥ ૧૧ ॥

જેમનાં મુખ પર સુંદર અને કોમળ હાસ્ય ઝળકી રહ્યું છે. વારંવાર પેદા થતા ઉલ્લાસનાં કારણે જેથી ઋષિઓના મનરૂપી કમળોનો વિકાસ થાય છે. જેમનું મુખ તો મદભર આંખોવાળી ગોપીઓ ચૂમે છે. તે કમળ જેવી આંખોવાળા બાલકૃષ્ણને હું ક્યારે જોઈ શકું ? (૧૧)

વ્રજજન મોદયોષિલ્લોચનોરિછષ્ટ શેષી ।
કૃતમતિ ચપલાભ્યાં લોચનાભ્યામુ ભાભ્યામ્ ॥
સકૃદપિ પરિપાતું તે વયં પારયામઃ ।
કુવલયદલનીલં કાંતિપૂરં કદાનુ ? ॥ ૧૨ ॥

જે વ્રજની ઉન્મત્ત ગોપીઓની આંખોથી ઉન્મત્ત થવા છતાં જે બચી જાય છે. એવો તમારો કમળ–પત્ર જેવો નીલવર્ણો પ્રકાશ પુંજ – અમારા આ પ્યાસી નયનોથી જ વખત પણ ક્યારે દેખી શકીએ ? (૧૨)

ઘોષ યોષિદનુ ગીત યૌવનં ।
કોમલ સ્તનિત વેણુ નિસ્વનમ્ ॥
સાર ભૂતમભિરામ સંપદાં ।
ધામ તામ રસ લોચનં ભજે ॥ ૧૩ ॥

હું તે કમળ જેવી નયનવાળી કાંતિ એવા શ્રી કૃષ્ણનો આશ્રય કરું છું જે સમગ્ર સૌંદર્યના ભંડારનો નીચોડ છે. જેમની મોરલીનો નાદ કોમળ અને મધુર છે. અને વ્રજની ગોપીઓ જેનાં તારુણ્યનું વર્ણન કરે છે. (૧૩)

લીલયા લલિતયાવલમ્બિતં ।
મૂલગેહમિવ મૂર્તિં સમ્પદામ્ ॥
નીલનીરદ વિકાસ વિભ્રમં ।
બાલમેવ વયમાદ્રિ યામહે ॥ ૧૪ ॥

હું એ બાળકના ગૌરવનું વર્ણન કરું છું. જે પોતાની સુંદર પ્રણયકેલીનાં કારણે જાણે તમામ વૈભવોનું ઉત્પત્તિસ્થાન બની ગયું છે. અને જેમની ગતિ કાળાં વાદળાંઓ જેવી ચમકદાર છે. (૧૪)

વન્દે * મુરારેશ્ચરણારવિન્દ—
દ્વન્દ્વં દયાદર્શિત શૈશવસ્ય ।
વન્દારુ વૃન્દારકવૃન્દ મૌલિ —
મન્દાર માલા વિનિમર્દ ભીરુ ॥ ૧૫ ॥

હું મુરારિનાં એ ચરણ–કમળોને પ્રણામ કરું છું, જે ઘણી જ કૃપાથી બાલ્યરૂપમાં નજરે આવે છે. તેઓ પ્રણામ કરવા માટે આવવાવાળા દેવોના સમૂહના માથા પર મંદાર પુષ્પોની માળાઓ રહે છે. તેમનાથી દરરોજ લપેટતી રહે છે. (૧૫)

યસ્મિન્નૃતતિ યસ્ય શેખર ભરૈઃ
ક્રોગ-ૢાદ્વિષશ્ચન્દ્ર કી—
યૃસ્મિન્હષ્યતિ યસ્ય ઘોષ સુરભિં—
જિઘ્રન્વૃષો ધૂર્જટેઃ ।

યસ્મિન્સઙ્ગ્જયતિ યસ્ય વિભ્રમગતિં–
વાઙ્છન હરેઃ સિન્ધુર–
સ્તદ્દૃ વૃન્દાવન કલ્પકદ્રુમવન
તં વા કિશોરં ભજે ॥૧૬॥

હું તે બાળકના અથવા કલ્પવૃક્ષ સમાન અનેક વૃક્ષોથી વિંટળાયેલા વૃંદાવનનો આશ્રય લઉં છું. ત્યાં તે સ્થળે બાલકૃષ્ણ જ્યારે નાચવા લાગે છે ત્યારે ક્રૌંચના શત્રુ કાર્તિકેયનું વાહન મયૂર (મોર) પણ બાલકૃષ્ણની મધુર પાંખોથી શોભતી કૃષ્ણની મૂર્તિને જોઈને નાચવા લાગે છે. ત્યાં શિવનું વાહન વૃષભ (નંદી) કૃષ્ણના ગોધણમાં કોઈ ગાયને સૂંઘીને આપો-આપ બહાર નીકળી જાય છે અને કૃષ્ણની મોહક ચાલ જોઈને આશ્ચર્યચકિત થનારા ઈન્દ્રનો હાથી (ઐરાવત) તેવી ચાલ શીખવા ઈચ્છે છે. (૧૬)

અરુણાધરામૃતવિશેષિતસ્મિતં ।
વરુણાલયાનુગત વર્ણ વૈભવમ્ ॥
તરુણારવિંદ દલ દીર્ઘ લોચનં ।
કરુણાલયં કમપિ બાલમાશ્રયે ॥ ૧૭ ॥

હું એ વિશિષ્ટ કૃપાનિધિ બાળકને ભજું છું જેમના આરક્ત હોઠો પર અમૃત–મધુર મંદ હાસ્ય શોભા આપી રહ્યું છે. (વિલસી રહ્યું છે). જેમનો રંગવૈભવ સમુદ્રનું અનુકરણ કરે છે અને જેમની લાંબી લાંબી આંખો વિકાસવંતાં કમળ જેવી શોભા આપનારી છે. (૧૭)

લાવણ્યવીચી રચિતાઙ્ગ ભૂષાં ।
ભૂષાપદારોપિત પુણ્ય બર્હામ્ ॥
કારુણ્ય ધારાલ કટાક્ષ માલાં ।
બાલાં ભજે વલ્લવવંશ લક્ષ્મીમ્ ॥ ૧૮ ॥

હું બાલરૂપધારી ગોપકુળના સૌંદર્ય દેવતા-(કૃષ્ણ)ની ઉપાસના કરુ છું. સૌન્દર્યની લહરીઓએ તે (કૃષ્ણનાં) શરીરનું પ્રસાધાન કર્યું છે. તેણે પોતાના માથાને પવિત્ર મોરપીંછાંથી સુશોભિત કરેલ છે અને તેમનું ચંચળ ચિંતવન દયાથી ઊછળતું રહે છે. (૧૮)

મધુરં કરસં વપુર્વિભો–
મંથુરાવીથિચરં ભજામહે ॥
નગરી વ્રજશાવ લોચના ।
નયનેન્દીવર વર્ષ વર્ષિતમ્ ॥ ૧૯ ॥

મથુરાના માર્ગો પર ભ્રમણ કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણના શરીરની (અવતારની) અમે ઉપાસના કરીએ છીએ. તે તો જાણે સૌન્દર્યનો પુંજ છે! અને વ્રજની મૃગનયની ગોપીઓની કમળ જેવી સુંદર આંખોનાં રંગથી રંગાયેલી છે. (અર્થાત્ શ્રીકૃષ્ણના શરીરની છાયા શામળી થઈ ગઈ છે.) (૧૯)

પર્યાકુલેન નયનાન્ત વિજૃમ્ભિતેન ।
વકત્રેણ કોમલ તરે સ્મિત વિભ્રમેણ ॥
મન્દ્રેણ મજ્જુલતરેણ ચ જલ્પિતેન ।
નન્દસ્ય હન્ત તનયો હૃદયં ધુનોતિ ॥ ૨૦ ॥

ચંચળ અને દીર્ઘ કટાક્ષોથી, તથા હળવા મોહક હાસ્યથી, ઘણા જ સુંદર લાગવાવાળા મુખ અને તેની ગંભીર તેમજ આકર્ષક વાતોથી નંદપુત્ર શ્રીકૃષ્ણ મારા મનને ડામાડોળ કરી દે છે. (૨૦)

કંદર્પ કણ્ડૂલ કટાક્ષ વન્દી–
રિન્દી વરાક્ષીરભિલાષમાણાન્ ॥
મન્દ સ્મિતાધાર મુખારવિન્દા–
ન્વન્દામહે વલ્લવધૂર્તપાદાન્ ॥ ૨૧ ॥

હું છલના કરવાવાળા એવા ગોપનાં ચરણોને પ્રણામ કરુ છું. જેમનું કમળ જેવું મુખ હળવા હાસ્યથી ચમકે છે અને જે ગોકુળની તે કમળનયની ગોપીઓની ચાહના રાખે છે. જે મદન–કામદેવનાં છેતરનારાં ચિંતનમાં કેદ થઈ જાય છે. (૨૧)

લીલા ટોપ કટાક્ષ નિર્ભર પરિષ્વઙ્ગપ્રસઙ્ગાધિક–
પ્રીતે ગીતિ વિભઙ્ગસઙ્ગરલસ દ્વેણુપ્રણાદામૃતે ॥
રાધા લોચન લાલિતસ્ય લલિત સ્મેરે મુરારે મુદા ।
માધુર્યૈકરસે મુખેન્દુકમલે મગ્નં મદીયં મનઃ ॥૨૨॥

ચટકીલા ચિંતન અને ગાઢ આલિંગનોથી જે આનંદવિભોર થઈ જાય છે, જે ભાવપૂર્ણ ગીતોથી પોતાની મોરલીમાંથી અમૃત સમાન મીઠી મીઠી ધૂનો –રાગીણીઓ સંભળાવે છે. જે રાધાના નેત્રનો પ્યાર મેળવે છે. જે મંદ મંદ હાસ્ય રેલાવે છે અને જે સૌન્દર્યનો નિષ્કર્ષ (નીચોડ) છે. અને જે ચંદ્ર અને કમળની સમાન શોભાયમાન છે. એવા કૃષ્ણના મુખ પર મારું મન આસકત થઈ ગયું છે. (મુખમાં મારું મન લીન થઈ ગયું છે.) (૨૨)

શરણાગત વ્રજપઙ્જરે
શરણે શાઙ્ગર્ધરસ્યવૈભવે ॥
કૃપયા ધૃત ગોપાવગ્રહે–
કિયદન્મૃગયામહે વયમ્ ॥ ૨૩ ॥

સારંગપાણિ શ્રી કૃષ્ણનો મહિમા જ્યારે વજ-ગૃહ–પિંજરુ બન્યું છે ત્યારે શરણે આવેલ લોકોનું તે રક્ષણ કરે છે. અને જ્યારે દયાદૃષ્ટિથી – બુદ્ધિથી ગોપ–આકૃતિ ધારણ કરી છે ત્યારે અમે અન્ય વસ્તુની શોધ શા માટે કરીએ? (૨૩)

જગત્ય ચ કૌન્તમનોજ્ઞ ભૂમિ ।
ચેતસ્યજસ્ત્રં મમ સન્નિધત્તામ્ ॥
રમા સમાસ્વાદિત સૌ કુમાર્ય ।
રાધાસ્તના ભોગરસજ્ઞ ભોજઃ ॥ ૨૪ ॥

તે દિવ્ય દીપ્તિમય શ્રીકૃષ્ણ મારા મનમાં સદા વિલાસ કરતા રહે. જે ત્રણે લોકના અપ્રતિમ સૌન્દર્યનો સુંદર આધાર છે. જેમણે લક્ષ્મીજીની સુંદરતાનો ઉપભોગ કર્યો છે. અને જે રાધાનાં પુષ્ટ સ્તનોનાં રસજ્ઞ છે. (આનંદને જાણે છે.) (૨૪)

વયમેતે વિશ્વસિમઃ ।
કરુણાકર મૂર્તિં કિંવદન્ત્યઙ્ગે ॥
અપિ ચ વિભો તવ લલિતે ।
ચપલતરા મતિરિયં બાલ્યે ॥ ૨૫ ॥

હે પ્રભુ, બધા જ લોકો, જાણે છે કે તમે અસીમ કૃપાનાં કારણે આ ગોપ શરીર ધારણ કર્યું છે. તેમના પર અમારો પૂરેપૂરો વિશ્વાસ છે. અને તમારું મનોહર બચપણ દેખીને અમારી ચંચળ બુદ્ધિનો સંબંધ થઈ ગયો છે. (૨૫)

વત્સપાલચર : કોઽપિ ।
વત્સઃ શ્રીવત્સલાઙ્છન : ॥
ઉત્સવાય કદા ભાવી
ત્યુત્સુકે મમ લોચને ॥ ૨૬ ॥

વાછરડાંઓને પાળવાવાળા, ફરવાવાળા અને શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરવાવાળાં અદ્ભુત બાળક કયારે અમનો પ્રસન્ન કરશે? તેથી આ રીતની મારી આંખો નિત્ય ચોંટી રહે છે. (૨૬)

મધુરિમ ભરિતે મનોભિરામે ।
મૃદુલતર સ્મિત મુદ્રિતાનનેન્દ્રૌ ॥
ત્રિભુવન નયને કલોભનીયે ।
મહસિ વયં વ્રજભાજિ લાલસાઃ સ્મઃ ॥ ૨૭ ॥

લાવણ્યપૂર્ણ, ચિત્તવેધક, મુખચંદ્ર પરનાં કોમળ હાસ્યથી પ્રફુલ્લિત એવું આપનું આકર્ષણ ત્રણે લોકોની આંખોનું એકમાત્ર આકર્ષણ બની રહ્યું છે. એવા એક પ્રકાસ-પુંજ (શ્રીકૃષ્ણ) વ્રજમાં રહે છે. તેમને મેળવવા માટે જ અમે અત્યંત ઉત્સુક છીએ. (૨૭)

મુખારવિન્દે મકરન્દવિન્દુ —
નિષ્યન્દ લીલા મુરલી નિનાદે ॥
વ્રજાઙ્ગના પાઙ્ગતરઙ્ગ ભૃઙ્ગ —
સઙ્ગ્રામ ભૂમૌ તવ લાલસાઃ સ્મઃ ॥ ૨૮ ॥

મોરલીના મધુર સૂર તમારા મુખમાંથી મધુબિન્દુ જેવા ઝરે છે. અને તે સ્થળપર ગોપીઓનાં મધુર કટાક્ષ (સંકેતો) ભમરાઓના સમૂહ જેવા થઈને બેસે છે. તે મુખને જોવાની અભિલાષા (લાલસા) અમારા મનમાં છે. (૨૮)

આતામ્રાયત લોચનાં શુલહરી,
લીલા સુધાપ્યાયિતૈઃ ।
ગીતા મ્રેડિત દિવ્ય કેલિ ભીરતૈઃ —
સ્ફીતં વ્રજ શ્રીજનૈઃ ॥

સ્વેદામ્ભઃ કણ ભૂષિતેન કિમપિ —
સ્મેરેણ વક્ત્રેન્દુના ।
પાદામ્ભોજ મૃદુપ્રચાર સુભગં —
પશ્યામિ દૃશ્યં મહઃ ॥ ૨૯ ॥

હું તે કમનીય કાંતિ (કાંતિસે યુક્ત) એવા શ્રીકૃષ્ણને જોઉં છું. જેમની આરક્ત અને દીર્ઘ (લાંબા) નેત્રોની છબીમાંથી નીકળવાવાળી કટાક્ષરૂપી કિરણાવલિમાં મધુર અમૃતથી ઉન્મત્ત થવાવાળી અને સંગીતની સાથે પ્રણયક્રીડાઓ કરતી કરતી મદમસ્ત ગોપીઓ જ્યારે તેમની સાથે રહે છે, ત્યારે તે વિશેષ (કોઈ જુદા જ) સુંદર લાગે છે. જે સમયે તેમનાં ચરણ-કમળ નાચે છે ત્યારે તેમનાં સ્મિત લલિત મુખ-ચંદ્ર પર ઘર્મબિન્દુ ચમકવા લાગે છે. ત્યારે તે કાંતિ તો અત્યંત મનોહર લાગે છે. (૨૯)

પાણૌ વેણુઃ પ્રકૃતિ સુકુમારા —
કૃતૌ બાલ્ય લક્ષ્મીઃ ।
પાર્શ્વે બાલાઃ પ્રણય સરસા
લોકિતા પાઙ્ગ લીલાઃ ।।
મૌલૌ બર્હં મધુરવદના —
મ્ભોરુહે મૌગ્ધમુદ્રે —
ત્યાદ્રીકારં કિમપિ કિંતવં
જ્યોતિરન્વેષયામઃ ।। ૩૦ ॥

અમે એ દિવ્યતેજની શોધ કરીએ છીએ. જેમણે સુંદર બાળકનો માયાવી આકાર ધારણ કરેલો છે. તે બાળકના સુંદર મુખકમળ પર સરળ ભાવોની છટા છે. તેમના હાથમાં મોરલી અને તેમના સહજ સુંદર શરીર પર બાલ્યરૂપમાં લક્ષ્મી વિલસી રહી છે, તેમના માથા પર મોરપીંછ છે, અને તેમની આજુબાજુ ગોપબાળકો છે. જે કૃષ્ણના કમનીય કટાક્ષોની લીલાઓથી ઘણા જ પ્રેમથી અને લાગણીઓથી જોઈ રહે છે. (૩૦)

આરૂઢ વેણુ તરુણાધર વિભ્રમેણ ।
માધુર્યશાલિ વદનામ્બુજ મુદ્વહન્તી ॥
આલોકયતાં કિમનયા વનદેવતા વઃ ।
કૈશોરકે વયસિ કાપિ ચ કાન્તિ યષ્ટિઃ ॥ ૩૧ ॥

હે વનદેવતાઓ, આપ બાલકરૂપ ધારણ કરવાવાળી તે તેજોમય અનોખી કાયાને જુઓ ! જેના પર મોરલી રાખવામાં આવી એવા કોમળ હોઠોની મધુરતાનાં કારણે તેના મુખકમળને એક વિશેષ શોભા પ્રાપ્ત થઈ છે. (અર્થાત્ વિશેષ શોભાવાળા મુખકમળને ધારણ કરેલ છે.) (૩૧)

અનન્ય સાધરણ કાન્તિકાન્ત ।
મા ક્રાન્ત ગોપી નયનારવિન્દમ્ ॥
પુંસઃ પુરાણસ્ય નવં વિલાસં ।
પુણ્યેન પૂર્ણેન વિલોકયિષ્યે ॥ ૩૨ ॥

અસાધરણ આભથી ચમકવાવાળા, ગોપીઓનાં નેત્ર પદ્મોને વિકસિત કરવાવાળા એવા જે આદિ પુરુષ છે, તેમના આ અભિનવ ઉલ્લાસને, હું મારા પ્રાપ્ત થયેલ પુણ્ય ફળના કારણે જ દેખી શકું છું. (૩૨)

સાષ્ટાઙ્ગ પાતમભિનન્દ્ય સમસ્ત ભાવૈઃ ।
સર્વાન્ સુરેન્દ્ર નિકરાનિદમેવ યાચે ॥
મન્દસ્મિતાર્દ્ર મધુરાનન ચન્દ્રબિમ્બે ।
નન્દસ્ય પુણ્ય નિચયે મમ ભક્તિરસ્તુ ॥ ૩૩ ॥

બધા જ દેવતાઓને પૂરેપૂરી ભક્તિ સાથે સાષ્ટાંગ વંદન કરીને તેમની પાસે એવું માગું છું કે મારું મન તે કૃષ્ણની આરાધના કરે, જે વંદનાં પુણ્યોની જાણે દિવ્ય નિધિ છે. અને જેમના સુંદર મુખચંદ્ર પર મંદ હાસ્ય ચમકી રહ્યું છે. (૩૩)

એષુ પ્રવાહેષુ સ એવ મન્યે ।
ક્ષણોઽપિ ગવ્યઃ પુરુષાયુષેષુ ॥
આસ્વાદ્યતે યત્ર કયાપિ ભક્ત્યા ।
નીલસ્ય બાલસ્ય નિજં ચરિત્રમ્ ॥ ૩૪ ॥

પુરુષના ગતિશીલ જીવનમાં હું આ ક્ષણને જ ગણવા યોગ્ય અર્થાત્ મહત્ત્વપૂર્ણ સમજું છું, કે જેમાં શ્યામ બાલકૃષ્ણની લીલાઓને, સરસતાઓને અનન્ય ભક્તિથી જ અનુભવ કર્યા કરે છે. (૩૪)

નિસર્ગ સરસાધરં નિજ દયાર્દ્ર દિવ્યેક્ષણં ।
મનોજ્ઞ મુખપઙ્કજં મધુરસાર્દ્રમન્દ સ્મિતમ્ ॥
રસજ્ઞ હૃદયાસ્પદં સ્મતિવલ્લ વીલોચનં ।
પુનઃ પુનરૂપા સ્મહે ભુવન લોભનીયં મહઃ ॥ ૩૫ ॥

અમે સઘળા સંસારનું મન હરણ કરવાવાળા એ તેની અવિરત ભક્તિ કરીએ છીએ. બાળકરૂપ ધારણ કર્યા પછી તેમના હોઠ નિર્વ્યાજ (સંદતર) મધુર બની ગયા છે. તેમનાં અપ્રતિમ નેત્રોમાંથી કરુણા ઝળકે છે. તેમનું કમળ જેવું મુખ મનોહર છે. તેમનું મંદ સ્મિત હાસ્ય તો જાણે રમણીયતાની મૂર્તિરૂપ તે રસિકોના અંતઃકરણોમાં નિવાસ કરે છે અને તે ગોપીઓની આંખોને પ્રસન્ન કરે છે.

સ કોઽપિ બાલઃ સરસીરુહાક્ષ —
સા ચ વ્રજ સ્રી જનપાદ ધૂલિઃ ॥
મુહુસ્તદેતદ્યુગલં મદીયે ।
મો મુહ્યમાનેઽપિ મનસ્યુદેતુ ॥ ૩૬ ॥

મારું મન કેટલુંયે લાલચુ કેમ ન બને ? (બીજાં પ્રલોભન મારા મનને ભલે આકૃષ્ટ (ખેંચે) કરે, પરંતુ તે કમળ જેવી આંખોવાળા અદ્ભુત બાળક કૃષ્ણ અને ગોપીઓનાં ચરણોની ધૂળ એ બંને મારા મનને પ્રકાશ આપતા રહે. (૩૬)

મયિ પ્રાણાયાભિમુખે ચ વલ્લવી —
સ્તન દ્વયોદુર્લલિતઃ સ બાલકઃ ॥
શનૈઃ શનૈઃ શ્રાવિત વેણુનિસ્વનો
વિલાસવેષેણ પુરઃ પ્રતીયતામ્ ॥ ૩૭ ॥

હું મહા પ્રસ્થાનને માટે જ્યારે સિદ્ધ થઈ જઈશ, ત્યારે ગોપીઓનાં સ્તનોમાં ઘણા જ હઠથી રમવાવાળા તે બાલકૃષ્ણ પોતાની મનોજ્ઞ (ઇચ્છિત) વેશભૂષા ધારણ કરીને મોરલીની હૃદ્ય ધ્વનિ છોડે છે. તે ધીમે ધીમે મારી સામે ચાલ્યો આવે ! (૩૭)

અતિ ભૂમિ ચ ભૂમિ મેવ વા
વચસાં વાસિત વલ્લવી સ્તનમ્ ॥
મન સામપરં રસાયનં
મધુરા દ્વૈતમુપાસ્મહે મહઃ ॥ ૩૮ ॥

અમે એ અજોડ કાન્તિની (કૃષ્ણની) ભક્તિ કરીએ છીએ. જેમણે ગોપીઓનાં સ્તનોને પવિત્ર કર્યાં છે. અને જે મનની (માનસિક દુઃખોની) શક્તિરૂપી દવા છે, તે ક્યારેક વાણીનો સૌથી વધારે પ્રિય વિષય બને છે, અથવા ક્યારેક વાણી તો ત્યાં સુધી પહોંચી પણ શકતી નથી. (૩૮)

જનનાન્તરેઽપિ જગદેક મણ્ડને ।
કથનીયધાઙ્ગિન કમલાયતે ક્ષણે ॥
વ્રજસુન્દરી જન વિલોચનામૃતો ।
ચપલાનિસન્તુ સકલેન્દ્રિયાણિમે ॥ ૩૯ ॥

કોઈ આગળના જન્મમાં કેમ ન હોય ! પણ મારી ચંચળ ઇન્દ્રિયોને તે કમળ સમાન આંખોવાળા કૃષ્ણમાં જ લટકી રહી છે. જે સંસારનું એકમાત્ર ભૂષણ છે. જે સૌંદર્યનો ભંડાર છે અને જે વ્રજની સુંદર ગોપીઓની આંખોને અમૃત સમાન તૃપ્ત કરે છે. (૩૯)

મુનિ શ્રેણી વન્દ્યં મદભરલસદ્વલ્લવ વધૂ ।
સ્તન શ્રોણિબિમ્બસ્તિમિતનયામ્ભોજસુભગમ્ ॥
પુનઃ શ્લાઘા ભૂમિં પુલકિતગિરાં નૈગમગિરાં ।
ઘનશ્યામં વન્દે કિમપિ કમનીયાકૃતિ મહઃ ॥ ૪૦ ॥

હું તે અદ્વિતીય શોભાવાળા, વાદળ જેવા શ્યામ શ્રીકૃષ્ણને પ્રણામ કરું છું. તેને ઋષિવૃંદ (સમૂહ) પૂજ્ય સમજે છે. મદના ઉન્માદથી શોભતી વ્રજની ગોપીઓનાં સ્તનો અને નિતંબો પર તે જ્યારે પોતાનાં નેત્ર-કમલોથી જુએ છે, ત્યારે તે ઘણા જ આકર્ષક લાગે છે. વેદોનાં ઉત્કૃષ્ટ અને ગતિશીલ મંત્રોના તે પ્રશસ્ય બની ગયા છે. (સ્તોત્ર યોગ્ય છે.) (૪૦)

અનુચુમ્બતાવિચલેન ચેતસા ।
મનુજાકૃતેર્મધુરિમશ્રિયં વિભોઃ ॥
અયિદેવ કૃષ્ણ દયિતેતિ જલ્પતા ।
મયિનૌ ભવે પુરપિ નામ તાદૃશઃ ॥ ૪૧ ॥

કૃષ્ણ, પ્રિય વગેરે નામોનું ઉચ્ચારણ કરીને જ્યારે અમે સ્થિર અને એકાગ્ર મનથી મનુષ્યની આકૃતિ ધારણ કરવાવાળા તે સર્વવ્યાપી કૃષ્ણની

રૂપમાધુરીનો અનુભવ કરીશું (આસ્વાદ લઈશું) ત્યારે અમારું નામ પણ તેવું જ થઈ જાય ! (૪૧)

કિશોર વેષેણ કૃશોદરી દશાં ।
વિશેષ દશ્યેન વિશાલ લોચનમ્ ॥
યશોદયા લબ્ધ યશો નવામ્બુધે –
ર્નિશામયે નીલ નિશાકરં કદા ॥ ૪૨ ॥

પાતળી કમરવાળી એ ગોપીઓ તેને એક રૂપમાં–આકારમાં ઘણી જ પ્રીતથી જુએ છે. ઘણી મોટી આંખોવાળા કૃષ્ણ યશોદાને જાણે કીર્તિ–નિધિ જેવા પ્રાપ્ત થયા છે. તે શ્યામ ચંદ્રને હું ક્યારે જોઈ શકું ?

પ્રકૃતિરવતુનો વિલાસ લક્ષ્મ્યાઃ ।
પ્રકૃતિ જડં પ્રણતાપ રાધવીશ્યામ્ ॥
સુકૃવિકૃત પદં કિશોર ભાવે ।
સુકૃતિમનઃ પ્રણિધાનપાત્ર ભોજઃ ॥ ૪૩ ॥

તે તેજ અથવા તેજસ્વી કૃષ્ણ અમારી રક્ષા કરો. જે વિભ્રમ સુંદરીનું જન્મ સ્થળ છે, જે શરણાગતોના અપરાધો તરફ સ્વભાવગતઃ ઉદાસી છે. જેમની બાળ–આકૃતિ પર પુણ્યવાન લોકો પોતાનું ચિત્ત એકાગ્ર કરે છે, અને જે પુણ્યશીલ લોકોનાં ચિત્તમાં નિત્ય વાસ કરે છે. (પુણ્યવંત લોકોના મનને માટે સમાધિ સ્થાન છે.) (૪૩)

અપ હસિત સુધામદા બલેભે –
રતિ સુમનો હરમાર્દમન્દ હાસેઃ ॥
વ્રજ યુવતિ વિલોચનાવલેહ્યં ।
રમયતુ ધામ રમાવરોધનં નઃ ॥ ૪૪ ॥

અમૃત ને મસ્તી અને અભિમાનને નીચે દેખાડનારું તેમનું હાસ્ય અત્યંત હૃદયંગમ બન્યું છે અને જેથી ગોકુળની તરુણીઓ પોતાની આંખોથી નિહાળી રહી છે. અને જે લક્ષ્મીને પણ લલચાવે છે એવા કાંતિમાન (કૃષ્ણ) અમને પ્રસન્ન કરે. (૪૪)

અઙ્કુરિતસ્મેર દશા વિશેષે –
રેશાન્ત હર્ષામૃત વર્ષમક્ષ્ણામ્ ॥
સં ક્રીડતાં ચેતસિ ગોપકન્યા –
ઘન સ્તન સ્વસ્ત્યયનં મહો નઃ ॥ ૪૫ ॥

તે જ્યોતિ (અથવા જ્યોતિરૂપ કૃષ્ણ) અમારા મનને ઝગમગાવતું રહે. જે છટકતા એવા નિરાળા સ્મિતોથી ભક્તોનાં નયનો પર જાણે નિરંતર સુધા–(અમૃત)ના આનંદનું ઘર્ષણ કરતી રહે છે. અને જે ગોપીઓનાં પુષ્ટ સ્તનોનો મંગલમય આધાર છે. (૪૫)

મૃગમદ પઙ્ક સઙ્કર વિશેષિત વન્ય મહા –
ગિરિતટં ગંણ્ડગૌરિક ઘન દ્રવ વિદ્રુમિતમ્ ।
અજિત ભુજાન્તરં ભજત હે બત ગોપવધૂ–
સ્તન કલશસ્થલી ઘુસૃણ મર્દન કર્દમિતમ્ ॥ ૪૬ ॥

આપ શ્રીકૃષ્ણના અપૂર્વ વક્ષઃસ્થલની પૂજા કરો. તે વક્ષઃસ્થળે જંગલમાં આવેલા મોટા મોટા પર્વતોના ઊંચા ભાગ પર મળનારી ગેરુની માટી અને કસ્તુરીના મિશ્રણનો જાડો લેપ લગાવેલો છે અને તેના કારણે તે મગના લેપ જેવો દેખાય છે. તે વક્ષઃસ્થળ ગોપીઓનાં ઘડા સમાન પુષ્ટ સ્તનોથી રગડાયા છે, તેના કારણે જાણે કુમકુમથી લિંપાઈ ગયેલ છે ! (૪૬)

આમૂલ પલ્લવિત લીલમ પાઙ્ગજાલે–
રાસિઙ્ગ્યતી ભુવનમાદત ગોપવેષા ॥
બાલાકૃતિમુંદુલ મુગ્ધ મુખેન્દુ બિમ્બા ।
માધુર્ય સિદ્ધિરવતા ન્મધુ વિદ્વિષો નઃ ॥ ૪૭ ॥

મધુ નામના રાક્ષસને મારી નાખનારા, બાળક જેવો ગોપ વેશ ધારણ કરવાવાળા, અને સુંદરતાની ચરમ સીમા બતાવવાવાળા, પોતાનું સુંદર આકર્ષણ કરવાવાળા, ચંચળ કટાક્ષોની સંસાર પર વર્ષા કરવાવાળા તે શ્રી કૃષ્ણ અમારી રક્ષા કરો. (૪૭)

ચિરણન્મણિ નૂપુરં વ્રજે ।
ચરણામ્ભોજમુપાસ્સ્વ શાર્ઙ્ગિણઃ ॥
સરસે સંરસિ શ્રિયાશ્રિતં ।
કમલં વા કલહંસ નાદિતમ્ ॥ ૪૮ ॥

વૃંદાવનમાં તમે શાર્ઙ્ગ ધનુષ્ય ધારણ કરનાર શ્રીકૃષ્ણના ચરણ–કમળની ભક્તિ કરો. જે ચરણ પર રત્નના પાયલ છુમછુમ કરે છે અથવા કલહંસોના કૂક – અવાજથી ગુંજન કરવાવાળા સુંદર તળાવમાં ખીલેલા શોભાયુક્ત પદ્મની તે ઉપાસનો કરો (૪૮)

શરણમશરણાનાં શારદામ્ભોજનેત્રં ।
નિરવધિ મધુરિમ્ના નીલવેષેણ રમ્યમ્ ॥
સ્મરશર પરતન્ત્ર સ્મેરનેત્રામ્બુજાભિ–
ર્વ્રજ યુવતિભિરવ્યાદ્ બ્રહ્મ સંવેષ્ટિતં નઃ ॥ ૪૯ ॥

તે બ્રહ્મ શ્રીકૃષ્ણ અમારી રક્ષા કરો. તે પોતાના અસીમ લાવણ્યમય શામ રંગના કારણે ઘણા જ મનોહર છે. તેમની આંખો શારદીય કમળોનાં જેવી પ્રફુલ્લ છે. મદનનાં બાણોથી વીંધાયેલ સ્મિતપૂર્ણ પદ્મ નેત્રોવાળી ગોપીઓથી તે ઘેરાયેલા છે. અને નિરાધાર લોકોના તે એકમાત્ર સહાયક છે. (૪૯)

સુવ્યક્ત કાન્તિ ભર સૌરભ દિવ્ય ગાત્ર–
મવ્યક્ત યૌવન પરીત કિશોર ભાવમ્ ॥
ગવ્યાનુપાલન વિધાવનુ શિષ્ટમવ્યા–
દવ્યાજરમ્યમખિલેશ્વર વૈભવં નઃ ॥ ૫૦ ॥

સમગ્ર વિશ્વના સ્વામી તો શ્રીકૃષ્ણ છે. તેમનું સહજ સુંદર ઐશ્વર્ય અમારી રક્ષા કરો. પૂર્ણતઃ પ્રગટ થનાર તેજોમંડલથી ચમકવાવાળા અને એક વિશેષ સુગંધથી મઘમઘાટ કરવાવાળા શરીરને તેમણે ધારણ કર્યું છે. તેમનો બાલ્યભાવ અસ્ફુટ યૌવનથી ઘેરાયેલો છે. તેને ગાયોના પાલનનું કામ સોંપી દીધું છે. (૫૦)

અનુગત મમરીણામમ્બરાલમ્બિનીનાં ।
નયનમધુરિમ શ્રી નર્મ નિર્માણસીમ્નામ્ ॥
વ્રજ યુવતિ વિલાસ વ્યાપૃતા પાઙ્ગમવ્યા–
ત્રિભુવન સુકુમારં દેવ કૈશોરકં નઃ ॥ ૫૧ ॥

પોતાની આંખોના સૌદર્યના નિર્માણની પરાકાષ્ઠા બતાવવાવાળી, ગગન–વિહારિણી દેવાંગનાઓને જે વશ થાય છે, તથા જેનાં કટાક્ષ ગોપીઓમાં વિભ્રમ કરે છે. અને ત્રણે લોકમાં પણ કોમળ (કમનીય) છે. તે દિવ્ય બાળક (શ્રીકૃષ્ણ) અમારી રક્ષા કરો. (૫૧)

અપાદમા ચૂડમતિ પ્રસક્ત–
રાપીયમાના યમિનાં મનોભિઃ ॥
ગોપીજન જ્ઞાત રસાવતાન્નો ।
ગોપાલ ભૂપાલ કુમાર મૂર્તિ : ॥ ૫૨ ॥

(ગોપાલપતિ) નંદના પુત્ર બાલકૃષ્ણ અમારી રક્ષા કરો. સંયમી મુનિ સમાધિમાં કૃષ્ણના રૂપમાં તલ્લીન થઈને પોતાના મનથી તેમનું નખથી શિખા સુધી ધ્યાન કરે છે. તેમનું માધુર્ય ગોપીઓ દ્વારા પૂર્ણ રૂપથી ઉપયુક્ત (પ્રગટ) થયું છે. (૫૨)

દિષ્ટયા વૃન્દાવન મૃગદશાં
વિપ્રયોગા કુલાનાં ।
પ્રત્યાસન્નં પ્રણયચપલા
પાઙ્ગવી ચીતરઙ્ગૈઃ ॥
લક્ષ્મીલીલ કુવલયદલ
શ્યામલં ધામ કામાન્ ।
પુષ્ણીયાન્નઃ પુલક મુકુલા
ભોગ ભૂષા વિશેષમ્ ॥ ૫૩ ॥

જે લક્ષ્મી દેવીના કેલિકમલનાં પાંદડાં સમાન શ્યામ છે, તે દિવ્ય તેજધારી કૃષ્ણ, વિરહથી વ્યથિત વૃંદાવનની હરણનાં જેવી આંખોવાળી ગોપીઓની સામે પ્યારથી હળવા કટાક્ષોની લહરીઓ સાથે ઉપસ્થિત થઈ જાય છે. કેવું એમનું આ ભાગ્ય છે ! તે સમયે રોમાંચની કલીઓથી તેમનું શરીર એક અનોખી શોભાથી ચમકે છે. તે તેજ અમારું પોષણ કરો. (૫૩)

જયતિ ગુહશિખીન્દ્ર પિઞ્છ મૌલિ –
સુરગિરિગૈરિક કલ્પિતાઙ્ગ રાગઃ ।
સુર યુવતિ વિકીર્ણ સૂન વર્ષ –
સ્નપિત નિભૂષિત કુન્તલઃ કુમારઃ ॥ ૫૪ ॥

તે દિવ્ય બાળક નિત્ય વિજયી છે. તેમનું માથું સ્કન્દના (કાર્તિકસ્વામી) મોર (વાહન) સમાન મોર પિચ્છથી વિભૂષિત છે. તેમના શરીર પર મેરુપર્વતની

ગેરુરંગની માટીનો લેપ લગાવ્યો છે. તેમના વાંકડિયા વાળ તો અમરલોકની અંગનાઓ વડે વરસાવેલાં ફૂલોનાં ઢગલાથી અલંકૃત અને આકર્ષક થઈ ગયા છે. (૫૪)

મધુર મન્દ શુચિસ્મિત મઞ્જુલં
વદન પઙ્કજમઙ્ગજ વેલ્લિતમ્ ।
વિજયતાં વ્રજબાલ વધૂજન –
સ્તનતટી વિલુઠન્નયનં વિભોઃ ॥ ૫૫ ॥

ભગવાન શ્રીકૃષ્ણનું તે મુખ-કમળ વિજયી થાવ. જે મોહક, હળવા અને પવિત્ર મંદ હાસ્ય વડે મનોહર બની ગયું છે. જે પ્યારથી છલકાઈ રહ્યું છે. અને જેની આંખો ગોકુળની તરુણ ગોપીઓનાં સ્તન પ્રદેશો પર સંતાકૂકડી કરી રહી છે. (ઝૂમી રહી છે.) (૫૫)

અલસવિલસન્મુગ્ધસ્નિગ્ધ, સ્મિતં વ્રજસુન્દરી–
મદનકદનસ્વિન્નં ધન્યં, મહદ્વદનામ્બુજમ્ ॥
તરુણ મરુણ જ્યોત્સ્ના કાર્ત્સ્ન્ય, સ્મિતસ્ન પિતાધરં ।
જયતિ વિજય શ્રેણીમેણી, દશાં મદયન્મહઃ ॥ ૫૬ ॥

તે શ્રી કૃષ્ણની દેહ કાંતિ વિજયી છે. તેમનું મુખ–કમળ પ્રેમ ક્રીડાઓથી થાકેલું હોવા છતાં પણ પ્રસન્ન છે. તેમના પર કોમળ, છબીલું અને મદમસ્ત હાસ્ય ફેલાઈ રહ્યું છે. ગોપીઓની સાથે લીલા કરવાના કારણે તે પરસેવાથી તરબતર થઈ ગઈ છે. તેના (શ્રી કૃષ્ણના) હોઠ ઉત્સુક ચંદ્રિકા જેવા હાસ્યથી છવાઈ ગયા છે. મૃગનેત્રાવાળી ગોપીઓમાં તે ઉલ્લાસ ભરી દે છે. (મૃગનેત્રા-ગોપીઓની જીતની પાછળ જીત આપીને તેમનેઉન્મત્ત બનાવે છે.) (૫૬)

રાધા કેલિ કટાક્ષવીક્ષિત
મહાવૃક્ષઃ સ્થલીમણ્ડના–
જજ્ઞિયાસુઃ પુલકાઙ્કુરા સ્ત્રિભુવન
સ્વાદીય સ સ્વૈજસઃ ॥
ક્રીડાન્ત પ્રતિ સુપ્ત દુગ્ધ તનયા,
મુગ્ધાવ બોધક્ષણ–
ત્રાસારૂઢ દઢીય ગૂહનમહા–
સામ્રાજ્ય સાન્દ્રશ્રિયઃ ॥ ૫૭ ॥

ત્રણે લોકમાં જે રુચિકર છે. એવી દિવ્ય પ્રભા ધારણ કરવાવાળા તે શ્રીકૃષ્ણનાં રોમાંચ જયશાળી થાવ તે રોમાચ લાંબી-પહોળી છાતી પર પ્રગટ થયેલ હતાં જેને રાધાએ પોતાના રસિક ચિંતનથી જોયાં હતાં. કામક્રીડા પછી સૂઈને લક્ષ્મી જ્યારે (રુકમણિ) જાગી ગઈ, ત્યારે તેણે તે કૃષ્ણને ગાઢ આલિંગન આપ્યું હતું. તે વખતે તે પરમસુખદાયી આલિંગનનાં કારણે તે રોમાંચોમાંથી એક સ્નિગ્ધ-ચમકીલી શોભા ઝળકી રહી હતી. (૫૭)

સ્મિતસ્નુત સુધાધરા
મદશિખણ્ડિ બર્હાઙ્કિતા ।
વિશાલ નયનામ્બુજા
વ્રજવિલાસિની વાસિતાઃ ॥
મનોજ્ઞ મુખ પઙ્કજા
મધુર વેણુનાદ દ્રવા ।
જયન્તિ મમ ચેતસ
શ્ચિરમુખાસિતા વાસનાઃ ॥ ૫૮ ॥

મારા મનમાં ઘણા લાંબા સમયથી સિંચાયેલા એ સંસ્કારો વિજયી થાવ. (તેમનું મૂર્ત સ્વરૂપ શ્રી કૃષ્ણ છે.) તેમના હોઠોમાંથી મંદ હાસ્યરૂપી અમૃત ઝરે છે, તે મત્ત મયૂરોનાં પીંછાંઓથી અલંકૃત છે. તેમનાં નેત્રકમળ ઘણાં જ લાંબાં છે. તે ગોકુળની ગોપીઓની સાથે પ્રણય ક્રીડા કરે છે. તેમનું મુખ કમળ મનોહર છે અને તેમની મોરલીમાંથી નીકળવાવાળા સૂર ઘણા જ મીઠા છે. (૫૮)

જિયાદ સૌ શિખિશિખણ્ડ કૃતા વતંસા ।
સાં સિદ્ધિકી સરસ કાન્તિ સુધા સમૃદ્ધિઃ ॥
યદ્બિન્દુ લેશ કણિકા પરિણામ ભાગ્યઃ ।
સૌભાગ્ય સીમપદ મઞ્ચતિ પઞ્ચબાણઃ ॥ ૫૯ ॥

આ જે મોરનાં પીંછાંથી અલંકૃત શ્રીકૃષ્ણનો દેહ છે. તે મોહક પરમ શોભાના સુધાકર (ચન્દ્ર) જ છે. તેમણે એક સ્વસ્થ માનવ-આકાર ધારણ કરેલ છે. તેમની પાસેથી થોડાક પણ બુંદ મેળવવાનું અહોભાગ્ય મદન (કામદેવ)ને પ્રાપ્ત થયું. જેના કારણે તેણે સુંદરતાની ચરમ સીમા પ્રાપ્ત કરી છે. તે દિવ્ય–આકાર નિત્ય વિજયી રહો. (૫૯)

આયામેન દશોર્વિશાલતરયો,
રક્ષય્યમાર્દ્ર સ્મિત –
ચ્છાયાધર્ષિત શારદેન્દુલલિતં,
ચાપલ્ય માત્રં શિસોઃ ॥
આમાસાન પરાન્વિધૂયરસિકૈ;
રાસ્વદ્યમાનં મુહુઃ –
ર્જિયાદુન્મદ વલ્લવીકુચ ભરા –
ધારં કિશોરં મહઃ ॥ ૬૦ ॥

તે બાળ-આકાર અદ્ભુત તેજઃપુંજ વિજયી થાવ. જેમની બે લાંબી આંખોથી મોહક હાસ્ય નિત્ય નીકળી રહ્યું છે. જેણે પોતાની કાન્તિથી શરદઋતુના ચંદ્રની મધુરતાને પણ અવગણી છે. (તિરસ્કૃત કરી છે.) જે કોમળ (મૂર્તરૂપમાં) એક ચંચળ બાળક જેવા જોવામાં આવે છે. અને જેને રસજ્ઞ લોકો બીજી વાતોને વ્યર્થ સમજીને છોડી દે છે. અને કેવળ તેનાં રસપાનમાં વારંવાર લાગ્યા રહે છે. અને જે મદભરી ગોપીઓનાં પુષ્ટ સ્તનો પર વિલસે છે. (અર્થાત્ તેમનાં સ્તનોનું અવલંબ થાય છે.) (૬૦)

સ્કન્ધા વારસદો વ્રજઃ કલિપયે,
ગોપાઃ સહાયાદયઃ ।
સ્કન્ધાલમ્બિની વત્સદામ્નિ ધનદા–
ગોપાઙ્ગનાઃ સ્વાઙ્ગનાઃ ॥
શૃઙ્ગારા ગિરિગૈરિકં શિવ શિવ –
શ્રીમન્તિ બર્હાણિ ચ – ।
શૃઙ્ગગ્રાહિકયા તથાપિ તદિમં
પ્રાહુસ્ત્રિ લોકેશ્વરમ્ ॥ ૬૧ ॥

તેમનું ભવન (શિબિર) ગોકુળ છે. તેમના મંત્રી તો ગોવાળ છે. જે પોતાના ખભા પર વાછરડાંઓને લઈને તેમને જ કર રૂપમાં શ્રીકૃષ્ણને અર્પણ કરતા હતા. તેમનું અંતઃપુર બસ ગોપીઓ છે. તેમનું પ્રસાધન તો પૂછો જ નહિ, પર્વતોની ગેરુની માટી અને ચમકીલાં મોરપીંછાં છે ! કેટલી સાદગી છે ! અને કેવી સહજતા છે એમના રાજાપણમાં ! છતાં પણ આશ્ચર્ય એ છે કે એમને જાણકાર લોકો તેમને જ ત્રિભુવનના સ્વામી કહે છે. (૧૬)

શ્રીમદ્બર્હિમિશખણ્ડણ્ડનજુષે,
શ્યામાભિરામત્વિષે ।
લાવણ્યૈકર સાવસિક્ત વપુષે –
લક્ષ્મીસરઃ પ્રાવૃષે ॥
લીલાકૃષ્ટ રસજ્ઞ ધર્મ મનસે,
લીલામૃત ઓતસે ।
કે વા ન સ્પૃહયન્તિ હન્ત મહસે,
ગોપીજન પ્રેયસે ॥ ૬૨ ॥

જે તેજ (અર્થાત્ તેજસ્વી કૃષ્ણ) ગોપીઓના પ્યારા (દુલારા) છે. તેમની અભિલાષા કોને ન હોય ! તેમનું શિર મોહક મોરપીંછાથી શોભા આપે છે. તેમની શ્યામ પ્રભા ઘણી જ ચમકીલી છે. તેનું શરીર જાણે સૌંદર્યના દિવ્ય રસથી સિંચાયું છે ! લક્ષ્મીરૂપી સારસીને તો વર્ષાકાળ જેવા છે. રસિકતા જ જેમનું પ્રમુખ વૈશિષ્ટ્ય છે. એવા લોકોનાં મનોને તે પોતાની મુગ્ધ ક્રીડાઓથી મોહિત કરે છે. તે જાણે લલિત ક્રીડારૂપી અમૃતનો પ્રવાહ જ છે ! (૬૨)

આપાટલાધરમધીર વિલોલનેત્ર –
મામોદ નિર્ભરિતમદ્ભુત કાન્તિપુરમ્ ॥
આવિસ્મિતામૃત મનુસ્મૃતિ લોભનીય –
મામુદ્રિતાન ન મહો મધુરં મુરારેઃ ॥ ૬૩ ॥

અરે, મુરારિનું મુખ કેવું મનોજ્ઞ છે ! તેમના હોઠ પર થોડી થોડી લાલી છે. તેમની આંખો ચંચળ અને નટખટ છે. તે પોતાની મસ્તીમાં ઝૂમે છે. અને તેમાં એક અનોખી છબીની અત્યંત અધિકતા છે. તેના ચહેરા પર અમૃત જેવું મંદ હાસ્ય ઝળકી રહ્યું છે. વારંવાર સ્મરણ કરવાથી તો તે ઘણું જ આકર્ષક દેખાય છે, તેમની એક અમીટ છાપ મારા મનમાં પડી ગઈ છે. (૬૩)

જાગૃહિ જાગૃહિ ચેત –
શ્ચિરાય ચરિતાર્થતા ભવતઃ ॥
અનુભૂયતામિદમિદં ।
પુરઃ સ્થિતં પૂર્ણ નિર્વાણમ્ ॥ ૬૪ ॥

જાગો, મારું મન, જાગો. તમારી ઘણા જ દિવસની આશા હવે પૂર્ણ થઈ ગઈ છે. તમારી સામે જુઓ, સાક્ષાત્ મૂર્તિમાન બ્રહ્માનંદ આવીને ઊભો છે. લૂંટી લો તેનો સ્વાદ ! (૬૪)

ચરણયોરરુણં કરુણાર્દ્રયોઃ ।
કચભરે વહુલં વિપુલં દશોઃ ॥
વપુષિ મઞ્જુલ મઞ્જન મેચકે ।
વયસિ બાલમ હો મધુરં મહઃ ॥ ૬૫ ॥

લાલ દયાપૂર્ણ પદ-કમળ, વિપુલ કેશનો ગુચ્છ, વિશાળ નયન, કમનીય કાયા, નીલાંજન જેવું સ્નિગ્ધ ચીકણું શરીર, અને બાળક વય, કેવું છે આ મોહક તેજ ! (૬૫)

માલાબર્હ મનોજ્ઞ કુન્તલ ભરાં,
વન્યપ્રસૂને ક્ષિતાં ।
શૈલેયદ્રકલૃપ્ત ચિત્ર તિલકાં,
લાવણ્ય લક્ષ્મીમયં ॥

લીલાવેણુરવામૃતૈકરસિકાં –
લાવણ્ય લક્ષ્મીમયીં ।
બાલાં બાલતમાલનીલ વપુષં,
વન્દે પરાં દેવતામ્ ॥ ૬૬ ॥

હું તે બાળકરૂપ ધારણ કરવાવાળા શ્રેષ્ઠ દેવતાને પ્રણામ કરું છું. તેમનું શરીર તમાલની કોમળ કુંપળો જેવું નીલરંગી છે. જેમના વાળ તો ફૂલમાળાઓ અને મોરપીંછાંથી અલંકૃત હોવાના કારણે ઘણું જ સુંદર લાગે છે. તેમના ઉપર અરણ્યનાં ફૂલોની વર્ષા થાય છે. પર્વતની ગેરુમાટીનું તેમના કપાળ પર એક સુંદર તિલક લગાવેલું છે. તે સૌંદર્યના સાક્ષાત્ દેવતા છે. તેમને મોરલી વડે અમૃત જેવા મધુર સૂર છોડવાની ઘણી જ ટેવ છે. (પ્રેમ છે.) (૬૬)

ગુરુમૃદુ પદે ગૂઢં ગુલ્ફે
ઘનં જઘન સ્થલે ।
નલિનમુદરે દીર્ઘં બાહો –
ર્વિશાલ મુર: સ્થલે ॥
મધુરમધરે મુગ્ધં વક્ત્રે,
વિલાસિત વિલોચને ।
બહુ કચભરે વન્યં વેષે,
મનોજ્ઞ મહો મહ: ॥ ૬૭ ॥

તેમના શરીરની આભા કેવી લોભામણી છે! તે પગમાં અત્યંત કોમળતા જેવી પ્રગટ થાય છે. એડીની ઉપર ઘણું જ ગહન તો નિતંબોમાં ઘણું જ સ્થાન છે. પેટની, પાસે કમળ જેવી ભુજાઓ લાંબી અને છાતી પર પહોળી પ્રતીત થાય છે. તે હોઠો પર આકર્ષક, મુખ પર લાલિત્યપૂર્ણ અને આંખોમાં મસ્તી ભરી દેખાય છે. તે આભા વાળમાં વિપુલતા અને વેશમાં જંગલી દેખાય છે. (૬૭)

જિહાનં જિહાનં સુજાનેન મૌગ્ધ્યં ।
દુહાનં દુહાનં સુધા વેણુનાદૈ:।
લિહાનં લિહાનં સુદીર્ઘૈર પાઙ્ગૈ–
ર્મહાનન્દ. સર્વસ્વ મે તન્નમસ્તાત્ ॥ ૬૮ ॥

આજે નંદના સુખ નિધાન છે. (અર્થાત્ પરમ–આનંદનો સાર છે.) તેને હું પ્રણામ કરું છું. તે પોતાના તારુણ્યથી સૌંદર્યને ઘણું જ વધારે છે. તે મોરલીના સ્વરોથી નિત્ય અમૃત વહાવે છે. અને પોતાની વિશાળ ચિંતનથી (જોવાવાળાના હૃદય) વારંવાર ખેંચી લે છે. (૬૮)

લસદ્બર્હાપીડં લલિતલલિત સ્મેરવદનં ।
ભ્રમત્ક્રીડાપાઙ્ગં પ્રણત જનતા નિર્વૃતિપદમ્ ॥
નવામ્ભો દશ્યામં નિજમધુરિમા મોદ ભરિતં ।
પરં દેવં વન્દે પરિમિલિત કૈશોર કરસમ્ ॥ ૬૯ ॥

શૈશવકાળની રમણીયતાની તો જાણે મૂર્તિ છે! તે દેવતાઓમાં ઉત્તમ (શ્રીકૃષ્ણ) ને હું નમસ્કાર કરું છું. તેમના માથા પર મોરપીંછ ચમકે છે. તેમનું મુખ હાસ્યથી ઘણું જ કમનીય થઈ ગયું છે. તેમના ઘૂમી રહેલ કટાક્ષ ઘણી જ હલચલ કરે છે. તે શરણાગતોના એકમાત્ર આનંદ નિધાન છે. તેમનો વર્ણ નવીન વાદળો જેવો કાળો છે. અને તે પોતાના આનંદ અને મોહકતામાં મસ્ત છે. (૬૯)

સારસ્ય સામગ્ર્યમિવાનનેન ।
માધુર્ય ચાતુર્યમિવ સ્મિતેન ॥
કારુણ્ય તારુણ્યમિ વેક્ષિતેન ।
ચાપલ્ય સાફલ્યમિદં દશોમેં ॥ ૭૦ ॥

પોતાની વદનથી કાંતિ, મંદહાસ્યથી નટખટ રમ્યતા અને દષ્ટિથી દયામય તરુણતા પ્રગટ કરવાવાળા એ શ્રીકૃષ્ણે મારી આંખોની ચંચળતાને સફળ બનાવી છે. (૭૦)

યત્રવા તત્રવા દેવ ।
યદિ વિશ્વસિમસ્ત્વયિ ॥
નિર્વાણમપિ દુર્વાર –
ભર્વા ચીનાનિ કિં પુન: ॥ ૭૧ ॥

જ્યાં ક્યાંક છે. જો આપણે આપ પર પૂરી શ્રદ્ધા રાખી. તો શું મોક્ષ દુર્લભ થશે? પછીથી બીજી વાતોને શું કહેવું? (૭૧)

રાગાન્ધ ગોપીજન વન્દિતાભ્યાં ।
યોગીન્દ્ર ભૃઙ્ગેંદ્રનિષે વિતાભ્યામ્ ॥
આ તામ્રપઙ્કે રુહ વિભ્રમાભ્યાં ।
સ્વામિન્ પદાભ્યામયમઞ્જલિસ્તે ॥ ૭૨ ॥

પ્રભુ, તમારાં એ ચરણોને હું નમસ્કાર કરું છું. જેણે પ્રણય વિહ્વળ ગોપીઓ પ્રણામ કરે છે. જે ચરણ–કમળોનો આશ્રય મુનિવર રૂપી ભ્રમરો કરે છે. અને જે લાલ કમળ જેવી મોહક લાલાશ લીધેલી છે. (૭૨)

અર્થાનુલાપાન્વ્રજ સુન્દરીણા–
મકૃત્રિમાણાં ચ સરસ્વતીનામ્ ॥
આર્દ્રાશયેન શ્રવણાઞ્ચલેન ।
સંભાવયન્તં તરુણં ગૃણીમ: ॥ ૭૩ ॥

હું તે યુવા શ્રી કૃષ્ણની કીર્તિનું ગાન કરું છું. જે ગોકુલની સુંદરીઓની સાભિપ્રાય ભોળી પ્રાર્થનાઓને પોતાના પ્યાર ભરેલા કાનોથી સાંભળે છે. (૭૩)

મનસિ મમ સન્નિધત્તાં ।
મધુર મુખા મન્થરાપાઙ્ગા ॥
કર કલિત લલિત વંશા ।
કાપિ કિશોર કૃતા લહરી ॥ ૭૪ ॥

તે બાળકરૂપ અદ્ભુત અને લલિત કાંતિવાળા તરંગ એવા તે કૃષ્ણ, મારા મનમાંથી ક્યારેય અદશ્ય ન થાય! જેમનું મુખ સુંદર છે. જેનાં કટાક્ષ હલન–ચલન કરે છે અને જેના હાથમાં મધુર ધ્વનિવાળી મોરલી છે. (૭૪)

રક્ષન્તુ ન: શિક્ષિત પાશુપાલ્યા ।
બાલ્યાવૃતા બર્હિશિખાવતંસા: ।
પ્રાણપ્રિયા: પ્રસ્તુત વેણુગીતા: ।
શીતાદશો: શીતલ ગોપકન્યા: ॥ ૭૫ ॥

શીતળ અર્થાત્ પ્રસન્ન ગોપીઓ અમારી રક્ષા કરો. તેમણે પશુપાલનની વિદ્યા (શ્રી કૃષ્ણની પાસેથી) શીખી લીધી હતી. તે ગોપીઓ નિત્ય બાળરૂપધારી કૃષ્ણની પાસે રહે છે. તેણે મોરપીંછાંથી પોતાની ચોટલીને સજાવી હતી. (૭૫)

સ્મિતસ્ત બકિધરં,
શિશિર વેણુનાદામૃતં ।
મુહુસ્તર લોચનં મદકટાક્ષ,
માલાકુલમ્ ॥
ઉર: સ્થલ વિલીનયા, કમલયા
સમાલિઙ્ગિતં ॥
ભુવસ્તલમુપાગતં ભવન
દૈવતં પાતુ ન: ॥ ૭૬ ॥

આ ભૂમિ પર અવતાર લેવાવાળા તે ત્રિભુવનના દેવતા અમારી રક્ષા કરો. તેમના હોઠ જાણે મંદ હાસ્યના પુંજરૂપ છે! તેમની મોરલીનો સુધારસ જેવો ધ્વનિ સૌને શાંતિ આપે છે. તેમનાં નેત્ર ચંચળ રહે છે. તેમણે મદભર કટાક્ષોનો હાર ધારણ કરેલ છે. છાતી પર વિલાસ કરવાવાળા લક્ષ્મીએ તેને ગાઢ આલિંગન આપ્યું છે. (૭૬)

નયનામ્બુજે ભજત કામદુધં ।
હૃદયામ્બુજે કિમપિ કારુણિકમ્ ॥
ચરણામ્બુજે મુનિકુલૈક ધનં ।
વદનામ્બુજે વ્રજવધૂ વિભવમ્ ॥ ૭૭ ॥

તમે એ શ્રીકૃષ્ણની ભક્તિ કરો જે પોતાનાં નેત્ર–કમળોથી સઘળી અભિલાષાઓ પૂર્ણ કરે છે. જેમનું હૃદયરૂપી કમળ અપાર દયાથી ઓતપ્રોત છે. જેમનાં ચરણ–પદ્મ મુનિજતોનો એકમાત્ર નિધિ છે. અને જેમનું મુખ–કમળ ગોકુળની સ્ત્રીઓનું જાણે નિર્વાણ પદ છે. (૭૭)

નિર્વાસનં હન્ત રસાન્તરાણાં ।
નિર્વાણ સામ્રાજ્યમિવાવતીર્ણં ॥
અવ્યાજ માધુર્ય મહાનિધાન—
મવ્યાદ્વ્રજાનામધિ દૈવતં ન: ॥ ૭૮ ॥

અન્ય તમામ આનંદોને પરાસ્ત (હરાવનાર) કરવાવાળા, પરમ મુક્તિનો અવતાર જ પ્રતીત થવાવાળો, સહજ સુંદરતાની ઉપમા ન આપી શકાય એવા ભંડાર—તે ગોકુળના પ્રધાન દેવતા શ્રીકૃષ્ણ અમારી રક્ષા કરો. (૭૮)

ગોપીનામભિથમતગીત વેષ હર્ષા—
દાપીનસ્તનભર નિર્ભરોપગૂઢમ્ ॥
કેલીના ભવતુ રસૈરુપાસ્ય માન ।
કાલિન્દીપુલિન ચરં પરં મહો ન: ॥ ૭૯ ॥

તે કૃષ્ણનો મોહક વેશ અને મધુર ગીતોથી ગોપીઓ ઘણી જ આહ્‌લાદિત થઈને તેણે પોતાનાં પુષ્ટ સ્તનોથી ગાઢ આલિંગન આપે છે. અને અમારી મધુર ક્રીડાઓથી તે શ્રી કૃષ્ણની ઉપાસના કરીએ. જે યમુનાનાં રેતીવાળાં મેદાનો પર વિહાર કરવાવાળા એક મહાન, દિવ્ય પ્રકાશ છે. (૭૯)

ખેલતાં મનસિ ખેચરાઙ્ગના–
માનનીય મૃદુવેણુ નિસ્વનૈ: ॥
કાનને કિમપિ ન: કૃતાસ્પદં ।
કાલમેઘ કલ હો દ્વહં મહ: ॥ ૮૦ ॥

તે તેજોમય લહર (તેજસ્વી શ્રીકૃષ્ણ) જેણે પોતાની મોરલીની મીઠી મીઠી લહરોથી દેવાંગનાઓને પણ મુગ્ધ કરેલ છે. જે વનોમાં સંચાર કરે છે. અને

જેમની કાંતિ કાળાં વાદળાં જેવી છે તે અમારા મનમાં લહેરાય છે. (૮૦)

એણીશાબ વિલોચના ભિરલસ,
શ્રોણીભર પ્રૌઢિભિ–
વેંણીભૂતરસક્રમા ભિરાભિતઃ,
શ્રેણી કૃતાભિવૃંતઃ ॥
પાણી દ્વૌ ચ વિનોદયનૂ રતિપતે,
સ્તૂણીશયે: સાયકૈ–
ર્વાણીનામપદં પરં વ્રજજન,
ક્ષોણીપતિ: પાતુ નઃ ॥ ૮૧ ॥

વ્રજના લોકોના રાજા, તે શ્રીકૃષ્ણ અમારી રક્ષા કરો. તે પેલી ગોપીઓથી ઘેરાયેલા રહે છે. જેમની આંખો હરણોની આકર્ષક આંખો સમાન છે. જે પોતાના નિતંબોના ભારથી મંદ અને સુડોળ ગતિથી ચાલે છે અને જેમનામાં અનુરાગની ભાવના ઊછળે છે તે શ્રીકૃષ્ણરૂપી મદનના હાથો વડે બાણ કાઢવાના કામમાં જ લગાવે છે. તેવા શ્રીકૃષ્ણનું વર્ણન શબ્દોથી ક્યારેય કરી શકાતું નથી. (૮૧)

કાલિન્દીપુલિને તમાલ નિબિડ–
ચ્છાયે પુર: સંચરા– ।
ત્તોયે તોયે જ પત્ર પાત્ર નિહિતં,
દધ્યન્ન મશ્નાતિ ય: ॥
વામે પાણિતલે નિધાય મધુરં,
વેણુ વિષાણં કટિ–
પ્રાન્તેગાશ્ચ વિલોકયન્પ્રતિકલં,
તં બાલમાલોકયે ॥ ૮૨ ॥

હું તે બાલકૃષ્ણને (મારા ધ્યાનમાં) જોઉં છું. જે સામે કલકલ નિનાદ કરીને વહેવાવાળી યમુનાના કિનારે એક તમાલ વૃક્ષની ગાઢ છાયામાં બેસીને કમલપત્રોના દોણામાં રાખેલા દહીં–ભાત ખાઈ રહ્યા છે. તેમણે ડાબા હાથમાં વાંસળી રાખી છે. કમરની પાસે બાજુમાં શિંગડું રાખેલ છે અને ચરવાવાળી ગાયો પર તે પ્રત્યેક ક્ષણે નજર રાખે છે. (૮૨)

યદ્દગોપી વદનેન્દુ મણ્ડનમભૂ–
ત્કસ્તૂરિકા પત્રકં ।
યલ્લક્ષ્મી કુચશાત કુમ્ભ કલશ–
વ્યાકોશમિ દીવરમૂ ।
યન્નિર્વાણ નિધાન સાધન વિધૌ,
સિદ્ધાઞ્જનં યોગિનાં ।
તન્ન: શ્યામલમાવિરસ્તુ હૃદયે,
કૃષ્ણાભિધાનં મહ: ॥ ૮૩ ॥

જે ગોપીઓનાં ચંદ્રમુખ પર કસ્તૂરીનાં તિલક શોભે છે. જે લક્ષ્મીના સુવર્ણ કુંભ જેવાં સ્તનો પર પ્રફુલ્લ કમળ જેવા શોભે છે. અને જે ગોપીઓને મોક્ષપ્રાપ્તિના પ્રયોગોમાં સિદ્ધાંજન જેવા લાગે છે, તે શ્રીકૃષ્ણ નામના શ્યામ પ્રકાશ અમારા હૃદયને પ્રકાશિત કરો. (૮૩)

ફુલ્લેન્દીવર કાન્તિમિન્દુ વદનં,
બર્હાવતં સપ્રિયં ।
શ્રીવત્સમુદાર કૌસ્તુભધરં,
પીતામ્બરં સુન્દરમુ ॥
ગોપીનાં નયનોત્પલાર્ચિત તનું,
ગો ગોપ સઙ્ઘા વૃતં ।
ગોવિન્દં કલ વેણુનાદ નિરતં,
દિવ્યાઙ્ગ ભૂષં ભજે ॥ ૮૪ ॥

જે અપ્રતિમ શરીર સૌષ્ઠવવાળા અને નિત્ય વાંસળી બજાવનારા ગોવિંદની ભકિત કરું છું. તેમના મુખ–ચંદ્ર પર વિકસિત કમળની આભા ચમકે છે. માથા પર મોરપીંછું ખોસવું તેમને ઘણું જ પસંદ છે. તે શ્રીવત્સ ચિહ્ન અને સુંદર કૌસ્તુભમણિ ધારણ કરે છે. તે ચમકીલાં પીળાં વસ્ત્રો પહેરે છે. ગોપીઓ પોતાનાં નેત્ર–કમળોથી જ તેમની પૂજા કરે છે. અને તે નિત્ય ગાયોનાં ધણ અને ગોવાળિયાઓના સમૂહમાં જ ઘેરાયેલા રહે છે. (૮૪)

યન્નાભી સરસીરુહાન્તર પુટે,
ભૃઙ્ગાય માણો વિધિ–
ર્યદ્વક્ષ: કમલા વિલાસ સદનં,
યચ્ચક્ષુષી ચેન્દ્રિનૌ ॥
યત્પાદાબ્જવિનિ: સૃતા સુરનદી,
શમ્ભો: શિરોભૂષણં ।
યન્નામ સ્મરણં ધુનોતિ દુરિતં,
પાયાત્સ ન: કેશવ: ॥ ૮૫ ॥

જેમના નાભિરૂપી કમળની અંદર બ્રહ્મા ભ્રમર જેવા દેખાય છે. જેમની છાતી લક્ષ્મીનું કેલી–આનંદ સ્થાન છે. જેમની બે આંખો ચંદ્ર અને સૂર્ય જેવી પ્રકાશમય છે. જેમનાં ચરણ–કમળોથી નીકળેલી ગંગા શિવના મસ્તકને અલંકૃત કરે છે. અને જેમના નામનું સ્મરણ કરતાં જ તમામ પાપ ધોવાઈ જાય છે. તે કેશવ અમારી રક્ષા કરો (૮૫)

રક્ષન્તુ ત્વામસિત જલજૈ
રઞ્જલિ: પાદમૂલે ।
મીના નાભી સરસિ હૃદયે
માર બાણા મુરારે: ॥
હારા: કણ્ઠે હરિમણિ મયા,
વક્ત્ર પદ્મે દ્વિરેફા: ।
પિઞ્છા ચૂડાશ્ચિકુર નિચયે–
ઘોષ યોષિત્કટાક્ષા: ॥ ૮૬ ॥

ગોપલલનાઓની દષ્ટિ, તમારી રક્ષા કરો. જે મુરારિના બંને પગ પર બંને હથેળીઓ કૃષ્ણ કમળો જેવી દેખાય છે. જે તેમની નાભીરૂપી પુષ્કરિણીમાં માછલીઓ જેવી ચમકે છે. જે તેમની છાતી પર કામદેવના બાણ જેવી ખૂંચે છે. જે તેમના ગળામાં નીલમણિની માળા જેવી લપેટાઈ રહી છે. જે તેમના મુખકમળ પર ભ્રમર જેવી પ્રતીત થાય અને જેનું ચિત્તદષ્ટિ તેમના કેશગુચ્છને મોરપીંછાં જેવું વિભૂષિત કરે છે. (૮૬)

દધિમથ નિનાદૈસ્ત્યકતનિદ્ર: પ્રભાતે ।
નિભૃતપદ મગારં વલ્લવીનાં પ્રવિષ્ટ: ॥
મુખકમલ સમીરેરાશુ નિર્વાપ્ય દીપાન્ ।
કબલિત નવનીત: પાતુ ગોપાલ બાલ: ॥ ૮૭ ॥

પ્રભાતના સમયે દહીંને વલોવવાના અવાજથી તે ગોપબાલક (બાલકૃષ્ણ) નીંદમાંથી જાગી ગયા અને ચૂપકીથી ગોપીઓનાં ઘરમાં ઘૂસી ગયા, ત્યાં પોતાના મુખ–પદ્મની ફૂંકથી જલદી જલદી દીવા બુઝાવીને માખણના લોંદા ખાવા લાગ્યા. તે બાલકૃષ્ણ અમારી રક્ષા કરો. (૮૭)

પ્રાત: સ્મરામિ દધિ ઘોષ વિનીતનિદ્રં ।
નિદ્રાવસાન રમણીય મુખારવિન્દમૂ ॥
હૃદ્યાનવદ્ય વપુષં નયનાભિરામ –
મુન્નિદ્ર પદ્મનયનં નવનીતચોરમૂ ॥ ૮૮ ॥

હું પ્રભાતમાં તે માખણચોરનું સ્મરણ કરું છું. જે દહીંને વલોવવાના અવાજથી જાગે છે. ઊંઘમાંથી જાગીને જ તેમના કમળ જેવું મુખ ઘણું જ મનોહર લાગે છે. તેમનું શરીર ડાઘ વગરનુ અને અત્યંત ખૂબસૂરત છે. તેમની આંખો વિકાસ પામેલાં કમળો જેવી અને જોવાવાળાની આંખોને લલચાવનારી છે. (૮૮)

ફુલ્લે હલ્લ કવ તંસ કોલ્લસ
દ્દગલ્લ માગમગવી ગવેષિતમૂ ।
વલ્લવીચિ કુર વાસિતાઙ્ગુલી
પલ્લવં કમપિ વલ્લવં ભજે ॥ ૮૯ ॥

તે અનોખા ગોપબાળકની હું ભકિત કરુ છું. જેમના ગાલ ને કાનો પર લટકવાવાળા લાલ કમળોથી સુશોભિત થયેલ છે. પવિત્ર વેદોના મંત્ર જેને દરરોજ શોધે છે. અને જેની કુંપળો જેવી કોમળ આંગળીઓ ગોપીઓના વાળ પર રમણ રમે છે. (૮૯)

સ્તેયં હરેર્હરતિ યન્નવનતિ ચૌર્યં ।
જારત્વમસ્ય ગુરુતલ્પ કૃતાપરાધમૂ ॥
હત્યાં દશાનન હતિર્મધુપાન દોષં ।
યત્પૂતના સ્તનપય: સ પુનાતુ કૃષ્ણ: ॥ ૯૦ ॥

તે શ્રીકૃષ્ણ અમારી રક્ષા કરો, માખણચોરીનું સ્મરણ કરતાં જ ચોરીનું પાપ ધોવાય છે. ગોપીઓની સાથે કરેલ તેના વ્યભિચારનું સ્મરણ કરવાવાળાનું ગુરુપત્ની–ગમનનો દોષ નષ્ટ થાય છે, તેમના રાવણ-વધના પરાક્રમનું સ્મરણ કરવાવાળાને હત્યાનું થયેલ પાપ દૂર થાય છે. અને તેમની પૂતનાના સ્તન્યપાન કરવાની કથાનું સ્મરણ કરીને મદિરાપાનના અપરાધી પણ તે દોષથી વિમુક્ત થાય છે. (૯૦)

માર મા વસ મદીયમાનસે ।
માધવૈકનિલયે યદચ્છયા ॥
શ્રીરમાપતિરિંહાગમેદસૌ ।
ક: સહેત નિજવેશ્મ લઙ્ઘનમૂ ॥ ૯૧ ॥

રે મદન, તું મારા મનમાં મનમાન્યા ઢંગથી આવીને બેસો નહિ. ત્યાં તો એકલા માધવનું જ સ્થાન છે. જ્યારે લક્ષ્મીના નાથ શ્રીકૃષ્ણ અહીં આવશે તો તે પોતાના ઘર પરનું અતિક્રમણ કેવી રીતે સહન કરી શકશે ? (૯૧)

આ કુઞ્ચિતં જાનુકરં ચ વામં ।
ન્યસ્ય ક્ષિતૌ દક્ષિણ હસ્તપદ્મે ॥
આલોકયન્તં નવનીત ખણ્ડં ।
બાલં ભજે કૃષ્ણમુપાન તાઙ્ગમૂ ॥ ૯૨ ॥

* થોડો સંકોચેલો પોતાનો ડાબો પગ અને ઘૂંટણને જમીન પર રાખીને, જમણા કર-કમળમાં રાખે લ

માખણના ગોળાને જોઈને જેમનું આખું શરીર નમી ગયું છે, તે બાલકૃષ્ણની હું ઉપાસના કરું છું. (૯૨)

જાનુભ્યામભિધાવન્તં ।
પાણિભ્યામતિ સુન્દરમ્ ॥
સુકુણ્ડલાલકં બાલં ।
ગોપાલં ચિન્તયે દ્રુષ: ॥ ૯૩ ॥

પ્રાતઃકાળમાં તે ગોપબાળકનું સ્મરણ કરવું જોઈએ જે પોતાના કાનનાં આભૂષણો અને વાંકડિયા વાળના કારણે ઘણા જ સુંદર દેખાય છે. ઘૂંટણ અને હાથનું બળ જ્યારે ખેંચે છે ત્યારે તે મનને પૂરેપૂરું ખેંચી લે છે. (૯૩)

વિહાય કોદણ્ડશરો મુહુર્તં ।
ગૃહાણ પાણૌ મણિચારુ વેણુમ્ ॥
માયૂર બર્હં ચ નિજોત્તમાઙ્ગે ।
સીતાપતે ત્વાં પ્રણમામિ પશ્ચાત્ ॥ ૯૪ ॥

થોડા વખત માટે ધનુષ્ય અને બાણને તજીને હાથમાં રત્નજડિત વાંસળી ઝાલો અને તમારા માથામાં મોરપિચ્છ લગાવો. ત્યાર બાદ હે જાનકીનાથ, હું તમને પ્રણામ કરીશ. (૯૪)

અયં ક્ષીરામ્ભોધ: પતિરિતિ –
ગવાં પાલક ઈતિ ।
શ્રિતોઽસ્માભિ: ક્ષીરોપ નયનન –
ધિયા ગોપ તનય: ।
અનેન પ્રત્યૂહો વ્યરચિ
સતતં યેન જનની –
સ્તનાદપ્યસ્માકં સકૃદપિ ।
પયો દુર્લભમભૂત ॥ ૯૫ ॥

આ સમજીને આ ક્ષીર સાગરના દેવતા છે અથવા ગાયોના પાલનહાર છે. અમે તેમની સહાય લીધી, કારણ કે તેનાથી અમારે લેવાનું હતું. પરંતુ તેણે અભિલાષાની પૂર્તિમાં હમેશાંને માટે એક વિઘ્ન રાખી મૂકયું છે. કારણ કે તેની ભક્તિના કારણે પોતાની માતાના સ્તન્ય અમારે માટે એક વાર પણ મળવા મુશ્કેલ થઈ ગયા છે. (પુનર્જન્મ તેમની ભક્તિથી કયારેય પ્રાપ્ત થશે નહિ.) (૯૫)

હસ્તામાક્ષિપ્ય યાતોઽસિમ ।
બલાત્ કૃષ્ણ કિમદ્ભુતમ્ ॥
હૃદયાદ્યદિ નિર્યાસિ ।
પૌરુષં ગણયામિતે ॥ ૯૬ ॥

અરે કનૈયા ! મારા હાથને ઝાટકો મારીને તું ઝડપથી નીકળી ગયો. એમાં કઈ મોટી વાત છે ! હા, તમે મારા અંતઃકરણથી છુટકારો મેળવી શકો તો તમારા તે કરતૂતને પરાક્રમ સમજીશ. (૯૬)

તમસિ રવિરિવોદ્ય
મગ્નજતામમ્બુરાશૌ ।
પ્લવ ઈવ તૃષિતાનાં
સ્વાદુ વર્ષાવ મેઘ: ॥
નિધિરિવ વિધનાનાં
દીર્ઘતીવ્રામયાનાં ।
ભિષગિવકુશલં નો
દાતુ માયાતુ શૌરિ: ॥ ૯૭ ॥

તે તમસ્ સાગરમાં અર્થાત્ અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબેલા લોકોને ઊગતા સૂર્ય સમાન ગમો છો. સંસાર-સાગરમાં ડૂબકીઓ ખાવાવાળાઓના તે નૌકા જેવા છે. જે મોક્ષના પ્યાસી છે તેમને તે મધુર ધારાઓની વર્ષા કરવાવાળા વાદળ જેવા છે. તે નિર્ધન લોકોને માટે ધનનાભંડાર જેવા છે. અને ચિરકાળ સુધી ભયંકર રોગોથી પીડિત જનોના તે એક કુશળ વૈદ્ય જેવા છે. તે શૂરસેનના પુત્ર કૃષ્ણ અમને ક્ષેમ પ્રદાન કરવા માટે અહીં આવી જાવ. (૯૭)

કોદણ્ડં મસૃણં સુગન્ધિ વિશિખં,
ચક્રાબ્જ પાશાઙ્કુશં ।
હૈમીં વેણુલતા કરૈશ્ચદધતં,
સિન્દૂર પુજ્જારુણમ્ ॥
કંદર્પાધિક સુન્દરમ્ સ્મિતમુખમ્,
ગોપાઙ્ગના વેષ્ટિતં ।
ગોપાલં મદનાધિપં તમ ભજં
ત્રૈલોકય રક્ષામણિમ્ ॥ ૯૮ ॥

ત્રિભુવનનું રક્ષણ કરવાવાળા દિવ્યરત્ન–શ્રી કૃષ્ણની મેં ઉપાસના કરી છે. હાથોમાં તે કોમળ ધનુષ્ય, સુવાસિત બાણ, સુદર્શન ચક્ર, શંખ, ડોરી, અંકુશ અને સોનેરી વાંસળી ધારણ કરે છે. તેમનો રંગ કુમકુમના ચૂર્ણ જેવો લાલ છે. તે કામદેવથી પણ ખૂબસૂરત છે. તેમજ મુખ પર હાસ્ય વિલસી રહ્યું છે. તેમની આજુભાજુ ગોપીઓ રહે છે અને તે કામદેવના પણ સ્વામી છે. (૯૮)

સાયઙ્કાલે વનાન્તે કુસુમિત સમયે,
સૌકતે ચંન્દ્રિકાયાં ।
ત્રૈલાકયાકર્ષણાઙ્ગં સુરનરગણિકા,
મોહનાપાઙ્ગ મૂર્તિમ્ ॥
સેવ્યં શ્રૃંગારભાવૈર્નવરસ ભરિતે–
ર્ગોપ કન્યા સહસ્રૈ–
ર્વંન્દેઽહં રાસ કેલી રતમતિ સુભગં,
વશ્ય ગોપાલ કૃષ્ણમ્ ॥ ૯૯ ॥

ત્રિભુવનને પણ મોહિત કરવાવાળા, શરીરને ધારણ કરનાર દેવો, મનુષ્યો તથા વેશ્યાઓને પોતાના કટાક્ષોથી મુગ્ધ કરવાવાળા તે કૃષ્ણ આનંદના દિવસોમાં વનપ્રદેશના એક રેતીવાળા મેદાનમાં, ચાંદનીવાળી સાંજના સમયે ઊભા રહે છે ત્યારે ગોપીઓ નવ રસોથી વિભોર બનીને પ્રણય માધુરી ભાવોમાં તે કૃષ્ણનો આશ્રય કરે છે. હું તે બાલકૃષ્ણને પ્રણામ કરું છું, જે અત્યંત મનોહર છે, નિત્ય રાસક્રીડામાં મગ્ન રહે છે અને ભકતોને સરળતાથી વશ થાય છે. (૯૯)

કદમ્બ મૂલે ક્રીડન્તં ।
વૃન્દાવન નિવેશિતમ્ ॥
પદ્માસનસ્થિતમ્ વન્દે ।
વેણુ ગાયન્તમચ્યુતમ્ ॥ ૧૦૦ ॥

હું તે અચ્યુતને પ્રણામ કરુ છું જે વૃન્દાવનમાં પ્રવેશ કરીને કદમ્બ વૃક્ષની નીચે ખેલ ખેલે છે અને ત્યાં પદ્માસન લગાવીને મોરલી બજાવે છે. (૧૦૦)

બાલં નીલામ્બુદાભં નવમણિ વિલસ –
ત્કિઙ્કિણી જાલબદ્ધ ।
શ્રોણીજઙ્ઘાન્ત યુગ્મં વિપુલ રુરુનખ
પ્રોલ્લસત્કણ્ઠ ભૂષન્ ॥
ફુલ્લામ્ભોજા ભવકત્રં હતશકટમરુ –
ત્પૂતનાદ્યં પ્રસન્નં ।
ગોવિન્દં વન્દિતેન્દ્રા દ્યમરવરમજં
પૂજ્યે દ્વાસરાદૌ ॥ ૧૦૧ ॥

તે જન્મ રહિત કિશોર ગોવિંદનું પ્રભાતના સમયે ભજન કરવું જોઈએ. એમની શોભા શ્યામ વાદળ જેવી છે. તેમના બંને નિતંબો અને કમરની વચ્ચે સુંદર રત્નોથી જડેત અને સેર (સાંકળી) સાથે રુમઝુમ કરવાવાળી મેખલા બાંધી છે. તેમના ગળામાં વાઘના નખોની એક મોટી માળા છે. તેના વદન પર વિકસિત કમળની પ્રસન્નતા છે. તેમણે શકટાસુર, પૂતના ઈત્યાદિ રાક્ષસ–રાક્ષસિયોનો વધ કર્યો છે. તે નિત્ય આનંદી રહે છે. ઈન્દ્ર આદિ પ્રમુખ દેવતા પણ તેમને પ્રણામ કરે છે. (૧૦૧)

વન્દ્યં દેવૈર્મુકુન્દં વિકસિતકુરુ,
વિન્દાભમિન્દીવરાક્ષં ।
ગોગોપી વૃન્દવીતં જિતરિપુનિવહં
કુન્દમન્દાર હાસમ્ ।
નીલગ્રીવાગ્રયાપિગ્છ ગ્રથન સુવિલસ–
ત્કુન્તલં માનુમન્તં ।
દેવં પીતામ્બરાઢ્યં યજયજ દિનશો,
મધ્યમાહ્વે રમાય ॥ ૧૦૨

મધ્યાહ્નનમાં તે પીળાં વસ્ત્રધારી મુકુંદની પૂજા કરો. જો તમે સાચું ધન ઈચ્છતા હો તો. મુકુંદને બધા દેવ આદરણીય માને છે. તેમના મુખની શોભા પ્રફુલ્લ કમળો જેવી સુંદર લાગે છે. તેમનાં નેત્રકમળ સમાન પ્રસન્ન છે. તે ગોપ અને ગાયોના સમૂહોથી ઘેરાયેલા રહે છે. અને તેમનું હાસ્ય કુન્દ અને મદારનાં પુષ્પો જેવું પ્રસન્ન રહે છે. નીલમણિ જેવાં ચમકતાં મોરપીંછાંઓને કારણે તેમના વાળ બહુ જ ચમકે છે. તેમનો દેહ ઘણો જ દીપ્તિમાન છે. (૧–૨)

ચક્રાન્ત ધ્વસ્ત વૈરિ વ્રજમજિતપા
સ્તાવની ભારમાર્ઘં —
રાવીતં નારદાદ્યૈર્મુનિ ભિરભિનુતં,
તત્ત્વ નિર્ણીતિ હે તો: ॥
સાયાહ્ને નિર્મલાઙ્ગં નિરુપમરુચિરં
ચિ તયેન્નીલ ભાસં ।
મન્ત્રી વિશ્વોદય સ્થિત્ય પહરણપદં,
મુક્તિદં વાસુદેવમ્ ॥ ૧૦૩ ॥

વસુદેવ પુત્રે પોતાના સુદર્શન ચક્રથી દુશ્મન ગણોનો સંહાર કર્યો. અને સ્વયં અજેય બની ગયા. તેમણે પાપીઓનો વધ કરીને ભૂમિનો ભાર ઓછો કર્યો. બધા દેવ તેમની આસપાસ રહે છે. અને પરમ સત્યના નિર્ણયને માટે નારદ ઈત્યાદિ ઋષિવર તેમની કીર્તિનું ગાન કરે છે. સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ એ ત્રણેનું કારણ તે છે. સંસારનાં બંધનોથી છોડાવનાર પવિત્ર શરીર તથા નીલકાંતિ ધારણ કરવાવાળા અને અસામાન્ય સૌંદર્યશાલી તે વાસુદેવનું ભજન સાંજના સમયે કરવું જોઈએ. (૧૦૩)

કોદણ્ડમૈક્ષવખણ્ડમિષં ચ પૌષ્પં ।
ચક્રાબ્જપાશ સૃણિકાગ્ચન વંશનાલમ્ ॥
વિભ્રાણમષ્ટ વિધબાહુ ભિરર્ક વર્ણં ।
ધ્યાયેદ્ધરિં મદન ગોપવિલાસ વેષમ્ ॥ ૧૦૪ ॥

ગોપની સમાન વેશ ધારણ કરવાવાળા, કામદેવ સમાન હરિનું સદૈવ ધ્યાન કરવું જોઈએ. તેમનું શરીર સૂર્ય જેવું તેજસ્વી છે. તેમણે પોતાની આઠ ભુજાઓમાં શેરડીનું અતૂટ ધનુષ્ય, કુસુમશર, સુદર્શન ચક્ર, શંખ, પાસ, દોરી, અને સોનેરી મોરલી એટલી ચીજો હાથમાં રાખી છે. (૧૦૪)

અઙ્ગુલ્યા કઃ કવાટં પ્રહરતિ?
કુટિલે માધવઃ, કિંવસન્તો?
નો ચક્રી, કિં કુલાલો? નહિ ધરણિધરઃ,
કિં દ્વિજિહ્વઃ ફણીન્દ્રઃ?
નાહં ઘોરાહિમર્દી, કિમસિ
ખગપતિર્નો હરિઃ, કિં કપીન્દ્રઃ?
ઈત્યેવં ગોપક ન્યાપ્રતિવચનજિતઃ
પાતુ વશ્ચક્ર પાણિઃ ॥ ૧૦૫ ॥

"કોણ આંગળીઓથી દરવાજો ખટખટાવે છે."

"અરે છલી, હું માધવ છું."

"તો શું તું વસંત છું?"

"જી ના, હું ચક્ર ધારણ કરું છું."

"તો શું તું કુંભાર છું?"

"નહીં નહીં. હું પૃથ્વીનો ધારણ કરવાવાળો છું."

"તું શું નાગેન્દ્ર છો?"

"ના, ના, હું તો ભયંકર સર્પ (કાલીનાગનો)નું દમન કરવાવાળો છું."

"તો તું જરૂર ગરુડ છું?"

"નહીં જી. હું હરિ છું."

"શું તું વાનરોનો રાજા છું?"

આ રીતે ગોપીની ચટકીલી વાતોથી હાર (પરાજય) પામવાવાળા તે સુદર્શન ચક્રવાળા કૃષ્ણ આપની રક્ષા કરો. (૧૦૫)

રાધામોહન મન્દિરા દુપગત –
શ્ચન્દ્રાવલી મૂચિવાન્ ।
રાધે ક્ષેમમયેઽસ્તિ તસ્ય વચનં,
શ્રુત્વાઽહ ચન્દ્રાવલી ॥
કંસ ક્ષેમમયે વિમુગ્ધ હૃદયે,
કંસઃ ક્વ દષ્ટસ્ત્વયા ।
રાધા ક્વેતિ વિલજ્જિતો નતમુખઃ,
સ્મેરો હરિઃ પાતુ વઃ ॥ ૧૦૬ ॥

એક દિવસ રાધાના શોભાયમાન ઘેરથી શ્રીકૃષ્ણ બહાર આવી રહ્યા હતા. તો ચંદ્રાવલીએ તેમણે જોઈ. તેને કૃષ્ણે પૂછયું; "પ્યારી રાધા કહો કુશળ છે ને?" તેમનો પ્રશ્ન સાંભળીને ચંદ્રાવલીએ પૂછયુ : "શું કંસ તો ઠીક છે ને?" ત્યારે તેમણે ગુસ્સાથી કહ્યું, "અરે પાગલ! તેં કંસને કયાં જોયો?" (તે તો કયારનો મે મરી ગયો છે.) તેણે ફરીને પૂછયું તો "બોલો રાધા તમે કયાં જોઈ?" ત્યારે શરમિંદા થઈને તેણે મુખ નીચે ઢાળી દીધું. તેના મુખ પર થોડું હાસ્ય પણ આવી ગયું. તે હરિ તમારી રક્ષા કરો. (૧૦૬)

યા પ્રીતિ ર્વિદુરાર્પિતે મુરારિપો,
કુન્ત્યર્પિતે યાદશી ।
યા ગોવર્ધન મૂર્દ્નિ યા ચ પૃથુકે
સ્તન્યે યશોદાર્પિતે ॥
ભારદ્વાજ સમર્પિતે શબરિકા
દત્તે ધરે યોષિતાં ।
યા પ્રીતિર્મુનિ પત્નિ માક્ત,
રચિતેઽપ્યત્રાપિ તાં તાં કુરુ ॥૧૦૭॥

હે મુરારિ, વિદુર અને કુંતીને જે પ્રકારે તમે પ્રેમ બતાવ્યો અને જે પ્રીત તમે ગોવર્ધનના શિખર, સુદામાના મમરા અથવા યશોદાના સ્તન્યપાનમાં બતાવી અથવા જે લગન તમે ભારદ્વાજ ઋષિ, શબરીના ઉપહાર તથા ગોપીઓ સાથે લગાવી અને જે કૃપા તમે મુનિપત્નીઓ દ્વારા ભક્તિપૂર્વક ચડાવેલા પદાર્થો પર બતાવી તે કૃપા અહીં મારા ઉપર પણ બતાવોને! (૧૦૭)

કૃષ્ણાનુ સ્મરણા દેવ,
પાપસઙ્ઘાત પઞ્જરઃ ।
શતધા ભેદ માયાતિ,
ગિરિર્વજ્રાહતો યથા ॥ ૧૦૮ ॥

વજ્ર પડતાં જ જેવી રીતે પર્વતના સેંકડો ટુકડા થાય છે, તેવી રીતે જ શ્રીકૃષ્ણનું વારંવાર સ્મરણ કરવાથી પણ પાપોથી ભરેલ પાંજરાના ટુકડે ટુકડા થઈ જાય છે. (૧૦૮)

॥ શ્રી કૃષ્ણકર્ણામૃતમ્ ॥

— તૃતીય આશ્વાસ સમાપ્ત —

કૃષ્ણાય વાસુદેવાય હરયે પરમાત્મને ।
પ્રણત કલેશ નાશાય, ગોવિન્દાય નમો નમઃ ॥

(સમાપ્ત)

ખંડ ૭ મો માધવ-માધુર્ય

શ્રી બિલ્વમંગલાચાર્ય વિરચિત ગોવિન્દ-દામોદર-સ્તોત્ર

અનુવાદક : હિંમતલાલ ઉમિયાશંકર દવે
'સાહિત્ય માર્તંડ', 'ધર્માલંકાર', નેશનલ એવોર્ડ વિભૂષિત

[ભગવાન શ્રી કૃષ્ણચન્દ્રનાં મનોહર અને મંજુલ દર્શન પ્રાપ્ત કરવા યોગીઓ, ઋષિઓ, કવિઓ, ગોપ-ગોપીઓ અને દેવો પણ ઉત્સુક બની ધન્યતા અનુભવે છે. **'શ્રી ગોવિન્દ દામોદર સ્તોત્ર'** ઉચ્ચ પ્રકારના આ સ્તોત્રને ઉપજાતિ છંદમાં ૭૧ શ્લોકબદ્ધ કરનાર બિલ્વમંગલાચાર્ય પરમ કૃષ્ણ ભકત હતા.]

અગ્રે કુરૂણામથ પાંડવાનાં,
દુઃશાસનેનાહૃતવસ્ત્રકેશા,
કૃષ્ણા તદાક્રોશદનન્ય નાથા,
ગોવિન્દ દામોદર માધવેતિ. (૧) ટેક

જે વખતે કૌરવ અને પાંડવોની સામે ભરી સભામાં દુઃશાસને દ્રૌપદીનાં વસ્ત્ર અને માથાનાં વાળ પકડીને ખેંચ્યાં તે સમયે જેનો કોઈ બીજો નાથ છે નહિ એવી દ્રૌપદીએ રડી રડીને પોકાર કર્યો "હે ગોવિંદ! હે દામોદર! હે માધવ. મારી રક્ષા કરો. મારી રક્ષા કરો."

શ્રી કૃષ્ણ વિષ્ણો મધુકૈટ ભારે
ભક્તાનુકંપિન્ ભગવન્ મુરારે,
ત્રાયસ્વ માં કેશવ લોકનાથ-ગોવિંદ. (૨)

હે શ્રીકૃષ્ણ! હે વિષ્ણુ! હે મધુકૈટભને મારનાર! હે ભકતો ઉપર અનુકંપા કરવાવાળા, હે ભગવન્! હે મુરારિ! હે કેશવ, હે લોકેશ્વર. હે ગોવિંદ, હે દામોદર, હે માધવ, મારી રક્ષા કરો. રક્ષા કરો.

વિક્રેતુ કામાખિલ ગોપકન્યા,
મુરારિ પાદાર્પિત ચિત્તવૃત્તિઃ;
દધ્યાદિકં મોહવશાદવોચદ્—ગોવિંદ-૩

જેમની ચિત્તવૃત્તિ મુરારિનાં ચરણકમળોમાં ચોંટી ગઈ છે, તેઓ બધી ગોપકન્યાઓ દૂધ-દહીં વેચવાની ઈચ્છાથી ઘેરથી ચાલી. પરંતુ તેમનું મન તો મુરારિની પાસે હતું. તેથી પ્રેમવશ સુધ, બુધ ભૂલી જવાનાં કારણે 'દહીં લો દહીં', એને સ્થાને જોર જોરથી 'ગોવિંદ, દામોદર, માધવ,' વગેરે બોલવા લાગી.

ઉલૂખલે સંભૃત તણ્ડુલાંશ્ચ,
સંઘટ્ટયન્ત્યો મુસલૈઃ પ્રમુગ્ધાઃ;
ગાયંતિ ગોપ્યો જનિતાનુરાગા—ગોવિંદ-૪

ખાંડણિયામાં અનાજ ભરેલું છે, તેને મુગ્ધ ગોપરમણિયો સાંબેલાથી ખાંડી રહી છે. અને ખાંડતાંખાંડતાં શ્રીકૃષ્ણના પ્રેમમાં વિભોર બનીને ગોવિંદ, દામોદર, માધવ, આ પ્રકારે ગાયન ગાઈ રહી છે.

કાચિત્કરાં ભોજપુટે નિષણ્ણં,
ક્રીડાશુકં કિંશુકરક્ત તુણ્ડમ્;
અધ્યાયયામાસ સરોરુહાક્ષી,—ગોવિંદ-૫

કોઈ કમલનયની બાલા મનના વિનોદ માટે પોતાનાં કર-કમળ પર બેઠેલ ખાખરાનાં ફૂલ (કેશૂડો) સરખા રક્તવર્ણ ચાંચવાળા પોપટને બોલાવતી હતી ત્યારે તે પોપટ – 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ' એમ બોલી રહ્યો હતો.

ગૃહે ગૃહે ગોપ વધૂ સમૂહઃ,
પ્રતિક્ષણં પિંજર સારિકાણામ્;
સ્ખલદ્ગિરં વાચયિતું પ્રવૃત્તો;—ગોવિંદ-૬

દરેક ઘરમાં ટોળે ટોળાં વળીને ગોપાંગનાઓ પાંજરામાં પાળેલી મેનાઓ સાથે આનંદ કરાવતી પોતાની વાણીને ક્ષણે ક્ષણ "હે ગોવિંદ, હે દામોદર, હે માધવ" વગેરે રૂપથી બોલાવી રહી હતી.

પર્યંકિકા ભાજમલં કુમારં,
પ્રસ્વાપયન્ત્યોઽખિલ ગોપકન્યાઃ,
જગુઃ પ્રબન્ધં સ્વર તાલબન્ધં—ગોવિંદ-૭

બધી ગોપકન્યાઓ, પોતે પોતાનાં નાનાં નાનાં બાળકોને સુવડાતી વખતે લાલ-સ્વર સાથે "હે ગોવિંદ હે દામોદર, હે માધવ," એ પદને ગાતી જતી હતી.

રામાનુજં, વીક્ષણ કેલિલોલં,
ગોપી ગૃહીત્વા નવનીત ગોલમ્;
આબાલંક બાલકમાજુહાવ,—ગોવિંદ–૮

હાથમાં માખણનો લોંદો લઈને માતા યશોદાએ આંધળી ખિસકોલીની રમતમાં મસ્ત એવા બળરામના નાનાભાઈ કૃષ્ણને બાળકોની વચ્ચેથી પકડીને બોલ્યા કે, 'અરે ગોવિંદ, અરે દામોદર અરે માધવ !'

વિચિત્ર વર્ણા ભરણાભિરામે–
ડભિધેહિ વક્ત્રાંબુજ રાજહંસિ;
સદા મદીયે રસનેડગ્રરંગે;—ગોવિંદ–૯

વિચિત્ર વર્ણોવાળી આભૂષણોથી અત્યંત સુંદર પ્રતીત થવાવાળી હે મુખકમળની હંસી રૂપિણી મારી રસના (જીભ), તું સર્વ પ્રથમ ગોવિંદ, દામોદર, માધવ, એવા ધ્વનિનો વિસ્તાર કર.

અંકાધિરૂઢં શિશુ ગોપ ગૂઢં,
સ્તનં ધયન્તે કમલૈકકાન્તમ્ ।
સંબોધયામાસ મુદા યશોદા;—ગોવિંદ–૧૦

પોતાના ખોળામાં બેસાડીને દૂધ પીતા એવા બાળગોપાળ રૂપધારી ભગવાન ! લક્ષ્મીકાંતને લક્ષ્ય કરી પ્રેમાનંદમાં મગ્ન બનેલી યશોદામાતા આ પ્રકારે બોલાવ્યા કરતી હતી હે મારા ગોવિંદ, હે મારા દામોદર, હે માધવ, જરા બોલો તો ખરા !

ક્રીડન્તમન્તર્વ્રજમાત્મજં સ્વં,
સમં વયસ્યૈ: પશુપાલ બાલૈ:;
પ્રેમ્ણા યશોદા પ્રજુહાવ કૃષ્ણં;—ગોવિંદ–૧૧

પોતાના સરખી ઉંમરનાં ગોપ બાળકોની સાથે રમતમાં ખેલતા એવા પોતાના પ્યારા પુત્ર કૃષ્ણને યશોદા મૈયાએ અત્યંત સ્નેહથી બોલાવ્યા કે, 'અરે ઓ ગોવિંદ, ઓ દામોદર, અરે માધવ !' (ક્યાં ચાલ્યો ગયો ?)

યશોદયા ગાઢમુલૂખલેન,
ગોકણ્ઠપાશેન નિબધ્યમાન:;
રુરોદ મન્દં નવનીત ભોજી;—ગોવિંદ–૧૨

અધિક ચંચળતા કરવાના કારણે યશોદા માતાએ ગાયો બાંધવાના દોરડાથી ખૂબ કસકસીને તે ઘનશ્યામને બાંધી દીધો. ત્યારે તો તે માખણ ભોગી કૃષ્ણ (આંખો ચોળતો) ધીરે ધીરે ડચકાં ખાતો, 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' કહીને રોવા લાગ્યા.

નિજાઙ્ગણે કંકણ કેલિલોલં,
ગોપી ગૃહીત્વા નવનીતગોલમ્;
આમર્દ યત્પાણિં તલેન નેત્રે,—ગોવિંદ–૧૩

શ્રી નંદનંદન પોતાના ઘરના આંગણામાં પોતાના હાથના કંકણ સાથે રમવા લાગ્યા, તે વખતે માતાએ ધીરેથી જઈને તેમના બંને કમળ-નયનને પોતાની હથેળીઓથી બંધ કરી દીધા તથા બીજા હાથથી માખણનો ગોળો લઈને પ્રેમથી કહેવા લાગી" "ગોવિંદ, દામોદર, માધવ, જુઓ આ માખણ – ખાઈ લો."

ગૃહે ગૃહે ગોપવધૂ કદંબા,
સર્વે મિલિત્વા સમવાય યોગે;
પુણ્યાનિ નામાનિ પઠન્તિ નિત્યં,—ગોવિંદ–૧૪

વ્રજના પ્રત્યેક ઘરમાં ગોપાંગનાએ એકઠા થવાનો સમય મેળવીને તે મનમોહન માધવને ગોવિંદ, દામોદર, માધવ એવાં પવિત્ર નામોથી બોલાવી રહી છે.

મંદારમૂલે વદનાભિરામં,
બિંબાધરે પૂરિત વેણુનાદમ્;
ગો ગોપ ગોપી જનમધ્ય સંસ્થં—ગોવિંદ–૧૫

જેનું મુખારવિંદ ઘણું જ સુંદર છે. જે પોતાના બિબની સમાન અરુણ હોઠો પર બંસી રાખીને મધુર ધ્વનિ કરી રહેલ છે, તથા જે કદંબવૃક્ષની નીચે ગાયો, ગોપ, ગોપિયોની વચ્ચે વિરાજમાન છે. તે ભગવાનનું "હે ગોવિંદ, હે દામોદર, હે માધવ," એ પ્રકારે બોલીને સદા સ્મરણ કરવું જોઈએ.

ઉત્થાય ગોપ્યોડપર રાત્રભાગે,
સ્મૃત્વા યશોદાસુત બાલકેલિમ્;
ગાયન્તિ પ્રોચ્ચૈર્દધિ મન્થયન્ત્યો,—ગોવિંદ–૧૬

વ્રજાંગનાએ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને અને તે યશુમતિનંદનની બાલક્રીડાઓની વાતોને યાદ કરીને દહીં વલોવતાં વલોવતાં 'હે ગોવિંદ, હે દામોદર હે માધવ,' આ પદોને ઊંચા સ્વરોથી ગાયા કરે છે.

જગ્ધોડથ દત્તો નવનીત પિંડો,
ગૃહે યશોદા વિચિકિત્સયન્તી,
ઉવાચ સત્યં વદ હે મુરારે;—ગોવિંદ–૧૭

દહીં વલોવીને માતાએ માખણનો લોંદો રાખી લીધો હતો. માખણ–ભોગી કૃષ્ણની નજર ત્યાં પડી ગઈ. જલદીથી ધીરે રહીને ઉપાડી લાવ્યા. થોડુંક ખાધું, થોડુંક વહેંચી દીધું. જ્યારે શોધતાં શોધતાં યશોદા માતાને ન મળ્યું તો તેમણે પોતાના પર સંદેહ કરીને પૂછ્યું, 'હે મુરારિ, હે દામોદર, હે માધવ, તું મને બતાવ કે માખણનો લોંદાનું શું થયું ?"

અભ્યર્ચ્ય ગેહં યુવતિ: પ્રવૃદ્ધ–
પ્રેમપ્રવાહા દધિ નિર્મમન્થ;
ગાયન્તિ ગોપ્યોડથ સખી સમેતા—ગોવિંદ–૧૮

જેના હૃદયમાં પ્રેમની ભરતી આવી રહી છે, એવી માતા યશોદા ઘરને લીંપીને દહીંને વલોવવા લાગી ત્યારે બધી ગોપકન્યાઓ તથા સખીઓ મળીને 'ગોવિંદ, દામોદર, માધવ' એ પદનું ગીત ગાવા લાગી.

ક્વચિત્ પ્રભાતે દધિપૂર્ણ પાત્રે,
નિક્ષિપ્ય મન્થં યુવતી મુકુન્દમ્;
આલોક્ય ગાનં વિવિધં કરોતિ—ગોવિંદ–૧૯

એક દિવસ પ્રાત:કાળમાં જ્યારે માતા યશોદા દહીંથી ભરેલા ગોરહડાને વલોવવાનું છોડીને ઊઠી તો તેમની નજર પથારીમાં બેઠેલા મનમોહન મુકુંદપર પડી. સરકારને જોતાં જ તે પ્રેમમાં પાગલ થઇ ગઇ અને 'મારા ગોવિંદ, મારા દામોદર, મારા માધવ,' એવું બોલીને જાતજાતનું ગાવા લાગી.

ક્રીડાપરં ભોજનમજ્જનાર્થં,
હિતૈષિણી સ્ત્રી તનુજં યશોદા;
આજૂહવત્ પ્રેમપરિપ્લુતાક્ષી—ગોવિંદ–૨૦

ક્રીડાવિહારી મુરારિ બાળકોની સાથે રમત કરી રહ્યા છે. (અત્યાર સુધી ન તો સ્નાન કર્યું છે કે ન તો ભોજન કર્યું છે.) ત્યારે પ્રેમથી વિહ્વળ થઈને માતા તેમને સ્નાન ભોજન કરવા બોલાવવા લાગી. 'અરે ગોવિંદ, ઓ દામોદર, ઓ માધવ,' (આવ બેટા આ પાણી ઠંડું થઈ રહ્યું છે. જલદીથી નાહી લે. અને કાંઈક ખાઈ લે.)

સુખં શયાનં નિલયે ચ વિષ્ણું,
દેવર્ષિમુખ્યા મુનય: પ્રપન્ના,
તેનાચ્યુતે તન્મયતાં વ્રજન્તિ,—ગોવિંદ–૨૧

નારદ આદિ ઋષિ "હે ગોવિંદ, હે દામોદર, હે માધવ," આ રીતે પ્રાર્થના કરતા કરતા ઘરમાં સૂતેલા એ પુરાણપુરુષ બાલકૃષ્ણની શરણમાં આવ્યા. અર્થાત્ તેમણે શ્રી અચ્યુતમાં તન્મયતા પ્રાપ્ત કરી લીધી.

વિહાય નિદ્રામરુણોદયે ચ,
વિધાય કૃત્યાનિ ચ વિપ્રમુખ્યા:;
વેદાવસાને પ્રપઠંતિ નિત્યં—ગોવિંદ–૨૨

વેદજ્ઞ બ્રાહ્મણ પ્રાત:કાળે ઊઠીને પોતાના નિત્ય-નૈમિત્તિક પૂર્ણ કરી વેદપાઠના અંતે નિત્ય "ગોવિંદ, દામોદર, માધવ," એ મંજુલ નામોનું કીર્તન કરે છે.

વૃન્દાવને ગોપગણાશ્ચ ગોપ્યો,
વિલોક્ય ગોવિંદ વિયોગ ખિન્નામ્;
રાધાં જગુ: સાશ્રુ વિલોચનાભ્યાં—ગોવિંદ–૨૩

વૃંદાવનમાં શ્રી વૃષભાનુકુમારીને વનમાળીના વિયોગથી વિહ્વળ જોઈ ગોપગણ અને ગોપીઓ પોતાનાં કમળનયનોથી આંસુ વહાવતી "હા ગોવિંદ, હા દામોદર, હા માધવ," વગેરે બોલીને પુકાર કરવા લાગી.

પ્રભાત સંચારગતા નુ ગાવ–
સ્તદ્રક્ષણાર્થં તનયં યશોદા,
પ્રાબોધયત્ પાણિતલેન મન્દમ્—ગોવિંદ–૨૪

પ્રાત:કાલ થવાથી જ્યારે ગાયો વનમાં ચરવા ચાલી ગઈ ત્યારે તેમની રક્ષા કરવાને માટે યશોદા માતા પથારીમાં સૂતાં સૂતાં બાળકૃષ્ણને મીઠી મીઠી થપકીઓ મારી જગાડતાં બોલ્યાં કે, 'બેટા ગોવિંદ, બેટા દામોદર, બચ્ચા માધવ, ઊઠ જા ગાયોને ચરાવીને લાવ.'

પ્રવાલશોભા ઇવ દીર્ઘ કેશા,
વાતાંબુપર્ણાશનપૂત દેહા:;
મૂલે તરૂણાં મુનય: પઠન્તિ,—ગોવિંદ–૨૫

કેવળ વાયુ, જળ અને પાંદડાં ખાવાથી જેમનાં શરીર પવિત્ર થઈ ગયાં છે. એવા પ્રવાલ સમાન શોભાયમાન લાંબી લાંબી અને કોઈ અરુણ રંગની જટાઓવાળા મુનિગણ પવિત્ર વૃક્ષોની છાયામાં બિરાજમાન થઈને નિરંતર 'ગોવિંદ, દામોદર, માધવ' એ નામોનો પાઠ કરે છે.

એવં બ્રુવાણા વિરહાતુરા ભૃશં,
વ્રજસ્ત્રિય: કૃષ્ણવિષક્ત માનસા:;
વિસૃજ્ય લજ્જાં રુરુદુ: સ્મ સુસ્વરં;—ગોવિંદ–૨૬

શ્રી વનમાળીના વિરહમાં વિહ્વળ થઈ વ્રજાંગનાઓ તેમના વિષયમાં વિવિધ પ્રકારની વાતો કહેતી લોકલજ્જાને તિલાંજલિ દઈને ઘણા જ આર્તસ્વરથી 'ગોવિદ, દામોદર, માધવ,' કહીને જોરજોરથી રડવા લાગી.

ગોપી કદાચિન્મણિ પિંજરસ્થં,
શુકં વચો વાચયિતું પ્રવૃત્તા;
આનન્દ કન્દ વ્રજચન્દ્ર કૃષ્ણ;—ગોવિંદ–૨૭

ગોપી શ્રી રાધિકાજી કોઈ દિવસ મણિઓનાં પિંજરાંમાં પાળેલા પોપટ સાથે વારંવાર 'આનંદ કંદ, વ્રજ કંદ, કૃષ્ણ, ગોવિંદ, દામોદર, માધવ,' એ નામોથી બોલાવવા લાગી.

ગોવત્સબાલૈ: શિશુકાકપક્ષં,
બધ્નન્તમમ્ભોજદલાયતાક્ષમ્;
ઉવાચ માતા ચિબુકં ગૃહીત્વા, – ગોવિંદ–૨૮

કમળનયન શ્રીકૃષ્ણચંદ્રે કોઈ ગોપબાળકની ચોટલી વાછરડાની પૂછડીના વાળ સાથે બાંધતા જોઈને માતા યશોદા પ્યારથી તેમની ડોકને પકડીને કહેવા લાગી: "મારા ગોવિંદ, મારા દામોદર, મારા માધવ."

પ્રભાતકાલે વરવલ્લવૌઘા,
ગોરક્ષણાર્થં ધૃતવેત્ર દંડા:;
આકારયામાસુર નન્તમાદ્યં,–ગોવિંદ–૨૯

પ્રાત:કાળ થયો. ગોપાળ બાળકોની મિત્રમંડળી હાથમાં નેતરની છડી અને લાકડી લઈને ગાયોને ચરાવવા નીકળી ત્યારે પોતાના પ્યારા સખા અનંત આદિપુરુષ શ્રીકૃષ્ણની 'ગોવિંદ, દામોદર, માધવ' કહીને બોલવા લાગી.

જલાશયે કાલિયમર્દનાય,
યદા કદંબાદપતન્મુરારિ:;
ગોપાંગ નાશ્ચુક્રુશુરેત્યગોપા, – ગોવિંદ–૩૦

જે વખતે કાલિયનાગનું મર્દન કરવા માટે કનૈયો કદંબ વૃક્ષ પરથી કૂદ્યો, તે વખતે ગોપાંગનાઓ અને ગોપગણ ત્યાં આવીને "હા ગોવિંદ, હા દામોદર, હા માધવ." કહીને ઘણા જોરથી રોવા લાગ્યા.

અક્રૂરમાસાદ્ય યદા મુકુન્દ–
શ્ચાપોત્સવાર્થં મથુરાં પ્રવિષ્ટ:;
તદા સ પૌરૈ ર્જયતીત્યભાષિ,–ગોવિંદ–૩૧

જે વખતે શ્રીકૃષ્ણચંદ્રે કંસના ધનુષયજ્ઞ–ઉત્સવમાં સંમિલિત થવાને માટે અક્રૂરજીની સાથે મથુરામાં પ્રવેશ કર્યો તે વખતે પુરવાસી લોકો "હે ગોવિંદ, હે દામોદર, હે માધવ," તમારી જય થાવ, એવું કહેવા લાગ્યા.

કંસસ્ય દૂતેન યદૈવ નીતૌ,
વૃન્દાવનાન્તાદ્ વસુદેવ સૂનૂ;
રુરોદ ગોપી ભવનસ્ય મધ્યે,–ગોવિંદ–૩૨

જ્યારે કંસના દૂત અક્રૂરજી વસુદેવનંદન શ્રીકૃષ્ણ અને બલરામને વૃંદાવનથી દૂર લઈ ગયા, ત્યારે પોતાના ઘરમાં બેઠેલાં યશોદાજી "હા ગોવિંદ, હા દામોદર, હા માધવ,' કહી કહીને રુદન કરવા લાગ્યાં.

સરોવરે કાલિયનાગ બદ્ધં,
શિશું યશોદાતનયં નિશમ્ય;
ચક્રુલુંઠન્ત્ય: પથિ ગોપબાલા,–ગોવિંદ–૩૩

યશોદાનંદન બાલક શ્રીકૃષ્ણને કાલિયહૃદયમાં કાલિયનાગને જકડેલ છે તે જાણીને ગોપબાળાઓ રસ્તામાં ફરતાં ફરતાં "હા ગોવિદ, હા દામોદર, હા માધવ,' બોલીને જોરજોરથી રડવા લાગી.

અક્રૂરયાને યદુવંશ નાથં,
સંગચ્છમાને મથુરાં નિરીક્ષ્ય,
ઉચુર્વિયોગાત્ કિલ ગોપબાલા;– ગોવિંદ–૩૪

અક્રૂરના રથ પર ચડીને મથુરા તરફ જતા શ્રીકૃષ્ણને જોઈને સમસ્ત ગોપબાળાઓ વિયોગના કારણથી અધીર થઈને બોલવા લાગી, 'હા ગોવિંદ, હા દામોદર, હા માધવ, અમને છોડીને ક્યાં જાઓ છો ?'

ચક્રન્દ ગોપી નલિનીવનાન્તે,
કૃષ્ણેન હીના કુસુમે શયાના;
પ્રફુલ્લ નીલોત્પલ લોચનાભ્યાં,–ગોવિંદ–૩૫

શ્રી રાધિકાજી શ્રીકૃષ્ણથી અલગ થઈ જવાથી કમલવનમાં કુસુમ–શય્યા પર સૂઈને વિકાસ પામેલા કમળ સમાન નયનોમાંથી આંસુ વહાવતી–'હા ગોવિંદ, હા દામોદર, હા માધવ.' કહીને ક્રંદન કરવા લાગ્યાં.

માતાપિતૃભ્યાં પરિવાર્યમાણા,
ગેહં પ્રવિષ્ટા વિલલાપગોપી;
આગત્ય માં પાલય વિશ્વનાથ,–ગોવિંદ–૩૬

માતા–પિતા વગેરેથી ઘેરાયેલી શ્રી રાધિકાજી ઘરની અંદર પ્રવેશ કરીને વિલાપ કરવા લાગ્યાં. "હે વિશ્વનાથ, હે ગોવિંદ, હે દામોદર, હે માધવ તમે આવીને મારી રક્ષા કરો."

વૃંદાવનસ્થં હરિમાશુ બુદ્ધ્વા,
ગોપિગતા કાપિ વનં નિશાયામ્;
તત્રાપ્ય દૃષ્ટવાતિ ભયાદવોચદ્,–ગોવિંદ–૩૭

રાત્રિનો સમય હતો. કોઈ ગોપીને ભ્રમ થઈ ગયો કે, વૃંદાવન–વિહારી આ સમયે વનમાં વિરાજમાન નથી બસ, પછી શું હતું ? જલદી તે એની તરફ ચાલી ગઈ. પરંતુ તેણીએ નિર્જન વનમાં વનમાળીને જોયા નહિ ત્યારે તે ડરથી કાંપતી 'હે ગોવિંદ, હા દામોદર, હા દામોદર, હા માધવ' કહેવા લાગી.

સુખં શયાના નિલયે નિજેઽપિ,
નામાનિ વિષ્ણો: પ્રવદન્તિ મર્ત્યા:;
તે નિશ્ચિતં તન્મયતાં વ્રજન્તિ,–ગોવિંદ–૩૮

(વનમાં ન પણ જાય) પોતાના ઘરમાં જ સુખથી શય્યા પર શયન કરતાં કરતાં જ લોકો 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' એવા વિષ્ણુ ભગવાનનાં પવિત્ર નામોનો નિરંતર પાઠ કરતાં રહે છે, તેઓ નિશ્ચય જ ભગવાનની તન્મયતા પ્રાપ્ત કરી લે છે.

સા નીરજાક્ષીમવલોક્ય રાધાં,
રુરોદ ગોવિંદ વિયોગખિન્નામ્;
સખી પ્રફુલ્લોત્પલ લોચનાભ્યાં,–ગોવિંદ–૩૯

કમળલોચના રાધાને શ્રી ગોવિંદની વિરહ વ્યથાથી પીડિત જોઈને કોઈ સખી પોતાના પ્રફુલ્લ કમલ સમાન નયનોમાંથી જળ વહાવતી 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' કહીને રુદન કરવા લાગી.

જિહ્વે રસજ્ઞે મધુરપ્રિયા ત્વં,
સત્યં હિતં ત્વાં પરમં વદામિ,
આવર્ણયેથા મધુરાક્ષરાણિ,—ગોવિંદ–૪૦

રસોને ચાવવાવાલી હે જીભ ! તને મીઠી વસ્તુ અધિક પ્યારી લાગે છે. એટલા માટે હું તારા હિતની એક ઘણી જ સુંદર અને સાચી વાત બતાવું છું. તું નિરંતર 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' આ મધુર, મંજુલ નામોની આવૃત્તિ કર. ખૂબ જ રટણ કર.

આત્યંતિક વ્યાધિ હરં જનાનાં,
ચિકિત્સકં વેદવિદો વદન્તિ;
સંસાર તાપ ત્રય નાશ બીજં,—ગોવિંદ–૪૧

વેદવેત્તા વિદ્વાનો, 'ગોવિંદ, દામોદર, માધવ, આ નામો જ લોકોની મોટામાં મોટી વિકટ વ્યાધિઓનો વિચ્છેદ કરવાવાળા વૈદ્યની જેમ સંસારના આધિભૌતિક,* આધિદૈવિક અને આધ્યાત્મિક એવા ત્રણે તાપોના નાશનું ઉત્તમ બીજ બતાવે છે.

તાતાજ્ઞયા ગચ્છતિ રામચન્દ્રે,
સલક્ષ્મણેઽરણ્યચયે સસીતે,
ચક્રન્દ રામસ્ય નિજા જનિત્રી, * —ગોવિંદ–૪૨

પોતાના પિતા દશરથની આજ્ઞાથી ભાઈ લક્ષ્મણ અને જનકનન્દિની સીતાની સાથે શ્રી રામચંદ્રજી ભયંકર વનોમાં ચાલવા લાગ્યા ત્યારે તેમની માતા શ્રી કૌશલ્યાજી ['હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' 'હે રામ, હે રઘુનંદન, હે રાઘવ,'] એવું કહીને જોરથી વિલાપ કરવા લાગ્યાં.

એકાકિની દંડક કાનનાન્તાત્,
સા નીયમાના દશકન્ધરેણ;
સીતા તદાક્રન્દદનન્યનાથા,—ગોવિંદ–૪૩

* (હે રામ રઘુનન્દન રાઘવેતિ)

---

* 'હે રામ રઘુનંદન રાઘવેતિ' એવો પાઠ પણ આ શ્લોકની ચોથી પંક્તિમાં બોલી શકાય.

* આ પાઠ પણ છેલ્લી ચોથી લીટીમાં થઈ શકે.

જ્યારે રાક્ષસરાજ રાવણ પંચવટીમાં જાનકીજીને એકલાં જોઈને તેણીનું હરણ કરીને લઈ જવા લાગ્યો ત્યારે રામચંદ્રજી સિવાય જેનો બીજા કોઈ સ્વામી છે નહિ એવી સીતાજી 'હા ગોવિંદ, હા દામોદર, હા માધવ,' કહીને જોરથી રુદન કરવા લાગી.

રામાદ્વિયુક્તા જનકાત્મજા સા,
    વિચિન્તયન્તી હૃદિ રામ રૂપમ્;
રુરોદ સીતા રઘુનાથ પાહિ,—ગોવિંદ-૪૪

રથમાં બેસાડીને લઈ જતા રાવણની સાથે રામ વિયોગિની સીતા હદયમાં પોતાના સ્વામી શ્રી રામચંદ્રજીનું ધ્યાન કરતી કરતી 'હા રઘુનાથ, હા ગોવિંદ, હા દામોદર, હા માધવ ['હે રામ, હે રઘુનંદન, હે રાઘવ.] મારી રક્ષા કરો.' આ પ્રકારે રોતી રોતી જવા લાગી.

પ્રસીદ વિષ્ણો રઘુવંશનાથ,
    સુરાસુરાણાં સુખદુ:ખ હેતો;
રુરોદ સીતા તુ સમુદ્રમધ્યે,—ગોવિંદ-૪૫

('હે રામ રઘુનંદન રાઘવેતિ' તે પણ લઈ શકાય.)

જ્યારે રાવણની સાથે સીતાજી સમુદ્રની મધ્યમાં પહોંચ્યા. ત્યારે આવું કહીને જોર જોરથી રુદન કરવા લાગ્યાં. 'હે વિષ્ણો, રઘુકુલપતે, હે દેવતાઓને સુખ અને અસુરોને દુ:ખ દેવાવાળા હે ગોવિંદ, હે દામોદર હે માધવ, [હે રામ, હે રઘુનંદન, હે રાઘવ.'] પ્રસન્ન થાવ. પ્રસન્ન થાવ.

અન્તર્જલે ગ્રાહ ગૃહીત પાદો,
    વિસૃષ્ટ વિક્લિષ્ટ સમસ્ત બંધુ:;
તદા ગજેન્દ્રો નિતરાં જગાદ,—ગોવિંદ-૪૬

પાણી પીતી વખતે જળની અંદરથી જ્યારે મગરે હાથીનો પગ પકડી લીધો અને તેનાં સઘળાં દુ:ખી બંધુઓનો સાથ છૂટી ગયો ત્યારે તે ગજરાજ અધીરો થઇને અનન્ય ભાવથી નિરંતર 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' એવું બોલવા લાગ્યો.

હંસધ્વજ શંખ યુતો દદર્શ
    પુત્રં ચ હે પ્રપતન્તમેનમ્;
પુણ્યાનિ નામાનિ હરેર્જપન્તં—ગોવિંદ-૪૭

પોતાના પુરોહિત શંખમુનિની સાથે રાજા હંસધ્વજે પોતાના પુત્ર સુધન્વાને તપેલા તેલની કડાઈમાં કૂદતી વખતે 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' આવું ભગવાનનું પરમપાવન નામોનો જપ કરતો જોયો.

દુર્વાસસો વાક્યમુપેત્ય કૃષ્ણા,
    સા ચાબ્રવીત્ કાનન વાસિનીશમ્,
અન્ત: પ્રવિષ્ટં મનસા જુહાવ,—ગોવિંદ-૪૮

[એક દિવસ દ્રોપદીએ ભોજન કરી લીધું હતું. કસમયમાં દુર્વાસા ઋષિ પોતાના સઘળા શિષ્યો સહિત આવીને ભોજન માગ્યું.] ત્યારે વનવાસિની દ્રોપદીએ ભોજન આપવાનો સ્વીકાર કરીને પોતાના અંત:કરણમાં સ્થિત શ્રી શ્યામસુંદરને 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' કહીને બોલાવ્યા.

ધ્યેય: સદા યોગિભિરપ્રમેય:,
    ચિન્તાહરશ્ચિન્તિત પારિજાત:;
કસ્તૂરિકા કલ્પિત નીલવર્ણો,—ગોવિંદ-૪૯

યોગી પણ જેને સારી રીતે જાણી શકતા નથી, જે બધા જ પ્રકારની ચિંતાઓને હરવાવાળા અને મનોવાંછિત વસ્તુઓને આપવા માટે કલ્પવૃક્ષની સમાન છે, તથા જેમના શરીરનો વર્ણ કસ્તુરીની સમાન નીલો છે તેવા કૃષ્ણનું 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' આ નામોનું સ્મરણ કરવું જોઈએ.

સંસારકૂપે પતિતોઽત્ય ગાધે,
    મોહાન્ધપૂર્ણે વિષયાભિતપ્તે,
કરાવલંબં મમ દેહિ વિષ્ણો;—ગોવિંદ-૫૦

જે મોહરૂપી અંધકારથી વ્યાપ્ત છે અને વિષયોની જવાળાઓથી તપેલાં છે એવા અસાર સંસારરૂપી કૂવામાં હું પડયો છું, 'હે મારા મધુસૂદન, હે ગોવિંદ, હે માધવ,' મને તમારા હાથનો સહારો આપો.

ત્વામેવ યાચે મમ દેહિ જિહ્વે,
    સમાગતે દંડધરે કૃતાન્તે,
વક્તવ્યમેવં મધુરં સુભક્ત્યા;—ગોવિંદ-૫૧

હે જિહ્વા, હું તારી પાસે એક ભિક્ષા માગું છું. તું જ મને આપ. તે એ છે કે, "જ્યારે દંડપાણિ યમરાજ, આ શરીરનો અંત લાવવા આવે ત્યારે ઘણા પ્રેમથી ગદ્ગદ્ સ્વરથી 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' એવા મંજુલ નામોનું ઉચ્ચારણ કરતી રહેજે."

ભજસ્વ મંત્રં ભવ બંધ મુક્ત્યૈ,
    જિહ્વે રસજ્ઞે સુલભં મનોજ્ઞમ્;
દ્વૈપાયનાદ્યૈર્મુનિભિ: પ્રજપ્તં;—ગોવિંદ-૫૨

હે જિહ્વા, (જીભ) હે રસને જાણનારી, સંસારરૂપી બંધનને કાપવા માટે તું હંમેશ 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ' એવા નામરૂપી મંત્રનો જાપ કર્યા કર, જે સુલભ અને સુંદર છે અને જેને વ્યાસ, વસિષ્ઠાદિ ઋષિઓએ પણ જપેલ છે.

ગોપાલ વંશીધર રૂપસિન્ધો,
    લોકેશ નારાયણ દીનબંધો;
ઉચ્ચસ્વરૈસ્ત્વં વદ સર્વદૈવ;—ગોવિંદ-૫૨

હે જિહ્વા, તું નિરંતર ગોપાલ, બંસીધર, રૂપસિંધુ, લોકેશ, નારાયણ, દીનબંધુ, ગોવિંદ, દામોદર, માધવ,' એ નામોનું ઉચ્ચ સ્વરથી કીર્તન કર્યા કરે.

જિહ્વે સદૈવ ભજ સુન્દરાણિ,
    નામાનિ કૃષ્ણસ્ય મનોહરાણિ,
સમસ્ત ભક્તાર્તિવિનાશનાનિ;—ગોવિંદ-૫૪

હે જિહ્વા, તું હંમેશાં જ કૃષ્ણચંદ્રનાં 'ગોવિંદ, દામોદર, માધવ,' એવા મનોહર, મંજુલ નામનો, જે ભક્તોના સમસ્ત સંકટોની નિવૃત્તિ કરવાવાળા છે તેને ભજતી રહે.

ગોવિંદ ગોવિંદ હરે મુરારે,
    ગોવિંદ ગોવિંદ મુકુન્દ કૃષ્ણ;
ગોવિંદ ગોવિંદ રથાંગપાણે;—ગોવિંદ-૫૫

હે જિહ્વા, 'ગોવિંદ, ગોવિંદ, હરે ! મુરારે, ગોવિંદ, ગોવિંદ,મુકુંદ, કૃષ્ણ, ગોવિંદ, ગોવિંદ રથાંગપાણે, ગોવિંદ, ગોવિંદ, દામોદર, માધવ,' એ નામોનું તું સદા જાપ કરતી રહે.

સુખાવસાનેત્વિદમેવ સારં,
    દુ:ખાવસાને ત્વિદમેવ ગેયમ્ ;
દેહાવસાને ત્વિદમેવ જાપ્યં;—ગોવિંદ-૫૬

સુખના અંતમાં એ સાર છે, દુ:ખ નિવૃત્તિ માટે આ કીર્તન કરવા યોગ્ય છે. અને શરીરનો અંત થવા વખતે પણ આ જ મંત્ર જપવા યોગ્ય છે. કયો મંત્ર ? કે 'હે ગોવિંદ, હે દામોદર, હે માધવ.'

દુર્વારવાક્યં પરિગૃહ્ય કૃષ્ણા,
    મૃગીવ ભીતા તુ કથં કથંચિત્;
સભાં પ્રવિષ્ટા મનસાજુહાવ;—ગોવિંદ-૫૭

દુ:શાસનનાં જે નિવારી શકાય નહિ એવાં વચનોનો સ્વીકાર કરીને મૃગલીની સમાન ભયભીત થયેલી દ્રોપદી સભામાં પ્રવેશ કરીને મનમાં જ 'ગોવિંદ, દામોદર, માધવ,' આ પ્રકારે ભગવાનનું સ્મરણ કરવા લાગી.

શ્રીકૃષ્ણ રાધાવર ગોકુલેશ,
    ગોપાલ ગોવર્ધન નાથ વિષ્ણો;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ;—ગોવિંદ-૫૮

હે જિહ્વા, તું 'શ્રીકૃષ્ણ, રાધારમણ, વ્રજરાજ ગોપાલ, ગોવર્ધન, વિષ્ણુ, ગોવિંદ, દામોદર, માધવ,' આ નામરૂપી અમૃતનું નિરંતર પાન કરતી રહે.

શ્રીનાથ વિશ્વેશ્વર વિશ્વમૂર્તે,
    શ્રી દેવકીનંદન દૈત્ય શત્રો;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ,—ગોવિંદ-૫૯

હે જિહ્વા, તું 'શ્રીનાથ, સર્વેશ્વર, શ્રી વિષ્ણુ સ્વરૂપ, શ્રીદેવકીનંદન, અસુરનિકંદન, ગોવિંદ,દામોદર, માધવ,' આ નામામૃતનું નિરંતર પાન કરતી રહે.

ગોપીપતે કંસરિપો મુકુન્દ,
    લક્ષ્મીપતે કેશવ વાસુદેવ;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ;—ગોવિંદ-૬૦

હે જિહ્વા, તું 'ગોપીપતિ, કંસરિપુ, મુકુંદ, લક્ષ્મીપતિ, કેશવ, વાસુદેવ, ગોવિંદ, દામોદર, માધવ.' આ નામામૃતનું નિરંતર પાન કરતી રહે.

ગોપીજનાહ્લાદકર વ્રજેશ,
    ગોચારણારણ્ય કૃત પ્રવેશ.
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ;—ગોવિંદ-૬૧

હે વ્રજરાજ, વ્રજાંગનાઓને આનંદિત કરવાવાળા છો, જેમણે ગાયોને ચરાવવાને માટે વનમાં પ્રવેશ કર્યો છે, હે જિહ્વા, તું એવા મુરારિના, 'હે ગોવિંદ, હેદામોદર, હે માધવ' આ નામામૃતનું નિરંતર પાન કરતી રહે.

પ્રાણેશ વિશ્વંભર કૈટભારે,
વૈકુંઠ નારાયણ ચક્રપાણે;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ;—ગોવિંદ-૬૨

હે જિહ્વા, તું 'પ્રાણેશ, વિશ્વંભર, કૈટભાર, વૈકુંઠ, નારાયણ, ચક્રપાણિ, ગોવિંદ, દામોદર, માધવ,' આ નામ-અમૃતનું નિરંતર પાન કરતી રહે.

હરે મુરારે મધુસૂદનાદ્ય,
શ્રી રામ સીતાવર રાવણારે;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ;—ગોવિંદ-૬૩

'હે હરે, હે મુરારે, હે મધુસૂદન, હે પુર્ણ પુરુષોત્તમ, હે રાવણ અરિ, હે સિતાપતે, શ્રી રામ, હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' આ નામ રૂપી અમૃતનું હે જિહ્વા, તું નિરંતર પાન કરતી રહે.

શ્રી યાદવેન્દ્રાદ્રિધરાંબુજાક્ષ,
ગો ગોપ-ગોપી સુખ દાન દક્ષ;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ;—ગોવિંદ-૬૪

હે જિહ્વા, તું શ્રીયદુકુલનાથ, ગિરધર, કમલ-નયન, ગાય, ગોપ અને ગોપિયોને સુખ આપવામાં કુશળ 'શ્રી ગોવિંદ, દામોદર, માધવ,' એ નામ અમૃતનું નિરંતર પાન કરતી રહે.

ધરા ભરોત્તારણ ગોપવેષ,
વિહારલીલાકૃત બંધુશેષ;
જિહ્વે પિબસ્વામૃતમેતદેવ,—ગોવિંદ-૬૫

જેમણે પૃથ્વીનો ભાર ઉતારવાને માટે સુંદર ગોપાળ રૂપ ધારણ કર્યું છે. અને આનંદમયી લીલા કરવાના નિમિત્તે જ શેષજીને પોતાના ભાઈ બનાવ્યા એવા તે નટ નાગરના 'ગોવિંદ, દામોદર, માધવ,' એવા નામામૃતનું હે જિહ્વા નિરંતર, પાન કરતી રહે.

બકી બકાઘાસુર ધેનુકારે,
કેશી તૃણાવર્ત વિઘાતદક્ષ;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ,—ગોવિંદ-૬૬

જે પૂતના, બકાસુર, અઘાસુર અને ધેનુકાસુર વગેરે રાક્ષસોના શત્રુ છે અને કેશી તથા તૃણાવર્તને પછાડવાવાળા છે. હે જિહ્વા, તે અસુરારિ મુરારિના 'ગોવિંદ, દામોદર, માધવ,' એ નામરૂપ અમૃતનું તું નિરંતર પાન કરતી રહે.

શ્રી જાનકી જીવન રામચંદ્ર,
નિશાચરારે ભરતાગ્રજેશ;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ,—ગોવિંદ-૬૭

'હે જાનકીજીવન! ભગવાન રામ; હે દૈત્યદલન, ભરતાગ્રજ, હે ઈશ, હે ગોવિંદ, હે દામોદર, હે માધવ,' આ નામ રૂપી અમૃતનું હે જિહ્વા તું નિરંતર પાન કરતી રહે.

નારાયણાનન્ત હરે નૃસિંહ,
પ્રહ્લાદ બાધાહર હે કૃપાલો;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ,—ગોવિંદ-૬૮

'હે પ્રહ્લાદની મુસીબત હરવાવાળા, દયામય નૃસિંહ નારાયણ, અનંત, હરે! ગોવિંદ, દામોદર, માધવ,' આ નામામૃતનું હે જિહ્વા તું નિરંતર પાન કર.

લીલા મનુષ્યાકૃતિ રામ રૂપ,
પ્રતાપદાસી કૃત સર્વ ભૂપ;
જહ્વે પિબસ્વામૃતમેત દેવ,—ગોવિંદ-૬૯

હે જિહ્વે! જેમણે લીલાથી જ મનુષ્યો જેવી જ આકૃતિ બનાવીને રસરૂપ પ્રકટ કર્યું છે. અને પોતાના પ્રબળ પરાક્રમથી તમામ રાજાઓને દાસ બનાવી દીધા છે. તું તે નીલાંબુજ-શ્યામસુંદર શ્રી રામના 'ગોવિંદ, દામોદર, માધવ,' એ નામામૃતનું જ નિરંતર પાન કરતી રહે.

શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે,
હે નાથ નારાયણ વાસુદેવ:
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ—,ગોવિંદ-૭૦

હે જિહ્વા! તું 'શ્રી કૃષ્ણ, ગોવિંદ, મુરારિ, હે નાથ, નારાયણ, વાસુદેવ તથા ગોવિંદ, દામોદર, માધવ', એ નામરૂપી અમૃતનું નિરંતર પાન કરતી રહે.

વક્તું સમર્થોઽપિ ન વક્તિ કશ્ચિ-
દહો જનાનાં વ્યસનાભિમુખ્યમ્;
જિહ્વે પિબસ્વામૃતમેત દેવ-
ગોવિંદ દામોદર માધવેતિ. — ૭૧

અહો! મનુષ્યોની વિષય-લોલૂપતા કેવી આશ્ચર્ય-જનક છે! કોઈ કોઈ તો બોલવામાં સમર્થ હોવા છતાં ભગવાનનું ઉચ્ચારણ કરતા નથી. પરંતુ હે જિહ્વા! હું તને કહું છું. તું 'ગોવિંદ, દામોદર, માધવ.' આ નામરૂપી અમૃતનું જ સદાને માટે પ્રેમપૂર્વક પાન કરતી રહે.

॥ इति श्री बिल्व मंगलाचार्ये बनावेलुं गोविंद-दामोदर स्तोत्र समाप्त ॥

લેખકપરિચય

'માધવ માધુર્ય'ના લેખક શ્રી હિંમતલાલ યુ. દવેએ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં બહુમૂલ્ય પ્રદાન કરીને દૃષ્ટિવંત કેળવણીકાર, કવિ, લેખક, પત્રકાર અને સંપાદક તરીકે ગુજરાતના સારસ્વત મંડળમાં આદરણીય બન્યા છે. તેમના સર્જને પ્રાચીન અને અર્વાચીન, ધાર્મિક અને આધ્યાત્મિક, રાષ્ટ્રિય અને વૈશ્વિક ભાવનાઓનાં બીજને વટવૃક્ષ સમાં નવપલ્લવિત બનાવ્યાં છે. કાવ્યગ્રંથ રણટંકાર' નાટકો–'મંગલઉષા'ને અન્ય, તથા નૃત્ય નાટિકા વનદેવી, રાષ્ટ્રિય સાહિત્ય, ગુજરાતનો સ્વાતંત્ર્ય સંગ્રામ, 'રાસ સાહિત્ય 'રસપ્રભા' શૈક્ષણિક ક્ષેત્રે–'ગુજરાતનો પ્રા. કેળવણીનો ઈતિહાસ' વૈદિક ને પૌરાણિક રચનાઓમાં, 'શિવ સાક્ષાત્કાર' 'ધર્મદર્શન' ઐતિહાસિક ગ્રંથ 'ભારત વર્ષનો ઈતિહાસ' પૌરાણિક–'કપિલગીતા', સંશોધન ક્ષેત્રે 'આદિ શંકરાચાર્ય સમય નિર્ણય' ધાર્મિક ક્ષેત્રે, 'રાજરાજેશ્વરી ત્રિપુર-સુંદરી' અને અન્ય ક્ષેત્રે સંશોધનાત્મક દૃષ્ટિથી મહત્ત્વપૂર્ણ સાહિત્યસર્જન કરીને પોતાની સર્જક પ્રતિભા મૂર્તિમંત કરી છે.

પત્રકારત્વ ક્ષેત્રે, 'શ્રી બોધ' અને 'પ્રેમધર્મ' માસિક, 'જયભારત' અને 'જનનાદ' સાપ્તાહિકના તંત્રી તરીકે, દ્વારકા શારદાપીઠના સુડતાલીસ વર્ષ જૂના સંસ્કારી માસિક 'શ્રી નવભારતી'ના પ્રધાન સંપાદક તરીકે આજે પ્રશસ્ય સેવા આપી રહ્યા છે. મારા પિતા શ્રી હિંમતલાલ યુ. દવેનો જન્મ સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં સને ૧૯૧૯માં થયો અને આ માદરેવતન પ્રત્યે તેમને અત્યંત આદરભાવ છે. સન ૧૯૩૮ લીંબડી સત્યાગ્રહમાં ભાગ લેતાં તેમણે નોકરી ગુમાવી હતી. સન ૧૯૪૨ના 'કરેંગે યા મરેંગે' લડતમાં સક્રિય ભાગ લઈ સ્વાતંત્ર્ય સેનાનીનું બિરુદ પ્રાપ્ત કરનાર રાષ્ટ્રિય વ્યકિત છે.

એક દૃષ્ટિવંત કેળવણીકાર તરીકેની તેમની સિદ્ધિ હંમેશા યશસ્વી અને અગ્રસ્થાને રહી છે. શિક્ષણ ક્ષેત્રે 'નેશનલ એવોર્ડ,' સંશોધક તરીકે 'આદિ શંકરાચાર્ય એવોર્ડ' જેવા સર્વોચ્ચ એવોર્ડ સાથે વિદ્યાસભા દ્વારા સાહિત્યનો હિંમતલાલ ગણેશજી અંજારિયા સુવર્ણચંદ્રક અને રા. બ. મહિપતરામ રૂપરામ રૌપ્યચંદ્રક, શ્રીબોધ સુવર્ણ-ચંદ્રક, રાષ્ટ્રપતિ ચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ ગ્રંથ પારિતોષિક, કવિ સંમેલન પ્રથમ નંબર પારિતોષિક, જેવા અન્ય પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

જગદ્ગુરુ શંકરાચાર્યએ તેમને 'રાષ્ટ્રસેવા રત્ન' 'સાહિત્ય માર્તંડ,' 'ધર્માલંકાર' જેવી દિવ્ય પદવીઓથી વિભૂષિત કરીને ધન્ય બનાવ્યાં છે. અનેક સંસ્થાઓએ સન્માનપત્રો અર્પણ કરીને તેમના પ્રત્યે આદરભાવ બતાવ્યો છે.

સન ૧૯૯૨માં તેમના વિપુલ ધાર્મિક સાહિત્ય સર્જનના ફળરૂપે 'ઊર્ધ્વપથયાત્રા' 'કપિલગીતા' અને 'લોકપાવનીગંગા ગ્રંથ અને 'માધવ માધુર્ય' ગ્રંથ દ્વારા પોતાની સર્જક પ્રતિભા ઉપસાવી છે.

તેમનામાં વિનમ્રતા, ઝિંદાદિલી, સેવા પરાયણતા, કર્તવ્યનિષ્ઠા અને માનવતાની મઘમઘતી મહેંક છે. સતત જાગૃત સાહિત્યકાર તરીકે આજે કાર્ય કરી રહ્યા છે. તેમનો પરિવાર સંસ્કાર સમૃદ્ધ અને સુશિક્ષિત છે. કલાકારો, કવિઓ, સાહિત્યકારો, સંતો, મહાત્માઓ ભક્તજનોથી સદા વિંટળાઈ રહેલા મારા વંદનીય પૂજ્ય પિતાશ્રીએ જ.ગુ. શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ મહારાજશ્રીના પરમ આશીર્વાદ પ્રાપ્ત કરીને જીવન ધન્ય બનાવ્યું છે. તેનું અમોને સૌને ગૌરવ છે.

માર્ગશીર્ષ શુકલ સપ્તમી સં. ૨૦૪૯
તા. ૧-૧૨-૧૯૯૨

પુનિતાબહેન હિંમતલાલ દવે
બી. એ. ઓનર્સ (સંસ્કૃત)

સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦ ૦૨૨.